# જનાબે ફાતેમા (સલા.)નું

# મુબારક જીવનચરિત્ર

## : ગુજરાતી અનુવાદ :

## ઈબ્રાહીમ બી. પટેલ, ભરૂચ

## : પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

***ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.***

# અવર બેંકર્સ

## નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

# અનુક્રમણીકા


| પ્રકરણ | વિગત | પેજનં. |
|---|---|---|
| | ભાગ-૧ | |
| | જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા વિલાદતથી શાદી સુધી | ૩૬ |
| (૧) | જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના વાલીદહ મોહતરમા | ૩૯ |
| (૨) | જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા એક વેપારી ખાતૂન | ૪૫ |
| (3) | જનાબે ખદીજા એક રાજકુંવરી, સ્વતંત્ર વિચારો ધરાવનારી ખાતૂન | ૪૯ |

| | | |
|---|---|---|
| (૪) | જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા અત્યંત નિષ્ઠાવાન અને સમર્પણ કરી દેનારી ખાતૂન | ૫૮ |
| (૫) | ઇસ્લામનું સૌપ્રથમ ઘરાનું | ૬૨ |
| (૬) | આસમાની ફરમાન | ૬૭ |
| (૭) | હમલનો સમયગાળો | ૭૨ |
| (૮) | હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની મુબારક વિલાદત | ૭૬ |
| (૯) | જન્મ દિવસ-યવમે વિલાદત | ૭૯ |
| (૧૦) | પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ અને જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની અભિલાષા | ૮૬ |

| | | |
|---|---|---|
| (૧૧) | કૌષર | ૯૦ |
| (૧૨) | માનું દૂધ | ૯૫ |
| (૧૩) | દૂધ પીવાનો સમય | ૯૯ |
| (૧૪) | મા ની વફાત | ૧૧૧ |
| (૧૫) | મા ની વફાત પછી | ૧૧૬ |
| (૧૬) | જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની હિજરત આપ મદીનાના રસ્તે | ૧૨૮ |
| | ભાગ-૨ | |
| | જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની શાદી મુબારક | ૧૩૨ |
| (૧) | હઝરત અલી અલયહિસ્સલામનો પ્રસ્તાવ અલ્લાહ તરફથી છે. (રસૂલે ઇસ્લામ) | ૧૩૨ |

| | | |
|---|---|---|
| (૨) | હઝરત અલી અલયહિસ્સલામ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની માંગણી માટે જાય છે. | ૧૩૭ |
| (૩) | એકતા-સરખાપણું | ૧૪૪ |
| (૪) | જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની મહેર | ૧૫૪ |
| (૫) | હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાનું જહેઝ | ૧૫૭ |
| (૬) | હઝરત અલી અલયહિસ્સલામની શાદીના વિષયમાં વાતચીત | ૧૬૬ |
| (૭) | રૂખસતીનો જશન | ૧૭૨ |
| (૮) | જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની મુલાકાત | ૧૮૩ |

| | | |
|---|---|---|
| | ભાગ-3 | |
| | હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા હઝરત અલી અલયહિસ્સલામના ઘરમાં | ૧૯૧ |
| (૧) | ઘર સંસાર | ૧૯૧ |
| (૨) | પતિપરાયણ નારી | ૨૦૪ |
| (3) | બાળકોની પરવરિશ | ૨૨૦ |
| (૪) | શિક્ષણ પ્રશિક્ષણની ઉચ્ચ દર્સગાહ | ૨૨૮ |
| | ભાગ-૪ | |
| (૧) | જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાના ફઝાએલ | ૨૭૫ |
| (૨) | જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાનું ઇલ્મ અને | 303 |

| | | |
|---|---|---|
| | બુદ્ધિચાતુર્ય | |
| (૩) | જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાનું ઇમાન અને ઇબાદત | ૩૧૪ |
| (૪) | બરકતવંતો હાર | ૩૧૮ |
| (૫) | પેગંબરે ઇસ્લામની ફાતેમા સલામુલ્લાહ અલયહાથી મહબ્બત અને તેમને માન આપવું | ૩૨૭ |
| (૬) | જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા પેગંબરે ઇસ્લામની સંસ્કારી દીકરી | ૩૩૭ |
| (૭) | જનાબે ફાતેમા અને અલી અલયહેમુસ્સલામની સખત જિંદગી | ૩૫૦ |

| | | |
|---|---|---|
| (૮) | આચરણ અને અમલ સાથે દઅવત | ૩૬૪ |
| (૯) | જનાબ ફાતેમા ઝેહરા હઝરત અલીની દૃષ્ટિમાં | ૩૭૦ |
| (૧૦) | જનાબ ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની પાકીઝગી-ઇસ્મત | ૩૮૫ |
| (૧૧) | હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાના માસૂમ હોવા પર બીજી દલીલ | ૪૧૨ |
| (૧૨) | સ્ત્રીઓના વિષયમાં જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાનું દૃષ્ટિબિંદુ | ૪૨૦ |
| | ભાગ-૫ | |
| (૧) | હઝરત ફાતેમા સલામુલ્લાહ | ૪૨૯ |

| | | |
|---|---|---|
| | અલયહા પોતાના વાલિદે ગિરામીની વફાત પછી | |
| (૨) | આશ્ચર્યજનક ખુશી | ૪૩૯ |
| (૩) | ભેદની તપાસ - પૂછપરછ કરવી | ૪૪૫ |
| (૪) | જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા-રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની વફાત પછી | ૪૫૨ |
| (૫) | હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાનો ત્રણ માસ સુધીનો જીવન સંઘર્ષ | ૪૫૮ |
| (૬) | પ્રથમ મંઝિલ : લોકોને આમંત્રણ આપવું | ૪૬૩ |
| (૭) | ત્રીજી મંઝિલ : બાગે ફિદક | ૪૮૭ |

| | | |
|---|---|---|
| | માટેનો સંઘર્ષ | |
| (૮) | રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફિદકનો ઇલાકો જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને કેમ આપ્યો? | ૪૯૪ |
| (૯) | ફિદકને ગસ્બ કરી લેવાના કારણો હુકુમતે બાગ કેમ છીનવી લીધો? | ૪૯૯ |
| (૧૦) | હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાનો વિરોધ | ૫૧૧ |
| (૧૧) | તાર્કિક દલીલો દ્વારા વિવાદ કરીને પોતાનો હક માંગવો | ૫૧૯ |
| (૧૨) | એક બીજી રીતે પ્રમાણિત કરવું | ૫૨૫ |
| (૧૩) | ખલીફા પાસેથી સ્પષ્ટીકરણ | ૫૩૨ |

| | | |
|---|---|---|
| | માંગવું (ખુલાસો માંગવો) | |
| (૧૪) | હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાનું આગ ઝરતું ઉદ્બોધન | ૫૩૭ |
| (૧૫) | ખલીફાનો પ્રતિકાર | ૫૫૨ |
| (૧૬) | ઉમ્મુલ મોઅમેનીન ઉમ્મે સલમા રઝિયલ્લાહો તઆલા અન્હાનું હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની વહારે ધાવું. | ૫૭૩ |
| (૧૭) | જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા બીમાર પડ્યાં | ૫૮૧ |
| (૧૮) | રાતના સમયે તદફીન | ૫૯૧ |
| | ભાગ-૬ | |
| (૧) | જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા આ દુનિયાથી પરદે | ૬૦૪ |

| | | |
|---|---|---|
| | થતાં... | |
| (૨) | જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા વફાતના બિસ્તર ઉપર | ૬૧૪ |
| (૩) | ગમગીની છવાયેલી છે | ૬૨૩ |
| (૪) | હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની વસીય્યત | ૬૩૧ |
| (૫) | હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા પોતાની જિંદગીની છેલ્લી ક્ષણોમાં | ૬૪૦ |
| (૬) | આપનો જનાઝો અને દફનવિધિ | ૬૫૦ |
| (૭) | હઝરત અલી અલયહિસ્સલામ જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહાની કબર ઉપર | ૬૫૭ |

| | | |
|---|---|---|
| (૮) | જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની વફાતની તારીખ અને દફનની જગ્યા | ૬૬૮ |
| | ભાગ-૭ | |
| (૧) | જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના મોઅજિઝાત | ૬૭૭ |
| | ભાગ-૮ | |
| (૧) | હઝરત અબુબકર સાથે ઇખ્તિલાફના વિષયમાં તેહકીક | ૭૫૦ |
| (૨) | બક્ષિસની દલીલો | ૭૭૮ |
| (3) | અમીરૂલ મોઅમેનીન અલી અલયહિસ્સલામ રસૂલે ખુદાના એક માત્ર વારસદાર | ૭૯૨ |
| (૪) | દારૂલ ઉલૂમોમાં વારસાગત વારસો | ૮૨૦ |

# પ્રસ્તાવના

ઘણાં લાંબા સમયથી જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાનું મુબારક જીવન લખવા વિચારતો હતો. લગભગ ત્રણેક વખત શરૂઆત કરી. એક વખત તો લગભગ ૧૦૦ જેટલા પેજ લખાઇ ચૂક્યા હતા અને અચાનક અન્ય લખાણો તરફ વળી ગયો. આ ૧૦૦ પેજ પણ ક્યાંક ગુમાઇ ગયા. છેલ્લા છ મહિના થયા, અમૂક મિત્રો વારંવાર આ વાત મારા ધ્યાન ઉપર લાવતા કે તમે તમારી કલમે આ કાર્ય અંજામ આપો. હું સતત દુઆ કરતો રહ્યો છું કે અલ્લાહ મારાથી આ કાર્ય અંજામ આપે. જ્યારે હું જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાનું જીવન મુબારક લખવા બેઠો છું તો મારી સમક્ષ ખાસ્સી મોટી કહેવાય એવી સાત કિતાબો છે.

(૧) સીરતે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા
જસ્ટિસ આગા સુલ્તાન મિરઝા દેહલવી રહમતુલ્લાહ અલયહ.
(૨) ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા
ખાન બહાદુર મોલ્વી સૈયદ ઔલાદ હૈદર સાહબ ફૌક બિલિગરામી આલલ્લાહો મકામોહૂટ્ટ
(૩) ઝિન્દગાની હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા.
મજાલિસ શહીદે મેહરાબ આયતુલ્લાહ દસ્તગૈબ શીરાઝી આલ્લલ્લાહો મકામોહૂ
(૪) હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા.
આયતુલ્લાહ નાસિર મકારિમ શીરાઝી દામત બરકાતોહુમ
(૫) કશકુલ ગુમ્મા
આ સિવાય બેહારૂલ અનવાર જેવો મહાન ખજાનો તો છે જ. વળી અલ્લાહનું કલામ કુરઆને કરીમ.

જેનાથી શ્રેષ્ઠ કલામ બીજા કોઇનું હોઇ શકતું જ નથી, તે કલામ પણ સીરતે ફાતેમા સલામુલ્લાહ અલયહાને રજૂ કરે છે.

## જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા અને હૌઝે કૌષર

إِنَّآ أَعْطَيْنَٰكَ ٱلْكَوْثَرَ ﴿١﴾

فَصَلِّ لِرَبِّكَ وَٱنْحَرْ ﴿٢﴾

إِنَّ شَانِئَكَ هُوَ ٱلْأَبْتَرُ ﴿٣﴾

(૧) અમે આપને (જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા) એક ચશ્મો ભલાઇથી ભરપૂર(મીઠા અને ઠંડા પાણીનું ઝરણું, જેમાં અનહદ ભલાઇ છે) અતા ફરમાવ્યો.

(૨) જ્યારે આમ છે તો આપના પરવરદિગારના માટે નમાઝ પઢો, અને તકબીર પઢતી વખતે હાથોને ઊંચા કરો.

(૩) ચોક્કસ તમારો દુશ્મન વંશથી કપાઇ ગયેલ છે. ઇલ્મયાફતા ઇન્સાનો જાણે છે કે કુરઆનનું એક જાહેર છે અને એક બાતિન છે. જે તેનો સીધો સાદો દેખીતો મતલબ થતો હોય છે. જ્યારે કુરઆનના બાતિની મતલબ પણ છે. અહીં અલ્લાહ કહે છે કે અય રસૂલ, અમે આપને કૌષર આપી એક મીઠા અને ઠંડા પાણીની નહેર આપી, તમે ફક્ત અમારી ઇબાદત કરો, કોઇ ચિંતા ન કરો. તમને વંશથી વંચિત રહેવાનો- બેઅવલાદ હોવાનો કટાક્ષ કરનારા જ ખરેખર વંશથી કપાયેલ રહેશે. અબુલહબ અને અબુજહલ ઘણેભાગે આપ(સલ.)ને અબતર એટલે કે બેઅવલાદ કહેતા હતા. અલ્લાહે આપને જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા જેવી

નેક-માસૂમ બેટી આપીને એક વહેતું પાક-પવિત્ર-સાફ મીઠા પાણીનું ઝરણું આપ્યું છે. જે કયામત સુધી વહેતું રહેશે, કદીય સુકાશે નહિ.

આજે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની અવલાદ વિશ્વસ્તરે બધે જ જમીન ઉપર ફેલાયેલી જોવા મળશે. પરંતુ પોતાના અબુજહલની અવલાદ કે અબુ લહબની અવલાદ કે મઆવિયાની-યઝીદની અવલાદમાં ખપાવનાર કોઇ નહિ મળે. શાયદ કોઇ બદબખ્ત જ એમ કહેતો હોય કે હું યઝીદની અવલાદ છું, મારો દાદો યઝીદનો દાદો છે. રસૂલનો દુશ્મન-મક્કાનો સરદાર મુનાફિક અબુ સુફયાન છે. આ લોકોના નામ પણ એક ગાળ જેવાં બની ગયાં છે. જે જીભ ઉપર લાવવાનું પણ કોઇ પસંદ કરતું નથી.

## જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા અને શબે કદ્ર

કિતાબ બેહારૂલ અનવાર ભાગ-૪૩ ઉપર જનાબ ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામની રિવાયત આપના બુઝુર્ગ દાદી સાહિબા જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના વિષયમાં ફુરાત બિન ઇબ્રાહીમની તફસીરમાં આ હદીસ નકલ થઇ છે. ઇન્ના અન્ઝલ્નાહોની તફસીરમાં છે કે,

*"અલ્લયતો ફાતેમતો... ફમન અરફ ફાતેમત હક્કા મારેફતેહા ફકદ અદરક લયલતલ કદરે, વ ઇન્નમા સુમ્મેયત ફાતેમતો લેઅન્નલ ખલ્ક ફોતેમુ અન મઅરેફતેહા."*

શબે કદ્ર હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા છે. જેઓને જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની બાકાયદા મઅરેફત (સાચી

પેહચાન) પ્રાપ્ત થઇ ગઇ. તેમને શબે કદ્ર નસીબ થઇ ગઇ. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને ફાતેમા એટલા માટે કહેવામાં આવે છે કે ઇન્સાનોને તેમની રૂહાની મઅરેફતથી (સાચી ઓળખથી) દૂર રાખવામાં આવ્યા. મતલબ માસૂમાની સંપૂર્ણ મઅરેફત આપણે પામી શક્યા નથી.

આ રિવાયતની કેટલી બેહતરીન વ્યાખ્યા છે. શું બેહતરીન સત્ય અર્થઘટન છે. યકીનન જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા જ શબે કદ્ર છે.

જે વ્યક્તિ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને ઓળખી લે, એમના ઉચ્ચ દરજ્જાને જાણી લે તેને શબે કદ્ર મળી ગઇ. ઘણાં થોડા લોકો એવા છે જેમણે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાને એવી રીતે ઓળખ્યાં જેવો કે આપને ઓળખવાનો હક છે.

આપણે જાણીએ છીએ કે કુરઆને કરીમનું એક જાહિર (પ્રત્યક્ષ, ખુલ્લું, ઉઘાડું) અને એક બાતિન (આધ્યાત્મિક, રૂહાની) છે. બાતિન દૃષ્ટિમાન નથી થતું, જાહિર દેખાય છે. વળી અનેક અર્થો પણ થતા હોય છે. આ વાતમાં શંકાને સ્થાન નથી કે સૂરએ “કદ્ર”ની આયતનો ખુલ્લો મતલબ બતાવી રહ્યો છે જે શબે કદ્રમાં પેગંબરે ઇસ્લામના પાક સીના મુબારક ઉપર કુરઆન નાઝિલ થયું. હદીસની રિવાયતો અનુસાર ઇન્સાનોના વર્ષભરના કામકાજ અલ્લાહની હિકમત અને મસલેહત મુજબ શબે કદ્રની રાતે નક્કી થાય છે. આ કારણથી જે કંઇ આ રિવાયતમાં વર્ણન થયેલ છે તે સૂરએ કદ્રની બાતિની તફસીર છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો સૂરએ કદ્રની બીજી તફસીર છે.

ખાતૂને ઇસ્લામ અને શબે કદ્રનો કેટલો ગાઢ સંબંધ છે.

(૧) શબે કદ્ર એવી રાત જેનાથી લોકો સાચી રીતે પરિચિત નથી, મતલબ એની ફઝીલતથી લોકો અજાણ છે. એ જ રીતે આ ઇઝ્ઝતવાળી ખાતૂન જેને પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પોતાના જિગરનો ટૂકડો કહ્યો. વળી ફરમાવ્યું, જેની ખુશીમાં અલ્લાહની ખુશી સામેલ છે. જેની નારાજગી અલ્લાહની નારાજગી છે. ચોક્કસ લોકો આ અઝમતો અને દરજ્જાથી નાવાકિફ છે. તેની કદ્રો-મંઝિલત આપણે જાણતા જ નથી.

(૨) બીજો મુદ્દો શબે કદ્ર વરસની રાતોમાં છુપાયેલી છે. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની કબ્રે અતહર પણ અનેક બુઝુર્ગ હસ્તીઓની કબરની વચ્ચે છુપાયેલ છે. જ્યારે આ બુઝુર્ગ ઓરતને ચાહનારા મદીના જાય છે ત્યારે તમામ લોકોની કબરોની ઝિયારત કરે છે. પરંતુ જનાબે સૈયદા સલામુલ્લાહ અલયહાની કબર જુદી જુદી જગ્યાએ

શોધે છે. પરંતુ ચોક્કસ જગ્યાનો પત્તો મળતો નથી. આપને ચાહનારા દર્દ અનુભવે છે. દર્દની આ સ્થિતિની ફક્ત તેઓ જ અનુભૂતિ કરી શકે છે.

(૩) શબે કદ્રની ઇબાદત એક હજાર મહિનાઓની ઇબાદતથી શ્રેષ્ઠ છે.

لَيۡلَةُ الۡقَدۡرِ ۙ خَيۡرٌ مِّنۡ اَلۡفِ شَهۡرٍ ﴿۳﴾

**લયલતુલ કદ્રે ખૈરૂમ મિન અલ્ફે શહર.**

અર્થાત તે એક રાતની ઇબાદતની ફઝીલત ૮૦ વર્ષની લાંબી ઉમરની ઇબાદતથી પણ વિશેષ ફઝીલત રાખે છે. જનાબે સૈયદા સલામુલ્લાહ અલયહાની ફઝીલત પણ હજારો હજાર, લાખો લાખ બલકે કરોડો કરોડ ઇન્સાનોની ફઝીલતથી કંઇક વધારે છે.

(૪) શબે કદ્ર તે સમય છે જ્યારે કે પેગંબરે ઇસ્લામના કલ્બે અતહર ઉપર કુરઆન શરીફ એક

સાથે નાઝિલ થયું. આમ જમીન ઉપર તો કુરઆન ધીરે ધીરે કુલ ૨૩ વર્ષના ગાળામાં નાઝિલ થયું. પરંતુ એક વખત મુકમ્મિલ કુરઆન શબે કદ્રમાં નાઝિલ થયું.

આ જ કારણથી શબે કદ્ર ફઝીલતોના નુઝૂલની શબ છે. આ શબમાં ઇલ્મ, હિકમત અને કમાલાતની વર્ષા થાય છે. જનાબે ફાતેમા ઝહરા સલામુલ્લાહ અલયહા પણ ઇમામત અને વિલાયતના અનવારનો ખજાનો છે. ઇલ્મ અને હિકમતે ઇલાહીનો ખજાનો છે. અગિયાર ઇમામોનું નૂર આપના બતને અતહરથી જાહેર થયું છે.

(૫) શબે કદ્ર તે શબ છે જેમાં ફરિશ્તા ખુદાના હુકમથી ઇન્સાનોની તકદીર નક્કી કરે છે, તેને અલ્લાહની બારગાહમાં રજૂ કરે છે. આ રાત તે રાત છે જે અવ્વલથી આખર સુધી ખુશનસીબી જ ખુશનસીબી છે.

تَنَزَّلُ الْمَلٰٓئِكَةُ وَ الرُّوْحُ فِيْهَا بِاِذْنِ رَبِّهِمْ ۚ مِنْ كُلِّ اَمْرٍ ۛ ﴿۴﴾ سَلٰمٌ ۛ هِيَ حَتّٰى مَطْلَعِ الْفَجْرِ ﴿۵﴾

તનઝ્ઝલુલ મલાએકતો વર્રૂહો ફીહા બેઇઝ્ને રબ્બેહિમ મિન કુલ્લે અમ્રિન, સલામુન હેય હત્તા મત્લઇલ ફજ્ર.

આ શબમાં સઘળા ફરિશ્તા અને તેમની સાથે હઝરત જિબ્રઇલ પણ પોતાના પરવરદિગારના હુકમથી દરેક વ્યવસ્થા માટે પૃથ્વી પર ઉતરે છે.

જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની દુનિયાની ઘણી જ થોડી જિંદગી પગથી માથા સુધી ભલાઇ જ ભલાઇ છે. બરકત જ બરકત છે. ફરિશ્તાઓની તવજ્જોહનું (ધ્યાનનું) કેન્દ્રસ્થાન છે.

જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા અને શબે કદ્રમાં કેટલું નજીકપણું, સરખાપણું છે. કેટલો સંબંધ છે તે સિવાય પણ આ માસુમના જીવનના સત્યો અમને આ બાબત પ્રોત્સાહિત કરે છે, કે આપણે તેમની મઅરેફત(ઓળખ) પ્રાપ્ત કરવાની વધારેમાં વધારે કોશિશ કરીએ. આપના નૂરની બરકતોથી વધારે ફાયદો ઊઠાવીએ.

પરંતુ કેટલાક ક્રુર, ઘાતકી, કીના-કપટ રાખનારા દુશ્મનો અવલિયાએ ખુદાની આ શબે કદ્રને ન ઓળખી શક્યા, અથવા આંખ આડા કાન કર્યા. આપની ઉપર કેટલો ઝુલમ કર્યો. આપની ઉપર કેટલી મુસીબતો નાખી કે આપનો હક, આપની મિલકત, બાગે ફિદકને પણ આપના કબજામાંથી છીનવી લીધો. તેના ઉપર ઝુલમી રીતે કબજો કર્યો. “બાગે ફિદક” ની દર્દનાક કહાણીનો અભ્યાસ કરવાથી ઘણાંબધા કોયડાઓ હલ થઇ જાય છે.

ઘણાં બધા ભેદો ખૂલી જાય છે. ઘણાં બધા પ્રશ્નોના ઉત્તરો મળી જાય છે. આ વાતનું વિસ્તારથી વર્ણન અમે એની જગ્યાએ કરીશું.
અલ્લાહની ઝાતેપાકથી હું ઉમ્મીદ રાખું છું કે આટલી ચર્ચા જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની મઅરેફતને (આપની પેહચાન, ઓળખ, દરજ્જો) સમજવા માટે મદદરૂપ થશે.

## જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા સ્ત્રીઓ માટે એક આદર્શ નમૂનો

ઇસ્લામે સ્ત્રીઓના હકો અને તેમની પ્રગતિ માટે ખાસ હુકમો અને કાયદાઓ બનાવ્યા છે. વળી જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની તરબીયત મકતબે વહીથી થઇ છે. ચોક્કસ જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહા તમામ મુસલમાન સ્ત્રીઓમાં

દરજએ અવ્વલ પર બિરાજમાન છે. આ જ એક એવા ખાતૂન છે જેઓ સ્વયં માસૂમ છે, એમના મોહતરમ વાલિદ માસૂમ, એમના શૌહર નામદાર માસૂમ, આપની રહેણી કહેણી અને તાલીમો તરબીયતનો સંપૂર્ણ માહોલ પવિત્ર હતો. આપનું બાળપણ એવી પવિત્ર હસ્તી હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની તરબીયતમાં ગુજર્યું, જેમની તરબીયત સીધી અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતની ઝાતેપાક દ્વારા થઇ હતી.

ઘર સંસારના કાર્યો તથા બાળકોની પરવરિશનો સમય ઇસ્લામની બીજી ઉચ્ચોચ્ચ શખ્સીયત યાની અલી ઇબ્ને અબીતાલિબ અલયહિસ્સલામના ઘરમાં ગુજર્યો. આ જ સમયગાળામાં આપે બે માસૂમ ફરઝંદોને જન્મ આપ્યો. ઇમામ હસન અલયહિસ્સલામ અને ઇમામ

હુસૈન અલયહિસ્સલામની તરબીયત ફરમાવી. વળી આ બહાદુર બેટાઓની સાથે જનાબ ઝયનબ અને જનાબ ઉમ્મે કુલસુમની ઇસ્લામી સમાજને સોંપણી કરી. આવા જ ઘરમાં ઇસ્લામી અહકામ અને ઇસ્લામી સંસ્કૃતિ વિકાસ પામી શકે છે. આવા જ ઘરમાં આદર્શ ઇન્સાનો અને આદર્શ ખાતૂનો પેદા થઇ શકે છે.

## આપનો વ્યવહાર

મોટે ભાગે એવો રિવાજ છે કે અમૂક લેખકો જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાના જીવનના તે જ લખાણોને સાચા સમજે છે જે ફક્ત એહલે સુન્નત હઝરાતથી રિવાયત પામેલા હોય. બીજું ટોળું એહલે તશય્યોઅ છે જેઓ એવી જ રિવાયતોને માન્ય ગણે છે જે ફક્ત શીયા ઓલમા અને તારીખ દ્વારા રિવાયત પામેલા હોય. પણ આમ નથી. ઘણી

વાતો એહલે તશીય્યોઅની પણ ઘણી જ સુંદર હોય છે અથવા ઘણી વાતો એહલે સુન્નતથી રિવાયત પામેલી પણ ઘણી સુંદર હોય છે. આથી અમોએ આ કિતાબમાં જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના જીવન વૃત્તાંતમાં બંને ફિરકાની રિવાયતોને લીધી છે. જેથી અમોએ આ કિતાબમાં એહલે સુન્નતની કિતાબોથી પણ ફાયદો ઉઠાવ્યો છે. કંઇ બધા જ લેખકો કીનો-કપટ રાખતા હોતા નથી. શીયા બિરાદરી પાસે તો એહલેબયતના વિષયમાં એટલી વિપુલ પ્રમાણમાં અને સાચી માહિતી છે કે અન્ય કિતાબો ઉઠાવવાની જરૂર કદાચ ન પડે.

અમે અલ્લાહના નામ સાથે વિલાયતના ઉચ્ચોચ્ચ શિખરે બેઠેલી પેગંબરે ઇસ્લામની એકલોતી સંતાન જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના મુબારક જીવનને લખવાની શરૂઆત કરી છે. વાંચકો દુઆ કરે કે આ મકસદમાં અમે

સંપૂર્ણ કામ્યાબ રહીએ, અલ્લાહ કદમ કદમ પર અમારી મદદ ફરમાવે, બહક્કે મોહંમદ વ આલે મોહંમદ આમીન, ઇલાહી આમીન.

## જરૂરી નોંધ

વહાલા વાચકોની સેવામાં માફી ચાહું છું કે અમોએ મર્હૂમીનના સવાબ અર્થે ૧૦૦ પ્રશ્નોવાળી કિતાબની જાહેરાત કરી હતી. જે જાહેરાતમાં અમારે દીલગીરી સાથે ફેરફાર કરવો પડ્યો છે. જો અમે આ ફેરફાર ન કરત તો અમે આટલી મોટી સંખ્યામાં આ મુબારક કિતાબ આટલી જલ્દી પ્રકાશિત ન કરી શકત. અમોએ જ્યારે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના જીવન વૃત્તાંત કિતાબની જાહેરાત કરી ત્યારે ૩૫૦ પેજ અને અગાઉથી નાણાં ચુકવનારને રૂ. ૫૦માં આપવાનું નક્કી કર્યું હતું. પરંતુ હું કયા શબ્દોમાં મારા ખુદાનો શુક્રગુજાર બનું કે જ્યારે

કિતાબનું કંપોઝ પૂર્ણ થયું તો કુલ મૂળ કિતાબમાં ૫૨૦ (પાંચસો વીસ) પેજ થયાં.મારા હાથ લખાણનો ૩૫૦ પેજનો અંદાજો સદંતર ખોટો પડ્યો ૧૩૦ પેજ જેટલો વધારો કંઇ નાનો સૂનો નથી. આ કિતાબ કુલ ૪૦૦૦ કોપીઝ છપાવી રહ્યો છું. જેમાં ૨૦૦૦ કોપીઝ મર્હૂમીન માટેની છે. જેમાં મર્હૂમીનના નામો છેલ્લે લેવામાં આવશે. મારા પ્રિય વાંચકોને મારી નમ્ર વિનંતી છે કે આ અતિ મુબારક કિતાબ હાથમાં પકડીને પ્રથમ મર્હૂમીન માટે એક સૂરએ ફાતેહા અને ત્રણ વખત કુલહોવલ્લાહો અહદ અવશ્ય પઢશો.

બીજી એક વાત પણ વહાલા વાંચકો ધ્યાનમાં રાખે કે અમો કરજ કરીને આ કિતાબ વાંચકોના હાથોમાં મૂકી રહ્યા છીએ. પ્રેસ મોમિન બિરાદરનું-આપણું છે. પ્રેસ નાણાં બાકી રાખીને આપણી કિતાબો છાપી નાખે છે. છેલ્લા એક

વરસથી અમે એક કિતાબ માયનસ ચાલતા હતા. જે કરજ અદા થઇ ગયું અને આ કિતાબનું કરજ શરૂ થયું છે. અમ્ર બિલ મઅરૂફના આ નેક કાર્યોમાં અમારી મદદ ફરમાવો.

નાચીજ

ઈબ્રાહીમ પટેલ

## ભાગ-૧ : જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા વિલાદતથી શાદી સુધી

દરેક વ્યક્તિનું વ્યક્તિત્વ મોટા ભાગે પોતાના ખાનદાનની પરિસ્થિતિ, પોતાના મા-બાપના અખ્લાક અને તે વાતાવરણની સાથે સંબંધિત હોય છે જે વાતાવરણમાં તે પરવરિશ પામતો હોય છે. મા-બાપ જ બાળકના વ્યક્તિત્વના વિકાસ માટેની બુનિયાદ છે. મા-બાપ જ સંતાનોને પોતાના કાર્યો, અખ્લાક વગેરે બાળકને સોંપે છે, શીખવે છે. પછી બાળક મોટું થતાં સમાજને હવાલે થાય છે. આ સત્ય તો એટલું સ્પષ્ટ છે કે દરેક સંતાન પોતાના મા-બાપના અખ્લાક અને વ્યક્તિત્વનો આયનો હોય છે. મતલબ મા-બાપના અખ્લાક જોવા હોય તો બાળકમાં જુઓ.

હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાના વાલિદ મોહતરમ હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની શખ્સીયત તો તારીફની મોહતાજ નથી. આપ અસાધારણ વ્યક્તિત્વના માલિક હતા. આપના ઉચ્ચોચ્ચ કાર્યો, આપના બેહતરીન અખ્લાક, બુલંદ હિંમત, વફાદારી, ફિદાકારી, મુસલમાનો તો શું કોઇપણ બિનમુસ્લિમોથી પણ છુપાયેલી નથી. આપની અઝમત (શ્રેષ્ઠતા) માટે એટલું કહેવું પૂરતું છે કે ખુદાવંદે આલમે આપના વિષયમાં ઇરશાદ ફરમાવ્યો.

وَاِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيۡمٍ ﴿۴﴾

(સૂ. કલમ આ. ૪)

**"અય રસૂલ! આપ અખ્લાકના ઉચ્ચોચ્ચ સ્થાને બિરાજેલા છો."**

જો આપણે આ જગ્યાએ જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાના બુઝુર્ગ વાલિદ સાહેબ પેગંબરે ઇસ્લામના અખ્લાકનું વર્ણન કરવા જઇશું તો આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની તારીખ તો કદી ખતમ થઇ શકશે નહિ. માટે આપણે પેગંબરે ઇસ્લામના અખ્લાકની તારીફમાં અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતનો એક વાક્યનો ઇરશાદ ટાંકીને આગળ ચાલીશું.

## પ્રકરણ-૧ : જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના વાલીદહ મોહતરમા

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાના બુઝુર્ગ વાલિદહ હઝરત ખદીજા બિન્તે ખુવૈલિદ હતાં. હઝરત ખદીજા કુરેશના એક શરીફ અને ઇઝ્ઝતવાળા ખાનદાનમાં પેદા થયાં. તે જ માહોલમાં પરવરિશ પામ્યા. આપના ખાનદાનના બધા જ માણસો બુદ્ધિશાળી, જ્ઞાની અને ખાનએ કાબાનું રક્ષણ કરનારા લોકોમાં ગણાતા હતા.

તે સમયમાં યમનના બાદશાહ “તબ્બઅ” એ હજરે અસવદને કાબામાંથી ઉખાડીને યમન લઇ જવાનો ઇરાદો કર્યો. ત્યારે હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાના વાલિદ ખુવૈલિદ પથ્થરની હિફાઝત માટે તલવાર લઇ કાબામાં આવ્યા. આપની મદદમાં બીજા પણ કેટલાક લોકો

તલવારો સાથે ઘરની બહાર કાબામાં એકત્ર થયા. બાદશાહના માણસો ખુવૈલિદની સરદારીમાં ખુલ્લી તલવારો સાથે હજરે અસવદના રક્ષણ માટે ઊભેલા બહાદુરોને જોઇ હિંમત ગુમાવી બેઠા. પાછા યમન ચાલ્યા ગયા.

(શરહ નહજુલ બલાગાહ અઝ ઇબ્ને અબિલ હદીદ,
ભાગ ૧૬ પેજ-૨૧૭)

હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાના દાદા "અસદ બિન અબ્દુલ ઉઝ્ઝા" અરબના તે મશહૂર પયમાન "હલફુલ ફુઝૂલ"ના અગ્રગણ્ય વ્યક્તિ હતા. આ પયમાન અરબની નામાંકિત વ્યક્તિઓએ બાંધ્યું હતું. આમ સમજો કે મક્કા તથા તેની આસપાસના ઇલાકાની આ એક નામાંકિત સંસ્થા હતી. આ સંસ્થા મઝલૂમોને ન્યાય અપાવતી. તેમનું રક્ષણ કરતી, કચડાયેલી વ્યક્તિઓની ઇઝ્ઝત આબરૂના રક્ષણ માટે જરૂરી પગલાં ભરતી. યતીમ, ગરીબ, નિરાધાર લોકોની

બધી જ રીતે માલથી પણ મદદ કરતી. હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાના દાદા આવી નેકનામી સંસ્થાના અગ્રગણ્ય સભ્ય હતા. પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને પણ આ અંજુમનનું સભ્યપદ પ્રાપ્ત હતું. રસૂલુલ્લાહ(સલ.) ફરમાવતા હતા કે હું અબ્દુલ્લાહ બિન જદઆનના ઘરમાં હતો, જ્યારે આ પયમાન બાંધવાનો સમય થયો. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને તે વખતે આમંત્રણ આપવામાં આવતું તો આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ પણ તેમાં હાજરી આપતા.

(જુઓ અલ રોઝુલ અલ અનફ)

હઝરત ખદીજાના ચચાઝાદ ભાઇ (પીતરાઇ ભાઇ) વરકા બિન નૌફલ પણ મૂર્તિપૂજાને નાપસંદ કરતા હતા. તેઓ એક મુદ્દત સુધી દીને હકની શોધખોળમાં લાગેલા રહ્યા. દીને ઇબ્રાહીમ

અલયહિસ્સલામમાં મૂર્તિપૂજાને કોઇ સ્થાન ન હતું. આ લોકોનો એક તહેવાર આવતો હતો તેમાં તેઓ ખાસ કરીને એક મૂર્તિની પૂજા કરતા હતા. પૂજા દરમ્યાન ચાર વ્યક્તિઓ જેઓ દીને ઇબ્રાહીમ પર હતા તેમણે એક ખાનગી મિટિંગ બોલાવી. આ તહેવારમાં મૂર્તિપૂજા કરનારાઓને પણ આમંત્રણ આપી બોલાવ્યા. તેઓ સાથે એક લાંબી ચર્ચા કરી, વળી વાદ-વિવાદ કરી તેઓને આ પરિણામ સુધી લઇ ગયા કે લોકો મૂર્તિપૂજાની બાબતમાં સખત નાસમજણના શિકાર છે. વળી તેઓ દીને ઇબ્રાહીમને ભૂલી ચૂક્યા છે. એવી મૂર્તિઓની પૂજા કરે છે જે ન સાંભળે છે, ન જોઇ શકે છે, ન નફો નુકશાન પહોંચાડી શકે છે. પછી તો આ લોકોએ દીને ઇબ્રાહીમના પ્રચાર માટે આસપાસના બધા ગામો અને કસબાઓમાં ફેલાઇ જવાનો ઇરાદો કર્યો.

(સીરતે ઇબ્ને હિશ્શામ ભાગ-૧, પેજ -૪૧)

વરકા બિન નૌફલ એક બુદ્ધિશાળી-જ્ઞાની પુરૂષ હતા. ખુદાની તરફથી પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ઉપર પ્રથમ વહી નાઝિલ થઇ ત્યારે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે જિબ્રઇલના આવ્યાની ઘટના જનાબ ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાને બયાન કરી. આ સાંભળતા જ જનાબ ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા વરકાની પાસે ગયાં. પુરી દાસ્તાન તેઓને સંભળાવી, વળી આ ઘટનાનું શું રહસ્ય હોઇ શકે તે અંગે પૂછ્યું. વરકાએ જવાબ આપ્યો, જે કંઇ તમે વર્ણવ્યું છે તે સત્ય છે કે જિબ્રઇલ મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ઉપર નાઝિલ થયા અને મોહંમદ ખુદાના પેગંબર છે. મારા તરફથી મોહંમદને કહેજો કે "પોતાના કામમાં કોશિશ અને મેહનત ચાલૂ રાખે, બહાદુરીથી કામ લે."

બીજા દિવસે વરકાની મુલાકાત પેગંબરે ઇસ્લામની સાથે મસ્જિદે હરામમાં(કાબતુલ્લાહમાં) થઇ તો વિનંતી કરી, “આપે જે કંઇ જોયું અને સાંભળ્યું, મને પણ બતાવો.” પેગંબરે ઇસ્લામે જિબ્રઇલના નુઝૂલ થવાની દાસ્તાન કહી સંભળાવી. વરકાએ કહ્યું : ખુદાની કસમ! આપ ખુદાના પેગંબર છો. વળી તે જ ફરિશ્તો જે મૂસા અલયહિસ્સલામ ઉપર નાઝિલ થતો હતો તે જ તમારી ઉપર પણ નાઝિલ થયો છે. જાણી લેજો કે આપને તકલીફો, મુસીબતોનો સામનો કરવો પડશે. આપે પોતાનું વતન પણ છોડવું પડશે. લોકો આપની સાથે યુધ્ધે ચડશે. જો હું ત્યાં સુધી જીવતો રહીશ તો ખુદાના દીનની નુસરત કરીશ.(મદદ કરીશ) પછી આપે (વરકાએ) પેગંબરે ઇસ્લામની મુબારક પેશાનીને બોસો (ચુંબન) આપ્યો અને ચાલતા થયા.

(સીરતે ઇબ્ને હિશ્શામ જિલ્દ-૧ પેજ-૨૩૭)

## પ્રકરણ-૨ : જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા એક વેપારી ખાતૂન

હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની જંદગીની બારીક બારીક વાતો ઇતિહાસે સંગ્રહિત કરી નથી. છતાંય આપના વિશેની જેટલી માહિતી ઇતિહાસ આપે છે, તે જોતાં આપનું વ્યક્તિત્વ સ્પષ્ટ થઇ જાય છે. જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની શાદી અંગે બે રિવાયતો પ્રચલિત છે. વધુ પ્રચલિત રિવાયત મુસલમાનોની છે, જેમાં છે કે પેગંબરે ઇસ્લામ સાથે શાદી કરતાં અગાઉ આપે બે વ્યક્તિઓ સાથે શાદી કરી હતી અને બંને વ્યક્તિઓ કુદરતી સંજોગે યુવાનીમાં જ મૃત્યુ પામી હતી. જનાબ ખદીજા તે વખતે ૪૦ વર્ષની ઉમરના હતાં અને રસુલુલ્લાહના

નિકાહમાં આવતાં અગાઉ આપ બે વખત વિધવા બની ચૂક્યાં હતાં.

જ્યારે બીજી રિવાયત અનુસાર જનાબે ખદીજા રસૂલુલ્લાહના નિકાહમાં આવ્યા તે વખતે આપની ઉમર ૧૮ વર્ષની હતી. આપ કુંવારા હતાં. આપે નબી સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના નિકાહમાં આવતાં અગાઉ કોઇપણ શાદી કરી ન હતી. રસૂલુલ્લાહ સાથેના આપના નિકાહ પ્રથમ નિકાહ હતા.

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનું ખાનદાન બની હાશિમમાં સૌથી વધારે ઉચ્ચ ખાનદાન ગણાતું હતું. વળી પેગંબરે ઇસ્લામના અખ્લાક, રહેણી-કહેણી, ઇમાનદારીની ખુશ્બૂ સમગ્ર મક્કામાં ફેલાયેલી હતી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો ચેહરો મુબારક ચૌદમી રાતના ચાંદની

જેમ નૂરાની હતો. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ બની હાશિમના તે નવયુવાનોમાંથી હતા જેમના નિકાહમાં પોતાની દીકરીઓ આપવા સમગ્ર મક્કા હંમેશા તૈયાર હતું. વળી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમમાં લાલચ જેવી કોઇ બીમારી ન હતી. મક્કાના ઉચ્ચોચ્ચ ખાનદાનની સેંકડો છોકરીઓ-કુમારીકાઓ આપને મળતી હોવા છતાં ૪૦ વર્ષની ઉમરરસીદહ, વળી બે વખત વિધવા થઇ ચૂકેલી સ્ત્રી સાથે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની શાદી થાય, આ વાત એબવાળી માલૂમ પડે છે. રસૂલુલ્લાહમાં કોઇ ખામી ન હતી કે આપને કોઇ કુંવારી અને યુવાન છોકરી ન આપે. તો પછી ૪૦ વર્ષની આવી સ્ત્રી સાથે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે શા માટે શાદી રચી? ઇતિહાસકારો એનો આ રીતે હલ કરે છે કે મક્કામાં, બલકે અરબમાં તે સમયે વિધવા સાથે વિવાહ કરવાનો રિવાજ ન હતો

અને આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ આ રિવાજ તોડવા માંગતા હતા, જેથી આપે હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની સાથે શાદી રચી.

આ હલ એક ઉપજાવી કાઢેલો હલ છે. આ રિવાજ તો પાછળથી પણ તોડી શકાતો હતો અને આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે બીજા ઘણાંબધા નિકાહ એવા કર્યા છે જે સ્ત્રીઓ ૫૦ વર્ષની અને વિધવા હતી. હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા ૪૦ વર્ષની ઉમરના હતાં અને બે વખત વિધવા થઇ ચૂક્યાં હતાં, આ વાત ગલત છે, આનાથી રસૂલુલ્લાહના જીવન ઉપર એક એબ લાગી જાય છે. ૨૫ વર્ષના એક ઉચ્ચોચ્ચ ખાનદાની નવયુવાન તે પણ પેગંબરે આખિરૂઝ્ઝમાં ૪૦ વર્ષની, વળી બે વખત વિધવા થઇ ચૂકેલ સ્ત્રી સાથે શાદી રચે. આ બનાવટી ઘડી કાઢેલો ઇતિહાસ છે.

## પ્રકરણ-3 : જનાબે ખદીજા એક રાજકુંવરી, સ્વતંત્ર વિચારો ધરાવનારી ખાતૂન

હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા એક સ્વતંત્ર વિચારો ધરાવનારી સ્ત્રી હતાં. આપ બુદ્ધિશાળી અને વેપારમાં અનુભવ ધરાવનાર હતાં. આપની સાથે વેપાર કરનારા માણસો ઘણાં અનુભવી અને માલદાર હતા. પણ જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા તેઓની સાથે શાદી માટે તૈયાર ન હતાં. આપની સાથે શાદી માટે અરબના સારા ખાનદાનના, માલદાર, વધુ મહેર આપનાર માણસો હતા પણ હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાએ સખ્ત ના પાડી હતી.

એક દિલચસ્પ વાત એ છે કે એક તરફ હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાએ અરબના માનવંતા લોકોના શાદીના પ્રસ્તાવને

નકારી કાઢ્યો. જ્યારે બીજી તરફ પૈગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ કે જેઓ યતીમ અને ખાલી હાથ હતા તેમની સાથે શાદી માટે રાજી હતાં.

સામાન્ય રીતે સ્ત્રીઓનો મોટો વર્ગ માલ-દૌલત અને ઐશ-આરામને પસંદ કરે છે. અને તેઓની ઇચ્છા હોય છે કે તેમનો પતિ સારા ખાનદાનનો માલદાર ઘરથી હોય જેથી તેની ઝિન્દગી ઐશ-આરામથી, સુકૂનથી પસાર થઇ જાય.

ખુદા તઆલાએ જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાના દિલને રૂહાનિયતથી ભરપૂર બનાવ્યું હતું. એમને ખબર હતી કે મારે એક એવા જવાહિર-માણેક મોતીને જન્મ આપવાનો છે કે જે જવાહિર મોતીમાંથી તેર માસૂમ જન્મ પામશે. વળી કયામત સુધી રૂહાનિયત અને વિલાયતના સ્ત્રોત મારા પેદા કરેલા મોતીમાંથી જ જન્મ પામશે.

જ્યારે જ્યારે મક્કાના રાજકુંવર જેવા ખાનદાની માલદાર યુવાનોની વાતો શાદી માટે પહોંચતી તો આ બહાદુર પાક-દામન, પાક સીરત ખાતુન તરત જ ઇન્કારી દેતાં. રૂહાનિયતને રૂહાનિયતની તલાશ હતી. વિલાયત વિલાયતની શોધમાં હતી. છેવટે અલ્લાહે આપના માટે જ નિયુક્ત કરેલ પેગંબરે ઇસ્લામ હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની વાત પહોંચાડી.

આપ રૂહાનિયતથી ભરપૂર હતાં, તે માટેના ઐતિહાસિક પુરાવા મોજૂદ છે. આપની બુદ્ધિનો આંક ઘણો ઊંચો હતો. પોતાના સમયના બુદ્ધિશાળીઓથી આપે સાંભળ્યું હતું કે આખરી પેગંબર હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ હશે. તેઓ વિશ્વને જહાલત અને દંગાફસાદથી છૂટકારો અપાવશે. તેમનો પોતાનો પણ આ જ અકીદો હતો. તો શા માટે તે રૂહાની વ્યક્તિ આ જ

મોહંમદ ન હોય? અને તે મારા શોહર હોય. શા માટે હું આ બાબતની પાકી તેહકીક-જાંચપડતાલ ન કરી લઉં.

આપે આ વાતની આઝમાયશ માટે પેગંબરે ઇસ્લામ હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને પોતાનો માલ આપી નફામાં ભાગીદારીથી વેપાર માટે મોકલ્યા. સાથે પોતાના ગુલામ "મયસરાહ" ને પણ કરી દીધો. જુએ કે મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ કોણ છે? કેવા છે? અખ્લાક, સ્વભાવ કેવો છે? વેપારી કાફલો પાછો ફરતાં સફરમાં બનેલા નવાઇ પમાડે એવા, આશ્ચર્યજનક બનાવો, લોકો સાથેનો પેગંબરે ઇસ્લામનો વ્યવહાર વગેરે ખૂબીઓ વર્ણવતાં વર્ણવતાં મયસરાહ થાકતો ન હતો.

બસ! આ શરીફ ખાતૂનનો મકસદ પૂર્ણ થઇ ગયો. પોતે શોધતાં હતા એવી પૂંજી મળી ગઇ.

હઝરત ખદીજા બાહોશ, હિંમતવાન, ધનાઢ્ય અને સ્વતંત્ર વિચારના, એક નેક રાજકુંવરી જેવા બધા જ ગુણો ધરાવતા હોઇ આપે પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને બોલાવ્યા, અને કહ્યું : અય મોહંમદ! મેં આપને શરીફ, અમીન (અમાનતદાર), ખુશમિઝાજ, ખુશ અખ્લાક અને સાચું બોલનારા જોયા-જાણ્યા હોઇ હું આપની સાથે શાદી કરવા ઇચ્છું છું.

(સીરતે હિશ્શામ ભાગ-૧ પેજ-૨૫૩,૨૫૪)

અમારી સમજમાં આવતું નથી કે રસૂલે ઇસ્લામ શ્રેષ્ઠ ખાનદાનના, ઉચ્ચોચ્ચ અખ્લાકના, ૨૫ વર્ષના સૌથી વધારે ખૂબસૂરત ચહેરાવાળા નવયુવાન હતા, તો શા માટે આપની શાદી ૪૦ વર્ષની એક પાકટ વયની સ્ત્રી સાથે થાય અને તે પણ બે બે વખત શાદી કરીને વિધવા થઇ ચૂકી હોય. શું આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી

વસલ્લમને સમાજમાંથી કુંવારી સ્ત્રીઓ મળતી ન હતી? શાદી સમયે જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની ઉમર ૨૦ વર્ષની અને પેગંબરે ઇસ્લામની ઉમર ૨૫ વર્ષની હતી. હઝરત ઇબ્ને અબ્બાસની રિવાયત અનુસાર હઝરત ખદીજા શાદીના સમયે ૨૮ વર્ષનાં નવયુવાન હતાં. ઉચ્ચ ખાનદાનોમાં છોકરીઓની શાદી ૨૧ થી ૩૦ વર્ષની વચ્ચે જ કરવાનો રિવાજ છે. હઝરત ખદીજા મક્કાની ધનાઢ્ય એવી રાજકુંવરી હતાં, શાહી ખાનદાન હતું.

હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ખદીજાનું વર્ણન પોતાના કાકા અને અન્ય સગાઓને કર્યું. તેઓ વાત લઇને હઝરત ખદીજાના કાકા પાસે ગયા અને પોતાના મકસદને એક ઉદ્બોધનના અંતમાં વર્ણવ્યો. હઝરત ખદીજાના કાકા એક બુદ્ધિશાળી વ્યક્તિ હતા. એમ

ઇચ્છતા હતા કે સગાઇની વાતનો કંઇક જવાબ આપે. પરંતુ ઘણી સારી રીતે ઉત્તર ન આપી શક્યા. તો સ્વયં હઝરત ખદીજા ઉમંગમાં તરબોળ સુંદર છટાદાર ભાષામાં બોલ્યાં : કાકાજી! જો કે આપ વાતચીત કરવામાં મારાથી વધારે બેહતર હોઇ શકો છો પરંતુ આપ મારાથી વધારે મારા ઉપર કાબુ(ઇખ્તયાર) ધરાવતા નથી. ત્યાર પછી કહ્યું :

**"અય મોહંમદ! હું આપથી શાદી કરવા ઇચ્છું છું. મારો હક મહેર હું મારી પાસેથી જ અદા કરીશ. આપ આપના કાકાને કહી દો કે શાદીના માટે ઊંટ ઝબહ કરે.**

(જુઓ બેહારૂલ અનવાર ભગ-૧૬, પેજ-૩૨)

ઇતિહાસ કહે છે કે હઝરત ખદીજાએ પોતાના કાકાના દિકરા વરકા ઇબ્ને નોફલને વાસ્તો બનાવ્યા, પ્રતિનિધિ બનાવ્યા. જેથી કે તેઓ (એમની) શાદી હઝરત મોહંમદ સલ્લલ્લાહો

અલયહે વઆલેહી વસલ્લમની સાથે કરાવી દે. જ્યારે વરકાએ હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાને આ ખુશખબરી સંભળાવી કે મેં હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ અને તેમના સગાંવલાહાઓને તમારી સાથે શાદી કરવા માટે રાજી કરી લીધાં છે, તો હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાએ તેમની આ ખિદમતના બદલામાં ખુશ થઇને એક શિરવાની-ઝભ્ભો આપ્યો જેની કિંમત તે સમયે પાંચસો અશરફી હતી, અશરફી તે સમયનો સોનાનો સિક્કો હતો, એવા પાંચસો સિક્કા.

(જુઓ સીરતે ઇબ્ને હિશ્શામ ભાગ-૧, પેજ-૧૯૯)

જ્યારે જનાબે મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાના ઘેરથી બહાર આવવા લાગ્યા ત્યારે હઝરત ખદીજાએ વિનંતી કરી: આપ ક્યાં જઇ

રહ્યા છો? મારૂં ઘર આપનું ઘર છે. મારો માલ આપનો માલ છે. મારી મિલકત આપની મિલકત છે અને હું આપની કનીઝ છું. આપ જ્યારે પણ ઇચ્છો, આ ઘરમાં તશરીફ લાવી શકો છે.

(બેહારૂલ અનવાર ભાગ-૧૬, પેજ-૯)

પેગંબરે ઇસ્લામ માટે આ શાદી ઘણી મહત્વની હતી. આપ એકલા એકલા હતા. કુટુંબ કબીલો-બની હાશિમ તો આખો એક પૂરેપૂરો મહોલ્લો હતો. પરંતુ નજીકની સગાઇ- મા-બાપ, દાદા-દાદી, કાકા-કાકી સંગાથની રીતે આ મુબારક શાદી દ્વારા આપને જીવનસાથી મળી ગયાં. આપને એક બેહતરીન ગમ દૂર કરનારાં અર્ધાંગિની મળી ગયાં.

# પ્રકરણ-૪ : જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા અત્યંત નિષ્ઠાવાન અને સમર્પણ કરી દેનારી ખાતૂન

એક પાક સાફ, અતિ પવિત્ર, અતિ ઉજ્જવલ, ઘરની બુનિયાદ નંખાઇ જે ઘર ઉપર ચોવીસ કલાક ખુદાની રહમત ઉતરતી હતી. જે ઘરમાં ફરિશ્તાઓનો નુઝૂલ થતો હતો. જમીન ઉપરનું આ એક ઘર જે આસમાનવાળાઓને સૌથી વધારે પ્યારૂં હતું. પેગંબરે ઇસ્લામની, ઇસ્લામની દઅવત ઉપર જરાપણ ખચવાટ અનુભવ્યા વગર સૌથી પ્રથમ લબ્બૈક કહેનાર જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા હતાં. સૌ પ્રથમ જે સ્ત્રી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ઉપર ઇમાન લાવ્યાં તે જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા હતાં.

આ ઉદારદિલ ખાતૂને પોતાની તમામ માલ-મિલકત રસૂલે ખુદાના કદમોમાં મૂકી દીધી. રસૂલુલ્લાહને પોતાની બધી જ દવલત માટે ઇખ્તયાર આપી દીધો. આપ જ્યાં ચાહે ત્યાં ખર્ચી શકે. હદીસે રસૂલ અનુસાર ખુદાની પાસે સૌથી વધારે ઉચ્ચોચ્ચ દરજ્જો ધરાવનાર ચાર સ્ત્રીઓ છે. (૧) જનાબ મરિયમ અલયહસ્સલામ (૨) જનાબે આસિયા રઝિયલ્લાહો તઆલા અન્હા- ફિરઓનની નેક પત્ની (૩) જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા (૪) જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા. તબ્લીગે ઇસ્લામના એક ઉચ્ચોચ્ચ મકસદને ધ્યાનમાં રાખી જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાએ પોતાની બધી જ દવલત રસૂલુલ્લાહને સોંપી દીધી.

(કુતૂહુલ બુલદાન પેજ-૨૭)

તારીખે ઇબ્ને હિશ્શામ લખે છે કે રસૂલુલ્લાહ(સલ.)ને હઝરત ખદીજા રઝિયલ્લાહો

તઆલા અન્હાથી ખૂબ જ મહબ્બત હતી. પેગંબરે ઇસ્લામ સ્વયં તેમની ખૂબ જ ઇઝ્ઝત કરતા હતા. રસૂલ પોતાના કાર્યોમાં એમનો મશવેરો લેતા હતા. જનાબે ખદીજા પેગંબરે ઇસ્લામના એક પ્રેમાળ વજીર અને મશવેરો આપનારી ખાતૂન હતાં. તેઓ હયાત હતાં ત્યાં સુધી પેગંબરે ઇસ્લામે બીજી કોઇ શાદી કરી નથી.

(તઝકેરતુલ ખવાસ સિબ્તે ઇબ્ને જવઝી, બેહારૂલ અનવાર જિ-૧૬, પેજ-૧૪)

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનું ફરમાન છે કે "**ખદીજા આ ઉમ્મતની સ્ત્રીઓમાં બેહતરીન સ્ત્રી છે.**"

હઝરત આયશા કહે છે કે રસૂલે ઇસ્લામ ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાનું વર્ણન-તેમની ખૂબીઓનું વર્ણન એટલી મહબ્બતથી કરતા હતા કે એક દિવસ મેં કહી દીધું, યા રસૂલલ્લાહ! તે ઘરડી-

બુઢ્ઢી સ્ત્રી હતી તેને શું યાદ કરો છો? પેગંબરે ઇસ્લામ ઘણા જ નારાજ થઈ ગયા. હઝરત આયશાને ધમકાવતા ફરમાવ્યું : અય આયશા! ખામોશ રહે, તને ખબર છે ઇસ્લામને ખાતર તે સ્ત્રીએ પોતાની બધી જ દવલત-મિલકત ખર્ચી નાખી છે. ખબરદાર તેના વિષયમાં કંઇ પણ કહ્યું છે તો....

(જુઓ હયાતુસ્સહાબા જિલ્દ-૩, કશકુલ ગુમ્મા ભાગ-૨ પેજ-૧૦૨)

રિવાયતોમાં છે, જ્યારે જિબ્રઇલ પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની પાસે આવતા હતા ત્યારે ફરમાવતા કે યા રસૂલલ્લાહ! અલ્લાહનો આ સંદેશો પહોંચાડી દેશો, અલ્લાહ સલામ પહોંચાડે છે હઝરત ખદીજા ઉપર. તેમને કહેજો કે ખુદાએ આપના માટે બેહિશ્તમાં એક ઘણો જ ખૂબસૂરત મહેલ તૈયાર રાખ્યો છે.

## પ્રકરણ-૫ : ઇસ્લામનું સૌપ્રથમ ઘરાનું

ઇસ્લામમાં જે પ્રથમ ઘરનો પાયો નંખાયો તે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ અને હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાનું ઘર હતું. ઇસ્લામી ઘરનો પાયો નંખાયો. જમીન ઉપરનું સર્વશ્રેષ્ઠ ઘરાનું-જે ઘર ઉપર ૨૪ કલાક અલ્લાહની રહમતો નાઝિલ થતી હતી, તેના સભ્યોની સંખ્યા ત્રણ હતી. (૧) હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ (૨) જનાબ ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા (3) હઝરત અલી અલયહિસ્સલામ.

(જુઓ તઝકેરતુલ ખવાસ પેજ-303, કશકુલ ગુમ્મા ભાગ-૨ પેજ-૧૦૨,
તફસીરે અયાશી ભાગ-૨ પેજ-૨૮૭)

આ ઘર આલમે ઇસ્લામના ઇન્કિલાબનું કેન્દ્ર હતું. ઘણી ભારે જવાબદારીઓ આ ઘર ઉપર

હતી, કારણ કે સમગ્ર સૃષ્ટિ અંધકારમય હતી. આ ઘરે સમગ્ર દુનિયામાં તવહીદનો સંદેશ પહોંચાડવાનો હતો. સમગ્ર અરબના બુતપરસ્તોનો મુકાબલો કરવો એક ખૂબ જ કઠિન કાર્ય હતું. દીને તવહીદ દુનિયામાં ફેલાવવાની જવાબદારી આ ઘરાનાની હતી. સમગ્ર વિશ્વમાં આ એક સિવાય બીજું કોઇ ઇસ્લામી ઘર ન હતું. ઇસ્લામની પ્રથમ છાવણીના સિપાહીઓનો આ પાકો ઇરાદો હતો કે દુનિયાવાળાઓના દીલોને જીતી લઇશું. દુનિયામાં તવહીદનો અકીદો ફેલાવીશું. આ શક્તિશાળી મરકઝ દરેક રીતે સધ્ધર હતું. ઇમાનથી સધ્ધર હતું. આ ત્રણના ઇમાનની તોલમાં કોનું ઇમાન આવી શકે! આ ઘરાનું-ઇસ્લામનું મરકઝ જેના સરદાર હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ હતા. જેમના અખ્લાકની ટોચે કોણ પહોંચી શકે, જેમને અલ્લાહતઆલાએ

સર્ટીફીકેટ આપ્યું હોય. સૂરએ કલમની આયત નં. ૪ ઉપર ઇરશાદ છે.

اِنَّکَ لَعَلٰی خُلُقٍ عَظِیْمٍ

**અય રસૂલ! આપ અખ્લાકના બુલંદતરીન (ઉચ્ચોચ્ચ) દરજ્જા ઉપર છો.**

(તઝકેરતુલ ખવાસ પેજ-૨૮૭, ૩૦૨)

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાને ખૂબ જ ચાહતા હતા. આપની ઘણી જ ઇઝ્ઝત કરતા હતા, અહીં સુધી કે આપની સહેલીઓનો પણ એહતેરામ રાખતા હતા.

અનસ કહે છે કે "ઘણી વખત આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સેવામાં કોઇ તોહફામાં કંઇક મોકલતું તો આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફરમાવતા કે એને

ફલાણી સ્ત્રીના ઘેર લઇ જાઓ, કારણ કે તે ખદીજાની સહેલી છે. (જો કે તે સમયે હઝરત ખદીજા હયાત ન હતાં)

(તફસીરે અયાશી, હવાલો ઉપર મુજબ)

ઇસ્લામનું એકમાત્ર મરકઝ જે વિશ્વમાં એક જ હતું- તેને ચલાવનાર, તેનો ખ્યાલ રાખનાર, તેની વ્યવસ્થા કરનાર જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા હતાં. જેઓ પેગંબરે ઇસ્લામની જિંદગીના ધ્યેયને બરાબર જાણતા હતાં. તેના ઉપર સંપૂર્ણ ઇમાન રાખતાં હતાં. વળી આ પવિત્ર મકસદને પૂર્ણ કરવા કોઇપણ કોશિશ અને સમર્પણથી પાછી ન હઠનારી સ્ત્રી હતાં. આપે પોતાની તમામ દવલત રસૂલુલ્લાહને આપીને વિનંતી કરી હતી. "યા રસૂલલ્લાહ! આ ઘર અને તેનો બધો જ માલ આપનો છે અને હું આપની ખિદમતગુજાર કનીઝ છું."

દઅવતે ઇલલ્લાહમાં પડતી મુસીબતો વખતે આપ પેગંબરે ઇસ્લામને તસલ્લી આપતાં તથા પોતાના ધ્યેય તરફ પહોંચવાની ઉમ્મીદ બતાવતાં. બહાર કાફિરો આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને તકલીફ પહોંચાડતા, રસૂલુલ્લાહ ઘરે પધારતા તો હઝરત ખદીજાની મહબ્બત જોઇ આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની તકલીફ, દુ:ખ કમ થઇ જતું. એક નવી શક્તિ પેદા થઇ જતી. ડર-ખોફની પરિસ્થિતિમાં આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ આ નેક અને બુદ્ધિશાળી સ્ત્રીથી મશવેરો કરતા. જી હાં! જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા આવા મા-બાપને ત્યાં, આવા ઇમાન અને તવહીદના મરકઝમાં પેદા થયાં.

(જુઓ બેહારૂલ અનવાર ભાગ-૧૬ પેજ-૧૦)

## પ્રકરણ-૬ : આસમાની ફરમાન

એક દિવસ પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ "અબતહ" નામના સ્થળે તશરીફ ફરમા હતા. હઝરત જિબ્રઇલ નાઝિલ થયા અને વિનંતી કરીઃ "ખુદાવંદે આલમે આપને સલામ મોકલ્યા છે, સાથે ફરમાવ્યું છે કે આપ ચાલીસ દિવસ-રાત હઝરત ખદીજાથી દૂર રહો, તે સમયમાં ઇબાદત અને ઝિક્રમાં લાગેલા રહો.

પેગંબરે ઇસ્લામ અલ્લાહના હુકમાનુસાર ચાલીસ દિવસ સુધી હઝરત ખદીજાના ઘેર ન ગયા. આ મુદ્દત દરમ્યાન આપ રાતે નમાઝ અને ઇબાદતમાં મશગુલ રહેતા અને દિવસના રોઝા રાખતા હતા.

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ એ હઝરત અમ્માર રઝિયલ્લાહો તઆલા

અન્હો દ્વારા હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાને પૈગામ મોકલ્યો કે અય નેક ખાતૂન! મારૂં આપથી દૂર રહેવું કોઇ નફરત કે નારાજગીના કારણે નથી, આપ મારી દૃષ્ટિમાં સાંસારિક જીવનના અવ્વલ દિવસની જેટલાં જ વહાલી છો, પ્યારી છો, ઇઝ્ઝતને કાબિલ છો. પરંતુ આ બાબતમાં હું અલ્લાહના હુકમની પેરવી કરી રહ્યો છું. તે ભેદ અને રહસ્યોનો જાણકાર છે. અય ખદીજા! આપ એક એવી માનવંત ખાતૂન છો કે અલ્લાહતઆલા દિવસમાં કઇ વખત તમારા માટે પોતાના ફરિશ્તાઓ ઉપર ફખર કરે છે. રાતે ઘરનો દરવાજો બંધ કરીને પોતાના બિસ્તરા ઉપર આરામ કરજો અને અલ્લાહના હુકમનો ઇન્તિઝાર કરતાં રહો. હું આ દિવસો દરમ્યાન મારી મા જનાબ ફાતેમા બિન્તે અસદને ત્યાં રહીશ (મતલબ કાકી જેમણે પેગંબરે ઇસ્લામની ખૂબ જ સેવા કરી છે. પાલનપોષણ કર્યું,

તેમને આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ મા કહેતા હતા.)

હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાએ પેગંબરે ઇસ્લામની હિદાયતો પ્રમાણે અમલ કર્યો. આ સમય દરમ્યાન આપ પોતાના પ્યારા શૌહરની જુદાઇના કારણે ગમગીન રહેતાં. અલ્લાહની યાદમાં રડતાં રહ્યાં.

જ્યારે ચાલીસ દિવસ વીતી ચૂક્યા તો અલ્લાહની તરફથી ફરિશ્તો નાઝિલ થયો. બેહિશ્તમાંથી ખાવાનું લાવ્યો. વિનંતી કરી, યા રસૂલલ્લાહ! આજે રાતે આ જન્નતી ખોરાક ખાશો. રસૂલલ્લાહે તે દિવસનો રોઝો બેહિશ્તી ખોરાકથી ઇફતાર કર્યો. જ્યારે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ નમાઝ અને ઇબાદતની તૈયારી માટે ઊભા થયા તો જિબ્રઇલ અલયહિસ્સલામ નાઝિલ થયા, વિનંતી કરી "યા રસૂલુલ્લાહ! આજે

રાતે મુસ્તહબ નમાઝને પડતી મૂકો અને જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની પાસે તશરીફ લઇ જાઓ, કારણ કે અલ્લાહતઆલાએ ઇરાદો કર્યો છે કે આપના વંશમાં એક પાકીઝા બાળક પેદા કરે. પેગંબરે ઇસ્લામ તરત જ જનાબ ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાના ઘર તરફ ચાલ્યા.

હઝરત ખદીજા ફરમાવે છે કે તે રાતે પણ હું મારી આદત પ્રમાણે દરવાજો બંધ કરીને મારા બિસ્તર ઉપર આરામ કરી રહી હતી. અચાનક દરવાજો ખખડવાનો અવાજ આવ્યો. મેં પૂછ્યું : કોણ છે? કારણ કે રાતના મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ સિવાય કોઇની તાકાત ન હતી કે મક્કાની આ ધનાઢ્ય અને ઇઝ્ઝતદાર બેગમનો દરવાજો ખખડાવે. પેગંબરે ઇસ્લામની દીલને ખુશ કરી દેનારી અવાજ મારા કાનોમાં આવી. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી

વસલ્લમ ફરમાવી રહ્યા હતા કે દરવાજો ખોલો. હું મોહંમદ છું. મેં જલ્દી જલ્દી દરવાજો ખોલ્યો. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ મુસ્કુરાતા ચેહરા સાથે ઘરમાં દાખલ થયા. પછી વધારે સમય થયો ન હતો કે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાનું નૂર બાપની પીઠમાંથી માના રહમમાં મુન્તકિલ થઇ ગયું, ફેરવાઇ ગયું.

(બેહારૂલ અનવાર ભાગ-૧૬ પેજ-૧૦)

# પ્રકરણ-૭ : હમલનો સમયગાળો

હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હામાં ધીમે ધીમે હમલની નિશાનીઓ દૃષ્ટિમાન થવા લાગી. તે જ દિવસથી આ ઇઝ્ઝતદાર-નિષ્ઠાવાન ખાતૂનને એકલતાના રંજથી છૂટકારો મળ્યો. વળી તે બાળક જે આપના મુબારક રહમ (પેટ)માં હતું તેનાથી પરિચિતતા થવા લાગી.

ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે કે જ્યારથી જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાએ રસૂલુલ્લાહની સાથે શાદી કરી હતી ત્યારથી મક્કાની સ્ત્રીઓએ આપની સાથે બોલવાનું બંધ કરી દીધું હતું. બલકે બધા જ સંબંધો કાપી નાખ્યા હતા. ન મક્કાના કોઇ મોભાદાર ઘરની સ્ત્રીઓ આપને ઘેર આવતી, ન કોઇ જાતનો સંબંધ રાખતી. સલામ દુઆ સુધીના સંબંધો પણ રાખતી

ન હતી. વળી આ મોભાદાર સ્ત્રીઓ હોઇ આ વાતની ખબર પણ રાખતી કે કોઇ બીજી અન્ય સ્ત્રીઓ પણ ખદીજાના ઘેર ન જવા પામે. મક્કાના શરીફ-ઉચ્ચ કહેવાતા ખાનદાનની સ્ત્રીઓએ હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાને એકલા-અટૂલાં પાડી દીધાં. એમના સાથે મહબ્બ્તના અને પ્રેમના સંબંધો કાપી નાખ્યાં. ધીરે ધીરે આપને એકલા રહેવાની આદત પડી ગઇ હતી. તેથી તેઓ કદીક ગમગીન થઇ જતાં હતાં. જનાબ ખદીજાના શિકમમાં જનાબે ફાતેમાના આવવાથી આપની એકલતા અને ગમ દૂર થઇ ગયો હતો.

જિબ્રઇલ અલયહિસ્સલામ હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ અને જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાના માટે ખુશખબરી લઇને નાઝિલ થયા અને જણાવ્યું: યા રસૂલલ્લાહ! તે બાળક જે હઝરત ખદીજાના શિકમ

મુબારકમાં છે તે એક ઇઝ્ઝતવાળી બાળકી છે. જેના દ્વારા આપની નસ્લ-વંશ ચાલશે. તે દીનના પેશવાઓ અને ઇમામોની મા છે. જે ઇમામો વહીનો સિલસિલો ખતમ થયા પછી આપના જાનશીન (ઉત્તરાધિકારી) બનશે.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ એ અલ્લાહતઆલાની આ ખુશખબરીને હઝરત ખદીજાને જણાવી. આવી બશારત સાંભળીને તેમનું દીલ બાગ બાગ બની ગયું.

(જુઓ બેહારૂલ અનવાર જિલ્દ-૧૬ પેજ ૭૮)

જી હાં, ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા જેમણે તવહીદ અને ખુદાપરસ્તી માટે પોતાનું બધું જ કુરબાન કરી દીધું. આપ દરેક પ્રકારની સખ્તી, તકલીફ અને વંચિતતા સહન કરવા તૈયાર હતી. વળી પોતાની અઢળક સંપતિને આ જ ધ્યેય માટે વકફ કરી દીધી હતી. મક્કાના માલેતુજ્જાર અન્ય લોકોની સ્ત્રીઓ

હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અનાહાની ખુશકિસ્મતીની ઉપર ઇર્ષા કરતી હતી. તે સમયમાં હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ના કરતાં વધુ ખૂબસૂરત નવયુવાન અરબમાં ન હતો. વળી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનું ખાનદાન બનુહાશિમ પણ સમગ્ર અરબમાં ઉચ્ચોચ્ચ ગણાતું હતું.

જ્યારે રસૂલે ખુદાની મુબારક જીભથી આ સાંભળ્યું કે અલ્લાહે પોતાના ઉપર ઘણી જ ખુશકિસ્મતીની નવાઝિશ કરી છે. એવી બેટી જેના શિકમ મુબારકથી ૧૨ પેશવાએ દીન (દીનના સરદારો) પેદા થશે, ત્યારથી જનાબે ખદીજાનું દીલ બાગ બાગ થઇ ગયું. આપ ખુદાની મહબ્બતમાં તરબોળ થઈ ગયાં. પોતાની બચ્ચી સાથે પરિચયમાં લીન-તલ્લીન થઇ ગયાં.

# પ્રકરણ-૮ : હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની મુબારક વિલાદત

જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાના હમલની મુદ્દત ખતમ થઇ અને હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની મુબારક વિલાદતનો સમય આવી પહોંચ્યો. ખુશીમાંને ખુશીમાં જનાબ ખદીજાએ વિચાર્યું કે કદાચ મારી પુરાની સહેલીઓ જે મક્કાના માલે તુજ્જારોની પત્નીઓ અને કેટલીક દીકરીઓ હતી. તેમને સંદેશો મોકલ્યો કે આ ખુશીના મોકા ઉપર તમે આવો. જુની વાતો ભૂલી જાઓ, મારી ખુશીમાં સામેલ થઇ જાઓ. જે સ્ત્રી જનાબે ખદીજાનો સંદેશો લઇને ગઇ તે રડતી રડતી પાછી ફરી, કહ્યું કે મક્કાની તમામ શરીફઝાદી ગણાતી ખાતૂનોએ મને પોતાના ઘરમાં પણ દાખલ ન થવા દીધી, કહ્યું કે અમારા મશ્વેરા વિરૂદ્ધ તેણે

શાદી શા માટે કરી. કેટલીક છોકરીઓએ ઇર્ષાની આગમાં અવળવાણી બોલતાં કહ્યું કે ફકીર જેવા યુવાન સાથે શાદી રચી ઉંહ, મોટા મોટા માલદાર શરીફઝાદાઓની મક્કામાં શું કમી હતી?

જ્યારે જનાબ ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાને આ કીનાથી ભરપૂર શબ્દો સાંભળવા મળ્યા તો તેઓ માયુસ થઇ ગયાં. પોતાના દીલદાર, ઉદાર, બહાદુર, સખી અને ખૂબસૂરત પતિ માટે, તે પણ અલ્લાહના નુમાઇન્દહ પૈગંબર માટે આવા દીલને ઝખમ આપનારા શબ્દો સાંભળ્યા તો વધુ ગમ થયો. તે જ સમયે અલ્લાહે પોતાના ફરિશ્તાઓ રવાના કર્યાં. સાથે જન્નતની હૂરો અને આસમાની ખાતૂનો જનાબે આસિયા(ફિરઓનની પત્ની) જનાબે મરિયમ (હઝરત ઇસાના મા) અને જનાબે કુલસુમ (મુસા અલયહિસ્સલામની બહેન)ને રવાના કર્યાં. આ રીતે અલ્લાહે પોતાની ગયબી મદદ ફરમાવી.

હવે જનાબે ફાતેમા સલામુલ્લાહે અલયહા જે આસમાને નુબુવ્વતનો ચમકતો સિતારો હતાં તેમણે આ દુનિયામાં કદમ રાખ્યો. પોતાના ઝગમગતા નૂરે વિલાયતથી પૂર્વ અને પશ્ચિમને રોશન કરી દીધું.

# પ્રકરણ-૯ : જન્મ દિવસ-યવમે વિલાદત

જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાના મુબારક જન્મદિવસના મામલામાં આલિમોમાં ઇખ્તેલાફ છે. પરંતુ ઓલમાએ ઇમામિયામાં મશહૂર છે કે આપ બઅષત (નુબુવ્વતની જાહેરાતનું વર્ષ)ના પાંચમાં વર્ષે ૨૦ જમાદિઉલ આખર જુમ્આના દિવસે પેદા થયાં. ઓલમાએ ઇમામિયા અને સામાન્ય મુસલમાન આલિમોમાં વિલાદતના વર્ષની બાબતે વિરોધાભાસ છે. સામાન્ય આલિમોએ આપની પેદાઇશને બેઅષતથી અગાઉ જણાવી છે. જેવી રીતે કે અબ્દુર્રેહમાન બિન જવઝીએ લખ્યું છે કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા તે જ વર્ષે પેદા થયાં જે વર્ષે કુરૈશ મસ્જિદે હરામના સમારકામ કરાવતા હતા, એટલે કે બઅષતના પાંચ વર્ષ અગાઉ.

(જુઓ તઝકેરતુલ ખવાસ પેજ-૩૦૬)

મોહંમદ બિન યુસુફ હનફી લખે છે કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા તે જ વર્ષે પેદા થયાં, જે વર્ષે કુરૈશ કાબાનું સમારકામ કરાવતા હતા.

(જુઓ નઝમો દુર્રસ્સમતૈન પેજ-૧૭૫)

તબરી એ ઝખાઇરૂલ ઉકબામાં, અબ્બાસથી નકલ કર્યું છે કે જનાબ ફાતેમા તે વરસે પેદા થયાં જે વરસે કુરૈશ ખાનએ કાબાનું સમારકામ કરતા હતા. પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ઉમર ૩૫(પાંત્રીસ) વર્ષની હતી.

(પેજ નં. ૫૩)

આ સિવાય સામાન્ય મુસલમાન આલિમોમાં અબુલ ફરજે પણ પોતાની કિતાબ મકાતિલુત્તાલિબીનમાં આ જ પ્રકારનું વર્ણન કર્યું છે.

ઓલમાએ ઇમામિયાની બહુમતિ આ વાત ઉપર એકમત છે કે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની વિલાદત મુબારક બેઅસતના પાંચ વર્ષ પછી થઇ. નીચેની કિતાબોમાં જોઇ શકાય છે.

*કિતાબ મનાકિબ : લેખક ઇબ્ને શહર આસુબ ભાગ-૩ પેજ-૩૫૭*

***ઉસૂલે કાફી** : કુલૈની ભાગ-૧ પેજ-૪૫૮*

***બેહારૂલ અનવાર** : અલ્લામા મજલિસી ભાગ-૪૩ પેજ-૬*

***હયાતુલ કુલૂબ** : અલ્લામા મજલિસી ભાગ-૨, પેજ-૧૪૯*

***મુન્તહલ આમાલ** : મોહદ્દિસ કુમ્મી પેજ-૯૪*

***નાસિખુત્તવારીખ** : અલ્લામા મોહંમદ તકી પેજ-૧૭*

***કશફુલ ગુમ્મા** : અલ્લામા અલી ઇબ્ને ઇસા*

ઉપરોક્ત ઓલમાનો મત અઇમ્મએ અતહારની રિવાયતોના આધારે છે.

અબુ બસીરથી રિવાયત છે કે ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : હઝરત

ફાતેમા સલામુલ્લાહ અલયહા વીસ જમાદિઉલ આખર જ્યારે કે પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ઉમર પિસ્તાલીસ વર્ષની હતી, આ દુનિયામાં તશરીફ લાવ્યાં. આઠ વરસ સુધી મક્કામાં રહ્યાં. દસ વર્ષ સુધી આપે પોતાના વાલિદ મોહતરમ સાથે મદીનામાં જિંદગી ગુજારી. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ પછી ૭૫ દિવસ સુધી જીવતાં રહ્યા અને ત્રણ જમાદિઉસ્સાની અગિયાર હિજરીના વફાત થઇ.

(જુઓ દલાએલુલ ઇમામા-પેજ નં. ૧૦)

પરંતુ વાચકો સમજી શકશે કે જો હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની વફાતને ત્રણ જમાદિઉલ આખર માની લેવાથી આપનું પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના પછી ૭૫ દિવસ સુધી જીવતા રહેવાની સાથે બંધબેસતું નથી. બલકે પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી

વસલ્લમ પછી ૯૫ દિવસ જીવતા રહેવું જ બંધબેસતું થાય છે. જેથી એ જ મુનાસિબ લાગે છે. બની શકે છે કે ‘સબઇન’ જેનો અર્થ થાય છે, સત્તર(૭૦) થાય છે. પરંતુ લખવાની ગલતી માની લેવામાં આવે તો ‘તિસઇન’ જેનો અર્થ નેવુ (૯૦) થાય છે. ગલતીથી લખાઇ ગયું હોય.

હબીબ બજિસ્તાની કહે છે કે મેં ઇમામ મોહંમદ બાકિર અલયહિસ્સલામથી સાંભળ્યું કે આપે ફરમાવ્યું : હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા દુખ્તરે પેગંબરે ઇસ્લામ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની બેઅસતના પાંચ વર્ષ પછી પેદા થયાં અને વફાતના સમયે આપની ઉમર મુબારક અઢાર વર્ષ ૭૫ દિવસ હતી.

(જુઓ ઉસૂલે કાફી ભાગ-૧ પેજ-૪૫૭)

એક રિવાયત પ્રમાણે શાદીના સમયે આપની ઉમર ૯ વર્ષની હતી.

સઇદ બિન મુસય્યબ કહે છે કે મેં ઇમામ ઝયનુલ આબેદીન અલયહિસ્સલામને પૂછ્યું : પેગંબરે ઇસ્લામે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની શાદી કઇ સાલમાં કરી હતી? આપે ફરમાવ્યું : હિજરતના એક વર્ષ બાદ જ્યારે કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા નવ વર્ષના હતાં.

(જુઓ રવઝએ કાફી પ્રકાશન નજફ પેજ-૨૮૧)

હઝરત અબુબકર અને હઝરત ઉમરે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની સાથે શાદી માટે માંગણી કરી. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે મોં ફેરવી લીધું અને જણાવ્યું કે ફાતેમા હજી નાની ઉમરની છે.

એહલેબયતની વ્યક્તિઓ માસૂમાની વિલાદત બેઅષતના પાંચ વર્ષ પછીની માને છે. જેથી તેમની નોંધને જ  ઇતિહાસવિદો મહત્વ આપે

છે. ઘરનો માણસ કહે તે સાચું. બહારના કરતાં ઘરનો માણસ પોતાના સગાના વિષયમાં વધુ જાણતો હોય છે.

બેઅષતના દસમાં વર્ષે હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની વફાત થઇ અને બઅષતના પાંચમાં વર્ષે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાની વિલાદત થઇ. જનાબે સૈયદા પાંચ વર્ષના હતાં અને માનો સાયો ગુમાવ્યો.

## પ્રકરણ-૧૦ : પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ અને જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની અભિલાષા.

અલ્લાહની કુદરતનો એક ભેદ છે કે દરેક ઇન્સાન ઇચ્છે છે કે તેને સંતાનો પેદા થાય, વળી તેમની પરવરિશ અને તાલીમો તરબીયત પોતાની ઇચ્છાનુસાર કરે, વળી પોતાની યાદગાર બાકી રહે. જાણે ઇન્સાન એમ સમજે છે કે અવલાદના કારણે પોતાનું અસ્તિત્વ બાકી છે. જેથી મૃત્યુ વખતે જાણે પોતાને ખતમ અને ફના થઇ ગયેલો નથી માનતો. પેગંબરે ઇસ્લામ અને હઝરત ખદીજા પણ આ પ્રકારની અભિલાષા રાખતાં હતાં. જનાબે ખદીજા જેમણે ખુદાપરસ્તી માટે અને ઇન્સાનોની નજાત માટે કોઇપણ પ્રકારની કુરબાની આપવાથી પીછેહઠ નથી કરી. પેગંબરે ઇસ્લામના મિશનને આગળ

વધારવા પોતાની જાત, પોતાની જાન, પોતાનો માલ સર્વસ્વ અર્પણ કરી દીધું. આ નેક ખાતૂને દીને ઇસ્લામ માટે પોતાના સગાંઓને પણ છોડી દીધાં. પોતાના સંબંધો, પોતાની સખીઓ સાથેના સંબંધોને, બલકે સર્વસ્વ દીને ઇસ્લામ ખાતર કુરબાન કરી દીધું. પેગંબરને દીન ખાતર મદદ કરવા, શાદી કરવા વગેરે બહાને સમગ્ર સમાજે હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાથી સંબંધો કાપી નાખ્યા, તો આ બહાદુર સ્ત્રીએ તેમની કોઇ પરવા ન કરી. જનાબે ખદીજાને પણ આ ઇચ્છા હતી કે પોતાને અવલાદ હોય તે દીને ઇસ્લામની હામી અને મદદગાર બને, દીનની ઇશાઅત (ફેલાવો) કરે.

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની તમન્ના હતી કે પોતાના પછી એવા દીનના દાઇઓ પેદા થાય, જેઓ દીને ખુદા ખાતર જદ્દોજહદ કરે. વળી કુદરતી રીતે આપ સલ્લલ્લાહો

અલયહે વઆલેહી વસલ્લમની ઇચ્છા હતી કે આ ફીદાઇન વ્યક્તિઓ સ્વયં પોતાની નસ્લથી હોય, પોતાના વંશથી હોય. પરંતુ અફસોસ કે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાથી અગાઉ પેદા થનારા બે ફરઝંદોમાં જેમના નામો અબ્દુલ્લાહ અને કાસિમ હતાં, બાળપણમાં જ વફાત પામ્યાં. જેટલું દુ:ખ પેગંબરે ઇસ્લામને અને જનાબ ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાને આ બંને ફરઝંદોની વફાત ઉપર થયું હતું તેટલી જ ખુશી એમના દુશ્મનોને થઇ હતી. કારણ કે તેમના વિચારે આ રીતે પેગંબરે ઇસ્લામની નસ્લ(વંશ) ખતમ થઇ ગઇ હતી. કેટલીક વખત મક્કાના ઝાલિમો આપને અબતર એટલે કે લાવલદ (વગર અવલાદનો) કહીને પોકારતા હતા.

જ્યારે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ફરઝંદ અબ્દુલ્લાહ ગુજરી ગયા ત્યારે

આસ બિન વાએલે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને તેમના પુત્રની મોત ઉપર તસલ્લી આપી, આશ્વાસનના બે શબ્દો કહી આપને જાહેરમાં-પબ્લિકમાં અબતર(લાવલદ) કહ્યા હતા. મક્કાના દુશ્મનો તો આપને અબતર જ કહેતા હતા. આ રીતે આ લોકો જનાબે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ અને ઉમ્મુલ મોઅમેનીન ખદીજાના દીલને ઝખ્મી કરતા હતા. (જુઓ તફસીરે કુરઆન જવામેઉલ જામેઅ મોઅલ્લિફ તિબરસી પેજ-૫૨૯, સીરતે ઇબ્ને હિશ્શામ ભાગ-૨ પેજ-૩૪)

## પ્રકરણ-૧૧ : કૌષર

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ગમગીન હતા તે દરમ્યાન અલ્લાહતઆલાએ બશારત આપી, શુભ સમાચાર આપ્યા, સૂરએ કૌષર નાઝિલ થઇ.

إِنَّآ أَعْطَيْنَٰكَ ٱلْكَوْثَرَ ﴿١﴾

બેશક! અમે આપને કૌષર અતા કરી છે.

فَصَلِّ لِرَبِّكَ وَٱنْحَرْ ﴿٢﴾

એટલા માટે આપ આપના રબ માટે નમાઝ પઢો અને કુરબાની આપો.

إِنَّ شَانِئَكَ هُوَ ٱلْأَبْتَرُ ﴿٣﴾

ચોક્કસ આપનો દુશ્મન બેઅવલાદ રહેશે.

(સૂરએ કૌષર અલ કુરઆનુલ કરીમ)

પેગંબરે ઇસ્લામને યકીન હતું કે અલ્લાહનો વાયદો કદીપણ જુઠો હોઇ શકતો નથી, વળી અલ્લાહના વાયદાથી જે પાક-પાકીઝા બરકતવાળી અવલાદ-નસ્લ આવશે જે તમામ વિશ્વ માટે નેકીઓનું કેન્દ્રસ્થાન, મૂળ, ઉત્પત્તિસ્થાન બની રહેશે. જ્યારે અલ્લાહનો વાયદો પૂર્ણ થયો, અને હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા આ દુનિયામાં તશરીફ લાવ્યાં ત્યારે આપની નૂરાની વિલાદતથી વિશ્વ રોશની પામ્યું ત્યારે રસૂલે ખુદાને ખબર આપવામાં આવી કે ખુદાવંદે આલમે હઝરત ખદીજાને એક બેટી આપી છે. આ શુભ સમાચાર સાંભળીને આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનું દીલ ખુશ થઇ ગયું. દીકરીની પેદાઇશથી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ગમગીન નથી થયા બલકે વધારે ખુશ થયા. બલકે આપ

સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને વધારે સંતોષ થયો.

પેગંબર તો પેગંબર હતા. તે પણ સરદારૂલ અંબિયા. ખાતેમુન્નબીય્યીન, રહમતુલ્લિલ આલમીન હતા. નાદાન દુનિયાપરસ્ત ઇન્સાન થોડા હતા? અરબના જાહિલો છોકરીના જન્મ ઉપર શરમ અનુભવતા હતા. ગુસ્સામાં તેની માને કોસતા રહેતા કે તેં છોકરીઓ જ પેદા કરી. વળી છોકરી પેદા થાય તો લોકોથી મોં છુપાવતા ફરતા.

وَاِذَا بُشِّرَ اَحَدُهُمۡ بِالۡاُنۡثٰى ظَلَّ وَجۡهُهٗ مُسۡوَدًّا وَّهُوَ كَظِيۡمٌ ﴿۵۸﴾

(સૂ. નહલ આ.૫૮)

અને જ્યારે તેઓમાંથી કોઇને છોકરી પેદા થવાની ખુશખબરી આપવામાં આવે છે તેનો ચેહરો કાળો પડી જાય છે અને તે નારાજ થાય છે.

પેગંબરે ઇસ્લામ એટલા માટે તો દુનિયામાં આવ્યા હતા કે લોકોને ગલત રસ્મો રિવાજથી રોકે. નકામા અને વ્યર્થ કાર્યોનો મુકાબલો કરે, અરબો સ્ત્રીઓની કોઇ જ કદર કિંમત સમજતા ન હતા, તેઓને સમાજનો હિસ્સો સમજતા ન હતા. બેગુનાહ છોકરીઓને જીવતી સળગાવી દેતા હતા. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે અરબોને સમજાવ્યું કે સ્ત્રીઓ પણ માનવ સમાજનો જ એક ભાગ છે. બલકે સ્ત્રીઓ ઉપર ઘણી ભારે જવાબદારીઓ હોય છે. બાળકની ગર્ભાવસ્થા અને જન્મ આપવો. સમાજમાં સ્ત્રી કેળવણી ખૂબ જ જરૂરી છે. બાળક માની પાસે ઊછરે છે. જો મા કેળવાયેલી હશે તે બાળકોને કેળવશે. પેગંબરના વંશને અલ્લાહે તેમની દુખ્તરે માસૂમ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાથી ચલાવીને ઓરતોના દરજ્જા ઉપર ચાર ચાંદ લગાવી દીધા. કિયામત સુધી અલ્લાહે

સ્ત્રીઓની ઇઝ્ઝતને બરકરાર કરી દીધી. આ ફેંસલો ફરમાવ્યો કે અઇમ્મા અને દીને ઇસ્લામના રેહબર અને પેશવા તમામના તમામ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની નસ્લમાંથી(વંશથી) અસ્તિત્વમાં આવ્યા. આ રીતે અલ્લાહતઆલાએ તે નાદાન લોકોના મોં ઉપર જોરદાર તમાચો માર્યો જેઓ છોકરીઓને પોતાની અવલાદ સમજતા ન હતા બલકે તેની હાજરીને ઝિલ્લત અને શરમરૂપ સમજતા હતા.

# પ્રકરણ-૧૨ : માનું દૂધ

જ્યારે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને એક કપડામાં લપેટીને જનાબે ખદીજાના ખોળામાં મૂક્યાં તો ઘણાં જ ખુશ થયાં. આપે તરત જ જનાબ ફાતેમાને પોતાનું દૂધ પીવડાવ્યું. સારી રીતે માનું દૂધ પીને ફાતેમા સૈરાબ થયાં.

(દલાઇલુલ ઇમામા પેજ-૯)

હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા ખુદપસંદ એવી પોતાની જાતને જ સુંદર રાખનારી એવી નાદાન સ્ત્રીઓમાંથી ન હતાં. જેઓ કોઇપણ જાતના કારણ વગર પોતાના બાળકને પોતાનું દૂધ ન પાય. જે અલ્લાહની આપેલી ખોરાક છે માનુ દૂધ, હાં, કારણસર કોઇ બીમારી, ડૉક્ટરનું મના કરવું, મા પોતાના બાળકને પોતાનું દૂધ ન પાય તે અલગ જ બાબત છે. મતલબ હઝરત ખદીજા

રઝિયલ્લાહો તઆલા અન્હાએ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને પોતાનું દૂધ પાયું.

હઝરત ખદીજાને પોતાને પણ આ બાબતનું ઇલ્મ હતું. એમણે પેગંબરે ઇસ્લામથી સાંભળી રાખ્યું હતું કે બાળકોના ખોરાક તરીકે માના દૂધથી શ્રેષ્ઠ કોઇ ટોનિક નથી. બાળકની તંદુરસ્ત અને તેના સર્વાંગી (બધા જ અંગો-દીલો દિમાગની તંદુરસ્તી પણ) વિકાસ માટે માનું દૂધ શ્રેષ્ઠ દૂધ છે. એનાથી ઉત્તમ ખોરાક કોઇ હોઇ શકતો જ નથી. મતલબ માનુ દૂધ અતિ ઉત્તમ છે. સેંકડો બીમારીઓ, કેટલાય એલર્જી રોગોથી માનું દૂધ બાળકને વૃદ્ધાવસ્થા સુધી બચાવે છે.

قَالَ اَمِيْرُ الْمُؤْمِنِيْنَ (عليه السلام) : مَا مِنْ لَبَنٍ
يَرْضَعُ بِهِ الصَّبِي أَعْظَمَ بَرَكَةً مِنْ لَبَنِ اُمِّهِ

(વાફી ભાગ-૩ પેજ-૨૦૭)

**અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે ફરમાવ્યું: કોઇપણ દૂધ જે બાળક પીવે છે તેમા સૌથી શ્રેષ્ઠ અને બરકતવાળું દૂધ માંનું દૂધ છે.**

માનું દૂધ બાળકની પાચનશક્તિને અનુરૂપ હોય છે. કારણ કે બાળક નવ મહિના માના પેટમાં માનો જ ખોરાક ખાય છે. એક પાકીઝા રોઝી માનું દૂધ છે જે અલ્લાહ બાળક માટે જ ચાલુ કરે છે. માને દૂધ ચાલુ થવું એક કરિશ્મો-અજાયબી છે જે અલ્લાહ તરફથી છે. આ સિવાય માના દૂધમાં કોઇ પ્રકારની મિલાવટ નથી હોતી. તે બીમારીઓના કીટાણુઓથી પાક હોય છે.

હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાને ખબર હતી કે માનુ દૂધ બાળક ઉપર આઇન્દહ જિંદગી માટે છાપ છોડી જાય છે. વળી બાળકની ખુશકિસ્મતી અને નેક બખ્તીમાં ઘણી

બધી અસરો ઉત્પન્ન કરે છે. તેથી આપે આ વાત પસંદ કરી કે ફાતેમા ઝેહરા પોતાના દામનમાં, પોતાની આગોશમાં, પોતાના ખોળામાં પોતાના દૂધથી પરવરિશ પામે. ખદીજાના દૂધમાં અતિપવિત્રતા, શરાફત, વિવેક, નમ્રતા, ઇલ્મ, બહાદુરી, ઉદારતા, વફાદારી બધા જ ગુણો હતા. નુબૂવ્વતના બાગના બરકતવંતા છોડને બરકતવાળા મેવા અને ફળ આવવા માટે જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાનું દૂધ જ કીંમતી હતું, જરૂરી હતું.

# પ્રકરણ-૧૩ : દૂધ પીવાનો સમય

હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાનો દૂધ પીવાનો જમાનો અને આપનું બાળપણ ઘણાં જ ખતરનાક માહોલ, તે પણ સદરે ઇસ્લામના ઇન્કિલાબી દોરમાં ગુજર્યું. એક તરફ આ આખેરૂઝ્ઝમાન નબી ઉપર મક્કામાં મુસીબતોના પહાડ તૂટી પડતા હતા. પુરૂષો, તો પુરૂષો કુરૈશ મહોલ્લાની તમામે તમામ સ્ત્રીઓ પણ ઇસ્લામની દુશ્મન બની ચૂકી હતી. રસૂલ ઉપર મુસીબતોની પરાકાષ્ટા હતી. ગરીબ-ગુરબાં મુસલમાન બનતાં તેમને તો મરતાં સુધી મારવામાં આવતાં. ગુલામોની પ્રથા પ્રચલિત હતી. *[ગુલામી પ્રથાનો કદાચ આપણા નવા સમાજને ખ્યાલ ન હોય. તે સમયમાં યુરોપીયનો અને અરબો સ્ટીમરો દ્વારા આફ્રિકાના દેશોમાંથી હબશી ગરીબ પ્રજાને ઘેટાંની*

જેમ ભરીને બળજબરી કરીને પોતાના દેશોમાં લઇ જતા, પછી વેચતા. સ્ત્રીઓ પણ વેચાતી. ગુલામોની બજારો ભરાતી. યુવાન ગુલામોની કિંમત વધુ અને ઘરડા કમજોર ગુલામોની કિંમત ઓછી અંકાતી. ગુલામોનું બજાર ભરાતું. ત્યાં ગુલામોની હરાજી થતી. જેની પાસે વધુ ગુલામ હોય તે માલદાર અને શક્તિશાળી ગણાતો. ગુલામો પાસે ઢોરની જેમ કામ કરાવાતું. કામ ન થાય તો માર પડતો. ગમે તેટલું કામ કરે તેના બદલામાં ગુલામને ફક્ત ખાવાનું અને ફાટ્યાં તૂટ્યાં કપડા જ મળતાં. નેક માણસો પોતાના ગુલામો સાથે સારો વહેવાર કરતા. કંજૂસ અને બદમાશ માણસો બૂરો વ્યવહાર કરતા. કોઇપણ ઇન્સાફ પસંદ વ્યક્તિને બેચેની થઇ જાય, તે રડી પડે અથવા ગુસ્સે થઇ જાય એવી ગુલામોની દયનીય હાલત હતી. ગુલામોનાં છોકરા પણ ગુલામ જ ગણાતા. જેમ કે ઢોરના બચ્ચાં ઢોરના

*માલિકના ગણાય છે. ગુલામને રહેવાનું પણ એવું જ. માલિકને ત્યાં કોઇ અવાવરૂં ખૂણામાં ચાદર લપેટીને પડી રહેવાનું. ફક્ત ખાવાના બદલામાં બધું જ કામ કરવાનું. માલિક જે કરાવે તે. ઇસ્લામે સૌ પ્રથમ ગુલામોના હકો અંગે નિયમો બહાર પાડયા. ઇન્સાફની વાત કરી. ગુલામી પ્રજાનો વિરોધ કર્યો. ગુલામોને આઝાદ કરવાનો અતિ ઊંચો સવાબ નક્કી કર્યો. ગુલામો ઇન્સાન છે, બલકે ઇસ્લામે તો ઢોરો સાથે પણ નેકી અને ભલાઇ નરમાશથી તેની શક્તિ મુજબ કામ લેવાનો હુકમ આપ્યો. ઇસ્લામે કહ્યું કે જો કોઇ ગુલામ આઝાદ થવા માંગે તો તે બીજા ઘેર કામ કરી માલિકને અમૂક નાણાં ચૂકતે કરી આઝાદ થઇ શકે છે.]* જે ગુલામો ઇમાન લાવતા તેમને ખૂબ જ મારવામાં આવતા. માર ખાતાં ખાતાં મરી જવાના કિસ્સા પણ ઇતિહાસે નોંધેલા છે.

પેગંબરે ઇસ્લામની મુસીબતોના આ ઇન્કિલાબી દોરમાં જનાબે ફાતેમાની વિવેકબુધ્ધિ અને સમજ ખીલી ઊઠયાં. આપની માસૂમ રૂહ ઉપર આ પરિસ્થિતિએ એક ખાસ અસર છોડી. બુધ્ધિશાળીઓનું કહેવું છે, વળી આ સાબિત થઇ ચૂકેલી વાતો છે કે બાળકના વ્યક્તિત્વ ઉપર તેના ઉછેર અને તાલીમો તરબીયત સાથે તે સમયનો માહોલ અને તેના મા-બાપની કારકિર્દી ભરપૂર છાપ નાખી જાય છે. તેથી તે સમયની પરિસ્થિતિનું કેટલુંક વર્ણન પણ જરૂરી છે. ઇસ્લામની શરૂઆતના જમાનાની હાલત વર્ણવવામાં આવે જેથી વાચકોને ઇલ્મ પણ મળે અને તેના ધ્યાન ઉપર પણ આવે કે તે સમયના મુસલમાનો ઉપર શું શું ગુજર્યું હશે. જે ઇસ્લામ આપણને મફતમાં જ મળી ગયો છે.

અલ્લાહના હુકમથી ચાલીસ વર્ષની ઉમરે નુબુવ્વતની જાહેરાત થઇ. શરૂઆતના સમયમાં

આપે ઘણી મુસીબતો ઉઠાવી. એક એક મિનિટે મોત દેખાય એવી પરિસ્થિતિનો સામનો કર્યો. ન કે ફક્ત પેગંબરે આ મુસીબતો ઊઠાવી બલકે નબીની સાથે નબીની સાથીદાર આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના અહલીયા મોહતરમા, ઉમ્મતના મા જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા અને આ નાની બાળકી જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ પણ એવી જ તકલીફોનો સામનો કર્યો. તન્હા એકલા આ ત્રણેએ સમગ્ર આલમે કુફ્રનો સામનો કર્યો. એક તરફ સમગ્ર વિશ્વના ઇન્કારીઓ હતા. એક તરફ અરબનું એકમાત્ર કુટુંબ તેના ચાર સભ્યો. રસૂલ + ખદીજા + ફાતેમા + અલી. યા અલ્લાહ! આ લોકોની શું હાલત હશે? જાગૃત આંખે તો આપણે આ પાક નેક રૂહોને નથી જોઇ, પરંતુ યા અલ્લાહ! આ નાપાક

વહાબીઓ તો અમને આ બુઝુર્ગોની કબરને ચૂમવા પણ નથી દેતા.

પછી હુકમ થયો કે આપ ખુલ્લમ ખુલ્લા આ લોકોને દીનની તરફ દઅ્વત આપો. ખુલ્લી તબ્લીગ કરો.

فَاصْدَعْ بِمَا تُؤْمَرُ وَاَعْرِضْ عَنِ الْمُشْرِكِيْنَ ﴿۹۴﴾

(સૂ. હજર આ-૯૪)

**(અય રસૂલ! હવે જે કંઇ આજ્ઞા આપને આપવામાં આવે તે ખુલ્લું કરીને કહી દો અને મુશરિકો તરફથી મોઢું ફેરવી લો.)**

મુશરિકો તરફથી મોઢું ફેરવી લેવાનો મતલબ તેમની પરવા ન કરો કે તેઓ નારાજ થઇ જશે. તેઓને ખરાબ લાગશે. ઉપરોક્ત અલ્લાહના હુકમ પછી પેગંબરે ઇસ્લામે અલ્લાહના હુકમને આમ (સામાન્ય જનસાધારણમાં પ્રચલિત) કરી દીધો. પછી

તો આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પબ્લિકમાં ઇસ્લામના સિદ્ધાંતો સમજાવવાનું શરૂ કરી દીધું. જાહેરમાં ઇસ્લામનું બંધારણ અને તેની દઅ્વત આપવાનું શરૂ કર્યું. જેથી જેમ જેમ દિવસો ગુજરતા ગયા તેમ તેમ મુસલમાનોની સંખ્યામાં વધારો થતો ગયો.

જ્યારે પેગંબરે ઇસ્લામની દઅ્વત એલાનીયા થઇ ગઇ તો દુશમનો તરફથી તકલીફો પણ વધી ગઇ. તેઓ રસૂલુલ્લાહને પ્રકાર પ્રકારની તકલીફો પહોંચાડતા. ગરીબ મુસલમાનોને દોરડાઓ વડે બાંધીને મારતા. કેટલાકને અરબની તપતી રેતીમાં સૂરજ માથા ઉપર હોય ત્યારે કપડાં કાઢીને સૂવડાવી દેતા. પછી છાતી ઉપર મોટો વજનદાર પથ્થર મૂકી દેતા. કેટલાકને કતલ કરી દેતા.

મુસલમાનોને મુશરિકોએ એટલી સખત તકલીફો, એટલા બધા હેરાન પરેશાન કર્યા કે તેઓ

તંગ આવી ગયા, અને મજબૂર થઇ ગયા કે પોતાનું ઘરબાર છોડી દઇ કોઇ બીજા દેશ તરફ ચાલ્યા જાય, હિજરત કરી જાય. જેથી મુસલમાનોની એક ટોળી પેગંબરે ઇસ્લામની ઇજાઝત લઇ હબશા (અત્યારનું ઇથોપિયા) તરફ રવાના થઇ ગયા.

(સીરતે ઇબ્ને હિશ્શામ ભાગ-૧ પેજ-૩૪૪, અલ તારીખે કામિલ ભાગ- પેજ-૫૧)

ઇન્કારીઓએ અનુભવ્યું કે લાખ ઝુલ્મો સિતમ કરવા છતાં મુસલમાનો પોતાના અકીદાથી રજમાત્ર વિમુખ થતા નથી, ન તો મુસલમાનો ડર-ખોફ અનુભવે છે. તેઓની સંખ્યા પણ દિવસે દિવસે વધી રહી છે, ત્યારે તેઓએ વિચાર-વિમર્શ કર્યો. એક સભાનું આયોજન કર્યું. સમગ્ર મક્કા અને તેની આસપાસના બધા જ વિસ્તારોમાંથી માણસો બોલાવ્યા. આ ઇજ્તેમામાં સર્વાનુમતે ફેંસલો કરવામાં આવ્યો કે

"મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ" ને કતલ કરી દેવામાં આવે.

હઝરત અબુતાલિબ અલયહિસ્સલામને ઇન્કારીઓના આ ખતરનાક ઇરાદાની ગંધ આવી ગઇ. જેથી આપે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની હિફાઝત માટે બની હાશિમ કબીલાના કેટલાક કુટુંબો સાથે એક દર્રામાં કેદ કરી દીધા. જેમાં બે સાઇડ પહાડ અને એક તરફ દુર્ગમ ખાડી-ફક્ત એક જ રસ્તો ખુલ્લો હતો જ્યાં ચોકી કરી શકાય. આ દર્રાને "શોઅબે અબી તાલિબ" કહેવાય છે.

હઝરત અબુ તાલિબ અલયહિસ્સલામ પોતે પણ અને હઝરત અલી અલયહિસ્સલામ ઉપરાંત બીજા બની હાશિમના યુવાનો આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની હિફાઝત કરતા હતા. હઝરત હમઝા રઝિયલ્લાહો તઆલા અન્હો જેઓ આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના કાકા થતા

હતા, રાતભર ખુલ્લી તલવાર સાથે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનું રક્ષણ કરતા હતા. જ્યારે આ દુશ્મનોએ જોયું કે આ રીતે શોઅબે અબી તાલિબમાં રહેતા અબુતાલિબના આ કુટુંબમાં મોહંમદની કતલ શક્ય જ નથી તો આ દુશ્મનોએ તેઓ ઉપર આર્થિક પાબંદીઓ શરૂ કરી દીધી. તેઓની સાથેના બધા જ સંબંધો કાપી નાખ્યા. તેમની સાથે ખરીદ-વેચાણ સુધ્ધાં બંધ કરી દીધું. કોઇપણ મક્કાવાસી ન આ લોકો પાસેથી કશું ખરીદતો, ન વેચી શકતો. આ પ્રમાણેનું એક લખાણ લખીને કાબાના દરવાજા ઉપર લટકાવી દીધું. શોઅબે અબી તાલિબવાળાઓ સાથે મક્કાવાસીઓએ આ રીતે સંપૂર્ણ બાયકોટ કર્યો.

મુસલમાનોએ પુરા ત્રણ વર્ષ આ આગની જેમ તપતી પહાડી જેલમાં ભૂખની તકલીફ સાથે દિવસો ગુજાર્યા. તકલીફ, ભય, ખોફ સાથે ભૂખથી બની હાશિમ અને

આલે અબ્દુલ મુત્તલિબના બાળકોના રડવાની અવાજો મક્કાની શહેરી વસ્તી સુધી સંભળાતી છતાં આ ઝાલિમોને કોઇ દયા ન આવતી. વળી મક્કા બહાર પસાર થતો કોઇ વેપારી કાફલો છૂપી રીતે આ લોકોને અનાજ કે ખાવાની ચીજો વેચતો તે પણ અબુ લહબ અને અબુ જહલે બંધ કરાવી દીધું. બાકાયદા આ બાબતની વૉચ રાખનાર માણસો રોક્યા.

જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાની આ જ પ્રકારના માહોલમાં તરબીયત થઇ. આ પરિસ્થિતિમાં જનાબ ખદીજાએ પોતાની પ્યારી બચ્ચીને દૂધ પીવડાવ્યું. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના દૂધ પીવાની વધારે મુદ્દત આ જગ્યાએ પસાર થઇ. જનાબે ફાતેમાએ આ જ જલાવી દે એવી રેગિસ્તાન ઘાટીમાં ચાલવા ફરવાનું શીખ્યું. ત્યાં જ બોલવાનું શીખ્યું તો “શોઅબ” ના બચ્ચાંઓની ભૂખની આહ અને અવાજ પણ સાંભળી. જ્યારે અડધી રાતના

આ બચ્ચીની આંખ ખૂલતી તો જોતી કે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના સગાંવહાલાં ખૂલ્લી તલવાર સાથે આપના વાલિદની હિફાઝત કરતાં ઊભા છે.

ત્રણ વર્ષ સુધી તો જનાબ ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાએ આગ જેવી પહાડી ઘાટીની બહાર કંઇપણ જોયું નહિ. બહારની દુનિયાથી બેખબર રહ્યાં. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની ઉમર ચાર અને પાંચની વચ્ચે હતી કે પેગંબરે ઇસ્લામને શોઅબે અબી તાલિબથી છૂટકારો મળ્યો. આ બધા જ લોકો પોતાના ઘરોમાં પાછા ફર્યા. નવી જિંદગીના દૃશ્યો, આઝાદીની નેઅમત, ખાવા પીવાની છૂટછાટ અને પોતાના મકાનમાં રહેવાનું. હઝરત ઝેહરા માટે નવો જ માહોલ હતો, જે આપના માટે ખુશીનો સમય પણ હતો.

## પ્રકરણ-૧૪ : મા ની વફાત

પરંતુ અફસોસ સદ અફસોસ કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની ખુશીના દિવસો વધારે ટકી શક્યા નહિ. હજી તો આપ આઝાદ માહોલમાં આવ્યાં જ હતા કે પ્યારી મા ને અલ્લાહે બોલાવી લીધાં. શેહઝાદી માટે કસોટીનો સમય શરૂ થયો.

(જુઓ મનાકિબે ઇબ્ને શહર આશુબ ભાગ-૧ પેજ-૧૭૪)

શેહઝાદીના બાળપણને આ અકસ્માતે છીનવી લીધું. આ નાની રૂહ ઘણી જ આઘાત પામી. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના દીલ ઉપર એક ચોટ લાગી. આપની સમજ ઘણી જ ઉચ્ચ કક્ષાની હતી. બાપનો દરજ્જો "નબીએ આખેરૂઝ્ઝમાં" જાણતી હતી. પોતાની ઉપર આવી પડેલી જવાબદારીઓ પણ આ નાની શેહઝાદી

સમજતી હતી, છતાંય ઘરના ખૂણામાં પોતાના પ્યારા બાબાજી ન જાણે એમ આંસુ વહાવી દેતી હતી. આ તો અવસિયાના વાલિદહ હતાં. અંબિયાના કુટુંબનું ફરઝંદ હતું. જાણતાં હતાં કે મારા બાબાજીના માથા ઉપર એમેય ક્યાં ઓછી મુસીબતો છે કે હું વળી રડીને આ મુસીબતોને વધારૂં.

જ્યારે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાને દફન કરીને ઘેર પહોંચ્યા ત્યારે જનાબે ફાતેમા પોતાના બાબાની આસ-પાસ ધુમતી-સવાલ કરતી કે બાબાજાન! મેરી માં કહાં હે?" પેગંબરે ઇસ્લામ હૈરાન હતા કે આ માસૂમાને શું જવાબ આપે! તે દરમ્યાન હઝરત જિબ્રઇલ નાઝિલ થયા, કહ્યું: યા રસૂલલ્લાહ! અલ્લાહ ફરમાવે છે કે ફાતેમાને જવાબમાં કહો કે બેટા! આપની મા અત્યંત આરામદાયક જગ્યાએ ખૂબ રાહત અને

રહમતમાં ઝબરજદના (હીરા માણેક જેવા કીમતી પથ્થરના) બનાવેલા મહેલમાં જિંદગી બસર કરે છે. જે બાળકીના દીલની શાંતિ અલ્લાહ ઇચ્છતો હોય તે બાળકીના દરજ્જાને આપણે શું સમજી શકીએ. (જુઓ યનાબેઉલ મોવદ્દત પેજ ૩૧૩, બેહારૂલ અનવાર ભાગ-૧૬, પેજ-૧)

દરેક પરિસ્થિતિની વ્યાપક અસરો ઉત્પન્ન થતી હોય છે. બાળપણથી જ અસામાન્ય હાલતો, કડવા અનુભવો વગેરેએ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની પાક રૂહ ઉપર ઊંડી અસરો છોડી. આપની જિંદગીની તો શરૂઆત અને ત્યારબાદના તમામ વર્ષો મુસીબતોમાં ગુજર્યાં. જાણે અલ્લાહ શરૂથી અઇમ્માની આ મા ને મજબૂત બનાવવા માંગતો હતો. જેથી અઇમ્મા જેવી મજબૂત હસ્તીઓ પેદા થાય. શેહઝાદીની કસોટી તો અલ્લાહે દૂધ પીવાની હાલતમાં શરૂ કરી. આંખ ખોલી તો

દુશ્મનોનો ઝુલ્મ જોયો. સમજબુદ્ધિ ઘણી જ ઉચ્ચોચ્ચ હોઇ સમજ આવી તો શોઅબે અબી તાલિબના કેદખાનામાં આવી. આ બાળકીને ત્યાં જ ખબર પડી કે હું અંબિયાના સરદારની બેટી છું અને અંબિયાની કસોટી થાય છે. હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા હંમેશા ગમગીન રહેતાં હતાં. માસૂમા જાણતાં હતાં કે બાબા કેવી ફિદાકારી અને કેવા ઉચ્ચ ધ્યેયને અનુલક્ષીને આ બધી તકલીફો બરદાશ્ત કરી રહ્યા છે.

આ તીવ્ર બુદ્ધિશાળી શેહઝાદી જોઇ રહી હતી કે તેની અમ્મા અને અબ્બા દીને ખુદાની તબ્લીગ માટે તવહીદની ઇશાઅત માટે, ખુદાપરસ્તી માટે, કેટકેટલી મુસીબતો અને તકલીફો ઝેલી રહ્યા છે. વળી ઇન્સાનિયતની નજાત માટે, ઇન્સાનિયતના છૂટકારા માટે, ઇન્સાનિયતની હિદાયત માટે પોતાના મા-બાપ કેટકેટલી કુરબાનીઓ આપી રહ્યાં છે.

શેહઝાદીને ઉમ્મીદ હતી કે આ લોકો પોતાના બાબાના ઇન્તિકાલ પછી પોતાની કદર કરશે. સાથે સાથે રસૂલે છોડેલા ધ્યેયને-મકસદને આગળ વધારશે જે રસ્તો પેગંબર એમના માટે નક્કી કરીને ગયા છે તેનાથી વિદ્રોહ નહીં કરે, નાફરમાન નહીં બને પરંતુ હાય અફસોસ સદ અફસોસ .....

# પ્રકરણ-૧૫ : મા ની વફાત પછી

બઅસતના દસમાં વર્ષે હઝરત અબુતાલિબ અલયહિસ્સલામ અને હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા બંને ઘણાં જ થોડા સમયાંતરે અલ્લાહને પ્યારાં થઇ જાય છે. આ બંને મહાન રૂહોના ઇન્તિકાલથી રસૂલુલ્લાહને ઘણો જ સદમો પહોંચ્યો. પેગંબરે ઇસ્લામે આ વર્ષને "ગમનું વર્ષ" નામ આપ્યું. (મનાકિબે ઇબ્ને શહર આશુબ ભાગ-૧ પેજ-૧૭૪)

એક તરફ આપની મદદગાર, આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના દરેક દુ:ખમાં સાથ આપનારી, યા રસૂલલ્લાહ! આપથી મારે કંઇ નથી જોઇતું સિવાય કે અલ્લાહ રસૂલની મહબ્બત, કહેનારી, બલકે પોતાની દૌલત આપ અને ઇસ્લામ ઉપર ન્યોછાવર કરનારી, મિનિટે મિનિટે

રસૂલુલ્લાહનો ખ્યાલ રાખનારી, ઘર અને બહારના બધા જ કાર્યો સંભાળી લેનારી, આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની અવલાદની પ્યારી મા આ દુનિયાથી ચાલી ગયાં. બીજા આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ઘણાં મોટા મદદગાર, ચકલે ચૌટે, શહેરની બહાર આપનું રક્ષણ કરનારા હઝરત અબુ તાલિબ અલયહિસ્સલામ આ દુનિયાથી ચાલી ગયા. અહીં સુધી કે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનું ઘરનું અને બહારનું બંને પ્રકારનું જીવન ડામાડોળ થઇ જાય છે. દુશ્મનો ખુશ થઇને આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને તકલીફો આપવામાં વધારો કરે છે. રસૂલ આંખોમાં આંસુ સાથે બોલી ઊઠે કે ખદીજા અને મારા કાકા હતા ત્યારે આ લોકો મને આટલા બેશરમ થઇને ખુલ્લી

રીતે હેરાન કરતા ન હતા. યા અલ્લાહ! મારી મુસીબતોની હું તને જ ફરિયાદ કરૂં છું.

દુશ્મનો કદીક આપને પથ્થર મારતા, કદી આપના મોં ઉપર ખાક નાખતા, કદી બુરૂંભલું કહેતા, કદી પથ્થરો મારીને આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને ઝખ્મી કરતા. ઘણાંય વખત આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ દુ:ખી અને નિરાશ ચહેરે ઘેર આવતા તો પોતાની પ્યારી બેટી પોતાની પ્યારી મા ના વિયોગથી રડતી પરંતુ બાપથી પોતાનું રડવું છુપાવતી. રસૂલ આ વાત પામી જતા.

જનાબે ફાતેમા કદીપણ ઘેરથી બહાર નીકળતાં તો અરૂચિકર અને નાપસંદ પ્રસંગોનો સામનો કરતાં, અનુભવ કરતી, કદી જોતાં કે લોકો પોતાના બાબાને તકલીફો આપે છે, પરેશાન કરે છે, ગાળો આપે છે. આ મઝલૂમાએ એક દિવસ જોયું કે

દુશ્મનો મસ્જિદે હરામમાં બેસીને(કાબામાં બેસીને) પોતાના બાબાનો કતલ કરવાનો મશ્વિરો કરી રહ્યા છે. રડતાં રડતાં ઘેર આવી અને બાબાને ઝાલિમોના મનસુબાથી વાકેફ કર્યા, કહ્યું: બાબા તમે બહાર ન જાઓ. બેટી! મને ખુદાનો હુકમ છે, હું દીનની ઇશાઅત કરૂં, દીનની તબ્લીગ કરૂં, માસૂમા આંખો લૂછતાં ખામોશ થઇ જતાં.

(જુઓ મનાકિબ ઇબ્ને શહર આશુબ ભાગ-૧ પેજ-૭૧)

એક દિવસ પેગંબર મક્કાની એક ગલીમાંથી પસાર થઇ રહ્યા હતા. કોઇએ કચરો, પૂજો,પલીદી વગેરે આપના માથા ઉપર ફેંક્યું. પેગંબરે તો કંઇ ન કહ્યું: ઘેર ચાલી આવ્યા. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા દોડતાં ઘરમાંથી બાબાની સામે આવ્યાં. ઘરના ઓટલા ઉપર રસૂલ બેઠા, બેટીએ બાબા ઉપરથી બધી ગંદકી ધોઇ નાખી, બાબાનો આવો હાલ જોઇ જનાબે ફાતેમા

રડતાં હતા. પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: બેટી સંતોષ રાખો, રડો નહિ. અલ્લાહ તમારા બાપને દુશ્મનોના ઉપદ્રવથી રક્ષિત રાખશે અને કામ્યાબી અતા ફરમાવશે.

(જુઓ તારીખ તબરી ભાગ-૨ પેજ-૩૪૪)

એક દિવસ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ કાબામાં નમાઝ અદા ફરમાવી રહ્યા હતા. મુશરેકીનની એક ટોળી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની મઝાક ઊડાવી રહી હતી. આ ટોળી આપને તકલીફ આપવાનું વિચારી રહી હતી, આપ સિજદામાં હતા. તેઓમાંથી એકે તાજા ઝબહ થયેલા ઊંટની હોજરી, ખૂન અને લીંડ સમેટ ઘસડી લાવીને આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની પીઠ ઉપર નાખી દીધી. જનાબ ફાતેમા સલામુલ્લાહે અલયહા તે વખતે મસ્જિદમાં મોજૂદ હતાં. જ્યારે

આપે આ દૃશ્ય જોયું તો ઘણું દુ:ખ થયું. ઝડપથી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની પાસે ગયાં. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની પીઠ પરથી હોજરી ઊઠાવીને દૂર ફેંકી દીધી. પેગંબરે સિજદામાંથી માથું ઊઠાવ્યું, પછી આવું કરનારા ઉપર લઅનત કરી.

(મનાકિબ ઇબ્ને શહર આશુબ ભાગ-૧ પેજ-૬૦)

એક વખત પેગંબરે ઇસ્લામ કાબાની બહાર ટોળી વળીને બેઠેલા કેટલાક લોકોને આયાતે કુરઆની સંભળાવી રહ્યા હતા. કેટલાક બદમાશ તાળીઓ પીટતા હતા. કેટલાક સીસોટીઓ મારતા હતા. જેથી અવાજ સાંભળી ન શકાય. હિદાયતના આ દુશ્મનોની પરવા કર્યા વગર આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ પોતાનું કાર્ય કર્યે જતા હતા. કેટલાકે આપ ઉપર હુમલો કર્યો. કેટલાકે ધક્કે ચઢાવ્યા. પથ્થરો ફેંકવાનું શરૂ કર્યું. એક પથ્થર

રસૂલે ખુદાને વાગ્યો. લોહી વહેતુ થયું. કપડાં ધૂળવાળાં થયાં, આ પરિસ્થિતિમાં આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ઘેર આવ્યા. બેટી ફાતેમા દોડતાં આવ્યાં. બાબાનો ઘા જોયો, પાણીથી માથું વગેરે સાફ કર્યું. કપડાં બદલાવ્યા પછી આ બધું સહન ન થવાથી મોટા અવાજથી રડી પડયા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ એકદમ જોશમાં આવી ગયા. બેટીના માથા ઉપર હાથ મૂકી ફરમાવ્યું: બેટી! આજે તું તારા બાપનો આવો હાલ જોઇ રહી છે, પરંતુ ચિંતા ન કર, ગમ ન કર, એક સમય જે ખૂબ જ નજીક છે, એવો આવશે કે તારા બાપનું નામ વિશ્વના દરેક કાચા કે પાકા મકાનમાં, વિશ્વના દરેક ખૂણામાં, જંગલોમાં, રેગિસ્તાનોની ઝૂંપડીઓમાં સવાર-સાંજ દરરોજ લેવામાં આવશે, તારા બાપને યાદ કરવામાં આવશે. જેમ કે અઝાનની અવાજ.

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللهُ

જી હાં! ઝેહરા સલામુલ્લા અલયહાએ પોતાની નાની ઉંમરમાં આ પ્રકારની અનેક દુ:ખદાયક ઘટનાઓ જોઇ, અનુભવી, આપ પોતાના વાલિદે ગિરામીની મદદ માટે એવી તો લપકી જેમ કોઇ મા પોતાના વહાલસોયા બેટાની મદદ માટે દોડે છે.

હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની વફાત પછી કુદરતી રીતે જ ઘરના કામકાજ સાથે ઘણીબધી ઘરેલુ જવાબદારી આ નાની શેહઝાદી ઉપર આવી પડી હતી. વિશ્વમાં તૌહીદનું આ પ્રથમ ઘર, ઘરની બુઝુર્ગ ખાતૂનથી ખાલી થઇ ગયું હતું. આ બુઝુર્ગ માની એક યાદગાર શેહઝાદી હતી. આ શેહઝાદી ફાતેમાના ખભા ઉપર

આ તવહીદના ઘરની જવાબદારી અણધારી રીતે આવી પડી હતી.

પેગંબરે ઇસ્લામે હઝરત ખદીજાના ઇન્તિકાલ પછી સોદા નામી ખાતૂન સાથે બીજી શાદી કરી, બીજી પણ આઠ યા નવ સ્ત્રીઓથી શાદીઓ કરી. તેઓમાંથી પણ વધતી ઓછી ખાતૂનો જનાબે ફાતેમાથી મહબ્બત રાખતી હતી. પરંતુ કોઇપણ યતીમ બાળક માટે આ મુશ્કેલ છે કે પોતાની માની જગ્યાને ખાલી જુએ અને બીજી કોઇ સ્ત્રીને તેની જગ્યાએ જુએ. ફક્ત મા જ છે જેનો પ્યાર અને મહબ્બત બાળકને સંપૂર્ણ શાંતિ બક્ષી શકે છે.

પરંતુ જનાબે ફાતેમા જેટલા આવેશથી પોતાની બુઝુર્ગ માની મહરૂમીનો એહસાસ કરતી હતી. એટલા જ આવેશથી રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ આપથી મહબ્બત

જાહેર કરતા હતા કે બેટીને મા બહુ યાદ ના આવે. કારણ કે પેગંબરે ઇસ્લામ જાણતા હતા કે ફાતેમાને માની કમીનો ઘણો જ એહસાસ છે. તે દૂર કરવાનું ઇચ્છતા. રિવાયતોમાં છે કે પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ જ્યાં સુધી જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના સર મુબારકનો બોસો ન લઇ લે ત્યાં સુધી સૂવા જતા ન હતા.

આ થોડીક વાતો દુખ્તરે રસૂલની આઠ વર્ષની જિંદગીના હાલાત છે. (જુઓ કશકુલ ગુમ્મા ભાગ-૨ પેજ-૯૩)

**યાદ રાખો કે.....**

આ વાત ધ્યાનમાં રાખો કે આ જે કંઇ આફતો અને મુસીબતો પેગંબરે ઇસ્લામની આ નાની દીકરી જનાબે ફાતેમાને સહન કરવી પડી તેવી મુસીબતોનો સામનો કોઇ સામાન્ય છોકરીને

કરવો પડે તો તેના શરીરના બધા જ સ્નાયુઓ તૂટી જાય, તેનો બાંધો ખખડી જાય, જાણે કોઇ બીમારી (ક્ષય, ટીબી) લાગી હોય એવા કમજોર સ્નાયુ થઇ જાય, હાડકાં કમજોર થઇ જાય. મતલબ કે આટલી બધી મુસીબતો ઊઠાવનાર શારીરિક રીતે બિલકુલ ભાંગી પડે, વળી વિચારોની હિંમતથી પણ તૂટી જાય.

પરંતુ આવો ફેસલો કરવો દરેક વ્યક્તિ માટે દુરસ્ત નથી. કારણ કે આવા જ પ્રકારની મુસીબતો, એક પછી એક કસોટીઓ ઉચ્ચ દરજ્જાની વ્યક્તિઓની રૂહને કુવ્વત બક્ષે છે. ખાસ પ્રકારની વ્યક્તિઓ માટે આવી મુસીબતો ઘડતરનું કાર્ય કરે છે. બલકે આવી વ્યક્તિઓમાં છુપાયેલી સલાહિયતો-આવડતોને, છુપાયેલી શકિતઓને બહાર લાવવાનો સબબ બને છે. જેથી તેઓ મુશ્કેલીઓના મામલામાં સાબિત કદમ રહે. મજબૂત

બને, તેમની અડગતા કેળવાય છે. જો ખાણમાંનો પથ્થર એકદમ વધારે તીવ્ર ગરમીનો સામનો ન કરે તો તેમાંથી ચોખ્ખું અને કીંમતી સોનું નીકળી શકતું નથી.

જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની જિંદગીમાં વીતેલી મુસીબતો, ખતરનાક પરિસ્થિતિ વગેરેએ આપની રૂહ મુબારકને કમજોર નથી કરી, ન તો શરીરને કમજોર કર્યું. બલકે એનાથી ઉલટું રૂહ અને શરીર બંને આ પરિસ્થિતિઓ ઝીલીને વધારે મજબૂત બન્યાં. શક્તિશાળી બન્યાં.

## પ્રકરણ-૧૬ : જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની હિજરત આપ મદીનાના રસ્તે

પેગંબરે ઇસ્લામ બેઅસતના ૧૩માં વર્ષે પોતાની જાનના ખતરાના કારણે મક્કા છોડીને મદીના તરફ હિજરત કરવા મજબૂર થઇ ગયા. તેથી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ એ જતી વખતે હઝરત અલી અને હઝરત ફાતેમાને ખુદાહાફિઝ કહ્યું: પછી હઝરત અલીને ફરમાવ્યું: કે લોકોની અમાનતો વાપસ કરીને મારી દુખ્તર ફાતેમા, પોતાની મા ફાતેમા *[આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના કાકા જનાબે અબુતાલિબના અહલિયા મોહતરમા ફાતેમા બિન્તે અસદ જેમને પેગંબરે ઇસ્લામ "મા" કહેતા હતા.]* બિન્તે અસદ, કાકા હમઝાની બેટી ફાતેમા અને અન્ય કુટુંબીઓને સાથે લઇને શક્ય એટલું જલ્દી મદીનાની તરફ ચાલ્યા આવો, હું તમારી રાહ જોઇશ. આમ કહીને આપ

સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ મદીનાની તરફ રવાના થઇ ગયા.

હઝરત અલી ઇબ્ને અબી તાલિબ અલયહિસ્સલામ એ પેગંબરે ઇસ્લામના હુકમ ઉપર અમલ કર્યો. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને થોડીક બીજી કૌટુંબિક સ્ત્રીઓની સાથે સવાર કર્યા. પછી મદીનાની તરફ કૂચ કરી ચાલ્યા. રસ્તામાં અબુ વાકેદે, જેને ઊંટો ચલાવવાનું કામ સોંપેલું હતું, ઊંટોને તેજ ગતિથી દોડાવ્યા. આ જોઇને હઝરત અલી અલયહિસ્સલામે તેને કહ્યું:

“સ્ત્રીઓનો ખ્યાલ રાખો, ઊંટોને ધીમે ધીમે ચલાવો, કારણ કે સ્ત્રીઓ નાજુક હોય છે. સખ્તાઇ સહન કરી શકતી નથી.”

અબુ વાકિદે વિનંતી કરી, મને બીક લાગે છે કે દુશ્મનો આપણી પાછળ પડ્યા હોય અને આપણને પકડી પાડે.

હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું: પેગંબરે ઇસ્લામે મને જણાવ્યું છે કે દુશ્મનો તમને કોઇ તકલીફ પહોંચાડી શકશે નહિ.

જ્યારે આપ ઝજનાન સ્થળથી નજીક પહોંચ્યા ત્યારે આઠ સવારો પાછળથી આવતા દેખાયા. આ જોઇને હઝરત અલી અલયહિસ્સલામે સ્ત્રીઓને એક પહાડની પાછળ સંતાડી દીધી. પછી ખુલ્લી તલવાર સાથે દુશ્મનો ઉપર હુમલો કરી દીધો. તેઓને ઝખ્મી કરીને વેર-વિખેર કરી દીધા. પછી સ્ત્રીઓને લઇ મદીના તરફ રવાના થયા.

પેગંબરે ઇસ્લામ "કુબા" પહોંચીને બાર દિવસ સુધી કુબામાં રોકાયેલા રહ્યા. અહીં હઝરત અલી અલયહિસ્સલામ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા અને બીજા કુટુંબીઓને લઇને આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને મળ્યા.

(જુઓ મનાકિબે ઇબ્ને શહર આશુબ ભાગ-૧ પેજ ૧૭૫ થી ૧૮૩)

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે મક્કામાં અને એક રિવાયતના અનુસંધાનમાં મદીનામાં જનાબે સોદહથી શાદી કરી, મા સોદહ હઝરત ફાતેમાને પોતાના ઘેર લઇ ગયાં. ત્યાર પછી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ઉમ્મે સલમાથી નિકાહ કર્યા. ત્યારે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને તેમને સોંપ્યા. જેથી જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને ત્યાં ગમે, મા સાથે વ્યવસ્થાના કામોમાં ભાગીદાર બને. ઉમ્મે સલમા કહે છે કે પેગંબરે ઇસ્લામે જનાબે ફાતેમાને મને સોંપ્યા. શેહઝાદી મારી પાસે રહે, હું એની તરબીયત કરૂં. જેથી મેં તેમની તરબીયતમાં કોઇ કસર ન રાખી પરંતુ શું કહું? ખુદાની કસમ! તેઓ મારાથી વધારે બાઅદબ અને સમજદાર હતાં.

# ભાગ-૨ : જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની શાદી મુબારક

## પ્રકરણ-૧ : (૧) હઝરત અલી અલયહિસ્સલામનો પ્રસ્તાવ અલ્લાહ તરફથી છે. (રસૂલે ઇસ્લામ)

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા પેગંબરે ઇસ્લામની શેહઝાદી પોતાના જમાનાની સર્વશ્રેષ્ઠ-ઉચ્ચોચ્ચ દરજ્જો ધરાવનારાં ખાતુન હતાં. આપના વાલેદૈનનો સંબંધ કુરૈશના ઉચ્ચોચ્ચ-સૌથી શરીફ ખાનદાનોમાં હતો. આપે જાહેરી ખૂબસૂરતી અને બાતિની અખ્લાકી કમાલ પોતાની વાલીદહ માજીદહ જનાબ ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા પાસેથી મેળવ્યો હતો. જેઓ ઇસ્લામમાં અવ્વલીન ઓરત ગણાય છે. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા ઇન્સાની ખૂબીઓમાં ઉચ્ચોચ્ચ-સર્વશ્રેષ્ઠ

હતાં. વિશ્વની કોઇ ખાતૂન આપના જમાલ અને કમાલને ન પહોંચી શકે.

ધીરે ધીરે ઇસ્લામ ફેલાઇ રહ્યો હતો. લોકોની દૃષ્ટિમાં પેગંબરે ઇસ્લામની અઝમત રોજબરોજ વધતી જતી હતી. રસૂલની જાહોજલાલીથી ઇન્સાનો વાકેફ થઇ રહ્યા હતા. આ રીતે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની દુખ્તરે અઝીઝ ફાતેમા સલામુલ્લાહ અલયહા પણ લોકોની તવજ્જોહનું કેન્દ્રસ્થાન બની હતી. બુઝુર્ગાને કુરૈશ જે સમાજની ઇઝ્ઝતદાર વ્યક્તિઓ ગણાતી હતી. વળી જેઓ માલદાર પણ હતા. તેઓ એક પછી એક પેગંબરે ઇસ્લામ પાસે આવી જનાબે ફાતેમા માટે પોતાની ઇચ્છા રજૂ કરતા. પરંતુ પેગંબરે ઇસ્લામને આ બાબતમાં કોઇની વાત પણ પસંદ ન હતી. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફાતેમાની માંગણી

કરનારાઓ પ્રત્યે એવી રીતે વાત કરતા કે તેઓ એમ સમજે કે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ નારાજ છે.

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફાતેમાને અલી અલયહિસ્સલામ માટે ખાસ કરી દીધાં હતાં. જેથી તેમના તરફથી માંગણી આવે એવી ઇચ્છા ધરાવતા હતા.

(કશકુલ ગુમ્મા ભાગ-૨ પેજ-૩૫૩,૩૫૪)

પેગંબરે ઇસ્લામ ખુદાવંદે આલમના તરફથી નિયુક્ત હતા કે નૂરની શાદી નૂરથી થાય.

(દલાઇલુલ ઇમામા પેજ-૧૯)

હઝરત અબુબકરની પણ ફાતેમા સલામુલ્લાહ અલયહા માટે ઇચ્છા હતી. આ ગરજ લઇને એક દિવસ રસૂલે મકબૂલ પાસે હાજર થયા. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે નારાજગી વ્યક્ત કરતાં ફરમાવ્યું: ફાતેમા કમસિન

છે. બીજી વાત હું ખુદાનો પેગંબર છું. જેથી ફાતેમા માટે શોહર નક્કી કરવાનું કામ અલ્લાહનું છે. આ જ રીતે હઝરત ઉમર પણ આ ઇચ્છા સાથે રસૂલે ખુદાની પાસે પધાર્યા પરંતુ માયૂસ થઇને પાછા ફર્યા.

અબ્દુર્રહમાન બિન ઓફ અને ઉસ્માન બિન અફ્ફાન, જે લોકોની ગણતરી દવલતમંદોમાં થાય છે, પેગંબરે ઇસ્લામની પાસે આ જ ઇચ્છા લઇને આવ્યા. અબ્દુર્રહમાને વિનંતી કરી કે યા રસૂલલ્લાહ! જો આપ ફાતેમા સલામુલ્લાહ અલયહાની શાદી મારી સાથે કરી આપો તો હું લીલી આંખોવાળા એક સો કાળા ઊંટો જેના ઉપર મિસરી કંતાનના કપડાં લાદેલાં હોય, સાથે દસ હજાર દીનાર મહેર તરીકે આપવા તૈયાર છું. ઉસ્માને વિનંતી કરી કે હું પણ એટલી જ મહેર આપવા તૈયાર છું.

પેગંબરે ઇસ્લામ આ બંનેની વાતોથી સખત નારાજ થઇ ગયા. એકદમ ગુસ્સે થઇ ગયા. ફરમાવ્યું: હું માલ દવલતથી મહબ્બત નથી રાખતો. શાદી કોઇ ખરીદ વેચાણ નથી. પછી એક મુઠ્ઠી ભરીને પથ્થરની કાંકરીઓ ઊઠાવીને અબ્દુર્રેહમાનની તરફ ફેંકતાં ફરમાવ્યું: તમે મને માલનો પુજારી સમજો છો? તમારી દવલત અને માલ ધ્વારા મારી ઉપર ગુરૂર અને અભિમાન કરવા ઇચ્છો છો? એવી ઉમ્મીદ રાખો છો કે માલ-દવલતના દબાવમાં હું ફાતેમાને તમારા નિકાહમાં આપી દઇશ.

(જુઓ મનાકિબે ઇબ્ને શહર આશુબ ભાગ-૩ પેજ-૩૪૫, તઝકેરતુલ ખવાસ પેજ-૩૦૬)

# પ્રકરણ-૨ : હઝરત અલી અલયહિસ્સલામ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની માંગણી માટે જાય છે.

પેગંબરે ઇસ્લામના અસહાબ લગભગ આ જાણી ચૂક્યા હતા કે પેગંબરે ઇસ્લામ જનાબે ફાતેમાની શાદી હઝરત અલી અલયહિસ્સલામની સાથે કરવા ઇચ્છે છે. પરંતુ હઝરત અલી અલયહિસ્સલામના તરફથી આ બાબતની માંગણી થતી ન હતી. ઘણાં બધા અસહાબોએ હઝરત અલી અલયહિસ્સલામને આ બાબત કહી. હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું: શરમ અનુભવું છું. અસહાબે કહ્યું: અમારો ખ્યાલ છે કે અલ્લાહતઆલાએ જનાબે ફાતેમાને આપના માટે જ ખાસ કર્યાં છે. બીજી કોઇ વ્યક્તિ એમના દરજ્જાની છે જ નહિ. હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું: હું એટલો પૈસાદાર નથી, જેથી શરમ અનુભવું છું.

અસહાબે કહ્યું: આપ નિ:સંકોચ માંગણી કરો. અલ્લાહનો ફેંસલો આપના માટે જ હોઇ શકે છે.

(જુઓ બેહારૂલ અનવાર જિલ્દ-૪૩ પેજ-૧૨૫)

## અંતરની ભાવના જાગૃત થાય છે

હઝરત અલી અલયહિસ્સલામ પેગંબરે ઇસ્લામના ઘરે રહીને મોટા થયા હતા. બાળપણથી આપ રસૂલેખુદાની પરવરિશમાં હતા. આપ હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાને ઘણી સારી રીતે ઓળખતા હતા. આપના અખ્લાક, સદવર્તન, વગેરેથી સંપૂર્ણ વાકેફ હતા. બંનેની તરબીયત ઉમ્મુલ મોઅમેનીન જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાએ કરી હતી.

(મનાકિબ ઇબ્ને શહર આશુબ જિલ્દ-૨ પેજ-૧૮૦)

હઝરત અલી અલયહિસ્સલામ જાણતા હતા કે ફાતેમા સલામુલ્લાહ અલયહા જેવી ખાતૂન ઢૂંઢતા પણ મળી શકે નહિ. જે તમામ ઇન્સાની ફઝાએલ અને

કમાલાતથી ભરેલાં હોઇ. આપ ચાહતા હતા કે ફાતેમા પોતાની અહલીયા બને. આ પણ જાણતા હતા કે યોગ્ય સમય કંઇ હંમેશા આવતો નથી. પરંતુ કુરૈશની ઇસ્લામ દુશ્મની, ચારેય તરફથી યુદ્ધની પરિસ્થિતિ, મુસલમાનોની માલી હાલતની ખરાબી અને ઇસ્લામ અને રસૂલે ઇસ્લામની મહબ્બતમાં એટલા ખુંપેલા હતા કે આપનું પોતાની અંગત ઇચ્છાઓ, શાદી વગેરે તરફ જરાય ધ્યાન જતું ન હતું. ઇસ્લામનુ સ્થાયિત્વ, એની મજબૂતાઇ આપનો જીવન ધ્યેય હતો. તેમાં વળી પોતાનું ઘર વસાવવાનો ખ્યાલ ક્યાંથી આવે. ઇસ્લામના દુશ્મનોએ ઊભી કરેલી એક પછી એક લગાતાર પરેશાનીઓ, ચિંતાઓ આપ ઉપર ગાલિબ (પ્રભુત્વશાળી) રહેતી હતી. છતાંય જ્યારે ઘણાંબધા અસહાબે આપને આ વાત કરી કે અલ્લાહ અને તેના રસૂલનો ઇરાદો છે કે ફાતેમા તમારા માટે ખાસ છે. ત્યારે આપે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી

વસલ્લમની પાસે જઇને ફાતેમાની માંગણી કરવાનો ઇરાદો કર્યો. આપ ઊંટ ઉપર સવાર થઇ કંઇક કામે જઇ રહ્યા હતા. તેને પાછો વાળી ઘેર લઇ આવ્યા. નાહી ધોઇ કપડાં બદલ્યાં, જોડા પહેર્યા અને પેગંબરે ઇસ્લામની સેવામાં હાજર થયા.

પેગંબરે ઇસ્લામ આ સમયે હઝરત ઉમ્મે સલમાના ઘરે તશરીફ ફરમા હતા. હઝરત અલી અલયહિસ્સલામ ઉમ્મે સલમાના ઘેર તશરીફ લઇ ગયા. દરવાજો ખટખટાવ્યો. પેગંબરે ઇસ્લામે જનાબ ઉમ્મે સલમાને ફરમાવ્યું: દરવાજો ખોલો. દરવાજો ખટખટાવનારો તે વ્યક્તિ છે જેને ખુદા અને તેનો રસૂલ દોસ્ત રાખે છે. મહબ્બત કરે છે અને તે પણ ખુદા અને તેના રસૂલને દોસ્ત રાખે છે, મહબ્બત કરે છે.

ઉમ્મે સલમાએ વિનંતી કરી. યા રસૂલલ્લાહ! મારા મા-બાપ આપ ઉપર કુરબાન થાય આ કોણ છે જેને જોયા વગર આપે આ ફેંસલો કર્યો છે?

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: ઉમ્મે સલમા! ખામોશ રહો, તે એક દિલાવર અને બહાદુર મર્દ છે. મારો ભાઇ, મારા ચચાનો ફરઝંદ છે. વળી તમામ લોકોમાં મને સૌથી વધારે મહબૂબ છે.

ઉમ્મે સલમાએ ઊભા થઇને ઘરનો દરવાજો ખોલ્યો. હઝરત અલી અલયહિસ્સલામ ઘરમાં દાખલ થયા. સલામ કર્યા પછી રસૂલુલ્લાહના કદમોમાં બેસી ગયા. શરમથી આપ માથું નીચુ રાખીને બેઠા હતા. પોતાનો મકસદ વર્ણવવાની હિંમત થતી ન હતી. ઘણીવાર બંને ખામોશ રહ્યા. છેવટે રસૂલુલ્લાહે ચૂપકીદી તોડી ફરમાવ્યું: અય અલી! જાણે મને એમ લાગે છે કે તમે મારી પાસે કોઇ ઇચ્છા લઇને આવ્યા

છો, જેને રજૂ કરતાં શરમાઓ છો? જરાય ગભરાયા વગર કહી દો, સંતોષ રાખો, તમારી ઇચ્છા પરિપૂર્ણ થશે.

હઝરત અલી અલયહિસ્સલામે વિનંતી કરી: યા રસૂલલ્લાહ! મારા મા-બાપ આપ ઉપર કુરબાન થાય. હું આપના ઘરમાં રહીને મોટો થયો છું. આપની અનેક મહેરબાનીઓ અને લુત્ફોકરમ હંમેશા મારા ઉપર વરસ્યાં છે. મા-બાપથી વધીને આપે મારા શિક્ષણ-પ્રશિક્ષણની કોશિશ ફરમાવી છે અને આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની બરકતથી મેં હિદાયત પામી છે. યા રસૂલલ્લાહ! મારી દુનિયા અને આખેરતની પુંજી આપ છો. હવે તે સમય આવી લાગ્યો છે કે હું મારા માટે કોઇ રફીકે હયાતની શોધ કરૂં. જો આપ યોગ્ય સમજો તો આપની દુખ્તર ફાતેમાને મારા નિકાહમાં આપો તો મારા માટે આ ઘણી મોટી ખુશનસીબી ગણાશે.

પેગંબરે ઇસ્લામ જે આ વાતની રાહ જ જોતા હતા તેમનો ચેહરો ખુશીથી ઝગમગી ઊઠ્યો. ફરમાવ્યું: બસ થોડી સબર કરો, હું ફાતેમાથી ઇજાઝત લઇ લઉં. પેગંબરે ઇસ્લામ હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની પાસે તશરીફ લઇ ગયા. ફરમાવ્યું: બેટી, તમે અલીને ઘણી જ સારી રીતે ઓળખો છો. તેઓ તમારા માટે દરખાસ્ત લઇને આવ્યા છે. શું તમે ઇજાઝત આપો છો? હું તમારી શાદી તેમની સાથે કરી દઉં? હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા શરમના કારણે ખામોશ રહ્યાં. કંઇ જ ન બોલ્યાં. મેહબૂબે ખુદા પેગંબરે ઇસ્લામે તેમના ખામોશ રહેવાને રઝામંદીની નિશાની સમજી. અલી અલયહિસ્સલામને ખુશખબરી આપી દીધી.

(બેહારૂલ અનવાર ભાગ-૪૩ પેજ-૧૨૭, ઝખાએરૂલ ઉકબા પેજ-૨૯)

## પ્રકરણ-૩ : એકતા-સરખાપણું

પેગંબરે ઇસ્લામ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની ઇજાઝત લઇને હઝરત અલીની પાસે આવ્યા. પછી હસતા હસતા જણાવ્યું: અય અલી! શું શાદી માટે તમારી પાસે કંઇ છે? હઝરત અલીએ જવાબ આપ્યો. અય અલ્લાહના રસૂલ! મારા મા-બાપ આપ ઉપર કુરબાન થાય. આપ મારી પરિસ્થિતિથી સારી રીતે વાકેફ છો. મારી તમામ દવલત એક તલવાર, એક ઝિરહ(બખ્તર) અને એક ઊંટ છે.

પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: તમે યોદ્ધા છો, જેહાદના મર્દ છો. તેથી તલવાર વગર રાહે ખુદામાં જેહાદ શક્ય નથી. શમશીર(તલવાર) તમારી અવ્વલીન જરૂરિયાતમાંથી છે. વળી ઊંટ પણ તમારી જીવન જરૂરિયાત બની ગયું છે. તમે એના

દ્વારા પાણી ખેંચીને પોતાના ઘરની રોજીની જરૂરિયાત પૂર્ણ કરો છો. વળી સફર દરમ્યાન સામાન લઇ જવા માટે પણ ઊંટ ઉપયોગી છે. [પેગંબરે ઇસ્લામની સાથે તમામ સહાબાએ કિરામ મોહાજિર અને બધાની આ હાલત કેમ હતી? લગાતાર જંગો, મોહાજિર પોતાનું બધું જ મક્કામાં છોડીને મદીના આવ્યા હતા. વળી અનસાર (મદીનાવાસી મુસલમાનો) ઉપર મોહાજિરોને પાલવવા, રહેઠાણ આપવું, કામ-ધંધે લગાવવા, નવો દીન શીખવા આવનાર સંપૂર્ણ અરબના લોકોનો પણ ખ્યાલ રાખવો, તેઓને ખવડાવવું. રસૂલ અને અલી તો એક જ કુટુંબના સભ્ય, દીન તો એમના ઘર પર નાઝિલ થયો હતો. આ લોકો તો પોતે ભૂખ્યા રહીને બીજાને ખવડાવી દેનારા હતા. પછી શું હાલત થાય? વિચારો...] ફક્ત એક ચીજ છે, જેના વગર ચલાવી શકાય છે, તમારૂં બખ્તર. હું પણ

તમારી ઉપર વધુ ભાર નથી નાખતો, આ બખ્તર પૂરતું છે. અય અલી! જ્યારે કે હવે આખી વાત જાહેર થઇ ગઇ છે. તો હું તમને એક બશારત-એક ખુશખબરી સંભળાવું છું. શું આપ તે રહસ્યની વાતથી વાકેફ થવા ઇચ્છો છો?

હઝરત અલી(અલ.) વિનંતી કરી. જી હાં, યા રસૂલલ્લાહ! મારા મા-બાપ આપ ઉપર કુરબાન થાય. આપ હંમેશા ભલી વાત કહેનાર, ખુશી આપનારા રહ્યા છો. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: અય અલી! રાઝની વાત આ છે કે તમારા અહીં આવતા અગાઉ જ જિબ્રઇલ નાઝિલ થયા, અને કહ્યું: અય મોહંમદ! અલ્લાહતઆલાએ આપને પોતાના તમામ બંદાઓમાંથી રિસાલત માટે ચૂંટી કાઢ્યા. પછી તમામ ઇન્સાનોમાંથી અલીને ચૂંટી કાઢ્યા, તેમને આપના ભાઇ અને વજીર (ઉત્તરાધિકારી-ખલીફા)

નક્કી કર્યા. આપ પોતાની દુખ્તર(દીકરી)ના નિકાહ એમની સાથે કરી દો. તેમની શાદીની મેહફિલ આલમે બાલામાં આસમાનો ઉપર ફરિશ્તાઓની સમક્ષ થઇ ચૂકી છે. ખુદાવંદે આલમ એમને(અલી-ફાતેમાને) બે પાકીઝહ "નજીબ" [શ્રેષ્ઠ, શરીફ, કુલીન, બુઝુર્ગ, પાક અને અતિપાક ફરઝંદો ઇમામ હસન અલયહિસ્સલામ અને ઇમામ હુસૈન અલયહિસ્સલામ.] તૈયબ અને તાહીર નેક ફરઝંદો આપશે. અય અલી! હજી તો જિબ્રઇલ પાછા પણ ફર્યા ન હતા અને તમે મારા ઘરનો દરવાજો ખટખટાવ્યો.

(બેહારૂલ અનવાર જિલ્દ-૪૩ પેજ-૧૨૭)

## નિકાહનો ખુત્બો

પેગંબરે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: અય અલી, જલ્દીથી

મસ્જિદમાં જાઓ હું પણ તમારી પાછળ જ આવી રહ્યો છું. જેથી તમામ લોકોની સમક્ષ નિકાહની જાહેરાત થઇ જાય. સાથે નિકાહનો ખુત્બો (ઉદ્બોધન) પણ પઢું.

હઝરત અલી અલયહિસ્સલામની ખુશીનો તો પાર જ ન હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની બેટીથી બેહતર કોણ હોઇ શકે? વિશ્વની કોઇ સ્ત્રી જનાબે ફાતેમાના પગની ધુળ બરાબર પણ ન ગણાય. અલી તો ખુશખુશાલ, ઘણા જ ઉતાવળથી મસ્જિદ તરફ ચાલ્યા. રસ્તામાં હઝરત અબુબકર અને હઝરત ઉમર બંનેની મુલાકાત થઇ. બંને સાહિબોએ શું મામલો છે તે જાણવા ઇચ્છ્યું. હઝરત અલી અલયહિસ્સલામે કહ્યું: રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પોતાની દુખ્તરની શાદી મારી સાથે કરવાનું નક્કી કર્યું છે. તેઓ પણ મારી પાછળ આવી રહ્યા છે.

જેથી પબ્લિકની સમક્ષ જાહેરાત થાય અને નિકાહનો ખુત્બો પઢે.

પેગંબરે ઇસ્લામનો ચેહરો મુબારક પણ ખુશીથી દમકતો હતો. આપ મસ્જિદમાં તશરીફ લાવ્યા. જનાબ બિલાલ રઝિયલ્લાહો તઆલા અન્હોને ફરમાવ્યું: મોહાજિર અને અનસારને મસ્જિદમાં એકત્ર કરો.

હઝરત અલી અલયહિસ્સલામ ઊભા થયા અને ફરમાવ્યું: હું ખુદાવંદે આલમનો તેની નેઅમતો ઉપર શુક્ર અદા કરૂં છું અને ગવાહી આપું છું કે તેના સિવાય કોઇ મઅબૂદ નથી, એવી ગવાહી જે તેને પસંદ હોય, જે તેની રઝામંદી માટે પૂરતી હોય અને દુરૂદ થાય હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ઉપર, એવું દુરૂદ જે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ઉચ્ચ મકામ અને દરજ્જાને યોગ્ય હોય. અય લોકો!

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફાતેમાના નિકાહ મારી સાથે કરી દીધા છે. સાથે મારા બખ્તરને મહેર તરીકે સ્વીકાર્યું છે. તમે પેગંબરે ઇસ્લામથી જાણી લો અને ગવાહ બની જાઓ.

મુસલમાનોએ રસૂલુલ્લાહની સેવામાં વિનંતી કરી. અય અલ્લાહના રસૂલ! શું આપે ફાતેમા સલામુલ્લાહ અલયહાના નિકાહ હઝરત અલી અલયહિસ્સલામથી કરી દીધા છે. રસૂલે ઇસ્લામે ઉત્તરમાં ફરમાવ્યું: હાં, પછી તમામ હાજરજનોએ દુઆ માટે હાથ ઊંચા કર્યા અને કહ્યું: ખુદા તમારા માટે આ નિકાહને મુબારક ફરમાવી દે. અને બંને પતિ-પત્નીની વચ્ચે મહબ્બત પેદા કરે. જલસાના ખતમ થવા ઉપર પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ઘેર તશરીફ લાવ્યા. પછી સ્ત્રીઓને હુકમ આપ્યો કે ફાતેમાના માટે ખુશી

અને આનંદનો જશન કાયમ કરો. આ નિકાહની વિધિ અને ખુત્બા વગેરેનું અદા કરવું પહેલી અથવા છઠ્ઠી ઝિલહજ્જ, બીજી અથવા ત્રીજી હિજરીના અમલમાં આવ્યું. [આ પ્રકરણની ઘણીબધી વાતોને નીચેની કિતાબોમાં જોઇ શકાય છે. કશ્કુલ ગુમ્મા ભાગ-૧ પેજ-૩૫૩ થી ૩૫૮, મનાકિબે શહર આશુબ ભાગ-૩, ઝખાઇરૂલ ઉકબા, તઝકેરતુલ ખવાસ, દલાએલુલ ઇમામા, મનાકિબે ખ્વારઝમી પેજ-૨૪૭, બેહારૂલ અનવાર ભાગ-૪૩ પેજ-૯૨ અને ૧૪૫)]

## દામાદની પસંદગી

ઇસ્લામ મુસલમાનોને કહે છે જો કોઇ યુવાન તમારી દીકરી માટે સગાઇની ઇચ્છા ધરાવે તો બીજી બધી વાતોની જાંચ પડતાલ કરતાં પહેલાં તેની દીની અને અખ્લાકી હાલતની જાંચ પડતાલ કરો. જો તે બાઇમાન, પાકદામન અને ખુશઅખ્લાક છે તો તેની

સાથે તમારી દીકરીની સગાઇ કરી દો. ઇસ્લામનો અકીદો આ છે કે પતિ-પત્નીની સગાઇની બુનિયાદ માલ દવલત ઉપર ન ઊભી રાખવી જોઇએ. ઇસ્લામ કહે છે કે ફક્ત માલ-દવલત જ ઇન્સાનની ખુશી, આનંદ માટે પૂરતાં નથી બલકે દામાદના અખ્લાક, સ્વભાવ, સદવર્તન, નેક નિય્યતી, કોઇપણ જાતના વ્યસન વગરનો, ઉદાર, ભાવનાશીલ, ચરિત્રશીલ હોવા જરૂરી છે. બદઅખ્લાક, કર્કશ સ્વભાવ, વ્યસની, કંજુસ, લાગણીહીન, ચરિત્રહીન ન હોવો જોઇએ. ઇન્સાની કમાલાત અને દીનથી લગાવ દવલત ઉપર પ્રભૂત્વ ધરાવે છે. કારણ કે બાઇમાન, અને ખુશ અખ્લાક-નેક જમાઇ અગરચે ખાલી હાથ-ગરીબ પણ કેમ ન હોય, માલદાર, હવસી, વ્યસની, અય્યાશ જમાઇ કરતાં બેહતર તરીકાથી પોતાના ઘર માટે આરામ અને રાહતનો સામાન પેદા કરી શકે છે.

પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: જ્યારે કોઇ તમારી દીકરી માટે સગાઇ લઇને આવે તો જો તમને તેના અખ્લાક અને દીન પસંદ હોય તો તેની સાથે સગાઇ કરી દો, તેને નકારમાં જવાબ ન દો. અને જો તમારી શાદીઓનું માપદંડ એનાથી ઉલ્ટું હોય તો તમારા માટે ઘણાં બધા ફસાદ અને મુશ્કેલીઓ પેદા થઇ જશે. (વાફી કિતાબુન્નિકાહ પેજ-૧૫)

પેગંબરે ઇસ્લામે ન ફક્ત લોકોને આ સબક આપ્યો બલકે પોતે પણ એના ઉપર અમલ કર્યો. આ જ કારણથી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે હઝરત અલી અલયહિસ્સલામના દીન, પરહેઝગારી અને અખ્લાકી ફઝાએલ સાથેની માનવીય કમાલાતને અબ્દુર્રેહમાન અને ઉસ્માનની બેશુમાર દવલત ઉપર મહત્વ આપ્યું. હઝરત અલી અલયહિસ્સલામની માલી કમજોરીને એબ ન સમજી.

# પ્રકરણ-૪ : જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની મહેર

## હઝરત ફાતેમા ઝેહરાની મહેર

(૧) એક ઝિરહ જેની કિંમત ચારસોથી પાંચસો દિરહમ ગણાય.

(૨) યમની કિતાનના એક જોડ કપડાં.

(૩) એક ઘેટાની ખાલ.

## એક અમલી નમૂનો - એક બોધપાઠ

ઇસ્લામ વધારે મહેરને યોગ્ય માનતો નથી, સાથે તમને સૂચન કરે છે કે જો તમને જમાઇનો દીન અને તેના અખ્લાક પસંદ આવી જાય, તો મહેરના વિષયમાં સખ્તીથી કામ ન લો. થોડી મહેર ઉપર સંતોષ માની લો.

પેગંબરે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફરમાવે છે કે મારી ઉમ્મતની બેહતરીન સ્ત્રીઓ તે છે જેઓ ખૂબસૂરત અને ઓછી મહેર લેનારી હોય.

ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું: સ્ત્રીની બુરાઇ તેમાં છે કે તેની મહેર ઘણી વધારે હોય.

જો રાજી થઇને કોઇ પતિ પોતાની ઉદારતાથી વધુ મહેર આપે તો તે સ્ત્રીને આ હદીસ લાગુ નહીં પડે.

(વાફી કિતાબુન્નિકાહ પેજ-૧૫)

ઇસ્લામ માને છે કે વધારે મહેર માંગવાની પરિસ્થિતિમાં ગરીબોની જિંદગી બરબાદ થઇ જાય છે. મહેર એકત્ર કરવાની ચિંતામાં ગરીબોનું જીવન દુ:ખી દુ:ખી થઇ જશે. કેટલી કસર કરશે? કેટલું દુ:ખ ઉઠાવશે ત્યારે વધારે મહેર એકત્ર કરી શકશે. વળી

લોકો શાદી કરવાનું માંડી વાળશે. સમાજમાં વ્યભિચાર અને ગંદકી ફેલાશે. મોટી ઉમર સુધી છોકરા છોકરીઓ રખડ્યા કરશે. મિલ્લતના માટે ઘણી બધી મુશ્કેલીઓ ઊભી થઇ જશે.

ઇસ્લામ શાદીમાં આસાનીઓ પેદા કરવા ઇચ્છે છે. શાદી તદ્દન ઓછા ખર્ચે થાય, ગરીબમાં ગરીબ પણ શાદી કરી ઘર માંડી શકે એમ ઇચ્છે છે. હજારો સામાજિક અને શારીરિક બુરાઇઓની રોકથામ શાદીઓ દ્વારા થાય છે. પેગંબરે મિલ્લતે ઇસ્લામીમાં દાખલો બેસાડવા માટે પોતાની અઝીઝ દુખ્તરની મહેર તદ્દન ઓછી રાખી હઝરત અલી અલયહિસ્સલામની સાથે અકદ કર્યો. અહીં સુધી કે કરજ તરીકે પણ (બાકી મહેર-પાછળથી શોહર આપે, અથવા સહુલતથી ગમે ત્યારે આપે) કોઇ ચીજ હઝરત અલી અલયહિસ્સલામ ઉપર ન નાખી.

## પ્રકરણ-૫ : હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાનું જહેઝ

પેગંબરે ઇસ્લામે હઝરત અલીને ફરમાવ્યું: હવે ઊઠો અને તે ઝિરહ જેને તમે ઝેહરા માટે મહેર નક્કી કરી છે, બજારમાં જઇને વેચી આવો. તેની કિંમત મારી પાસે લઇ આવો. જેથી હું તમારા માટે ઘરનો બીજો સામાન અને જરૂરિયાત પૂર્ણ કરૂં.

હુકમે રસૂલ મળતાં જનાબ અલી અલયહિસ્સલામે ઝિરહને બજારમાં લઇ જઇને વેચી દીધી. બે ત્રણ જુદી જુદી રિવાયતો અનુસાર તેની કિંમત ચારસો, ચારસો એંસી અથવા પાંચસો દિરહમ બતાવવામાં આવી છે. કેટલીક રિવાયતો અનુસાર આ ઝિરહ હઝરત ઉસ્માને ખરીદી, પાછળથી હઝરત અલીને ભેટમાં આપી દીધી.

(બેહારૂલ અનવાર ભાગ-૪૩ પેજ-૧૩૦)

હઝરત અલી અલયહિસ્સલામે ઝિરહની કિંમત પેગંબરે ઇસ્લામની સેવામાં રજૂ કરી. રસૂલે ખુદાએ હઝરત અબુબકર, સલમાને ફારસી અને બિલાલને બોલાવ્યા. થોડીક રકમ આપીને ફરમાવ્યું: આનાથી ફાતેમા માટે જિંદગીનો જરૂરી સામાન ખરીદી લાવો. થોડીક રકમ અસ્માને આપી ફરમાવ્યું: મારી બેટી માટે અત્તર અને ખુશબૂ લઇ આવો. ત્યાર બાદ જે રકમ બાકી બચી તે ઉમ્મે સલમાના હવાલે કરી દીધી.

હઝરત અબુબકર કહે છે કે જે રકમ મને રસૂલુલ્લાહે ઘરનો સામાન ખરીદવા આપી હતી તે ગણી તો કુલ ૬૩ દિરહમ હતી. તેમાંથી મેં નીચેની વસ્તુઓ ખરીદી.

(૧) એક સફેદ પોશાક

(૨) એક મોટી ચાદર માથું ઢાંકવા માટે.

(૩) એક ખયબરી હુલ્લહ (ખયબરમાં બનતી ચાદર, જમા, ચુગા, લિબાસ આ શબ્દ પ્રયોગના ઘણાંબધા અર્થો લઇ શકાય છે.)

(૪) એક ચારપાઇ (ખાટલો) જે ખજૂરીની દોરીથી ગુંથેલો હતો.

(૫) બે ગાદલા જેમાં એકમાં ઘેટાના વાળ (ઊન) ભરેલા હતા. બીજામાં ખજૂરના પત્તાં ભરેલા હતાં.

(૬) ચાર તકીયા જે ઘેટાના ચામડાના હતા. જેમાં અઝખર નામી ખુશબૂદાર ઘાસથી ભરેલા હતા.

(૭) હિજરી નામની એક ચટાઇ

(૮) એક પથ્થરની ચક્કી આટો પીસવા માટે હાથચક્કી

(૯) એક તાંબાનો પ્યાલો

(૧૦) પાણી ભરવા માટે એક ચામડાની મશ્ક

(૧૧) કપડાં ધોવા માટે એક થાળ.

(૧૨) દૂધ પીવા માટે, રાખવા માટે એક પ્યાલો.

(૧૩) પાણી પીવાનું એક વાસણ

(૧૪) એક ઊનનો પરદો

(૧૫) એક લોટો

(૧૬) એક માટીનું વાસણ જેને સુરાહી કહેવાય છે.

(૧૭) ફર્શ પર બિછાવવા માટે એક ચામડું.

(૧૮) બે કૂજા

(૧૯) એક અબા.

આ બધું તે જમાનાના ૬૩ દિરહમમાં આવી ગયું. જ્યારે જનાબે ઝેહરાનું જહેઝ રસૂલે ઇસ્લામની સમક્ષ લાવવામાં આવ્યું ત્યારે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની આંખોમાંથી આંસુ ચાલુ થઇ ગયાં. પછી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે આસમાનની તરફ જોઇને ફરમાવ્યું: અય અલ્લાહ! આ શાદીને મુબારક કરાર દે, જેમના ઘણાંખરા વાસણો માટીના છે.

## મુસલમાનો માટે એક બોધપાઠ

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા અને હઝરત અલી અલયહિસ્સલામની શાદી આપણા માટે એક આદર્શ છે. કારણ કે આ શાદીની છોકરીના પિતાજી આલમે ઇસ્લામની એક ઉચ્ચોચ્ચ હસ્તી, વળી અલ્લાહના પ્યારા નબી, સરદારૂલ અંબિયા. છોકરી પણ સર્વશ્રેષ્ઠ, અક્કલ હોશિયારીથી ભરપૂર, બાકમાલ, વિશ્વની સર્વશ્રેષ્ઠ ખાતૂને ઇસ્લામ. ઇસ્લામની ચાર અઝીમતરીન(શ્રેષ્ઠ) ખાતૂનોમાંથી એક હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા હતાં. છોકરો પણ પોતાના વંશની રીતે અરબનો શેહઝાદો, તેના કુટુંબની પાછલી બધી વંશો કાબાનો વહીવટ કરતી આવતી હતી. સસરા, જમાઇનું ખાનદાન એક જ. બહાદુર, ઉદાર, ખૂબ જ ખૂબસૂરત છોકરો, સામી છાતીએ તલવાર સાથે એને કોઇ ન હરાવી શકે. શક્તિશાળી, શૂરવીર, ઇલ્મમાં શ્રેષ્ઠ, એ જ રીતે પેગંબરે ઇસ્લામનો જાનશીન-આધ્યાત્મિક

વારસદાર વજીર, મિનજાનિબિલ્લાહ, ઉત્તરાધિકારી. લશ્કરે ઇસ્લામનો સેનાપતિ.

આવી શાદીને તો ઘણી શાનોશોકતથી ઉજવવાની હોય. પરંતુ આ શાદી કેટલી સાદગીથી અમલમાં આવી. ઇસ્લામની એક માત્ર આદર્શ ખાતૂનનું જહેઝ આપણે જોયું. આ જહેઝ પણ ઝેહરાની મહેરમાંથી જ તૈયાર થયું. એમ ન કર્યું કે આ જહેઝની રકમને એક બાજૂ અલગ રાખીને બાપ બેટીએ હજાર મુશ્કેલીઓ અને માથાફૂટ કરીને જહેઝ તૈયાર કર્યું હોય, જે પ્રમાણે અત્યારે આપણા લોકો કરે છે.

પેગંબરે ઇસ્લામ પોતાની એકલોતી સંતાન માટે કરજ લઇને પણ તે જમાનાનું એક આબરૂદાર જહેઝ તૈયાર કરી શકતા હતા. વળી આમ કહી શકતા હતા કે હું ખુદાનો પેગંબર છું. જેથી મારી હૈસિયતનો ખ્યાલ રાખવો જરૂરી છે. મારી બેટી પણ વિશ્વની સ્ત્રીઓમાંની એક બેહતરીન ખાતૂન છે, તેની આબરૂ

અને એહતેરામનો ખ્યાલ રાખી ખુશીનો સામાન એકત્ર કરવો જરૂરી છે. મારો દામાદ પણ એક ઉચ્ચોચ્ચ ઇસ્લામી શખ્સીયતમાંથી છે. જેનો જોટો વિશ્વમાં જડે એમ નથી. તેની ખિદમતો અને મુજાહેદાત કોઇનાથી છુપાં નથી. તેનો એહતેરામ, તેની મેહનતોની કદરદાની માટે પણ બેહતરીન સાધન સામગ્રી બેટીને આપવી જરૂરી છે.

પરંતુ પેગંબરે ઇસ્લામને સમાજમાં મહેર અને જહેઝના વધારવાના પરિણામો, તેની ખરાબીઓ, તેના નુકશાનોની ખબર હતી. વળી આપને આ પણ ખબર હતી કે જો મુસલમાનો આ બલામાં ગિરફતાર થઇ જશે તો ગરીબાઇ, આર્થિક બદહાલી, વધુ પડતી તલાકો, વળી શાદી કરતાં અગાઉ નવયુવાનોની હિચિકચાહટ-પાછા હઠવું, અપરિણિત સ્ત્રીઓ અને અપરિણિત પુરૂષોમાં વધારો, ગુનાહો-વ્યભિચારનું વધી જવું, વગેરેને કારણે જાતજાતની શારીરિક બીમારીઓનું

પેદા થવું વગેરે બાબતોનો ખ્યાલ રાખી એકદમ સાદગીથી શાદી કરવામાં આવી. આ શાદી ઉમ્મતે મુસ્લિમા માટે તો સબક છે જ. વળી મુસ્લિમ શાસકો અને હાકેમો માટે પણ એક સબક છે.

હઝરત અલી અલયહિસ્સલામ પણ આવી ટુંકી દૃષ્ટિથી વિચારનારા નવયુવાનોમાંથી ન હતા. જેઓ માલ-દવલત એકત્ર કરવા ભરપૂર જહેઝ માટે શાદી કરે છે. અગર જહેઝમાં કમી રહી જાય તો દરરોજ પોતાની નિર્દોષ પત્ની ઉપર મહેણા મારે છે. આક્ષેપો કરે છે. તે બિચારી માટે દર્દેસર બની જાય છે. પત્નીને જહેઝના મુદ્દા ઉપર ગમે તે બહાનું બનાવી ડાંટ-ડપટ કરતા રહે છે. પછી આવા બેબુન્યાદ-જુઠ્ઠા આક્ષેપોના પરિણામ રૂપે પારિવાહિક જીવન ડામાડોળ થઇ જાય છે. તેના પાયા ઢીલા થઇ જાય છે. જ્યારે મા-બાપ અને ખાસ તો પતિ જ્યારે આવા બહાના બનાવી ઝઘડતા હોય તો પત્નીની જિંદગી ધૂળ થઇ

જાય છે અને જો નાના બાળકો હોય તો તેની તરબીયતમાં શી અસર પડે? વિચારી લો.

બિચારી પત્ની માટે ઘર એક ઇખ્તયારી કેદખાનું બની જાય છે, અને પતિ બહારથી આવે ત્યારે ઘર જહન્નમ બની જાય છે, લાગણી ચાલી જાય છે, મહબ્બત ચાલી જાય છે, લુત્ફ ચાલી જાય છે.

હઝરત અલી બિન અબી તાલિબ અલયહિસ્સલામ ઉમ્મતે મુસ્લેમાના ભવિષ્યના ઇમામ અને પેશવા હતા. તેઓ ઇચ્છતા હતા કે આ પ્રકારના બધા ગલત રીત-રિવાજો અને વિચારોનો મુકાબલો કરે. દુનિયાની દવલતની આપની દૃષ્ટિમાં કોઇ જ કિંમત ન હતી.

# પ્રકરણ-૬ : હઝરત અલી અલયહિસ્સલામની શાદીના વિષયમાં વાતચીત

આપના ઘરમાં સામાન શું હતો તે પણ જરા જાણી લઇએ, સાથે સાથે આ પણ જાણી લઇએ કે આ નવપરણિત યુગલ માટે ઓરડામાં શણગાર શું હતો?

હઝરત અલી અલયહિસ્સલામ પોતાની પ્યારી પત્ની જન્નતની સ્ત્રીઓની સરદારને ઘરમાં લાવ્યા ત્યારે આપના ઘરમાં નીચેનો સામાન હતો. જે કંઇ શણગાર ગણો તે આ હતું.

(૧) એક લાકડી જેના ઉપર કપડાં તથા પાણીની મશક ટીંગાડવામાં આવે.

(૨) ઘેટાના ચામડાની એક ખાલ જે બિછાવી શકાય.

(૩) એક તકીયો

(૪) એક પાણીની મશક

(૫) એક આટો ચાળવાની ચારણી

હઝરત અલી અલયહિસ્સલામ ફરમાવે છે કે લગભગ એક મહિનો પસાર થઇ ગયો છતાંય ફાતેમા એમના ઘેર જ હતાં. ફાતેમાના મામલામાં વાત કરતાં હું રસૂલે ખુદાથી સંકોચ અને હયા અનુભવતો હતો. પરંતુ જ્યારે પણ રસૂલે ખુદા અને હું બંને એકલા પડતા, જનાબ રસૂલે ખુદા મને ફરમાવતાઃ અય અલી તમને કેવી નેક અને શોભે એવી-યોગ્ય શરીકે હયાત નસીબ થઇ છે? મેં તમારી શાદી દુનિયાની સ્ત્રીઓમાંથી બેહતરીન સ્ત્રી સાથે કરી છે.

એક દિવસ મારા ભાઇ અકીલ મારી પાસે આવ્યા અને કહ્યુંઃ બિરાદરે અઝીઝ! હું તમારી શાદીથી ઘણો જ ખુશ થયો છું. તમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને કેમ નથી કેહતા કે તેઓ જનાબ ફાતેમાને તમારા ઘેર રૂખસત

કરે. જેથી તમારી શાદીથી અમારી આંખો રોશન થાય?

મેં જવાબ આપ્યો. મારી પણ આ જ ઇચ્છા છે પરંતુ મને રસૂલુલ્લાહને આમ કહેતા હયા આવે છે. અકીલે કહ્યું: તમને અલ્લાહની કસમ! ચાલો, હમણા જ મારી સાથે, આપણે પેગંબરે ઇસ્લામને વાત કરીએ.

હઝરત અલી અલયહિસ્સલામ પોતાના ભાઇ અકીલની સાથે પેગંબરે ઇસ્લામના ઘરની તરફ ચાલ્યા. જોગાનુજોગ વળી રસ્તામાં બંનેની મુલાકાત ઉમ્મે અયમનથી થઇ. બંને ઊભા રહ્યા. ક્યાં જાય છે તે અંગે વાતચીત થઇ. આ સાંભળીને ઉમ્મે અયમને કહ્યું: મને રજા આપો તો હું પેગંબરે ઇસ્લામને આ બાબતમાં વાતચીત કરૂં, કારણ કે આવી બાબતોમાં સ્ત્રીઓ જ અસરકારક વાતચીત કરી શકે છે.

વળી આ વાતચીત પછી તો ઉમ્મે સલમા અને બીજી સ્ત્રીઓને પણ આ બાબતની જાણ થઇ ગઇ. જેથી સ્ત્રીઓ પેગંબરે ઇસ્લામની સેવામાં હાજર થઇ, વિનંતી કરી. અય અલ્લાહના રસૂલ! અમારા મા-બાપ આપ ઉપર કુરબાન થાય, એક એવી બાબત માટે આપની ખિદમતમાં આવ્યા છીએ કે જો ખદીજા જીવતાં હોત તો આ વાતથી તેમની આંખો ઠંડી થઇ જાત, તેઓ ખુશ થઇ જાત.

ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાનું નામ સાંભળતાં જ પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની આંખોમાં આંસુ દેખાયાં. ફરમાવ્યું: ખદીજા? ખદીજાના જેવું તો કોણ હોય. જ્યારે લોકો મને જુઠલાવતા હતા, સતાવતા હતા, ત્યારે તેમણે મને સાચો માન્યો, ઇમાન લાવ્યાં. દીને ખુદાના ફેલાવવા માટે પોતાનો બધો જ માલ મારે હવાલે કરી દીધો. એમના માલનો મને માલિક બનાવી

દીધો. ખદીજા એવી ખાતૂન છે કે ખુદાએ મારા ઉપર વહી કરી કે એમને દુનિયામાં આ બાબતની ખુશખબરી આપો કે જન્નતમાં તેમને જમર્રુદનું ઘર અતા કરવામાં આવશે. (એક પ્રકારના કીંમતી પથ્થરને જમર્રુદ કહે છે.)

ઉમ્મે સલમાએ વિનંતી કરી: મારા મા-બાપ આપ ઉપર કુરબાન થાય યા રસૂલલ્લાહ! આપ ખદીજાના માટે જેટલું પણ ફરમાવો તેટલું યોગ્ય છે અને કમ છે. ખુદા અમને તેઓની સાથે રાખે, આમ કહીને ઉમ્મે સલમાએ જલ્દી જલ્દી કહી દીધું: યા રસૂલલ્લાહ! આપના ભાઇ અને કાકાના દીકરા પોતાની પત્નીને પોતાના ઘેર લઇ જવા ઇચ્છે છે.

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: તેઓ જાતે મને આ બાબતમાં વાત કેમ નથી કરતા? કહ્યું: એમને શરમ આવે છે.

રસૂલુલ્લાહે ઉમ્મે અયમનને ફરમાવ્યું: અલીને મારી પાસે મોકલો.

જ્યારે હઝરત અલી આપની સેવામાં હાજર થયા તો ફરમાવ્યું: અય અલી! શું તમે તમારી બીબીને તમારા ઘેર લઇ જવાનું ઇચ્છો છો?

**અરજ કરી** : જી હાં, યા રસૂલલ્લાહ!

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: ખુદા મુબારક કરે. આજે રાતે અથવા આવતી કાલે રાત્રે રૂખસતીની તૈયારીઓ કરીશ. ત્યાર પછી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે સ્ત્રીઓને ફરમાવ્યું: ફાતેમાને તૈયાર કરો, તેને ખુશ્બૂ લગાવો, એક ઓરડામાં ફર્શ બિછાવી દો જેથી તેને વળાવવાની રસમ અદા કરીએ.

(બેહારૂલ અનવાર જિલ્દ-૪૩ પેજ-૧૩૦ થી ૧૩૨)

# પ્રકરણ-૭ : રૂખસતીનો જશન

પેગંબરે ઇસ્લામે હઝરત અલીને ફરમાવ્યું: શાદીના મોકા ઉપર રૂખસતી વખતે વલીમો આપવો જરૂરી છે. મને પસંદ છે કે મારી ઉમ્મત પોતાની શાદીઓના મોકા ઉપર વલીમો આપે.

સઅદ જે આ મજલિસમાં હાજર હતા તેમણે વિનંતી કરી. હું અલી અલયહિસ્સલામને વલીમા માટે એક ઘેટો તોહફામાં આપું છું. બીજા અસહાબોએ પણ પોતપોતાની શક્તિ પ્રમાણે પ્રસ્તાવ રજૂ કર્યો. યોગ્યતા પ્રમાણે સ્વીકાર કરવામાં આવ્યો.

રસૂલે ખુદાએ બિલાલને ફરમાવ્યું: એક ઘેટો લઇ આવો, પછી હઝરત અલીને ફરમાવ્યું: આ હયવાનને ઝબહ કરો. દસ દિરહમ પણ આપ્યા. ફરમાવ્યું: થોડુંક ઘી, ખજૂર વગેરે લઇ આવો. સાથે રોટીઓની પણ તૈયારીઓ કરો. ત્યાર પછી હઝરત

અલી અલયહિસ્સલામને ફરમાવ્યું: તમે જેમને ચાહો, જમવાની દઅવત આપી દો. હઝરત અલી અલયહિસ્સલામે અસહાબના એક ઘણા મોટા સમૂહને ખાવાની દઅ્વત આપી દીધી. ગોશ્ત પકાવવામાં આવ્યું. સાથે ઘી અને ખજૂર વગેરે સાથે ખાવાનું તૈયાર કરવામાં આવ્યું.

મેહમાનોની સંખ્યા વધારે હોવાથી બેઠક વ્યવસ્થાની તંગી દેખાઇ આવતી હતી. બહાર ખુલ્લામાં બેહિસાબ ગરમી હતી. રસૂલે ખુદાએ ફરમાવ્યું: દસ દસ મેહમાનો અંદર આવે અને ખાવાનું ખાય. આ ઐતિહાસિક જશ્નમાં પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના કાકા અબ્બાસ અને હમઝા અને અલી ઇબ્ને અબી તાલિબ અને તેમના ભાઇ અકીલ મેહમાનોની આવભગત કરી રહ્યા હતા, સ્વાગત કરી રહ્યા હતા.

દસ્તરખાન બિછાવવામાં આવ્યું. અસહાબ દસ દસની સંખ્યામાં આવીને ખાતા રહ્યા. પેગંબરે ઇસ્લામ પોતે પોતાના મુબારક હાથો વડે ખાવાનું કાઢીને આપતા હતા. આ રીતે સારા એવા સમૂહે ખાવાનું ખાધું. વળી આ બધા નસીબદાર ગણાય કે પેગંબરના હાથની બરકતવાળું ખાવાનું મળ્યું. ખૂબ જ બરકત થઇ, બધાએ પેટ ભરીને ખાધું. છેલ્લે પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: બચેલું ખાવાનું ફકીરો અને મોહતાજોના ઘેર પહોંચાડી દો. જેઓ કંઇ ન કંઇ મજબૂરીને કારણે જશ્નમાં હાજર થઇ શક્યા ન હતા. તેઓને પણ ખાવાનું પહોંચાડી દો. એક વાસણમાં હઝરત અલી અલયહિસ્સલામ અને ફાતેમા સલામુલ્લાહ અલયહા માટે પણ ખાવાનું રાખી મૂકવામાં આવ્યું.

## હજલહની તરફ

પેગંબરે ઇસ્લામના કુટુંબની સ્ત્રીઓએ હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાને શણગાર આપ્યો. અત્તર અને ખુશ્બૂ લગાવી. પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે હઝરત અલી અલયહિસ્સલામને બોલાવીને પોતાની જમણી બાજુ બેસાડ્યા. ફાતેમા સલામુલ્લાહ અલયહાને ડાબી બાજુ બેસાડ્યાં. ત્યારબાદ વારાફરતી બંનેને પોતાની છાતી સાથે લગાવ્યા. વારાફરતી બંનેની પેશાનીને બોસો આપ્યો. દુલહનનો હાથ પકડ્યો અને દામાદના હાથમાં આપ્યો. પછી હઝરત અલીને ફરમાવ્યું: ફાતેમા એક અચ્છી રફીકે હયાત છે. પછી હઝરતે ફાતેમાને ફરમાવ્યું: અલી બેહતરીન શોહર છે.

ત્યાર પછી ઓરતોને હુકમ આપ્યો કે દુલહા-દુલ્હનને ખુશી અને જોશની સાથે હજલહની તરફ (ઓરડા તરફ) લઇ જાઓ પરંતુ ચાલતાં ચાલતાં

એવા પ્રકારની કોઇ વાતચીત ન કરો જેનાથી અલ્લાહ નારાજ થતો હોય.

બીજી તરફ પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના કુટુંબ કબીલાની સ્ત્રીઓએ જોશ અને ઉત્તેજના સાથે અલ્લાહો અકબરના નારા લગાવતાં લગાવતાં જનાબે ફાતેમા અને જનાબે અલીને હજલહ સુધી પહોંચાડ્યા. આટલીવાર સ્વયં પેગંબરે ઇસ્લામ પણ પાછળ પાછળ આવી પહોંચ્યા. હજલહમાં દાખલ થઇ ગયા. હુકમ આપ્યો કે એક પાણીનું ભરેલું વાસણ લાવો. પછી થોડું પાણી લઇને આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના શરીર ઉપર છાંટ્યું. ફરમાવ્યું: બાકી બચેલા પાણીથી વુઝૂ કરો, ત્યાર પછી એક બીજું પાણીનું વાસણ મંગાવ્યું. તેમાંથી થોડુંક પાણી જનાબ અલી અલયહિસ્સલામના શરીર ઉપર છાંટી બાકીનું પાણી તેમને વુઝૂ કરવા માટે આપ્યું.

પછી આપે દુલ્હા અને દુલ્હનના ચેહરાનો બોસો લીધો. પછી આસમાનની તરફ હાથ ઊઠાવીને કહ્યું: અય ખુદા, આ શાદીને મુબારક ફરમાવ અને તેમના દ્વારા પાક-પાકીઝા નસ્લને પેદા ફરમાવ.

જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ હજલહથી બહાર આવવા લાગ્યા ત્યારે જનાબે ફાતેમાએ બાપનો દામન પકડી લીધો અને રડવા લાગ્યાં. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ પણ રડવા જેવા થઇ ગયા અને ફરમાવ્યું: મારી પ્યારી બેટી! મેં તારી શાદી સૌથી વધારે બહાદુર પુરૂષ, સૌથી વધારે ઉદાર અને શ્રેષ્ઠ બુદ્ધિશાળી સાથે કરેલ છે. ત્યારબાદ રસૂલ હજલહના દરવાજા સુધી આવ્યા. દરવાજાની ચોખટ ઉપર બંનેના હાથોને પકડ્યા. પછી ફરમાવ્યું: ખુદા તમને અને તમારી નસ્લને પાક-પાકીઝા રાખે. હું તમારા

દોસ્તોનો દોસ્ત છું અને તમારા દુશ્મનોનો દુશ્મન. હવે હું જાઉં છું, તમને ખુદાવંદે આલમના હવાલે કરૂં છું.

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે હજલહના દરવાજાને બંધ કર્યો, પછી સ્ત્રીઓને ફરમાવ્યું: બધી પોતપોતાના ઘરે ચાલી જાઓ. અહીયાં કોઇપણ ઊભી ન રહે. બધી જ સ્ત્રીઓ ચાલી ગઇ. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ચાલતા થયા. થોડે દૂર ગયા પછી પાછા ફરીને જોયું તો એક સ્ત્રી હજલહની નજીક ઊભી છે. પાછા ફરી પૂછ્યું: તમે કોણ છો? તમે સાંભળ્યું નથી? મેં શું કહ્યું: અહીં કોઇ જ ન જોઇએ. ખાતૂને વિનંતી કરી, હું અસમા છું. આપે ફરમાવ્યું કે ચાલી જાઓ, પરંતુ હું જવાથી મજબૂર છું કારણ કે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની વફાત વખતે હું તેમની પાસે હતી. મેં જોયું કે તે રડી રહ્યાં છે. મેં કહ્યું: તમે પણ રડો છો. જો કે આપ તો દુનિયાની સ્ત્રીઓમાંથી બેહતરીન સ્ત્રી

છો. વળી અલ્લાહના રસૂલની શરીકે હયાત છો. અલ્લાહતઆલાએ આપને દુનિયામાં જન્નતનો વાયદો કર્યો છે. કહ્યું: એટલા માટે રડી રહી છું કે જાણું છું કે દરેક છોકરીની ઇચ્છા હોય છે કે શાદીની રાતે તેનું પોતાનું સગું તેની પાસે હોય, જે તેની મહરમે રાઝ હોય, તેની સાથે છૂટથી મશવેરો લઇ શકાય. જે તેની જરૂરિયાતને પૂરી કરે, સલાહ મશવેરો આપે. હું દુનિયાથી જઇ રહી છું. મને ડર છે કે ફાતેમાની શાદીની રાતે તેનું કોઇ મહરમે રાઝ નહીં હોય, મારી દીકરી એકલી અટૂલી હશે. ત્યારે મેં જનાબ ખદીજાને વાયદો કર્યો હતો કે જો હું ફાતેમાની શાદી સુધી જીવતી રહી તો હું એની પાસે રહીશ. તેની સાથે મા જેવો વર્તાવ કરીશ. પંગેબરે ઇસ્લામે જ્યારે જનાબે ખદીજાનું નામ સાંભળ્યું તો તેમની આંખોમાંથી બેઇખ્તયાર આંસુ સરી પડયાં. ફરમાવ્યું: તમને ખુદાની કસમ! શું તમે આ જ મકસદથી અહીં રહી છો?

કહ્યુંઃ હાં, પેગંબરે ઇસ્લામે ફરમાવ્યુંઃ ઠીક છે, તો તમે તમારા વાયદા ઉપર અમલ કરો.

નઇનવેલી દુલ્હનની સાથે થોડા દિવસ રહેવાનો અરબનો રિવાજ હતો. જેથી દુલ્હન સાથે સહકારથી વાતચીત કરે, તેની મુશ્કેલીઓ હોય તો આ સ્ત્રી દૂર કરે, સંગાથ મળી રહે, વળી નવી દુલ્હનને જે જે સભ્યતાઓ સાસરામાં નડતરરૂપ બનતી હોય છે તે આ સાથે રહેનાર સ્ત્રીને નડતી હોતી નથી. તે ઘણી સહેલાઇથી વહુના સાસરા અને દુલ્હન વચ્ચે કડીરૂપ બની શકે છે. સાથે રહેવાનો મતલબ આ દુલહનની પિયરની સ્ત્રી આખો દિવસ દુલ્હનની સાથે રહેતી હોય છે. રાતના એ દુલ્હનથી અલગ દુલ્હનના સાસરાની સ્ત્રીઓ સાથે રહેતી હોય છે. આવી સ્ત્રીઓ મોટા ભાગે દુલ્હનની મા, માસી, ફોઇબા, મામી હોય અથવા આ ઉમરની કોઇ મહોલ્લાની સંબંધી ઓરત હોય.

કેટલીક રિવાયતો અનુસાર વળાવવાના ચોથા દિવસે પેગંબરે ઇસ્લામ જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાના ઘેર તશરીફ લઇ ગયા તો ત્યાં અસમાની મુલાકાત થઇ. અસમાની આ ઘટનાને ઘણાંબધા ઇતિહાસવિદોએ લખી છે. વળી ભૂલમાં તેને અસમા બિન્તે ઉમૈસ ગણાવી છે. જો આ ઘટનાને સાચી માનવામાં આવે તો તે સ્ત્રી અસમા બિન્તે ઉમૈસ નથી હોઇ શકતી. કારણ કે અસમા બિન્તે ઉમૈસ જનાબ જઅફરે તૈયારના પત્ની હતાં. વળી જઅફર તે લોકોમાંથી હતા જેમણે પોતાની પત્ની સાથે મક્કાથી હબશાની (અત્યારનું ઇથોપિયા) હિજરત કરી હતી. મદીના હિજરત અગાઉ સહાબાએ રસૂલની ઇજાઝતથી મુલકે હબશાની હિજરત કરી હતી. મક્કાવાસી દુશ્મનોના અતિશય ત્રાસને લઇ લગભગ બસો જેટલા સ્ત્રી પુરૂષો હબશા હિજરત કરી ગયા હતા. આ પહેલી હિજરત ગણાય છે. ઇતિહાસ લખે છે કે જનાબ જઅફરે

તૈયાર જંગે ખયબર પછી મક્કા પરત આવ્યા છે. જેથી આ અસમા બિન્તે ઉમૈસ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની શાદીના સમયે મક્કામાં હાજર ન હતી. તેથી તે ખાતૂન જે જનાબ ફાતેમાની પાસે વળાવવાના દિવસોમાં રહી તે અસમા બિન્તે યઝીદ બિન સકની અનસારી હોઇ શકે અથવા અસમા બિન્તે ઉમૈસની બહેન સલમા હોય. જે હઝરત હમઝા રઝિયલ્લાહો તઆલા અન્હોની પત્ની હતાં. ગમેતેમ, અસમાની બહેન સલમાની જગ્યાએ રાવીએ ગલતીથી અસમા લખી દીધું હોય. કશફુલ ગુમ્માના લેખક લખે છે કે આ રિવાયતને નકલ કરવામાં રાવીઓની કોઇ ગલતી શક્ય છે.

# પ્રકરણ-૮ : જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની મુલાકાત

જનાબ પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલહી વસલ્લમને બેટી ફાતેમા ખૂબ જ પ્યારી હતી. જનાબે ફાતેમા એક તો બેટી હતી રસૂલની, તે પણ મા વગરની યતીમ બેટી. રસૂલ જિગરનો ટૂકડો કહેતા હતા. અનેકવાર આમ કહ્યું છે કે ફાતેમા મારા જિગરનો ટૂકડો છે. આપને જે દિવસે વળાવ્યાં તેના બીજે દિવસે જ સવારના પહોરમાં હજુ મોં સ્પષ્ટ ન દેખાય એવું અંધારૂં હતું અને પેગંબરે ઇસ્લામ ફાતેમાના ઘરે પહોંચ્યા. સાથે દૂધથી ભરેલો એક પ્યાલો પણ લઇ ગયા. હઝરત ફાતેમાના હજલહમાં ગયા. દૂધનું વાસણ જનાબ ફાતેમાના હાથમાં આપ્યું, પછી ફરમાવ્યું: તમારા બાપ તમારા ઉપર કુરબાન થઇ જાય બેટી, આને

પી લો. ત્યારબાદ હઝરત અલી અલયહિસ્સલામને ફરમાવ્યું: આ પી લો, તમારા કાકાનો બેટો (પોતે) તમારી ઉપર કુરબાન થઇ જાય.

(કશકુલ ગુમ્મા જિલ્દ-૨ પેજ-૯૯)

પછી હઝરત અલી અલયહિસ્સલામને પૂછ્યું : તમારી બીવી કેવી છે? વિનંતી કરી, અલ્લાહની બંદગીમાં મારી મદદગાર, હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાને પૂછ્યું: તમારા પતિ કેવા છે? ફરમાવ્યું : બેહતરીન પતિ.

(બેહારૂલ અનવાર જિલ્દ-૪૩ પેજ-૧૧૭)

પેગંબરે ઇસ્લામ ત્યારબાદ ચાર દિવસ સુધી જનાબે ફાતેમાના ઘેર તશરીફ ન લઇ ગયા. જ્યારે ચોથા દિવસે આપ જનાબે ફાતેમાના ઘેર પહોંચ્યા તો જનાબે ફાતેમા એકલાં જ હતાં. પૂછ્યું : બેટી તમે તમારા શોહરને કેવા જોયા? જવાબમાં કહ્યું : બાબાજાન! ખુદાએ મરદોમાંથી બેહતરીન

મરદ મને નસીબ ફરમાવ્યો છે. પરંતુ મને મળવા-જોવા આવનારી કુરૈશની સ્ત્રીઓએ મને મુબારકબાદી આપવાની જગ્યાએ મારા દીલ ઉપર કુહાડી ઘા કર્યો છે. મારા દીલ ઉપર એક વજન નાખી દીધો છે. તેઓ કહેતી હતી કે તમારા બાપે એક ફકીર અને તંગદસ્ત વ્યક્તિ સાથે તમારી શાદી ફરમાવી છે. જ્યારે કે મોટી મોટી દવલતમંદ વ્યક્તિઓ તમારી સાથે શાદી કરવા તૈયાર હતી.

આ જગ્યાએ વિચારો! આ ફાતેમાને જોવા આવનારી સ્ત્રીઓ કાફિર હતી? આ પ્રથમ પ્રશ્ન. મુસલમાન હતી? બીજો પ્રશ્ન? મુનાફિક હતી? ત્રીજો પ્રશ્ન. શું તેમના મરદો(પતિઓ) પણ મુનાફિક હતા? ચોથો પ્રશ્ન. છેલ્લો અને પાંચમોં પ્રશ્ન. શું આ કહેવાતા સહાબાની સહાબીયા કહેવાતી સ્ત્રીઓ હતી? તો સાંભળો: જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા ફરમાવે છે કે બાબાજાન! મને જોવા-મળવા

આવનારી કુરેશની સ્ત્રીઓ કહે છે કે તમારા બાપે તમને ફકીરને હવાલે કરી દીધી. કુરૈશ એટલે મક્કાના રહેવાસીઓની આ સ્ત્રીઓ છે. હિજરત કરીને આવેલા મોહાજિર સહાબાની મોહાજિર સહાબીયાઓ છે જેઓ રસૂલને દિવસમાં કેટલીય વાર જોતી હશે. પરંતુ એટલું ચોક્કસ કે આ મુનાફિક મરદોની મુનાફિક સ્ત્રીઓ છે.

પેગંબરે ઇસ્લામે પોતાની બેટીને તસલ્લી દીધી, પછી ફરમાવ્યું: અય નૂરે ચશ્મ! તમારા બાપ અને શોહર ફકીર નથી. ખુદાની કસમ! જમીનના ખઝાનાની ચાવીઓ મને પેશ કરવામાં આવી, પરંતુ મેં આખેરતની જિંદગીને દુનિયાના માલ ઉપર પ્રભૂત્વ આપ્યું. મારી ગરીબ ઉમ્મત તરફ મેં જોયું કે જો હું માલદાર હોઇશ તો મારી ગરીબ ઉમ્મત હંમેશા પોતાની ગરીબાઇ ઉપર અફસોસ કરશે અને જો હું આવો જ ગરીબ રહીશ તો મારી ઉમ્મત

પોતાની ગરીબાઇ ઉપર હંમેશા ફખર કરશે. અમારા નબી પણ ગરીબ હતા. ભૂખ્યા પ્યાસા રહેતા હતા. હલકુ-ફુલકું ખાતા હતા, સાદા સીધા કપડાં પહેરતા હતા. ઝુંપડી જેવા મકાનોમાં રહેતા હતા.

બેટા! અલ્લાહે તારા માટે એક એવો શોહર પસંદ કર્યો જે તમામ લોકોથી પ્રથમ ઇસ્લામ લાવ્યા. જે ઇલ્મ, અક્કલ, સહિષ્ણુતા, ઉદારતા, ચતુરાઇ વગેરે ગુણોમાં સર્વોત્તમ છે. ખુદાવંદે આલમે તમામ ઇન્સાનોમાંથી મને અને તારા શોહરને ચુંટી કાઢ્યા છે. તમે બેહતરીન શોહરવાળી છો, આ વાતની કદર કરો. આપણા કુટુંબ ઉપર નબુવ્વતનો કાર્ય બોજ છે. તેને બરાબર સંભાળો અને ખુદાના હુકમો બજાવી લાવો.

જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ મુસ્કુરાઇને કહ્યું: બાબાજાન! મને તો કોઇ જ ફરિયાદ નથી. મેં તો કુરેશની આ સ્ત્રીઓની બેહુદા વાતો

ફક્ત આપને જણાવી હતી. હું મારા ખુદાથી તેની દરેક નેઅમત ઉપર ખૂબ જ ખુશ છું. રાજી છું.

ત્યાર પછી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે હઝરત અલી અલયહિસ્સલામને બોલાવ્યા, અને ફરમાવ્યું: પોતાની બીબી સાથે નરમી અને મહેરબાનીથી પેશ આવજો. જાણી લેજો કે ફાતેમા મારા જિગરનો ટુકડો છે. જે વ્યક્તિએ ફાતેમાને તકલીફ આપી તેણે મને તકલીફ આપી, જેમણે ફાતેમાને ખુશ કરી તેમણે મને ખુશ કર્યો. બેટા! હું હવે જાઉં છું અને તમને અલ્લાહને હવાલે કરૂં છું.

અલ્લામા મજલિસી અલયહિર્રહમાએ લખ્યું છે કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાના નિકાહ માહે રમઝાનુલ મુબારકમાં થયા. ત્યાર બાદ પહેલી કે છઠ્ઠી ઝિલહજ્જે આપને વળાવવામાં આવ્યાં.

(બેહારૂલ અનવાર જિલ્દ-૪૩ પેજ-૧૩૬)

હઝરત અલી અલયહિસ્સલામ અને જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા થોડી મુદ્દત એક એવા ઘરમાં રહ્યાં, જે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમથી થોડુંક દૂર હતું. પરંતુ આ છેટું-દૂરનું ઘર પેગંબરે ઇસ્લામને બરદાસ્ત ન હતું. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ઇચ્છતા હતા કે ફાતેમા પોતાની આંખોથી જરાય દૂર ન રહે. એક દિવસ તેમના ઘેર જઇને ફરમાવ્યું: બેટા! મને આ તારૂં ઘર દૂર છે તે સહન થતું નથી. તમને બંનેને મારી નજીક જ વસવાટ કરાવું. ઘર તલાશ કરી, મારી નજીક જ રાખું.

જનાબે ફાતેમાએ કહ્યું: બાબાજાન! હારિસ બિન નોઅમાનથી વાત કરો. કદાચ તે પોતાનું મકાન આપણને આપે. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: હારિસ બિન

નોઅમાન આપણા માટે પોતાનું મકાન છોડીને મારાથી આટલે દૂર ચાલ્યો જાય, મને તો તેને આ બાબત વાત કરતાં શરમ આવે છે.

જ્યારે હારિસ બિન નોઅમાનને આ વાતની ખબર પડી તો પોતે પેગંબરે ઇસ્લામની સેવામાં હાજર થઇ ફરમાવ્યું: અય ખુદાના રસૂલ! હું અને મારો માલ આપના ઇખ્તયારમાં છે. હું ઇચ્છું છું કે અલી અને ફાતેમાને મારૂં ઘર આપી દઉં. તેમનું ઘર હું લઇ લઉં, પછી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફાતેમા-અલીને હારિસના ઘરમાં ફેરવી નાખ્યાં.

(તબકાતે ઇબ્ને સઅદ જિલ્દ-૮ ભાગ-૧ પેજ-૧૪)

# ભાગ-૩ : હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા હઝરત અલી અલયહિસ્સલામના ઘરમાં

## પ્રકરણ-૧ : ઘર સંસાર

જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા બાપને ઘેરથી શોહરના ઘેર આવી ગયાં. પરંતુ આમ ન સમજશો કે તેઓ કોઇ અજનબી (પરાયા) ઘેર ગયાં છે. તેઓ નુબુવ્વતના કેન્દ્રસ્થાનેથી (ઘેરથી) નીકળ્યાં છે. તો હાલ તેમનું ઘર વિલાયતનું કેન્દ્રસ્થાન છે. (અલીનું ઘર) આપ ઇસ્લામના સર-સેનાપતિના ઘેર આવ્યાં છે. તમામ જંગોનો અલમ સંભાળનાર, વઝીરે નુબુવ્વત, ઇસ્લામના મર્દે અવ્વલના (હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના) ખાસ સલાહકારના ઘેર આવ્યા છે. આ નવા મરકઝમાં, નવા ઘરમાં આ આદર્શ ખાતૂનના ખભાઓ ઉપર

ભારે જવાબદારીઓ આવી પડી છે. સાથે કેટલીક રિવાજી ફરજો પણ અદા કરવાની છે. આ જગ્યાએ આવીને આ આદર્શ ખાતૂને મુસલમાન સ્ત્રીઓને ઘર સંભાળવું, પતિની સેવા, અને બાળકોની સંભાળ વગેરેનો સબક આપવાનો છે. તેઓને સચ્ચાઇ, પ્રેમ, હમદર્દીનો સબક શીખવવાનો હતો. જેથી વિશ્વની સ્ત્રીઓ તેમના અસ્તિત્વના ઝરીએ ઇસ્લામની હકીકત અને નૂરાનિયતથી વાકેફગાર થાય.

## ઘર સંભાળવું

વિશ્વનું તે એકમાત્ર જેના બંને સભ્યો એટલે મિયાં-બીબી ગુનાહોથી અને ગૂમરાહીથી મઅસૂમ, સાથે ઇન્સાની ફઝાએલ અને કમાલાતથી ભરપૂર હતાં. આ ઘર વિશ્વમાં ફક્ત એક જ ઘર હતું. તે અલી-ફાતેમાનું ઘર હતું. હઝરત અલી અલયહિસ્સલામ એક મર્દે મોમિનનો સંપૂર્ણ નમૂનો

હતા. જ્યારે હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા એક મોમિના સ્ત્રી તરીકેનું સંપૂર્ણ દૃષ્ટાંત હતાં.

હઝરત અલી ઇબ્ને અબી તાલિબ બાળપણથી જ પેગંબરે ઇસ્લામના ખોળામાં આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સંપૂર્ણ દેખરેખ હેઠળ શિક્ષણ પામ્યા હતા. આપ બેહતરીન ઇસ્લામી અખ્લાક, ઉચ્ચોચ્ચ ફઝાએલ અને કમાલાતના માલિક હતા. જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાએ પણ પોતાના બુઝુર્ગ પિતાના સાનિધ્યમાં તરબીયત પામી હતી. ફાતેમા પણ રસૂલના ખોળામાં ઉછર્યાં હતાં. જેથી આપ પણ ઇસ્લામી અખ્લાકનો એક નમૂનો હતાં. બંને પતિ-પત્નીના કાન બાળપણથી જ કુરઆનથી વાકેફ હતા. કુરઆન સાંભળતા હતા. રાત-દિવસ સ્વયં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી

વસલ્લમની મુબારક જીભથી તિલાવતે કુરઆન સાંભળ્યા કરતાં હતાં. આસમાનથી ગયબી ખબર જે અલ્લાહે પોતાના નબીને જણાવેલ તેનાથી આ બંને મિયાં-બીબી વાકેફ હતાં. ઇસ્લામની જાણકારી આ બંનેને તેના અસલી કેન્દ્રસ્થાનેથી એટલે કે તેના સ્ત્રોતથી મળી હતી. આ બંને પેગંબરની હાજરીમાં ઇસ્લામનો અમલી નમૂનો બની ચૂક્યાં હતાં. કોઇપણ જાતના શક વગર અલી-ફાતેમાના ઘેરથી ઘરેલુ જીવનનો ઉચ્ચ નમૂનો જોવા મળે છે. આ બંનેનું ઘર લિલ્લાહિયત અને હિદાયતનું મરકઝ હતું, કેન્દ્રસ્થાન હતું. બંને મિયાં-બીબી લિલ્લાહિયત સાથે એકબીજાની મદદ કરીને ઘર ચલાવતાં હતાં. ખાનગી જીવનમાં એક બીજાની મદદ કરતાં હતાં. આ જોડું શાદીના પ્રાથમિક દિવસોમાં જ પેગંબરે ઇસ્લામની સેવામાં હાજર થયું. પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને વિનંતી કરી કે યા

રસૂલલ્લાહ! ઘરના ખાનગી કામોને અમારા દરમ્યાન વહેંચી આપો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: ઘરની અંદરના કામો ફાતેમા કરે અને ઘરની બહારના કામો અલી કરે. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા આ સાંભળીને ઘણાં જ ખુશ થયાં કે ઘરની બહારના કામો એમના હિસ્સામાં ન આવ્યાં.

(બેહારૂલ અનવાર જિલ્દ-૪૩ પેજ-૮૧)

આ જ કારણ હતું કે આપે જોયું, ઘરની બહારના મુશ્કેલ કાર્યો હઝરત અલી અલયહિસ્સલામને સોંપાયાં છે તો ઘણાં ખુશ થયાં. ઇસ્લામના મર્દે અવ્વલની એકલોતી સંતાનને કામ કરવામાં કોઇ શરમ ન હતી. વળી એમણે ઘરની અંદરના મુશ્કેલ કામોની જવાબદારી ઉઠાવવાથી પણ હિચકિચાહટ કે આનાકાની ન કરી. બલકે

ઘરના કામોમાં એટલી બધી તકલીફો ઊઠાવતી કે સ્વયં હઝરત અલી અલયહિસ્સલામે આ બાબતમાં ફરિયાદ કરી અને ફાતેમાની ખિદમતને વખાણી.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહિસ્સલામે એક દિવસ પોતાના એક સહાબીને ફરમાવ્યું: શું તમે ઇચ્છો છો કે હું તમારા માટે મારા અને ફાતેમાની હાલતો વર્ણવું. તે એટલું વધુ પાણી ભરી ભરીને લાવતી હતી કે તેમના શરીર ઉપર મશકીયાના નિશાનો પડી ગયાં હતાં. એટલી ચક્કી પીસતાં હતા કે હાથોમાં છાલા પડી જતાં હતાં. ઘરની સફાઇ અને વ્યવસ્થામાં હંમેશા રચી પચી રહેતી હતી. કપડાં ખરાબ થઇ જતાં હતાં. મતલબ કામનો બોજ ફાતેમા ઉપર ખૂબ જ રહેતો હતો. આ જોતાં મેં કહ્યું: આપ પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સેવામાં જઇને કહો તો કદાચ તેઓ આપના માટે કોઇ ખાદીમનો બંદોબસ્ત

ફરમાવી દે. જેથી તે ઘરના કામોમાં તમારી મદદ કરે.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા પેગંબરે ઇસ્લામની ખિદમતમાં ગયાં. જોયું તો રસૂલે ખુદા અસહાબની સાથે કંઇક વાતચીતમાં મશગૂલ છે. આપે પોતાની હાજત રજૂ કરતાં શરમ અનુભવી, જેથી પાછાં ઘરે ચાલી આવ્યાં. પેગંબરે ઇસ્લામ સમજી ગયા કે ફાતેમાને કંઇક હાજત છે તેથી દિવસે વહેલી સવારે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ અમારા ઘેર તશરીફ લાવ્યા. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે સલામ કરી. અમે જવાબ આપ્યો. ઘરમાં આવ્યા પછી અમારી પાસે બેસી ગયા. બેટી ફાતેમા કાલે તમે કેમ આવ્યાં હતાં? ફાતેમાએ પોતાની હાજત રજૂ કરવામાં શરમ અનુભવી. તેથી મેં વિનંતી કરી: યા રસૂલલ્લાહ! પાણી ભરવાથી

ફાતેમાને મશકના બંદના નિશાન પડી ગયાં છે. ચક્કી પીસી પીસીને એમના હાથો ઉપર છાલાં પડી ગયાં છે. ઘરની સફાઇના કારણે એમના કપડાં ધુળવાળા અને ગંદા થઇ જાય છે. ખાવાનું પકાવવાના કારણે એમના પોશાક ઉપર મેલ જામી જાય છે. જેથી મેં જ એમને કહ્યું: આપની સેવામાં જાય, શાયદ એમને આપ કોઇ ખાદિમ યા મદદગાર આપો.

પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: બેટી ફાતેમા! શું હું તમને એવો અમલ ન બતાવું જે ખાદિમથી બેહતર હોય. જ્યારે તમે સૂવાની તૈયારી કરો તો તેંત્રીસ વખત સુબ્હાનલ્લાહ, તેંત્રીસ વખત અલ્હમ્દોલિલ્લાહ, અને ચોંત્રીસ વખત અલ્લાહો અકબર, પઢી લીધા કરો. આ ઝિક્ર ટૂંકો છે. ૧૦૦થી વધારે નથી પરંતુ એના પઢવાથી નામએ આમાલમાં ૧૦૦૦ નેકી લખવામાં આવે છે. બેટી!

જો તમે આ ઝિક્રને દરરોજ પઢો તો ખુદા તમારા દુનિયા અને આખેરત બંનેના કામોને પાર પાડી દે. ફાતેમા સલામુલ્લાહ અલયહાએ જવાબ આપ્યોઃ હું ખુદા અને તેના રસૂલથી રાજી છું.

(બેહારૂલ અનવાર જિલ્દ-૪૩ પેજ-૧૮૨, ૧૮૩)

એક બીજી હદીસમાં આ પ્રમાણે આવ્યું છે કે જનાબ ફાતેમા પોતાની પરેશાનીઓ પોતાના બાબાથી બયાન કરવા ગયાં. શરમને કારણે પાછા ફરી ગયાં. બીજા દિવસે સવારમાં રસૂલે ખુદા જાતે અલી-ફાતેમાના ઘેર પહોંચ્યા. પરેશાની સાંભળી, પછી આંખો માં આંસુ સાથે ફરમાવ્યુંઃ બેટી ફાતેમા! ખુદાની કસમ! ચારસો ફકીર આદમી આ સમયે મસ્જિદમાં રહે છે. જેમની પાસે ન ખોરાક છે ન લિબાસ છે, મને એવો ડર છે કે જો તમારી પાસે કનીઝ આવી ગઇ તો ઘરમાં કામ કરવાનો જે અજ્ર-સવાબ અલ્લાહ તમને આપે છે તે તમારા હાથથી

ચાલ્યો જશે. ત્યાર બાદ રસૂલે ખુદાએ ફાતેમા સલામુલ્લાહ અલયહાને ઉપરોક્ત તસબીહ બતાવી જેને “તસબીહે ફાતેમા” કહેવાય છે.

એક દિવસ પેગંબરે ઇસ્લામ હઝરત ફાતેમાના ઘેર તશરીફ લઇ ગયા. જોયું તો અલી અને ફાતેમા બંને ચક્કી ચલાવી રહ્યાં છે. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પૂછ્યું: તમારામાંથી કોણ વધારે થાકી ચૂક્યું છે? હઝરત અલી અલયહિસ્સલામે કહ્યું: ફાતેમા, યા રસૂલલ્લાહ! જનાબે રસૂલે ખુદા ફાતેમાની જગ્યાએ બેસી ગયા, પછી ચક્કી ચલાવવામાં હઝરત અલી અલયહિસ્સલામની મદદ કરવા લાગ્યા.

(બેહારૂલ અનવાર જિલ્દ-૪૩ પેજ-૫૦)

હઝરત જાબિર કહે છે કે એક વખત જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફાતેમા સલામુલ્લાહ અલયહાને ઘેર ગયા. જોયું તો

જનાબ ફાતેમાએ મામૂલી પોશાક પહેરેલો છે. પોતાના હાથો વડે ચક્કી ચલાવી રહ્યાં છે. સાથે જ આપનું બાળક આપની ગોદમાં લપેટાઇને દૂધ પી રહ્યું છે. આ દૃશ્ય જોઇને આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની આંખોમાં આંસુ ચાલુ થઇ ગયાં. ફરમાવ્યું: "મારી પ્યારી બેટી! દુનિયાની તંગદસ્તી અને પરેશાનીઓ સહન કરો, જેથી આખેરતની નેઅમતોથી ફાયદો ઊઠાવો." બાબાની નસીહતના જવાબમાં જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાએ કહ્યું: યા રસૂલલ્લાહ! હું અલ્લાહ તઆલાની નેઅમતો પર શુક્રગુઝારી કરૂં છું.

તરત જ આ આયત નાઝિલ થઇ.

**"ખુદા કિયામતના દિવસે તમને એટલું આપશે કે તમે રાજી થઇ જશો."**

(બેહારૂલ અનવાર જિલ્દ-૪૩ પેજ-૮૬)

ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું: હઝરત અલી અલયહિસ્સલામ ઘર માટે લાકડીઓ અને પાણી લાવતા, સાથે ઘરની સફાઇમાં પણ મદદ કરતા હતા. અને જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા ચક્કી પીસતાં, આટો ગુંદતા અને રોટલી બનાવતાં હતાં.

(બેહારૂલ અનવાર જિલ્દ-૪૩ પેજ-૧૫૧)

એક દિવસ હઝરત બિલાલ સવારની નમાઝમાં આદતના વિરૂદ્ધ મસ્જિદમાં મોડા પહોંચ્યા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે મોડા આવવાનું કારણ પૂછ્યું: તેમણે વિનંતી કરી, જ્યારે હું મસ્જિદે આવી રહ્યો હતો તો જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના ઘર પાસેથી પસાર થયો. મેં બાળકના રડવાનો અવાજ સાંભળતાં, પૂછ્યું તો ખબર પડી કે આપ ચક્કી પીસી રહ્યાં છે. મેં વિનંતી કરી કે અય દુખ્તરે રસૂલ! આ

બે કામોમાંથી એક કામ મને સોંપી દો. ફરમાવ્યું: બાળકોને બેહલાવી સૂવડાવી દેવાનું-ચૂપ કરવાનું મને બેહતર આવડે છે. જો આપ મદદ કરવા ઇચ્છો તો ચક્કી ચલાવો. મેં ચક્કી ચલાવવાનું મારી જવાબદારીમાં લીધું તેથી મસ્જિદમાં મોડો પહોંચ્યો છું. પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: "તમે ફાતેમા પર રહેમ ખાધી છે. ખુદા તમારી ઉપર રહેમ કરે."

(ઝખાઇરૂલ ઉકબા પેજ-૫૧)

# પ્રકરણ-૨ : પતિપરાયણ નારી

હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની શાદી સમાજના કોઇ સામાન્ય વ્યક્તિને ત્યાં થઇ ન હતી. બલકે ઇસ્લામના મર્દે દુવ્વુમ (બીજા નંબરે) સિપેહસાલાર, સરસેનાપતિ, રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ખાસ સલાહકાર, વજીરના શરીકે હયાત હતાં. પોતાના પતિના આ ઇઝ્ઝતદાર સ્થાનને બરાબર જાણતાં હતાં. ઇસ્લામ પ્રત્યે જેટલા આપના પતિ લાગણીશીલ હતા, આપ પણ એટલાં જ લાગણીશીલ હતાં. જાણતાં હતાં, વળી સમજતાં હતાં કે જો અલીની તલવાર ન હોત તો ઇસ્લામ સહેજે આગળ ન વધી શકત. દુશ્મનો ઇસ્લામ વિરૂદ્ધ સામે ચાલીને જે જંગો લડ્યા, તેમાં અલીની તલવારે દુશ્મનોના દાંત ખાટા કરી દીધા. ઇસ્લામની તરક્કી, લગાતાર યુદ્ધો, મુશ્કેલ સમયગાળો, જેમાં જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા અલીના

ઘેર જિંદગી ગુજારતાં હતાં. લશ્કરે ઇસ્લામને ચોવીસ કલાક તૈયારીની હાલતમાં રહેવું પડતું હતું. એક વર્ષમાં કેટલીયે નાની મોટી જંગો થતી. જનાબ અલી બિન અબી તાલિબ અલયહિસ્સલામ આ બધી જ જંગોમાં શરીક રહેતા હતા.

જનાબ ફાતેમા ઝેહરા પોતાની લાગણીશીલ જવાબદારીઓથી બાખબર હતાં, સાથે પતિના વ્યક્તિત્વ ઉપર પત્નીની અસરો પડે છે. તે પણ જાણતાં હતાં. જાણતાં હતાં કે સ્ત્રીની અસરો ભેદક હોય છે. જો તે પુરૂષની મદદગાર ન બને તો પુરૂષ માયુસ થઇ જાય છે. તેના વ્યક્તિત્વ ઉપર ખરાબ અસર પડે છે. પુરૂષના જીવનમાં ચઢાવ ઉતાર, ખુશકિસ્મતી અને બદબખ્તી મોટા ભાગે સ્ત્રીની વર્તણુંક ઉપર આધારિત છે. આપ આ પણ જાણતા હતા કે ઘર પુરૂષ માટે યુદ્ધની તૈયારી અને આરામની જગ્યા છે. પુરૂષ જ્યારે બહારની પ્રવૃત્તિઓ, હાદસા અને મુશ્કેલાતથી થાકી ઘરે

આવે છે ત્યારે ઘર જ તેના માટે એક પનાહગાહ-આશરો છે. જેથી ઘેરથી તે નવી શક્તિ પ્રદાન કરીને પોતાને બીજા મોરચા માટે-ફરાઇઝની અદાયગી માટે તૈયાર કરે.

આ જ કારણથી ઇસ્લામે પતિના કાર્યોમાં ભાગીદાર બનવાને જેહાદનો દરજ્જો આપ્યો છે.

ઇમામ મૂસા કાઝિમ અલયહિસ્સલામે ફરમાવ્યું: સ્ત્રીનો જેહાદ આ છે કે તે સારી રીતે પતિની ખિદમત કરે.

(વાફી, કિતાબુન્નિકાહ પેજ-૧૪)

ફાતેમા સલામુલ્લાહ અલયહા જાણતા હતાં કે ઇસ્લામનો બહાદુર અને શક્તિશાળી સેનાપતિ મેદાને જંગમાં ત્યારે જીતી શકે છે જ્યારે એ ઘરની અંદરના બધા જ કાર્યોથી આઝાદ હોય, સાથે સાથે પોતાની રફીકે હયાત તરફથી મહેરબાનીઓ અને પ્રોત્સાહન મળી રહેતું હોય, તેને ઘરની, ઘરના મામલાતની ચિંતા

જરાય ન સતાવતી હોય, મેદાને જંગમાં યોદ્ધો ઘર તરફથી બિલકુલ નચિંત હોય, સંપૂર્ણ ઘર સંભાળી લેવાની આવડતવાળી પત્ની હોય તો જ સૈનિક મેદાને જંગમાં બેફિકર બનીને યુદ્ધ લડી શકે છે.

ઇસ્લામના આ અઝીમ સિપેહસાલાર થાકેલા થાકેલા ઘેર આવતા તો પોતાની રફીકે હયાતનો પ્રેમ પામતા, માસુમા આપની કોશિશોની કદર કરતાં. હસતે મુખે આવકારતાં, સારૂં ખાવાનું બનાવીને પેશ કરતાં. પોતાના તરફથી કોઇ ફરિયાદ  કદી ન કરતાં. આપના ઝખ્મો ઉપર મરહમ લગાવીને પાટાપીંડી વગેરે પણ કરતાં. યુદ્ધમાંથી જે પોશાકો લોહીવાળા થઇને આવ્યા હોય તેને ધોઇ નાખતાં. અગાઉ ધોયેલા પોશાકો તૈયાર રાખતાં. વળી આપને પ્રોત્સાહિત કરીને પોતે મેદાને જંગના કિસ્સા સાંભળતાં. વળી ફરી વખત જંગમાં જવા માટે દીને ઇસ્લામના પરચમને લહેરાવવા માટે તૈયાર કરતાં.

કોઇ લેખકની શું તાકાત છે કે અલી-ફાતેમાના જીવનને એ રીતે આલેખી શકે કે જે રીતે એને આલેખવાનો હક છે. આ તો એક પ્રયત્ન માત્ર છે. અલ્લાહ એને કબૂલ કરી લઇ મારી બક્ષિસનો ઝરીયો બનાવી દે.

આપ તો બની હાશિમની પુત્રી હતાં. અબ્દુલ મુત્તલિબના પૌત્રી હતાં. ખદીજા જેવી નેક, બહાદુર, ખુદ્દાર ખાતૂનની પુત્રી હતાં. નબુવ્વત અને ઇમામત એમના ખાનદાનમાં હઝરત આદમ અલયહિસ્સલામથી ચાલતી આવતી હતી. ખુદાની મખલૂક ઉપર ખર્ચ કરવો, લોકોને ખવડાવવું, આ ખાનદાનની ઓળખ હતી. ફાતેમા સલામુલ્લાહ અલયહા એવી ખાતૂન ન હતાં કે પોતાના ઘરની જિંદગી સિવાય બહારની જિંદગીથી બેતઅલ્લુક રહે. બલકે ઇતિહાસ કહે છે કે આપ ઘરથી બહાર ઇસ્લામી તેહરીકના એકેએક મામલાતથી પણ બાખબર રહેતાં

હતાં. ખાસ કરીને જંગ અને જેહાદના મામલામાં ખૂબ જ ધ્યાનથી રસ લેતાં. આજે યુદ્ધ મોરચે કઇ ટુકડી ગઇ, કઇ દિશામાં કોની સાથે ગઇ. બાબાજાને આજે કયા દેશના બાદશાહને ઇસ્લામની દઅવત અંગે આમંત્રણ આપ્યું. કયા ઇલાકામાંથી આજે કેટકેટલા માણસો મુસલમાન થઇને ઇસ્લામ શીખવા મદીના આવ્યા. આવતી કાલે કયા કયા કબીલાના ડેપ્યુટેશનો પોતાના બાબાજાનને મળવા આવવાના છે. પુરી ઇસ્લામી ચળવળથી જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા માહિતગાર રહેતાં હતાં. અમૂક વખત તો આપે મેદાને જંગમાં હાજરી આપી છે. વળી અનેક વખત પેગંબરે ઇસ્લામે પોતે બેટા ફાતેમા! તમે ચાલી જાવ. હસન-હુસૈન ઘણાં નાના છે. હજી યુદ્ધની તકલીફો સહન કરી લે એવી એમની ઉમર નથી, ત્યારે બાબાનો હુકમ માનીને આપ યુદ્ધના મેદાનેથી પાછાં ફર્યાં છે.

આપની એક પોઝીશન હતી. આપની એક વેલ્યુ હતી, જે પોઝીશન, જે વેલ્યુ વિશ્વની કોઇપણ સ્ત્રીની ન હોઇ શકે. વિશ્વના સરદાર, અંબીયાના સરદાર, મેહબૂબે ઇલાહીની પ્યારી એકલોતી દુખ્તર, વળી અવસિયાના બાપ, નબીના કાકાના દીકરા, ઇસ્લામના યોદ્ધાની અહલીયા-રફીકે હયાત. અલ્લાહના રસૂલનું સ્પષ્ટ એલાન છે કે મારી ફાતેમા જન્નતની સ્ત્રીઓની સરદાર છે.

ઇતિહાસ કહે છે કે જંગે ઓહદમાં જનાબે ફાતેમાએ પોતાના બાબાજાનનો લોહીથી લથપથ ચેહરો જોયો તો આપને બાઝી પડી રડવા લાગ્યાં. રસૂલના મુબારક ચહેરા પરથી ખૂન સાફ કર્યું. અમીરૂલ મોઅમેનીન પાણી લાવ્યા, અને જનાબે ફાતેમાએ બાબાજાનના ચેહરાને ધોયો. પરંતુ લોહી બંધ થતું ન હતું. છેવટે જનાબે ફાતેમાએ ચટાઇના એક ટૂકડાને સળગાવ્યો પછી તેની ખાકને ઝખમ ઉપર

લગાવી દીધી ત્યારે ખૂન બંધ થયું. (જુઓ અન્સાબુલ અશરાફ ભાગ-૧ પેજ-૩૨૪)

કિતાબોમાં લખ્યું છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ જંગે ઓહદથી પાછા ફર્યા ત્યારે આપે પોતાની તલવાર શહેઝાદી ફાતેમાને આપી અને ફરમાવ્યું: બેટા આ તલવાર ધોઇ આપો. હઝરત અલી અલયહિસ્સલામે પણ પોતાની તલવાર શહેઝાદીને આપી અને કહ્યું: મારી તલવાર જરા ધોઇ આપો. (જુઓ સીરતે ઇબ્ને હિશ્શામ ભાગ-૩ પેજ-૧૦૬)

શેહઝાદી પોતાના પતિની હિંમત અફઝાઇ કર્યા કરતાં. હઝરત અલીને પ્રોત્સાહિત કરતાં. તેમની કુરબાનીઓના વખાણ કરતાં. આ રીતે અલીનો થાક ઓછો કરી તેમના મગજને શાંતિ બક્ષતાં વળી નવી જંગ માટે તૈયાર કરતાં. પોતાની દેખાવ વગરની અલ્લાહ વાસતેની મહબ્બત દ્વારા થાકેલા પતિને

શાંતવના આપતાં. સ્વયં હઝરત અલી અલયહિસ્સલામ પોતે ફરમાવતા હતા કે "જ્યારે હું ઘેર પાછો ફરતો અને ઝેહરાને જોતો તો મારો તમામ થાક અને ગમ દૂર થઇ જતો."

(મનાકિબે ખ્વારઝમી પેજ-૧૦૬)

જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા હઝરત અલી અલયહિસ્સલામની ઇજાઝત વગર ઘેરથી બહાર કદમ રાખતાં ન હતાં. કદીપણ આપે જનાબે અલી અલયહિસ્સલામને નારાજ કર્યા નથી. આપ જાણતાં હતાં, ઇસ્લામ કહે છે:

"જે સ્ત્રી પોતાના પતિને નારાજ કરે, ખુદાવંદે આલમ તેની નમાઝ અને રોઝાને કબૂલ કરતો નથી, ત્યાં સુધી કે તેનો પતિ તેનાથી રાજી ન થઇ જાય.

(વાફી કિતાબુન્નિકાહ પેજ-૧૧૪)

આપ તો મઅસૂમ છે. અલ્લાહે આ લોકોને ગુનાહોથી પાક-પાકીઝા રાખેલ છે. જેથી જૂઠ બોલવું,

ખયાનત કરવી, હુકમનો વિરોધ વગેરે ગુનાહો શેહઝાદીથી અમલમાં આવે તે તો શક્ય જ નથી. તમામ ગુનાહોથી અલ્લાહે એ રૂહોને પાક-પાકીઝા કરેલ છે.

હઝરત અલી અલયહિસ્સલામ ફરમાવે છે કે મેં કદી એવું કાર્ય નથી કર્યું જેનાથી ફાતેમા ગુસ્સે થયાં હોય, નારાજ થયાં હોય, વળી ફાતેમાએ પણ કદી મને નારાજ નથી કર્યો.

(મનાકિબે ખ્વારઝમી પેજ-૨૫૬)

હઝરત અલી અલયહિસ્સલામે જનાબે ઝેહરાની જિંદગીની છેલ્લી ઘડીઓમાં આ વાતનો ઇકરાર કર્યો છે અને આ વાત ઇતિહાસે સુવર્ણ અક્ષરે નોંધેલી છે. હઝરત ફાતેમા ઝેહરાએ પોતાની જિંદગીની આખરી ઘડીઓમાં હઝરત અલી અલયહિસ્સલામને કહ્યું: અય ઇબ્ને અમ્મ! આપે કદી મને જુઠું બોલનારી અને ખિયાનત કરનારી નથી જોઇ.

જ્યારથી આપે મારી સાથે જિંદગી શરૂ કરી છે, મેં કદીપણ ગમે તેવા મુશ્કેલ સંજોગોમાં પણ આપના હુકમોની અવગણના નથી કરી.

હઝરત અલી અલયહિસ્સલામે જવાબમાં ફરમાવ્યું: અય દુખ્તરે પેગંબર! મઆઝલ્લાહ શક્ય જ નથી કે આપે મારા ઘરમાં કોઇ બેઉસૂલી કરી હોય કારણ કે આપનું ખુદાને ઓળખવું, ખુદાની પેહચાન, નેક નિય્યતિ, પરહેઝગારી, બુઝુર્ગી વગેરે મરતબાઓ એટલા બુલંદ છે કે મારે કોઇપણ પ્રકારના એતેરાઝની ગુંજાઇશ જ નથી. મારી અઝીઝ રફીકે હયાત! આપથી જુદાઇ-વિદાય મારા માટે અત્યંત દુ:ખદાયક છે, પરંતુ મોતથી કોઇને રોકી શકાતું નથી.

(બેહારૂલ અનવાર જિલ્દ-૪૩ પેજ-૧૯૧)

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઇબ્ને અબી તાલિબ અલયહિસ્સલામ ઘરની અંદરની પરિસ્થિતિ, ઘરના તમામ પ્રકારના મસાએલથી સંપૂર્ણ

રીતે બેફિકર હતા. વળી શેહઝાદી આપની હિંમતમાં વધારો કરતા હતાં, જેથી આપની જિંદગી આટલી વધારે કામ્યાબ અને ફતેહમંદ બની રહી.

વહાલા વાંચકો! આમ ન સમજશો કે હઝરત અલી બિન અબી તાલિબ અલયહિસ્સલામ એવા સ્વાર્થી પુરૂષમાંથી હતા, જેઓ પોતાની પત્ની પાસેથી તો હજારો પ્રકારની આશાઓ રાખતા હોય છે, પરંતુ એમ સમજતા હોય છે કે પોતાની ઉપર તો જાણે કોઇ જવાબદારી જ નથી. પોતાને પત્નીનો હાકેમ સમજતા હોય, ઓરત તો જાણે ખરીદેલી ગુલામ હોય, ના, હરગિઝ આ પ્રકારે ન હતું. હઝરત અલી અલયહિસ્સલામ જાણતા હતા કે જ્યારે તેઓ જંગના મેદાનમાં તલવાર સાથે યુદ્ધ લડતા હોય છે, બિલકુલ તે જ વખતે આપની શરીકે હયાત પણ ઇસ્લામના આંતરિક મોરચે જેહાદમાં જ લાગેલાં છે. એમની ગેરહાજરીમાં બધા જ ઘરના અને બહારના કાર્યો

હઝરત ફાતેમાના ઝિમ્મે હતાં. જે શેહઝાદી સંભાળતાં. ખાવાનું પકાવવું, કપડાં ધોવા, બાળકોની સારસંભાળ અને તરબિયત કરવી વગેરે કાર્યો કરતાં. દુષ્કાળ અને તંગી જેવી પરિસ્થિતિમાં વળી જંગ પણ ચાલુ હોય તો આ બધાં કાર્યો કેટલાં મુશ્કેલ બની જતાં હોય છે, તેનો ખ્યાલ તો જે કરતું હોય તેને જ આવે. રસૂલની મદની જિંદગી તો જંગોથી ભરપૂર છે. પોતાના શોહર તો વળી અલમ સંભાળનાર સેનાપતિ હતા. આ પરિસ્થિતિમાં આવા સખત સમયગાળામાં જિંદગીની જરૂરિયાત, ખોરાક વગેરે પેદા કરવું, તૈયાર કરવું અને મેદાને જંગમાં ગયેલા પતિ માટે ચિંતા કરવી, અલ્લાહથી જંગની કામ્યાબી માટે દુઆ કરવી. ફાતેમા ફાતેમા હતાં. વિશ્વની કોઇપણ સ્ત્રી શેહઝાદીની તોલે ન આવે. મારી કલમ શેહઝાદીના ગુણો લખવાને કાબિલ જ નથી, આજીઝ છે. અલ્લાહ મને માફ ફરમાવે.

ટૂંકમાં ઘરના બધા જ કાર્યો-વ્યવસ્થાઓ પતિની મદદ વગર અથવા પતિની ગેરહાજરીમાં સંભાળવી, તેને ચલાવવું એક હુકુમતને ચલાવવાથી જરાપણ કમ નથી. હુકુમત પાસે તો નોકરો-કારકુનો પણ હોય છે.

હઝરત અમીરૂલ મોઅમેનીનને આ વાતનો પૂરેપૂરો ખ્યાલ હતો. જેથી આપ ઘરના આ મુજાહિદની દીલજૂઇ ફરમાવતા, આશ્વાસનના શબ્દો કહેતા, જ્યારે આપ ઘરમાં દાખલ થતા તો ઘરમાં વીતી ગયેલા વખતના બનાવો બાબત શેહઝાદીને સવાલ કરતા, જાણકારી મેળવતા, શેહઝાદીને પેશ આવેલી મુસીબતો બાબત પ્રશ્નો કરી જાણકારી મેળવી હિંમત આપતા. સંતોષ વ્યક્ત કરતા. વિશ્વની તમામ ઇન્સાનિયત માટે આ યુગલ એક આદર્શ હતું. એક નમૂનો હતું. પોતપોતાની ફરજોના પાબંદ હતાં. ઇસ્લામના ઉચ્ચોચ્ચ અખ્લાકના નમૂના હતા.

શું પેગંબરે ઇસ્લામે (જો વાચકોને યાદ હોય તો) શાદીની પ્રથમ રાત્રિએ આ પ્રમાણે ફરમાવ્યું હતું કે અય અલી! તમારી બીવી વિશ્વની સ્ત્રીઓમાં સૌથી બેહતર છે. અને ફાતેમા સલામુલ્લાહ અલયહાથી આમ કહ્યું હતું કે બેટા! તમારો પતિ વિશ્વના તમામ પુરૂષોમાં સૌથી બેહતર છે.

આ તો રસૂલુલ્લાહની હદીસ છે.

(બેહારૂલ અનવાર ભાગ-૪૩ પેજ-૧૩૨)

પેગંબરે ઇસ્લામે આમ ફરમાવ્યું કે જો અલી ન હોત તો ફાતેમા માટે કોઇ લાયક હમસર (હમ રૂતબા, બરાબરીનો) ન હોત.

(કશકુલ ગમ્મા ભાગ-૨ પેજ-૯૮)

શું સ્વયં હઝરત અલી અલયહિસ્સલામ એ શાદીની પ્રથમ રાત પછીની સવારે પેગંબરે ઇસ્લામની ખિદમતમાં આવી આ પ્રમાણે અરજ કરી હતી કે યા

રસૂલલ્લાહ! ફાતેમા અલ્લાહની ઇતાઅતમાં મારી બેહતરીન મદદગાર અને સાથી છે.

(દલાઇલુલ ઇમામા પેજ-૭)

**હવે આ પ્રકારની હિદાયતની એક છેલ્લી જરૂરી વાત-હદીસ :**

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા પોતાના વાલિદે ગિરામી સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમથી રિવાયત કરે છે કે તેમણે ફરમાવ્યું: તમારામાં બેહતરીન મર્દ તેઓ છે જેઓ પોતાની પત્નીઓ ઉપર વધારે એહસાન કરે છે, વધારે મહેરબાનીઓ કરે છે.

(બેહારૂલ અનવાર જિલ્દ-૪૩ પેજ-૧૧૭)

# પ્રકરણ-૩ : બાળકોની પરવરિશ

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની ભારે જવાબદારીઓમાંથી એક જવાબદારી બાળકોની પરવરિશ હતી. આપથી પાંચ બાળકોની નેઅમતે ખુદા નાઝિલ થઇ.

હસન, હુસૈન, ઝયનબ, ઉમ્મે કુલસુમ અને મોહસિન અલયહેમુસ્સલામ.

આપના પાંચમાં ફરઝંદ જેમનું નામ મોહસિન હતું, તેમની શહાદત થઇ, તે પણ માના પેટમાં. ઝાલિમોના ઝુલ્મથી મોહસિન આ દુનિયામાં આવ્યા નથી. જેથી આપના બે બેટા અને બે બેટીઓ રહ્યાં. આપના ફરઝંદો સામાન્ય વ્યક્તિઓ નથી. બલકે આ તકદીરનો ફેંસલો હતો કે પેગંબરનો વંશ ફાતેમા સલામુલ્લાહ અલયહાથી ચાલશે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: ખુદા અંબિયાની ઝુર્રીયત (વંશવેલા) ને સ્વયં તેઓની પીઠમાંથી પેદા કરે, પરંતુ મારી વંશને અલી અલયહિસ્સલામની સુલ્બમાંથી (પીઠમાંથી) નક્કી કરી છે. જેથી હું અવલાદે ફાતેમાનો બાપ છું.

(મનાકિબે ઇબ્ને શહર આશુબ ભાગ-૩ પેજ-૨૮૭)

અલ્લાહે આ વાત નક્કી કરી દીધી હતી કે દીનના પેશવાઓ પેગંબરે ઇસ્લામના ખલીફાઓ-વસીઓ હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની પાક-પાકીઝા નસ્લથી પેદા થાય, આ કારણથી હઝરત ફાતેમાની એક સંગીન ઝિમ્મેદારી બાળકોની પરવરિશ હતી.

"બાળકોની તરબીયત" (શિક્ષણ-પ્રશિક્ષણ) એક નાનો શબ્દ છે. પરંતુ એનો અર્થ ઘણો જ ગહન છે, વિશાળ છે. જેની વિશાળતાની કોઇ સીમા નથી.

શાયદ કેટલાક લોકો વિચારે કે બાળકોની પરવરિશનો મતલબ ફક્ત આ છે કે બાપ બાળકોની જરૂરિયાતે જિંદગીને પૂર્ણ કરે અને મા તેમનો પોશાક બદલાવે, તેમના માટે ખાવાનું બનાવે, તેમના કપડાં ધુએ. આ જવાબદારીઓ સિવાય મા-બાપ ઉપર બાળકોની કોઇ જવાબદારી નથી?

પરંતુ ઇસ્લામ ફક્ત આટલી હદ સુધી જ સંતોષ નથી પામતો કે બસ આટલું પૂરતું છે. બલકે મા-બાપને એક મોટા ફરીઝાના ઝિમ્મેદાર માને છે. ઇસ્લામ બાળકોના સંપૂર્ણ વ્યક્તિત્વને મા-બાપને હવાલે ફરમાવે છે. મા-બાપની તરબીયત-પરવરિશ-દેખભાળ આગળ જતાં બાળકનું વ્યક્તિત્વ બને છે.

મા-બાપની બધી જ હરકતો, ચાલ ચલગત, બોલચાલ, હાથ કે આંખના ઇશારા, વાતચીત, આ બધું જ નાના બાળકની નાજુક રૂહ ઉપર અસર

નાખે છે. પ્રભાવ પાડે છે. દરેક બાળક પોતાના વાલિદૈનનો વ્યવહાર, બોલચાલ, વગેરેનો આયનો હોય છે.

વાલિદૈનની જવાબદારી છે કે ખૂબ જ ગંભીરપણે બાળકના ભવિષ્યનો ખ્યાલ રાખે અને આ બાબત જાગૃત રહે કે તેમનું બેગુનાહ બાળક (જેને ખુદાએ સારી ફિતરતથી દુનિયામાં મોકલ્યું છે) બગડી ન જાય, ખરાબ ન થઇ જાય.

હઝરત ફાતેમા ઝેહરા જેણે પોતે પણ તે દામનમાં ઉછેર પામ્યાં હતાં, તે ખોળામાં આંખ ખોલી હતી જે ખોળામાં વહી નાઝિલ થતી હતી. ઇસ્લામે સૂચવેલા તરબીયતના સિદ્ધાંતોથી ગાફિલ ન હતાં. આપ બખૂબી જાણતાં હતાં કે દૂધ પાતી મા પોતાના બાળકનો હોઠ ચૂમે છે, ત્યાંથી લઇને માની તેની તમામ હરકતો, કાર્યો, ઊઠવું, બેસવું, બોલવું, ચાલવું, બધું જ નાના બાળકની રૂહ ઉપર અસર કરે

છે. આપ જાણતાં હતાં કે એમને તો ઇમામોની તરબીયત કરવાની છે. એવા બેહતરીન નમૂના સમાજને પૂરા પાડવાના છે જે ઇસ્લામની હકીકતને જાણતા હોય, ઇસ્લામ તેમના ચહેરામાં દેખાતો હોય. જેમના અસ્તિત્વ માત્રથી કુરઆનની જાણકારી પ્રાપ્ત થઇ જાય. આ કામ સહેલું ન હતું.

ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા જાણતાં હતાં કે એમને હુસૈન જેવા ઇમામની તરબીયત કરવાની છે, જેઓ જરૂરત પડવા પર ઇસ્લામ ઉપર પોતાની અને પોતાના અઝીઝોની જાનો ન્યોછાવર કરી દે. ઇસ્લામનું રક્ષણ કરી શકે, ઝુલમો સિતમનો મુકાબલો કરે. પોતાના અને અઝીઝોના ખૂનથી ઇસ્લામના વૃક્ષને તરબોળ કરી દે.

આપ જાણતાં હતાં કે એમણે ઝયનબ અને ઉમ્મે કુલસુમ જેવી નેક બેટીઓની તરબીયત

કરવાની છે, જેઓ પોતાના જોશીલા ખુતબાઓ દ્વારા બની ઉમય્યાના ઝાલિમ હાકેમોને બેઇઝ્ઝત કરે. તેમના શરમજનક ધ્યેયોને ઊઘાડા કરે, ફાતેમાએ પોતાના ઘરના મદ્રસામાં ઝયનબને બહાદુરીનો અને બલિદાનનો સબક શીખવ્યો, જેથી તેઓ યઝીદની ઝાલિમ હુકુમતથી ભયભીત ન થાય, પ્રભાવિત ન થાય. આપે પોતાના આગઝરતા ખુતબાઓ દ્વારા દોસ્ત અને દુશ્મન બંનેને રડાવ્યા. બની ઉમય્યાના ઝુલમો અને પોતાના ભાઇની મઝલૂમિયતને સ્પષ્ટ કરી.

આપ જાણતાં હતાં કે એમણે ઇમામ હસન જેવા સહિષ્ણુ અને સહનશીલ ફરઝંદની તરબીયત કરવાની છે, જેઓ ઇસ્લામને પેશ આવનાર નાજુક સમયમાં લોહીનો ઘુંટ પી જાય, ઇસ્લામની મસલેહત (છુપાયેલો ઉદ્દેશ્ય, રહસ્ય, એવી છુપાયેલી ભલાઇ અને યુક્તિ જે જલ્દી ન સમજાય) જેમાં ઇસ્લામનું

રક્ષણ થાય, ઇન્કિલાબ માટે જમીન તૈયાર થાય તે માટે ખામોશ રહે. એવા ઇમામની તરબીયત કરવાની હતી કે જે મઆવિયા સાથે સુલેહ કરીને વિશ્વની ઇન્સાનિયત ઉપર આ વાત સ્પષ્ટ કરી દે કે શક્ય હોય ત્યાં સુધી ઇસ્લામ જંગ ઉપર સુલેહને મહત્વ આપે છે. આ સુલેહના ઝરીઆથી મઆવિયાનું જનસાધારણને છેતરવું, રિયાકારી અને ધોકાધરીને ખુલ્લી પાડે.

આવી ઉત્તમ દર્સગાહ હતાં જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા. જનાબે ફાતેમા તે સ્વાર્થી અને નિમ્ન કક્ષાની ખાતૂન ન હતાં જેમને ઘરનું વાતાવરણ નાનું દેખાય. જેથી જહાલત ભરી ઊંચી ઉડાનો પર ઉડવા ઘરની બહાર નીકળી જાય. જેમકે અર્વાચીન સ્ત્રીઓ પોતાનું કેરિયર બનાવવાના સોહામણાં નામથી બજારનું રમકડું બની ગયેલ છે. આપની દૃષ્ટિમાં ઘર એક ઘણું જ વિશાળ મરકઝ

હતું. તેઓ એને ઇન્સાન બનાવવાનું એક મોટું કારખાનું સમજતાં હતાં.

હઝરત ફાતેમા સ્ત્રી હોવાના કારણે પોતે લઘુતાગ્રંથીથી પીડાતાં ન હતાં. (ચાલુ જમાનાની સ્ત્રીઓ ભણેલી અને ડિગ્રી પામેલી હોવા છતાં લઘુતાગ્રંથીથી પીડાઇ રહી છે.) બલકે સ્ત્રીને એક ઉચ્ચ મુકામની માલિક સમજતાં હતાં. આપ પોતાનામાં આ કાબેલિયત જોતાં હતાં જેથી અલ્લાહે દીનના પેશવાઓની તરબીયત આપને સોંપી.

## પ્રકરણ-૪ : શિક્ષણ પ્રશિક્ષણની ઉચ્ચ દર્સગાહ

જનાબે ફાતેમાના ઘરમાં બાળકોની ઇસ્લામી તરબીયતના માટે એક આદર્શ દર્સગાહની બુનિયાદ નાખવામાં આવી. આ દર્સગાહ ઇસ્લામના મર્દે દુવ્વુમ અને ખાતૂને અવ્વલ એટલે કે હઝરત અલી મુરતઝા અને જનાબે ફાતેમા ચલાવતાં હતાં. સાથે ઇસ્લામના મર્દે અવ્વલ પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ આ બધાની દેખરેખ રાખતા હતા. આ દર્સગાહના તરબીયતી ઉસૂલ-શિક્ષણ-પ્રશિક્ષણના સિદ્ધાંતો સાથે બંધારણ સીધું અલ્લાહ તરફથી ઊતરતું હતું. પછી આ તરબીયતનું શું પૂછવું.

આ જગ્યાએ ઘણાં જ અફસોસ સાથે અમે લખવા પર મજબૂર છીએ કે આ આદર્શ પ્રોગ્રામની બારીક વાતો આપણાથી છુપી રહી. એક વાત તો

આ હતી કે તે સમયના મુસલમાનોનું વિચારવાનું સ્તર બહુ ઉચ્ચ નહોતું. ઘણી જ ગરીબ, બદ્દુ અને પછાત કોમો હતી. તેઓને આ તરબીયતી કાર્યોનું મહત્વ પણ જે પ્રમાણે સમજાવું જોઇએ તેવું સમજાતું ન હતું. તેઓ પેગંબરે ઇસ્લામ, હઝરત અલી અને હઝરત ફાતેમાની ચાલચલન અને કાર્યપદ્ધતિ ઉપર જો બરાબર દૃષ્ટિ જમાવી તેને સાચવી શકયા હોત, નોંધી શક્યા હોત, વળી અન્યો સુધી પહોંચાડી શક્યા હોત તો મહામૂલો ખજાનો આપણને વધુ ઉપયોગી થઇ પડત.

બીજી વાત બાળકોની તરબીયતના કાર્યો મોટા ભાગે ઘરમાં થતાં હોય છે. વળી આ લોકોનો દરજ્જો એટલો ઉચ્ચ હતો જ્યાં ફરિશ્તાઓનો નુઝૂલ થતો હતો. જ્યાં તારા તૂટીને પડતા હતા. બે જહાંના સરદારની શેહઝાદીનું ઘર હતું. જ્યાં સવાર સાંજ બે વખત બે જહાંના સરદાર પોતે હાજરી આપવા જતા

હતા. સલામ કલામ કરતા હતા. પ્યારી બેટી શેહઝાદી ફાતેમા અને હસન-હુસૈનની ખબર પૂછતા હતા. આ ઘરની ખાનદાની શરાફતનું સ્તર ઘણું જ ઉચ્ચ હતું. સામાન્ય માણસોથી તો એમાં ડોકિયું પણ ન થઇ શકે. જેથી આ ઘરના વધારે કાર્યો અન્યોથી અજાણ રહેતાં હતાં.

ટૂંકમાં હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની તરબીયતનો પ્રોગ્રામ તે જ પ્રોગ્રામ છે જે કુરઆને કરીમ, અહાદીસે રસૂલ અને અઇમ્માની રિવાયતોમાં વર્ણન થયેલ છે.

## પ્રથમ સબક : મહબ્બત

ઘણાં બધા લોકો એમ સમજે છે કે બાળકોની તરબીયતની શરૂઆત તે ભલું-બુરૂં ઓળખતો થાય ત્યારથી થાય છે. મતલબ તેનામાં ચીજોની તમીઝ કરવાની સમજ આવી જાય. તે

અગાઉ બાળકની તરબીયત અસરકારક નથી હોતી. પરંતુ આ ખ્યાલ દુરસ્ત નથી. બલકે બાળક મા ના પેટમાં હોય છે ત્યારથી તરબીયત પામતું થઇ જાય છે. ગાયબાના તરબીયત પામે છે. અદ્દશ્ય હાલતમાં તે કેળવણી પામતું થાય છે. મા-બાપની ઘરની હરકતો અવાજો પણ માના પેટનું બાળક ઝીલતું થઇ જાય છે. ખુશી, ગમ, રાહત, તકલીફ વગેરેની અસર બાળક માના પેટમાં હોય ત્યારથી ગ્રહણ કરે છે. જ્યારે બાળક જન્મ પામે છે ત્યારે તો તેની આંખો અને મગજ બંને કામ કરતાં થઇ જાય છે. બાળક જે કંઇ સારૂં કે ખરાબ જુએ છે, એની આંખોનો કેમેરો ચિત્રો ગ્રહણ કરે છે. આ ચિત્રો તેના મગજ ઉપર કોમ્પ્યુટરની જેમ સેવ થઇ જાય છે. વૃદ્ધાવસ્થામાં પણ વ્યક્તિ પોતાના બાળપણમાં સેવ થયેલા ચિત્રો જોઇ શકે છે.

બાળક મા ના પેટમાં હોવા સાથે મા ના માનસ ઉપર થતી બધી અસરો બાળક ઉપર પડે છે. જો ઘરમાં પતિ-પત્નીના ઝઘડા હોય અને સાસુ-વહુના ઝઘડા હોય, તો આ કંકાસની અસરો મા ના પેટમાં બાળક ઝીલે છે. તે ખુશમિઝાજ પેદા થતું નથી, માટે જરૂરી છે કે સગર્ભાવસ્થામાં મા એ આનંદિત રહેવું જોઇએ. [જુઓ અમારી મજાલિસની કિતાબ તરબીયતે અવલાદ અને ફરાઇઝે વાલિદૈન ૬ મજાલિસ ભાગ-૧ અને ભાગ-૨]

મનોવિજ્ઞાનના નિષ્ણાંતોનું કહેવું છે કે બાળક નાનું હોય ત્યારે એ પ્રેમનું મોહતાજ છે. બાળક ઇચ્છે છે કે તેના મા-બાપ, દાદા-દાદી તેની સાથે હદથી વધારે મહબ્બત રાખે, એને શિક્ષા ન કરે, એને રોકે ટોકે નહિ. એને એવી ફિકર નથી હોતી કે તે મહેલમાં રહે છે કે ઝૂંપડીમાં, ગરીબ છે કે

માલદાર. તેનો ખોરાક અને કપડાં ઉચ્ચ પ્રકારના છે કે ઊતરતી કક્ષાના છે.

માનો પ્રેમભર્યો ખોળો અને બાપનો નિ:સ્વાર્થ પ્યાર બાળકને જોઇએ છે. આ વસ્તુ તેને અન્યો ઉપર પ્યાર મહબ્બત કરવા માટે તૈયાર કરે છે. આ પ્રેમ બાળકને ડર-ખોફ, અને કમજોરીથી છૂટકારો આપે છે. જીવન જીવવા માટે તેની ઉમ્મીદોને કામ્યાબ કરે છે. બાળક સારા અખ્લાકવાળું અને હસમુખું, દયાળુ, ઉદાર અને બુદ્ધિશાળી બને છે. જો મા-બાપ તરફથી પ્રેમ ન મળે, મા-બાપના ઝઘડતાં રહે તો બાળકો પણ એકાંત પ્રિય, ખૂણામાં બેસી રહેનારાં બને છે. પ્રેમ બાળકમાં હિંમત બક્ષે છે. પોતાના વ્યક્તિત્વને બાળક ઓળખે છે.

આવું બાળક જેને ઓછી મહબ્બત મળી હોય તે સામાન્ય રીતે ડરપોક, શર્મીલું, કમજોર અને

બદગુમાન (શક કરનારૂં) ખૂણો પકડનારૂં (એકાંતપ્રિય), કોઇપણ વાતમાં શોખ ન ધરાવનારૂં બની શકે છે. કેટલીક વખત બીમાર પણ બની શકે છે. જે બાળકોને બિલકુલ મહબ્બત ન મળી હોય, સખ્તાઇ જ જોઇ હોય, ઝુલમ જ જોયો હોય તો આવાં બાળકો પોતાના રદ્દે અમલ તરીકે, પોતે બેપરવા બની જઇ ગુનાહિત કાર્યો તરફ, ચોરી, મારધાડ, કતલ જેવા ગુનાહો તરફ પણ વળી જવા સંભવ છે. જેથી બાળકથી મહબ્બત અને પ્રેમ તેની એક જરૂરત સમજવામાં આવે છે.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાના ઘરમાં સંપૂર્ણ રીતે આ બાબતનો ખ્યાલ રાખવામાં આવતો હતો. બલકે બાળકોને આ સબક આપવામાં આવતો હતો. પેગંબરે ઇસ્લામે અમલ કરીને પોતાની દુખ્તરે અઝીઝને આ સબક શીખવ્યો હતો.

રિવાયત છે કે ઇમામ હસન અલયહિસ્સલામ પેદા થયા તો આપને એક પીળા રંગના કપડામાં લપેટીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ખિદમતમાં લાવવામાં આવ્યા. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: શું મેં તમને કહ્યું ન હતું કે નવજાત શિશુને પીળા રંગના કપડામાં ન લપેટો? ત્યાર બાદ આ પીળું કપડું કાઢી નાખવામાં આવ્યું અને સફેદ કપડામાં લપેટવામાં આવ્યું. આપે ઇમામ હસનને ખોળામાં લીધા, ચૂમ્યા, ખુબ જ પ્રેમ કર્યો. આ જ અમલ આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ઇમામ હુસૈન અલયહિસ્લામ સાથે પણ કર્યો. ફરમાવ્યું: તમે ગમે તે પરિસ્થિતિમાં હોવ, સબર અને હિંમત રાખો પરંતુ નાના બાળકો સાથે ખૂબ જ પ્યાર કરો.

(બેહારૂલ અનવાર જિલ્દ-૪૩ પેજ-૨૪૦)

મશહૂર રિવાયત છે, બલકે આ ઘટના એકથી વધુ વખત પેશ આવી છે. એક દિવસ પેગંબરે ઇસ્લામ મસ્જિદે નબવીમાં બાજમાઅત નમાઝમાં મશગૂલ હતા. જ્યારે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ સિજદામાં જતા ઇમામ હુસૈન અલયહિસ્સલામ આપની પીઠ ઉપર ચઢી જતા. પછી પોતાના પગો હલાવતા. મતલબ ઘોડો ચલાવતા હોય એમ કરતા. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ સિજદામાં વાર લગાડી હુસૈનને ધીમે રહીને ઉતારવાનું ઇચ્છતા. પછી આપ બીજી વખત સિજદામાં જતા તો આપ બીજી વખત પણ નાનાની પીઠ ઉપર ચઢી જતાં. રસૂલ સિજદાને લાંબો કરતા. ધીમે રહીને હુસૈનને ઊતરી જવા દેતા. પરંતુ બાળકને ન ઠપકારતા કે ન ગુસ્સો કરતા. અસહાબ ફરમાવે છે કે એક વખત આ જ પરિસ્થિતિમાં પેગંબરે ઇસ્લામે નમાઝ પૂરી કરી.

એક યહૂદી જે આ દૃશ્ય જોઇ રહ્યો હતો. [મસ્જિદે નબવી કિબ્લા રૂખ હતી. સહેન પછીનો ભાગ ખુલ્લો હતો. જમીનથી થોડીક ઊંચી હતી. કિબ્લાની દિશામાં નમાઝીઓની પીઠ તરફ ઊભેલા લોકો કે બેઠેલા માણસો મસ્જિદમાં અંદર સુધી જોઇ શકતા. જ્યાં ઇમામ ઊભો રહે છે. મિમ્બરની બાજુમાં ઇમામની જમણી દિશામાં મસ્જિદે નબવીમાં એક દરવાજો હતો. તે દરવાજેથી દાખલ થતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો હુજરો મુબારક પડતો. પછી ત્યાંથી બીજા ઓરડાઓ (હુજરાઓ) શરૂ થતાં. અઝાન પછી નમાઝનો વખત થાય એટલે એક સહાબી દરવાજે ઊભા રહી પડદામાંથી અવાજ આપતા, પૂછી લેતા, યા રસૂલલ્લાહ! નમાઝ હાજર છે. પેગંબર ઇશારો કરી દેતા કે હું આવું છું. એટલે તકબીર માટે સહાબી ઊભા થતા. તકબીર પઢાય એટલે પેગંબર

સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ હુજરાનો પડદો હટાવી ઝડપથી આવી મુસલ્લા ઉપર ઇમામની જગ્યાએ ઊભા થઇ જતા. વળી મસ્જિદ ઘણી વિશાળ હતી. આસપાસ જગ્યા રહેતી. કોઇ બિન-મુસ્લિમ માટે પણ મસ્જિદમાં આવવાનું બંધન ન હતું. કોઇક આવી જતા તો આસપાસ જમાતથી અલગ ડાબે-જમણે કે છેક પીઠ પાછળ ઊભા રહી નમાઝનું દૃશ્ય જોતાં.] તેણે વિનંતી કરી. બાળકોની સાથે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો જે વર્તાવ છે તેને અમે પસંદ નથી કરતા. પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: જો તમે ખુદા અને તેના રસૂલ ઉપર ઇમાન લાવ્યા હોત તો બાળકો સાથે આવી જ નરમીથી પેશ આવત. પેલો યહૂદી પેગંબરે ઇસ્લામના આ અમલ ઉપર ખુશ થઇ ગયો અને મુસલમાન થઇ ગયો.

(બેહારૂલ અનવાર જિલ્દ-૪૩ પેજ-૨૯૬)

એક દિવસ પેગંબરે ઇસ્લામ ઇમામ હસન અલયહિસ્સલામને પ્યાર-બોસો કરી રહ્યા હતા. ઇકરઅ બિન હાબિસે આ જોયું, તેણે કહ્યું: મારા દસ છોકરાં છે પરંતુ મેં તો આ જ સુધીમાં કોઇને પણ બોસો નથી કર્યો. પેગંબરે ઇસ્લામ તેના ઉપર ગુસ્સે થયા, પછી ફરમાવ્યું: અગર ખુદાએ તારા દીલમાંથી મહબ્બત છીનવી લીધી છે તો હું શું કરૂં? યાદ રાખ! જે વ્યક્તિ પણ બાળકોથી મહબ્બતથી ન વર્તે અને વડીલોને માન ન આપે તે અમારાથી નથી.

(હવાલો ઉપર મુજબ)

એક દિવસ પેગંબરે ઇસ્લામ જનાબે ફાતેમાના દરવાજેથી પસાર થઇ રહ્યા હતા, કે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ઇમામ હુસૈન અલયહિસ્સલામના રડવાની અવાજ સાંભળી. આપે જનાબ ફાતેમાને અવાજ આપી પછી ફરમાવ્યું

: બેટા ફાતેમા! શું તમને ખબર નથી કે હુસૈનનું રૂદન મને તકલીફ આપે છે.

અબુ હુરયરહ કહે છે એક દિવસ પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ઇમામ હસન અને ઇમામ હુસૈન અલયહેમુસ્સલામને પોતાના ખભા ઉપર સવાર કર્યા હતા. આપ રસ્તામાં કદીક હસનને બોસો લેતા હતા કદીક હુસૈનને. એક વ્યક્તિએ આ જોઇ વિનંતી કરી. યા રસૂલલ્લાહ! આપ આ બંને બાળકોની સાથે મહબ્બત કરો છો? આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: હાં, જે વ્યક્તિ હસન અને હુસૈનને દોસ્ત રાખે, તેણે મને દોસ્ત રાખ્યો અને જે વ્યક્તિ એમનાથી દુશ્મની કરે તેણે મારાથી દુશ્મની રાખી.

પૈગંબરે ઇસ્લામ કેટલીક વખત જનાબ ફાતેમાને ફરમાવતા, બેટા! હસન અને હુસૈનને

મારી પાસે બોલાવો. જ્યારે જનાબ ફાતેમા તેઓને રસૂલની ખિદમતમાં લઇ આવતાં ત્યારે રસૂલુલ્લાહ બંનેને છાતીએ લગાવતા. પછી ફૂલની જેમ તેમના માથાઓને સૂંઘતા.

અબૂ હુરયરહ કહે છે કે મેં પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને હસન અને હુસૈનના હોંઠોને (લબોને) એવી રીતે ચૂસતા જોયા છે જેવી રીતે ખુરમાને(તાજી નરમ ખજૂરને) ચૂસવામાં આવે છે.

(બેહારૂલ અનવાર જિલ્દ-૪૩ પેજ-૨૮૧, ૨૯૯, ૨૮૪)

## બીજો સબક : વ્યક્તિત્વનો વિકાસ

માનસશાસ્ત્રીઓ કહે છે કે બાળકની તરબીયત કરનાર બાળકના વ્યક્તિત્વને ઉભારે, જાગૃત કરે, પ્રોત્સાહિત કરે, તેનામાં આત્મવિશ્વાસ

પેદા થાય એવી તાલીમ આપે. તેને બુલંદ હિમ્મત બનવાની તાલીમ આપે.

જો બાળકની તરબીયત કરનાર બાળકની ઇઝ્ઝત ન કરે, તેને હકીર-ઝલીલ સમજે, તેના વ્યક્તિત્વને મામૂલી જાહેર કરે તો બાળક પોતે જ ડરપોક બની જશે. વળી તે લઘુતાગ્રંથીથી પીડાતું થઇ જશે. પોતાનામાં આવડત નથી, પોતાનું મગજ કમજોર છે, પોતાને યાદ રહેતું નથી, આવી કોઇપણ બાબત બાળકમાં પેદા થવી ન જોઇએ. આવું બાળક જો યુવાન થશે તો એને થશે કે મારાથી તો કોઇ જ મોટું કામ થઇ શકે નહિ. હું ભારે કાર્યને લાયક જ નથી. તેનું વ્યક્તિત્વ સમાજ ઉપર અસરકારક રહેશે નહિ. આસાની સાથે ગુમનામી તરફ ધકેલાઈ જશે.

આનાથી ઊલટું તે પોતાને પ્રતિભાશાળી, વ્યક્તિત્વથી ભરપૂર, ઇઝ્ઝતદાર સમજતો હશે ત્યારે તે ગુનાહિત, છીછરા અને ઝલીલ કરે એવા

કામો માટે તૈયાર નહીં થાય. ઝિલ્લતખોરીનો બોજ કદી નહીં ઊઠાવે. આવી બુઝુર્ગવારી મોટેભાગે ઘરેલુ કેળવણી અને મા-બાપના વ્યક્તિત્વને આભારી હોય છે. માનસશાસ્ત્રના અભ્યાસીઓ બાળકોના માનસિક વિકાસ માટે તરબીયત કરનારાઓને કેટલીક વાતોની નસીહત કરે છે. જેમાંથી થોડીક અમે રજૂ કરીએ છીએ.

## પ્રથમ નસીહત

બાળક સાથે પ્રેમનો ઇઝહાર કરવો, આ વિષય ઉપર અમે ઉપર લખી ચૂકયા છીએ. સાથે ચર્ચા દરમ્યાન બતાવી ચૂક્યા છીએ કે ઇમામ હસન અલયહિસ્સલામ અને ઇમામ હુસૈન અલયહિસ્સલામ પોતાના વાલિદૈન અને રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ઘણીબધી મહબ્બતના માલિક હતા.

## બીજી નસીહત

બાળકના સારા ગુણોનું વર્ણન કરવામાં આવે. વળી તેની સમક્ષ અને અન્યોની હાજરીમાં બાળકની તારીફ કરવામાં આવે, તેની પ્રશંસા અને ગુણોનું વર્ણન કરવામાં આવે, તેને બુઝુર્ગીનો સબક શીખવવામાં આવે.

રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: હસન અલયહિસ્સલામ અને હુસૈન અલયહિસ્સલામ બેહિશ્તવાળાઓમાંથી બેહતરીન (સર્વશ્રેષ્ઠ) યુવાનો છે. જ્યારે કે તેમના બાપ તેમનાથી બેહતર છે.

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ઇમામ હસન અને ઇમામ હુસૈન અલયહેમુસ્સલામને ફરમાવ્યું: તમે ખુદાઇ રયહાન છો(ખુદાના બગીચાના ફૂલો છો. રયહાન એટલે

લાલ સિવાયના બધાં જ ફૂલો અથવા ખૂબ જ ખુશ્બુવાળો છોડ)

હઝરત અબુબકર કહે છે કે એક દિવસ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ મિમ્બર ઉપર તશરીફ ફરમા હતા અને ઇમામ હસન આપની બગલમાં બેઠેલા હતા. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ કદીક લોકોની તરફ જોતા, કદીક હસનની તરફ જોતા, પછી ફરમાવ્યું: મારો બેટો હસન સૈયદ ને સરદાર છે. શાયદ તેની બરકતથી મારી ઉમ્મતની ઇસ્લાહ થાય.

જાબિર કહે છે એક દિવસ હું પેગંબરે ઇસ્લામના ઘરમાં દાખલ થયો તો જોયું કે ઇમામ હસન અને ઇમામ હુસૈન અલયહેમુસ્સલામ રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની પીઠ ઉપર સવાર છે અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો

અલયહે વઆલેહી વસલ્લમ ઘુંટણો અને હાથ જમીન પર રાખી ચાલી રહ્યા છે, અને ફરમાવી રહ્યા છે તમારી સવારી બેહતરીન અને તમે બેહતરીન સવાર છો.

યાઅ્લા આમરી કહે છે કે એક દિવસ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે જોયું કે ઇમામ હુસૈન બાળકોની સાથે ખેલી રહ્યા છે. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે તેમને પકડવા માટે હાથ લંબાવ્યા તો હુસૈન કદી આ તરફ કદી બીજી તરફ દોડવા લાગ્યા. પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે હસતાં હસતાં હુસૈન અલયહિસ્સલામને પોતાના દામનમાં ખેંચી લીધા. પછી પોતાનો એક હાથ તેમની દાઢીની નીચે અને બીજો હાથ ગરદનની પાછળ રાખ્યો. પછી પોતાનું મોં મુબારક હુસૈનની લબો પર (હોંઠો પર) મૂકીને બોસો લીધો. ચૂમ્યા,

પછી ફરમાવ્યું: હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું. જે વ્યક્તિ તેને દોસ્ત રાખે, ખુદા તેને દોસ્ત રાખે છે. હુસૈન મારી બેટીનો ફરઝંદ છે.

હઝરત અલી ઇબ્ને અબી તાલિબે હસન અને હુસૈનને ફરમાવ્યું: તમે લોકોના પેશવા (ઇમામ, સરદાર) છો. અને જન્નતના યુવાનોના સરદાર છો. ગુનાહો કરવાથી માસુમ છો, ખુદા તમારી સાથે દુશ્મની કરનારાઓ ઉપર લઅનત કરે.

એક દિવસ જનાબ ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા હસન અને હુસૈનને લઇને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સેવામાં આવ્યાં અને વિનંતી કરી. યા રસૂલલ્લાહ! હસન અને હુસૈન આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ફરઝંદ છે. એમને કંઇક આપો. રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે

વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: હું મારી સરદારી(બુઝુર્ગી) અને રૂઆબ(પ્રભાવ) હસનને બક્ષિસ કરૂં છું. અને મારી બહાદુરી અને સખાવત હુસૈનને આપું છું. સલમાન ફારસી કહે છે મેં ઇમામ હુસૈનને જોયા કે આપ પેગંબરે ઇસ્લામની જાંઘ ઉપર બેઠેલા છે. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તેમને ચૂમી રહ્યા છે, સાથે ફરમાવે છે કે તમે બુઝુર્ગ છો અને બુઝુર્ગના બેટા છો. ઇમામ અને ઇમામના ફરઝંદ છો અને ઇમામોના બાપ છો. તમે હુજ્જત છો અને હુજ્જતના ફરઝંદ છો. અને નવ હુજ્જતોના બાપ છો. જેમાંની છેલ્લી હુજ્જત કાએમ અલયહિસ્સલામ હશે. (કાએમ = ઇમામ મેહદી અલયહિસ્સલામ)

જી હાં, પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની અવલાદના વ્યક્તિત્વને સંપૂર્ણતા

બક્ષવામાં કોઇ કમી રાખી નથી. યાદ રાખો કે પેગંબરની ઝબાન કદી લાયાઅ્ની નથી કરતી, નકામી વાતો નથી કરતી, બલકે ઇમામ હસન અને ઇમામ હુસૈન બંનેના વ્યક્તિત્વને પેગંબરે ઇસ્લામે પોતાની સાચી ઝબાનથી ચાર ચાંદ લગાવી દીધા. બંને ઇમામોના વ્યક્તિત્વને સંપૂર્ણતા બક્ષી. જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહા અને હઝરત અલી અલયહિસ્સલામ પણ આ જ નીતિ નિયમો ઉપર અમલ કરતા રહ્યા.

કદીપણ આમ બન્યું નથી કે આ લોકોએ બાળકોનું અપમાન કર્યું હોય કે બાળકો સાથે તિરસ્કાર કર્યો હોય, તેમની સાથે એવી વર્તણુંક કરી છે કે જે આ બુઝુર્ગ ઇમામોના હોદ્દા અને કર્તવ્યોને ચાર ચાંદ લાગી જાય. બલકે આ બંને ઇમામોની શખ્સીયતને અન્યોની સમક્ષ ખુલ્લી કરી, જેથી તેઓની રૂહ અને નફસ બંનેને શક્તિ પ્રદાન થઇ.

બલકે એક અજબ ઘટના જે વાચકોના રસાસ્વાદ માટે રજૂ કરવામાં આવે છે. રિવાયતમાં છે કે એક વ્યક્તિ સજાપાત્ર ગુનો કરી બેઠો. તેણે પોતાના ગુનાહને રસૂલુલ્લાહથી છુપાવ્યો. અહીં સુધી કે એક દિવસ મદીનાની એક ગલીમાં તે પસાર થઇ રહ્યો હતો, મોમીન હતો, દિલમાં રંજ હતો કે પોતે ગુનેહગાર છે. રસ્તામાં જનાબે હસન અને જનાબે હુસૈનને રમતા જોયા, જેઓ હજી બાળક હતા. તેણે આ બંને(નાના) બાળકોને પોતાના ખભા ઉપર ઊંચકી લીધા. પછી રસૂલુલ્લાહની સેવામાં હાજર થઇ ગયો, વિનંતી કરી:

યા રસૂલલ્લાહ! હું હસન અને હુસૈનને શફીઅ અને વાસ્તો બનાવું છું, આમ કહીને બંનેને ખભા પરથી નીચે ઊતાર્યા.

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ હસી પડ્યા, પછી ફરમાવ્યું: મેં

તમને માફ કરી દીધા. ત્યાર પછી હસન અને હુસૈનને ફરમાવ્યું: બેટાઓ! મેં તમારી સિફારિશ અને શફાઅત કબૂલ કરી લીધી. [તે જમાનાના લોકોએ પણ અને આ બુદ્ધિશાળી વ્યક્તિએ પણ ઇમામ હસન અલયહિસ્સલામ અને ઇમામ હુસૈન અલયહિસ્સલામને શિફારિશ માટે, માફી આપવા માટે રજૂ કર્યા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પોતાના બંને નવાસાઓની શફાઅત કબૂલ ફરમાવી. હજી તો બાળક હતા. અમે તો આજે પણ એમની શફાઅત માંગીએ છીએ, આજે પણ આ બુઝુર્ગોની કબરોની ઝિયારત કરી અમારા ગુનાહોની ખુદા પાસે માફી માંગીએ છીએ. આ જ બુઝુર્ગોને વસીલો કરાર દઇએ છીએ. અમારી રૂહો તો આંખ મીંચાતાની સાથે જ મદીના, કરબલા, નજફ, સામરા અને મશહદે મુકદ્દસના આંટાફેરા મારતી થઇ જાય છે. મોમિનોની રૂહો તો ચૌદ

માસૂમીનની મુકદ્દસ દર્સગાહોના ચક્કરો લગાવતી રહે છે. અમારી મન્નતો અહીં જ પૂર્ણ થાય છે. અમારી દુઆઓ પણ આ બુઝુર્ગોના વસીલાથી જ કબૂલ થાય છે. આ વ્યક્તિ અતિ બુદ્ધિશાળી મોમિન હતો કે ઇમામ હસન અને ઇમામ હુસૈનને બાળક હતા અને મદીનાની ગલીમાંથી રમતા પોતાના ખભે ઊંચકીને ગયો. રસૂલુલ્લાહે તરત જ એના શબ્દો "યા રસૂલલ્લાહ! હું આ બંનેને મારો વસીલો કરાર દઉં છું." પૂર્ણ થતાં જ માફી આપી દીધી.]

આ અઝમતે નફસ-નફસની ઇઝ્ઝત અને બુઝુર્ગી હતી. તે જ બાબત તો હતી કે ઇમામ હુસૈન અલયહિસ્સલામે પોતાની તદ્દન નાની ફોજ સાથે યઝીદના અસંખ્ય લશ્કરનો મુકાબલો કર્યો. એક એક સૈનિકને મોકલીને જંગ કરી. પરંતુ ઝિલ્લતખ્વારી કબૂલ ન કરી. આપ ફરમાવતા કે હું

ગુલામોની જેમ ભાગી જવાનું પસંદ કરીશ નહિં. ન તો બેઇઝ્ઝતી સાથે માથું નમાવી હાર કબૂલ કરીશ. આ જ તરબીયતની બરકત હતી કે જનાબે ઝયનબે કુબરા કરબલાની આ બધી મુસીબતો સહન કર્યા પછી પણ યઝીદના ઝુલ્મો સિતમની સામે હોશ ખોઇ ન બેઠાં, ડર્યાં નહિ, ભયભીત ન થયાં, સાથે પુરજોશ ઉદ્બોધનો(ખુતબાત) શામ અને કૂફાની બજારોમાં આપ્યા. યાદગીરી રૂપે છોડી ગયાં. આપે યઝીદની ઝાલિમ અને ખૂનખાર હુકુમતને ઝલીલ કરીને છોડી. *[આ બધી જ ઘટનાઓનો ઉલ્લેખ વાચકો બેહારૂલ અનવારની ૪૩મી જિલ્દમાં વાંચી શકે છે.]*

## ત્રીજો સબક : ઇમાન અને તકવા

માનસશાસ્ત્રીઓ, મનોવિજ્ઞાનના નિષ્ણાંતો વચ્ચે આ બાબત વિવાદરૂપ છે કે બાળકોને દીની તાલીમો તરબિયત ક્યારથી આપવામાં આવે?

એક સમૂહ કહે છે કે બાળક જ્યાં સુધી બાલિગ ન થઇ જાય તે અકાઇદ અને દીની મસાઇલ સમજવા માટે શક્તિમાન નથી હોતું. જેથી બાળકને બાલિગ થતાં સુધી આ તકલીફ ન આપવામાં આવે.

પરંતુ બીજા સમૂહની વિચારધારા આ છે કે બાળકો પણ સમજવાની કાબેલિયત રાખે છે. સમજવાની, વિચારધારાની યોગ્યતા બાળકોમાં પણ તેના બુદ્ધિઆંક પ્રમાણે હોય છે, માટે તેઓને દીની તરબીયત આપવામાં આવે. અકાઇદ અને મઝહબી વિષયોને તદ્દન સાદહ અંદાજમાં સમજાવવામાં

આવે. સાથે દીનીયાતના આસાની અમલો બજાવી લાવવા માટે બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવે, શોખ પેદા કરવામાં આવે. જેથી બાળકોના કાનો દીની બાબતોથી વાકેફ થાય.

ઇસ્લામ માનસશાસ્ત્રીઓની આ બીજી વિચારધારામાં માને છે, એને ટેકો આપે છે. તેથી હુકમ આપે છે કે બાળક સાત સાલનું થઇ જાય તો એને નમાઝની તાકીદ કરો.

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાના ઘરમાં આ જ બાળપણ અને દૂધ પીવાના સમયગાળામાં દીનની વાતોની તલકીનની શરૂઆત કરી હતી. જ્યારે ઇમામ હસન અલયહિસ્સલામ આ દુનિયામાં આવ્યા, તેમને રસૂલે મકબુલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સેવામાં પેશ કરવામાં આવ્યા તો આપે નવાસાને

ચૂમ્યા પછી તેમના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં ઇકામત કહી. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ઇમામ હુસૈન અલયહિસ્સલામની વિલાદતના મોકા ઉપર પણ આ જ અમલ કર્યો.

ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે કે એક દિવસ પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ નમાઝ પઢવા ઇચ્છતા હતા. ઇમામ હુસૈન અલયહિસ્સલામ પણ આપની બાજુમાં ઊભા થઇ ગયા. જ્યારે પેગંબરે ઇસ્લામે તકબીર કહી, તો ઇમામ હુસૈન અલયહિસ્સલામે પણ તકબીર કહી દીધી.

રસૂલે ખુદા રૂહાની તલકીનને એટલી બધી અસરકારક સમજતા હતા કે નવજાત શિશુની દુન્યવી જિંદગાનીની શરૂઆતમાં જ તેના કાનોમાં અઝાન અને ઇકામત કહી, જેથી તરબીયત

કરનારાઓ માટે બોધપાઠ-સબક બની જાય. આ જ કારણ હતું કે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા ઇમામ હસન અલયહિસ્સલામની સાથે રમતાં રમતાં તેમને ઉછાળતાં, રમાડતાં, ફરમાવતાં હતાં :

**અશબહો અબાક યા હસન**

**વખલઅ અનિલ હક્કે અર્રસન**

**વઆઅ્બુદ લેહાઝા ઉમનૂન**

**વલાતવાલી ઝલએહન**

હઝરત ફાતેમા ઝેહરા બાળકો સાથે રમતગાળા દરમ્યાન પણ તેમને બહાદુરી, સત્ય નિષ્ઠા અને સત્ય માટે મરી ફીટવાનો દર્સ આપતાં હતાં. ઇબાદતે ઇલાહીનો દર્સ આપતાં હતાં. કહેતા હતાં કે તારા બાપની જેવા બહાદુર અને ખુદાપરસ્ત બનજો. બેટા, હક માટે મરી ફિટનાર બનજો. સાથે

સમજાવે છે કે કીનો કપટ રાખનાર વ્યક્તિઓ સાથે દોસ્તી ન કરજો.

પેગંબરે ઇસ્લામ પરહેઝગારી અને નાપસંદ ખોરાક, હરામની ગિઝાની વાત તો ઘણી દૂરની છે, હરામનો શક હોવાની ગિઝાથી પણ દૂર રહેવાની તાકીદ કરતા હતા. અબુ હુરયરહ કહે છે કે "આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સામે ઝકાતની ખજૂરોમાંથી એક ઢગલી ખજૂર પડેલી હતી. તેને આપ ફકીરોમાં વહેંચી રહ્યા હતા. વહેંચણીથી પરવાર્યા પછી હવે ઊઠવાની તૈયારી કરતા હતા, ત્યારે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ઇમામ હસન અલયહિસ્સલામને ગોદમાં લીધા તો જોયું કે પેલી ઝકાતની ખજૂરોમાંથી એક દાણો ખજૂર મોંમાં નાખીને ચૂસી રહ્યા છે. પેગંબરે ઇસ્લામે પોતાના મુબારક હાથ તેમના મોંમાં નાખીને પેલી ખજૂરનો દાણો કાઢીને

કહ્યું: થુ થુ. હસન જાન થુ થુ. તમને માલૂમ નથી બેટા કે આલે મોહંમદ સદકો નથી ખાતા.

જો કે ઇમામ હસન તે વખતે નાબાલિગ, ઘણાં જ નાના બાળક હતા. તેમના ઉપર આ તકલીદ વાજીબ પણ ન હતી. પરંતુ પેગંબર જાણતા હતા કે હરામ ગિઝાની અસર બાળકની રૂહ ઉપર પણ પડે છે. સૈદ્ધાંતિક રીતે પણ બાળકોએ બાળપણથી જ જાણવું જોઇએ કે ખાવાના મામલામાં આઝાદી નથી બલકે ખાવામાં પણ હલાલ અને હરામની પાબંદી છે.

હઝરત ફાતેમા ઝેહરાની અવલાદમાં શરાફત હતી. ફાતેમા અને અલી વિલાયતનું એવરેસ્ટ શિખર હતાં. ઉમ્મે કુલસુમે કૂફામાં પોતાના વડવાઓ જેવો અમલ અંજામ આપ્યો. મુસ્લિમ કહે છે કે જે દિવસે ઇમામ હુસૈન અલયહિસ્સલામની કરબલામાં શહાદત પછી એહલેબયતના કેદીઓને

ફ્રૂફા લાવવામાં આવ્યા, તો મેં લોકોને જોયા કે તેઓ એહલેબયતના બાળકો ઉપર રહેમ ખાતાં, તેમના ઉપર રોટીઓ, ખજૂરો અને અખરોટ સદકો આપતાં હતાં. કહેતા કે દુઆ કરો, અમારા છોકરાઓને તમારી જેમ કેદમાં ન જવું પડે.

હઝરત ઝેહરાની ખુદ્દાર બેટી જે વહીના ઘેરથી તરબીયત પામી હતી. હઝરત ઉમ્મે કુલસુમે રોટલીઓ અને ખજૂરો તથા અખરોટને એહલેબયતના બાળકોના હાથમાંથી ખેંચી લઇ પરત કરતાં ફરમાવ્યું: તમે અમને સદકો ન આપો, અમો એહલેબયત ઉપર સદકો હરામ છે.

જો કે આ બાળકો ઉપર શરીઅતના કાનૂન લાગુ પડતા ન હતા, છતાં શરાફત અને પાકદામની તેઓના લોહીમાં વણાઇ ગઇ હતી. તેઓ પોતાના નાબાલિગ બાળકોને આ તાલીમ આપતા હતા.

*(ઉપરોક્ત સબકની બધી જ વાતો નીચેની કિતાબોમાં જોવા મળશે, જુઓ બેહારૂલ અનવાર જિલ્દ-૪૩મી, મકતલે અબી મખનફ પેજ-૪૬, શાફી જિલ્દ-૨ પેજ-૧૪૯, યનાબેઉલ મોવદ્દત પેજ-૪૬ વગેરે)*

## ચોથો સબક : શિસ્તપાલન, વ્યવસ્થા અને બીજાઓના હક્કોનો ખ્યાલ રાખવો.

એક જરૂરી વાત જે મા-બાપે તથા બાળકોની તરબીયત કરનારા બધાએ ધ્યાનમાં રાખવી જોઇએ, તે આ છે કે તેઓ બાળક ઉપર ધ્યાન રાખે, બાળક પોતાના હકને ન છોડે અને બીજાના હકને માન્ય રાખે. બાળકે આ શિસ્તપાલન કરવું જોઇએ. બાળકો રમતોમાં અંચઇ કરતા હોય છે. પોતાનો દાવ લઇ લે છે. પછી પોતાના

સાથીઓને દાવ આપતા નથી. આ બીજાનો હક મારી ખાધો ગણાય. કેટલાક આઉટ થઇ ગયા હોય છતાંય અંચઇ કરતાં, અશિસ્ત આચરતાં કહે છે કે, ના, હું આઉટ નથી.

બાળકોને ડીસીપ્લીન શીખવો, નાનપણથી જ બાળકને પોતાનો હક અને બીજાનો હક સરખો જ છે. આ વાત ધ્યાન પર આવવી જોઇએ. ન તો બાળક પોતાનો હક જતો કરે, ન બીજાના હકને મારી ખાય.

અલબત્ત આ ગુણ કેળવવાની જવાબદારી ઘરવાળાઓ કે મા-બાપે રાખવી જોઇશે. મા-બાપને જોઇએ કે તેઓ પોતાની બધી અવલાદ સાથે એક સરખો વ્યવહાર કહે, કોઇને કોઇના ઉપર પ્રાથમિકતા ન આપે, છોકરા છોકરીઓ વચ્ચે, નાના મોટા વચ્ચે, ખૂબસૂરત અને સામાન્યની વચ્ચે, હોશિયાર અને ઠોઠની દરમ્યાન કોઇ ફરક ન કરે. અહીં સુધી કે

પ્રેમનો વર્તાવ પણ એક સરખો જ કરે. જેથી અવલાદની વચ્ચે હસદ અને કીનો પેદા થવા ન પામે. તેઓ નાફરમાની કરનારા ન બની જાય.

જો બાળક જોશે કે ઘરમાં બધી વ્યક્તિઓના હકોનું એકસરખું ધ્યાન રાખવામાં આવે છે. બધાંના હક્કોનું રક્ષણ થાય છે. તો બાળકના દીલો-દિમાગમાં આ વાત ફિટ થઈ જશે કે સ્કૂલ-મદ્રસા કે મહોલ્લામાં પણ આપણે અન્ય વ્યક્તિઓના હકોનું રક્ષણ કરવું જોઇએ. પરંતુ જો ઘરમાં અવ્યવસ્થા હોય, ગોલમાલ કે ધાંધલ ચાલતી હોય અને ઘરની બધી વ્યક્તિઓના હકોનું એક સરખું રક્ષણ ન થતું હોય તો તે ઘરના સભ્યોમાં ઉપદ્રવ પેદા થઇ જશે, ફસાદ પેદા થઇ જશે.

## ઘણી જ બારીક નૂકતાની વાત

જો કોઇ બાળક હોટલથી રોટલી ખરીદતાં અથવા (ઇરાનમાં સરકારી દુકાનો ઉપર તૈયાર રોટલીઓ ખાવાના સમયે ગરમ ગરમ મળતી હોય છે તેમાં કોઇક જગ્યાએ લાઇન લાગે છે) આપણે ત્યાં રેશનીંગની દુકાનથી માલ ખરીદતાં અથવા બસમાં સવાર થતાં અથવા ટ્રેનમાં સવાર થતી વખતે અથવા સ્કૂલથી બહાર આવતી વખતે બીજાની વારીનો ખ્યાલ ન રાખે. બધાનો હક મારે, વળી તેના મા-બાપ કે તેનો ઉછેર કરનાર આવા અમલોમાં તેની હિંમત વધારે. શાબાશ બેટા! ટ્રેનમાં ધક્કા મારીને બીજાઓને-આગળવાળાઓને હટાવીને જગ્યા મેળવી લીધી, તેમાં કોઇને તો ચોટ પણ આવી હોઇ શકે, શાબાશ બેટા! મારો બહાદુર બેટો બહુ જલ્દી રોટલીઓ લઇને આવ્યો. આ રીતે આ

લોકો માસૂમ બાળકના ઉછેરમાં ખ્યાનત કરી રહ્યા છે. કારણ કે આ રીતે બાળક બાળપણથી જ આમ સમજવા લાગે છે કે આ રીતે અન્યો ઉપર રોબ જમાવી કામ પાર પાડી લેવું, જોર અને તાકાત અને દાદાગીરી વગેરેને તે હોશિયારી અને પોતાની આવડત સમજવા લાગે છે.

જ્યારે આવો બાળક પુખ્ત વ્યક્તિ બની સમાજમાં પગ માંડશે અથવા કોઇક કામનો ઝિમ્મેદાર બનશે તો તેનો એક જ ધ્યેય હશે. બીજાઓના હક્કોને પાયમાલ કરવા, પોતાનો જ ફાયદો જોવો અને ઇન્સાનોના હકો પાયમાલ થતાં હોય તો થયા કરે.

મા-બાપ આ પણ યાદ રાખે, દુનિયા અથવા આખેરતમાં કિસાસ તો છે જ. દુનિયામાં પણ આવી અનેક ઘટનાઓમાં કોઇની આંગળી ઊતારી નાખી હશે, કોઇની કોણી છોલી નાખી હશે, આવી વ્યક્તિના

જોરઝુલમથી કોઇની બેગ તૂટી ગઇ હશે, નખ નીકળી ગયો હશે. આવી સેંકડો બાબતો બનતી હોય છે. આપણાથી સેંકડોને નુકશાન પહોંચતું હોય છે. આ બધાનો કિસાસ અલ્લાહ એકી સાથે લઇ લે છે. કોઇપણ રીતે, માટે જરૂરી છે કે બાળપણથી જ બાળકને ઇન્સાફ પસંદ બનાવે.

જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના ઘરમાં ચારેય સંતાનોને ભરપૂર અંદાજમાં આ દર્સ આપવામાં આવતો હતો. એક સરખો પ્યાર કરવામાં આવતો હતો. આ બધી બાબતોનો ગંભીરતાથી અમલ કરવામાં આવતો હતો. કેમ ન કરવામાં આવે, ખાતેમુન્નબીય્યીનની બેટીનું ઘર હતું. જે ઘરમાં વહી નાઝિલ થતી હતી તે ઘરાનું હતું. જ્યાં મામૂલી મામૂલી વાતો ઉપર ધ્યાન આપવામાં આવતું હતું. આ બધી વાતો શિસ્ત, વ્યવસ્થા, ડીસીપ્લીન અને ઇન્સાફના લીસ્ટમાં આવે છે.

એક દૃષ્ટાંત અંબિયાના ઘરાનાનું. અલી-ફાતેમાનું ઘર એક અબુલ અઇમ્માનું ઘર છે. વિલાયતનું એવરેસ્ટ છે. એનાથી આગળ કોઇ વિલાયત જ નથી. એમની ઉપર હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની વિલાયત છે. તે સિવાય કોઇની વિલાયત નથી. જો અલી-ફાતેમાની આગળ કોઇની વિલાયત માનવામાં આવે તો તે લોકો ગાસિબ છે. બીજાનો હક ખાઇ જનારા જુઠ્ઠા બેઇમાન છે. આવો દાવો કરનાર મુનાફિક છે. તો આવા ઘરાનાનું એક દૃષ્ટાંત જોઇએ.

હઝરત અલી અલયહિસ્સલામ ફરમાવે છે કે એક દિવસ પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ અમારા ઘેર આરામ ફરમાવી રહ્યા હતા. ઇમામ હસન અલયહિસ્સલામ બાળક હતા, ક્યાંકથી આવ્યા અને પાણી માંગ્યું. આપ

સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને નવાસાઓ ખૂબ જ વહાલા હતા. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ઊઠ્યા, આપે ઇચ્છયું કે બેટાને દૂધ પીવા આપું, દૂધ દોહ્યું અને એક ગ્લાસમાં આપ્યું. એટલામાં નાના નવાસા ઇમામ હુસૈન પણ પાછળ જ દોડતા આવ્યા. એમણે જોયું તો હસન દૂધ પી રહ્યા છે. આપે પણ દૂધ માંગ્યું. એમ ઇચ્છયું કે હસન પીએ છે તેમની પાસેથી લઇ લે. પેગંબરે ઇસ્લામે બીજું વાસણ બતાવતાં કહ્યું: બેટા આ રહ્યું દૂધ, તમારા વારાની રાહ જુઓ, વાસણ નવરૂં થાય તો તમારી વારી, ભાઇ પ્રથમ આવ્યા જેથી તેમની માંગણી પર તેમને પ્રથમ મળ્યું.

જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા આ દૃશ્ય જોઇ રહ્યા હતાં. તેમણે કહ્યું: યા રસૂલલ્લાહ! બાબા! આપ હસનથી વધુ મહબ્બત કરો છો?

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: ના, રે બેટા! હું તો હસનનો બચાવ કરૂં છું કે તે પ્રથમ આવ્યા, જેથી તેનો પહેલો હક છે. ત્યાર બાદ હુસૈન આવ્યા છે. જે પ્રથમ આવ્યો તેને પ્રથમ દૂધ મળ્યું. તે પી રહે, વાસણ નવરૂં થાય તો પછી આવનારને મળે. પછી તે હસન હોય કે હુસૈન હોય.

## પાંચમો સબક : કસરત અને રમતગમત

માનસશાસ્ત્રના નિષ્ણાંતોનું કહેવું છે કે બાળકને રમતગમતની પણ આઝાદી આપવી જોઇએ. જેથી તે પોતાની ઇચ્છાનુસાર ખેલકૂદ કરે. બલકે તેના માટે ખેલકૂદ માટે અને તંદુરસ્તી સુધરે એવા સાધનો પણ પુરા પાડવા જોઇએ. આજકાલ સુસંસ્કૃત ગણાતા સમાજોમાં આ વિષય ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે. જેથી પ્રાઇમરીમાં,

હાઇસ્કૂલમાં અને કૉલેજ લેવલ ઉપર વિદ્યાર્થીઓની ઉંમર પ્રમાણે ખેલકૂદની વ્યવસ્થા કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને એકબીજા સાથે હળીમળીને રમવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ખેલો અને રમતો દ્વારા બાળકોને શારીરિક તંદુરસ્તી પ્રાપ્ત થાય છે. બાળકો માટે રમતગમત અને કસરત બંને તેમના શારીરિક વિકાસ માટે જરૂરી છે. ખેલકૂદ બાળકોના જીવનનું એક અંગ છે.

કેટલાક લોકો બાળકો પાસે એવી આશા રાખે છે કે તેઓ મોટાઓંની જેમ બાઅદબ બેઠેલા રહે, મોટાઓની જેમ જ જીવન ગુજારે, વળી આમ સમજે છે કે બાળકોને મોટાઓની જેમ ખેલકૂદ ન કરવા દે, બચકાની હરકતોથી અલગ રાખે, આવા અમલોને તરબીયતમાં ગણે છે કે આ બાળકની તરબીયત થઇ રહી છે. જો કોઇ બાળક ખેલકૂદથી અલગ રહેતો હોય તો આવા લોકો કહે છે કે શાબાશ

બેટા! કેવો બાઅદબ છોકરો છે. પરંતુ માનસશાસ્ત્રના નિષ્ણાંતો આ વિચારધારાને ગલત કહે છે. તેઓ કહે છે કે બાળકે ખેલ ખેલવા જોઇએ, રમતો રમવી જોઇએ. તેનું ન રમવું શારીરિક કમજોરીની નિશાની છે. અલબત્ત, મા-બાપે આ વાતનો ખ્યાલ રાખવો જોઇએ કે બાળકનું રમવું, ખેલવું કૂદવું સ્વયં બાળકના પોતાના માટે નુકસાનકારક ન બની જાય, બીજાઓ માટે પણ પરેશાનીનો વિષય ન બની જાય, મહોલ્લાવાળાઓ માટે તકલીફદાયક ન બની જાય.

મા-બાપે ન ફક્ત બાળકોને ખેલકૂદ માટે આઝાદ છોડવા જોઇએ બલકે ફુરસદ હોય તો જાતે પણ બાળકો સાથે ખેલકૂદમાં ભાગ લેવો જોઇએ. કારણ કે વાલેદૈનનું બાળકો સાથે રમવું તેમના માટે ઘણી જ ખુશી ઉત્પન્ન કરે છે. બાળકો આ વાતને પોતાની સાથેની મહબ્બતની નિશાની સમજે છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ પોતે હસન અને હુસૈનની સાથે રમતા હતા. અબુ હુરયરહથી રિવાયત છે: મેં જોયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે હસનૈનના હાથ પકડેલા છે. આ બાળકોના પગ પેગંબરે ઇસ્લામના પગ મુબારક ઉપર છે. આ હાલતમાં આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તેમને ફરમાવી રહ્યા છે. "ફાતેમાના નૂરે ચશ્મો" ઉપર આવો, પછી હસન અને હુસૈન ઉપર આવે છે. અહીં સુધી કે તેમના પગ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની છાતી મુબારક ઉપર આવી જાય છે. આ હાલતમાં આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ પોતાના લબોને તેમના લબો ઉપર મૂકે છે, બોસો કરે છે. પછી ફરમાવે છે : "ખુદાયા! હું હસન અને હુસૈનને દોસ્ત રાખું છું." અબુ હુરયરહ કહે છે કે હસન અને હુસૈન પેગંબર

સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સામે કુશ્તી કરતા હતા. પેગંબરે ઇસ્લામ બંનેને ફરમાવતા શાબાશ, શાબાશ હસન. હઝરત ફાતેમા વિનંતી કરતી, યા રસૂલલ્લાહ! હસન તો હુસૈનથી મોટો છે છતાં આપ હસનને શાબાશી આપો છો? તેની હિંમત વધારો છો. ફરમાવ્યું : રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે : બેટા ફાતેમા! જિબ્રઇલ હુસૈનને શાબાશી આપી રહ્યા છે. તેમનો હોસલો અને હિંમત વધારી રહ્યા છે.

જાબિર કહે છે કે મેં જોયું કે પેગંબરે ઇસ્લામ હાથ પગના બળ ઉપર ચાલી રહ્યા છે. અને હસનૈન આપની પીઠ ઉપર સવાર છે. આપ ફરમાવી રહ્યા છે : તમારી સવારી સૌથી બેહતર છે અને તમે સૌથી બેહતર સવાર છો.

ઇમામ રઝા અલયહિસ્સલામ પોતાના દાદાથી રિવાયત કરે છે કે એક દિવસ હસન અને

હુસૈન મોડી રાત સુધી જનાબે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ઘેર રમતા રહ્યા. રસૂલે મકબૂલે તેમને ફરમાવ્યું: જાઓ બેટા, હવે તમારી મા પાસે ચાલ્યા જાઓ, ફાતેમા ચિંતા કરતી હશે. બંને નવાસા ઘરની બહાર નીકળ્યા તો વીજળી ચમકતી રહી, અહીં સુધી કે બંને બાળકો જનાબે ફાતેમા પાસે પહોંચી ગયા. રસ્તો એટલો રોશન બની ગયો કે બાળકો હસતા હસતા ઘેર પહોંચી ગયા. આ જોઇને પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: તે ખુદાનો શુક્ર છે જેણે અમને એહલેબયતને મોઅઝ્ઝમ બનાવ્યા, ઇઝ્ઝતવાળા બનાવ્યા

(બેહારૂલ અનવાર ભાગ-૪૩)

# ભાગ-૪

## પ્રકરણ-૧ : જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાના ફઝાએલ

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યુ:

**દુનિયાની બેહતરીન સ્ત્રીઓ ચાર છે.**

(૧) જનાબે મરિયમ બિન્તે ઇમરાન (હઝરત ઇસા અલયહિસ્સલામના વાલિદહ મોહતરમા)

(૨) જનાબે ફાતેમા બિન્તે મોહંમદ (ઇમામ હસન અલયહિસ્સલામ અને ઇમામ હુસૈન અલયહિસ્સલામના વાલિદહ મોહતરમા)

(૩) જનાબ ખદીજા બિન્તે ખુવૈલિદ (ઉમ્મુલ મોઅમેનીન જનાબે રસૂલે ખુદાના સૌથી પ્યારા પત્ની. પ્યારા હોવાની સાબિતી આ છે કે આપ બીજી બધી પત્નીઓ કરતાં વધુ સમય પેગંબર

સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના નિકાહમાં રહ્યાં અને આપની હયાતીમાં આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે બીજા નિકાહ કરવાનો વિચાર સુધ્ધાં નથી કર્યો.

(૪) હઝરત આસિયા (ફિરઓનના પત્ની)

**પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું:**

જન્નતની સ્ત્રીઓમાં સર્વશ્રેષ્ઠ સ્ત્રી ફાતેમા છે. હઝરત રસૂલેખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: જ્યારે કિયામત આવશે તો અર્શ ઉપરથી અલ્લાહનો મુનાદી અવાજ આવશે. લોકો પોતાની આંખો બંધ કરી દો. જેથી ફાતેમા સલામુલ્લાહ અલયહા પુલે સિરાત પરથી પસાર થઇ જાય.

પેગંબરે ઇસ્લામે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાને ફરમાવ્યું: બેટી! ખુદા તારી

નારાજગીથી ગુસ્સે થાય છે. તારી ખુશીથી ખુશ થાય છે.

માતાજી આયેશા ફરમાવે છે: મેં રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ અને જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાથી વધારે સચ્ચાઇ કોઇનામાં જોઇ નથી.

ઇમામ મોહંમદ બાકિર અલયહિસ્સલામે ફરમાવ્યું: ખુદાની કસમ! અલ્લાહે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના ઇલ્મને કારણે આપને ફસાદ અને બુરાઇઓથી રક્ષિત રાખ્યા છે.

**ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું: જનાબે ફાતેમા અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતને ત્યાં નવ નામોથી યાદ કરવામાં આવે છે.**

**(૧) ફાતેમા (૨) મુબારકા (૩) તાહેરા (૪) ઝકીયા (૫) રઝીયા (૬) મરઝીયા (૭) મોહદ્દિસા (૮) ઝેહરા (૯) સિદ્દીકા**

ફાતેમા નામ રાખવાનું કારણ આ છે કે આપ તમામ પ્રકારની નાની મોટી બુરાઇઓથી રક્ષિત છે, માસુમ છે. જો અલી ન હોત તો ફાતેમાના માટે બરાબરીનો કોઇ જીવનસાથી ન હોત.

ઇમામ મોહંમદ બાકિર અલયહિસ્સલામને પૂછવામાં આવ્યું : જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાનું નામ ઝેહરા કેમ રાખવામાં આવ્યું?

આપે ફરમાવ્યું: એટલા માટે કે અલ્લાહે આપને પોતાના અઝમતના (ઇઝ્ઝત-બુઝુર્ગીના) નૂરથી પેદા કર્યાં છે. આપના નૂરથી ઝમીન અને આસમાન એટલાં રોશન થઇ ગયાં કે ફરિશ્તાઓ આ નૂરથી પ્રભાવિત થઇને બારગાહે ઇલાહીમાં સિજદામાં પડી ગયા, પછી વિનંતી કરી, ખુદાયા! આ કેવું નૂર છે? અલ્લાહતઆલાએ ફરમાવ્યું: આ મારી અઝમતના નૂરનો તેજસ્વી પ્રકાશ છે જે મેં પેદા કર્યો છે. આ નૂરને મેં આસમાન ઉપર સુકુનત

આપી છે. તેને પેગંબરોના સુલ્બમાંથી(પીઠમાંથી) બેહતરીન પેગંબરની સુલ્બમાં પેદા કરીશ. વળી આ જ નૂરથી દીનના ઇમામ અને પેશવા પેદા કરીશ. જેથી તેઓ લોકોને હકની તરફ હિદાયત કરે. તેઓ મારા આખરી પેગંબરના જાનશીન અને ખલીફા હશે.

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને ફરમાવ્યું: બેટી, ખુદાવંદે આલમે વિશ્વ ઉપર દૃષ્ટિ નાખી તો વિશ્વના તમામ પુરૂષોમાંથી મને પસંદ કર્યો. બીજી વખત આલમે વિશ્વ ઉપર દૃષ્ટિ નાખી તો વિશ્વના તમામ પુરૂષોમાંથી તમારા પતિ હઝરત અલી અલયહિસ્સલામને પસંદ કર્યા. પછી ત્રીજી વખત આલમે વિશ્વ ઉપર દૃષ્ટિ નાખી તો તમામ આલમે વિશ્વમાં તમામ સ્ત્રીઓમાંથી તમને બરતરી અને ફઝીલત બક્ષી અને ચોથી

વખત દૃષ્ટિ નાખી તો તમામ વિશ્વમાં ઇમામ હસન અને ઇમામ હુસૈન અલયહેમુસ્સલામને જન્નતના જવાનો ઉપર વિશેષતા બક્ષી.

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: જન્નત ચાર સ્ત્રીઓને જોવા માટે ઉત્સુક છે.

**પ્રથમ મરિયમ ઇબ્ને ઇમરાન રઝિયલ્લાહો તઆલા અન્હા**

**બીજી આસિયા રઝિયલ્લાહો તઆલા અન્હા-ઝવજએ ફિરઓન**

**ત્રીજી ખદીજા બિન્તે ખુવૈલિદ રઝિયલ્લાહો તઆલા અન્હા**

**ચોથી ફાતેમા બિન્તે મોહંમદ સલામુલ્લાહ અલયહા**

**પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: ફાતેમા મારા જિસ્મનો ટૂકડો છે. તેની તકલીફ મારી તકલીફ, તેની ખુશી મારી ખુશી.**

ફાતેમા નાના હતાં ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ આપનો હાથ પકડીને ઊભા હતા. આ હાલતમાં રસૂલુલ્લાહે ફરમાવ્યું: જે વ્યક્તિ આ મારી બેટી ફાતેમાને જાણે છે તે તો જાણે છે, જે એના દરજ્જાને નથી જાણતો તે જાણી લે કે આ ફાતેમા બિન્તે મોહંમદ છે. અને મારા શરીરનો ટૂકડો છે. મારૂં દિલ અને મારી રૂહ છે. જે વ્યક્તિ ફાતેમાને તકલીફ આપશે તેણે મને તકલીફ આપી અને જે મને તકલીફ દેશે તેણે અલ્લાહને તકલીફ આપી.

ઉમ્મે સલમા રઝિયલ્લાહો તઆલા અન્હાએ ફરમાવ્યું: શારીરિક રીતે પેગંબરે ઇસ્લામથી સૌથી વધારે સમાન જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા હતાં.

પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: ફાતેમા ઇન્સાની શક્લમાં હૂર છે.

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: ફાતેમા સલામુલ્લાહ અલયહા સૌથી પ્રથમ જન્નતમાં દાખલ થશે.

ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું: ફાતેમાનું નામ ફાતેમા એટલા માટે રાખવામાં આવ્યું કે લોકો આપના હકીકી દરજ્જાને સમજવાની શક્તિ ધરાવતા નથી.

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફરમાવ્યા કરતા હતા :

અલ્લાહે મને, અલી ફાતેમાને તથા હસન અને હુસૈનને એક જ નૂરથી પેદા કર્યાં છે.

ઇબ્ને અબ્બાસ ફરમાવે છે કે મેં રસૂલેખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને પૂછયું: તે કલિમાત જે અલ્લાહ તઆલાએ હઝરત આદમ અલયહિસ્સલામને શીખવ્યા હતા, જેના વાસ્તાથી તેમની તોબા કબૂલ થઇ હતી તે કલિમાત શું હતાં?

**આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું:**

આદમ અલયહિસ્સલામે ખુદાને મોહંમદ, અલી, ફાતેમા, હસન અને હુસૈનના હકની કસમ દીધી હતી. જેના કારણે તેમની તોબા કબૂલ થઇ.

પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: જો અલી ન હોત તો કોઇ ફાતેમાની બરાબરીનો શોહર ન હોત.

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: જ્યારે હું મેઅરાજ ઉપર ગયો ત્યારે ત્યાં જન્નતની સૈર કરતાં કરતાં ફાતેમાનો મહેલ જોયો. જેની ચારે તરફ સિત્તેર રવેશો(અગાશીઓ) હતી. દરેક રવેશમાં લૂલૂ અને મરજાન જેવા કિંમતી મોતીઓ લાગેલાં હતાં.

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે જનાબે ફાતેમા સલામુલ્લાહ

અલયહાને ફરમાવ્યું: બેટા! જાણો છો? તમારૂં નામ ફાતેમા કેમ રાખવામાં આવ્યું છે? હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું: યા રસૂલલ્લાહ! આપ જ ફરમાવો કે આ નામ કેમ રાખવામાં આવ્યું? આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: કારણ કે ફાતેમા અને તેમનું અનુસરણ કરનારા દોઝખની આગથી રક્ષિત છે.

ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે કે પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને ઘણો જ વધારે પ્રેમ કરતા હતા. ફાતેમાને વારંવાર બોસો લેતા, વાળ સૂંઘતા. ફાતેમા હજી ઘણા નાના હતાં. એક દિવસ આયેશાએ એતેરાઝ કર્યો. પેગંબરે ઇસ્લામે જવાબ આપ્યો. અય આયશા! જ્યારે મને મેઅરાજ ઉપર લઇ જવામાં આવ્યો, અને હું જન્નતમાં દાખલ થયો, તો

જિબ્રઇલ મને તૂબાના વૃક્ષની નીચે લઇ ગયા. પછી તેનું ફળ મને આપ્યું. મેં તે ફળ ખાધું તો મારા અંદર નુત્ફાનું અસ્તિત્વ થયું. જ્યારે હું જમીન ઉપર આવ્યો, ખદીજાને મળ્યો ત્યારે તે જ નુત્ફાનો હમલ રહ્યો. આ જ કારણ છે કે જ્યારે હું ફાતેમાને બોસો લઉં છું ત્યારે દરખ્ત તૂબાની ખુશબૂ મારા દિમાગમાં પહોંચે છે.

ઇબ્ને અબ્બાસ કહે છે કે એક દિવસ અલી અને ફાતેમા, હસન અને હુસૈન પેગંબરે ઇસ્લામની પાસે બેઠેલાં હતાં ત્યારે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: અય અલ્લાહ! તુ જાણે છે કે આ મારા એહલેબયત મને સૌથી વધારે પ્યારાં છે. અય અલ્લાહ! તુ એમના દોસ્તોથી મહબ્બત અને તેમના દુશ્મનોથી દુશ્મની રાખ. એમની મદદ કરવાવાળાઓની મદદ કર. એમને તમામ બુરાઇઓથી પાક રાખ અને તમામ

ગુનાહોથી રક્ષિત રાખ. [આ તો માસૂમીન લોકો છે. ગુનાહોને ખુદા એમનાથી દૂર જ રાખવાનો છે. પરંતુ અંબિયા હંમેશા આવી દુઆ આજીઝાના તોર પર કરતા હોય છે. હદીસમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ દરરોજ ૭૦ વખત અસ્તગફિરૂલ્લાહની તસ્બીહ પઢતા હતા. આપ તો માસૂમ હતા પરંતુ અલ્લાહની ખુશ્નૂદી માટે, અલ્લાહ રાજી થાય તે માટે.] રૂહુલ કુદ્દૂસના ઝરીએ તેમનું સમર્થન કર, પછી ફરમાવ્યું: યા અલી! તમે આ ઉમ્મતના ઇમામ અને મારા જાનશીન છો. મોઅમેનીનને બેહિશ્તની તરફ હિદાયત કરનારા છો.

જાણે હું મારી બેટી ફાતેમાને જોઇ રહ્યો છું કે કિયામતના દિવસે એક નૂરાની સવારી પર સવાર છે, જેની જમણી બાજુ સિત્તેર હજાર ફરિશ્તા, ડાબી બાજુ સિત્તેર હજાર ફરિશ્તાઓ, તેની આગળ અને

પાછળ સિત્તેર હજાર ફરિશ્તાઓ ચાલી રહ્યા છે. અને ફાતેમા મારી ઉમ્મતની સ્ત્રીઓને બેહિશ્તમાં લઇ જઇ રહી છે. માટે જે સ્ત્રી પાંચ વખતની નમાઝ પઢે, માહે રમઝાનના રોઝા રાખે, ખાનએ કાબાની હજ બજાવી લાવે, પોતાના માલમાંથી ઝકાત [ઝકાત બોલો કે ખુમ્સ બધુ ઝકાતમાં જ ગણાય છે. તમામ પ્રકારના સદકાત ફિતરો પણ ઝકાત જ છે. ફક્ત એમાં વાજિબ ગેરવાજિબ અલગ ગણાય છે.] અદા કરે, પોતાના પતિની તાબેદારી કરે અને અલી ઇબ્ને અબી તાલિબ અલયહિસ્સલામથી મહબ્બત રાખતી હોય તેવી સ્ત્રી ફાતેમાની સિફારિશના ઝરીઆથી બેહિશ્તમાં દાખલ થશે. ફાતેમા દુનિયાની સ્ત્રીઓમાંથી બેહતરીન સ્ત્રી છે.

વિનંતી કરવામાં આવી, કોઇએ પૂછયું: યા રસૂલલ્લાહ! ફાતેમા પોતાના જમાનાની સ્ત્રીઓમાં સૌથી બેહતર છે? આપ સલ્લલ્લાહો અલયહે

વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: તે તો મરિયમ હતી જે પોતાના જમાનાની સ્ત્રીઓમાં સૌથી બેહતર હતી. મારી બેટી ફાતેમા તો બધી જ પાછલી ઉમ્મતની સ્ત્રીઓ અને આઇન્દહ ભવિષ્યમાં આવનાર ઉમ્મતની સ્ત્રીઓ કરતાં પણ અફઝલ છે. જ્યારે તે મેહરાબે ઇબાદતમાં ઊભી રહે છે તો અલ્લાહતઆલાના સિત્તેર હજાર ફરિશ્તાઓ તેને સલામ કરે છે. સાથે વિનંતી કરે છે, અય ફાતેમા સલામુલ્લાહ અલયહા! અલ્લાહે તમને પસંદ કર્યા છે અને પાક-પાકીઝા રાખ્યા છે. વળી તમામ વિશ્વની સ્ત્રીઓ ઉપર તમને ઉચ્ચતા પ્રાપ્ત છે. (આ ઇઝ્ઝત કેમ ન હોય આપ તો બાર ઇમામોના મા છે)

ત્યાર પછી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ હઝરત અલી તરફ ફર્યા અને ફરમાવ્યું: યા અલી! ફાતેમા મારા શરીરનો ટૂકડો

છે. મારી આંખોનું નૂર છે. મારા દીલની તમામ તમન્નાઓ, તમામ ઇચ્છાઓ ફાતેમા છે. જે કોઇ પણ તેને તકલીફ આપશે તેણે મને તકલીફ આપી અને જેણે ફાતેમાને ખુશી આપી તેણે મને ખુશ કર્યો. ફાતેમા પહેલી વ્યક્તિ છે, જે મારાથી કિયામતમાં મુલાકાત કરશે. મારા પછી તેમની સાથે નેકી-ભલાઇથી પેશ આવજો. હસન અને હુસૈન મારા ફરઝંદ છે. મારાં ફૂલ છે અને જન્નતના બેહતરીન જવાન છે. એમને પણ આપ લોકો આંખ ને કાનની જેમ મોહતરમ રાખજો.

ત્યાર બાદ આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પોતાના હાથ આસમાનની તરફ ઊઠાવ્યા પછી ફરમાવ્યું: અય પરવરદિગાર! તુ ગવાહ રહેજે હું એમના દોસ્તોને દોસ્ત રાખું છું અને એમના દુશ્મનોને દુશ્મન રાખુ છું.

(ઉપરોક્ત બધી જ રિવાયતો નીચેની કિતાબોમાં જોઇ શકાય છે. બેહારૂલ અનવાર ભાગ-૪૩, કશકુલ ગુમ્મા ભાગ-૨, દલાએલુલ ઇમામત પેજ-૧ થી ૫૨, ઝખાએરૂલ ઉકબા પેજ-૧ થી ૫૪)

## મુબાહિલામાં શિરકત (હાજરી)

હઝરત ફાતેમા અલયહસ્સલામ તે પાંચ વ્યક્તિઓમાંના એક છે જે ઇસાઇઓ સાથેના મુબાહિલામાં હાજર હતાં. મુબાહિલાની દાસ્તાન આપણે સમજીએ.

હિજરતના દસમાં વર્ષે નજરાનના ઇસાઇઓનો એક સમૂહ ઇસ્લામ વિષયમાં વાદ-વિવાદ કરવા, તેહકીક કરવા માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સેવામાં હાજર થયો. આ સમૂહમાં બે બુઝુર્ગ આગેવાનો સૈયદ અને આકિબ પણ હતા. આ બંનેનો વડો

અબુહારેસા પણ સામેલ હતો. જુદા જુદા વિષયોની ચર્ચા-વિચાર-વિમર્શ સાથે હઝરત ઇસા અલયહિસ્સલામના જન્મ ઉપર પણ ચર્ચા થઇ. પેગંબરે ઇસ્લામે તેઓની સમક્ષ સૂરએ આલે ઇમરાનની શરૂઆતની આયાતો તિલાવત ફરમાવી. વિવાદ-કજિયો ફસાદ સુધી પહોંચી ગયો. આ સમયગાળામાં જ નીચેની આયતો નાઝિલ થઇ.

فَمَنْ حَآجَّكَ فِيْهِ مِنْۢ بَعْدِ مَا جَآءَكَ مِنَ الْعِلْمِ
فَقُلْ تَعَالَوْا نَدْعُ اَبْنَآءَنَا وَ اَبْنَآءَكُمْ وَ نِسَآءَنَا وَ
نِسَآءَكُمْ وَ اَنْفُسَنَا وَ اَنْفُسَكُمْ ثُمَّ نَبْتَهِلْ فَنَجْعَلْ
لَّعْنَتَ اللّٰهِ عَلَى الْكٰذِبِيْنَ ﴿٦١﴾

(સૂરએ આલે ઈમરાન, આ-૬૧)

અય રસૂલ! ઇલ્મના આવી ગયા પછી પણ જો લોકો તમારી સાથે વાદવિવાદ કરે તો તેઓને કહી દો કે આવો, આપણે આપણા ફરઝંદોને, આપણી સ્ત્રીઓને અને આપણા નફસોને બોલાવીએ, પછી ખુદાની બારગાહમાં દુઆ કરીએ અને જુઠ્ઠાઓ ઉપર ખુદાની લઅનત મોકલીએ.

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે અલ્લાહના ઉપરોક્ત હુકમાનુસાર નજરાનના ઇસાઇઓને મુબાહેલા માટે આમંત્રણ આપ્યું. તે લોકોએ કબૂલ કર્યું. પરંતુ આટલી શરત મૂકી કે આવતી કાલ સુધી રાહ જોવામાં આવે.

નસારાની જમાતે પોતાના અંદર મુબાહેલાના વિષય ઉપર વાતચીત કરી. તેમના આગેવાન અબુહારિષા અસકફે કહ્યું: આપણે આવતીકાલ સુધીનો ઇન્તિઝાર કરીએ. જેથી આપણને ખબર પડે કે મોહંમદ કોને કોને લઇને

મુબાહેલા માટે આવે છે. જો તેઓ પોતાના એહલેબયત અને અવલાદની સાથે આવે તો તો આપણને ખબર પડી જશે કે તેમને પોતાની વાત ઉપર યકીન છે. કારણ કે તેઓ આ રીતે પોતાના સૌથી વધુ પ્યારાં ઘરવાળાંઓને આફતમાં નાખી રહ્યા છે. આ પરિસ્થિતિમાં આપણું તેમની સાથે મુબાહિલો કરવું મુનાસિબ નથી. આપણે બધા હલાક થઇ જઇશું. પરંતુ જો તેઓ પોતાના અસહાબમાંથી કોઇકને લઇને મુબાહિલા માટે આવે તો ખબર પડી જશે કે તેઓ પોતાની વાતમાં શક રાખે છે. આ રીતે આવશે તો તેઓની સાથે મુબાહેલો કરીશું.

બીજા દિવસે નજરાનના ઇસાઇ નક્કી ઠરાવેલી જગ્યાએ આવ્યા. મુસલમાનો પણ ત્યાં ઘણાં બધા એકત્ર થયા હતા. આ દરમ્યાન પબ્લિકે જોયું કે પેગંબરે ઇસ્લામ એક યુવાન, એક ખાતૂન અને બે બાળકોની સાથે આવી રહ્યા છે.

અસકફ જે નજરાનના ઇસાઇ ડેપ્યુટેશનનો વડો હતો, તેણે મુસલમાનોને પૂછ્યું: નબી સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સાથે આ કોણ લોકો છે? તેને જણાવવામાં આવ્યું કે આ યુવાન જે પેગંબરે ઇસ્લામની સાથે છે તે તેમનો નાનો ભાઇ, કાકાનો દીકરો અને એકનો એક દામાદ અલી ઇબ્ને અબીતાલિબ છે. તે ખાતૂન ફાતેમા છે જે મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના અઝીઝતરીન બેટી અને એકલોતી સંતાન છે અને અલી ઇબ્ને અબી તાલિબની પત્ની છે અને આ નાના બે બાળકો અલી-ફાતેમાના પુત્રો હસન અને હુસૈન છે. જેઓને રસૂલુલ્લાહ પોતાના બેટા કહે છે, એટલા વહાલા છે.

રસૂલે ઇસ્લામ ફક્ત ઉપરોક્ત ચાર વ્યક્તિઓ સાથે મુબાહિલા માટે તશરીફ લાવ્યા અને

દોઝાનુ જમીન ઉપર બેસી ગયા. જે રીતે આપણે નમાઝના કાયદામાં બેસીએ છીએ.

અબુ હારેષાએ જ્યારે આ દૃશ્ય જોયું તો ધ્રુજી ઊઠ્યો, કાંપી ઊઠ્યો, પોતાના સાથીઓને કહ્યું: ખુદાની કસમ! આ મોહંમદ સાચા નબી છે. અંબિયામાં આવી જ હિંમત હોય છે. તેઓ ઇતમીનાન અને હિંમતથી તશરીફ લાવ્યા છે. વળી મુબાહિલા માટે તૈયાર છે. અય મારા સાથીઓ! હું એવા ચેહરા જોઇ રહ્યો છું, જો આ ચેહરા ખુદાથી કોઇ વસ્તુ માંગે તો પહાડ પણ પોતાની જગ્યાએથી હાલી ઊઠે. મને ભય છે કે જો આ લોકોએ આપણી ઉપર લઅનત કરી તો જમીન ઉપરના બધા જ ઇસાઇ હલાક થઇ જશે. તેથી હું માનુ છું કે મુબાહિલા કરવાની વાત જ માંડી વાળો. પછી આ લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી

વસલ્લમની સાથે સુલેહનામુ તૈયાર કર્યું. પરંતુ મુબાહિલો કર્યો નહિ.

મુબાહિલાની ઘટના એક પ્રખ્યાત ઘટના છે જેની શાનમાં ઉપરોક્ત આયતે કરીમા પણ નાઝિલ થઇ છે. સુન્ની અને શીયા બંને ફિરકાના આલિમો આ વાત ઉપર સંમત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે મુબાહિલામાં અલી, ફાતેમા, હસન અને હુસૈન અલયહેમુસ્સલામ સિવાય કોઇને સાથે ન લીધા. મુબાહેલા માટે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પોતાની સાથે અલી, ફાતેમા, હસન અને હુસૈન પાંચ ને જ રજૂ કર્યાં, બીજા કોઇને મુબાહિલા માટે યોગ્ય ન ગણ્યા. આ વાત હઝરત અલી અલયહિસ્સલામ, જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા, ઇમામ હસન અલયહિસ્સલામ અને ઇમામ હુસૈન અલયહિસ્સલામની મોટી ફઝીલત છે. દિલચસ્પ

વાત આ છે કે ઉપરોક્ત મુબાહિલાવાળી આયતમાં ઇમામ હસન અને ઇમામ હુસૈન અલયહિસ્સલામને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ફરઝંદોના ખાસ નિશાનથી વળી જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને ઘરની ખાતૂનના ખાસ નિશાનથી અને અલી ઇબ્ને અબી તાલિબ અલયહિસ્સલામને નફસે પેગંબરના ખાસ નિશાનથી ઓળખ આપવામાં આવી.

અલ્લાહનો હુકમ છે આવો "આપણે લોકો આપણા ફરઝંદોને" અહીં ઇમામ હસન અને ઇમામ હુસૈનને પોતાના બેટાઓની નિસબત આપી છે. બેટાઓને ખાસ નિશાન બનાવીને "હસનૈન"ને સાથે લીધા. અલ્લાહને કહ્યું: કે યા અલ્લાહ! આ મારા બેટા છે. બે જ ફક્ત ઇમામ હસન અને ઇમામ હુસૈન અલયહેમુસ્સલામ. "પોતપોતાની ઓરતોને- આપણી ઓરતોને" ખુદાના આ હુકમમાં રસૂલુલ્લાહે ફક્ત

ખાતૂને જન્નત જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાને લીધાં. જુઓ હુકમે ખુદા “અબ્નાઅના” પોતપોતાના ફરઝંદોને પછી બીજો હુકમ સાથે જ “નિસાઅના” પોતપોતાની સ્ત્રીઓ. પ્રથમ હુકમમાં ફરઝંદો હસન-હુસૈન અને બીજા હુકમમાં ખાતુને જન્નત ફાતેમા.

હવે અલ્લાહ ફરમાવે છે કે “વઅનફોસના” પોતપોતાના નફસને સાથે લઇ લો. નફસની જગ્યાએ જનાબે રસૂલે ખુદાએ હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબી તાલિબ અલયહિસ્સલામને લીધા. નફસનો અર્થ થાય છે તમારા આત્મા, શરીર, સ્વની જાત-તમારી પોતાની જાત જેવું હોય તે, જે વ્યક્તિ અસ્મિતાની દૃષ્ટિએ તમારા જેવો હોય, જે વ્યક્તિ આધ્યાત્મિકતાની દૃષ્ટિએ તમારા જેવો હોય તેને સાથે લઇ લો.

પેગંબરે ઇસ્લામે કોઇને સાથે ન લીધા. ફક્ત જનાબ અલી મુરતઝાને લીધા.

હવે વિચારો હજારોની સંખ્યામાં સહાબા હતા. આ તો હિજરતનું દસમું વર્ષ છે. ફતહે મક્કાનું વર્ષ છે. હવે તો રસૂલ અલ્લાહની પાસે જવાના છે. વિચારો ખૂબ વિચારો... હજારો સહાબીઓ હાજર છે. તેમાંથી કોઇ એકને પણ સાથે નથી લીધા. કુરઆનના હુકમમાં તો બહુવચન શબ્દપ્રયોગ છે. એમ નથી કે એક જ માણસ સાથે લેજો, છતાંય કોઇ એક સહાબીને પણ મુબાહિલાને લાયક સમજ્યા નથી. વાત ફક્ત આ જ છે કે પાક-પાકીઝા શજરો જોઇએ, હઝરત આદમથી પાક જિસ્મોમાં ચાલી આવતી પાક રૂહો-પાક માઓના રહમમાં જગ્યા પામતી આવતી હોય. આદમથી બાઇમાન માઓ અને બાઇમાન બાપો હોય તેવી રૂહ એહલેબયતમાંથી ફક્ત હઝરત અલી

અલયહિસ્સલામ હતા. આ સિવાય કોઇ વ્યક્તિઓ એહલેબયતમાં પણ નહીં ગણાય અને બાઇમાન બાપો અને બાઇમાન માઓવાળી પણ નહીં ગણાય.

હવે બીજો હુકમ અલ્લાહનો "વનિસાઅના" તમારી સ્ત્રીઓને સાથે લઇ લો, પોતપોતાની સ્ત્રીઓમાં રસૂલે ખુદાએ ફક્ત પોતાની એકલોતી અને પ્યારી બેટી ફાતેમાને સાથે લીધાં. એક સાથે આ પ્રસંગે રસૂલુલ્લાહના નિકાહમાં નવ સ્ત્રીઓ હતી, આયશા, હફસા પણ હતી. સલમા, હબીબા, સોદા, પણ હતી. છતાં આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પોતાની નવ હયાત નિકાહમાં ચાલુ એવી પત્નીઓમાંથી એકપણ પત્નીને મુબાહિલામાં સાથે લીધી નથી. ગુંજાઇશ તો ઘણી બધી હતી. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ બે ત્રણ ચારને પણ સાથે લઇ લેત તો કંઇ વાંધો ન હતો. અલ્લાહનો હુકમ તો બહુવચનમાં

છે. વાંધો હતો તો આ જ કે પત્નીઓ એહલેબયતમાં ગણાતી નથી. વળી માસૂમ પણ નથી.

રસૂલુલ્લાહના એહલેબયતમાં ફક્ત પાંચ પંજતન જ છે. સેંકડોની સંખ્યામાં સહાબા આ મુબાહિલો જોવા આવ્યા હતા. ઘણાં મોટા ગણાતા સહાબામાંથી કોઇ એકને પણ રસૂલે એમ નથી કહ્યું કે તમે આવી જાવ અમારી સાથે. “વ અનફોસના” તમારા નફસોને. એક પણ સહાબીને પેગબંરે પોતાના આત્માનો, પોતાના સ્વત્વનો, પોતાની જાતનો દરજ્જો ન આપ્યો. ફક્ત હઝરત અલી અલયહિસ્સલામને આ દરજ્જો મળ્યો. વિચારી લો, ખૂબ વિચારી લો, રસૂલુલ્લાહના નામથી હદીસો ઘડીને જુઠ્ઠા દરજ્જાઓ કાયમ કરાયા છે. જુઠ્ઠા મરતબા વહેંચાયા છે. આ ઢોલનું પોલ મુબાહિલામાં ખૂલી જાય છે. આપણે “વ અબનાઅના” તમારા ફરઝંદોને, આ શબ્દ પ્રયોગમાં પણ બહુવચન છે.

બહુ જ ગુંજાઇશ હતી. ઇમામ હસન અને ઇમામ હુસૈનની સાથે મોટા મોટા કહેવાતા સહાબાના બે ચાર કે પાંચ છ છોકરા પણ સાથે લઇ લેત તો વાંધો ન હતો. પરંતુ તેમનો પાક-પાકીઝા શજરો નથી બનતો. લોહી પણ પાક નથી બનતું. વળી તેઓ રસૂલના એહલેબયત- માંથી નથી. જુઠ્ઠા દરજ્જા બનાવવા માટે, હલકાઓને ઊંચે ઊઠાવવા માટે, નાપાકોને પાક બતાવવા માટેની ઘડેલી જુઠ્ઠી હદીસોનું ઢોલનું પોલ મુબાહિલામાં ખૂલી જાય છે.

(ઝખાઇરૂલ ઉકબા પેજ-૫૧, કશકુલ ગુમ્મા ભાગ-૨ પેજ૭૯)

## પ્રકરણ-૨ : જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાનું ઇલ્મ અને બુદ્ધિચાતુર્ય

અમ્માર યાસીર રઝિયલ્લાહો તઆલા અન્હો કહે છે, એક દિવસ હઝરત અલી અલયહિસ્સલામ ઘરમાં દાખલ થયા તો હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ ફરમાવ્યું: યા અલી! આપ મારી નજીક આવો જેથી હું આપને ભૂતકાળની અને ભવિષ્યની કેટલીક બાબતો બતાવું.

હઝરત અલી અલયહિસ્સલામ જનાબે ફાતેમાની વાતચીતથી થોડા આશ્ચર્યમાં પડી ગયા. થોડા નવાઇ પામ્યા. ત્યારબાદ પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સેવામાં હાજર થયા ત્યારે પેગંબર સાહેબે ફરમાવ્યું: યા અલી! તમે કંઇક કહો છો કો હું વાત કરૂં? હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું: યા રસૂલલ્લાહ! હું

આપથી પ્રથમ લાભ ઊઠાવવા માંગુ છું. પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: હું જાણું છું કે ફાતેમાએ આપને ફલાણી વાત ફરમાવી છે. તેના અનુસંધાનમાં આપ મને પૂછવા આવ્યા છો.

હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું: યા રસૂલલ્લાહ શું ફાતેમાનું નૂર પણ અમારા નૂરથી છે? પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: શું આપને આ બાબતની ખબર નથી? ફાતેમા પણ આપણા જ નૂરથી છે.

હઝરત અલી અલયહિસ્સલામ આ વાત સાંભળીને શુક્રના સિજદામાં પડી ગયા. અલ્લાહનો શુક્ર અદા કર્યો. ત્યાર બાદ આપ ઘેર આવ્યા તો જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ ફરમાવ્યું: યા અલી! આપ બાબાની પાસે ગયા હતા. બાબાએ આપની સમક્ષ મારી વાતની તસદીક કરી. આપે ફરમાવ્યું: હાં! અય દુખ્તરે પેગંબર.

જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ ફરમાવ્યું: અય અબુલહસન! ખુદાવંદે આલમે મારા નૂરને પેદા કર્યું, તે નૂર અલ્લાહતઆલાની તસ્બીહ કરતું હતું. અલ્લાહે આ નૂરને જન્નતમાં એક દરખ્તમાં સમાવી દીધું. જ્યારે મારા વાલિદ જન્નતમાં દાખલ થયા ત્યારે અલ્લાહતઆલાએ આપને હુકમ દીધો કે આ વૃક્ષના ફળ ખાઓ. મારા વાલિદે તે દરખ્તનો મેવો ખાધો, જેથી મારૂં નૂર તેમની સુલ્બમાં પહોંચી ગયું. પછી આ નૂર મારા બાબાની પીઠમાંથી મારી મા ના રહમમાં આવ્યું. યા અલી! હું તે જ નૂરથી છું. વળી પાછલા અને હવે પછી બનનારા બનાવો અને પરિસ્થિતિઓને નૂરના ઝરીઆથી જાણી લઉં છું. યા અબુલહસન! મોમિન નૂરે ખુદાના ઝરીએ જુએ છે.

ઇમામ હસન અસકરી અલયહિસ્સલામ ફરમાવે છે: એક સ્ત્રી જનાબે ફાતેમા સલામુલ્લાહ

અલયહાની સેવામાં હાજર થઇ. તેણે વિનંતી કરી કે મારી મા ઝઇફ અને કમજોર છે. તેને નમાઝના વિષયમાં કેટલાક મુશ્કેલ મસઅલા પેશ આવે છે. તેણે મને આપની ખિદમતમાં મોકલી છે. જેથી હું આપને તે મસઅલા પુછૂં. પછી તેણે મસઅલા રજૂ કર્યા. જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા મસઅલાનો જવાબ દેતાં રહ્યાં. આ રીતે તે સ્ત્રીએ દસ મસઅલા પૂછ્યા, જનાબ માસૂમાએ દશેય મસઅલાના જવાબ આપ્યા.

પેલી સ્ત્રી થોડીક શરમિંદા થવા લાગી. તેણે અરજ કરી અય દુખ્તરે રસૂલ, મેં આપને ખૂબ જ તકલીફ આપી છે. હવે બીજા મસાએલ બીજા કોઇ મૌકા ઉપર પુછીશ. જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાએ મુસ્કુરાહટ સાથે ફરમાવ્યું: જે કંઇ પૂછવું હોય તે પૂછો. હું થાકી નથી બલકે કમાલે મોહબ્બતથી જવાબ આપી રહી છું. જો કોઇ ભારે

વજન છત સુધી ઊઠાવી જવા માટે તેને એક લાખ દીનાર મજૂરી આપવામાં આવે તો શું તે વજન ઊઠાવવાથી થાક અનુભવશે? તે સ્ત્રીએ ઉત્તર આપ્યો, નહીં, કારણ કે તેને તેના કામના મુકાબલામાં ઘણી જ વધારે મજૂરી મળી રહી છે. હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ ફરમાવ્યું: ખુદા દરેક મસઅલાના જવાબના બદલામાં મને એટલો સવાબ આપે છે, જે એનાથી પણ વધારે છે કે જમીન અને આસમાનને હીરા, માણેક જમર્રૂદ અને યાકૂત જેવા કીંમતી હિરાઓથી ભરી દેવામાં આવે. તો શું આ જાણ્યા પછી પણ મસાએલના જવાબ આપતાં થાકી જઇશ?

મેં મારા બાબાજાનથી સાંભળ્યું છે. ફરમાવતા હતા કે મારા શીયાઓના [શીયાનો અર્થ અહીં "મદદગારો, અમારા દોસ્તો, અમારા ચાહકો, અમારા તાબેદારો" જેવો લેવાનો છે. કુરઆનમાં પણ

આ શબ્દ પ્રયોગ અમૂક જગ્યાએ બરાબર ....... બડી શીન યે એન અને હે થી પ્રયોજાયો છે. અંબિયાના મદદગારોને કુરઆનમાં શીયા શબ્દથી જ ઉદ્બોધન થયું છે. ..... વ ઇન્ન મિન શીઅતેહી લ ઇબ્રાહીમ (સૂ.સાફ્ફાત, આ. ૮૩) અને ખચિત જ ઇબ્રાહીમ પણ તેના જ અનુયાયીઓ-પેરવી કરનારાઓમાંથી હતા. શીયા શબ્દનો અર્થ અહીં અનુયાયી અને પેરવી કરનાર તરીકે લેવામાં આવ્યો છે. એક બીજી જગ્યાએ સૂરએ કસસમાં ઇરશાદે ઇલાહી છે, હાઝા મિન શીઅતેહી ..... મિન અદુવ્વેહી. અર્થાત : એક તો એમનો (હઝરત મૂસા અલયહિસ્સલામનો) શીયા હતો (પેરવી કરનારો હતો) અને બીજો એમનો દુશ્મન હતો. જે એમની પેરવી કરનારો હતો. (કુરઆનમાં શીયા શબ્દ છે) તેણે તે વ્યક્તિ ઉપર જે મુસા અલયહિસ્સલામના દુશ્મનોમાંથી હતો (અધિપત્ય મેળવવા માટે) મૂસાથી મદદ માંગી.

મતલબ કે અંબિયાની પેરવી કરનારને અલ્લાહે કુરઆનમાં શીયા શબ્દથી સંબોધ્યા છે.] આલિમો કિયામતના દિવસે એકત્ર થશે તો એમના ઇલ્મની માત્રામાં, તેઓએ ફેલાવેલી હિદાયત અને તેઓની કોશિશો અને દીન ખાતર જદ્દોજહદના પ્રમાણમાં ઉચ્ચ ખિલઅત [સન્માનાર્થે આપવામાં આવતો કીમતી ઝભ્ભો અને કોટ જેને પુરૂષ-સ્ત્રીઓ પહેરે છે] સાથે મોટા પ્રમાણમાં સવાબ ઇનાયત ફરમાવશે. અહીં સુધી કે તેઓમાંના એક એકને નૂરના દસ દસ લાખની સંખ્યામાં હીરા, માણેક, મોતી અને યાકૂત અતા ફરમાવશે. ત્યાર પછી એક મુનાદી આવાજ આપશે.

અય તે લોકો જેઓએ આલે મોહંમદના યતીમોની સંભાળ લીધી છે. તે સમયમાં કે એમના ઇમામ એમનાથી ગયબતમાં હતા. આ લોકો યતીમ હતા અને તમારા શાગિર્દ પણ હતા. તેઓ તમારી

સારસંભાળ દ્વારા દીનદાર બન્યા, દીન પર બાકી રહ્યા. તમે તેમની મદદ પણ કરી, બધી રીતે ખ્યાલ રાખ્યો, તેમને શિક્ષણ-પ્રશિક્ષણ આપ્યું. તેમના અંદર દીનદારી બાકી રાખી. જેટલા પ્રમાણમાં તેઓએ તમારા ઇલ્મથી ફાયદો ઊઠાવ્યો છે તેટલા જ પ્રમાણમાં તેઓને ખિલઅત આપો, હોદ્દો આપો.

તે વખતે મારી ઉમ્મતના આલિમો પોતાના પેરવી કરનારાઓને, ઉપરોક્ત લોકોને ખિલઅતો ઇનાયત કરશે. અહીં સુધી કે કોઇ કોઇને તો એક એક લાખની સંખ્યામાં ખિલઅતો પ્રાપ્ત થશે. જ્યારે આ પદવીદાન સમારંભ પૂર્ણ થઇ જશે તો અલ્લાહ તરફથી હુકમ થશે કે જે કંઇ ખિલઅતો આલિમોએ વહેંચેલી છે તેટલી જ તેમને પણ આપવામાં આવે. પછી દસ્તૂર (સર્ટીફિકેટ) આપવામાં આવશે.

પછી જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ પેલી મસાએલ પૂછતી સ્ત્રીને ફરમાવ્યું:

અય કનીઝે ખુદા! આ ખિલઅતનો (ઝભ્ભા કે કોટનો) એક ધાગો (એક દોરો) વિશ્વની તમામ ચીજોથી વધુ કિમતી હશે, જેમના ઉપર સૂરજ ઊગે છે. મતલબ સૂર્યનો પ્રકાશ વિશ્વની જેટલી ચીજો મકાનો, મહેલાતો, ઇમારતો, ખેત, ખલીહાન, વાડી, બગીચા જેટલી વસ્તુઓ પર પડે છે એ બધાની ભેગી કિંમત પણ પેલા કોટ અને ઝભ્ભાના એક ધાગા બરાબર પણ નથી બની શકતી. આ તો આખેરતની નેઅમતો છે દુન્યવી કાર્યો તકલીફ અને મુસીબતથી ભરપૂર હોય છે. જ્યારે આખેરતની નેઅમતોમાં કોઇ ખામી, એબ નથી હોતાં.

ઇમામ હસન અસકરી અલયહિસ્સલામ ફરમાવે છે કે બે સ્ત્રીઓ જેમાંની એક મોમિન અને બીજી દુશ્મન હતી તેમના વચ્ચે એક દીની મસાએલમાં વાદવિવાદ છેડાઇ ગયો. તે બંને આ વાદવિવાદના ઉકેલ માટે જનાબે ફાતેમા

સલામુલ્લાહ અલયહાની સેવામાં આવી. પછી મસઅલો વર્ણવ્યો. મોમિન સ્ત્રીની વાત સાચી હતી તેથી જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા પોતાની દલીલો અને વાતચીતમાં તેની પૃષ્ટિ કરી. આ રીતે આ મોમિના પેલી દુશ્મન ઉપર કામ્યાબ રહી. દુશ્મન સ્ત્રીથી કોઇ દલીલ બની શકતી જ ન હતી. આ તો દુખ્તરે રસૂલ હતાં જેમના ઘરમાં કુરઆન ઊતરતું હતું. જેમના ઘરમાં ફરિશ્તા આવતા હતા. પોતાની કામ્યાબી ઉપર મોમિન સ્ત્રી ઘણી જ ખુશ થઇ. હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ તે મોમિન સ્ત્રીને ફરમાવ્યું: અલ્લાહતઆલાના ફરિશ્તા તારા કરતાં પણ વધારે ખુશ થયા છે. જ્યારે શયતાન અને તેના તાબેદારો ઉપર ખૂબ જ ગમ છવાયો છે. જેની શિકાર આ દુશ્મન સ્ત્રી બની.

આ મોકા ઉપર ઇમામે ફરમાવ્યું: આ જ કારણથી ખુદાએ ફરિશ્તાઓને ફરમાવ્યું છે કે તે

ખિદમતના બદલામાં, જે જનાબે ફાતેમાએ તે મોમિન સ્ત્રીના માટે આપી, જન્નતની નેઅમતો જે છે તેને હજાર ગણી કરી દેવામાં આવે. *આ જ પદ્ધતિ અને સુન્નત અલ્લાહ તે આલિમના વિષયમાં પણ ચાલુ રાખે છે જે પોતાના ઇલ્મથી કોઇ મોમિનના ઇમાનને એટલી સ્થિરતા(શક્તિ) પ્રદાન કરે કે તે મોમિન કોઇ દુશ્મન ઉપર ઇમાનની દલીલોમાં કામ્યાબ થઇ જાય. ફતેહયાબ થઇ જાય અને તેના બદલામાં હજારો હજારો ગણો સવાબ પ્રાપ્ત કરે.*

(બેહારૂલ અનવાર ભાગ-૨ પેજ-૩ થી ૮, ભાગ-૪૩ પેજ-૮)

# પ્રકરણ-૩ : જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાનું ઇમાન અને ઇબાદત

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે હઝરત ફાતેમાના વિષયમાં ફરમાવ્યું:

ફાતેમાના દીલની ગેહરાઇમાં ઇમાન એટલું બધું રચીપચી ગયું છે કે અલ્લાહની ઇબાદત માટે તે ગમે તે સમયે ગમે તે કામ પડતું મુકીને પોતાને આઝાદ કરી શકે છે.

ઇમામ હસન અલયહિસ્સલામ ફરમાવે છે કે "મારા વાલિદહ શબે જુમ્આના સવાર સુધી અલ્લાહની ઇબાદતમાં મશગૂલ રહેતાં હતાં. સવારની સફેદી દેખાવા સુધી લગાતાર રૂકૂઅ અને સિજદા બજાવી લાવતાં હતાં. મેં અનુભવ્યું કે આપે મોઅમેનીન માટે નામ બોલીને દુઆ કરી છે. પરંતુ

પોતાના માટે દુઆ ન કરી. એક દિવસ મેં વિનંતી કરી કે અમ્મીજાન! આપ તમારા પોતાના માટે દુઆ કેમ નથી કરતાં? ફરમાવ્યું: પ્રથમ પડોશીઓ, દોસ્તો પછી આપણી જાન.

ઇમામ હસન અલયહિસ્સલામ ફરમાવે છે કે ફાતેમા ઝેહરા તમામ લોકોથી વધારે ઇબાદત ગુજાર હતાં. ઇબાદત માટે એટલાં ઊભાં રહેતાં હતાં કે નાનાજાનની જેમ એમને પણ પગ ઉપર વરમ આવી જતો હતો.

પેગંબરે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો ઇરશાદ છે: મારી બેટી ફાતેમા તમામ આલમની ઓરતોમાં બેહતરીન ઓરત છે. મારા જિસ્મનો ટૂકડો છે. મારી આંખોનું નૂર, મારા દીલની તમન્ના છે. મારા દીલની રૂહ છે. મારી બેટી ઇન્સાની શકલમાં હૂર છે. જ્યારે તે ઇબાદત માટે મેહરાબમાં ઊભી થાય છે તો એનું

નૂર આસમાનના ફરિશ્તાઓમાં ચમકે છે. ખુદાવંદે આલમ ફરિશ્તાઓને ખિતાબ કરે છે. મારી કનીઝને જુઓ, મારી સમક્ષ નમાઝમાં ઊભી છે. તેના અવયવો મારા ખોફથી ધ્રુજી રહ્યા છે. તે મારી ઇબાદતમાં તલ્લીન છે. અય ફરિશ્તાઓ! ગવાહ રહેજો કે મેં ફાતેમાની તાબેદારી કરનારાઓને દોઝખની આગથી આઝાદ કરી દીધા છે.

એક એવી શખ્સીયત-એક એવું અનોખું વ્યક્તિત્વ જેમનો જન્મ કુરઆનના ઊતરાણકાળની વચ્ચે થયો હોય, જેનો ઉછેર અને શિક્ષણ-પ્રશિક્ષણ વહીના ખોળામાં થયાં હોય, જેનું બાળપણ અને યુવાની બંને કુરઆન અને વહીના સમયગાળામાં વીત્યાં હોય, પેદા થતાંની સાથે જ કુરઆન સાંભળીને જેમનો સમય વીત્યો હોય. જેમણે રાત-દિવસ પોતાના બાબાજાનને તીલાવત કરતાં સાંભળ્યા હોય, જે મોહંમદ સલ્લલ્લાહો અલયહે

વઆલેહી વસલ્લમ જેવા બાપની તરબીયતમાં રહ્યાં હોય, જે નબીના પગો વધુ ઇબાદત કરવાના કારણે સૂજી જતા હતા. વળી જે હઝરત અલી અલયહિસ્સલામ જેવા પતિના ઘેર રહ્યાં હોય, જેઓ પોતાના જમાનાના લોકોમાં ઉચ્ચોચ્ચ આબિદ હતા. તેમણે તો ઇબાદતના તે જ વિશેષ મુકામ ઉપર હોવું જોઇએ અને એમની રૂહ પણ ઇમાન અને ઇબાદતમાં પેવસ્ત થવી જોઇએ.

(બેહારૂલ અનવાર, કશકુલ ગુમ્મા, દલાએલુલ ઇમામહ)

# પ્રકરણ-૪ : બરકતવંતો હાર

જાબિર બિન અબ્દુલ્લાહ અનસારી ફરમાવે છે કે એક દિવસ અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સાથે નમાઝે અસર અદા ફરમાવી. નમાઝ પછી અસહાબ રસૂલે ઇસ્લામની આસપાસ બેઠા હતા. અચાનક એક વ્યક્તિ પેગંબરે ઇસ્લામની સેવામાં હાજર થયો. તે વ્યક્તિના કપડાં જુના અને ફાટેલાં હતાં. ઘડપણની કમજોરીને કારણે તે પોતાના પગો ઉપર બરાબર ઊભો પણ રહી શકતો ન હતો. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે તેની તરફ જોઇ તેને ખબર અંતર પૂછ્યા. તેણે કહ્યું: યા રસૂલલ્લાહ! હું એક ભૂખ્યો વ્યક્તિ છું. મને ખાવાનું આપો, મારે કપડાંની જરૂરત પણ છે, મને કપડાં પણ આપો, ખાલી હાથે છું, મને કંઇક આપો.

પેગંબરે ઇસ્લામ ચિંતામાં પડી ગયા, પછી ફરમાવ્યું: ફિલહાલ તો મારી પાસે કંઇ નથી. પરંતુ હું તને એક જગ્યા બતલાવું છું. શાયદ ત્યાં તમારી હાજત પૂરી થઇ જાય. જાઓ, તમે તે વ્યક્તિની ઘેર જાઓ, જે વ્યક્તિ ખુદા અને તેના રસૂલને ચાહે છે, દોસ્ત રાખે છે. સાથે ખુદા અને રસૂલે ખુદાને પણ તે મહબૂબ છે, પ્યારો છે. જાઓ, મારી બેટી ફાતેમાના ઘેર, કદાચ તમને ત્યાંથી કંઇક મળે, આપે હઝરત બિલાલ રઝિયલ્લાહો તઆલા અન્હોને હુકમ કર્યો કે આ વૃદ્ધને ફાતેમાના ઘેર પહોંચાડી દો.

બિલાલ તે વૃદ્ધની સાથે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાની ઘેર પહોંચ્યા. વૃદ્ધે દરવાજે ઊભા રહી કહ્યું: મારા સલામ થાય એહલે નુબુવ્વતના ઘરવાળાઓ ઉપર, જે ફરિશ્તાઓના નાઝિલ થવાનું મરકઝ છે.

હઝરત ફાતેમાએ તેના સલામનો જવાબ આપ્યો. પછી ફરમાવ્યું: તમે કોણ છો?

તેણે વિનંતી કરી : હું એક ફકીર છું. હું આપના વાલિદ મોહતરમની ખિદમતમાં હાજર થયો હતો. તેમણે મને આપની પાસે મોકલ્યો છે. અય દુખ્તરે રસૂલ! ભૂખ્યો છું. ફાટયાતૂટ્યાં કપડાં છે. મને ખોરાક અને પોશાક બંનેની જરૂરત છે.

હઝરત ફાતેમાના ઘરમાં ખોરાક નામની કોઇ ચીજ ન મળી. યા અલ્લાહ! તો તેમણે એક ઘેટાનું ચામડું જે હસનૈનના પાથરવાના કામમાં આવતું હતું તે આપી, તેણે કહ્યું : આ ખાલ મારા શું કામની?

ફાતેમા ફાતેમા હતા. જેમને ફરિશ્તાઓએ ઝૂલો નાખ્યો હતો. જેઓ જન્નત અને જહન્નમનો તસવ્વુર કરી શકતાં હતાં. ખાનદાને બની હાશિમના પુરૂષો અને સ્ત્રીઓ બંનેના જિગર અને હિંમતને કોણ

પહોંચી શકે. અસહાબ તો બુતપરસ્તોની ઓલાદ છે. જ્યારે આ લોકો તો અંબિયાની ઓલાદ છે. આદમથી ખાતમ લગી આ લોકોના જ ખાનદાનમાં નુબુવ્વત અને ઇમામત ચાલી આવતી હતી. જનાબે ફાતેમાએ પરદામાં હાથ નાખી ગરદનના બંધનને ઢીલો કર્યો. એક હાર બહાર કાઢ્યો જે એમને એમના કાકાની છોકરીએ ભેટમાં આપ્યો હતો. તે હાર પેલા વૃદ્ધને આપતાં ફરમાવ્યું: આને વેચીને તમારા ગુજરાનનો સામાન પેદા કરો.

પેલો વૃદ્ધ વ્યક્તિ પેગંબરે ઇસ્લામની સેવામાં પરત આવ્યો. તમામ ઘટનાનું વર્ણન કર્યું. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને ફાતેમા ખૂબ જ પ્યારાં હતાં. રસૂલુલ્લાહ ખરેખર રડી પડ્યા. આંખોમાંથી ડબ ડબ આંસુ ટપકવા લાગ્યાં. પોતાની નવયુવાન દીકરીએ, તે બિચારી ગરીબને હજી પહેરવાના દિવસો છે, તેણે પોતાનો

હાર, તે પણ પોતાનો નહિ, કાકાની દીકરીનો આપેલો, ફકીરને આપી દીધો. બેટીની ગરદન ખાલી થઇ ગઇ. બેટી પણ મા વગરની, યતીમ બેટી. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પેલા વૃદ્ધ ફકીરને ફરમાવ્યું: આ હારને વેચી નાખો, જેથી મારી બેટીની બક્ષિસ વડે ખુદા તમારી મુસીબતો દૂર કરે.

હઝરત અમ્માર યાસિર રઝિયલ્લાહો તઆલા અન્હોએ તે હારને પેલા વૃદ્ધ પાસેથી ખરીદવાની રજા માંગી, તે વૃદ્ધની પાસે ગયા. પૂછ્યું : આ હારને કેટલામાં વેચવા ઇચ્છો છો? તેણે કહ્યું : તેની કિંમત આ છે કે મારા પેટને નાન-ગોશ્તથી ભરી દો, મારા શરીરને ઢાંકવા માટે કપડાં આપો, જેથી હું નમાઝ પઢી શકું. એક યમની ચાદર આપો, સાથે એક દીનાર આપો, તેના દ્વારા હું મારા વતન-પત્ની બાળકોની પાસે પહોંચી શકું.

હઝરત અમ્માર રઝિયલ્લાહો તઆલા અન્હોએ કહ્યું: હું આ હારને વીસ દીનાર, (બસો દિરહમ) એક યમની ચાદર, સવારી માટે એક ઊંટ, આટલી રોટલીઓ અને ગોશ્તના બદલામાં ખરીદૂં છું. જે તમારી બધી જ જરૂરતો માટે ખૂબ જ પૂરતી છે.

તે વૃદ્ધે હાર અમ્માર યાસીર રઝિયલ્લાહો તઆલા અન્હોને વેચી દીધો. પછી રકમ, ચાદર, રોટલી, ગોશ્ત વગેરે લઇને પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સેવામાં હાજર થયા. પેગંબરે ઇસ્લામે પૂછ્યું: શું તમને સંતોષ થઇ ગયો? તમારૂં શરીર ઢાંકવાની વ્યવસ્થા થઇ ગઇ? તેણે વિનંતી કરી, જી હાં. ફાતેમાની બક્ષિસની બરકતથી હવે મને કોઇ ચિંતા નથી. ખુદા તેના બદલામાં ફાતેમા ઉપર એવી ચીજ અતા ફરમાવે જે ન કોઇએ જોઇ હોય, ન સાંભળી હોય.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે અસહાબને ફરમાવ્યું : ખુદાવંદે આલમે ફાતેમાને આ દુનિયામાં એવી વસ્તુઓ અતા ફરમાવી છે જે અજોડ છે. કારણ કે એને મારા જેવો બાપ, અલી જેવા પતિ, હસન- હુસૈન જેવા ફરઝંદો આપ્યા છે. આ ફાતેમા ઉપર અલ્લાહની અતા છે. ફાતેમા ઉપર અલ્લાહની અનેક મહેરબાનીઓ છે. જ્યારે ઇઝરાઇલ ફાતેમાની રૂહ કબ્જ કરશે અને તેને કબરમાં સવાલ કરશે કે તારા પેગંબર કોણ છે? તો તે જવાબ આપશે. મારા બાપ, પૂછશે, તારો ઇમામ કોણ છે? તે જવાબ આપશે મારા પતિ, અલી બિન અબી તાલિબ. ખુદાવંદે આલમે ફરિશ્તાઓની એક જમાતને નિયુક્ત કરી છે કે તેઓ ફાતેમાની વફાત પછી, તેના ઉપર, તેના વાલિદ ઉપર, તેના શોહર ઉપર, તેના ફરઝંદો ઉપર દુરૂદ મોકલતા રહે. સાંભળી લો, જો કોઇ મારી વફાત પછી મારી

ઝિયારત કરે, જાણે તેણે મારી હયાતીમાં મારી ઝિયારત કરી. અને જો કોઇ ફાતેમાની ઝિયારત કરે જાણે કે તેણે મારી ઝિયારત કરી. રસૂલે અકરમે બેટીની ઝિયારતને પોતાની ઝિયારત ફરમાવી.

હઝરત અમ્માર યાસીરે તે હાર લીધો. તેને ખુશ્બો લગાવી પછી યમની કપડામાં લપેટીને પોતાના ગુલામને આપી કહ્યું કે આને પેગંબરે ઇસ્લામની સેવામાં પેશ કર અને મેં તને પણ રસૂલુલ્લાહને આપી દીધો છે. જ્યારે પેલો ગુલામ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ખિદમતમાં ગયો ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે તે હાર અને ગુલામ બંનેને સ્વીકારી જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની ખિદમતમાં મોકલી આપ્યા. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ પેલો હાર લીધો અને ગુલામને આઝાદ કરી દીધો.

ગુલામ આઝાદીનું વાતાવરણ પામીને ઘણો જ ખુશ થયો, ખુબ જ હસતો હતો. કોઇએ તેને હસવાનું કારણ પૂછયું તો બોલ્યો.

તે હારની બરકતે મને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધો છે. તે હારે ભૂખ્યાને ખાણું આપ્યું, નગ્નને પોશાક આપ્યો, ફકીરને માલદાર કરી દીધો, અને ગુલામને આઝાદ કરી દીધો, વળી પાછો તે હાર પોતાના માલિક પાસે પરત આવી ગયો.

(બેહારૂલ અનવાર જિલ્દ-૪૩ પેજ-૫૬)

# પ્રકરણ-૫ : પેગંબરે ઇસ્લામની ફાતેમા સલામુલ્લાહ અલયહાથી મહબ્બત અને તેમને માન આપવું

હઝરત આયશા કહે છે, જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાનો વાતચીત કરવાનો અંદાજ આબેહુબ પેગંબરે ઇસ્લામના જેવો હતો. જ્યારે આપ પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની પાસે આવતાં ત્યારે પેગંબરે ઇસ્લામ પોતાની બેટીનો હાથ પકડતા, તેને બોસો આપતા, પોતાની પાસે બેસાડતા અને જ્યારે જનાબે ફાતેમા મોટાં થઇ ગયા, આપની શાદી થઇ ગઇ, આપને પોતાના શોહરના ઘેર વળાવી દીધાં ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તેમની ખબર અંતર માટે જતા તો આપ વાલિદ મોહતરમના માનમાં ઊભાં થઇ જતાં, જનાબે ફાતેમા પેગંબરના હાથ ચૂમતાં. પછી આપ

સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને પોતાની જગ્યાએ બેસાડતા.

એક દિવસ હઝરત આયશાએ જોયું કે પેગંબરે ઇસ્લામ જનાબ ફાતેમાના કપાળ અને માથાને ચૂમી રહ્યા છે. આ જોઇ આયશાએ કહ્યું: યા રસૂલલ્લાહ! હજી પણ આપ ફાતેમાના માથાના વાળને ચૂમી રહ્યા છો? જ્યારે કે તે શાદીશુદા છે?

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : જો તને ખબર પડી શકત કે મારી બેટી મને કેટલી વહાલી છે, હું ફાતેમાને કેટલો ચાહું છું તો તારી મહબ્બત પણ તેની સાથે વધારે થઇ જાત. ફાતેમા ઇન્સાનની શકલ સૂરતમાં હૂર છે. જ્યારે પણ મને બેહિશ્તની ખુશબો સુંઘવાનું મન થાય છે, તેને બોસો કરૂં છું.

હઝરત અલી ઇબ્ને અબી તાલિબ અલયહિસ્સલામે પેગંબરે અકરમ સલ્લલ્લાહો અલયહે

વઆલેહી વસલ્લમને પૂછ્યું: યા રસૂલલ્લાહ! આપ મને વધારે મહબ્બત કરો છે કે ફાતેમાને? આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: તમે અઝીઝતર છો અને ફાતેમા મહબૂબતર છે.

**અઝીઝ તર = સ્વજન, આપ્તજન, દોસ્ત**

**મહબૂબતર = સૌથી વધારે પ્રિય, ખૂબ જ વહાલું**

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા ફરમાવે છે કે જ્યારે આ આયત નાઝિલ થઇ.

لَا تَجْعَلُوْا دُعَآءَ الرَّسُوْلِ بَيْنَكُمْ كَدُعَآءِ بَعْضِكُمْ بَعْضًا

(સૂ. નૂર આ-૬૩)

**ખબરદાર! રસૂલને આ રીતે ન પોકાર્યા કરો. જેવી રીતે અંદરો અંદર એકબીજાને પોકારો છો.**

આ આયતના નાઝિલ થયા પછી હું મારા વાલિદ મોહતરમને “બાબાજાન” કહીને ઉદ્બોધન કરતી ન હતી. જો કે મારી આદત બાળપણથી જ

“બાબાજાન” કહેવાની હતી. છતાંય આ આયત ઉતર્યા પછી મેં “બાબાજાન” કહેવાનું છોડી દીધું. “યા રસૂલલ્લાહ” કહેવાનું શરૂ કર્યું. મેં કેટલીયવાર આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને આ રીતે બોલાવ્યા. પરંતુ આપે મને જવાબ ન આપ્યો. પછી ધીમેથી ફરમાવ્યું: બેટા ફાતેમા જાન, આ આયત તમારા અને તમારા ફરઝંદોના માટે નથી ઊતરી. તમે મારાથી છો અને હું તમારાથી છું. એટલે કે એક જિસ્મ, એક લોહી, એક માંસ છીએ.

આ આયત કુરેશના ઘમંડીઓ માટે નાઝિલ થઇ છે. બેટા, તમે મને “બાબા” જ કહીને બોલાવો. કારણ કે આ શબ્દ મારા હ્રદયને સજીવન કરી દે છે. મારા હ્રદયમાં ઉમળકો પેદા કરે છે. પ્રેમનો સમંદર મારા હ્રદયમાં વહેતો થઇ જાય છે. આ પરિસ્થિતિ પરવરદિગારે આલમને પણ ખુશ કરી દે છે. મારા દીલની ખુશીથી પરવરદિગારે આલમ પણ ખુશ

થાય. બેટા, તુ મને “બાબાજાન” બોલે છે તો તારી માની પડખે ઊભેલી એવી તું અને તારી મા બંને યાદ આવી જાય છે. જેથી મારા દીલને ખુશી ઉપજે છે.

હઝરત આયેશાને પ્રશ્ન કરવામાં આવ્યો કે પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની નજીક સૌથી વધારે મહબૂબતરીન વ્યક્તિ કોણ હતું? તેમણે કહ્યું: ફાતેમા, ત્યારબાદ પૂછવામાં આવ્યું કે મરદોમાં સૌથી વધારે મહબ્બતરીન વ્યક્તિ કોણ હતું? કહ્યું ફાતેમાના પતિ અલી અલયહિસ્સલામ.

પેગંબરે ઇસ્લામ જ્યાં સુધી ફાતેમાના ચેહરાને ચૂમી ન લેતા સૂવા માટે ન જતા હતા.

પેગંબરે ઇસ્લામ જ્યારે સફર માટે જતા હતા ત્યારે છેલ્લી હસ્તી જેમને વિદાય લેતી વખતે મળતા હતા તે ફાતેમા સલામુલ્લાહ અલયહા હતા.

પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફરમાવતા હતા: ફાતેમા મારા જિસ્મનો ટૂકડો છે. મારા શરીરનો ભાગ છે. જેણે તેને ખુશ કરી તેણે મને ખુશ કર્યો. અને જેણે તેને તકલીફ આપી તેણે મને તકલીફ આપી, ફાતેમા તમામ લોકોમાં મને સૌથી વધારે વહાલી છે.

આ વાતમાં શકને કોઇ સ્થાન નથી કે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ હદથી વધીને, પ્રણાલિકાથી વધીને હઝરત ફાતેમાથી મહબ્બત જાહેર કરતા હતા. એટલે સુધી કે આ બાબતમાં આપના ઉપર એતેરાઝ થતા હતા. અલબત્ત દરેક બાપને કુદરતી રીતે અવલાદથી મહબ્બત હોય છે. પરંતુ જ્યારે મહબ્બતના સંબંધો પ્રમાણિક અને રિવાજથી આગળ વધી જાય તો એનું કંઇક ખાસ કારણ હોય છે. શક્ય છે કે બાળક સાથેની હદથી વધારે મહબ્બત બાપની જહાલતના

કારણે હોય, તાલીમો-તરબીયતની અણઆવડતના કારણે પણ હોય. પરંતુ આ બાબતનો સંબંધ પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની તરફ નહીં આપી શકાય. પેગંબર એક કામિલ ઇન્સાન હોય છે. નબી ઇલ્મ અને અક્કલમાં પોતાના જમાનામાં સર્વશ્રેષ્ઠ. તેનામાં કોઇ ખામી કે કમી હોતી નથી. એવી માન્યતા આપણને કુફ્રના ખાડામાં ધકેલી દેશે. જેમ ઊંટ ઉપર બેસો છે. ઊંટની નકીલ તેના હાથમાં હોય છે. ઊંટ સવારના હુકમાનુસાર જ ચાલતું હોય છે. એ જ રીતે નબીનો દરેક અમલ અલ્લાહનો હુકમ હોય છે. અલ્લાહ વારંવાર પોતાના ફરિશ્તાઓ દ્વારા નબીની રેહનુમાઇ કરતો હોય છે.

નબી સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ વિશે અલ્લાહ તઆલા સૂરએ કલમની ચોથી આયતમાં ફરમાવે છે:

وَ اِنَّکَ لَعَلٰی خُلُقٍ عَظِیۡمٍ

અને નિ:શંસય આપ બેહતરીન અખ્લાક ઉપર છો. મતલબ અય રસૂલ આપની બેહતરીન તાલીમ થઇ છે. આપ બેહતરીન અદબ શીખેલા છો. પેગંબરે ઇસ્લામના તમામ કાર્યો વહીએ ઇલાહી દ્વારા થતાં હતાં. અલ્લાહતઆલા આપના વિષયમાં ફરમાવે છે.

اِنۡ ہُوَ اِلَّا وَحۡیٌ یُّوۡحٰی

અમારો નબી કંઇપણ કહેતો નથી પરંતુ વહી તેના ઉપર કરવામાં આવે છે.

જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા સાથે રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની અનહદ અને રિવાજથી વધારે, પ્રણાલિકાઓથી વધીને મહબ્બત કરવાનું આખર

કોઇ તો કારણ હતું, કોઇ મકસદ હતો, કોઇ ધ્યેય હતો, જે રસૂલે ખુદા જાણતા હતા, આપણે નથી જાણતા.

રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ બેટી ફાતેમાના દરજ્જાને જાણતા હતા, માસૂમાના મરતબાને પેહચાનતા હતા. પેગંબરે ઇસ્લામ જાણતા હતા કે બેટી ફાતેમા વિલાયત અને ઇમામતનું મરકઝ છે. કેન્દ્રસ્થાન છે. ઇમામત અને વિલાયતનું કેન્દ્ર હઝરત અલી અલયહિસ્સલામની સુલ્બમાં છે. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના રહમમાં છે. આપના અગિયાર સંતાનો ઇમામત અને વિલાયતના અલમદાર છે. ઇસ્લામની એક આદર્શ ખાતૂન જે દરેક જાતના ગુનાહોથી પાક છે. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ અને હઝરત અલી અલયહિસ્સલામ પછી વિલાયતનો

ઉચ્ચોચ્ચ દરજ્જો જનાબ ફાતેમા સલામુલ્લાહ છે. આ બે બુઝુર્ગોને બાદ કરતાં આપના દરજ્જાને કોઇ પાર કરી શકતું નથી. અગિયાર ઇમામોની મા, જે અગિયાર ઇમામો રસૂલેખુદાને બાદ કરતાં તમામ અંબિયાથી ઉચ્ચ દરજે હોય, તેમની મા ના દરજ્જાને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ સિવાય કોણ સમજી શકે! જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાનું નૂર આસમાનના ફરિશ્તાઓને રોશની બક્ષે છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ બેહિશ્તની ખુશ્બૂ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના માથામાંથી સૂંઘતા હતા.

*(૧) કશકુલ ગુમ્મા ભાગ-૨ પેજ ૭૯, ૮૮, ૯૩,*

*(૨) બયતુલ અહઝાન પેજ-૧૪*

*(૩) ઝખાએરૂલ ઉકબા પેજ-૩૭*

*(૪) મનાકિબ ઇબ્ને શહર આશુબ ભાગ-૩ પેજ-૩૩૨*

# પ્રકરણ-૬ : જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા પેગંબરે ઇસ્લામની સંસ્કારી દીકરી

જનાબે ફાતેમા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની એક શ્રેષ્ઠ સંસ્કારી દીકરી હતાં. કોઇપણ સ્ત્રીમાં આ ઉચ્ચોચ્ચ હોદ્દો સ્વીકારવાની શક્તિ ન હતી. વિશ્વની કોઇપણ સ્ત્રી આ હોદ્દો સંભાળી શકવાને કાબેલ ન હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના તો આપ એક ના એક(એકલોતી) સંતાન હતાં. રસૂલુલ્લાહની બીજી ત્રણ છોકરીઓ જે કહેવાય છે. જેમાંની બે છોકરી હઝરત ઉસ્માનના નિકાહમાં આવી અને એકનો ઇન્તિકાલ થઇ ગયો. પછી બીજી નિકાહમાં આવી તે પણ મૃત્યુ પામી. તે ત્રણે છોકરીઓ હઝરત રસૂલેખુદાની પોતાની ન હતી. હાં, આ વાત ચોક્કસ કે હઝરત ખદીજા

રઝિયલ્લાહો તઆલા અન્હાએ તેઓનો ઉછેર જરૂર કર્યો હતો. કારણ કે આ છોકરીઓ તેમની બહેન હાલાની હતી. બેન-બનેવી બંને ગુજરી જતાં તેઓ યતીમ બની હતી. હઝરત ખદીજાની પાલક પુત્રીઓ હતી. તે રસૂલની પાલક પુત્રીઓ હતી. પરંતુ અરબની સભ્યતા પ્રમાણે પાલક મા-બાપને મા-બાપ તરીકે ઓળખવામાં આવતાં. આ રીતે તેઓ રસૂલુલ્લાહની બેટીઓ કહેવાતી હતી.

આ રીતે જનાબે ફાતેમા એક ઇલાહી રેહબરીની હૈસિયતથી અગિયાર ઇમામોના મા બનવાના હતાં. એમની એક ખાસ ઇઝ્ઝત હતી, એક ખાસ મકામ હતો. નુબુવ્વતનો એક ઉચ્ચોચ્ચ હોદ્દો પોતાના બાબાજાન પાસે હતો અને આ જ હોદ્દાની રૂએ જનાબે ફાતેમા પણ ઉચ્ચોચ્ચ અખ્લાક, શરાફત અને પરહેઝગારીના માલિક હતાં. દીનને ખાતર મુશ્કેલીઓ ઝીલવામાં જનાબે ફાતેમા

પોતાના બાબાજાન સાથે ખભેખભા મિલાવીને સાથે હતાં. ભૂખ્યા રહેવામાં, રોઝા ઉપર રોઝો રાખી લેવામાં, ઘરમાં ખાવાનું ફક્ત પોતાના પૂરતું હોવા છતાં ફકીરોને આપી દેવામાં આપની બરોબરી કોઇ બીજી ઓરતો કરી શકે નહિ.

પેગંબરે ઇસ્લામને નવ પત્નીઓ હતી. જેઓને બોલચાલની ભાષામાં આપણે "ઉમ્મુલ મોમેનીન" કહીએ છીએ. પરંતુ ઉમ્મુલ મોઅમેનીનનો સાચો હક જે ઓરતે અદા કર્યો તેઓ જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા તો અલ્લાહને પ્યારાં થઇ ગયાં હતાં. મક્કાના ધનાઢ્ય ખાતૂન હતાં. શહેરના અન્ય ધનવાનોમાં આપની ગણના થતી હતી. રસૂલુલ્લાહના નિકાહમાં આવી પોતાની બધી જ દવલત આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ચરણોમાં ધરી દીધી. ઇસ્લામ હદથી વધીને ગુરબતમાં હતો. સાચી રીતે ઉમ્મુલ

મોઅમેનીન હોવાનો હક તો આ મા ખદીજાએ જ અદા ફરમાવ્યો. આ ફાતેમા સલામુલ્લાહ અલયહા તેઓની બેટી હતાં. મા જેવી જ બેટી હતી. આ મા તો હયાત ન હતાં પરંતુ બેટી તો હયાત હતી. હવે આપણે અલ્લાહતઆલાનો એક હુકમ જેમાં પોતાના રસૂલને ખિતાબ કરીને અલ્લાહે રસૂલની પત્નીઓને ઠપકાર કરી છે. સૂરએ અહઝાબ ૩૩મી સૂરતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

يَاأَيُّهَا النَّبِيُّ قُلْ لِأَزْوَاجِكَ إِنْ كُنْتُنَّ تُرِدْنَ الْحَيَوٰةَ الدُّنْيَا وَ

زِيْنَتَهَا فَتَعَالَيْنَ أُمَتِّعْكُنَّ وَأُسَرِّحْكُنَّ سَرَاحًا جَمِيلًا ﴿٢٨﴾

وَإِنْ كُنْتُنَّ تُرِدْنَ اللَّهَ وَرَسُولَهُ وَالدَّارَ الْآخِرَةَ فَإِنَّ اللَّهَ أَعَدَّ

لِلْمُحْسِنَاتِ مِنْكُنَّ أَجْرًا عَظِيمًا ﴿٢٩﴾

(સૂ. અહઝાબ આ.-૨૮,૨૯)

અય રસૂલ! તમારી પત્નીઓને કહી દો, અગર તમે લોકો દુનિયાની જિંદગી અને તેના શણગાર, તેની રોનકની ઇચ્છા ધરાવો છો, તો આવો હું તમને દુનિયાની પુંજી આપીને બેહતર તરીકાથી છૂટી કરી દંઉ. પરંતુ જો તમે અલ્લાહ-રસૂલ અને આખેરતની તલબગાર છો તો ખુદાએ તમારામાંથી નેકી કરનાર સ્ત્રીઓ માટે ઘણો સારો બદલો રાખ્યો છે. અજરન અઝીમા, શ્રેષ્ઠ બદલો.

ત્યારબાદ કુરઆને કરીમ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની પત્નીઓને ઉદ્દેશીને કહે છે. કુરઆને કરીમની 33મી સૂરત સૂરએ અહઝાબમાં ઇરશાદે ખુદાવંદી છે.

يٰنِسَآءَ النَّبِيِّ مَنْ يَّأْتِ مِنْكُنَّ بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ يُّضٰعَفْ لَهَا
الْعَذَابُ ضِعْفَيْنِ ؕ وَكَانَ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرًا ﴿۳۰﴾

وَ مَنْ يَّقْنُتْ مِنْكُنَّ لِلّٰهِ وَ رَسُوْلِهٖ وَ تَعْمَلْ صَالِحًا نُّؤْتِهَآ اَجْرَهَا
مَرَّتَيْنِ ۙ وَ اَعْتَدْنَا لَهَا رِزْقًا كَرِيْمًا ﴿۳۱﴾
يٰنِسَآءَ النَّبِيِّ لَسْتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ اِنِ اتَّقَيْتُنَّ فَلَا تَخْضَعْنَ
بِالْقَوْلِ فَيَطْمَعَ الَّذِيْ فِيْ قَلْبِهٖ مَرَضٌ وَّ قُلْنَ قَوْلًا مَّعْرُوْفًا ۚ ﴿۳۲﴾
وَ قَرْنَ فِيْ بُيُوْتِكُنَّ وَ لَا تَبَرَّجْنَ تَبَرُّجَ الْجَاهِلِيَّةِ الْاُوْلٰى وَ اَقِمْنَ
الصَّلٰوةَ وَ اٰتِيْنَ الزَّكٰوةَ وَ اَطِعْنَ اللّٰهَ وَ رَسُوْلَهٗ ؕ اِنَّمَا يُرِيْدُ اللّٰهُ
لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ اَهْلَ الْبَيْتِ وَ يُطَهِّرَكُمْ تَطْهِيْرًا ۚ ﴿۳۳﴾
وَ اذْكُرْنَ مَا يُتْلٰى فِيْ بُيُوْتِكُنَّ مِنْ اٰيٰتِ اللّٰهِ وَ الْحِكْمَةِ ؕ اِنَّ اللّٰهَ كَانَ
لَطِيْفًا خَبِيْرًا ﴿۳۴﴾

(સૂ. અહઝાબ આ.30 થી 34)

અય પયગંબરની પત્નીઓ! જે કોઇપણ તમારામાંથી ખુલ્લી બુરાઇ (ગુનોહ) કરશે તેનો

અઝાબ પણ તમને ડબલ આપવામાં આવશે અને આ વાત ખુદાના માટે ઘણી સહેલી છે, અને તમારામાંથી જે કોઇપણ ખુદા અને તેના રસૂલની ઇતાઅત કરશે, સાથે નેક આમાલ કરશે, તેમને ડબલ બદલો આપવામાં આવશે, અને અમે તેમના માટે બેહતરીન રોઝી તૈયાર રાખી છે. અય પયગંબરની પત્નીઓ! તમે તકવો ઇખ્તયાર કરો, કારણ કે તમારો મરતબો અન્ય સામાન્ય સ્ત્રીઓ જેવો નથી. તેથી કોઇ આદમી સાથે મીઠી નમ્ર ભાષામાં વાત ન કરશો કે જેનું દીલ બીમાર હોય, તેમાં લાલચ પેદા થઇ જાય અને હંમેશા નેક વાતો કર્યા કરો અને તમારા ઘરોમાં બેસેલી રહો. પહેલાંની જાહેલીયત જેવો બનાવ-શણગાર ન કરો અને નમાઝ કાયમ કરો, અને ઝકાત અદા કરો અને અલ્લાહ તથા તેના રસૂલની ઇતાઅત કરો.

“બસ અલ્લાહ તો આ ચાહે છે કે અય એહલેબયત, તમારાથી દરેક બુરાઇને દૂર રાખે” અને

તમને એવી રીતે પાક-પાકીઝા રાખે, જેવો પાક પાકીઝા રાખવાનો હક છે. [કુરઆન એકત્રીકરણ વખતે જે પ્રમાણે અન્ય જગ્યાએ થયું છે તેમ મક્કી સૂરતોમાં કેટલીક મદની આયતો અને મદની સૂરતોમાં કોઇક મક્કી આયતો ગોઠવાઇ ગઇ છે. એ જ પ્રમાણે અહીં પણ આયતે તતહીર છે. આયતે તતહીરમાં ફક્ત પાંચ હસ્તીઓ જ સામેલ છે. જે બધે બધાં માસૂમ છે. હદીસે કિસાઅવાળા મોહંમદ, અલી, ફાતેમા, હસન, હુસૈન અલયહેમુસ્સલામ છે. ફક્ત આ પાંચ બુઝુર્ગ હસ્તીઓ આયતે તતહીરના હકદાર છે. રસૂલુલ્લાહની પત્નીઓને ઠપકારતી આયતોની વચ્ચે આ આયતને ગોઠવી દેવાઇ છે.]

અય નબીની બીબીઓ! તમારા ઘરોમાં જે આયાતે ઇલાહી અને હિકમતની વાતોની તિલાવત કરવામાં આવે છે તેને યાદ રાખો કે ખુદા ઘણું જ બારીક જોનારો અને દરેક વસ્તુની ખબર રાખનારો છે.

પેગંબરનું ઘર આનંદ પ્રમોદની જગ્યા નથી. શણગાર સજીને ફરવાની જગ્યા નથી. સહનશક્તિ કરવાની જગ્યા છે. પોતાનો હક જતો કરીને અન્યોના હકો અદા કરવાની જગ્યા છે. પેગંબરે ઇસ્લામની સ્ત્રીઓને કહેવામાં આવ્યું કે જો તમારે આનંદ-પ્રમોદ રાહત જોઇતી હોય તો નબી તમને ભલાઇ સાથે પોતાના નિકાહમાંથી છૂટી કરી દે, તમે જઇ શકો છો.

બીજી આયતોમાં કહેવામાં આવ્યું છે કે અય નબીની પત્નીઓ જો તમે કોઇ ખુલ્લો ગુનો કરશો તો તમને ડબલ સજા થશે. એ જ રીતે અલ્લાહ-રસૂલની તાબેદારી ઉપર તમને અજરો સવાબ પણ બેગણો જ મળશે. કોઇની સાથે ચીકણી ભાષામાં, તેને ગમી જાય એવી નરમ ભાષામાં વાત ન કરો, પોતાના ઘરોમાં રહો. વગેરે સાથે કેટલીક હિદાયતની વાતો કરી છે.

પેગંબરનું ઘર એક મુકદ્દસ-પવિત્ર જગ્યા છે. લોકો અહીં ઇસ્લામની નિશાનીઓ જોવા ઇચ્છે છે. આ

ઘરમાં સાચા ઇસ્લામનો અનુભવ કરવા માંગે છે. અલ્લાહ પેગંબરને કહે છે કે આ ઘરની હૈસિયતને સમજો.

જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા એક આદર્શ ખાતૂન હતાં જેઓ રસૂલુલ્લાહના ઘરની શોભાં હતાં. ઇસ્લામના આદર્શો અને માંગણી પ્રમાણે આપે રસૂલના ઘરને ગૌરવવંતુ બનાવ્યું હતું. એક આપ જ પેગંબરે ઇસ્લામની લાયક અને સુસંસ્કારી દીકરી હતાં. આપના સિવાય રસૂલુલ્લાહને બીજી કોઇ દીકરી હતી જ નહિ. આ જ કારણથી પેગંબરે ઇસ્લામે આપના માટે ફરમાવ્યું: મારી બેટી ફાતેમા પાછલી અને આઇન્દહ આવનારી તમામ સ્ત્રીઓમાં સૌથી અફઝલ છે. જ્યારે તે મેહરાબે ઇબાદતમાં ઊભી રહે છે, અલ્લાહના સિત્તેર હજાર મકબૂલ ફરિશ્તાઓ તેને સલામ કરે છે, સાથે કહે છે: “અય ફાતેમા, તમને પસંદગી આપી છે, અલ્લાહે પાક-પાકીઝા રાખ્યાં છે

અને તમે તમામ વિશ્વની સ્ત્રીઓ ઉપર શ્રેષ્ઠતા ધરાવો છો.

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: ખુદા પર ઇમાન ઝેહરાના હ્રદય અને રૂહના ઊંડાણમાં એવું રચ્યું પચ્યું છે કે તે ઇબાદત માટે પોતાની જાતને દરેક વસ્તુથી આઝાદ કરી લે છે.

આગળ ફરમાવે છે કે જ્યારે ફાતેમા મેહરાબમાં ઇબાદતમાં મસરૂફ હોય છે ત્યારે એનું નૂર ફરિશ્તાઓ માટે ચમકે છે. અને ખુદા ફરિશ્તાઓને કહે છે: મારી કનીઝને જુઓ, મારા ડરખોફથી કેવી ધ્રુજે છે અને ઇબાદતમાં મશ્ગુલ છે.

અસ્મા કહે છે કે એક દિવસ હું ફાતેમા અલયહસ્સલામની સેવામાં હાજર હતી એટલામાં પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તશરીફ લાવ્યા. જનાબે ફાતેમાની ગરદનમાં એક

સોનાનો હાર જોયો. પૂછતાં જનાબ ફાતેમાએ તે ક્યાંથી આવ્યો, કેવી રીતે આવ્યો વગેરે વિગત જણાવી. ફાતેમાએ જોયું કે પોતાનું હાર પહેરવું અબ્બાજાનને પસંદ પડ્યું નથી. જો કે રસૂલે ઇસ્લામે હલાલ વસ્તુને હરામ નથી ફરમાવી. પરંતુ આપના ચેહરાના હાવભાવને જનાબે ફાતેમા સમજી ગયાં. તરત જ હાર ઊતારી નાખ્યો. રસૂલે ઇસ્લામે ફરમાવ્યું કે બેટા! લોકોની દૃષ્ટિમાં આપણું ઘરાનું અંબિયાનું ઘરાનું છે. હલાલના ઉપયોગમાં પણ જો આપણે એહતેયાત રાખીએ તો ઇન્સાનિયત આપણાથી બોધપાઠ લે, બેટા તારો દરજ્જો તો ઘણો જ ઊંચો છે. જનાબ ફાતેમાએ કહ્યું: બાબાજાન હું ખુશ છું. મને હાર ન પહેરવાનો કોઇ અફસોસ નથી. હું આ હારને આખેરતની નેકીમાં તબદીલ કરી નાખું છું. તરત જ આપે તે હારને વેચી તેમાંથી એક ગુલામ ખરીદ્યો અને ખરીદીને તરત જ તેને ઘેર બોલાવી આઝાદ કરી

દીધો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ જનાબે ઝેહરાના આ અમલ ઉપર ખૂબ જ ખુશ થયા.

વહાલા વાચકો! આપ પાછલા પ્રકરણોમાં હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાનો ઇલ્મી દરજ્જો, ઇલ્મને ફેલાવવાની કોશિશ, એના માટે જદ્દોજહદ, તે માટે સખત સાદગીભરી જિંદગી, અનેક મુશ્કેલીઓ સહન કરવી, આપની ઉદારતા, હમદર્દી વગેરે વિષયમાં, ઘણુંબધું વાંચી ચૂક્યા છો, તેનું પુનરાવર્તન કરવા નથી ઇચ્છતો. આ બધી માસૂમાની વિશેષતાઓ હતી. આપ રસૂલે ઇસ્લામની દૃષ્ટિમાં કાબિલે ઇઝ્ઝત, કાબિલે મહબ્બત હતાં. હવે આપણે જોઇએ કે માસૂમા બાકરામાત-બા મોઅજિઝા હોવા છતાં કેટલી સખત જિંદગી જીવતાં હતાં.

(ઝખાએરિલ ઉકબા પેજ-૫૧)

## પ્રકરણ-૭ : જનાબે ફાતેમા અને અલી અલયહેમુસ્સલામની સખત જિંદગી

એક જમાનામાં હઝરત અલી અલયહિસ્સલામની જિંદગી ઘણી જ સખત હતી. બંને પતિ-પત્નીની જિંદગી ખૂબ જ તંગીમાં ગુજરતી હતી. જંગે ખયબર સુધી તો લગભગ બધા જ મોહોજિરીન અને અનસારની જિંદગી સખત હતી કારણ કે લગાતાર જંગો, બહારથી ઇસ્લામ સ્વીકારીને મદીના આવતા નવમુસ્લિમોની જવાબદારી, તેમનો ખોરાક, તેમની સવારીઓનો ચારો વગેરેની જવાબદારી પણ આ લોકો ઉપાડતા હતા. જંગે ખયબર યહુદીઓની સાથે થઇ હતી, ઘણો જ માલે ગનીમત હાથ લાગ્યો હતો. જેથી ખયબર પછી મુસલમાનોની જિંદગી સખત તો હતી જ પરંતુ તે હદથી વધીને સખત ન ગણાય.

વળી જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા અને હઝરત અલી અલયહિસ્સલામ એહલેબયતના ઘરાનાના લોકો હતા. નબુવ્વતના ઘરાનાના લોકો હતા. નુઝૂલે કુરઆનના ઘરાનાના લોકો હતા. ફરિશ્તાઓ જેઓને રાત દિવસ સલામ કરતા હતા, તે ઘરાનાના લોકો હતા. આ લોકોના ઘરો ઉપર ફકીરોની કતારો લાગી રહેતી, જે કંઇ મેહનત મજૂરી કે વેપાર રોજગારમાંથી મળતું તે સદકો-દાનમાં આપી દેતા. દરવાજે આવનારને પાછા ન કાઢતા. કુરઆન કહે છે ભૂખ્યા રહે છે અને બીજાઓને ખવડાવે છે.

એક દિવસ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા પોતાના વાલિદ બુઝુર્ગવારની ખિદમતમાં હાજર થયાં. દરવાજાને દસ્તક દીધી ત્યારે પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ઉમ્મે અયમનને ફરમાવ્યું: જાણે મને એમ લાગે છે

કે મારી બેટી ઝેહરા દરવાજા ઉપર છે. જાઓ, દરવાજો ખોલો, જુઓ કોણ છે? દરવાજો ખૂલ્યો તો જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા ઘરમાં દાખલ થયાં. સલામ કરી અને પોતાના વાલિદ ગિરામીની ખિદમતમાં બેસી ગયાં.

જનાબ રિસાલત મઆબે ફરમાવ્યું: બેટી ફાતેમા, તું આવી છો? આથી અગાઉ તો આ સમયે તુ કદી નથી આવી? બેટા, શું વાત છે? ફરમાવો, વિનંતી કરી: યા રસૂલલ્લાહ! ફરિશ્તાઓનો શું ખોરાક હોય છે? ફરમાવ્યું: અલ્લાહની હમ્દોસના. વિનંતી કરી: બાબાજાન! બસ અમારો ખોરાક પણ શું છે? ખુદાની કસમ, એક મહિનો થવા આવ્યો, આલે મોહંમદના ઘેર ચૂલો નથી સળગ્યો. અત્યાર સુધી તો આપની મુલાકાત ઉપર પણ આપથી છુપાવતી રહી છું, પરંતુ હવે મારાથી ન રહેવાયું.

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: મારી નૂરે નઝર, વહાલી દીકરી! આગળ આવો હું તમને તે પાંચ કલિમાત બતાવી દઉં જે જિબ્રઇલે મને બતાવ્યા છે.

يَا رَبَّ الْأَوَّلِيْنَ وَ الْآخِرِيْنَ يَا ذَالْقُوَّةِ الْمَتِيْنِ وَيَا رَاحِمَ الْمَسَاكِيْنِ وَيَا اَرْحَمَ الرَّاحِمِيْنَ

જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ તે દુઆ યાદ કરી અને ઘેર પાછા આવ્યાં. હઝરત અલી અલયહિસ્સલામે પૂછ્યું: દુખ્તરે રસૂલ! તમે ક્યાં ગયા હતા? જવાબ આપ્યો, દુનિયા માંગવા ગઇ હતી. પરંતુ આખેરતનો સામાન લઇને આવી છું. હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું: આજનો દિવસ સૌથી બેહતરીન દિવસ હતો. વાચકો વિચારે, ખૂબ વિચારે. રડવું આવે તો રડી લે.

મારી મા-બહેનો વિચારો, ખૂબ જ વિચારો. કેવી મા, ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની બેટી. કેવો બાપ જનાબે મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ, કેવા શૌહર જનાબે અલી અલયહિસ્સલામ. મા ખદીજાની તરબીયત પામેલી કેવી બેટી? કેવા ઇમામ હસન અલયહિસ્સલામ અને કેવા ઇમામ હુસૈન અલયહિસ્સલામ- બધા જ સબરો તહમ્મુલનો દરિયો. બાપના ઘેર ફરિયાદ લઇને ગયા ત્યાંથી ખુશ ખુશ થઇને પાછાં ફર્યા, કહ્યું: યા અલી હું દુનિયા લેવા ગઇ હતી. આખેરત લઇને આવી છું. આ નૂરાની મખ્લૂકને અલ્લાહે આપણી તરબીયત માટે જિસ્માની લિબાસમાં મોકલી. ખુદા ઇચ્છે છે કે આપણે હિદાયત પામીએ. આપણી દુનિયા અને આખેરત બંને દુરસ્ત થઇ જાય. મારી મા-બહેનો! જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની જિંદગીનું

એક એક પાનુ હિદાયતથી ભરપૂર છે. આ એક મહિના ચૂલો ન સળગ્યાની સાથે બધી જ રિવાયતો બેહારૂલ અનવારની છે.

એક દિવસ પેગંબરે ઇસ્લામ જનાબ ફાતેમાની ખબરઅંતર પૂછવા આવ્યા. આપે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને હાલ પૂછ્યા. કહ્યું: બાબાજાન! હાલ તો આ છે કે બીમાર છું, અને એનાથી બદતર પરિસ્થિતિ આ છે કે ઘરમાં ખાવા માટે કોઇ ચીજ નથી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: બેટા! શું તમારા માટે આ વાત કાફી નથી કે તમે વિશ્વની તમામ સ્ત્રીઓમાં સર્વશ્રેષ્ઠ છો.

ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું: એક દિવસ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ખિદમતમાં વિનંતી કરી: યા

રસૂલલ્લાહ! અલી તો આપની પાસે આપના હિસ્સામાં જે કંઇ આવે છે તે ફકીરોમાં આપી દે છે. પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: બેટી! અલીથી નારાજ ન થશો. તે બહાદુર પુરૂષ છે. યુદ્ધ મોરચે બહાદુર છે તો સખાવતમાં પણ બહાદુર છે. મને અલીથી ખૂબ જ મહબ્બત છે. તે મારા ભાઇ છે, મારા કાકાના દીકરા છે, મારા વસી છે, મારા વજીર છે. એમની નારાજગી મારી નારાજગી છે અને મારી નારાજગી અલ્લાહની નારાજગી છે.

અસમા બિન્તે ઉમૈસ કહે છે કે એક દિવસ રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના ઘેર ગયા. જોયું તો હસન અને હુસૈન ઘરમાં મોજૂદ નથી. તેમના વિષયમાં પૂછ્યું તો જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ જણાવ્યું: આજે અમારા

ઘરમાં ખાવા માટે કંઇ પણ ન હતું. અલીએ જ્યારે બહાર જવાનો ઇરાદો કર્યો તો મને જણાવ્યું કે હું હસન અને હુસૈનને મારી સાથે બહાર લઇ જાઉં છું. કંઇ એવું ન બને કે બંને ભૂખથી રડે અને તમારી પાસે ખાવાનું માગી તમને પરેશાન કરે. જેથી બંનેને ઊંચકીને ફલાણા યહૂદીના ઘર તરફ ગયા છે.

રસૂલે ઇસ્લામ હઝરત અલી અલયહિસ્સલામની શોધમાં બહાર નીકળ્યા. જોયું તો આપ એક યહૂદીના બાગમાં પાણી ખેંચીને પાઇ રહ્યા છે જ્યારે હસન અલયહિસ્સલામ અને હુસૈન અલયહિસ્સલામ રમતમાં મશગૂલ છે. વળી તેઓની સમક્ષ થોડીક ખજૂરો પણ પડેલી છે. પેગંબરે ઇસ્લામે હઝરત અલીને ફરમાવ્યું: શું તડકો કડક થતાં અગાઉ હસન-હુસૈનને ઘેર નહીં પહોંચાડો?

હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું: યા રસૂલલ્લાહ! જ્યારે ઘેરથી બહાર આવ્યો હતો ત્યારે અમારા ઘરમાં કોઇ પણ પ્રકારનું ખાવાનું ન હતું. જો આપ થોડીકવાર રોકાઇ જાવ તો હું થોડીક ડોલો પાણી ખેંચી થોડીક વધારે ખજૂરો મેળવી લઉં જે ફાતેમા માટે ઘરે લઇ જાઉં.

મેં આ યહૂદી સાથે દરેક ડોલ ઉપર એક ખજૂર મજૂરી નક્કી કરી છે. જ્યારે થોડીક ખજૂરો જેટલી ડોલો પાણી બાગમાં નંખાઇ ગયું ત્યારે તે ખજૂરોને પોતાના દામનમાં નાખી અને બંને બાળકો લઇ રસૂલે ઇસ્લામ અને અમીરૂલ મોઅમેનીન ઘેર આવ્યા.

એક દિવસ પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાની પાસે આવ્યા. જોયું તો જનાબે ફાતેમાએ એક હાર પહેર્યો છે. જનાબ રસૂલે

ખુદા તો પાછા ફરી ગયા. જનાબે ફાતેમા આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ઘરમાં નહીં આવવાનું કારણ સમજી ગયાં. હાર ઊતારી રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સેવામાં મોકલી આપ્યો. આપે ફરમાવ્યું:

"ફાતેમા તમે મારાથી છો. મતલબ મારા ગોશ્ત અને લહુમાંથી છો."

ત્યાર પછી એક ગરીબ માણસ આવ્યો તો આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે તે હાર પેલા ગરીબને આપી દીધો, પછી ફરમાવ્યું:

"જે વ્યક્તિ અમારૂં લોહી વહાવે અને મારા એલહલેબયતના વિષયમાં મને તકલીફ પહોંચાડે, તો ખુદાવંદે આલમ તેના ઉપર પોતાનો ગઝબ નાઝિલ કરશે."

ઇમામ મોહંમદ બાકિર અલયહિસ્સલામે ફરમાવ્યું : પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની આદત મુબારક આ હતી કે જ્યારે પણ સફરમાં જતા, સૌથી છેલ્લે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાની વિદાય માટે જતા અને જ્યારે સફરથી પાછા ફરતા તો સૌપ્રથમ તેમનો દીદાર કરતા.

એક દિવસ સફરથી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ પાછા ફર્યા તો સૌ પ્રથમ જનાબે ફાતેમાના ઘેર આવ્યા. જોયું તો હસન અને હુસેન બંને બાળકોના હાથમાં ચાંદીના કડાં છે. અને એક સારા મોંઘા કપડાનો પરદો પણ લટકી રહ્યો છે. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે થોડીવાર જોયું, દીકરીને, સંતાનોને ખબર અંતર પૂછ્યા પછી આદતના વિરૂદ્ધ વધારે ન રોકાતાં પાછા ફર્યા.

જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા આ જોઇ ગમગીન થઇ ગયાં. સમજી ગયાં કે બાબાજાન જલ્દી પાછા કેમ ચાલ્યા ગયા. તરત જ હસન અને હુસૈનના હાથોમાંથી પેલી ચાંદીની કડીઓ ઊતારી લીધી. તે કડીઓ તેમને આપીને રસૂલુલ્લાહની સેવામાં રવાના કર્યા. કહ્યું કેઃ બેટાઓ! આ કડીઓ નાનાજાનને આપી દેજો, કોઇકની સાથે કપડાનો પરદો પણ મોકલી આપ્યો.

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ હાથની કડીઓને મસ્જિદમાં રહેતા ફકીરો વચ્ચે વહેંચી આપી અને પેલા પરદાના કપડાના યોગ્ય ટૂકડા કરી મસ્જિદમાં જે ગરીબો પાસે કપડાં ન હતાં અથવા ફાટેલાં હતાં તેઓને વહેંચી દીધા. ત્યાર પછી પેગંબરે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યુંઃ "ખુદા ફાતેમા ઉપર

રહેમ કરે અને તેને બહિશ્તી લિબાસ પહેરાવે અને બેહિશ્તી શણગાર અતા કરે”

ઇમરાન ઇબ્ને હસીન કહે છે કે એક દિવસ હું જનાબ રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ખિદમતમાં બેઠેલો હતો. ત્યાં જનાબ ફાતેમા ઝેહરા તશરીફ લાવ્યાં. જ્યારે રસૂલે મકબૂલની દૃષ્ટિ બેટીના ચેહરા પર પડી, જે ભૂખથી પીળો પડી ગયો હતો, ફિક્કો થઇ ગયો હતો. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે બેટીને પાસે બોલાવી અને પોતાનો હાથ મુબારક ફાતેમાના સીના ઉપર મુકી દુઆ ફરમાવી.

“અય તે ખુદા, જે ભૂખ્યાઓને સૈર કરાવે છે, ખાવાનું આપે છે અને આજીઝ અને દુ:ખી વ્યક્તિઓને બુલંદ કરે છે. ફાતેમા બિન્તે મોહંમદને ભૂખી ન રાખ.”

ઇમરાન કહે છે કે પેગંબરની દુઆની બરકતથી જનાબ ફાતેમાની ચેહરાની ફિકાશ અને પીળાશ

તરત જ ગાયબ થઇ ગઇ. ચેહરા ઉપર લોહીના નિશાન દેખાવા લાગ્યાં.

*(૧) બેહારૂલ અનવાર ભાગ-૪૩ પેજ-૧૫૨, ૮૭*

*(૨) કશ્કુલ ગુમ્મા ભાગ- પેજ-૯૭ થી ૯૯*

*(૩) નઝમો દુર્રીસ સમતૈન પેજ-૧૭૯*

*(૪) ઝખાઇરૂલ ઉકબા પેજ-૪૯*

# પ્રકરણ-૮ : આચરણ અને અમલ સાથે દઅવત

ઇસ્લામની દઅવત જે એહલેબયતે રસૂલે ઇન્સાનોને આપી તે અમલી નમૂનો બનીને આપી. પ્રથમ પોતે અમલ કર્યો, પોતાની સંતાનો અને નવાસાઓ પાસે અમલ કરાવ્યો પછી ઇન્સાનોને દઅ્વત આપી. આપણે આ પ્રમાણેનું આચરણ ઉપરના પ્રકરણોમાં જોયું. અલ્લાહના હુકમો ઉપર પ્રથમ સો એ સો ટકા અમલ કરી બતાવ્યો.

એહલેબયતની રિવાયતો અને ઇતિહાસ સાક્ષી છે કે ઇસ્લામના મર્દે અવ્વલ (પ્રથમ પુરૂષ) એટલે પેગંબરે ઇસ્લામ અને મર્દે દુવ્વુમ (બીજા પુરૂષ) હઝરત અલી બિન અબી તાલિબ અલયહિસ્સલામ અને ઇસ્લામની ખાતૂને અવ્વલ જનાબ ફાતેમા ઝેહરાની જિંદગી ઘણી જ સાદગીની સાથે, બલકે ઘણી જ મુશ્કેલીઓથી ભરપૂર-સખ્તીથી પસાર થઇ છે. આ

વાત જરાય નવાઇ પમાડે એવી નથી. આ લોકોના જીવન ઉપર આશ્ચર્ય પામવાનો કોઇ સવાલ જ નથી. કારણ કે તે જમાનામાં સામાન્ય મુસલમાનોની આર્થિક પરિસ્થિતિ પણ સારી ન હતી. ગરીબાઇ વ્યાપક હતી. મુસલમાનોની બહુમતિ ફકીરો, ગરીબો, દુ:ખી અને સુખ સગવડોથી વંચિત લોકોની હતી. કેટલાક કુટુંબો હતા જેમની આર્થિક સ્થિતિ સારી હતી. આવા લોકો દુશ્મનોની સામે મજબૂર થઇ ગયા હતા કે પોતાના વેપાર રોજગાર, વાડી-બગીચા, જમીન, જાગીર વગેરે છોડીને મદીના હિજરત કરી જાય. જો આ લોકો આમ કરે તો તરત જ દુશ્મનો તેમની બધી જ મિલકત ઉપર નાજાઇઝ કબજો જમાવી લે.

માલદારો પણ દુશ્મનોના અનહદ ઝુલમની સામે લાચાર હતા કે પોતાના મુસલમાન ભાઇઓની મદદ કરે, જેઓ મક્કાથી હિજરત કરીને મદીના આવ્યા હતા. બીજી તરફ ઇસ્લામ માટે આ એક ઘણો જ

મુશ્કેલ સમય હતો. મુસલમાનો ચોવીસ કલાક જંગમાં અને જંગ ન હોય તો જંગ જેવી પરિસ્થિતિમાં જીવતા હતા. તેમનો વધુમાં વધુ સમય લડાઇમાં ખર્ચાતો હતો. જેના કારણે ધંધા રોજગાર ઠપ્પ થઇ ગયા હતા. ખેતીવાડી પણ ખરાબ થઇ જતી હતી. મુસલમાનોને પોતાની આર્થિક સ્થિતિ સુધારવાનો સમય જ મળતો ન હતો.

પેગંબરે ઇસ્લામ, અલી અલયહિસ્સલામ અને જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા માટે શક્ય પણ ન હતું અને યોગ્ય પણ ન હતું કે સ્વયં પોતાના માટે બેહતરીન જિંદગીનો સામાન પેદા કરે અને ફકીરો, ગરીબોને એમની હાલત ઉપર છોડી દે. એક નબી અને વસી અને તેમના કુટુંબ માટે આ શક્ય જ નથી કે ગરીબોની મદદ ન કરે, તેઓને તેમના હાલ ઉપર છોડી દે. એહલેબયતની સિફતો તો કુરઆને વર્ણવી છે કે જાતે ભૂખ્યા રહે છે અને જરૂરતમંદોને ખાવાનું

ખવડાવે છે. કુરઆનમાં આવા વર્ણનો એકથી વધુ જગ્યા ઉપર જોવા મળશે.

જો કે પેગંબરે ઇસ્લામ અને હઝરત અલી કામ કરતા હતા. સાથે જંગી ગનીમતના માલમાંથી પણ તેમનો ભાગ હતો. આ બુઝુર્ગો એક સારૂં જીવન જીવી શકતા હતા. અલી અલયહિસ્સલામ તો ખાસ્સુ કમાઇ લેતા હતા. પરંતુ તે બધો માલ અસહાબે સુફ્ફાને *[અસહાબે સુફ્ફા એટલે ચબૂતરાવાળા ગરીબ સહાબા. જેઓને કોઇપણ સગું ન હતું, ન તેઓ પાસે મકાન હતું, ન કોઇ આશરો. મસ્જિદે નબવીની સામે રસૂલુલ્લાહે એક ચબૂતરો- ઓટલો બનાવ્યો હતો તેના ઉપર સૂઇ રહેતા હતા. ઇસ્લામી વાતો શીખતા હતા.]* ખાવાનું ખવડાવવામાં ખર્ચી નાખતા. આ વાત શક્ય જ ન હતી કે આ લોકો પેટ ભરીને સૂઇ જાય અને મદીનાના ફકીરો ભૂખ્યા જાગતા રહે. શું આ વાત શક્ય છે કે દુખ્તરે પેગંબર પોતાના ઘરના કમરાને પરદો

લટકાવીને શણગારે જ્યારે કે કેટલાક મુસલમાનો પાસે પોતાનું સતર છુપાવવા કપડું ન હોય. શું આ વાત શક્ય છે કે ઇમામ હસન અને ઇમામ હુસૈન બાળપણમાં હાથમાં ચાંદીના કડાઓ પહેરે અને મુસલમાનોના બાળકો ભૂખથી પરેશાન હોય.

કાયદાની વાત છે કે ઇસ્લામના મર્દે અવ્વલ અને એમના ઘરવાળાં (એહલેબયત) બીજા મુસલમાનોની મદદ ન કરત તો શું આ શક્ય હતું કે ઇસ્લામના ઉદયકાળના મુસલમાનો, જેઓ પેગંબરી અને વહીના અર્થોને સારી રીતે સમજી પણ શકતા ન હતા, જેમની અક્કલ તેમની આંખોમાં હતી, મેદાને જંગ અને જેહાદમાં જાનો આપી દેવા ઉપર તૈયાર થાત? રસૂલ અને અલી-ફાતેમાની, હસન અને હુસૈનની કુરબાનીઓ ઉપર જ આ અરબના બદ્દુઓ ફિદા થઇ ગયા કે પેગંબરના મુબારક કદમોમાં પોતાની જાનો સોંપી દીધી.

દર હકીકત ઇસ્લામની આગેકૂચ આ બધી બાબતો ઉપર અવલંબિત હતી કે પ્રથમ એહલેબયત અમલ કરતાં, પછી આ લોકો પાછળ ચાલતા. મુસલમાનો જે કંઇ રસૂલે ઇસ્લામથી સાંભળતા. તેનું અમલી દર્શન ખુદ રસૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમથી અને આપના એહલેબયતની વાતચીત, ચાલચલન અને અમલી તરીકાથી જોતા હતા. પછી અમલ કરતા. આમ આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે અમલી દઅવત આપીને ઇસ્લામ તરફ લોકોને આમંત્રણ આપ્યું. અલ્લાહનો હુકમ, રસૂલ અને એહલેબયતના અમલને મુસલમાનો નિહાળતા, પછી જ અમલ કરતા.

(બેહારૂલ અનવાર ભાગ-૪૧ પેજ-૧૧૪, ૧૨૧, ૧૩૧
ભાગ-૪૩ પેજ-૯૧, ૧૧૭)

# પ્રકરણ-૯ : જનાબ ફાતેમા ઝેહરા હઝરત અલીની દૃષ્ટિમાં

એક સ્ત્રીની બેહતરીન ઓળખ-પેહચાન તેનાથી વધુ શું હોઇ શકે કે તેનો પતિ તેના વખાણ કરે. કારણ કે પતિ બીજા બધા લોકો કરતાં, અહીં સુધી કે તેના પોતાના વાલેદૈન (મા-બાપ) કરતાં પણ પોતાની પત્નીને સારી રીતે જાણતો હોય છે. પતિ પત્નીની સારી, ખરાબ બધી આદતોને જાણતો હોય છે. તેના દરેક અમલથી વાકેફ હોય છે. હઝરત અલી અલયહિસ્સલામ પોતાની શરીકે હયાતને ખૂબ જ સારી રીતે ઓળખતા હતા, સાથે ખુલ્લા દિલથી આપની તારીફ પણ કરતા હતા.

હઝરત અલી અલયહિસ્સલામે અનેક મોકા ઉપર હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા માટે

ઘણાંબધા ફરમાનો ઇરશાદ ફરમાવ્યા છે. અમે અહીં નમૂનારૂપે ઘણાં જ થોડા ઇરશાદો રજૂ કરીએ છીએ.

હઝરત અલી અલયહિસ્સલામનું પ્રથમ કથન જનાબ ઝેહરાના વિષયમાં શાદીના પ્રથમ દિવસે વહેલી સવારના પેગંબરે ઇસ્લામના પ્રશ્નના જવાબમાં ફરમાવ્યું:

જનાબ રસૂલે ઇસ્લામ શાદીની પ્રથમ સવારે હઝરત અલી અલયહિસ્સલામના ઘેર પધાર્યા, પછી પોતાના દામાદને પૂછ્યું:

كَيْفَ وَجَدْتَ اَهْلَكَ؟ فَقَالَ : نِعْمَ الْعَوْنِ عَلٰى طَاعَةِ اللّٰهِ.

આપની શરીકે હયાતમાં કઇ ખૂબી જોઇ? આપની શરીકે હયાત કેવી છે?

અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું: યા રસૂલલ્લાહ! “ઇતાઅતે ખુદામાં મારી બેહતરીન મદદગાર છે.”

હઝરત અલી અલયહિસ્સલામનું કથન જે જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહાની ઉમર મુબારકની છેલ્લી ઘડીઓમાં ફરમાવ્યું: છેલ્લે બંને પતિ-પત્ની વચ્ચે વાતચીત થઇ.

**وَقَالَ: اَوْصِيْنِيْ بِمَا اَحْبَبْتَ. قَالَتْ؛ يَابْنَ عَمِّ مَا عَهَدْتُنِيْ كَاذِبَةً وَلَا خَائِنَةً وَلَا خَلَفْتُكَ مُنْذِعًا أَشَرْتَنِيْ فَقَالَ عَلَيْه السَّلَام: مَعَاذَاللّٰهِ اَنْتَ اَعْلَمُ بِاللّٰهِ وَ اَبَرُّ وَ اَتْقٰى وَ اَكْرَمُ وَ اَشَدُّ خَوْفًا مِنَ اللّٰهِ مِنْ اَنْ اُوَبِّخُكَ بِمُخَالَفَتِيْ قَدْ عَزَّ عَلَيَّ مُفَارِقَتُكَ.**

હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા આ દુનિયાથી પરદે થયાં તે સમયની છેલ્લી ઘડીઓમાં હઝરત અલી અલયહિસ્સલામને

કહ્યું: કાકાના દીકરા! મેં મારી આખી જિંદગીમાં તમારા સમક્ષ કદીય જુઠનું આચરણ કર્યું નથી. ખિયાનત(ચોરી) નથી કરી, વળી કદીપણ આપની કોઇપણ વાતનો વિરોધ નથી કર્યો. અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબી તાલિબ અલયહિસ્સલામે ફરમાવ્યું: હા, તદ્દન સત્ય, અય દુખ્તરે રસૂલ! મઆઝલ્લાહ! આપે કદી એવું કંઇપણ વિરોધ કાર્ય કર્યું નથી. ખુદાની ઓળખ, નેકી અને ભલાઇ, તકવો અને પરહેઝગારીમાં આપનો મરતબો ઉચ્ચ છે. આપની જુદાઇ મારા માટે ઘણી જ સખત છે.

અમીરૂલ મોઅમેનીન પોતાના વિવાહિત જીવનની શરૂઆતમાં જ હઝરત ઝેહરા સલામુલ્લાહ અલયહાની ઓળખ એક બેહતરીન શરીકે હયાત તરીકે કરાવે છે. જેની મદદથી તેઓ ખુદાની ઇબાદત અને ઇતાઅત કરી શકે છે.

نِعْمَ الْعَوْنِ عَلٰى طَاعَةِ اللّٰهِ

ટૂંકો પણ ઘણો જ વિશાળ અર્થ દર્શાવતું વાક્ય છે. આ વાક્યમાં આપ અલયહિસ્સલામે શાદીના હેતુને વર્ણવ્યો છે કે આપ પોતાની શરીકે હયાત દ્વારા ઇતાઅતે ઇલાહીમાં મદદ લે છે. મતલબ કે વ્યક્તિની શરીકે હયાત તેની ઇબાદતમાં અને ખુદાની ઇતાઅતમાં બાધારૂપ ન હોવી જોઇએ. અહીં આ વાતની નોંધ લેવાની છે કે જનાબ અલી અલયહિસ્સલામે જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહાની જિંદગીની છેલ્લી ઘડીઓમાં પણ તે જ વાતનો ઉલ્લેખ કર્યો જે વાતનો ઉલ્લેખ વિવાહની પ્રથમ સવારે કર્યો હતો.

હઝરત અલી અલયહિસ્સલામ કોઇ મામૂલી વ્યક્તિ ન હતા. બલકે ઇસ્લામના મર્દે દુવ્વુમ (બીજા નંબરે રસૂલ પછી તરત) અને સેનાપતિ

હતા. લગભગ ઇસ્લામની બધી જ જંગોમાં અલમ આપના હાથમાં હતો. આપ અલમદાર હતા. ઇસ્લામના એવા મુજાહિદ હતા કે તમામ ઇતિહાસકારો કબૂલ કરે છે કે જાગૃત અવસ્થામાં તલવાર સાથે કોઇપણ વ્યક્તિ આપનો મુકાબલો કરી શકે નહિ. આમને-સામને કોઇપણ વ્યક્તિ આપ ઉપર તલવારનો વાર કરી શકે નહિ. ટૂંકમાં કહીએ તો આપ એવા યોદ્ધા હતા કે દુનિયામાં જેમનો જોટો જડે નહિ. પહેલવાનો-પહેલવાનોને આપે પછાડ્યા છે. હજાર વ્યક્તિઓની શક્તિ ધરાવતા અમ્ર બિન અબ્દવદને આપે આમને સામનેની લડાઇમાં જહન્નમ રસીદ કર્યા છે. આપ તકવા-પરહેઝગારીમાં અવ્વલ નંબરે, ઉદારતા, હમદર્દીમાં અવ્વલ નંબરે, ઇબાદતમાં અવ્વલ નંબરે, આપ વાલીએ મુસ્લેમીન અને ખલીફએ રસૂલ હતા. છતાંય આપ જાતે અને આપનું ઘર ઘણી તંગીમાં જીવન બસર કરતું હતું.

આખું કુટુંબ એવું હતું કે જે કંઇ એમની પાસે હતું, જે કંઇ જેહાદમાંથી એમનો હિસ્સો આવતો, જે કંઇ આ લોકો પોતે કમાતા, તે બધું જ રાહે ખુદામાં ખર્ચી નાખતા હતા. બયતુલ માલ મુસલમાનોમાં સરખી રીતે વહેંચતા હતા. કોઇને કોઇની ઉપર મહત્વ આપતા ન હતા. સમાનતાનો આ હાલ હતો કે સ્વયં ઇમામ હસન અલયહિસ્સલામ અને સ્વયં ઇમામ હુસૈન અલયહિસ્સલામનો ભાગ પણ બીજાઓથી વધારે ન હતો. જ્યારે આપના ભાઇ અકીલે પોતાની આર્થિક હાલત નબળી હોવાની ફરિયાદ સાથે અન્યોથી વધારે મળે એવી દરખાસ્ત કરી તો આપે ઇન્કાર કર્યો. ફરમાવ્યુંઃ કે તને મારી પાસેથી કંઇક મદદ કરી શકું પરંતુ આમ મુસલમાનોથી વધુ ન આપી શકું.

હઝરત ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહિસ્સલામના વિષયમાં ફરમાવ્યુ:

હઝરત અલી અલયહિસ્સલામ ઇબાદતમાં, નમાઝમાં, ખાવાપીવામાં, રહેણી કરણીમાં, બોલચાલમાં, મતલબ તમામ જીવન વ્યવહારમાં પેગંબરે ઇસ્લામની જેમ જ હતા. ઝયતુનનું થોડુંક તેલ રકાબીમાં લઇ તેની સાથે રોટલી ખાઇ લેતા હતા. આપ પોતાના ઘર માટે પાણી અને ખાવાનું પકાવવા માટે બાળવાના લાકડાંનો બંદોબસ્ત જાતે કરતા હતા.

જ્યારે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા આટો ગુંદી રોટલી બનાવતાં, ખમીર તૈયાર કરતાં, કપડા ધોતાં, કપડાં ફાટી ગયાં હોય તો થીગડું લગાવતાં. જો ઘરની સફાઇનું કામ બાકી હોય તો કદીક હઝરત અલી અલયહિસ્સલામ અને જો સમય

મળી જાય તો કદીક જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા પણ કરી લેતાં. હઝરત અલી અલયહિસ્સલામ જેહાદના કામોમાં રસૂલુલ્લાહની પૂરેપૂરી મદદ કરતા. ઇમાનનું કાર્ય, દઅવતે ઇસ્લામનું કાર્ય રાત-દિવસ ચાલુ રહેતું. પેગંબર તો એમ ઇચ્છતા કે હઝરત અલી પોતાનાથી એક મિનિટ પણ છૂટા ન પડે. દરરોજના ડેપ્યુટેશનોનું આવવું, દરરોજના અનેક કબીલાના સરદારોનું મદીના આવવું, ઇસ્લામના ફેલાવાનું કાર્ય મદીનામાં ધમધોકાર ચાલતું હતું. તેમાં અલી-ફાતેમા બંને પાયાની ઇંટ હતા.

અલી અલયહિસ્સલામ રસૂલુલ્લાહની પાસેથી સમય કાઢી ઘરમાં દાખલ થયા અને હજી તો જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા સાથે ખાવા માટેની વાત જ કરે છે કે પાછળ માણસ આવ્યો. યા અલી! રસૂલુલ્લાહ આપને બોલાવે છે.

કોઇ કબીલામાંથી બે સરદારો ઊંટો ઉપર સવાર થઇને આવેલા છે. હઝરત અલી ફાતેમાને કહેતા કે થોડુંક ખાવાનું લાવો, સાથે લઇ જાઉં, કદાચ તે લોકો ભૂખ્યા હોય. ઘર માટેનું ખાવાનું ઇસ્લામના મેહમાનો માટે વપરાઇ જતું. જનાબે ફાતેમા ખુશી ખુશી ખાવાનું બાંધી આપતાં, ફરી આટો ગુંદવા લાગી જતાં.

મારા વહાલા વાંચકો! આવી રીતે ફેલાયો છે આ ઇસ્લામ. અલી અલયહિસ્સલામ ઇસ્લામની પાયાની ઇંટ છે.

અમીરૂલ મોઅમેનીન પોતાની ખિલાફતના જમાનામાં જ્યારે કે આપને બધી સુખ સગવડો પ્રાપ્ત હતી, છતાંય દુનિયાની સુખ સાહેબીનો જરાય ઉપયોગ ન કરતાં, દુનિયાને ઉદ્દેશ કરીને ફરમાવતા: અય ઝલીલ દુનિયા! મારા તરફ જોઇને મારા દીલને તારા તરફ ખેંચવાની કોશિશ કરે છે. તારા

ઉપર અફસોસ છે. કોઇ બીજાને છેતરજે. મને તારી જરૂરત નથી. મેં તને ત્રણ તલાક આપેલી છે. હવે રૂજૂઅ કરવાની ગુંજાઇશ નથી.

એક વખત ફરમાવ્યું: (આપની ખિલાફતના સમયમાં) શું આ વાત ઉપર ખુશ થઇ જાઉં કે લોકો મને અમીરૂલ મોઅમેનીન કહે છે. પરંતુ રોઝગારની સખ્તીમાં લોકોનો ભાગીદાર ન બનું, અને સખત જિંદગી જીવવામાં એમના માટે નમૂનારૂપ ન બનું? મને એટલા માટે પેદા કરવામાં નથી આવ્યો કે સ્વાદિષ્ટ ખોરાક ખાવામાં મગ્ન રહું. પાલતુ પ્રાણીઓની જેમ જેમને ઘાસ ચરવા સિવાય કોઇ જ કાર્ય નથી હોતું, અથવા આઝાદ જંગલી પ્રાણીઓ જે ખાવામાં અને કચરો કાઢવામાં ચોવીસ કલાક મશ્ગૂલ રહે છે. ભવિષ્યથી ગાફેલ છે, એવો બની જાઉં?

અમીરૂલ મોઅમેનીન આવા જ ઇન્સાન હતા. આવી જ જિંદગી ગુજારવા માંગતા હતા. આ માટે એમને એવી જ શરીકે હયાતની જરૂરત હતી અને હઝરત ઝેહરા અલયહસ્સલામના સિવાય કોઇ બીજી સ્ત્રી એમની શરીકે હયાત બનવાની કાબેલીયત રાખતી ન હતી. ફક્ત ફાતેમા જ હતાં જેમના માટે તેઓ કહી શકતા હતા.

## نِعْمَ الْعَوْنِ عَلٰى طَاعَةِ اللّٰهِ

એક આદર્શ ખાતૂન, એક આદર્શ પત્ની, હઝરત અલી અલયહિસ્સલામનાં હમસફર અને પેગંબર ઇસ્લામના દુખ્તર જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા હતાં. મુસલમાન સ્ત્રીઓએ એમનાથી દર્સ-સબક હાસિલ કરવો જોઇએ. જેથી કરીને મઝહબી શખ્સીયતો અને આલિમોના ઘરાનાઓ ઉપર એક ભારે જવાબદારી આવી પડે

છે. એક એવી સ્ત્રી જે કોઇ આલિમે દીનની શરીકે હયાત બનવાનું કબૂલ કરે, તેમને જોઇએ કે પોતાના પતિનો હોદ્દો, એનું કાર્ય અને એની જવાબદારીઓ દૃષ્ટિ સમક્ષ રાખે.

તે સ્ત્રીએ સમજવું પડશે કે તેનું ઘર અલી અને પેગંબરે ઇસ્લામના ઘરની પ્રતિકૃતિ છે. આ એક રૂહાની ઘર છે. ઇન્સાફ, એકતા, સમાનતા, સહયોગ, સહકાર, તકવો પરહેઝગારી, હમદર્દી વગેરે ગુણોથી ભરપૂર ઘર છે. જો એક જ વાક્યમાં કહીએ તો ઇસ્લામની દઅવતનું ઘર છે.

જાણી લો કે લોકો અંબિયા અને અઇમ્માની વાતોને તેમના ઘેરથી સાંભળે છે. તેઓ ઇચ્છા પણ રાખતા હોય છે કે આ સાંભળેલી વાતોનો પ્રત્યક્ષ અનુભવ-અમલી નમૂનો એ જ ઘરોમાં જોવા મળે.

એક આલિમની પત્નીએ આ સમજવું જોઇએ કે પોતાના પતિ રૂહાની છે.તેનું ઘર ઠાઠમાઠનું,

એશઆરામનું ઘર નથી. બલકે એક આલિમના ઘરમાં પેગંબરે ઇસ્લામ, અલી અને ફાતેમાની સીરતની ઝલક જોવા મળવી જોઇએ. એક આલિમે સમજવું જોઇશે કે તેમના અમલો, કાર્યો, વાતચીત, વ્યવહાર ઉપર બધા જ લોકોનું ધ્યાન કેન્દ્રિત થાય છે. તેઓ પોતાના ઇસ્લામી અમલોથી-આચરણ દ્વારા ઇન્સાનિયતને ઇસ્લામની દઅ્વત પહોંચાડી શકે છે. અમલી દઅ્વત મુંગી હોય છે. તેમાં મોઢેથી કંઇપણ કહેવાનું હોતું નથી. અમલ કરી બતાવવાનો હોય છે. અમલ જોઇને જ લોકો ઇસ્લામ તરફ આકર્ષત થાય છે. ઇસ્લામમાં અનેક ઇન્સાનો મુંગા દાઇ હતા. જેઓ જીભથી બોલતા ન હતા. તેમનો અમલો જ લોકોને ઇસ્લામ તરફ આકર્ષત કરતા હતા.

દરેક આલિમની પત્નીમાં આ આવડત નથી હોતી કે તેઓની પોતાની ઓળખ એક આલિમે દીનની બીબી હોવાની રીતથી આપે. પરંતુ જો આ

પત્નીઓ જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહાની સીરત ઉપર અમલ કરે તો જરૂર તેમનામાં પણ આ સલાહિયત પેદા થઇ શકે છે.

(બેહારૂલ અનવાર ભાગ-૪૧ પેજ-૧૧૪, ૧૩૧. ભાગ-૪૩ પેજ-૯૧. નહજુલ બલાગાહ ઉસ્માન બિન હનીફના નામે પત્ર જુઓ.)

# પ્રકરણ-૧૦ : જનાબ ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની પાકીઝગી-ઇસ્મત

ડીક્ષનરીઓમાં માસૂમ શબ્દનો અર્થ મહફૂઝ-રક્ષિત એવો લેવામાં આવ્યો છે. ઇસ્લામી પરિભાષામાં મઅસૂમ તે વ્યક્તિને કહેવામાં આવે છે જેના આંતરચક્ષુ ખુલ્લાં હોય. જેનો અંતરાત્મા પાક-સાફ અને જાગૃત હોય. તે પોતાના અંતરચક્ષુ દ્વારા દુનિયાના હકાએકનો અનુભવ કરી શકે, તેનો સંબંધ આલમે મલકૂત સાથે (ફરિશ્તાઓની દુનિયા સાથે) હોય. જેને ઇલાહી સમર્થન પ્રાપ્ત હોય, તેના દ્વારા તે ગુનાહથી પરહેઝ કરે, જેને ગયબી મદદ પ્રાપ્ત હોય, જેથી તે ગુનોહ કરવાથી રોકાઇ જાય. જેના પાક-પવિત્ર અસ્તિત્વમાં ખતા-ભૂલ, ઉપદ્રવતા, ગુનાહ જેવું કશું જ ન હોય. પેગંબરો માટે ઇસ્મતનો બુલંદ

મરતબો અકલી અને નકલી દલીલો તથા પુરાવા દ્વારા સાબિત છે.

શીઆ ઇમામિયા-૧૨ ઇમામોને માનનાર. જેમના પ્રથમ ઇમામ ખત્મે નુબુવ્વત પછી હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ, પછી ઇમામે અવ્વલ હઝરત અલી ઇબ્ને અબી તાલિબ અલયહિસ્સલામ છે. અત્રે ૧૨ ઇમામોની યાદી અમે વાચકોના ઇલ્મ માટે રજૂ કરીએ છીએ.

પ્રથમ ઇમામ હઝરત અલી ઇબ્ને અબીતાલિબ અલયહિસ્સલામ

બીજા ઇમામ હઝરત હસન બિન અલી અલયહિસ્સલામ

ત્રીજા ઇમામ હઝરત હુસૈન બિન અલી અલયહિસ્સલામ

ચોથા ઇમામ હઝરત અલી ઝૈનુલ આબેદીન બિન હુસૈન અલયહિસ્સલામ

પાંચમા ઇમામ હઝરત મોહંમદ બાકિર બિન ઝૈનુલ આબેદીન અલયહિસ્સલામ

છઠ્ઠા ઇમામ હઝરત જઅફર સાદિક બિન મોહંમદ બાકિર અલયહિસ્સલામ

સાતમા ઇમામ હઝરત મૂસા કાઝિમ બિન જઅફર સાદિક અલયહિસ્સલામ

આઠમા ઇમામ હઝરત અલી રઝા બિન મૂસા કાઝિમ અલયહિસ્સલામ

નવમા ઇમામ હઝરત મોહંમદ તકી બિન અલી રઝા અલયહિસ્સલામ

દસમા ઇમામ હઝરત અલી નકી બિન મોહંમદ તકી અલયહિસ્સલામ

અગિયારમા ઇમામ હઝરત હસન અસ્કરી બિન અલી નકી અલયહિસ્સલામ

બારમા ઇમામ હઝરત મેહદી આખેરૂઝ્ઝમાં બિન હસન અસ્કરી અલયહિસ્સલામ

ઉપરોક્ત બાર ઇમામો પણ પેગંબરોની જેમ જ માસૂમ છે. જો અમે આ ઇમામોની ઇસમત અને માસૂમિયત માટે દલીલો કરવા જઇએ તો આ અમારો વિષય નથી. અમે અમારા વિષયથી વિમૂખ થઇ જઇશું. આ તો ફક્ત અમારો અકીદો જણાવેલ છે.

શીઆ ઇમામિયા-બાર ઇમામીઓ પેગંબરે ઇસ્લામની સાથે ઉપરોક્ત ૧૨ ઇમામો અને હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાને ગુનાહો અને નાફરમાનીથી માસૂમ માને છે. આ ઇસ્લામની અવ્વલ અને વિશ્વની શ્રેષ્ઠ ખાતૂનની ઇસમતને સાબિત કરવા માટે કેટલીક દલીલો રજૂ કરીએ છીએ.

## પ્રથમ દલીલ

إِنَّمَا يُرِيدُ اللَّهُ لِيُذْهِبَ عَنكُمُ الرِّجْسَ أَهْلَ الْبَيْتِ
وَيُطَهِّرَكُمْ تَطْهِيرًا ﴿٣٣﴾

અય અહલેબયતે રસૂલ! ખુદા તો બસ આ ઇચ્છે છે કે નાપાકીને-ગુનાહોને તમારાથી દૂર રાખે અને તમને એવા પાક-પાકીઝા રાખે જેવો પાક-પાકીઝા રાખવાનો હક છે.

શીઆ અને સુન્ની બંનેએ ઘણી વધારે વખત આ હદીસો નકલ કરેલી છે. જે હદીસો સ્પષ્ટ રીતે જણાવે છે કે આ આયત હઝરત મોહંમદ, હઝરત અલી, હઝરત ફાતેમા, હઝરત હસન અને હઝરત હુસૈન અલયહેમુસ્સલામના વિષયમાં નાઝિલ થઇ છે.

હઝરત આયશા ફરમાવે છે કે એક દિવસ પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ એક કપડા સાથે જેનો રંગ કાળો હતો, ઓઢીને આવ્યા. પછી અલી, હસન, હુસૈન અને ફાતેમાને તે કપડા નીચે લીધાં અને ફરમાવ્યું:

إِنَّمَا يُرِيدُ اللَّهُ لِيُذْهِبَ عَنكُمُ الرِّجْسَ أَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيرًا ﴿٣٣﴾

(યનાબેઉલ મવદ્દત પેજ-૧૨૪. દુર્રે મન્સૂર ભાગ-૫ પેજ-૧૯૮)

હઝરત ઉમ્મે સલમા ફરમાવે છે એક દિવસ જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા એક વાસણમાં એક પ્રકારનો હલવો લઇને પેગંબરે ઇસ્લામની સેવામાં હાજર થયાં. રસૂલુલ્લાહે ફરમાવ્યું: અલી, હસન ને હુસૈનને પણ બોલાવો. જ્યારે તમામ હઝરાત રસૂલની સેવામાં હાજર થઇ ગયા, હલવો

ખાવા લાગ્યા ત્યારે આ આયત નાઝિલ થઇ. ત્યાર પછી પેગંબરે ઇસ્લામે ખયબરી ચાદર તેમના માથા ઉપર નાખી પછી ત્રણ વખત ફરમાવ્યું:

ખુદાયા! આ મારા એહલેબયત છે. તેમનાથી ગુનાહોને દૂર રાખ, તેમને એવા પાક-પાકીઝા રાખ જેવો પાક-પાકીઝા રાખવાનો તારો હક છે.

(યનાબેઉલ મોવદ્દત પેજ-૧૨૫, દુર્રે મન્સૂર ભાગ-૫ પેજ-૧૯૮)

ઉમર ઇબ્ને અબી સલમા કહે છે કે :

إِنَّمَا يُرِيدُ اللَّهُ لِيُذْهِبَ عَنكُمُ الرِّجْسَ أَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيرًا ﴿٣٣﴾

ઉમ્મુલ મોઅમેનીન જનાબે ઉમ્મે સલમાના ઘરમાં નાઝિલ થઇ. પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે અલી, ફાતેમા, હસન

અને હુસૈનને પોતાની પાસે બોલાવ્યા. પોતાની ચાદર તેમના માથા ઉપર નાખી પછી ફરમાવ્યું:

અય મારા ખુદા! આ મારા એહલેબયત છે, એમને ગુનાહોથી એવા પાક-પાકીઝા રાખ જેવા પાક-પાકીઝા રાખવાનો તારો હક છે.

જનાબ ઉમ્મે સલમા રઝિયલ્લાહો તઆલા અન્હાએ કહ્યું: યા રસૂલલ્લાહ! શું હું પણ એમની સાથે છું? (મતલબ એહલેબયતમાં દાખિલ છું?)

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે જવાબ આપ્યો: ના, પણ તમે ભલાઇ પર જરૂર છો.

રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના અસહાબની એક મોટી જમાત જેમાં આયશા, ઉમ્મે સલમા, માઅકલ બિન યાસર, અબી હમરાઅ, અનસ બિન માલિક, સઅદ બિન અબી વક્કાસ, વાસેલા ઇબ્ને અસકઅ, હસન ઇબ્ને

અલી, અલી ઇબ્ને અબી તાલિબ, અબુ સઇદ ખુદરી, ઝયનબ, ઇબ્ને અબ્બાસ રિઝવાનુલ્લાહ તઆલા અલયહિમ અજમઇન. અને આ સિવાયના બીજા લોકોએ પણ આ રિવાયતને મળતી રિવાયતો થોડા શાબ્દિક ફેરફારો સાથે નકલ ફરમાવી છે. શીઆ અને સુન્ની આલિમો જેવા કે જલાલુદ્દીન સિયુતીએ દુર્રે મનસૂરમાં, સુલયમાન બિન ઇબ્રાહીમ કન્દુઝીએ યનાબેઉલ મોવદ્દતમાં અને બીજા સુન્ની આલિમોએ આ રિવાયતોને પોતાની કિતાબોમાં નકલ કરી છે.

આ રિવાયતોથી માલૂમ પડે છે કે પેગંબરે ઇસ્લામે આ આયતના નાઝિલ થયા પછી જુદા જુદા સ્થળોએ જેમાં ઉમ્મે સલમા રઝિયલ્લાહો તઆલા અન્હા અને હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાનું ઘર પણ સામેલ છે. પોતાની અબા અલી, ફાતેમા, હસન અને હુસૈનના માથા ઉપર નાખી આ આયતની તિલાવત ફરમાવી અને ફરમાવ્યું:

અય અલ્લાહ! જે લોકો મારી અબાની નીચે મોજૂદ છે. આ જ મારાં એહલેબયત છે. તેમનાથી ગુનાહોને દૂર રાખ, તેઓને એવા પાક-પાકીઝા રાખ જેવો પાક-પાકીઝા રાખવાનો તારો હક છે.

ઉપરોક્ત અમલ અનેક વખત બન્યો છે. જેમાં ઉમ્મે સલમા રઝિયલ્લાહો તઆલા અન્હાના ઘરમાં બનેલ અમલ "હદીસે કિસાઅ" તરીકે ખૂબ જ પ્રખ્યાત છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે અનેક વખત આ અમલ એટલા માટે દોહરાવ્યો કે એહલેબયતની ઓળખ થઇ જાય અને આ વાત સાબિતીઓ સાથે મજબૂત બની જાય કે આ ચાર જ ફાતેમા, અલી, હસન અને હુસૈન મારાં એહલેબયત છે. અહીં સુધી કે છ માસ, કેટલીક રિવાયતો અનુસાર સાત માસ, અને કેટલીક રિવાયતો અનુસાર આઠ માસ સુધી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો આ

અમલ રહ્યો કે આપ સવારના સમયે જ્યારે નમાઝના માટે જતા તો જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના ઘેરથી પસાર થતા અને આ આયત તિલાવત ફરમાવતા.

(કશફુલ ગુમ્મા ભાગ-૨ પેજ-૮૩. દુર્રે મનસૂર ભાગ-૫ પેજ-૧૯૯ અલ્લામા જલાલુદ્દીન સુયૂતી)

અનેક વખત પેગંબરે ઇસ્લામ પોતાની ચાદર મુબારક અલી, ફાતેમા, હસન અને હુસૈન અલયહેમુસ્સલામના માથા ઉપર નાખીને આ આયત તિલાવત ફરમાવતા જેથી આ વાત સાબિત થઇ જાય કે એહલેબયતે રસૂલમાં આ ચાર જ બુઝુર્ગો સામેલ છે. આ સિવાયનું અન્ય કોઇ સામેલ નથી. વળી વારંવાર એક જ અમલનું અંજામ આપવું આ વાતની દલીલ છે કે અન્ય કોઇ ફાયદો ન ઊઠાવી જાય કે અમે પણ એમાં સામેલ છીએ. આ વિષયને રસૂલે ખૂબ જ મહત્વપૂર્ણ આ રીતે

બનાવ્યો કે જ્યારે ઉમ્મુલ મોઅમેનીન ઉમ્મે સલમાએ પોતે ચાદર નીચે દાખલ થવાની ઇચ્છા દર્શાવી તો આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ચાદર તેમના હાથમાંથી ખેંચી લીધી, મા અંદર જવા ગયાં તો રસૂલે ઇસ્લામે મના ફરમાવ્યું કે તમે નેકી અને ભલાઇ ઉપર છો. પરંતુ તમે આ આયતમાં "એહલેબયત" માં સામેલ નથી.

એક મુદ્દત સુધી સવારના વખતે જ્યારે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ નમાઝ માટે તશરીફ લઇ જતા તો અચૂક જનાબે ફાતેમાના ઘર પાસેથી પસાર થતાં, તેમાં રહેનારાઓને ઉદ્દેશ કરીને આ આયત તિલાવત ફરમાવતા જેથી લોકો સાંભળી લે અને પોતાની હયાતી પછી તેનો ઇન્કાર ન કરી શકે.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઇબ્ને અબી તાલિબ અલયહિસ્સલામ અને ઇમામ હસન

અલયહિસ્સલામ અને ઇમામ હુસૈન અલયહિસ્સલામ પણ અનેક વખત જુદા જુદા સ્થળોએ સહાબાની રૂબરૂ ફરમાવતા રહેતા હતા કે :

إِنَّمَا يُرِيدُ اللَّهُ لِيُذْهِبَ عَنكُمُ الرِّجْسَ أَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيرًا ﴿٣٣﴾

અમારા હકમાં નાઝિલ થઇ છે. વળી કોઇએ કદીપણ તેઓની આ વાતનો ઇન્કાર નથી કર્યો.

આ આયતમાં ખુદાવંદે આલમ ફરમાવે છે : ખુદાએ ઇરાદો કર્યો છે, તમને એહલેબયતને નાપાકી, ગુનાહોથી દૂર રાખે, આ રિજસથી મતલબ જાહેરી નાપાકી નથી. કારણ કે એનું દૂર કરવું એહલેબયતની સાથે ખાસ નથી, વિશિષ્ટ નથી બલકે બધા જ મુસલમાનો ઉપર જરૂરી છે કે તેઓ પોતાની જાતને જાહેરી નજાસતથી દૂર રાખે,

તેનાથી પરહેઝ કરે. વળી જો આ આયતથી મતલબ જાહેરી નાપાકી હોત તો તેના માટે આટલી કાળજી અને વ્યવસ્થા સાથેની દુઆ કરવાની અને રજૂઆતની જરૂરત જ ન હતી. વળી ન આ દુઆ આટલી મહત્વની હતી કે ઉમ્મે સલમાને ચાદરમાં આવવાની મના ફરમાવવામાં આવે, જેથી આ વાત સ્પષ્ટ થઇ જાય છે કે આ આયતથી મતલબ જાહેર નાપાકી નથી. બલકે એનાથી મતલબ બાતિની નાપાકી, ગુનાહ છે. અલ્લાહતઆલાની નાફરમાની છે. જેથી આ આયતનો અર્થ આ થાય છે.

**ખુદાએ ઇચ્છયું છે તે ઇચ્છે છે, તેનો ઇરાદો છે કે એહલેબયત ગુનાહોથી પાક-પાકીઝા રહે. ગુનાહો જ આ બુઝુર્ગોથી દૂર રહે.** અલબત્ત અલ્લાહ તઆલાનો આ ઇરાદો ઇરાદએ તશરીઇ નથી, શરીઅતની પાબંદીના હુકમ જેવો નથી. એટલે કે એમ નહીં કહી શકાય કે ખુદા તઆલાએ

એહલેબયતથી તકાજો કર્યો કે તેઓ સ્વયં પોતાની જાતને ગુનાહ અને નાપાકીથી દૂર પાક રાખે. કારણ કે આ વાત ફક્ત એહલેબયત સાથે વિશિષ્ટતા નથી રાખતી. ખુદાવંદે આલમ તો લોકોથી આમ ઇચ્છે છે કે તેઓ ગુનાહ ન કરે, ગુનાહોની પાસે ન જાય, પાક-પાકીઝા રહે. ખુદા કોનાથી એવું નથી ઇચ્છતો, ખુદા તો પોતાના બધા જ બંદાઓથી આમ ઇચ્છે છે જેથી આ આયતનો આવો મતલબ કાઢવો ખોટો છે. બલકે આ આયતનો મકસદ ઇરાદએ તકવીની છે. મતલબ અલ્લાહે નિર્માણ કરી લીધું છે. અલ્લાહે સૃષ્ટિના સર્જનથી જ આ વાત નક્કી કરી દીધી છે કે તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના એહલેબયતને ગુનાહોથી પાક-પાકીઝા રાખે. વળી તે સાથે તેઓ બશર પણ છે. ગુનાહ કરવામાં મુખ્તાર છે, સ્વતંત્ર છે, આઝાદ છે. છતાંય સ્વયં તેઓ પોતાની રૂહાનિયતથી ગુનાહોથી બચે

છે. એ જ તો વિશેષતા છે. બાકી ફરિશ્તાઓ નાફરમાની કરી શકતા જ નથી. તેઓ ગુનાહ કરવા માટે આઝાદ નથી. સ્વતંત્ર નથી. જ્યારે કે એહલેબયત આઝાદ છે, સ્વતંત્ર છે, બશર છે, ઇન્સાનોની ભેગા રહે છે, કૌટુંબિક જીવન જીવે છે, કામકાજ કરે છે, એમને આપણી જેમ જ જરૂરિયાતો છે. ગુનાહ કરવા માટે આઝાદ હોવા છતાં તેઓ ગુનાહથી બચે છે. આ જ એહલેબયતની વિશેષતા છે. એક એવી નૂરાની મખલૂક છે, જેઓ ગુનાહ કરવામાં, ગુનાહ થઇ જવામાં, આઝાદ-સ્વતંત્ર હોવા છતાં પોતાની નૂરાનિયતથી, પોતાની રૂહાનિયતથી ગુનાહોથી બચે છે અને આ વાત અલ્લાહે નિર્માણ કરેલી છે. તેઓને ગુનાહોથી પાક-પાકીઝા રાખે.

પેગંબરે ઇસ્લામે પણ આ આયતની આ જ તફસીર કરી છે. મતલબ ગુનાહોથી માસૂમ હોવું. ઇબ્ને અબ્બાસે રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે

વઆલેહી વસલ્લમથી રિવાયત કરી છે કે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું:

અલ્લાહ તઆલાએ પોતાની મખલૂકને બે ભાગમાં વહેંચી છે. મને બેહતરીન(શ્રેષ્ઠ) ભાગમાં પેદા કર્યો. જેમ કે ફરમાવ્યું:

وَاَصۡحَابُ الۡيَمِيۡنِ مَا اَصۡحَابُ الۡيَمِيۡنِ.

વળી ફરમાવે છે :

وَاَصۡحَابُ الشِّمَالِ مَا اَصۡحَابُ الشِّمَالِ.

બસ હું અસહાબે યમીનમાંથી, વળી તેઓમાંથી પણ બેહતરીનમાંથી છું. ત્યાર પછી અલ્લાહતઆલાએ તેના ત્રણ ભાગ પાડ્યા છે. તેમાંથી મને બેહતરીન પ્રકારમાંથી પેદા કર્યો. જેમ કે ફરમાવ્યું :

فَاَصۡحَابُ الۡمَیۡمَنَۃِ مَا اَصۡحَابُ الۡمَیۡمَنَۃِ. وَاَصۡحَابُ الۡمَشۡأَمَۃِ مَا اَصۡحَابُ الۡمَشۡأَمَۃ. وَالسَّابِقُوۡنَ السَّابِقُوۡنَ.

જેથી હું સાબેકીનમાંથી છું. વળી તેઓમાંથી પણ સર્વશ્રેષ્ઠ છું. પછી આ ત્રણે ભાગોની કબીલાઓમાં વહેંચણી કરી. મને તેઓમાંથી પણ સર્વશ્રેષ્ઠમાં રાખ્યો. જેમ કે અલ્લાહ તઆલા ફરમાવે છે :

وَ جَعَلۡنَاکُمۡ شُعُوۡبًا وَ قَبَآئِلَ لِتَعَارَفُوۡا اِنَّ اَکۡرَمَکُمۡ عِنۡدَاللّٰہِ اَتۡقَاکُم.

હું ફરઝંદે આદમ અલયહિસ્સલામમાં સૌથી વધારે પરહેઝગાર છું. અને તેઓમાં સર્વશ્રેષ્ઠ છું. પણ હું આ વાત પર ફખ્ર-ઘમંડ નથી કરતો. પછી અલ્લાહ તઆલાએ આ કબીલાઓની ખાનદાનોમાં

વહેંચણી કરી અને મને સર્વશ્રેષ્ઠ ખાનદાનમાં રાખ્યો. જેવી રીતે કે અલ્લાહતઆલા ફરમાવે છે :

إِنَّمَا يُرِيدُ اللَّهُ لِيُذْهِبَ عَنكُمُ الرِّجْسَ أَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيرًا ﴿٣٣﴾

## એતેરાઝ

કેટલાકનું કહેવું છે કે આ આયત ઇસ્મત ઉપર (ગુનાહોના ન કરવા ઉપર) દલીલ નથી બની શકતી. કારણ કે પ્રથમ આયત અને તેના પછીની આયતો પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની પત્નીઓના મામલામાં નાઝિલ થઇ છે. તેઓને ઉદ્દેશ થયો છે. અનુસંધાનની રીતે જોતાં આ આયત પણ પેગંબરે ઇસ્લામની અઝવાજ(પત્નીઓ) માટે નાઝિલ થઇ છે. આયતમાં તેઓને ઉદ્દેશ છે.

વળી જો આ આયત ઇસ્મત(પાકીઝગી) ઉપર દલીલ બની શકતી હોય તો પછી કહેવું પડશે કે પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની અઝવાજ(પત્નીઓ) પણ ગુનાહોથી પાક છે. જ્યારે કે આ વાતને ન કોઇએ કહી છે કે અઝવાજ પાક છે ન તો આ વાત કહી શકાય છે. તેથી કરીને આ આયત વિશે કહી શકાય કે આ આયત ઇસ્મત ઉપર દલીલ નથી બની શકતી. ન પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની પત્નીઓના મામલામાં, ન એહલેબયતના વિષયમાં.

## ઉપરોક્ત એતેરાઝનો જવાબ

અલ્લામા સૈયદ અબ્દુલ હુસૈન શરફુદ્દીને ઉપરોક્ત એતેરાઝને નકલ કરીને એનો ઘણો સુંદર જવાબ આપ્યો છે.

ઉપરોક્ત એતેરાઝ નસના મુકાબલામાં ઇજ્તેહાદ છે. પ્રથમ તો આપણે “નસ” નો અર્થ સમજીએ. “નસ” એટલે **પેગંબર કે ઇમામનો એવો કોલ કથન અથવા હદીસ કે જે સ્પષ્ટ હોય જેનો બીજો કોઇ અર્થ ન લઇ શકાય.** લગાતાર, નિરંતર અનેક તરીકાથી રિવાયત પામેલી એક જ હદીસને તવાતુરની હદે પહોંચેલી હદીસ કહે છે. લગાતાર, નિરંતર, અતૂટ રિવાયતો દ્વારા સાબિત થઇ ચૂકેલી આયતે તતહીરની વાત “નસ” બની જાય છે. જે કાર્ય પેગંબરે અનેક વખત, અનેક લોકોની સમક્ષ, જુદી જુદી જગ્યાએ અંજામ આપ્યું. પોતાની ચાદરમાં, અબામાં અનેક વખત ફક્ત ચાર જ લોકોને અલી, ફાતેમા, હસન અને હુસૈનને લઇને આયતે તતહીરનું પઢવું આ વાત સાબિત કરે છે કે એહલેબયતમાં આ ચાર જ લોકો સામેલ છે. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની પત્નીઓ એહલેબયતની આ

ફઝીલતમાં સામેલ નથી. આ ઘટના અનેક વખત, અનેક સમયે અનેકની સમક્ષ બનેલી હોઇ તેઓ ગવાહ છે. વારંવારનું અલી-ફાતેમાના ઘેર જઇને આયતે તતહીરનું રસૂલુલ્લાહ દ્વારા પઢવું પણ આ જ વાત સાબિત કરે છે. આ નિરંતર અને લગાતાર રિવાયત “નસ” બની જાય છે. “નસ” એટલે **પેગંબર કે ઇમામનો એવો કોલ કે જે સ્પષ્ટ હોય જેનો બીજો કોઇ અર્થ બની શકે જ નહિ.** ન આ એહલેબયતમાં કોઇ નવું ઉમેરી શકાય કે ઓછું કરી શકાય.

હવે આપણે “ઇજ્તેહાદ” નો અર્થ સમજીએ. સઘન પ્રયાસ, શોધખોળ, જહેમત વગેરેને “ઇજતેહાદ” કહે છે. મતલબ “ઇજતેહાદ” શોધખોળ કરીને કોઇ વાત કાઢવી. જે લોકો “નસ”ના મુકાબલામાં ઇજતેહાદ કરે છે તેજ ગલત છે. “નસ” ના મુકાબલામાં ઇજતેહાદ કરી શકાય નહિ. “નસ”

છે. વાત પતી ગઇ. હવે કંઇપણ ચું કે ચાં વગર વાત કબૂલ રાખવી પડશે.

ઉપરોક્ત આયત હઝરત ફાતેમા, અલી અને હસન, હુસૈનની શાનમાં નાઝિલ થઇ છે. એમના જ માટે ખાસ છે. અહીં સુધી કે જનાબ ઉમ્મે સલમાએ ઇચ્છયું કે હું પણ ચાદરની અંદર દાખલ થઇ જાઉં તો પેગંબરે ઇસ્લામે આપને સખ્તીથી રોક્યાં.

આ આયત રસૂલની પત્નીઓને ડાંટડપટની વચ્ચે મૂકેલી હોઇ એવું સંશોધન(ઇજ્તેહાદ) ગલત છે કે રસૂલની પત્નીઓ પણ એમાં સામેલ છે. વળી પેગંબરની પત્નીઓ ગુનાહોથી પાક નથી અને કોઇનો અથવા પત્નીઓનો પોતાનો પણ આ દાવો પણ નથી કે અમારા માટે આયત ઊતરી છે.

## બીજો જવાબ

જો આ આયત પેગંબરે ઇસ્લામની પત્નીઓના હકમાં નાઝિલ થઇ હોત તો નારીવાચક શબ્દનો ઉપયોગ થયો હોત. પુરૂષવાચક બહુવચનનો ઉપયોગ થયો છે. માટે આ આયતમાં અઝવાજે રસૂલ સામેલ નથી. જો રસૂલે ખુદાની પત્નીઓ આ આયતમાં સામેલ હોત તો આયત આ પ્રમાણે હોત :

إِنَّمَا يُرِيدُ اللَّهُ لِيُذْهِبَ عَنكُنَّ الرِّجْسَ أَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُنَّ تَطْهِيرًا ﴿٣٣﴾

જો કે કલામુલ્લાહમાં આયત આ પ્રમાણે છે :

إِنَّمَا يُرِيدُ اللَّهُ لِيُذْهِبَ عَنكُمُ الرِّجْسَ أَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيرًا ﴿٣٣﴾

## ત્રીજો જવાબ

વાકચાતુર્યમાં પાવરધા એવા અરબોમાં એક સામાન્ય રિવાજ છે કે તેઓ પોતાની વાતચીત દરમ્યાન કેટલાક જુમ્લાઓ વાક્યો વાંધો ઉઠાવતા હોય એ રીતે રજૂ કરી દેતા હતા. અરબી ભાષામાં કુરઆન ઊતર્યું હોઇ અલ્લાહતઆલાએ આ આયતે તતહીરને, જે એહલેબયત માટે જ ખાસ છે, અઝવાજે પેગંબરની વચ્ચે વર્ણન કરી દીધી હોત. જેથી એહલેબયતનું મહત્વ સ્પષ્ટ થઇ જાય અને આ નુકતા તરફ ધ્યાનાકર્ષક કર્યું હોય કે પેગંબરના એહલેબયત ફક્ત આ ચાર જ છે. તેઓ માસૂમ છે જેથી હવે પછી કોઇએ આ હોદ્દાને પ્રાપ્ત કરવાની કોશિશ ન કરવી જોઇએ. અહીં સુધી કે પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની

પત્નીઓ પણ આ માસૂમિયતના મકામને હાસિલ કરવાનો હક ધરાવતી નથી.

## ચોથો જવાબ

અમે માનીએ છીએ કે અત્રે આપણી પાસે જે કુરઆન છે તે સંપૂર્ણ કુરઆન છે. તેમાં વધારો ઘટાડો કંઇપણ નથી. તેના ૩૦ પારા છે, ૧૧૪ સૂરતો છે. તેની પ્રથમ સૂરત સૂરએ ફાતેહા છે. અને છેલ્લી સૂરત સૂરતુન્નાસ છે. આ અમારો અકીદો છે. પરંતુ કુરઆન તેના ઊતરાણકાળની તરતીબ પ્રમાણે નથી. તેની ગોઠવણીમાં મક્કી અને મદની સૂરતોની મેળવણી છે. પ્રથમ મક્કામાં ઊતરેલું કુરઆન-અને હિજરત પછી મદીનામાં ઊતરેલું કુરઆન-આમ તરતીબથી ગોઠવાયેલું નથી. કુરઆનના એકત્રીકરણમાં આ બાબતનો ખ્યાલ રખાયો નથી. વળી કેટલીક મોટી મોટી મક્કી

સૂરતોમાં કોઇક કોઇક મદની આયતો જે મદીનામાં ઊતરી હતી તે દાખલ થઇ ગઇ છે. તે જ રીતે મદની સૂરતોમાં કોઇક કોઇક મક્કી આયતો ગોઠવાઇ છે. આ બાબત તમામ શીયા-સુન્ની આલિમો એકમત છે. કુરઆન એકત્ર કરનારાઓએ આ આયતે તતહીર જે ફક્ત એહલેબયતે અતહાર માટે જ નાઝિલ થઇ છે તેને પેગંબરની પત્નીઓ વિષયમાં ઊતરેલી સૂરતમાં મૂકી દીધી હોય એમ વધુ યોગ્ય છે.

(કિતાબ કલિમતુલ ગર્રાઅ ફી તફઝીલિઝ ઝેહરા-તાલીફ પેજ-૨૧૨ સૈયદ અબ્દુલ હુસૈન શરફુદ્દીન)

## પ્રકરણ-૧૧ : હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાના માસૂમ હોવા પર બીજી દલીલ

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે જનાબે ફાતેમાને ફરમાવ્યું:

يَا فَاطِمَةُ إِنَّ اللهَ يَغْضِبُ لِغَضَبِكِ وَيَرْضٰى لِرِضَاكِ.

"ફાતેમા! ખુદા તારા ગઝબનાક થવા ઉપર ગઝબનાક થાય છે. અને તારી ખુશ્નૂદી ઉપર ખુશ્નૂદ થાય છે."

ઉપરોક્ત હદીસને શીયા-સુન્ની બંને કબૂલ કરે છે. વળી બંનેએ પોતપોતાની કિતાબોમાં લખી છે. હદીસના પ્રમાણે જે જગ્યાએ, અર્થાત જે બાબતમાં જનાબે ફાતેમા ગુસ્સે થશે, ખુદા પણ ગુસ્સે થશે અને જ્યારે જનાબે ફાતેમા ખુશી થશે ખુદા પણ ત્યાં ખુશ થશે.

અલબત્ત આ વાત સર્વમાન્ય છે કે અલ્લાહ હક વાત ઉપર રાજી થાય છે. કોઇ ગલત વાત ઉપર અલ્લાહ રાજી થઇ જાય આ શક્ય જ નથી. આ વાત ખુદાની શાનના ખિલાફ છે. હકના ખિલાફ અન્યો ભલે રાજી થાય, ખુદા કદી રાજી નહીં થાય. એ જ રીતે અલ્લાહ કદી પણ સારા કાર્યો અને હકના મુતાબિક આમાલ ઉપર ગઝબનાક નહીં થાય. આપણી ઉપરોક્ત ચર્ચાનું પરિણામ આ આવશે કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા ગુનાહ અને ખતાથી મઅસૂમ છે. કારણ કે જો આપ માસુમ હશે તો જ આપનો ગુસ્સો અને રાજી થવું મીઝાને શરીઅત પ્રમાણે હશે અને કદી પણ અલ્લાહની રઝાના વિરૂદ્ધ રાજી થશે નહિં. વળી કોઇપણ પરિસ્થિતિમાં પણ નેક અને હકના કામો ઉપર ગઝબનાક ન થશે. આ બધી પરિસ્થિતિમાં સ્પષ્ટ રીતે આમ કહી શકાય છે કે જો ફાતેમા ગઝબ

કરે તો ખુદા ગઝબ કરે છે, અને જો તેઓ ખુશ થાય તો અલ્લાહ ખુશ થાય છે.

જો ફાતેમા સલામુલ્લાહ અલયહાને માસૂમ માનવામાં ન આવે અને આપને ખતાકાર માનવામાં આવે તો આમ કદી નહીં કહી શકાય કે ફાતેમાના ગઝબનાક હોવાથી અલ્લાહ ગઝબનાક થાય છે. વળી તેમની ખુશીથી અલ્લાહ ખુશ થાય છે. ખતાકાર વ્યક્તિ તો ખોટી રીતે પોતાના નફસ માટે પણ કોઇના ઉપર ગઝબનાક થાય, વળી ખોટી રીતે નાહક બાબતો ઉપર પણ ગઝબનાક થાય, તો આવી ખોટી રીતે ગઝબનાક થનારી વ્યક્તિના ગઝબ ઉપર નઉઝોબિલ્લાહ, અલ્લાહ કેવી રીતે ગઝબનાક થાય. અલ્લાહ તો આદિલ છે. એ જ રીતે ખતાકાર વ્યક્તિ તો પોતાના નફસની ખુશી માટે નાહક બાબત ઉપર કોઇનાથી ખુશ થાય તો અલઅયાઝોબિલ્લાહ અલ્લાહ કેવી રીતે આ બાબત

ઉપર રાજી થાય, અલ્લાહ તો આદિલ છે ઇન્સાફ પસંદ છે.

જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા માટે આ ગઝબનાક થવાવાળી હદીસ લગાતાર રિવાયતો થઈ શીયા-સુન્ની બંને આલિમોએ નકલ કરેલ સહીહ હદીસ છે. જેથી આ હદીસ પણ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને માસૂમ કહે છે. માસૂમની જ ખુશી ઉપર અલ્લાહ ખુશ થાય અને માસૂમની જ નારાજગી ઉપર અલ્લાહ નારાજ થાય. આ હદીસને હજીય ઊંડાણથી સમજવા માટે આપણે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાનું દૃષ્ટાંત લઇએ.

થોડીવાર માટે માની લો કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા માસૂમ ન હોય, વળી તેમનાથી ગલતી અને ભૂલ મુમકિન હોય. આ પરિસ્થિતિમાં શક્ય છે કે આપ ખ્વાહિશાતે

નફસાનીના કારણે હક અને હકીકતથી વિરૂદ્ધ જઇને કોઇની પાસે કોઇ વસ્તુની માંગણી કરે, તેના કારણ ઝઘડો થાય, પેલી વ્યક્તિ મારવા ઉપર ઊતરી પડે, જનાબ ફાતેમા ઉપર પ્રભૂત્વ જમાવી લે. આ પરિસ્થિતિમાં શક્ય છે કે જનાબે ફાતેમા પેલી વ્યક્તિ ઉપર ગઝબનાક થઇ જાય, તેમનાથી નારાજગીની જાહેરાત કરે, શું આ પરિસ્થિતિમાં આમ કહેવું દુરસ્ત હશે કે જનાબે ફાતેમા તે વ્યક્તિ ઉપર ગઝબનાક છે તેથી અલ્લાહ પણ તે વ્યક્તિ ઉપર ગઝબનાક બનશે. પછી ભલે પેલી મુકાબલો કરનારી વ્યક્તિ હક પર હોય? આવું કદી ન બની શકે ન આવા કોઇ બુરા કાર્યને અલ્લાહ તરફ ફેરવી શકાય છે. માટે જ અમે કહીએ છીએ કે પેગંબરે ઇસ્લામની આ હદીસ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની ઇસ્મત માટે સચોટ દલીલ છે. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા માસૂમ છે. તેઓ જો

કોઇની સાથે ગુસ્સો કરશે તો હકનો જ ગુસ્સો કરશે. અલ્લાહ પણ તે વ્યક્તિ ઉપર ગુસ્સે થશે અથવા જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા જો કોઇ વ્યક્તિ ઉપર ખુશ થશે તો તે વ્યક્તિની કોઇ નેકી અને ભલાઇ ઉપર જ ખુશ થશે જેથી અલ્લાહ પણ તે વ્યક્તિ ઉપર ખુશ થશે.

એક બીજી રિવાયત દ્વારા પણ હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની ઇસ્મતને (માસૂમિયતને) સાબિત કરી શકાય છે.

**પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું:**

**فَاطِمَةُ بَضْعَةٌ مِّنِّي فَمَنْ اَغْضَبَهَا اَغْضَبَنِي**

**"ફાતેમા" મારા શરીરનો ટૂકડો છે. જે પણ એને ગઝબનાક કરે તેણે મને ગજબનાક કર્યો.**

(સહીહ બુખારી ભાગ-૨ પેજ-૩૦૨)

આ હદીસ પણ શીયા-સુન્ની બંને કિતાબોમાં મોજૂદ છે. અને તમામ મુસલમાનોમાં માન્ય છે. અહીં સુધી કે હઝરત અબુબકર અને ઉમરે પણ આ હદીસને સહી માની છે. ઉપરોક્ત વર્ણન પ્રમાણે આ હદીસ પણ ઇસ્મતે ફાતેમા સલામુલ્લાહ અલયહાને અનુમોદન આપે છે. ફાતેમા સલામુલ્લાહ અલયહા માસૂમ છે તેથી જ રસૂલે આ હદીસ ફરમાવી છે.

ગેર માસુમ તો કોઇથી વગર કારણે પણ નારાજ થઇ શકે છે. આપની માસૂમિયતની આ હદીસ પણ દલીલ છે .

કારણ કે પેગંબરે ઇસ્લામ ગુનાહથી, ખતા કે ભૂલથી, ખ્વાહિશાતે નફસથી માસૂમ છે. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તે જ કામ ઉપર ગઝબનાક થાય જે કાર્ય અલ્લાહતઆલાની દૃષ્ટિમાં નાપસંદ હોય, વળી રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તે જ વસ્તુથી રાજી

થાય જેનાથી અલ્લાહતઆલા રાજી થાય છે. આ પરિસ્થિતિમાં કહી શકાય છે કે જ્યારે ફાતેમા ગઝબ કરે છે તો પેગંબર પણ ગઝબ કરે છે. તેથી બંને માસૂમ છે. બંનેથી ખતા કે ભૂલ ભાલ કે ગુનાહ શક્ય નથી.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની પાકીઝગી ઉપર એક બીજી હદીસની ગવાહી સમજીએ.

ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામ એક હદીસમાં ફરમાવે છે કે જનાબે ઝેહરાનું નામ એટલા માટે ફાતેમા રાખવામાં આવ્યું છે કે આપનામાં શર, ઉપદ્રવ કે બુરાઇને કોઇ જગ્યા નથી. (જુઓ કિતાબ યનાબેઉલ મોવદ્દત પેજ-૨૦૩, મજમઉલ જવાઇદ ભાગ-૯ પેજ-૨૦૩, સહીહ બુખારી, કશફુલ ગુમ્મા ભાગ-૨ પેજ-૮૯, ૯૦, ૯૨)

## પ્રકરણ-૧૨ : સ્ત્રીઓના વિષયમાં જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાનું દૃષ્ટિબિંદુ

હઝરત અલી બિન અબી તાલિબ અલયહિસ્સલામ ફરમાવે છે કે એક દિવસ હું થોડાક અસહાબની સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સેવામાં બેઠો હતો. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પોતાના અસહાબને ફરમાવ્યું:

સ્ત્રીની ભલાઇ કઇ વસ્તુમાં છે? કોઇએ પણ આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને સંતોષકારક ઉત્તર આપ્યો નહિ. જ્યારે અસહાબ ચાલ્યા ગયા અને હું પણ ઘેર આવી ગયો. મેં પેગંબરે ઇસ્લામના પ્રશ્નને ફાતેમાની સમક્ષ રજૂ કર્યો. તેમણે ફરમાવ્યું:

હું એ પ્રશ્નનો ઉત્તર જાણું છું. “ઓરતની મસલેહત એમાં છે કે તે અપરિચિત મર્દ ને ન જુએ અને તેને અપરિચિત મર્દ ન જુએ”

પછી જ્યારે હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ખિદમતમાં હાજર થયો ત્યારે મેં કહ્યું: યા રસૂલલ્લાહ! આપના સવાલના જવાબમાં ફાતેમાએ આ પ્રમાણે ફરમાવ્યું છે. પેગંબરે ઇસ્લામે બેટીના જવાબથી ખુશ થઇ ફરમાવ્યું: ફાતેમા મારા શરીરનો ટૂકડો છે.

(કશકુલ ગુમ્મા ભાગ-૨ પેજ-૯૨)

આ વાતમાં શકને કોઇ સ્થાન નથી કે ઇસ્લામે સ્ત્રીઓની પ્રગતિ માટે, તેમના કલ્યાણ માટે ધણાંબધા મજબૂત પગલાં લીધાં છે. ઓરતની આઝાદી અને તેના વ્યક્તિત્વના વિકાસમાં મઝહબે ઇસ્લામે જે ફરમાનો કરેલાં છે તેવાં ફરમાનો બીજે ક્યાંયે જોવા નહી મળે. સ્ત્રીઓના હકોના રક્ષણ માટે,

તેમના હકોની અદાયગી માટે ઇસ્લામે જે કદમ ઉઠાવ્યો છે, જે કાનૂન બનાવ્યા છે તેવા કાનૂન બીજે ક્યાંય જોવા નહીં મળે.

ઇસ્લામે સ્ત્રીને ઇલ્મ હાસિલ કરવાની આઝાદી આપી છે. તેના માલ અને કામને ઇઝ્ઝત બક્ષી છે. સામાજિક કાનૂન બનાવતી વખતે સ્ત્રીઓના નફાનો, તેમના હિતોનો પૂરેપૂરો ખ્યાલ રાખ્યો છે.

પરંતુ આ વાત વિવાદને પાત્ર છે કે સમાજમાં-માનવસમૂહોમાં અપરિચિત પુરૂષોની સાથે મિશ્રિત થઇ જવામાં સ્ત્રીની ભલાઇ છે? શું આ બાબતમાં સ્ત્રીની ભલાઇ છે કે બિલકુલ પુરૂષોની જેમ જલ્સાઓમાં, માનવ સમૂહોના ટોળાંઓમાં ભાગ લઇને તેમના અંદર ખલતમલત થઇ જાય?

શું આ બાબત ખરેખર સ્ત્રીઓના ફાયદાની છે કે તેઓ શણગાર સજીને-મેકઅપ કરીને કોઇ રોક

ટોક વગર પુરૂષોની મજલિસોમાં ભાગ લે. પોતે આ રીતે ગમે તેની સામે આવે? શું સ્ત્રીની ભલાઇ આ બાબતમાં છે કે તે અપરિચિત વ્યક્તિઓને નઝરબાજી માટે પોતાને પેશ કરે અને તેમના માટે જોવાની લઝ્ઝત બને.શું આ બાબત સ્ત્રીના ફાયદાની છે કે તેઓ કોઇપણ પાબંદીને ન સ્વીકારે. અપરિચિત પુરૂષોમાં કોઇપણ જાતની શર્મો હયા વગર ધુમે, હરે ફરે? કોઇપણ ઇઝ્ઝતદાર સ્ત્રીઓ ઉપરોક્ત વાતોને કબૂલ રાખશે નહિ. અથવા સ્ત્રીઓની ભલાઇ એમાં છે કે તેઓ પોતાના શરીરને યોગ્ય પ્રમાણમાં છુપાવીને, જરૂરી અવયવો ખુલ્લા રાખીને સાદગી સાથે બહાર આવે. બહાર આવવા માટે મેક-અપ કે શણગારની જરૂરત નથી. પોતાની ખૂબસૂરતીને અપરિચિત પુરૂષો ઉપર જાહેર ન કરે, ન તો સ્વયં અન્યો ઉપર દૃષ્ટિપાત કરે. આવા આવારાઓને એટલી છુટ પણ ન આપે કે તેઓ

તેના હુસ્નને જુએ. સ્ત્રીનો શણગાર મેક-અપ તેના પોતાના પુરતો પોતાના પતિ પુરતો જ રાખે.

શું પહેલી પરિસ્થિતિમાં સ્ત્રીઓની ભલાઇ છે કે બીજી પરિસ્થિતિમાં ભલાઇ છે. સ્ત્રીઓ માટે કઇ પરિસ્થિતિ બેહતર છે. સ્ત્રીઓની રૂહાની તરક્કી, જિસ્માની તંદુરસ્તી, તેની ઇઝ્ઝત-ઇફ્ફત વગેરે માટે કઇ પરિસ્થિતિમાં ભલાઇ છે?

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે સમાજના આ અતિ મહત્વના બુનિયાદી પ્રશ્નને પોતાના અસહાબની સમક્ષ રજૂ કર્યો. આ બાબતમાં તેમનો મત માંગ્યો. પરંતુ અસહાબમાંથી કોઇપણ તેનો યોગ્ય ઉત્તર ન આપી શક્યા. જ્યારે આ પ્રશ્ન આ સૈયેદતો નિસાઇલ આલમીન, ખાતૂને જન્નત, જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાની સમક્ષ આવ્યો ત્યારે આપે ફરમાવ્યું:

"સ્ત્રીઓની ભલાઇ તેમાં છે કે ન તેઓ અપરિચિત પુરૂષોને જુએ અને ન અપરિચિત પુરૂષો તેમને જુએ"

ઝેહરા સલામુલ્લાહ અલયહા તે વહી અને વિલાયતના ઘરમાં તરબીયત પામ્યાં હતાં જ્યાં દરરોજ ફરિશ્તાઓનો નુઝૂલ થતો હતો, જ્યાં દરરોજ કુરઆનનો નુઝૂલ થતો હતો, ત્યાં એમની તરબીયત થઇ હતી. આપે આ એક ઘણાં જ મુશ્કેલ પ્રશ્નનો એટલો ઠોસ જવાબ આપ્યો, એટલો કિંમતી જવાબ આપ્યો જેના ઉપર પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને આશ્ચર્ય થયું, તરત જ ફરમાવ્યું:

"ફાતેમા મારા શરીરનો ટૂકડો છે."

જો આપણી મા-બહેનો ફક્ત આટલી વાત માની લે તો વિશ્વના અડધા પ્રશ્નો, ઝઘડા, ફિત્ના, ફસાદો, ઘરઘરની લડાઇઓ, આપસમાં પતિ-પત્નીના

ઝઘડાઓ વગેરે ચપટીઓમાં હલ થઇ જાય. ઇન્સાનિયત સુકૂનથી જીવન જીવી શકે.

પરંતુ જો મા-બહેનો જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના હુકમની અવગણના કરશે તો યુવાનો બજારોમાં રખડતાં રહેશે. નજરબાજી અને અભદ્ર વ્યવહાર કરતા રહેશે. કુંવારાઓ જલ્દી શાદી નહીં કરે, આવારગી કરતા રહેશે. છોકરીઓ પણ કુંવારી રખડવાનું પસંદ કરશે. શાદીઓ મોડી થશે, વ્યભિચાર ફેલાઇ જશે. શાદીશુદા યુવાનો પણ આ રખડતી લલનાઓને જોઇને ઘરોમાં ઝઘડા કરશે. ઘેર ઘેર આગ સળગશે, સમાજનું સત્યાનાશ થઇ જશે અને થઇ પણ રહ્યું છે. કારણ કે આપણી સાથે બિનમુસ્લિમો પણ રહે છે, તેઓને આપણે રોકી શકતા નથી.

સ્ત્રીઓ બજારનું રમકડું બની જશે, બલકે બની ગઇ છે કહો તો પણ ચાલે. અપરિણિત છોકરા છોકરીઓની સંખ્યામાં વધારો થતો ચાલશે. એક જુઠી

જિંદગી, પાગલોની જિંદગી, જુઠી સુંદરતા પાછળ ફરતા છોકરાઓ હજારોની સંખ્યામાં આવા સાંદર્યોની પાછળ પાગલ થઇને ફરશે. આવી રૂપલલનાઓ હજારોના દીલો પોતાની સાથે લઇને ફરશે. આવી પરિસ્થિતિમાં આવા પાગલો પેલી છોકરીઓને તો પામી શકશે નહિ. પરંતુ તેઓ નફસિયાતી બીમારીઓના શિકાર થઇ જશે. પાગલ પણ થઇ જશે. શારીરિક કમજોરી, અવયવોની કમજોરી પેદા થાય છે, જિંદગીથી માયૂસી પેદા થાય છે, લોકો આપઘાત કરે છે, થયા પણ છે, થાય પણ છે. માટે મા-બહેનોનું ઉઘાડા ફરવું સમાજ માટે ઘણું જ નુકસાનકારક છે. માટે સ્ત્રીઓ પોતાની ખૂબસૂરતીને લાલચી નજરો માટે ખુલ્લી ન મૂકી દે. મા-બહેનોને એનાથી શું ફાયદો થવાનો છે? કદાચ શયતાન તમારા દીલને આ રીતે સંતોષ આપતો હોય કે લોકો મારા તરફ જુએ છે. પરંતુ આખરે એનાથી ફાયદો શું? આ પરિસ્થિતિમાં અમૂક વખત સ્ત્રીઓની

ઇઝ્ઝતનું લીલામ થાય છે. સમાજમાં બળાત્કારો વધે છે. નાજાઇઝ અવલાદો વધે છે. સમાજ બરબાદ થઇ જાય છે. કંઇ કેટલાયે ઘરોમાં આગ લાગે છે. કુટુંબો પણ બરબાદ થાય છે. ગરીબાઇ આવે છે. ગરીબાઇનું આવવું રૂહાની બાબત છે.

ઓરતોનો પરદો અનેક કુટુંબોમાં થતા ફસાદ રોકી લેશે. ઇસ્લામ ફસાદ રોકવા ઇચ્છે છે. ઇસ્લામ ઓરતના જ ફાયદાની વાત કરે છે. તેની પ્રગતિ ઇચ્છે છે. સ્ત્રીનું બેપરદા રખડવું સ્વયં તેની પોતાની સંતાનો માટે પણ ફસાદનું કારણ બની જાય છે, ત્યારે સ્ત્રી પોતાની યુવાની ઉપર અફસોસ કરે છે. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાનું કથન વર્ણવી વાત પૂર્ણ કરૂં છું.

“સ્ત્રીની ભલાઇ તેમાં છે કે તે અપરિચિત મર્દને ન જુએ અને અપરિચિત મર્દ તેને ન જુએ.”

# ભાગ-૫

## પ્રકરણ-૧ : હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા પોતાના વાલિદે ગિરામીની વફાત પછી

પેગંબરે ઈસ્લામે હિજરી ૧૦ માં તમામ મુસલમાનોને હજ અદા કરવાની દઅવત આપી. આપ આ છેલ્લી વખત પોતાના વતન મક્કા મુકર્રમાં પધાર્યા. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે આ હજમાં મુસલમાનોને પોતાની સાથે રાખી હજના અરકાન શીખવ્યા. હજ પૂર્ણ કરીને પાછા ફરતાં આપ "ગદીરે ખુમ"ના સ્થળે પહોંચ્યા તો ત્યાં રોકાયા. ત્યાં તમામ મુસલમાનોને એકત્ર કર્યા. મિમ્બર ઉપર તશરીફ ફરમાવી હઝરત અલી ઈબ્ને અબી તાલિબ અલયહિસ્સલામને પોતાના જાંનશીન અને ખલીફા નકકી કર્યા.

મુસલમાનોએ હઝરત અલી અલયહિસ્સલામની બયઅત કરી, પછી પોતપોતાના

શહેરમાં પાછા ચાલ્યા ગયા. રસુલે મકબુલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ પણ મદીના પાછા ચાલ્યા આવ્યા. મદીના આવ્યા પછી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની તબીયત બગડી. આપની લથડતી તબીયત જોઈને કોઈ પણ કહી શકે કે હવે આપ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમની વફાતનો સમય નજીક છે. બીમારીના આ જમાનામાં આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ મોકાસર, સમય સંજોગો પ્રમાણે પોતાના એહલેબયતના વિષયમાં ભલામણ કરતા રહ્યા. બીમારી દરમિયાન કદી જન્નતુલ બકીઅના કબ્રસ્તાન જતા અને મુરદાંઓના મગફિરતની દુઆ ફરમાવતા.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ હજ્જતુલ વિદાઅ [આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની છેલ્લી હજ. ત્યાર બાદ આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ આ દુનિયાથી પરદે થઈ

ગયા.] પછી એક દિવસ રાતના ખ્વાબમાં જોયું કે એમના હાથમાં કુરઆન છે અને તેની તિલાવત કરી રહ્યાં છે. અચાનક કુરઆન આપના હાથમાંથી પડી ગયું અને અદ્રશ્ય થઈ ગયું. આપ ગભરાઈને જાગી ગયાં, પછી પોતાના ખ્વાબને પોતાના વાલિદે ગિરામી સામે રજુ કર્યું.રસુલે મકબુલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસ્સલમે ફરમાવ્યું: હું જ તે કુરઆન છું, જેને આપે ખ્વાબમાં જોયું છે. આટલી જ ઝડપથી હું તમારી દ્રષ્ટિમાંથી અદ્રશ્ય થઈ જવાનો છું.

(રિયાહેનુશ્શરીય્યા-ભાગ પેજ-૨૩૯)

માસુમાના આ ખ્વાબ પછી આપ સલ્લલ્લાહો અલહે વઆલેહીનું શરીર ધીરે ધીરે નબળું પડતું ગયું. આપ પોતે પણ જાણતા હતા કે અલ્લાહ મને બોલાવી રહ્યો છે.આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ઉસામા બિન ઝૈદની સરદારીમાં એક લશ્કર તૈયાર કર્યું, પછી ફરમાવ્યું: તમે રોમની તરફ રવાના થઈ

જાઓ સાથે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે કેટલીક નિશ્ચિત વ્યકિતઓના નામ લીધાં, સાથે ફરમાવ્યું : કે આ લોકો તો આ લશ્કરમાં અવશ્ય જવા જોઈએ. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો મકસદ આ હતો કે કેટલાક માણસો પોતાના ઈન્તિકાલ વખતે મદીનામાં હાજર ન હોય. જેથી ખિલાફતનો મસઅલો કોઈ પણ જાતની રુકાવટ વગર હઝરત અલીના હકમાં નક્કી થઈ જાય.

રસુલે મકબુલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની બીમારી વધી ગઈ. આપ ઘરમાંજ રહેવા લાગ્યા. આપ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમની બીમારીએ જનાબે ફાતેમાને ભય અને દુ:ખમાં નાંખી દીધાં. કદીક બાપના પીળા પડી ગયેલા અને કમજોર થઈ ગયેલા ચેહરાને જોતાં તો રડી પડતાં. કદીક બાપની તંદુરસ્તી માટે દુઆ કરતાં અને કહેતાં....

ખુદાયા! મારા વાલિદે હજારો રંજોગમ અને મુસીબતો ઝેલીને ઈસ્લામના આ વૃક્ષને રોપ્યું. આ વૃક્ષ હજી હમણાં હમણાં જ ફળ આપતું થયું છે. સાથે ફતેહ અને કામ્યાબીની નિશાનીઓ જાહેર થઈ છે. મને તો ઉમ્મીદ થઈ ગઈ હતી કે મારા વાલિદના ઝરીઆથી દીને ઈસ્લામ ગાલિબ થશે, પ્રભૂત્વ- શાળી બની જશે. અને કુફ્ર, બુતપરસ્તી, ઝુલ્મ વ સિતમ ખતમ થઈ જશે. પરંતુ અફસોસ કે મારા વાલિદે ગીરામીની હાલત સારી નથી. ખુદાયા, તારાથી એમની તંદુરસ્તી તલબ છું.

થોડાક દિવસમાં પેગંબરે ઈસ્લામની હાલત ખુબજ ખરાબ થઈ ગઈ. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની બીમારીની તકલીફ વધી ગઈ. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ઉપર ઊંઘ જેવી પરિસ્થિતિ છવાઇ ગઈ. જયારે આંખ ખોલીને જોયું તો હઝરત અબુબકર,ઉમર અને એક

બીજી ટોળી જેમના બધાંના માટે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ખાસ નક્કી કર્યું હતું કે આ લોકો ઉસામાના લશ્કરમાં જવા જોઈએ, બલકે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે નામો પોકારીને આ ટોળીને હુક્મ કર્યો  હતો. પરંતુ હઝરત અબુબકર, ઉમર અને તે ટોળી તો પોતાના માથા પાસે ઉભી છે. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને આ અસહાબની  ઉઘાડી નાફરમાનીથી ખુબજ આઘાત પહોંચ્યો.જોયું તો આ ટોળી પોતાની આસપાસ  ઉભી છે. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: શું મેં તમને ઉસામાના લશ્કરમાં જવા માટે નથી ફરમાવ્યું? તેઓમાંથી દરેકે પેગંબર સલ્લલ્લાહો  અલયહે વઆલેહી વસલ્લમના પ્રશ્નના જવાબમાં બહાના બતાવ્યાં. પરંતુ પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તેમના મકસદ અને ઈરાદાઓને બખુબી જાણતા હતા કે આ

લોકો ખિલાફત છીનવી લેવા માટે મદીનામાં રોકાયેલા છે.

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: કાગળ અને ખડિયો-કલમ આપો જેથી હું વસીય્યત લખી દઉં. જેથી મારા પછી તમે લોકો ગુમરાહ ન થઇ જાઓ. હાજરજનોમાંથી કેટલાંકે ઈચ્છયું કે પેગંબરે ઈસ્લામને કાગળ-કલમ આપે, આપના હુકમ ઉપર અમલ કરે પરંતુ હઝરત ઉમરે રોકી દીધા, સાથે કહ્યું: એમને સનેપાત થઈ ગયું છે. બેહોશીનો બકવાસ છે. (જુઓ સહીબુખારી બાબે કિતાબુલ ઈલ્મ ભાગ-૩,ભાગ-૮, સહી બુખારીમાં રિવાયત જુદા જુદા સાત રાવીયોથી રિવાયત પામેલી છે. આવી સાત હદીસો છે. જુઓ અલફારુક અલ્લામા શિબલી નોઅમાની- પેજનં ૮૮ કિરતાસકા વાકેઆ)

હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા આ બધીજ ઘટનાઓ પોતાની દ્રષ્ટિની સામે જોઈ રહ્યાં

હતાં. આપનો ગમ વધી રહ્યો હતો. એક તરફ તો પોતાના પ્યારા પિતાજી આ દૂનિયાથી પરદે થઈ રહ્યા છે અને બીજી તરફ તેમના અસહાબ પિતાજીના હુક્મની ઐસી તૈસી કરી રહ્યા છે.લશ્કર સાથે જવાનું કહ્યું તે ન ગયા, રસૂલે ઈસ્લામે કાગળ કલમ માંગ્યા તો ન આપ્યાં અને ઉલટાનો રસૂલ ઉપર સનેપાત થયાનો આરોપ કરે છે, સાથે કહે છે કે કોઈ પણ કાગળ કલમ આપશો નહીં.

આપ રડી પડયાં. શું કરે! ખુબ રડયાં. અત્યારથી જ આ ઉમ્મતનો આવો હાલ છે તો હવે પછી બાબાની આંખ મિચાયા પછી શું થશે? મારા વાલિદના ફરમાન અલ્લાહની વહી હોય છે. મિલ્લતની ભલાઈ અને નફા સિવાય આપનો કોઈ મકસદ નથી. તો પછી આ લોકો શા માટે બાબાના ફરમાનની અવગણના કરે છે?

ફાતેમા સમજી ગયાં, પામી ગયાં કે પોતાનું ભવિષ્ય ઘણું ખતરનાક છે. જાણે આ લોકોએ મારા વાલિદની ઝેહમત પાયમાલ કરવાનો ઈરાદો કરી લીધો છે.

બીમાર નબીની સામે સહાબાએ એટલું તો તોફાન કર્યું કે હુજરો ગાજી ઉઠયો. એક ટોળી કેહતી હતી કે કાગળ કલમ આપો. આપણે ગુમરાહ ન થઈએ તે માટે નબી લખી આપવા માંગે છે. બીજી બળવત્તર શક્તિશાળી તોફાની ટોળી કેહતી હતી કે ખબરદાર કોઈ કાગળ કલમ આપશે નહીં. નબી તો બકવાસ કરે છે. એમને કંઈ ભાન નથી. આ તોફાનનો એટલો અવાજ થયો કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: અહીંથી બહાર નીકળી જાઓ. રસુલે પોતાની પાસેથી ધુતકારીને બહાર કાઢયા.

કોઈ એમ કહી શકે છે કે રસુલુલ્લાહ મોઢેથી બોલી કેમ ન ગયા કે હું અલીને ખલીફા તરીકે નિયુક્ત કરૂં છું અથવા પાછળથી હઝરત અલી અલયહીસ્સલામે કેમ કાગળ કલમ ન આપ્યાં. આનો જવાબ આ છે કે જો રસુલ આમ બોલી જાત તો આ લોકો હઝરત અલી અલયહિસ્સલામને ત્યાંજ મારી નાખત, શહીદ કરી દેત. પાછળથી લખવાનો પણ કોઈ હેતુ ન હતો. આ લોકો કહી ચુકયા હતા કે રસુલ સનેપાતમાં બકવાસ કરે છે. તે લખાણ પણ સનેપાતનું ગણાવી રદ કરી દેત.

## પ્રકરણ-૨ : આશ્ચર્યજનક ખુશી

પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની હાલત વધુ ખરાબ થતી ચાલી. અસહાબની બે-બે નાફરમાનીઓએ આપના હ્રદયના ટુકડા કરી નાખ્યા (૧) નામ સાથે ઉલ્લેખ કરીને હુકમ આપવા છતાં ઉસામાના લશ્કર સાથે ન જવું, મદીનામાં જ રહેવું (૨) ઉમ્મત પોતાના પછી ગુમરાહ ન થાય તે માટે એક દસ્તાવેજી લખાણ ન લખવા દેવું. ઉપરથી પોતાના ઉપર સનેપાત થયાનો આરોપ લગાવવો. આ પિરસ્થિતએ રસુલુલ્લાહને ખૂબજ દુ:ખી કરી દીધા.

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફરી ઊંઘ જેવી હાલતમાં આવી ગયા તો જનાબ અલી અલયહિસ્સલામે સર મુબારકને પોતાની જાંઘ ઉપર લઈ લીધું. હઝરત ઝહરા

પોતાના પિદરે ગિરામીના ચેહરાને જોતાં અને રડી પડતાં, જનાબે ફાતેમાએ ફરમાવ્યું : આહ મારા બાપની બરકતથી બારાને રહમત (વરસાદ) નાઝિલ થતો હતો. આપ યતીમોની મદદ કરનારા અને બેવાઓની પનાહ હતા. ફાતેમા સલામુલ્લાહ અલયહાનો અવાજ સાંભળી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે આંખો ખોલી, કમઝોર અવાજમાં ફરમાવ્યું:બેટી આ આયત પઢો.

وَ مَا مُحَمَّدٌ اِلَّا رَسُوۡلٌ ۚ قَدۡ خَلَتۡ مِنۡ قَبۡلِهِ الرُّسُلُ ؕ اَفَا۠ئِنۡ مَّاتَ اَوۡ قُتِلَ انۡقَلَبۡتُمۡ عَلٰۤى اَعۡقَابِكُمۡ ؕ

(સૂરએ આલે ઈમરાન આ.નં.૧૪૪)

મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ એક રસુલ છે. જેમની પહેલાં ઘણાંય

રસૂલો થઈ ગયા છે, અગર તેઓ મૃત્યુ પામે અથવા કતલ કરવામાં આવે તો શું તમે તમારા

પાછલા પગે ફરી જશો? પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો મકસદ જનાબે સૈયદાને આ આયત પઢવાનું કેહવાનો એ હતો કે બેટા મોતથી ભાગવાનું થોડું હોય છે? એ તો આવવાની જ છે. જેવી રીતે પાછલા બધા અંબીયાને મોત આવી છે. હું પણ અલ્લાહનો નબી છું. મારે પણ આ દુનિયા છોડવાની છે. પરંતુ મારી કોમ મારો હુક્મ માનતી નથી. અમલ કરવા તૈયાર નથી, એડીઓ દ્વારા પાછલા પગે કુફ્ર તરફ જવાનો ઈરાદો રાખે છે

રસુલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના આ ફરમાનો સાંભળીને હઝરત ઝહેરાના રડવાની તીવ્રતા વધી ગઈ. પોતાની વહાલી બેટી, જેનો દીકરો કરબલામાં ત્રણ દિવસની

ભૂખ અને પ્યાસ સાથે શહીદ થવાનો છે તેવી દુ:ખીયારી બેટી, જેની છ મહીનાની અવલાદો અને પહાડ જેવા, મજબુત નવાસાઓ કરબલામાં શહીદ થવાના છે તે બેટી, પોતાના પછી જેની ઉપર આફતોના પહાડ તૂટી પડવાના છે તેવી બેટી તીવ્રતાથી રડી રહી છે. ફાતેમાની હીચકીઓ બીમાર બાપે સાંભળી, આંખો ખોલી. અચાનક આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના દિલમાં એક ખ્યાલ આવ્યો. હઝરત ફાતેમાને નજીક આવવાનો ઈશારો કર્યો. જયારે જનાબે ફાતેમા પોતાનો મુબારક ચહેરો વાલિદે ગિરામીની નજીક લઈ ગયાં ત્યારે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે તેમના કાનમાં કંઈક કહ્યું. હાજરજનોએ જોયું કે જનાબે ફાતેમાના મુબારક ચહેરા ઉપર થોડીક ખુશી વર્તાઈ. આપ સહેજ મુસ્કુરાયા. આ વગર કારણની મુસ્કુરાહટ ઉપર બધા

નવાઈ પામ્યાં, આશ્ચર્ય પામ્યાં. આપથી મુસ્કુરાહટનું કારણ પુછયું, આપે ફરમાવ્યુંઃ જ્યાં સુધી મારા વાલિદ હયાત છે ત્યાં સુધી હું આ ભેદ ખોલીશ નહીં.

આપે પેગંબરે ઈસ્લામની વફાત પછી આ ભેદ પરથી પરદો ઉઠાવ્યો અને ફરમાવ્યુંઃ મારા વાલિદે મારા કાનમાં ફરમાવ્યું હતુંઃ

ફાતેમા, તમારી મોત પણ નજીક જ છે. બેટા, તુ સૌથી પ્રથમ અને ઘણી જ જલ્દી મને મળશે.

અનસ કહે છે કે જે સમયમાં પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ બીમાર હતા, હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ હસન અને હુસૈનનો હાથ પકડયો અને પોતાના વાલિદે ગિરામીના ઘેર આવ્યા. આપ એટલા રડતાં હતાં કે રસુલુલ્લાહના જિસ્મ ઉપર પડી ગયાં. રસૂલના

મુબારક શરીરને ચોંટી ગયાં. પેગંબરે ઈસ્લામની છાતી ઉપર લાગીને રડવા લાગ્યાં. પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલાહી વસલ્લમે ફરમાવ્યું: ફાતેમા રડો નહીં, બેટા શાંત રહો. અલ્લાહને યાદ કરો, બેટા હું જાંણું છું કે તમને સૌથી વધારે ગમ લાગશે, પણ સબરથી કામ લેશો, બરદાસ્ત કરશો.

ત્યાર પછી તો પેગંબરે ઈસ્લામના આંસુ ચાલુ થઈ ગયાં અને ફરમાવ્યું :

ખુદાયા! હું મારાં એહલેબયતને તને અને મોમેનીનને સોંપુ છું.

*(અલ કામિલ ફિત્તારીખ, ભાગ-૨ પેજ-૨૧૭, ૨૧૯. બેહારૂલ અનવાર જિલ્દ-૨૨ પેજ-૪૫૦, ૪૭૦. ઇરશાદે મુફીદ પેજ-૮૮ તબકાત ઇબ્ને સઅદ ભાગ-૨ પેજ-૩૯, સહી મુસ્લિમ ભાગ-૪ પેજ-૧૦૫૦)*

ઈમામ મૂસા બિન જાફર અલયહિસ્સલામ ફરમાવે છે કે પેગંબરે ઈસ્લામે પોતાની જિંદગીની છેલ્લી રાતે હઝરત અલી, ફાતેમા,હસન અને હુસૈન અલયહિસ્સલામને પોતાને ઘેર બોલાવ્યાં, ઘરનો દરવાજો બંધ કરી દીધો. પછી આ લોકો સાથે એકાંતમાં રહ્યાં. ફાતેમાને પોતાની પાસે બોલાવ્યાં. ઘણી વાર સુધી આપના કાનમાં કંઈ ફરમાવતા રહ્યા. વાત એટલી લાંબી થઈ ગઈ કે હઝરત અલી અને હસન તથા હુસૈન દરવાજા પાસે ચાલી આવ્યા. જેથી બાપ બેટી આસાનીથી વાતો કરી શકે. હઝરત અલી અલયહિસ્સલામે દરવાજો ખોલ્યો અને દરવાજામાં જ ઊભા રહી ગયા. પેગંબરે ઈસ્લામની પત્નીઓએ હઝરત અલી અલયહિસ્સલામ અને હસનૈન અલયહિસ્સલામને જોયા તો જનાબે

આયશાએ હઝરત અલી અલયહિસ્સલામને કહ્યું: પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે આ સમયે કેમ આપને ત્યાંથી બહાર કાઢી મુકયા. વળી ફાતેમા સલામુલ્લાહ અલયહાની સાથે એકાંતમાં શું વાત કરી રહ્યા છે હઝરત અલી અલહિસ્સલામે જવાબ આપ્યો : મને ખબર છે, પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ પોતાની બેટી સાથે શું વાત કરી રહ્યા છે. શા કારણે આપ એકાંતમાં ચર્ચા કરી રહ્યા છે. રસુલુલ્લાહ તમારા વાલિદ (અબુબકર) અને તેમના સાથીઓના હવે પછીના કાર્યોના વિષયમાં વાતચીત કરી રહ્યા છે. હઝરત અલી અલયહિસ્સલામની ઠપકારથી હઝરત આયશા ખામોશ થઈ ગઈ.

હઝરત અલી અલયહિસ્સલામ ફરમાવે છે કે વધારે વાર ન લાગી અને જનાબ ફાતેમાએ મને બોલાવ્યો. જ્યારે હું અંદર દાખલ થયો તો જોયું કે

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની હાલત વધુ બગડી ચૂકી છે. હું મારા આંસુઓ ઉપર કાબુ ન રાખી શક્યો. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે આંખો ખોલી ફરમાવ્યું: યા અલી! કેમ રડો છો? ફિરાકનો સમય-આપણી જુદાઇનો સમય આવી પહોંચ્યો છે. હું તમને અલ્લાહને હવાલે કરૂં છું અને મારા પરવરદિગારની તરફ કૂચ કરી રહ્યો છું. મારૂં દુ:ખ અને મારી પીડા તમારા અને મારી બેટી ફાતેમાના માટે છે. એટલા માટે કે લોકોએ તમારા હકોને પાયમાલ કરવાનો અને તમારા ઉપર ઝુલ્મો સિતમ કરવાનો ઇરાદો કરી લીધો છે. હું તમને અલ્લાહને સોંપી રહ્યો છું. ખુદાએ પણ મારી અમાનતને કબૂલ ફરમાવી છે. યા અલી! મેં કેટલાક ભેદો ફાતેમાને બતાવ્યા છે, તે તમને જણાવશે. મારા નીતિ નિયમો ઉપર અમલ કરજો.

ત્યારબાદ પેગંબરે ઇસ્લામે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને નજીક બોલાવ્યાં. એમના માથાને બોસો આપ્યો અને ફરમાવ્યું: ફાતેમાજાન, પ્યારી બેટી તારો બાપ તારી ઉપર કુરબાન થઇ જાય.

તરત જ ઝેહરાના રડવાનો અવાજ બુલંદ થયો. રસૂલુલ્લાહે ફરમાવ્યું: ગભરાઓ નહિ, ખુદા ઝાલિમો પાસેથી તમારો બદલો લેશે. કારણ કે તે તારા ગઝબનાક થવાથી ગઝબનાક થાય છે. અફસોસ થાય ઝાલિમોની ઉપર. ત્યાર પછી તો આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પણ રડવાનું શરૂ કર્યું.

હઝરત અલી અલયહિસ્સલામ ફરમાવે છે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની આંખોમાંથી અશ્રુધારા વહેતી થઇ, દાઢીના રેશ મુબારક ભીના થયા. આપ સલ્લલ્લાહો

અલયહે વઆલેહી વસલ્લમ હજી ફાતેમા સલામુલ્લાહ અલયહાથી જુદા ન થયા હતા. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના હાથમાં ફાતેમા સલામુલ્લાહ અલયહાના હાથ હતા. સર મુબારક મારા ખોળામાં છાતી પાસે હતું. હસન અને હુસૈન નાનાના બંને પગના પંજાઓને ચૂમતાં ચૂમતાં બુલંદ અવાજથી રડતા હતા. આ પરિસ્થિતિમાં મેં ફરિશ્તાઓના રડવાની અવાજ સાંભળી. ખરેખર હઝરત જિબ્રઇલે આવા દુ:ખદાયક મોકા ઉપર રસૂલુલ્લાહને એકલા ન છોડ્યા. ફાતેમા સલામુલ્લાહ અલયહા એ રીતે રડી રહ્યાં હતાં કે એમના હાલ ઉપર જમીન અને આસમાન બંને રડી રહ્યા હતાં.

છેલ્લે પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: બેટી ફાતેમા, હું તમને અલ્લાહને સોંપું છું. અલ્લાહ બેહતરીન સરપરસ્ત છે. અઝીઝે-મન મારી વહાલી

બેટી! ગિર્યા ન કરો કારણ કે તમારા રૂદને અર્શે ખુદા, ફરિશ્તાઓ અને જમીન આસમાનને રડાવ્યાં છે. ખુદાની કસમ! જ્યાં સુધી હું જન્નતમાં દાખલ ન થઇ જાઉં ત્યાં સુધી કોઇ જન્નતમાં દાખલ થઇ શકશે નહિ અને મારા પછી તમે તે પહેલી હસ્તી હશો જે ખૂબસૂરત લિબાસમાં બેહિશ્તમાં દાખલ થશો. ખુદાવંદ આલમના તરફથી આ ઇઝ્ઝત તમને મુબારક થાય. ખુદાની કસમ! બેટા તું બેહિશ્તની તમામ સ્ત્રીઓમાં સર્વશ્રેષ્ઠ છે.

ખુદાની કસમ! દોઝખ આ રીતે ફરિયાદ બુલંદ કરશે કે તેના કારણે ફરિશ્તા અને અંબિયા ઊંચા અવાજથી બોલી ઊઠશે કે જન્નત કોના માટે શણગારવામાં આવી છે? આ કોણ હસ્તી છે? તેઓને કહેવામાં આવશે, ખામોશ થઇ જાઓ, ફાતેમા બિન્તે મોહંમદ સલામુલ્લાહ અલયહા જન્નતમાં જઇ રહ્યાં છે. બેટી, ઇમામ હસન અલયહિસ્સલામ તમારી જમણી

તરફ અને ઇમામ હુસૈન અલયહિસ્સલામ તમારી ડાબી તરફ ચાલતા હશે. તે વખતે હમ્દનો પરચમ હઝરત અલી અલયહિસ્સલામના હાથમાં હશે. બેટી ખુશ થઇ જાઓ, અલ્લાહ તમારાથી ખૂબ જ રાજી છે.

ખુદાની કસમ! તે વખતે હક તમારા દુશ્મનો પાસેથી જવાબ માંગશે, તે સમયે તે દરેકથી બદલો લેવામાં આવશે, જે જે લોકોએ તમારો હક ગસ્બ કર્યો હશે(હક મારી ખાધો છે) અને તમારી મહબ્બતને છોડી હશે, તેઓ પેટ ભરીને પસ્તાવો કરશે. જેટલું હું કહીશ બેટા! તે અક્ષરશઃ સાચું ઠરશે. જ્યારે હું કહીશ કે ખુદાયા! મારી ઉમ્મતની મદદ ફરમાવ. જવાબમાં મને કહેવામાં આવશે, અય મોહંમદ! આ લોકોએ તમારા પછી તમારા ફરમાનો અને કાનૂનોમાં ફેરફાર કરી દીધો હતો. તેઓને જહન્નમની આગમાં ધકેલી દેવામાં આવશે.

(બેહારૂલ અનવાર ભાગ-૨૨ પેજ-૪૯૦)

## પ્રકરણ-૪ : જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા-રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની વફાત પછી

પેગંબરે ઇસ્લામનું સર મુબારક હઝરત અલી અલયહિસ્સલામની ઝાનુ પર હતું અને જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા, હસન અને હુસૈન અલયહેમુસ્સલામ આંસુ સાથે પેગંબરે ઇસ્લામના ચેહરા મુબારકને જોઇ રહ્યા હતા. એટલામાં ઝિક્રુલ્લાહ સાથે પેગંબરે ઇસ્લામની આંખો બંધ થઇ ગઇ. રૂહે મુબારક આલમે અબદી(હંમેશા હંમેશની જગ્યા) તરફ પરવાઝ કરી ગઇ.

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની અચાનક મોતથી હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા ઉપર ગમનો પહાડ તૂટી પડ્યો. માસૂમાએ તો પોતાની તમામ ઉમર

ગમમાં જ વિતાવી હતી. આસૂદગી અને ખુશીનું એક ખાસ કારણ પોતાના વાલિદે ગિરામીનું અસ્તિત્વ હતું. બાબાજાનની હયાતી-બસ એટલી જ ખુશી માસૂમાને હતી તે પણ ચાલી ગઇ. બાપની વફાત પછી તો ફાતેમા સલામુલ્લાહ અલયહા તદ્દન ભાંગી પડ્યાં. હજી તો આપની આંખો બાપની વફાતથી અશ્રુભીની હતી, આંસુ પણ સૂકાયાં ન હતાં, હઝરત અલી અલયહિસ્સલામ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના કફન-દફનની તૈયારીઓમાં મશ્ગૂલ હતા, અચાનક ખબર પહોંચી કે મુસલમાનોનું એક ટોળું પેગંબરના જાનશીનની નિયુક્તિ માટે “સકીફા બની સઅદહ” માં જમા થયું છે. થોડીક જ વાર પછી આ બીજી ખબર પણ આવી ગઇ કે તેઓએ હઝરત અબુબકરને જાનશીન માટે-ખલીફા તરીકે ચૂંટી કાઢ્યા છે.

ગમ, પરેશાની, રસૂલુલ્લાહના કફન-દફનની ચિંતા, ગિર્યા, આંસુ રસૂલુલ્લાહને કાગળ કલમ ન આપતાં અસહાબે સનેપાત થયાનો આક્ષેપ કર્યો તેનો ગુસ્સો વગેરે ગમો ઓછાં હતાં? તે દરમ્યાન આ ખબર આવ્યા કે મુસલમાનોએ પોતાનો ખલીફા ચૂંટી કાઢ્યો છે. આ ખબરે હઝરત ઝહેરા સલામુલ્લાહ અલયહા અને હઝરત અલી અલયહિસ્સલામના દિલો દિમાગને ધ્રુજાવી દીધાં. એમના શરીરના અવયવોના જાણે ટુકડા કરી નાખ્યા. ફાતેમા સલામુલ્લાહ અલયહા ચીખી ઉઠયા. યા અલ્લાહ! શું મારા વાલિદે ગિરામીએ અલીને પોતાના જાનશીન અને ખલીફા નિયુક્ત કર્યા ન હતા? શું દઅવતે ઝુલઅશીરાથી લઇને ગદીરે ખુમના ચોરાહા ઉપર અને વચ્ચે વચ્ચે અનેક વખત અલીના નામની જાહેરાત કરી ન હતી? “ગદીરે ખુમ”ની જાહેરાતને તો હજી થોડાક જ

મહિના થયા છે. શું એક લાખના મજમૂઆમાં મારા બાબાજાને કરેલી જાહેરાતને મુસલમાનો ભૂલી ગયા? શું મારા શોહર અલીને મારા વાલિદે એકેએક જંગમાં અલમ આપીને આ વાતને પૃષ્ટિ આપી ન હતી કે મારા પછી અલી જ મારા ખલીફા છે. શું મારા શોહરની જેહાદી કારકીર્દી અને ઇસ્લામના માટે ફિદાકારીના તોલે-મુકાબલામાં કોઇ આવી શકે છે? મારા શોહર અલીના ઇલ્મનો, તેમની તરબિયતનો, તેમની બહાદુરીનો મુકાબલો મુસલમાનોમાંથી કોઇ એક વ્યક્તિ પણ કરી શકે છે? ખુદાયા! ઇસ્લામનો શું અંજામ આવશે? ઇસ્લામને એવા રેહબરની જરૂરત છે જે ઇલ્મમાં, બહાદુરીમાં, ઇસમતે ઇલાહીમાં પૂરોપૂરો ઊતરતો હોય. કદી ભૂલભાલ કે ગુનાહોમાં ફસાયો ન હોય. યા અલ્લાહ! યા અલ્લાહ! મુસલમાનો ઘણાં જ ખતરનાક અને ગલત રસ્તા ઉપર ચાલી પડ્યા છે. ફાતેમા સલામુલ્લાહ અલયહા

બોલતાં જતાં હતાં, રડતા જતાં હતાં, ખુદાને ફરિયાદ કરતા જતાં હતાં.

ખુદાયા! મારા વાલિદે ઇસ્લામ ખાતર કેટલી મુસીબતો ઊઠાવી? મારા પતિએ કેટલી ફિદાકારી અને કુરબાની આપી છે? મેદાને જંગમાં સખતમાં સખત ખતરનાક હાલતમાં પોતાની જાનને ખતરામાં નાખીને લડ્યા છે. હું એમના ઝખ્મી શરીર અને લોહીવાળા લિબાસથી વાકેફ છું. હું તેની સફાઇ કરનારી છું, હું ઝખ્મોને પાટાપિંડી કરનારી છું.

યા અલ્લાહ! અમે કેટલી મુસીબતો જોઇ છે, કેટલી મુસીબતો ઉઠાવી છે, ફાકા કર્યા છે, વતનથી બેવતન થયાં છીએ. આ બધું જ તૌહીદ અને ખુદાની ઇબાદતોની સ્થાપના માટે હતું, મઝલૂમોના હકોના રક્ષણ માટે હતું, ઝુલ્મો સિતમ વિરૂદ્ધ જંગ માટે હતું. શું મુસલમાનોને આ ઇલ્મ નથી કે અલી અલયહિસ્સલામ મુસલમાનોના ખલીફા બની જાય

તો તેઓ પોતાની માસૂમિયત દ્વારા મારા વાલિદથી પહોંચેલા ઇલ્મના ઝરીએ મુસલમાનોના સમાજની બેહતરીન ઇસ્લાહ કરી શકત, બેહતરીન રેહબરી કરી શકત. ઉપરોક્ત અને આ સિવાયના પણ ઘણાં કારણો હતાં જે જનાબે ઝહેરા સલામુલ્લાહ અલયહાના દિલો-દિમાગ ઉપર વજન નાખતાં હતાં. આ બહાદુર અને સાબિર ખાતૂનની સબર અને તહમ્મુલની શક્તિને ખતમ કરતાં હતાં.

# પ્રકરણ-પ : હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાનો ત્રણ માસ સુધીનો જીવન સંઘર્ષ

જો આપણે “સકીફા બની સઅદહ”ના વિષયમાં તેના બધા જ પાસાંઓની ચર્ચા કરીએ અને હઝરત અબુબકરની વિસ્તૃત દાસ્તાન રજૂ કરવા જઇએ તો કિતાબ ઘણી મોટી થઇ જાય, એ આપણો વિષય પણ નથી. આપણે તો જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાના જીવનનો અભ્યાસ કરી રહ્યા છીએ.

પેગંબરે ઇસ્લામનો ઇન્તિકાલ થઇ ચૂક્યો હતો, હઝરત અલી અલયહિસ્સલામ અને ફાતેમા સલામુલ્લાહ અલયહા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના કફન-દફનથી ફારિગ થયાં પછી એક એવા અમલનો સામનો કરવો પડ્યો જે અમલ મુકમ્મિલ થઇ ચૂક્યો હતો. આ લોકોએ જોયું કે

અબુબકર ખિલાફત પર સ્થાપિત થઇ ચૂક્યા હતા, વળી મુસલમાનોના એક ટોળાએ તેમની બયઅત કરી લીધી હતી.

આ જગ્યાએ પોતાનો હક મેળવવા હઝરત અલી અલયહિસ્સલામ જુદા જુદા રસ્તાઓમાંથી કોઇપણ એક રસ્તાનો ઇન્તિખાબ કરી શકતા હતા.

<u>**પ્રથમ :**</u> ખૂબ સખત કદમ ઉઠાવે, હુકુમતના વિરૂધ્ધ લડાઇ શરૂ કરી દે, લોકોને પણ આ બાબત પોતાની મદદ માટે તૈયાર કરે.

<u>**બીજો :**</u> હવે જ્યારે જાણી લીધું કે પરિસ્થિતિ બદલાઇ ચૂકી છે, ખિલાફત હાથથી નીકળી ચૂકી છે, જેથી પોતાના ફાયદા માટે અને ભવિષ્યના પોતાના હકના રક્ષણ માટે ખલીફએ અવ્વલની બયઅત કરી લે. આ પરિસ્થિતિમાં તેમનો ઝાતી ફાયદો પણ સલામત રહેશે, વળી હાકિમોની દૃષ્ટિમાં ઇઝ્ઝતને કાબિલ પણ રહેશે.

પરંતુ હઝરત અલી અલયહિસ્સલામના માટે આ બંનેમાંથી કોઇ એક રસ્તો પણ અપનાવવો શક્ય ન હતું. કારણ કે જો આપ ખુલ્લમ ખુલ્લા હુકુમતથી ટક્કર લેત તો આ કદમનું પરિણામ ઇસ્લામના નૂકસાનના રૂપે જાહેર થાત અને ઇસ્લામના દુશ્મનો જે મોકાની તલાશમાં હતા તેનો ફાયદો ઊઠાવી લેત. હજી ઉભરતો ઇસ્લામ યુવાન જ થયો હતો, ત્યાં તેના મૂળિયા ઊખડી જતાં. આ જ કારણથી હઝરત અલી અલયહિસ્સલામે ઇસ્લામના ઉચ્ચોચ્ચ ફાયદાને મહત્વ આપ્યું અને લડાઇ લડવા જેવા કદમને ન સ્વીકાર્યો.

બીજા રસ્તાને પણ આપે મુનાસિબ ન સમજ્યો. કારણ કે આપ પોતે મિનજાનિબિલ્લાહ-અલ્લાહના નિયુક્ત કરેલા જાનશીન હતા. જેથી કોઇથી આપની બયઅત લેવાનો તો પ્રશ્ન જ નથી. છતાંય જો આપ શરૂથી જ ખલીફએ અવ્વલનો વિરોધ ન કરત

અને તેમને ખલીફા તરીકે સ્વીકારી લેત તો એના ઘણાં જ ખરાબ પરિણામો આવી શકતાં હતાં.

આપ જાણતા હતા કે ખલીફાને ખલીફા તરીકે સ્વીકારી લેવામાં ખલીફા અને તેમના માણસોને સમર્થન આપ્યું ગણાશે. પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ખિલાફતનો ધ્યેય હંમેશ માટે પોતાના સાચા સ્થાનેથી હટી જશે, વળી પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની પોતાની અને આપના ખાનદાનની તથા નેકદીલ સહાબાની બધી જ મેહનતો ઉપર પાણી ફરી વળશે. તમામ મેહનતો બરબાદ થઇ જશે. ગંભીર બાબત આ પણ હતી કે હાકિમ ટોળી તરફથી જે કંઇ કાર્યો, અમલો, હુકમો આપવામાં આવશે તે બધા જ પેગંબરે ઇસ્લામના દીનના ખાતામાં નાખી દેવામાં આવશે. જો કે આ હાકિમ ટોળી માસૂમ ન હતી. અબુબકર પણ માસૂમ ન હતા જેથી શરીઅતના ખિલાફ અમલ

આચરવું એમના માટે શક્ય છે. જેથી હઝરત અલી અલયહિસ્સલામે આ બીજો કદમ પણ ન સ્વીકાર્યો કે ખલીફાને ખલીફા તરીકે માન્યતા આપી દે.

<u>ત્રીજો રસ્તો :</u> જ્યારે આપે પ્રથમ અને બીજો રસ્તો ઇખ્તયાર કરવાનું યોગ્ય ન માન્યું તો પછી એક દરમ્યાની-વચલો રસ્તો ઇખ્તયાર કરવા સિવાય છૂટકો જ ન હતો. માટે હઝરત અલી ઇબ્ને અબી તાલિબ અલયહિસ્સલામ અને જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાએ એક બુદ્ધિપૂર્વકનો સંઘર્ષમય રસ્તો અપનાવ્યો. જે રસ્તો ઇસ્લામને ખતરો અને બરબાદી બંનેથી બચાવે. ભલે પછી આ બુઝુર્ગોના સંઘર્ષનું પરિણામ દૂરના ભવિષ્યમાં કેમ જાહેર ન થાય. હઝરત અલી અલયહિસ્સલામ અને જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના આ સંઘર્ષની થોડીક મંઝિલોનો આપણે ક્રમવાર અભ્યાસ કરીએ.

## પ્રકરણ-૬ : પ્રથમ મંઝિલ

## લોકોને આમંત્રણ આપવું

હઝરત અલી અલયહિસ્સલામ અને જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા હસન અને હુસૈનના હાથ પકડતાં, પછી રાતના સમયે મદીનાના ઘરડા લોકો તથા મશહૂર અને નામી લોકોને ઘેર જતાં, તે લોકોને પોતાને મદદ કરવાનું સમજાવતાં, હક અને બાતિલનો તફાવત સમજાવતાં, તેઓ પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની વસીય્યતો અને સિફારિશો વગેરે વિશે સમજાવતા, યાદ દેવડાવતાં.

(અલ ઇમામત વસ્સિયાસત ભાગ-૧ પેજ-૧૨)

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા ફરમાવતાં : અય લોકો! શું મારા વાલિદે ગિરામીએ અલીને ખિલાફત માટે નક્કી કર્યા ન હતાં? શું તમે લોકો અલીની વફાદારી અને કુરબાનીને ભૂલી ગયા

છો? મારા વાલિદે ગિરામીના હુકમોનો વિરોધ ન કરો. અલીને ખિલાફત માટે નક્કી કરી દો. અલી મારા વાલિદે ગિરામીના મકસદોને અમલી રૂપ આપશે. ખૂબી સાથે, શ્રેષ્ઠ તરીકાથી તમારી આગેવાની કરશે.

અય લોકો! શું મારા પિદરે ગિરામીએ તમને એમ ફરમાવ્યું ન હતું કે હું હવે આ દુનિયાથી રૂખ્સત થઇ રહ્યો છું પરંતુ તમારી દરમ્યાન બે સર્વશ્રેષ્ઠ ચીજો છોડીને જઇ રહ્યો છું. જો એમને પકડી રાખશો તો કદીપણ ગુમરાહ ન થશો. એક અલ્લાહની કિતાબ અને બીજી મારી એહલેબયત. અય લોકો! શું આ યોગ્ય છે કે અમને એકલા છોડી દો અને અમારી મદદથી હાથ ખેંચી લો.

હઝરત અલી અલયહિસ્સલામ અને હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા જુદા જુદા તરીકાથી, જુદી જુદી પદ્ધતિથી મુસલમાનોને પોતાની મદદ કરવા માટે સમજાવતાં, હક કઇ તરફ છે તેનું વર્ણન

કરતાં. શાયદ તેઓ પોતાના કરતૂત ઉપર પસ્તાવો કરે અને ખિલાફતને તેના અસલી મરકઝ તરફ પાછી વાળે.

આ રીતે આ ચારે માસૂમ દરરોજ નીકળતાં, ઠોકરો ખાતાં ખાતાં પણ ઇસ્લામનું મરકઝ ક્યાં છે તે સમજાવતાં. ઘણાં થોડા લોકો તેમની તબ્લીગથી આકર્ષાયા અને એમની મદદ કરવાનો વાયદો કર્યો. પરંતુ તેમનામાંથી પણ ઘણાં થોડા લોકોને બાદ કરતાં મોટા ભાગના લોકોએ પોતાનો વાયદો પૂર્ણ ન કર્યો. હુકુમતનો વિરોધ કરવાની હિંમત ન કરી.

હઝરત અલી અલયહિસ્સલામ અને જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા કોઇપણ જાતના શોરગુલ વગર, કોઇપણ વિરોધી દેખાવો, રેલીઓ વગેરે વગર ખલીફા સાથે પોતાનો વિરોધ જાહેર કરતાં રહ્યાં. આ ચારે માસૂમોની આ ખામોશીભરી તબ્લીગથી મિલ્લતે ઇસ્લામી સારી રીતે જાગૃત થઇ ગઇ. આ રીતે

મુસલમાનોનું એક ટોળું બાતિની રીતે, દીલથી-જબાનથી તેમનો હમઅકીદા બની ગયું. આ માસૂમોનું ચાહક વર્તુળ ભલે વધારે કંઇ કરી ન શક્યું, કોઇ પરિણામ કે અંજામ સુધી પહોંચી ન શક્યું પરંતુ હક અને નાહકનો ફરક સમજી ગયું. બાતિની રીતે એહલેબયતનું ચાહક બની ગયું.

જે જે લોકોને આ માસૂમો રાતે મળતાં, દિવસે તે તે લોકો ઉપર હુકુમતની તવાઇ નાઝિલ થતી. ધાકધમકીઓથી કામ થતું. જો આ લોકોને સાથ આપ્યો તો તમારી ખેર નથી. આ રીતે સામ, દામ, દંડ અને ભેદની [સામ એટલે સમજાવીને, દામ એટલે લાલચ-નાણાં આપીને, દંડ એટલે દાદાગીરીથી ફટકારીને અને ભેદ એટલે છૂપી રીતે મારી નંખાવીને.] નીતિ હુકુમતે ઈખ્તિયાર કરી હતી.

## નકારાત્મક વલણ દ્વારા સંઘર્ષ

હઝરત અલી અલયહિસ્સલામે ફેંસલો કર્યો કે તેઓ હઝરત અબુબકરની બયઅત કરશે નહિ. આ રીતે તેઓ હુકુમત સાથે મુખાલેફત હોવાની જાહેરાત કરશે. જેથી અમલી રૂપે દુનિયાના લોકો જાણી જાય કે પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના સગાંઓ અને ઘરવાળાંઓ હઝરત અબુબકરની હુકુમતથી નારાજ છે. તો લોકોને ખબર પડશે કે આ ખિલાફતનો પાયો ઇસ્લામના સિદ્ધાંતો ઉપર આધારિત નથી. હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાએ પણ હઝરત અલી અલયહિસ્સલામના વિચારને અનુમોદન આપ્યું. તેમણે ફેંસલો કર્યો કે પોતાના પતિને જે કંઇ મુશ્કેલીઓ પેશ આવશે તેમાં તેમનું રક્ષણ કરીશું,

અમલીરૂપે પણ લોકોને બતાવી આપીશું કે હું દુખ્તરે રસૂલ, આ ખિલાફતથી રાજી નથી.

આ વાત નક્કી કરી જનાબ અલી અલયહિસ્સલામ ઘરમાં બેસી ગયા. કુરઆન એકત્ર કરવામાં મશ્ગુલ થઇ ગયા. આ રીતે એક પ્રકારનો અસહકાર દાખવી હુકુમત સાથેના સંઘર્ષને અમલી રૂપ આપ્યું. થોડાક દિવસ આ રીતે પસાર થયા, એક દિવસ ઉમર ઇબ્ને ખત્તાબે ખલીફાને કહ્યું: અય અબુબકર! અલી અને તેમના સાથીઓ સિવાય તમામ લોકોએ તમારી બયઅત કરી લીધી છે પરંતુ તમારી હુકુમતની સ્થિરતા અને મજબૂતી હઝરત અલીની બયઅત વગર શક્ય નથી. તમે એમને બોલાવો અને બયઅત કરવા પર મજબૂર કરો. ખલીફાએ તેમના આ મશ્વિરાને પસંદ કર્યો. પોતાના ગુલામ કુન્કુઝને કહ્યું: અલીની પાસે જાઓ, કહો કે

રસૂલના ખલીફા તમને બયઅત માટે મસ્જિદમાં બોલાવે છે.

કુન્ફુઝે અનેક વખત હઝરત અલી અલયહિસ્સલામની પાસે જઇને આ સંદેશો કહ્યો પરંતુ હઝરત અલી અલયહિસ્સલામે બયઅત લેવાથી ઇન્કાર કર્યો.

ઉમર બિન ખત્તાબ ખૂબ જ ગુસ્સામાં આવી ગયા. ખાલિદ બિન વલીદ, કન્ફુઝ અને બીજા કેટલાક લોકોની સાથે હઝરત ઝેહરા સલામુલ્લાહ અલયહાના ઘર તરફ રવાના થયા. દરવાજો ખટખટાવ્યો અને કહ્યું: અય અલી! દરવાજો ખોલો. ફાતેમા સલામુલ્લાહ અલયહા બીમાર હતાં, માથા ઉપર કપડાની પટ્ટી બાંધેલી હાલતમાં દરવાજા પાસે આવી ફરમાવ્યું: અય ઉમર! અમારાથી તમને શું મતલબ છે. તમે અમને અમારી હાલત ઉપર કેમ નથી છોડી દેતા? ઉમરે કંઇપણ સાંભળવાનો

ઇન્કાર કરી બરાડીને કહ્યું: દરવાજો ખોલો નહીં તો ઘરને આગ લગાવી દઇશ. (જુઓ શરહ ઇબ્ને અબિલ હદીદ ભાગ-૨ પેજ-૧૫૬, અન્સાબુલ અશરાફ ભાગ-૧ પેજ-૫૮૬, ઇકદુલ ફરીદ ભાગ-૫, પેજ-૫, અલફારૂક પેજ-૯૯)

*[નોંધ : અલફારૂક તે કિતાબ છે જે શિબ્લી નોઅમાનીએ હઝરત ઉમર બિન ખત્તાબની તારીફમાં લખી છે. આપ લખે છે કે,*

હઝરત અબુબકરની બયઅત સંપન્ન થઇ ગઇ. ફકત હઝરત અલી અલયહિસ્સલામ અને કેટલાક બનુહાશિમે બયઅત ન લીધી. બની હાશિમ અલી સિવાય કોઇની સામે માથું નમાવે એમ ન હતું. છેવટે ઉમર બિન ખત્તાબે ૫૦ યોદ્ધાઓને સાથે પણ લઇ ગયા અને હઝરત અલીએ પોતાના ઘરનો દરવાજો ન ખોલતાં દરવાજો સળગાવીને તોડી નાખ્યો. મૌલાના આગળ લખે છે કે હકીકત આ છે

કે આ એક નાજુક સમય હતો. હઝરત ઉમરની તુંડમિઝાજી અને ગુસ્સો જોતાં આ વાત શક્ય છે. તેઓ બીજું કરી પણ શું શકતા હતા? આપે ગુસ્સામાં કેટલીક ભૂલો કરી છે. કારણ કે આપ ખૂબ જ ગુસ્સાવાળા હતા. બીજી ઘણી બધી આ પ્રકારની કબૂલાત છે. (અલ ફારૂક ભાગ-૧ પેજ-૯૯)]

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ ફરમાવ્યું: અય ઉમર! શું તમને ખોફે ખુદા નથી? વગર મંજૂરીએ મારા ઘરમાં દાખલ થવા માંગો છો? ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની ઘણી કોશિશ છતાં ઉમર પોતાના ઇરાદાથી ન રોકાયા. જ્યારે તેમણે જોયું કે ફાતેમા સલામુલ્લાહ અલયહા દરવાજો નથી ખોલતાં તો એમણે કહ્યું કે લાકડીઓ લાવો જેથી ઘરના દરવાજાને આગ લગાવી દઉં.

(અસબાબુલ વસીય્યા પેજ-૧૧૦, બેહારૂલ અનવાર ભાગ-૪ પેજ-૧૯૭,

અલ ઇમામત વસ્સિયાસત ભાગ-૧ પેજ-૧૨)

છેવટે દરવાજાને આગ લાગી, દરવાજો તૂટી પડ્યો. ઉમરે ઘરમાં દાખલ થવા ઇચ્છ્યું. ઉમરને ઘરમાં જતાં રોકવા માટે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા મર્દની જેમ સામે આવી ગયાં. ઉમરનો રસ્તો રોકી દીધો.

[શીયા અને સુન્ની બંનેની કિતાબો તથા ઇતિહાસોમાં આ ઘટના નોંધાયેલી છે. આ બાબત બંનેનો ઇત્તેફાક છે કે ખલીફાએ અવ્વલના માણસોએ જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાના ઘર ઉપર હુમલો કર્યો, ઉમરે લાકડીઓ મંગાવી, ઘરને આગ લગાવવાની ધમકી આપી. અહીં સુધી કે ઉમર ઇબ્ને ખત્તાબને કહેવામાં આવ્યું કે ઘરમાં તો ફાતેમા બિન્તે મોહંમદ છે. જવાબમાં કહ્યું કે જો તેઓ બયઅત નહીં લે તો ઘરને આગ ચાંપી દઇશ, ભલે પછી ફાતેમા કેમ ન હોય.

**કિતાબો** : અબુલ ફિદાઅ, ઇબ્ને અબિલ હદીદ તથા ઇબ્ને કુતયબાએ અલ ઇમામત વસ્સિયાસતમાં, બેલાઝરીએ અન્સાબુલ અશરાફમાં, અહમદ બિન મોહંમદે ઇકદુલ ફરીદમાં યાકૂબ તથા અન્ય લોકોએ પણ આ હુમલાની વાત લખી છે.]

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ દરવાજામાં આવી બુલંદ અવાજથી રડવાનું શરૂ કરી દીધું. કદાચ લોકો ગફલતની ઊંઘમાંથી જાગૃત થઇ જાય અને હઝરત અલી અલયહિસ્સલામનો બચાવ કરે. હુમલો કરનારા લોકો ઉપર જનાબે ફાતેમાના રડવાનો કોઇ અસર ન થયો, ઉલટાનો આ લોકોએ તલવારના હાથા વડે માસૂમાને મારવાનું શરૂ કર્યું. ચાબુકો મારી મારીને આપના હાથોને કાળા કરી દીધા, સોળ ઉપસી આવ્યા, જેથી આપ બચાવ ન કરે, હટી જાય. આપને ઘણી ચોટ આવી, ઝખમ થયા અને આપ પડી ગયાં.

છેવટે આ લોકોએ ઘરમાં દાખલ થઇ હઝરત અલી અલયહિસ્સલામને ગિરફતાર કરી લીધા. હઝરત ઝેહરા સલામુલ્લાહ અલયહા જાણતાં હતાં કે અલી કદીપણ અબુબકરથી બયઅત કરવાના નથી અને આ લોકો બયઅત ન લેવાની પરિસ્થિતિમાં આપને મારી નાખશે. જાનનો ખતરો દેખાતા ઝખ્મી હાલતમાં ઊભાં થઇ હઝરત અલીનો દામન મજબૂતીથી પકડી રાખ્યો અને કહ્યું: હું મારા શોહરને કદી નહીં લઇ જવા દઉં. આપ દરવાજા અને દિવાલની વચ્ચે ભીંસાઇ ગયાં, આપના શિકમમાંથી હમલ સાકિત થઇ ગયો.

જ્યારે કન્કૂઝે જોયું કે ફાતેમા કદીપણ અલીને છોડશે નહિ તો આપના નાજુક હાથો પર કોરડા માર્યા-ચાબુકો મારી હાથોને ઝખ્મી કરી દીધા. આપથી અલીનો દામન છૂટી ગયો, આપના હાથો ઉપર વરમ આવી ગયો, જ્યારે જનાબે ઝેહરાને

ભાન આવ્યું તો આપે જોયું કે આ લોકો અલીને મસ્જિદ તરફ લઇ ગયા છે. હવે ફાતેમા સલામુલ્લાહ અલયહા કેવી રીતે રોકાય. આ લોકો અલીને મારી નાખશે, તેમને બચાવવા જોઇએ. ઝખ્મી હાથો, તૂટેલી પાંસળી, ફાટેલા કપડાં, માસૂમા મસ્જિદ તરફ રવાના થયાં. ત્યાં જઇને જોયું તો આ લોકોએ હઝરત અલી અલયહિસ્સલામને ઘેરો ઘાલ્યો છે. આપે લોકોની તરફ મો ફેરવ્યું. ફરમાવ્યુંઃ મારા શોહરને છોડી દો નહીં તો હું મારૂં માથુ ખુલ્લુ કરી નબી સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનું પેરાહન માથા ઉપર મૂકી દરબારે ઇલાહીમાં ફરિયાદ કરીશ, બદદુઆ કરીશ. પછી ખલીફાની તરફ મોં કરીને ફરમાવ્યુંઃ શું મારા શોહરને કતલ કરી મારા બાળકોને યતીમ કરવાનો ઇરાદો છે? જો તમે તેઓને છૂટા ન કર્યા તો બાલ પરેશાન કરીને પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની

કબર ઉપર પહોંચી બારગાહે ખુદાવંદીમાં ફરિયાદ કરીશ. આમ કહીને હસન અને હુસૈન બંનેના હાથ પકડ્યા. પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની કબર તરફ રવાના થયાં કે આ લોકો માટે બદદુઆ કરે કે અલ્લાહ પોતાના અઝાબ દ્વારા ઝાલિમોથી બદલો લે.

હઝરત અલી અલયહિસ્સલામે જોયું કે ઘણી જ ખતરનાક પરિસ્થિતિનું સર્જન થઇ ચૂક્યું છે. હઝરત ફાતેમા કોઇપણ પરિસ્થિતિમાં પોતાના ઇરાદાથી પાછાં નહીં ફરે, તો સલમાન ફારસી રઝિયલ્લાહો તઆલા અન્હોને ફરમાવ્યું: દુખ્તરે પેગંબરની પાસે જાઓ અને તેમને બદદુઆ કરવાની મનાઇ કરો.

તરત જ દોડતા પગે હઝરત સલમાન ફારસી રઝિયલ્લાહો તઆલા અન્હો રવાના થયા. હઝરત ઝેહરા સલામુલ્લાહ અલયહાની પાસે

પહોંચી ગયા. વિનંતી કરી, અય દુખ્તરે રસૂલ! આપના વાલિદ વિશ્વના માટે રહમત હતા. આપ આ લોકો ઉપર બદદુઆ ન કરો. ફરમાવ્યું: અય સલમાન! મને જવા દો, હું ઝાલિમોથી મારો હક લઇશ. સલમાને વિનંતી કરી. અય દુખ્તરે પેગંબર! મને તો હઝરત અલી અલયહિસ્સલામે આપની સેવામાં મોકલ્યો છે અને ફરમાવ્યું છે કે આપ આપના ઘેર પાછા ફરો. જ્યારે હઝરત ફાતેમાને ખબર પડી કે પાછા ફરવાનો હુકમ અલીનો છે તો ફરમાવ્યું: કારણ કે મારા પતિનો હુકમ છે, પાછી ફરૂં છું, સબર કરતી રહીશ. એક રિવાયતમાં છે કે ફાતેમા હઝરત અલી અલયહિસ્સલામ પાસે ગયાં. આ લોકોના ટોળાં વચ્ચે હઝરત ઊભા હતા. ફાતેમા સલામુલ્લાહ અલયહાએ હઝરત અલી અલયહિસ્સલામનો હાથ પકડ્યો અને ઘેર લઇ

આવ્યાં. કોઇએ પણ અલી અલયહિસ્સલામને રોકી રાખવાની કોશિશ કરી નહિ.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાનો આ સંઘર્ષ- ઝાલિમોની સાથે જેહાદની મુદ્દત ઘણી જ થોડી છે. પરંતુ તેની વ્યાપક અસરો સાથે તે ઘણી જ કાબિલે તવજ્જોહ છે.

(૧) હઝરત ઝેહરા સલામુલ્લાહ અલયહાએ જ્યારે જોયું કે આ લોકોએ હઝરત અલી અલયહિસ્સલામને ગિરફતારી માટે ઘરનો ઘેરાવ કર્યો છે તો આપે હઝરતને ખબર ન આપી. ઘરના ઘણાં જ ઊંડાણમાં કે ભોંયતળિયે હઝરત અલી અને બની હાશિમના બે ત્રણ યુવાનો હતા. જેથી હઝરત અલી અલયહિસ્સલામને તો ઘણી જ મોડી ખબર પડી, જ્યારે માસૂમા ઝખ્મી થઇ ચૂક્યાં હતાં. શોરગુલ એકદમ વધી ચૂક્યો હતો. અરબમાં તે સમયે એવા આડા આવળા ઓરડાવાળાં માટીના મકાનો

બનાવવામાં આવતાં કે ત્રીજા ચોથા ઓરડામાં બેઠેલી વ્યક્તિને કોઇ રૂમમાં ખૂન થઇ જાય તો પણ જલ્દી અવાજ ન પહોંચે. ઘરોની પદ્ધતિ એવી હતી કે વ્યક્તિને જલ્દી ખબર પણ ન પડે કે અવાજ ક્યા ઓરડામાંથી આવે છે. ગરમી પણ ઓછી લાગે.

(મારા વહાબીયતના જમાનામાં હું તબ્લીગમાં યુ.પી. માં ફર્યો છું. મેં તબ્લીગી જમાતમાં આગેવાની ભર્યો ભાગ લીધો છે. ત્યારે અમે યુ.પી. જલાલાબાદ, મુરાદાબાદ, થાનાભૂવન વગેરે ઇલાકાના ગામડામાં આવા ઘરો જોયાં હતાં.)

(૨) જ્યારે ઝાલિમોએ દરવાજો તોડી નાખ્યો તો પણ માસૂમા ત્યાંથી ખસ્યાં નહિ. ઝાલિમોને અંદર ન જવા દીધા, રસ્તો રોકી લીધો. યુદ્ધના કાળઝાળ મેદાનમાં પોતાને બરકરાર રાખી દુશ્મનોના રસ્તામાં આડખીલી રૂપ બની ગયાં. એટલી શક્તિ બતાવી કે તલવારથી આપના પહેલુ ઊપર ચોટ

આવી. ચાબુકો મારી મારીને આપના હાથોને સોજા લાવી દીધા.

(૩) જ્યારે અલી અલયહિસ્સલામને ગિરફતાર કરી લીધા અને તેમને ખલીફા પાસે લઇ જવાનું ઇચ્છયું તો એક વખત ફરીવાર માસૂમા મેદાનમાં આવી ગયાં. હઝરત અલી અલયહિસ્સલામના દામનને થામી લીધો. ત્યાંથી લઇ જવામાં આપ રૂકાવટ બની ગયાં. જ્યારે અબુબકરના ગુલામ કન્ફૂઝે આપના હાથો ઉપર વારંવાર ચાબુકો મારીને તેને ઝખ્મી ન કર્યા, આપે ન છોડ્યો. આપના બંને હાથો ઉપર કાળાં ઢીમ શોળ ઉપસી આવ્યાં.

(૪) સ્વયંને છેલ્લા મોરચાની લડાઇમાં પણ લઇ આવ્યાં, દરવાજાની ઉપર આવી ગયાં, એટલા માટે કે કદાચ પોતે પોતાની બધી જ તાકાત ખર્ચીને અલી અલયહિસ્સલામને લઇ જતાં રોકી શકે. માસૂમા આ જગ્યાએ એટલા સાબિતકદમ રહ્યાં અને

એટલી તાકાત બતાવી કે પોતે દીવાલ અને દરવાજા વચ્ચે ભીંસાઇ ગયાં. આપનો પહેલૂ તૂટી ગયો. તેના પરિણામરૂપે ગર્ભપાત થઇ ગયો. “જનાબે મોહસિન” આપના પેટમાં હતા.

લડાઇ આ મંઝિલ પછી થોડી વાર રોકાઇ, ફરી તૈયાર થયાં. મજમૂઆમાં પહોંચી ગયાં જ્યાં જનાબ અલી અલયહિસ્સલામને બાંધીને લઇ જવામાં આવ્યાં હતા. અલી અલયહિસ્સલામના રક્ષણ માટે આપ અહીં આવ્યા. હવે તો આપમાં આ ઝાલિમોને રોકવાની શક્તિ જ ક્યાં હતી. શરીરમાં કેટલાય ઘા હતા. બસ એક જ હથિયાર હતું, આપે ગિર્યા-રડવાનું શરૂ કર્યું, આહોઝારી ચાલુ કરી. જ્યારે અલી અલયહિસ્સલામના છુટકારાના બધા જ તરીકા વ્યર્થ સાબિત થયા ત્યારે પાકો ઇરાદો કરી લીધો કે આ લોકો માટે બદદુઆ કરે. પરંતુ હઝરત અલી અલયહિસ્સલામનો સંદેશો મળતાં ઇતાઅત

કરી અને રોકાઇ ગયા. પાછા ફરી મજમૂઆમાં આવ્યાં. જોયું તો હઝરત અલી અલયહિસ્સલામ છૂટા ઊભેલા છે. ચારે બાજુ લોકોનું ટોળું છે. આપ ત્યાં આવ્યા ત્યારે ઝાલિમો હક્કા બક્કા થઇ ગયા હતા. શું કરવું તે સમજાતું ન હતું. જનાબે અલી અલયહિસ્સલામે તો બયઅત ન લીધી. જનાબે ફાતેમા ટોળામાં ગયાં. હઝરત અલી અલયહિસ્સલામનો હાથ પકડીને બહાર કાઢી ઘર તરફ ચાલતાં થયાં. સાથે બીજા બે માસૂમના હાથ થામીને બંને ચાલતાં હતાં. હસન અને હુસૈન બાળકો હતાં. આ જનાબે ફાતેમાની જેહાદ છે. વિચારો, વિચારો.

(૫) જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની આ જેહાદે ઇન્સાનિયતને જાગૃત કરી દીધી. વિશ્વના ખૂણે ખૂણે આ વાત થોડાક મહિનાઓમાં પહોંચી ગઇ. તે વખતે આપણા જમાના જેવા પ્રચાર

માધ્યમો ન હતાં. વાતો અને ખબરો તો વિશ્વના ખૂણે મોડી વહેલી પહોંચતી જ હતી. હુકુમતની સામે માસૂમાની જેહાદ આલમે ઇસ્લામને જાગૃત કરવા માટે પૂરતી હતી.

મુસ્લિમ વિશ્વ જાણી ચૂક્યું હતું કે હકની હુકુમતનો અનાદર અને ઉપેક્ષા કરવા માટે લોકો શું શું કરી શકે છે. હાકેમો પોતાના નબીની બેટીના પેહલૂને ઝખ્મી કરી શકે છે. તેમના હાથોને ઝખ્મી કરી શકે. નબીની બેટીના ઘરને સળગાવી શકે છે. ફરઝંદે રસૂલને (નવાસા મોહસિન) માના પેટમાં કતલ કરી શકે છે. દુનિયામાં બેદારી આવી ગઇ. [રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ હંમેશા ઇમામ હસન અલયહિસ્સલામ અને ઇમામ હુસૈન અલયહિસ્સલામને પોતાના ફરઝંદો કહેતા હતા. જેથી જનાબે ફાતેમાના રહમમાં જે ગર્ભ સાકિત થયો તેનું નામ મોહસિન રાખ્યું હતું.]

અલબત્ત જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહા નબુવ્વત અને વિલાયતના ઘરથી તરબિયત યાફતા હતાં. આ બે ઘેરથી બહાદુરી અને ફિદાકારીનો દર્સ પામ્યાં હતાં. આપ પહેલુ તૂટી જવાથી અને હાથો ઝખ્મી થવાથી ન ગભરાયાં બલકે પોતાના મકસદમાં અને હકની હિફાઝતમાં હુકુમત સાથે ટકરાવવાથી પણ હિંમત હાર્યાં નહિ.

(બેહારૂલ અનવાર ભાગ-૪૩ પેજ-૪૭, ૧૯૭, ૧૯૮, રોઝએ કાફી પેજ-૧૯૯,

શરહ ઇબ્ને અબિલ હદીદ ભાગ-૧૬ પેજ-૨૧૦)

## એક સુક્ષ્મ વાત : વિચારો, ખુબ જ વિચારો

હઝરત ખદીજાના બહેન હાલાની પુત્રીઓ ઝયનબ અને રૂકય્યા જે રસૂલના ઘરમાં મોટી થઇ. આ રીતે રૂકય્યા અને ઝયનબ બંને રસૂલુલ્લાહની

પાલક પુત્રીઓ છે. હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની બહેન અને બનેવી બંને ગુજરી જવાથી આ પુત્રીઓ જનાબ ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાએ પોતાની પરવરિશમાં લીધી હતી. અરબના રિવાજ મુજબ પાલક પુત્રીઓને પણ પુત્રી જ કહેવામાં આવતી હોવાથી ઝયનબ અને રૂકય્યા રસૂલની બેટીઓ ગણાય છે.

ઇબ્ને અબિલ હદીદ શરહ નહજુલ બલાગામાં લખે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની પાલક પુત્રી ઝયનબ મક્કાથી મદીના આવી રહી હતી તો રસ્તામાં એમને દુશ્મનોનો સામનો કરવો પડ્યો. "હિબાર બિન અસવદે" એમના ઊંટના હોદઝ ઉપર હુમલો કર્યો અને ભાલા વડે એને ધમકાવી. તેના આમ કરવાથી ઝયનબનું જનીન(પેટનું બચ્ચું) સાકિત થઇ ગયું, ગર્ભપાત થઇ ગયો. આ બાબતથી

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ખૂબ જ ગુસ્સે થયા. ફતહે મક્કાના દિવસે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે "હિબાર"ના ખૂનને મુબાહ કરાર દીધું. જાઇઝ ઠેરવ્યું પછી ઇબ્ને અબિલ હદીદ આગળ લખે છે કે મેં નકીબ ઇબ્ને જઅફરની સમક્ષ આ દાસ્તાન વર્ણવી તો તેમણે કહ્યું: રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના "હિબાર"ના ખૂનને હલાલ કરાર દેવાથી માલૂમ પડે છે કે જો આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ હયાત હોત તો તે વ્યક્તિના ખૂનને પણ હલાલ કરાર દેત જેણે ફાતેમા સલામુલ્લાહ અલયહાને ધમકાવ્યાં, માર્યાં, ઝખ્મી કર્યાં, હાથ ઉપર ચાબુકો લગાવી અને આપનો હમલ સાકિત થઇ ગયો. "મોહસિન" નામ રાખ્યું હતું તે બાળક પેટમાં જ મૃત્યુ પામ્યો.

(શરહ નહજુલ બલાગાહ ભાગ-૧૪ પેજ-૧૯૨)

## પ્રકરણ-૭ : ત્રીજી મંઝિલ

## બાગે ફિદક માટેનો સંઘર્ષ

ખલીફાએ અવ્વલે હુકુમતની બાગડોર સંભાળતાંની સાથે જ બાગે ફિદક જનાબે ફાતેમા(સલા.) પાસેથી બળજબરીથી લઇ લીધો. ફિદક એક બાગ-બગીચાવાળી મોટી જમીનનો ઇલાકો છે. જે મદીનાથી થોડેક દૂર આવેલો છે. એમાં અનેક બાગો હતા. આ ઇલાકો જુના સમયમાં ઘણો જ આબાદ હતો, ખુશહાલ હતો. તે યહૂદીઓના કબજામાં હતો. જ્યારે એના માલિકોએ જંગે ખૈબરમાં મુસલમાનોની શક્તિ જોઇ, ઇસ્લામની આગેકૂચ જોઇ તો આ લોકોએ આ જગ્યા છોડી દેવાનું વિચાર્યું. આ લોકોએ પોતાનો એક માણસ પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સેવામાં મોકલ્યો. સાથે સુલેહની દરખાસ્તો પણ મૂકી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે સુલેહના દસ્તાવેજી લખાણ ઉપર સહી કરી દીધી. કોઇપણ જાતની લડાઇ વગર, લોહી વહાવ્યા વગર, આ ઇલાકો મુસલમાનોના હાથ લાગી ગયો. આ રીતે ફિદકની અડધી જમીન રસૂલુલ્લાહ સલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ઇખ્તયારમાં આવી. જે ખાલિસ, ચોખ્ખી રસૂલુલ્લાહની મિલકત ગણાય. આ વાત કુરઆનના સ્પષ્ટ હુકમ મુજબની છે.

ઇસ્લામી કાયદા અનુસાર દરેક તે જમીન જે જંગ કર્યા વગર ફતેહ થઇ જાય. ચોખ્ખી રીતે રસૂલુલ્લાહની મિલકત છે. અન્ય મુસલમાનોનો તેના ઉપર કોઇ હક નથી.

જ્યારે ફિદકની જમીન રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની પાસે આવી ગઇ ત્યારે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તેની આવક બની હાશિમમાં,

ફુકરા અને મસાકીનમાં વહેંચી દેતા હતા. ત્યાર બાદ આ આયત નાઝિલ થઇ.

وَاٰتِ ذَا الْقُرْبٰى حَقَّهٗ وَالْمِسْكِيْنَ وَابْنَ السَّبِيْلِ وَلَا تُبَذِّرْ تَبْذِيْرًا ﴿۲۶﴾

(સૂ. બની ઇસરાઇલ આ-૨૬)

અને તમે નજીકના સગાં વહાલાઓને તેમનો હક આપી દો, તેમ નિરાધારો અને મુસાફરોને પણ, અને ફુઝૂલ ખર્ચી ન કરવી જોઇએ.

તફસીરે સાફી પેજ-૨૮૮ ઉપર તફસીરે કુમ્મીના હવાલાથી લખ્યું છે કે ઉપરોક્ત આયત જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની શાનમાં નાઝિલ થઇ છે. જ્યારે આ આયત નાઝિલ થઇ ત્યારે જનાબ રસૂલે ખુદાએ બાગે ફિદક ખાસ એમના નામ ઉપર કરી દીધો. આ આયતમાં જે

મિસકીન (નિરાધાર) શબ્દ પ્રયોગ છે તો તે મિસકીનો છે જે અવલાદે ફાતેમા સલામુલ્લાહ અલયહાથી હોય અને વબ્નિસ્સબીલ (મુસાફિરો) છે. તે મુસાફિરો, મતલબ જે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની અવલાદથી હોય, સાથે અલ્લાહની એક કિંમતી મીઠી શિખામણ પણ છે કે ખાઓ, પીઓ, વાપરો પણ નકામો ઉડાઉપણે ખર્ચ ન કરો.

આ આયત નાઝિલ થયા પછી પેગંબરે ઇસ્લામે ઇલાહી હુકમાનુસાર બાગે ફિદક જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને બક્ષિસ આપી દીધો. આ બાબતની ઘણી બધી રિવાયતો-હદીસો છે. દૃષ્ટાંતરૂપે થોડીક હદીસોનો અભ્યાસ કરીએ.

અબુ સઇદ ખુદરી ફરમાવે છે કે જ્યારે આ આયત "વ આતે ઝલ કુરબા હક્કહુ" નાઝિલ થઇ ત્યારે પેગંબરે ઇસ્લામે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને ફરમાવ્યું: "બેટી! ફિદક તમારો માલ છે."

અતીય્યા કહે છે કે જ્યારે આ આયત નાઝિલ થઇ “વ આતે ઝલ કુરબા હક્કહુ” ત્યારે પેગંબરે ઇસ્લામે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાને બોલાવ્યાં અને ફિદક એમને બક્ષી આપ્યો.

હઝરત અલી ઇબ્ને અબી તાલિબ અલયહિસ્સલામ ફરમાવે છે કે રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પોતાની હયાતીમાં બાગે ફિદક જનાબે ફાતેમાને બક્ષી આપ્યો હતો.

ફિદક કોઇ મામૂલી બગીચો-જમીન ન હતી બલકે આબાદ અને ખૂબ જ આવક આપનારો બાગ હતો, વિશાળ ઇલાકો હતો. તેની વાર્ષિક આવક ચોવીસ હજાર દીનાર હતી. ફિદકની મિલકત ઘણી જ કીંમતી હતી અને તેની આવક પણ ખૂબ જ હતી તેની સાબિતીઓમાં બે વસ્તુઓ રજૂ કરીએ છે.

**પ્રથમ વાત :** હઝરત અબુબકરે હુકુમત ઉપર આવતાંની સાથે જ ઉમર ઇબ્ને ખત્તાબની સૂચનાથી હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાના બાગ ઉપર કબજો કરી હુકુમતના માણસો મૂકી દીધા અને જનાબ ફાતેમાએ ફિદકની માંગણી કરી તો તેના જવાબમાં ખલીફાએ કહ્યું: ફિદક રસૂલુલ્લાહનો પોતાનો માલ નથી બલ્કે સામાન્ય મુસલમાનોનો માલ છે. તેના દ્વારા પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ યોદ્ધાઓને જંગ ઉપર મોકલતા હતા. વળી તેની આવકને રાહે ખુદામાં ખર્ચ કરતા હતા.

**બીજી વાત :** જ્યારે મઆવિયા ખલીફા બન્યો તો તેણે બાગે ફિદકને મરવાન બિન હકમ, ઉમર બિન ઉસ્માન અને પોતાના પુત્ર યઝીદની વચ્ચે વહેંચી દીધો.

ઉપરોક્ત બે જ વાતો પરથી અંદાજો આવી શકે છે કે બાગે ફિદક એક કીંમતી અને ભરપૂર આવકવાળો ઇલાકો હતો. જેના વિષયમાં પ્રથમ ખલીફાએ કહ્યું હતું કે જેહાદોમાં યોદ્ધાઓની જરૂરિયાતના કામની આવક છે.

જો એ થોડી આવકની અને હલકા પ્રકારની જમીન હોત તો મઆવિયા એને ત્રણ વ્યક્તિમાં ન વહેંચી આપત.

## પ્રકરણ-૮ : રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફિદકનો ઇલાકો જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને કેમ આપ્યો?

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની જિંદગીનો અભ્યાસ કરીશું તો સ્પષ્ટ માલૂમ પડે છે કે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ દુન્યવી માલ-દવલતના ચાહક ન હતા. કદી માલને એકત્ર કરવાની કોશિશ કરતા ન હતા. માલને ઇસ્લામ ખાતર ખર્ચી નાખતા હતા. શું આ તે જ પેગંબર નથી જેમણે પોતાની વહાલી પત્ની જનાબ ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની બેહિસાબ દવલતને ઇસ્લામ ખાતર ખર્ચ કરી નાખી હતી? જો કે આપ પોતે અને આપની દુખ્તર સાહેબઝાદી તથા આપના દામાદ ઘણી જ સખ્તીની જિંદગી ગુજારતા હતા. ઘણી વખત તો ભૂખ્યા રહેતા હતા. પેટને દબાવવા માટે તેના ઉપર પથ્થર બાંધતા

હતા. પેગંબરે ઇસ્લામ તે લોકોમાંથી ન હતા જે પોતાના હોદ્દાનો ફાયદો ઉઠાવીને પોતાની અવલાદને માલ-દવલત આપી દે. શું આ તે જ પેગંબર ન હતા કે જેમને આ પસંદ ન હતું કે પોતાની સાહેબઝાદી ઘરમાં પરદા લટકાવે, હસન-હુસૈનને ચાંદીની દસ્તબંદ પેહરાવે અને પોતાના ગળામાં હાર પહેરે. જે વિષયમાં આપણે આગળ વાંચી ગયા છીએ. તો પછી રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે આટલી મોટી આવક આપનારી મિલકત બાગે ફિદક કેવી રીતે પોતાની સાહેબઝાદીને આપી દીધી?

પેગંબરે ઇસ્લામનો અમલ કંઇ વગર કારણે નથી હોતો. પેગંબરે ઇસ્લામ ખુદાવંદે આલમ તરફથી નિયુક્તિ પામેલા હતા. ખુદાના હુકમના પાબંદ હતા. હઝરત અલી અલયહિસ્સલામની ખિલાફત અને પોતાની જાનશીની માટે નિયુક્તિ આપવી પણ અલ્લાહના હુકમથી હતી. વળી આપ સલ્લલ્લાહો

અલયહે વઆલેહી વસલ્લમના ઇલ્મમાં આ વાત પણ હતી કે લોકો આસાનીથી અલીની ખિલાફતને સ્વીકારી લેશે નહિ. તેમની ખિલાફતના રસ્તામાં મુશ્કેલીઓ નાખશે. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ આ વાત પણ જાણતા હતા કે અરબના ઘણાં બધા કબીલાઓ હઝરત અલી અલયહિસ્સલામના માટે કીનો-કપટ રાખે છે. કારણ ફક્ત આ જ હતું કે અલી મર્દે શમશીર તથા ન્યાયપ્રિય છે. થોડાક જ ઘરાના એવા હશે જેમનો એક અથવા એકથી વધારે વ્યક્તિ હાલતે કુફ્રમાં હઝરત અલી અલયહિસ્સલામના હાથે ઇસ્લામી લડાઇઓમાં ન મરાયો હોય. પેગંબરે ઇસ્લામ બરાબર વાકેફ હતા કે હુકુમત ચલાવવા માટે માલની જરૂરત પડે છે. વળી આપના જેવા ખુદ્દાર માણસ માટે કોઇપણ જગ્યાએ માંગવું કે હુકુમત ચલાવવા નાજાઇઝ તરીકાથી માલ ઊભો કરવો શક્ય જ ન હતું.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો હેતુ આ પણ હતો કે જો અલી અલયહિસ્સલામ આ માલ દ્વારા રાજ્યના ગરીબો અને નીચેના સ્તરના લોકોની મદદ કરશે તો જરૂર કીનો-કપટ રાખનારો વર્ગ આપથી રાજી થઇ જશે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની હયાતીમાં ફિદક જનાબે સૈયદા માસૂમાના કબજામાં હતો. આપ તો જીવવા માટે જરૂરી ખોરાક છે તેટલો જ તેમાંથી લેતાં, બાકીની બધી જ આવક ખુદાની રાહમાં ખર્ચ કરી નાખતા, ફકીરોને ખાસ આપતાં. પોતાના માટે પકાવેલો જરૂરી ખોરાક પણ ફકીરોને આપી દેતાં હતાં.

હુકુમત દુશ્મનોના કબજામાં આવી ગયા પછી દુશ્મનોનું બાગે ફિદક લઇ લેવું આ જ કારણથી તો હતું કે જો અલી-ફાતેમા આ માલને ગરીબોમાં આપતાં રહેશે તો તેમનું વર્ચસ્વ બાકી રહેશે, સમાજ એમને

ચાહશે, સમાજ ઉપર આ ખાનદાને રસૂલનો વજર રહેશે. બાકી હુકુમત તો આ દુશ્મનોને મળી ચૂકી હતી. હવે બાગે ફિદક લઇ લેવાની શું જરૂરત હતી? પરંતુ આ હાકિમ ટોળી શાતિર હતી. એમાં રાજકારણના અઠંગ ખેલાડીઓ પણ હતા જેઓ બેસીને આ બાબત વિચારતા રહેતા હતા. તેથી હુકુમત મળતાંની સાથે જ ખલીફએ અવ્વલે બાગે ફિદકમાં કામ કરતા, જવાબદારી સંભાળતા, સાચવણી કરતા બધાં જ કારકુનોને તગેડી મૂક્યા અને સરકારી માણસો ગોઠવી દીધા.

(શરહ ઇબ્ને અબિલ હદીદ ભાગ-૧૬ પેજ-૨૧૦-૨૧૪-૨૧૬, કશકુલ ગુમ્મા ભાગ-૨ પેજ-૧૦૨. ગાયતુલ મરામ પેજ-૩૨૩, સફીનતુલ બિહાર ભાગ-૨ પેજ-૩૫૧, તફસીર નુરૂસ્સકલૈન ભાગ-૪ પેજ-૨૭૨, દુર્રે મન્શૂર, જલાલુદ્દીન સિયુતી ભાગ-૪ પેજ-૧૭૭)

## પ્રકરણ-૯ : ફિદકને ગસ્બ કરી લેવાના કારણો હુકુમતે બાગ કેમ છીનવી લીધો?

ખલીફએ અવ્વલના આ કૃત્યના બે પાયાના કારણો હોઇ શકે છે.

**પ્રથમ કારણ :** ઇતિહાસના અભ્યાસ દ્વારા આ વાત બિલકુલ સ્પષ્ટ થઇ જાય છે કે બીબી આયશા બે કારણોથી હંમેશા જીવ બાળતી હતી. ઘણાં જ બળેલા સ્વભાવની સ્ત્રી હતી.

**પહેલી બાબત :** આ કે પેગંબરે ઇસ્લામ હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાથી સૌથી વધારે મહબ્બત કરતા હતા. તેની સાબિતી આ છે કે જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા સૌથી વધારે સમય રસૂલુલ્લાહના નિકાહમાં રહ્યાં, છતાંય આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે બીજા નિકાહ કર્યા નથી. જ્યારે બીબી આયશાને

રસૂલની ચહીતી બીબી કહેતા. રાજકારણીઓ જાણી લે કે આયશાની હાજરીમાં તો રસૂલે કેટલાય નિકાહ કર્યા. ઇન્તિકાલના સમયે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની આઠ પત્નીઓ હતી જેમાંની એક બીબી આયશા હતી, અક્કલ વાળાઓ વિચારી લે.

આ વાત સાબિત થઇ ચૂકી છે કે પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ જનાબે ખદીજા રઝિયલ્લાહો તાઆલા અન્હાથી ખૂબ જ મહબ્બત કરતા હતા. વળી વારંવાર આ બાબતને દોહરાવતા, વર્ણવતા રહેતા હતા, જેના કારણે જનાબ આયશાના દીલમાં ઇર્ષાની આગ ભભૂકતી હતી. અમૂક વખત તો તે એતેરાઝ પણ કરી દેતી હતી કે તે એક ઘરડી સ્ત્રી હતી, આપ કેમ તેમને આ રીતે યાદ કર્યા કરો છો? [જુઠી રિવાયતોને કારણે હઝરત ખદીજાને ઘરડાં ચીતરવામાં આવે છે. જે સદંતર

ગલત વાત છે. આપની ઉમર શાદી વખત ૨૦-૨૨ વર્ષ હોવાની રિવાયતો વધુ સાચી છે. ઉચ્ચોચ્ચ ખાનદાનના ખૂબસૂરત નબી જે ખાનદાન કાબાનો વહીવટ કરતું હતું, શું તેમને બીજી કોઇ ઓરત જ મળતી ન હતી જેથી આપે ૪૦ વર્ષ ઉમરની બે વખત બેવા થઇ ચૂકેલી, બંને વખતના છોકરાં ધરાવતી સ્ત્રી સાથે લગ્ન કર્યાં. રસૂલના દરજ્જાને ઘટાડવા માટે બની ઉમય્યાના વેચાતા હદીસ ઘડનારાઓએ આવી હદીસો ઘડી કાઢી છે. જો તે સમયનો વિધવા વિવાહનો રિવાજ તોડવો હતો તો બીજી શાદી વખતે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તોડી શકતા હતા. આયશાનો દરજ્જો વધારવા માટે બિચારાં મા ખદીજાને બુઢ્ઢાં બનાવી દીધાં. રાજકારણ તારી બલિહારી.]

પેગંબરે ઇસ્લામ પ્રત્યુત્તરમાં કહેતાઃ ખદીજા જેવું કોણ હોઇ શકે છે? તે પ્રથમ સ્ત્રી હતી જે મારા

ઉપર ઇમાન લાવી. પોતાનો બધો જ માલ મારા ઇખ્તયારમાં આપ્યો. (મક્કાના માલદારોમાં જેમની ગણતરી થતી હતી હવે તેમની દવલતનો અંદાજો લગાવી લો. કોણ ખાઇ ગયું આ માલ? આવા જ મુનાફિકો જેમણે જુઠી રિવાયતો ઘડી કાઢી) ઇસ્લામના દરેક કાર્યોમાં મારી મદદગાર બની રહી. ખુદાવંદે આલમે મારી નસ્લ(વંશ)ને તેમની અવલાદથી ચાલુ રાખી.

માતાજી આયશા ૧૦ વર્ષથી વધુ સમય નબી સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના નિકાહમાં રહ્યાં છતાં આપની કૂખ ખાલી રહી. હસદનું આ એક મોટું કારણ હતું.

આયશા માતાજી કહે છે કે "મેં કોઇ સ્ત્રીથી પણ ખદીજા જેટલી ઇર્ષા નથી કરી. જો કે આપ મારી શાદીથી ત્રણ વર્ષ [જુઓ માતાજી આયશાની શાદી અગાઉ ત્રણ વર્ષ ઉમ્મુલ મોઅમેનીન જનાબ

ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા વફાત પામી ચૂક્યાં હતાં. બુદ્ધિશાળીઓ વિચારો! આ રસૂલે ઇસ્લામને કે જેમને જનાબ ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા સાથે કેટલી મહબ્બત હતી કે આપની વફાત પછી ત્રણ વરસ સુધી રસૂલે બીજી શાદી ન કરી. કેટલી મહબ્બત હતી. બાકી રસૂલનું મહેમાનવાળું ઘર, ઓરતની કેટલી જરૂરત?] અગાઉ વફાત પામી ચૂક્યાં હતા. રસૂલુલ્લાહ તેમની ખૂબ જ તારીફ કરતા હતા. જેથી મને ઇર્ષા આવતી હતી. ખુદાવંદે આલમે રસૂલને હુકમ આપી દીધો કે ખદીજાને ખુશખબરી આપી દે કે જન્નતમાં તેમના માટે એક મહેલ તૈયાર કરવામાં આવ્યો છે. ઘણી વખત પેગંબરે ઇસ્લામ ઘેંટુ ઝબહ કરતા તો તેનું ગોશ્ત જનાબ ખદીજાની સહેલીઓને યાદ કરીને અચૂક મોકલાવતા."

હઝરત ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે કે એક દિવસ રસૂલે ઇસ્લામ ઘરમાં દાખલ થયા તો જોયું કે આયશા માતાજી જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાની સાથે ઝઘડી રહી છે. અય ખદીજાની બેટી તું એવું ગુમાન રાખે છે કે તારી મા મારાથી અફઝલ છે? તેને મારી ઉપર શું ફઝીલત હતી? તે પણ મારી જેમ જ એક સ્ત્રી હતી.

રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે માતાજી આયશાની આ વાતચીત સાંભળી લીધી. જ્યારે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની દૃષ્ટિ પોતાના બાબાજાન પર પડી તો આપથી રડી પડાયું, રડી પડ્યાં. પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: ફાતેમા! બેટી તુ કેમ રડે છે? જણાવ્યું અબ્બાજાન! આયશાએ મારી માની બેઇઝ્ઝતી કરી છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે

વઆલેહી વસલ્લમ આયશા ઉપર ખૂબ જ ગઝબનાક થયા. ફરમાવ્યું: આયશા! ખામોશ થઇ જા. ખુદાવંદે આલમે મહબ્બત કરવાવાળી અને બાળકો જણનારી સ્ત્રીને મુબારક ગણાવી છે. ખદીજાએ તો મને અવલાદ આપી છે, ખદીજાએ તો મને તાહિર, કાસિમ, ઇબ્રાહીમ એન ફાતેમા આપ્યાં છે પરંતુ ખુદાવંદે આલમે તમને વાંઝ બનાવી છે. (બેહારૂ અનવાર ભાગ-૧૬ પેજ-૩)

<u>**બીજી બાબત :**</u> પેગંબરે ઇસ્લામ જનાબ ફાતેમા સાથે હદથી વધુ મહબ્બત કરતા હતા. વળી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ દીલની મહબ્બતનો મુબારક ઝબાનથી વારંવાર ઇઝહાર કરતા, જાહેર કરતા. પેગંબરે ખુદાની આ જાહેરાત માતાજી આયશાના દીલની જલન બની ગઇ હતી. વળી મોટા ભાગની સ્ત્રીઓનો સ્વભાવ હોય છે કે

તેમને સોકનની અવલાદ ગમતી નથી. માતાજી આયશા કદી કદી તો એટલી સખત નારાજ થઇ જતી કે પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ઉપર પણ બગડી બેસતી. હવે તેની શાદી થઇ ગઇ છે. તેનું નામ મૂકતાં જ નથી. બસ, વારંવાર ફાતેમા! ફાતેમા! જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફરમાવતા:

"તુ ફાતેમાના દરજ્જા અને મરતબાથી અજાણ છે નહીં તો આવી વાતો ન કરત."

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની તારીફ કરતા માતાજી આયશાની હાલત બગડી જતી. એતેરાઝ કરવાનું શરૂ કરી દેતી.

એક દિવસ હઝરત અબુબકર પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સેવામાં હાજર થવાનું ઇચ્છતા હતા અને તેમણે પોતાની

બેટીની ઊંચા અવાજે થતી ફરિયાદો સાંભળી લીધી. આયશા રસૂલે મકબૂલથી કહી રહી હતી:

"ખુદાની કસમ! મને ખબર છે કે આપ અલી અને ફાતેમાને મારાથી અને મારા બાપથી વધારે ચાહો છો. અબુબકર ઘરમાં આવ્યા અને આયશાને કહ્યું: તું કેમ પેગંબરે ઇસ્લામ સાથે ઊંચા અવાજથી વાત કરે છે?"

વળી આ સિવાય કુદરતી માતાજી આયશા અવલાદ વગરની વાંઝ પણ હતી. જ્યારે પેગંબરે ઇસ્લામનો વંશ જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાથી અસ્તિત્વમાં આવ્યો. જેથી આ વાત પણ માતાજી આયશાને રંજ પહોંચાડતી હતી. આ રીતે જોતાં માતાજી આયશાના દીલમાં જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા વિશે સખત નફરત હતી. માતાજી આયશા જ્યારે પોતાના ઘરે જતી ત્યારે હઝરત અબુબકરને જનાબ ફાતેમા સલામુલ્લાહ

અલયહાની શિકાયત કરતી. જેથી આ પ્રકારનું નફરત ભર્યું અબુબકરનું વલણ જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા પ્રત્યે હોવું કોઇ નવી વાત નથી. તેઓ પણ સમયની રાહ જોતા હતા.

જ્યારે પેગંબરે ઇસ્લામની વફાત થઇ ત્યારે ફાતેમા સલામુલ્લાહ અલયહા ગિર્યા કરતાં, ફરમાવતા હતા, આહ! કેટલો બુરો દિવસ છે? ત્યારે અબુબકરે કહ્યું: હાં! હજી વધારે ખરાબ દિવસો આગળ આવશે.

(તઝકેરતુલ ખવાસ પેજ-303, મજમઉલ જવાએદ ભાગ-૯ પેજ-૨૦૧-૨૨૪, સહી મુસ્લિમ ભાગ-૪ પેજ-૧૮૮૮, બેહારૂલ અનવાર ભાગ-૧૬ પેજ-3, કશકુલ ગુમ્મા ભાગ-૨ પેજ-૮૫, ઇરશાદ શૈખે મુફીદ પેજ-૯૦)

**બીજા કારણો** : હઝરત ઉમર અને અબુબકર સારી રીતે સમજતા હતા કે હઝરત અલી

અલયહિસ્સલામની પોતાની શ્રેષ્ઠતાઓ, પોતાની ખૂબીઓ, ફઝાએલ, ઇલ્મો હિકમત બહાદુરી અને અલ્લાહના રસ્તાની કુરબાનીઓ વગેરેમાં આપ સર્વે ઇન્સાનોમાં અગ્રસ્થાને છે. કોઇ એક બાબતમાં પણ ઉમ્મતનો કોઇપણ વ્યક્તિ આપની બરાબરીમાં ઊતરે એવો નથી. વળી પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની વસીય્યતો અને ભલામણો પણ આપના માટે પુષ્કળ છે. આપના ફઝાએલની તમામ હદીસો લોકોમાં મશહૂર છે. વળી આપ પેગંબરે ઇસ્લામના દામાદ હોવા સાથે ચચાઝાદ ભાઇ પણ છે. બંનેનું ખૂન-શજરો(વંશ) એક જ દાદા છે. જો તેમની માલી હાલત સારી થઇ જાય, એમના હાથમાં રૂપિયા આવી જાય તો આ લોકો જેવા દાનવીર બીજા કોઇ નથી. જેથી શક્ય છે કે લોકો એમને ચાહતા થઇ જાય, એમના મદદગાર થઇ જાય, જેથી અમારી ખિલાફત માટે એક ભય પેદા થઇ જાય. જે સુક્ષ્મ વાત તરફ

હઝરત અબુબકર અને ઉમરનું ધ્યાન દોરાયું તે આ છે કે અરબો હજી પણ લાલચી તો એટલા જ છે. વ્યાપક ગરીબાઇ હતી. લોકો તો દુનિયાના બંદા છે. દુનિયા સિવાય એમનો બીજો કોઇ મકસદ નથી.

વગેરે બાબતોનો વિચાર કરી તેઓને લાગ્યું કે આપણે અલીને હુકુમતથી તો મહરૂમ કરી દીધા. હવે ફિદકથી પણ તેમને ખાલી કરી દો જેથી ખતરાનું છેલ્લું કારણ પણ નાબૂદ થઇ જાય. જ્યારે તેમને ચાહનારા તેમને ખાલી હાથ જોશે તો ભાગી જશે અને અમારી તરફ આવતા રહેશે. આ તે મહત્વના કારણો છે જેના માટે ખલીફએ અવ્વલે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાની મિલકત ઉપર કબજો કરી લીધો. હુકમ આપ્યો કે ફાતેમાના અમ્માલ અને કારકુનોને ત્યાંથી તગેડી મૂકો અને હુકુમતના કારકુનો નિયુક્ત કરી દો.

(દલાએલુલ ઇમામા પેજ-૩૯)

# પ્રકરણ-૧૦ : હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાનો વિરોધ

જ્યારે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાને ખબર પહોંચી, તેમના નોકર-ચાકર ફિદકથી પાછા ફર્યા છે, જણાવ્યું કે હુકુમતે એમને તગેડી મૂકી પોતે કબજો કરી લીધો છે, તો આપ ઘણાં જ ગમગીન થયાં. પોતાને એક નવી જ મુશ્કેલીનો સામનો કરવાનો થયો. કારણ કે હઝરત અલી અલયહિસ્સલામ અને જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા હુકુમતના આ કદમથી અજાણ તો ન જ હતાં. એના કારણો અને મકસદથી પણ બંને પતિ-પત્ની વાકેફ હતાં.

આ સમયે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાને કોઇપણ બે રસ્તામાંથી એક રસ્તાને પસંદ કરવાનો હતો. એક આ કે હુકુમતના આ કદમ

ઉપર ખામોશ રહી સબર કરે. પોતાના જાઇઝ હકને આંખો બંધ કરીને જતો કરે. કહી દે કે અમે દુન્યવી માલ અને તેની ચીજોથી કોઇ લગાવ રાખતાં નથી. છોડી દો એ ફિદકને, જ્યારે એને ખલીફાએ જ છીનવી લીધો છે, તો ભલે છીનવી લીધો. વાત જ જતી કરો. એ સિવાય આમ પણ કહી શકતાં હતાં કે ખલીફાને ખુશ કરવા માટે સંદેશો કહાવી દેત કે આપ અમારા વડીલ અને હાકેમ છો, હું આ નાચીજ ફિદકને આપની ખિદમતમાં હદિયો કરૂં છું.

બીજો રસ્તો આ હતો કે પોતાની સંપૂર્ણ શક્તિ લગાવીને પોતાના હકનું રક્ષણ કરત.

હઝરત ઝેહરા સલામુલ્લાહ અલયહા માટે પ્રથમ રસ્તો ઇખ્તયાર કરવો શક્ય જ ન હતું. કારણ કે તેઓ હુકુમતના આ ખાનગી મનસૂબાથી નાવાકેફ ન હતાં. આપ જાણતા હતા કે પોતાની આર્થિક સ્થિતિને કમજોર કરશે, આવકને ખતમ

કરીને ઇસ્લામના હકીકી ખલીફા હઝરત અલી અલયહિસ્સલામના પ્રભાવ અને સામાજિક અસરને પણ ખતમ કરશે. જેથી હુકુમત હંમેશ હંમેશ માટે અલીના હાથથી દૂર થઇ જાય. વળી આર્થિક નબળાઇ પેદા થઇ જતાં તેઓ હુકુમતનો વિરોધ કરવાથી માયૂસ થઇ જાય. વળી આપ જાણતાં હતાં કે ફિદકને છીનવી લઇને આ લોકો અલીના ઘરનો દરવાજો બંધ કરવા માંગતા હતા. [આ લોકોએ આમ તો કર્યું કે અલી ફાતેમા ગરીબ બની જાય, તેઓની રોઝી છીનવાઇ જાય. જો નબી સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ પછી તરત જ જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા તો જન્નતનશીન થઇ ગયાં. પરંતુ હઝરત અલી અલયહિસ્સલામ ખૂબ જ કમાયા, ખૂબ જ ખર્ચ કર્યો. આપની ઝબાન, આપના હાથ, બલકે આપનો દરેક અવયવ મોઅજિઝાઇ હતો. વેપાર કર્યો, જમીનો ખરીદી, ખેતી કરી, ફળાઇ

ઝાડો ઉછેરી બાગો બનાવ્યા. અલી અલયહિસ્સલામે વેપાર માટે કોઇ ઊંટ પચાસ દિરહમમાં ખરીદી રાખ્યો હતો. થોડાક જ દિવસમાં આપને ત્યાં એ ઊંટ એટલો જાડો-મજબૂત થઇ ગયો કે એક વ્યક્તિએ સામે ચાલીને તે ઊંટને ૨૦૦ દિરહમમાં માંગ્યો. આવા તો અનેક દૃષ્ટાંત છે. હઝરત અલી અલયહિસ્સલામે જમીનો ખરીદી અને વેચી, તેમાંથી પણ કમાણી થઇ. આપે રાજધાની ઇરાકને કૂફામાં ફેરવી ત્યાં આપ હુકુમતમાંથી એક પાઇ પણ લેતા ન હતા. આપના ઘરનો તમામ ખર્ચ મદીનાથી આપની જમીનો અને બગીચાઓની આવક, ત્યાંની ખજૂરો વગેરે વેચીને ત્યાંથી આવતો હતો. આપ તો એવા મોઅજિઝાઇ હતા કે જો આપના મોનું પાણી કડવા પાણીના કૂવામાં નાખવામાં આવે તો તે મીઠું થઇ જાય. આપનો આવો મોઅજિઝો પણ છે. આપના વુઝૂનું પાણી  કડવા પાણીના કૂવામાં

નાખવામાં આવતાં તે પાણી મીઠું થઇ ગયુ હતું. આપ આ ૨૫ વર્ષમાં એટલું કમાયા હતા કે લોકો આશ્ચર્યચકિત થઇ જાય. જે ૨૫ વર્ષોમાં આપને ખિલાફતથી વંચિત રાખવામાં આવ્યા હતા.]

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ વિચાર્યું કે જો મારા જાઇઝ હકની માંગણી ન કરી અને ખલીફાને બદનામ ન કર્યો તો અન્ય હાકેમોમાં પણ સ્ત્રીઓના હકોને છીનવી લેવાનો રિવાજ પડી જશે.

**હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ વિચાર્યું કે જો હું પેગંબરની દુખ્તર થઇને મારો હક જતો કરીશ અને ફાઇટ નહીં આપું તો મુસલમાનો એવો નિયમ બનાવી લેશે કે સ્ત્રીઓના કોઇ સામૂહિક હક નથી અને ઓરતને કોઇ અધિકાર નથી કે તે પોતાના હક સાબિત કરે.**

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ વિચાર્યું કે હું તો વહીના ઘરની અને વિલાયતના ઘરની તરબિયત પામેલી છું. ઇસ્લામની સ્ત્રીઓ માટે નમૂનો છું. મને ઇસ્લામની એક કેળવાયેલી-તાલીમયાફતા ખાતૂન સમજવામાં આવે છે. મારા આચરણને નમૂનારૂપ ગણવામાં આવે છે. જો હું આ જગ્યાએ સુસ્તી દેખાડીશ, મારા જાઇઝ હકના માટે આજીજી દેખાડીશ તો પછી ઇસ્લામમાં સ્ત્રીઓનો મરતબો ઢંકાયેલો રહેશે, સાથે સ્ત્રીને એક બેકાર પ્રાણી ગણી લેવામાં આવશે.

અલબત્ત આ કાર્ય સહેલું ન હતું કારણ કે ખલીફા અને તેમના ગુલામે તથા હુકુમતના માણસોએ હજી હમણાં જ આપના ઘર ઉપર હુમલો કરીને આપના પહેલુને તોડી નાખ્યો હતો. આપની જનીનનો ગર્ભપાત થયો હતો. આપના બંને હાથને ચાબુકો મારી મારીને કાળા કરી નાખ્યા હતા. એક

વખતનો ઝુલમ તો આપ સહન કરી ચૂકયાં હતાં. તેના નિશાનો તો બાકી હતાં અને આ બીજો ઝુલમ બાગે ફિદક ઉપર ખલીફાનો કબજો-તેનો મુકાબલો કરવાનો થયો. કોઇપણ સ્ત્રી હિંમત હારી જાય, વાત પડતી મૂકી દે.

પરંતુ ફાતેમા તો ફાતેમા હતાં જેમણે ફિદાકારી, કુરબાની વગેરે ગુણો વાલીદ બુઝુર્ગવાર પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તથા આપના વાલિદહ મોહતરમા ઉમ્મુલ મોઅમેનીન હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા પાસેથી વારસામાં મળ્યા હતા. આપ તો ઇસ્લામી જેહાદના મરકઝમાં મોટાં થયાં હતાં, પાલણપોષણ તે ઘરમાં થયું હતું જે ઘરાનું ઇસ્લામનું સૌથી પ્રથમ ઘરાનું હતું અને ત્યારે સંપૂર્ણ વિશ્વ એ ઘરાનાનું દુશ્મન હતું. શક્તિશાળી અને હિંમતવાળા લોકોના ઘરમાં રહીને ઇસ્લામ ખાતર

જેહાદમાં ઝખ્મી થઇને આવેલા પોતાના પતિના લોહીવાળા લિબાસને ધોયો હતો. સેંકડો ઝખ્મો ઉપર પાટા પીંડી કરી હતી. ગમે તેવી મુસીબતો પડે પરંતુ પોતાના હક માટે લડી લેવું, એવું આ નબીની બહાદુર બેટી ઇચ્છતાં હતાં.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ તબક્કાવાર લડાઇ લડી. ખલીફાની સામે વાદ-વિવાદ કર્યો. કાગળો અને દસ્તાવેજો રજૂ કર્યા. વળી જુદી જુદી દલીલો અને કુરઆનના અકલી અને નકલી દૃષ્ટાંતો આપીને ખલીફાને પરાસ્ત કર્યા.

## પ્રકરણ-૧૧ : તાર્કિક દલીલો દ્વારા વિવાદ કરીને પોતાનો હક માંગવો

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા ખલીફાની પાસે ગયાં અને ફરમાવ્યું: તમે મારા કારકુનોને મારી મિલકતમાંથી બહાર કેમ કાઢી મૂક્યાં છે? મારા વાલીદે પોતાની હયાતીમાં ફિદક મને બક્ષિસ આપ્યો હતો.

ખલીફાએ જવાબ આપ્યો: જો કે હું જાણું છું કે આપ જૂઠ નથી બોલતાં, છતાંય તમારા દાવાની સાબિતી માટે સાક્ષીઓ રજૂ કરો.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ ઉમ્મે અયમન અને હઝરત અલી અલયહિસ્સલામને સાક્ષી તરીકે રજૂ કર્યા.

ઉમ્મે અયમને ખલીફાને કહ્યું: તમને ખુદાની કસમ આપું છું. શું તમે જાણો છો કે પેગંબરે ઇસ્લામે

મારા માટે ફરમાવ્યું છે કે ઉમ્મે અયમન જન્નતવાળાઓમાંથી છે. જવાબ આપ્યો: હાં મને ખબર છે.

ત્યારે ઉમ્મે અયમને ફરમાવ્યું: હું સાક્ષી છું કે જ્યારે આયત “વ આતે ઝલ કુરબા હક્કહુ” નાઝિલ થઇ ત્યારે પેગંબરે ઇસ્લામે બાગે ફિદક ફાતેમાને આપ્યો હતો. હઝરત અલી અલયહિસ્સલામે પણ આ બાબત ગવાહી આપતા હઝરત અબુબકરે દાવો કબૂલ રાખીને આ બાબત એક લખાણ લખીને જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાને આપી દીધું. ત્યાં અચાનક ઉમર બિન ખત્તાબ આવી ગયા. પૂછ્યું: હઝરત અબુબકરે જવાબ આપ્યો કે જનાબ ફાતેમા ફિદકનો દાવો કરતાં હતાં. તેના માટે સાક્ષીઓ પણ રજૂ કર્યા છે. જેથી મેં ફિદક એમને પાછો આપી દીધો. ઉમર બિન ખત્તાબે પેલું લખાણ જનાબ ફાતેમાના હાથમાંથી

લઇ લીધું. તેના ઉપર થુંક્યા અને તેને ફાડી નાખ્યું. પછી તો હઝરત અબુબકરે પણ ઉમર બિન ખત્તાબને સમર્થન આપતાં જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાને કહ્યું: અલીના સિવાય બીજો કોઇ પુરૂષ ગવાહ તરીકે લાવો અથવા ઉમ્મે અયમનની સાથે એક બીજી સ્ત્રી પણ ગવાહી આપે.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા રડતાં રડતાં અબુબકરના ઘરમાંથી બહાર નીકળી ગયાં.

એક રિવાયતમાં આ પણ છે કે હઝરત ઉમર અને અબ્દુર્રેહમાન બિન ઓફે એવી ગવાહી આપી કે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફિદકની આવક મુસલમાનોની દરમ્યાન વહેંચી દેતા હતા.

બીજા દિવસે હઝરત અલી અલયહિસ્સલામ હઝરત અબુબકરની પાસે ગયા અને ફરમાવ્યું: તમે આ ફિદકને ફાતેમા પાસેથી કેમ છીનવી લીધો છે?

જે રસૂલે ખુદાએ તેમને બક્ષી આપ્યો હતો. જવાબ આપ્યોઃ તેમણે પોતાના દાવા માટે ગવાહી આપવી જોઇતી હતી. સાક્ષી અધુરા હતા, તેથી દાવો કબૂલ રાખવામાં આવ્યો નહિ. હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યુંઃ અય અબુબકર, તમે અમારા માટે તમામ મુસલમાનો માટે જે હુકમ છે તેનાથી જુદો હુકમ કેમ કરો છો? અબુબકરે કહ્યુંઃ નહિ. જનાબ અલી અલયહિસ્સલામે ફરમાવ્યુંઃ હવે હું તમને સવાલ કરૂં છું, અગર કંઇક માલ કોઇના હાથમાં હોય અને હું દાવો કરૂં કે તે મારો માલ છે અને ફૈંસલા માટે તમારી પાસે આવીએ તો તમે કોની પાસે ગવાહ માંગશો? હઝરત અબુબકરે કહ્યુંઃ હું આપથી સાક્ષી માંગીશ કારણ કે માલ બીજી વ્યક્તિના કબજામાં છે. આપે ફરમાવ્યુંઃ પછી તમે ફાતેમા પાસે શા માટે ગવાહ માંગ્યા છે? જો કે ફિદક એમના કબજામાં છે, તેમની મિલકત છે. હઝરત

અબુબકરે ચૂપ રહેવા સિવાય બીજો કોઇ વિકલ્પ ન જોયો. પરંતુ હઝરત ઉમરે કહ્યું: યા અલી! આ બધી વાતો હવે છોડી દો.

જો ઇન્સાફથી જોવામાં આવે તો ફિદક હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાના કબજામાં હતો. હક આપની તરફ હતું. આ માટે તો હઝરત અલી અલયહિસ્સલામે પોતાના એક પત્રમાં લખ્યું છે:

"દુનિયાના માલમાંથી ફિદક અમારા ઇખ્તયારમાં હતો પરંતુ એક જમાતે તે બાબત બખીલાઇથી કામ લીધું અને એક બીજું ટોળું તેના ઉપર રાજી થઇ ગયું."

આ જગ્યાએ ઇન્સાફનું ખૂન હુકુમત ઉપર બેસતાંની સાથે જ કરવામાં આવ્યું. ઇન્સાફના કાનૂન પ્રમાણે હુકુમતે ગવાહો આપવા જોઇતા હતા. અબુબકરે પોતે ગવાહો આપવા જોઇતા હતા. જ્યારે

અહીં ઉલટી ગંગામાં માલિકને ગવાહો આપવા પડ્યા. હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા પોતાના સંઘર્ષમાં કામ્યાબ રહ્યાં. આપે દલીલ દ્વારા પોતાની વાતને સાબિત કરી દીધી. અબુબકર ત્યાં સુધી મજબૂર થઇ ગયા કે ફિદક ફાતેમા સલામુલ્લાહ અલયહાને પરત આપવાનું લખાણ પણ કરી દીધું. હઝરત ઉમર ત્યાં આવી પહોંચ્યા અને દાદાગીરીની વાતો કરી અબુબકરનું લખેલું લખાણ ફાડી નાખ્યું વળી સાક્ષીઓ અધુરા છે એવું બહાનું બનાવ્યું.(એહતેજાજે તબરસી ભાગ-૧ પેજ-૧૨૧, કશકુલ ગુમ્મા ભાગ-૨ પેજ-૧૦૪-૧૦૫, નહજુલ બલાગાહ મક્તુબ-૪૫)

## પ્રકરણ-૧૨ : એક બીજી રીતે પ્રમાણિત કરવું

એક દિવસ હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા હઝરત અબુબકરની પાસે ગયાં અને પોતાના વાલિદ સાહેબના વારસાના વિષયમાં વાદ-વિવાદ કર્યો.

આપે ફરમાવ્યું: અય અબુબકર! મને મારા બાપનો વારસો કેમ આપતા નથી? તેમણે જવાબ આપ્યો: પેગંબરો વારસો છોડતા નથી.

આપે ફરમાવ્યું: શું ખુદાવંદે આલમ કુરઆનમાં નથી ફરમાવતા?

وَوَرِثَ سُلَيْمٰنُ دَاوٗدَ

(સૂ. નમ્લ આ-૧૬)

અને પછી સુલયમાન દાઉદના વારસદાર બન્યા.

અબુબકર ગઝબનાક થયા અને કહ્યું: મેં તમને કહ્યું કે પેગંબરો મીરાસ નથી છોડતા.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ ફરમાવ્યું: શું ઝકરીયા નબીએ ખુદાને અર્ઝ ન કરી હતી?

فَهَبْ لِي مِن لَّدُنكَ وَلِيًّا ﴿٥﴾

يَرِثُنِي وَيَرِثُ مِنْ آلِ يَعْقُوبَ

(સૂ. મરિયમ આ-૫,૬)

તુ મને એક એવો વલી અને વારિસ અતા કર, જે મારો અને આલે યાકૂબનો વારિસ હોય.

હઝરત અબુબકરે ફરીથી તે જ ઉત્તર આપ્યો: પેગંબર વિરાસત છોડતા નથી.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ ફરમાવ્યું: શું ખુદાએ કુરઆનમાં નથી ફરમાવ્યું?

يُوصِيكُمُ اللّٰهُ فِيٓ اَوْلَادِكُمْ ★ لِلذَّكَرِ مِثْلُ حَظِّ الْاُنْثَيَيْنِ

(સૂ. નિસા આ-૧૧)

અલ્લાહ તમને તમારી અવલાદના વિષયમાં વસિય્યત કરે છે કે છોકરાઓના ભાગ બે છોકરીઓના ભાગ બરાબર ગણાશે.

શું હું રસૂલુલ્લાહની અવલાદ નથી?

હઝરત અબુબકર હઝરત ઝેહરા સલામુલ્લાહ અલયહાની તે મજબુત દલીલોનો સામનો કરી રહ્યા હતા જે દલીલોનો કોઇ જવાબ આપી શકતો ન હોય. પોતાના આગળના જવાબને દોહરાવવા સિવાય બીજો કોઇ વિકલ્પ ન હતો. બોલ્યા: શું મેં નથી કીધું કે પેગંબરો વિરાસત નથી છોડતા.

હઝરત અબુબકરે પોતાના શરીયત વિરૂદ્ધ ફેંસલો સાબિત કરવા એક જુઠી હદીસ ઘડી કાઢી.

એક નાજાઇઝ અમલને સાબિત કરવા માટે બીજો નાજાઇઝ અમલ કર્યો. કહ્યું: રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે કે “અમે પેગંબરો વિરાસત નથી છોડતા.” જનાબ આયશા અને હફસાએ પણ અબુબકરની આ હદીસને સમર્થન આપ્યું.

જેમ કે આપે જોયું, ઇલ્મી દૃષ્ટિએ વાદ-વિવાદમાં પણ જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા ગાલિબ આવી ગયાં, આપની દલીલોના હઝરત અબુબકર પાસે કોઇ જવાબ ન હતો. બલકે આપે સાબિત કરી આપ્યું કે જે હદીસ જેનો તમે દાવો કરી રહ્યા છો તે કુરઆનની સ્પષ્ટ હુકમ આપનારી આયતોથી વિરૂદ્ધ છે. વળી જે હદીસ કુરઆનની નસથી વિરૂદ્ધ જાય તે હદીસ જુઠી છે, વિશ્વાસપાત્ર નથી. ***નસ એટલે એવો હુકમ જે સ્પષ્ટ હોય, તેનો બીજો અર્થ લઇ શકાય જ નહિ.*** હઝરત

અબુબકર હારી ગયા. તેમની પાસે હવે કોઇ ઇલાજ જ ન હતો કે ફાતેમા સલામુલ્લાહ અલયહાની સામે આ જુઠી હદીસ સિવાય બીજી કોઇ દલીલ કરે.

હવે અમે એક વિચારવા જેવી વાત લખી રહ્યા છીએ. આ ઉમ્મત જે માર ખાઇ રહી છે તે આ ઝુલમના કારણે જ છે, જે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા ઉપર થયો છે. ઇમામ હસન અલયહિસ્સલામ ઉપર થયો છે. ઇમામ હુસૈન અલયહિસ્સલામ ઉપર થયો છે. આ ઉમ્મત ઉપર આપણને અફસોસ થાય છે કે તેઓ આ ઝુલમને ઝુલમ માનવા તૈયાર નથી. આ ઉમ્મત દુનિયાની બધી જ કોમોથી વધુ ગરીબ પણ છે. ઉમ્મતને કાગળ-કલમથી દુશ્મની છે. દુનિયામાં સૌથી વધુ અભણતા અને અશિક્ષિતતા આ ઉમ્મતમાં છે. આ ઉમ્મતને કાગળ-કલમથી દુશ્મની તો એટલા માટે છે કે પેગંબરે ઇસ્લામને મરણ પથારી ઉપર આ

હાકેમોએ રસૂલના માંગવા છતાં કાગળ-કલમ આપ્યાં નથી. જેથી અલ્લાહે અભણતા પેદા કરી દીધી. આ ઉમ્મતમાં એક એક દેશમાં ફકીરી પણ અન્ય મઝહબી કોમોથી વધારે છે આ ઉમ્મત દર દરની ઠોકરો ખાઇ રહી છે. આ ઉમ્મતને રસૂલની બેટીથી અને નવાસાઓથી દુશ્મની છે.

હવે એક ખૂબ વિચારવા જેવી વાત આ વિરાસતના કાનૂનમાં અમે નોંધીએ છીએ. પેગંબરોનો કોઇ વારિસ નથી હોતો એવી જુઠ્ઠી હદીસ ઘડી હઝરત અબુબકરે કુરઆનની આયતોનો સ્પષ્ટ ઇન્કાર કર્યો-એક ધ્યાનાકર્ષક વાત.....

ઉસ્માન-ત્રીજા ખલીફાની હુકુમતના જમાનામાં ખલીફાને હઝરત આયશા સાથે ખટકી ગઇ. બંને એકબીજાના દુશ્મન બની ગયાં હતાં. *[આ બાબતની વિસ્તૃત જાણકારી મેળવવા ઇચ્છો તો કિતાબો સંદર્ભ સાથેની અમારી કિતાબ ઇસ્લામ*

*અસત્યના ઘેરાવમાં ભાગ-૩ વાંચો જેમાં હઝરત ઉસ્માન અને હઝરત આયશા વિશે વિસ્તૃત જાણકારી મળશે. (નહજુલ બલાગાહ ભાગ-૩ પેજ-૪૫ મકતૂબ નં.-૪૫, કશ્કુલ ગુમ્મા ભાગ-૨, પેજ-૧૦૪, ૧૦૫)]* તો ત્રીજી ખિલાફત હઝરત આયશા જેમણે પહેલી ખિલાફતમાં જે જુઠી હદીસ "પેગંબરોનો કોઇ વારસો હોતો નથી" ને સમર્થન આપ્યું હતું. હઝરત આયશા આ હદીસ ભૂલી ગઇ અને ઉસ્માન પાસે જઇને કહ્યું કે મને મારા પતિ પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો વારસો આપો. જેના જવાબમાં હઝરત ઉસ્માને કહ્યું કે તમે ગવાહી આપી હતી કે પેગંબરે ફરમાવ્યું છે કે "અમે પેગંબરો વારસો છોડતા નથી." અને આ જ હદીસના આધારે તમે ફાતેમાને તેમના બાપના વારસાથી વંચિત કરી દીધાં હતાં. અને હવે કેવી રીતે તું રસૂલનો વારસો માંગી રહી છો.

## પ્રકરણ-૧૩ : ખલીફા પાસેથી સ્પષ્ટીકરણ માંગવું (ખુલાસો માંગવો)

હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા સંઘર્ષના પ્રથમ પગથિયામાં કામ્યાબ થઇ ગયાં. પોતાની દલીલ અને ઇલ્મ તથા મન્તિકથી પોતાના વિરોધીઓને પરાસ્ત કરી દીધા. આયાતે કુરઆનીના ઝરીયાથી પોતાની હક્કાનિયતને સાબિત કરી દીધી. પોતાના વિરોધીને દલીલો દ્વારા આજિઝ કરી દીધા. વાંચકો જાણી ગયા છે કે હાકેમો પોતાની વાતને સાચી ઠેરવવા ગમે તે દરજ્જે નીચે ઊતરી શકે છે, પછી તે ગમે તેટલી મોટી વ્યક્તિ કેમ ન ગણાતી હોય. આ લોકો જુઠ્ઠી હદીસ ઘડીને રજૂ કરવા જેટલા નીચે ઊતરી ગયા. આજે પણ અમે વિશ્વાસથી કહીએ છીએ કે મુસલમાનો પાસે હદીસોનો જે સંગ્રહ છે, તેમાંથી બરાબર અડધી પચાસ ટકા તો સદંતર જુઠ્ઠી ઘડેલી હદીસો છે. બાકીના પચાસ ટકામાંથી ૨૫ ટકા કાપકૂપ

કરેલી, સુધારેલ, વધારો-ઘટાડો કરેલી હદીસો છે. ફક્ત ૨૫ ટકા હદીસો જ સાચી હદીસો હોઇ શકે. અમે વિશ્વાસથી કહીએ છીએ, અનેક હદીસો તો ઉલટી સૂલટી પણ છે.

હુકુમતે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની દલીલો અને આયાતે કુરઆની સામે દલીલો રજૂ કરવાની જગ્યાએ કુવ્વત અને તાકાતનો સહારો લીધો, ઝુલમનો સહારો લીધો. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને એવો માર માર્યો જેવો માર કોઇ ફોજદારી ગુનો-ચોરી-ડકેતી કે ખૂન કરનારને મારવામાં આવે છે. અહીં સુધી કે ફાતેમાનો જનીન પડી ગયો, ગર્ભપાત થઇ ગયો.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા ફરમાવે છે કે મને આશ્ચર્ય થાય છે, આ લોકોએ મારા પતિની ખિલાફત ઉપર કબજો કર્યો. આ લોકો આયાતે કુરઆનની સામે શા માટે પોતાનું માથું નમાવતા

નથી? શા માટે ઇસ્લામના કાયદાઓની વિરૂદ્ધ ફેંસલો આપે છે? અબુબકર તો ફિદક માટે મને લખાણ લખી આપે અને ઉમર એને ફાડી નાખે છે? અય મારા ખુદા! આ ક્યા પ્રકારની અને કોની હુકુમત છે? કેવો વિરોધાભાસ છે? આવી વ્યક્તિઓ દીન અને કુરઆનને થામનારી હોઇ શકે છે? મને ફિદક અને એવી અન્ય દૌલતથી કોઇ દિલચસ્પી નથી પરંતુ ખલીફાના આ પ્રકારના અમલોને પણ સહન કરી શકતી નથી. હું ચુપ રહીશ નહિ. લોકોની સમક્ષ, પબ્લિકની હાજરીમાં ખલીફાની પાસે આ બધી બાબતોનો ખુલાસો માંગીશ. મારી હક્કાનિયતને-મારી સચ્ચાઇને સાબિત કરીશ અને લોકોને સમજાવીશ કે તમે જે ખલીફાને ચુંટી કાઢયા છે તે ઇસ્લામ અને કુરઆનના કાનૂનના મુતાબિક અમલ કરવા તૈયાર નથી. ખલીફા પોતાની મરજીથી જે કામ કરવા ઇચ્છે છે તે કરે છે.

હાં, હું મસ્જિદમાં જઇશ અને પબ્લિકની સામે ખિતાબ કરીશ અને આ વાત યાદ રહે કે રસૂલુલ્લાહના જમાનામાં અને અબુબકરની હુકુમતમાં સ્ત્રીઓ પણ બધી જ નમાઝો મસ્જિદમાં જમાત સાથે પઢતી હતી. ઉમરે પોતાની ખિલાફતમાં આ બાબત બંધી કરી. સ્ત્રીઓને ઘેર નમાઝ પઢતી કરી.

આ ખબર જંગલની આગની જેમ મદીનામાં ફેલાઇ ગઇ. તેણે એક બોમ્બ ધમાકાની માફક શહેરને હલાવી દીધું.

લોકોમાં ચર્ચા ચાલી, યાદગારે નબી "ફાતેમા સલામુલ્લાહ અલયહા" તકરીર કરવા ઇચ્છે છે. પરંતુ કયા વિષય ઉપર તકરીર કરશે? ચાલો, તેમની ઐતિહાસિક તકરીર સાંભળીએ. મસ્જિદમાં મોહાજેરીન અને અનસાર એકત્ર થઇ ગયા. બની હાશિમની તમામ સ્ત્રીઓ જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાના ઘર તરફ રવાના થઇ. ઇસ્લામની આ

સર્વશ્રેષ્ઠ ખાતૂન ઘરમાંથી બહાર તશરીફ લાવ્યાં. બની હાશિમની સ્ત્રીઓ આપને વીંટળાઇ ગઇ હતી. ઘણાં જ પ્રભાવ અને પ્રતાપ સાથે આપ આગળ ચાલ્યાં. બરાબર આપ પેગંબરે ઇસ્લામની જેમ જ કદમ ઉઠાવતાં હતાં. જ્યારે આપ મસ્જિદમાં પહોંચ્યા, તો આપની સામે એક પરદો લટકાવી દેવામાં આવ્યો. બાપની જુદાઇ અને એક પછી એક ઝુલમથી ભરપૂર દુ:ખદાયક પ્રસંગોએ હઝરત ફાતેમા ઉપર એવો અસર કર્યો હતો કે આપના જિગરમાંથી આહો નીકળતી હતી. આપના ગિર્યા કરવાથી વાતાવરણ એટલું ગમગીન બની ગયું કે ઘણા બધા સ્ત્રી પુરૂષોની પણ ગિર્યા-બુકાની અવાજો બુલંદ થઇ. થોડીક શાંતિ પછી આપે પોતાના વકતવ્યનો આરંભ કર્યો.

# પ્રકરણ-૧૪ : હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાનું આગ ઝરતું ઉદ્બોધન

હું ખુદાની નેઅમતો ઉપર તેની શુક્રગુજારી કરૂં છું, તેની તૌફીકાત ઉપર પણ શુક્રગુજાર છું, તેની અસંખ્ય નેઅમતો ઉપર તેની હમ્દો સના બજાવી લાવું છું, તે નેઅમતો જેની કોઇ હદ નથી, તેની ગણતરી પણ શક્ય નથી અને તેનો બદલો કે વળતર પણ વારી શકતી નથી. ખુદા આપણાથી ઇચ્છે છે કે આપણે તેની નેઅમતોની કદર જાણીએ, તેનો શુક્રિયા અદા કરીએ જેથી તે નેઅમતોમાં વધારો કરે.

અય લોકો! તમને શું થઇ ગયું છે? હજી તો તમારા પેગંબર રસૂલે ખુદા દફન પણ ન થયા હતા અને તમે આ શું કર્યું ? તમારા અંદરૂની કીનો કપટ જાહેર થઇ ગયાં. તમે પહેરેલો દીનનો લિબાસ કેવો

થઇ ગયો? સડી ગયો? ગૂમરાહ લોકો વાતો ઘડવા લાગ્યા. પસ્ત અને નીમ્નતર ઝલીલ લોકોએ માથું ઊંચક્યું. બાતિલનું ઊંટ અવાજ કરીને દુમ હલાવવા લાગ્યું. શયતાને સર ઊંચું કર્યું. તે તમને પોતાના તરફ બોલાવવા લાગ્યો. તમે તેના તરફ લપકી પડયા. તમે કશુંય વિચાર્યા વગર શયતાનની દઅવત કબૂલ કરી લીધી? વળી તમે શયતાનોને માન પણ આપ્યું. તેણે તમને ઉશ્કેર્યા અને તમે હરકતમાં આવી ગયા? તેણે તમને ગઝબનાક થવાનો હુકમ આપ્યો અને તમે ગઝબનાક થઇ ગયા?

અય લોકો! તે ઊંટ જે તમારામાંથી ન હતો, તમે તેના ઉપર પોતાની નિશાની દાગી દીધી. વળી કોઇ બીજાના પાણી પીવાની જગ્યાએ તેને લાવીને બેસાડ્યો. જો કે હજી પેગંબરની મોતને વધારે સમય ગુજર્યો ન હતો. હજી તો અમારા દીલના ડાઘ

રૂઝાયા પણ ન હતા, અમારા ઝખ્મો તાજા જ હતા. હજી તો પેગંબરે ઇસ્લામને દફન પણ કર્યા ન હતા. તમે ફિત્નાના ખોફનું બહાનું બનાવીને ખિલાફતને છીનવી લીધી, પરંતુ ખબરદાર થઇ જાઓ. તમે ખુદ ફિત્નામાં દાખલ થઇ ચૂક્યા છો અને દોઝખે કાફિરોને ઘેરી લીધા છે.

અફસોસ! તમને શું થઇ ગયું છે? અને ક્યાં જઇ રહ્યા છો? જો કે અલ્લાહની કિતાબ તમારી વચ્ચે મોજૂદ છે. તેના અહકામાત સ્પષ્ટ છે. તેના હુકમો અમ્ર અને નહ્ય જાહેર છે. તમે કુરઆનનો વિરોધ કર્યો અને તેને પીઠ પાછળ નાખી દીધું. શું તમે કુરઆન સિવાય બીજા કોઇ તરીકાથી ન્યાય આપવા માંગો છો? તમને જાણ હોવી જોઇએ કે જે વ્યક્તિ પણ ઇસ્લામના સિવાય કોઇ બીજા દીનને ઇખ્તિયાર કરશે તે કબૂલ કરવામાં આવશે નહિ. તે આખિરતમાં નુકસાન ઉઠાવનારાઓમાંથી રહેશે.

તમે એટલી સબર પણ ન કરી શક્યા કે ફિત્નાની આગ ઠંડી પડી જાય અને આગેવાનીનો રસ્તો આસાન થઇ જાય. બલકે ફિત્નાની આગને તમે જ ભડકાવી છે અને શયતાનની દઅવતને કબૂલ કરી લીધી છે. તમે બધા જ દીન અને સુન્નતે નબવીના ચિરાગને બુઝાવવામાં મશ્ગૂલ થઇ ગયા છો. તમારા કાર્યને રૂપાળું નામ આપો છો? દીનના નુકસાનને ફાયદો બતાવો છો? છેતરપિંડીમાં તમે ભલાભોળા માણસોને તમારા પક્ષમાં કરી લીધા છે. દુનિયાપરસ્તો જેની અમારે કોઇ જરૂરત નથી તેઓ પણ તમારા પલ્લામાં વજન વધારી રહ્યા છે. દીનની હિફાઝતનું બહાનું આગળ ધરીને તમારા ફિતનાને વિપરીત જાહેર કરો છો. આ રીતે તમે પેગંબરની એહલેબયત સાથે મકરો ફરેબ કરો છો, સમાજને ધોખો આપો છો, છેતરપિંડી કરો છો.

તમે આવો અકીદો રાખો છો કે અમે પેગંબરની એહલેબયત પેગંબરથી મીરાસ નથી લઇ શકતા. શું તમે કુફ્રના કાનૂનની તરફ પાછા ફરવાનું ઇચ્છો છો? જાહિલીયત તરફ પાછા જાઓ છો? જો કે અલ્લાહના કાયદા તમામ કાયદાઓથી બેહતર છે. શું તમને ખબર નથી કે હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની બેટી છું, શું તમે નથી જાણતા? આ વાત તમારી સમક્ષ આફતાબની જેમ રોશન છે.

અય મુસલમાનો! શું આ યોગ્ય છે કે હું મારા વાલિદે ગિરામીના વારસાથી મહરૂમ થઇ જઉં? અય અબુબકર! શું ખુદાની કિતાબમાં આ પ્રમાણે લખ્યું છે કે તમે તો તમારા બાપનો વારસો મેળવો અને હું મારા બાપના વારસાથી મહરૂમ રહું? તમે ખુદા પર મોટું જુઠ લગાવો છો. શું જાણીબુજીને કિતાબે ખુદાને પીઠ પાછળ ધકેલો છો? શું ખુદાપાકે

કુરઆનમાં નથી કહ્યું કે “સુલયમાન દાઉદના વારસદાર છે?” શું કુરઆનમાં યહ્યા અલયહિસ્સલામનું કથન નકલ નથી થયું કે તેમણે અલ્લાહને અર્ઝ કરી કે “પરવરદિગાર મને નેક ફરઝંદ અતા કર જેથી તે મારો વારિસ બને” અને આલે યાકૂબનો પણ વારિસ બને. શું ખુદાતઆલા કુરઆનમાં નથી ફરમાવતો “કેટલાક વારસાના મામલામાં બીજાઓ કરતાં વધુ મેળવતા હોય છે.” શું ખુદાએ કુરઆનમાં આ હુકમ નથી આપ્યો કે છોકરાઓ છોકરીઓના પ્રમાણમાં બે ગણો ભાગ મેળવે છે. શું ખુદાનું આ ફરમાન નથી કે “તમારા માટે અમે નક્કી કરી રાખ્યું છે કે જ્યારે તમારૂં કોઇ મોતની નજીક હોય અને પોતાનો માલ છોડી જાય તો ઇન્સાફની દ્રષ્ટિએ જે પરહેઝગારોને શોભાસ્પદ છે કે મા-બાપ અને સગાંવહાલાં માટે વસીય્યત કરે.”

શું તમે એમ માનો છો કો હું મારા બાપથી કોઇ સંબંધ નથી ધરાવતી અને તેમનો વારસો નથી મેળવી શકતી? શું વારસા અંગેની આ બધી આયતો તમારા માટે ખાસ છે? અને મારા વાલિદે ગિરામી એનાથી બાકાત છે? અથવા મને તે માટે મીરાસથી વંચિત રાખો છો કે બે મઝહબની વ્યક્તિ અલગ અલગ હોય તો એકબીજાની મીરાસ નથી લઇ શકતી. શું હું અને મારા વાલિદ એક જ દીન ઉપર ન હતા? શું તમે મારા બાબાજાન અને મારા શોહર કરતાં કુરઆનને વધારે સમજો છો?

અય અબુબકર! ફિદક અને ખિલાફત બંને તમને મુબારક થાય પરંતુ હું કિયામતના દિવસે તમારાથી મુલાકાત કરીશ ત્યારે ઇન્સાફ અને કાનૂન બંને અલ્લાહના હાથમાં હશે અને મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ બેહતરીન પેશવા હશે.

અય અબુ કહાફાના પુત્ર! અમારો વાયદાનો દિવસ કિયામતનો દિવસ છે. તે જ રોઝે કિયામત જ્યારે નકામો-જુઠ્ઠો બકવાસ કરનારાઓ જાહેરમાં દેખાશે. તેઓની બકવાસ ફાયદા વગરની અને નુકસાન આપનારી હશે. તેઓ પસ્તાવો કરશે. તમે લોકો ઘણાં જ જલ્દી ખુદાનો અઝાબ જોઇ લેશો.

ત્યાર બાદ આપે અન્સારની સ્ત્રીઓ અને પુરૂષના તરફ ધ્યાન આપી ફરમાવ્યું:

અય મિલ્લતના મદદગારો, જવાનો, અય ઇસ્લામની મદદ કરનારાઓ! મારો હક સ્થાપિત કરવા-સાબિત કરવાના વિષયમાં કેમ સુસ્તી કરો છો? અને આમ મારા ઉપર થતા ઝુલમને જોયા પછી પણ ગફલતની ઊંઘમાં પડ્યા છો? શું મારા વાલિદે ગિરામીએ નથી ફરમાવ્યું કે બુઝુર્ગ અને પરહેઝગાર-બારૂતબા લોકોના એહતેરામને તેમની અવલાદોમાં પણ રક્ષિત રાખો. તમે મારો કોઇ

એહતેરામ ન કર્યો? એટલો પણ પાસ ન રાખ્યો કે હું નબીની બેટી છું. તમે કેટલો જલ્દી ફિત્નો ઊભો કરી દીધો? તમે કેટલા જલ્દી દુનિયાપરસ્ત અને માલ હોદ્દાના-હુકુમતના હવસી બની ગયા? તમે લોકો મારી ઉપર થતા ઝુલમને રોકવાની શક્તિ ધરાવો છો. મારા છીનવાઇ ગયેલા હકને પાછો ફેરવવાની શક્તિ ધરાવો છો. શું કહો છો કે મોહંમદ ગુજરી ગયા? પરંતુ આ બાબત ઘણી જ મોટી મુસીબત છે. જેનો ઘાવ મારા દિલ ઉપર દરરોજ વધી રહ્યો છે. ઘાવની વેદના પણ વધી રહી છે. પેગંબરે ઇસ્લામની ગયબતથી જમીન ઉપર અંધકાર છવાઇ ગયો છે. સૂરજ અને ચાંદ બેરોનક થઇ ગયા છે. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ઇન્તિકાલની મુસીબત ઉપર સિતારાઓ વેર-વિખેર થઇ ગયા છે, ઉમ્મીદો તૂટી ગઇ છે, પહાડો હાલી ઊઠ્યા છે.

પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ઇઝ્ઝતનો કોઇ જ ખ્યાલ કરવામાં ન આવ્યો. ખુદાએ પાકની કસમ! આ એક એવી મુસીબત છે જેનું ઉદાહરણ જોવા નહીં મળે. અલ્લાહની કિતાબ જે સવાર-સાંજ ઘરોમાં પઢવામાં આવે છે તે મુસીબતની ખબર આપે છે કે અંબિયા પણ ઇન્સાન જેવા છે, રૂહાની ઇન્સાનો છે, નૂરાની ઇન્સાનો છે, બશક્લે ઇન્સાન હોવાથી તેઓનું આ દુનિયા છોડી જવું યકીની છે. કુરઆનમાં અલ્લાહતઆલા ફરમાવે છે:

وَمَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ ۚ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ ؕ اَفَا۟ئِنْ مَّاتَ اَوْ
قُتِلَ انْقَلَبْتُمْ عَلٰٓى اَعْقَابِكُمْ ؕ وَمَنْ يَّنْقَلِبْ عَلٰى عَقِبَيْهِ فَلَنْ
يَّضُرَّ اللّٰهَ شَيْـًٔا ؕ وَسَيَجْزِى اللّٰهُ الشّٰكِرِيْنَ ﴿۱۴۴﴾

(સૂ. આલે ઇમરાન આ-૧૪૪)

"મોહંમદ પણ પાછલા પેગંબરો જેવા જ છે. જો આપ મૃત્યુ પામે અથવા આપને કતલ કરી નાખવામાં આવે તો શું તમે દીનથી ફરી જશો? કોઇના દીનથી અલગ થઇ જવાથી ખુદાનું કોઇ નુકસાન થવાનું નથી. ખુદા શુક્ર અદા કરનારાઓને સારો બદલો આપે છે."

અય ઇસ્લામના ફરઝંદો! શું તમે આ યોગ્ય માનો છો કે હું મારા બાપના વારસાથી વંચિત રહું. જ્યારે કે તમે આ જોઇ રહ્યા છો અને સાંભળી પણ રહ્યા છો અને મારી સમક્ષ ઊભેલા છો. મારી પુકાર તમારા સુધી પહોંચી ચૂકી છે. તમો સમગ્ર ઘટનાથી બાખબર છો, જો કે તમારી સંખ્યા વધારે છે. તમે શક્તિશાળી છો, સાથે હથિયારો પણ ધરાવો છો. મારી ફરિયાદની અવાજો તમારા સુધી પહોંચે છે. પરંતુ તમે તેના ઉપર લબ્બૈક નથી કહેતા. અય લોકો! તમે મારી ફરિયાદ સાંભળો છો પરંતુ મારી

મદદ નથી કરતા. તમે લોકો બહાદુરીમાં પ્રખ્યાત છો. નેકી અને ભલાઇના કામોમાં પ્રશંસિત છો, વળી પસંદ કરેલા લોકોમાંથી છો. તમે અમો અહલેબયતની મદદ કેમ નથી કરતા? તમે અરબો સાથે જંગો લડી છે, સખ્તીઓ સહન કરી, જ્યારે પણ અમે ઊભા થયા- તમે પણ ઊભા થયા, અમો હુકમ આપતા હતા-તમો ઇતાઅત કરતા હતા. ઇસ્લામને રોનક મળી, માલેગનીમતમાં વધારો થયો, મુશરેકીન પરાસ્ત થઇ ગયા, અસત્યનો ઊભરો ખતમ થઇ ગયો, કુફ્રની આગ ઠંડી પડી ગઇ, અવ્યવસ્થાની અવાજો બંધ થઇ ગઇ, દીનની વ્યવસ્થા સ્થાપિત થઇ ગઇ.

અય અનસાર! આશ્ચર્ય પામીને ક્યાં જઇ રહ્યા છો? સત્ય તમારી સમક્ષ રોશન થઇ ગયા પછી તેને કેમ છુપાવો છો? શું તમે ઇમાન લઇ આવ્યા પછી મુશરિક થઇ ગયા છો? સત્યાનાશ તે લોકોનું

જેમણે પોતાના ઇમાન અને અહદને તોડી નાખ્યા છે. શું રસૂલે ઇસ્લામના ઘરને શહેરથી બહાર કાઢવાનો ઇરાદો કર્યો છે? શું તમે મુનાફિકોથી ડરો છો? જો કે તમારે તો ફક્ત ખુદાથી ડરવું જોઇએ.

અય લોકો! હું જોઇ રહી છું કે તમે પડતીની તરફ જઇ રહ્યા છો. તે વ્યક્તિ(હઝરત અલી અલયહિસ્સલામ) જે તમને વ્યવસ્થિત, સંગઠિત કરવામાં અગ્રસ્થાને છે. તમે તેને પાછળ ધકેલી દીધા. પછી તમે એશ આરામમાં મશ્ગૂલ થઇ ગયા. જિંદગી અને જેહાદનું વિશાળ મેદાન છોડીને એશ આરામમાં ચાલ્યા ગયા? જે કંઇ તમારા દિલમાં હતું તે તમે જાહેર કરી દીધું. (એહલેબયત પ્રત્યેનો કીનો-કપટ) અને જે કંઇ તમે પી ચૂક્યા હતા તે ઓકી નાખ્યું છે. પરંતુ સાવધાન થઇ જાઓ. જો તમે અને સાથે તમામ પૃથ્વી પરના લોકો કાફિર થઇ જાય તો પણ ખુદા તમારો મોહતાજ નથી.

અય લોકો! જે કંઇ મારે કહેવું હતું તે મેં કહી દીધું છે. જો કે હું જાણું છું કે તમે મારી મદદ કરવાના નથી. તમારો ઇરાદો મારાથી છુપો નથી, પરંતુ શું કરૂં? દીલમાં એક દર્દ હતું, તેને જોશ અને હોશ સાથે જાહેર કરી દીધું. કયામતની હુજ્જત ખતમ કરી દીધી. કયામતમાં તમે એમ નહીં કહી શકો કે યા અલ્લાહ! નબીની બેટી ઉપર થયેલા ઝુલમની અમને જાણ ન હતી. હવે ફિદક અને ખિલાફતની સારી રીતે હિફાઝત કરો, પરંતુ યાદ રાખજો કે એમાં ઘણીબધી મુશ્કેલીઓ છે. એની ઝિલ્લત હંમેશા તમારા દામન ઉપર છવાયેલી રહેશે. તમારા ઉપર ખુદા હંમેશા ગઝબનાક રહેશે. ખિલાફત અને ફિદકનો બદલો જહન્નમની આગ હશે. અલ્લાહતઆલા તમારા કૃત્યોથી બરાબર બાખબર છે. ઘણું જ જલ્દી સિતમગારો પોતાના આમાલના પરિણામો જોઇ લેશે. જે કંઇ તમે કરી શકો છો તેને

કરતા રહો, અમે પણ તમારાથી બદલો લઇશું. તમે પણ ઇન્તિઝાર કરો, અમે પણ મુન્તઝિર છીએ, હું મારૂં વકતવ્ય ખતમ કરૂં છું.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّد

(એહતેજાજે તબરસી પ્રકાશન નજફે અશરફ હિજરી ૧૩૮૬ ભાગ-૧ પેજ-૧૩૧ થી ૧૪૧, શરહ ઇબ્ને અબિલ હદીદ ભાગ-૧૬ પેજ-૨૧૧, કિતાબ બલાગતુન્નિસા લેખક અહમદ બિન અબી તાહિર જન્મ હિજરી ૨૦૪ પેજ-૧૨ થી ૧૮, કશકુલ ગુમ્મા ભાગ-૨ પેજ-૧૦૬)

# પ્રકરણ-૧૫ : ખલીફાનો પ્રતિકાર

હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાએ ખલીફા અને અન્ય સહાબાના હજારોના માનવ સમૂહની સમક્ષ, બહાદુરી સાથે આગઝરતું ઉદ્બોધન ફરમાવ્યું. પોતાની ફરિયાદને અનેક દલીલોને કુરઆનથી પણ સાબિત કરી. હકીકી ખલીફાના ફઝાએલ પણ વર્ણવ્યા.

ઇજતેમાઅ આશ્ચર્યચકિત થઇ ગયો. હાજરજનોનો મોટો ભાગ, જેઓને હજી સુધી કંઇ જાણ ન હતી, સાથે હુકુમતનો દુષ્પ્રચાર પણ હતો. હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાને સાંભળીને આપના પક્ષમાં પોતાનો મત આપતો થઇ ગયો. ખલીફા પોતે પણ લાજવાબ થઇ ગયા. શું કરવું, શું બોલવું, ખલીફાને કંઇ સમજાતું ન હતું. જો ખલીફા ઇચ્છે કે બહુમતિ પબ્લિકના મતને અનુસરીને ફિદક

ફાતેમા સલામુલ્લાહ અલયહાને પાછો આપી દે તો આ બાબતમાં બે રૂકાવટો હતી.

<u>**પ્રથમ મુદ્દો :**</u> ખલીફાએ વિચાર્યું કે જો ઝેહરા સલામુલ્લાહ અલયહા આ બાબતમાં કામ્યાબ થઇ ગયાં અને ફિદક અંગેની તેમની વાતને માની લેવામાં આવી, તો ભય છે કે તે બીજી વખત ફરી પાછા આવશે અને પોતાના પતિનો ખિલાફતનો હક રજૂ કરશે. વળી બીજી વખત ખિલાફત માટે આવી પુરજોશ તકરીર કરશે.

ઇબ્ને અબીલ હદીદ લખે છે કે મેં મદ્રસએ ગરબીયાના ઉસ્તાદ અલી બિન ફારૂકીને વિનંતી કરી. શું જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા પોતાના દાવામાં સાચાં હતાં કે નહીં?

ઉસ્તાદે કહ્યું: હા, હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા ૧૦૦ ટકા સાચા હતા.

મેં કહ્યું : જનાબ અબુબકર એમને સાચા જાણતા હતા છતાંય તેઓને ફિદક પાછો કેમ ન આપ્યો?

ઉસ્તાદ મુસ્કુરાયા, પછી એક ઉમદા ઉત્તર આપ્યો: જો તે દિવસે એમને ફિદક પરત આપી દેત તો બીજા દિવસે તેઓ આવતાં અને પોતાના પતિ માટે ખિલાફતની માંગણી કરતાં. અબુબકર પોતાની ખિલાફત ઉપરથી પદભ્રષ્ટ થઇ જાત, કારણ કે અગાઉનો દાવો સાચો માનવામાં આવ્યો જેથી બીજો દાવો પણ સાચો ગણવો પડત.

(શરહ ઇબ્ને અબિલ હદીદ ભાગ-૧૬ પેજ-૨૮૬)

<u>**બીજો મુદ્દો :**</u> જો હઝરત અબુબકર ફિદક માટે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની માંગણીની તસ્દીક કરી દેત તો તેમણે પોતાની ભૂલનો ઇકરાર કરવો પડત. જેથી તેઓની ખિલાફતના પ્રથમ દિવસથી જ એતેરાઝ કરનારાઓનો રસ્તો ખુલી

જાત કે આ તો પ્રથમ દિવસથી ભૂલો કરે છે. આ પ્રકારની ભૂલ હુકુમત અને ખિલાફત બંને માટે સહન કરવા લાયક ન હતી.

પરંતુ હઝરત અબુબકર એટલા જલ્દી મેદાન છોડીને ભાગી જાય એવી વ્યક્તિ ન હતા. અલબત્ત આપે તો પાણી આવતાં પહેલાં જ પાળ બાંધી દીધી હતી. ખલીફા સાહેબે વિચાર્યું કે પોતાના વકતવ્યના ઝરીયાથી જનાબે ફાતેમાએ લોકોના દીલ જીતી લીધાં છે. વળી લોકોના દીલ ઉપર એક જાદુ જેવી પરિસ્થિતિ ઊભી કરી દીધી છે. પબ્લિકના અવાજને ખામોશ કરવું પણ જરૂરી છે. પબ્લિકની અવાજને દાબી દેવું કે માની લેવું એના કરતાં ખામોશ કરવું બેહતર છે. તે પણ લોકોને બુદ્ધિપૂર્વક ખામોશ કરવા, અબુબકર જમાનો ખાઇ ગએલા હતા. રાજકારણી પણ ખરા જ. ત્યારે તો ખલીફા બની ગયા હતા.

દીનના નામથી ઇસ્લામને આગળ ધરીને, ઇસ્લામ અને પેગંબરે ઇસ્લામના નામને રટીને ફાતેમાનું માથું ફાટી જાય તેવો જવાબ આપવો જોઇએ. સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની બેટીની પણ તારીફ કરીને પોતાને બેકસૂર અને લાચાર સાબિત કરવું જોઇએ. ખલીફાએ વિચાર્યું કે દીનની તરફદારી કરીને જ લોકોના દીલ જીતી શકાય છે.

આપણે જોઇએ છીએ કે અત્યારના ભારત પાકિસ્તાનનો એકે એક રાજકારણી પણ આમ જ કરતો આવ્યો છે. પોતે તદ્દન નાસ્તિક જેવો હોય, અંગત જીવન તો પત્ની અને ઘરવાળાં જ જાણતાં હોય છતાંય જે કોઇ રાજ્યમાં જાય ત્યાંના મોટા મંદિરમાં જઇ ટીલાં, ટપકાં, પૂજાપાઠ, નમન બધું જ નાટક કરે, વળી મુસલમાનોની કોઇ મોટા પીરની દર્સગાહ આવે તો ત્યાં પણ ચાદર ચઢાવે, મતલબ

કે ધર્મને આગળ લાવે. પાકિસ્તાનના પણ બધા જ નેતાઓ ઇસ્લામનું નામ લેતા આવેલા છે, ભલે પછી ૩૬૦ દિવસમાં એક ટાઇમની નમાઝ પણ ન પઢતા હોય. રમઝાનના ૩૦ રોઝામાંથી ૧ રોઝો પણ ન રાખતા હોય. છતાંય ઇસ્લામના નામથી જ પબ્લિકને રાજી કરી દે, પોતાને ખુદાપરસ્ત, નેક, અલ્લાહ-રસૂલનો પ્યારો બનાવી દે.

હઝરત અબુબકરે પણ રાજકારણી ઢબે આ જ રીત અપનાવી લીધી. લોકોના દીલોને શકમાં નાખી દીધાં.

## ખલીફાનો જવાબ

દુખ્તરે રસૂલ, જીગર પારએ રસૂલ, માસૂમા ફાતેમા સલામુલ્લાહ અલયહાની કુરઆન-સુન્નતની દલીલો સાથેની હક અને વારસાની માંગણી, સત્ય ઉપર આધારિત દલીલો વગેરે સાંભળીને લોકો

હક્કાબક્કા થઇ ગયા હતા. ફાતેમા સલામુલ્લાહ અલયહાના હકને સાચો માનતા થઇ ગયા હતા. તેના જવાબમાં હઝરત અબુબકરે જણાવ્યું:

દુખ્તરે રસૂલ! આપના વાલિદ મોમેનીન ઉપર રહેમતવાળા અને ખૂબ જ મહેરબાન હતા. અલબત્ત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ આપના જ વાલિદ છે. કોઇ બીજી સ્ત્રીના નહિ. આપના શોહરના ભાઇ પણ છે. આપ અલીને તમામ લોકો ઉપર પ્રભૂત્વ આપ્યા કરતા હતા. જે કોઇ આપને દોસ્ત રાખશે તે બક્ષિસ પામશે અને જે કોઇ આપથી દુશ્મની કરશે તે નુકસાન ઉઠાવશે. આપ પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ઇતરત છો. આપે અમને ખૈરો ભલાઇ અને જન્નત તરફ બોલાવ્યા છે. આપ દુન્યવી સ્ત્રીઓમાંથી બેહતરીન સ્ત્રી અને અંબિયામાંથી બેહતરીન નબીની દુખ્તર છો. આપની અઝમત,

આપની સચ્ચાઇ, આપની ફઝીલત, આપની અક્કલ-બુદ્ધિ, સમજ કોઇના ઉપર છુપી નથી, અમે બધા જ એને માનીએ છીએ. કોઇને સત્તા નથી કે આપને આપના હકથી મહરૂમ રાખે.

પરંતુ ખુદાની કસમ! હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ફરમાનથી વિરોધ નથી જઇ શકતો. જે કાર્ય પણ કરૂં છું, આપના વાલિદની રજામંદીથી અંજામ આપું છું. કાફલાનો સરદાર જુઠું નથી બોલતો ખુદાની કસમ, મેં તમારા વાલિદથી સાંભળ્યું છે કે ફરમાવી રહ્યા હતા. “અમે અંબિયા સિવાય ઇલ્મ વ નુબુવ્વત-સોના ચાંદી, ઘર અને મિલકત વારસામાં છોડતા નથી.” જે માલ અમારો બાકી રહી જાય તે મુસલમાનોના ખલીફાના કબજામાં જશે. હું ફિદકની આવક દ્વારા હથિયારો ખરીદીશ, વળી જંગોમાં આ નાણાં ખર્ચીશ, કદાચ તમને આવો ખ્યાલ હોય કે મેં

એકલાએ ફિદક ઉપર કબજો કર્યો છે. નહીં, બલકે મારા આ પગલામાં તમામ મુસલમાનો શરીક છે. અલબત્ત મારો જાતી માલ આપના ઇખ્તયારમાં આપું છું. જેટલો જોઇએ તેટલો લઇ લો, મને કોઇ એતેરાઝ નથી. શું આ બની શકે છે કે હું આપના વાલિદના કાનૂનનો વિરોધ કરૂં?!!

## હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાનો જવાબ

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ જવાબમાં ફરમાવ્યું: સુબ્હાનલ્લાહ! મારા વાલિદે ગિરામીએ કિતાબથી મોં ન ફેરવ્યું, ઇસ્લામી અહકામની મુખાલિફત ન કરી. શું તમે ખિયાનત નથી કરી? મારા બાબાજાન ઉપર બોહતાન બાંધવામાં તમો બધા એકમત થઇ ગયા છો? તમારા આ અમલ તે નાફરમાનીઓથી મળતો આવે છે જે નાફરમાનીઓ તમે અને તમારી ટોળકી મારા

વાલિદે ગિરામીની જિંદગીમાં કરતા હતા. શું કુરઆનમાં અલ્લાહે જનાબ ઝકરિયા અલયહિસ્સલામનો કોલ નકલ નથી કર્યો? જે ખુદાથી અર્ઝ કરી રહ્યા હતા.

فَهَبْ لِي مِنْ لَّدُنْكَ وَلِيًّا ﴿٥﴾

يَّرِثُنِي وَيَرِثُ مِنْ اٰلِ يَعْقُوبَ

(સૂ. મરિયમ આ-૫,૬)

ખુદાયા! મને એવો ફરઝંદ આપ, જે મારો વારીસ બને અને આલે યાકૂબનો વારિસ બને.

શું કુરઆનમાં આ નથી?

وَوَرِثَ سُلَيْمٰنُ دَاوٗدَ

(સૂ. નમ્લ આ-૧૬)

અને સુલયમાન દાઉદના વારિસ બન્યા.

શું કુરઆનમાં વિરાસતના અહકામ મોજૂદ નથી? કેમ નથી? આ તમામ વાતો કુરઆનમાં મોજૂદ છે. વળી તમને પણ ખબર છે. પરંતુ તમારો ઇરાદો અમલ ન કરવાનો છે, અને મારા માટે ધીરજ-સબર સિવાય બીજો કોઇ રસ્તો નથી.

હઝરત અબુબકરે જવાબમાં કહ્યું: ખુદા વ રસૂલ અને આપ સાચું કહો છો. આ મુસલમાનો મારા અને તમારી વચ્ચે ફેંસલો કરશે કારણ કે એમણે જ મને ખિલાફત ઉપર બેસાડ્યો છે અને મેં એમની મંજૂરીથી ફિદક કબ્જે કર્યો છે.

(એહતેજાજે તબરસી ભાગ-૧ પેજ-૧૪૧)

અબુબકરે દેખાવ પૂરતો સામાન્ય જનસાધારણનો હાઊ ઊભો કર્યો. મેં તો અવામ-પ્રજાના ફાયદા માટે આમ કર્યું છે. એવું ગાણું ગાતા રહ્યા. આવી ચાલાકી દ્વારા સામાન્ય જનસાધારણના જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા તરફના

ઝુકાવને ઠંડો કરી દીધો. કોઇક કોઇક હઝરત ઉમરની જેમ બુમબરાડા પાડનારા સ્વાર્થીઓ હતા, તેઓને નાના મોટા સરકારી કામે લગાડી દીધા, તેઓ પણ ઠંડા થઇ ગયા. કહેવત છે કે સત્તા આગળ શાણપણ ખોટું છે. મોટામાં મોટી બાબત સત્તા ભૂખ છે.

## ખલીફાનું પ્રતિકારાત્મક વલણ

સભા ખતમ થઇ ગઇ. લોકો વિખેરાવા લાગ્યા. પરંતુ ચું-ચાં-આ ખરૂં, તે ખરૂં-જેવા અવાજો ચાલુ રહ્યા. અસહાબના દરમ્યાન જનાબ ફાતેમાની તકરીરના મામલામાં ચર્ચા ચાલુ રહી. અહીં સુધી કે હુકુમતને લોભ, લાલચનો તથા ધમકી, ચેતવણીનો આશરો લેવો પડ્યો.

રિવાયતોમાં છે કે હઝરત ઝેહરાની તકરીરની પબ્લિક ઉપર એટલી ભારે અસર થઇ કે

લોકો રડવા લાગ્યા. અબુ બકરને બૂમો પાડવા લાગ્યા. ખિલાફતના ઘરને ઉલટી નાખ્યું. તેમાં તોડફોડ કરી, ચારે તરફ શોરગુલ મચી ગયો, ચારે તરફ વિરોધની અવાજો સંભળાવા લાગી, લોકો ગિર્યા-બુકા કરવા લાગ્યા. લોકોનો ગુસ્સો એકદમ વધી ગયો હતો.

હઝરત અબુબકરે હઝરત ઉમરને કહ્યું: તમે કોમને ફિદક ફાતેમાને પાછો ન આપવા દીધો? ઉલટો મુશ્કેલીમાં નાખી દીધો? હજીય સારૂં છે કે અમે લોકો ફિદક ફાતેમાને પરત કરી દઇએ. જેથી આ પબ્લિક ઉહાપોહ શમી જાય. હઝરત ઉમરે જવાબ આપ્યો. ફિદક પાછો આપવામાં મસલેહત નથી. આ સમજી લો કે હું તમારી ભલાઇ ઇચ્છું છું.

હઝરત અબુબકરે કહ્યું: લોકોમાં જે ઉશ્કેરાટ તમે જોઇ રહ્યા છો તેનું શું કરીશું? હઝરત ઉમરે જવાબ આપ્યો: આ ઉશ્કેરાટ ઉપરછલ્લો, આ સમય

પૂરતો અને હંગામી છે. વધારે સમય ટકશે નહિ. આ વાદળનો એક ટૂકડો છે. તમે નમાઝ પઢો, ઝકાત આપો, અમ્ર બિલ મઅરૂફ કરો, નહ્ય અનિલ મુન્કર કરો, મુસલમાનોના બયતુલ માલમાં વધારો કરો. સિલે રહમી કરો, જેથી ખુદા તમારા ગુનાહોને માફ કરી દેશે. કારણ કે ખુદા કુરઆનમાં ફરમાવે છે કે નેકીઓ બુરાઇઓને ખતમ કરી દે છે.

હઝરત અબુબકરે પોતાનો હાથ હઝરત ઉમરના ખભા ઉપર રાખતાં કહ્યું: આફરીન છું તમારી ઉપર, તમે મારી કેવી મોટી મુશ્કેલીને હલ કરી દીધી.

ત્યાર પછી તેમણે લોકોને મસ્જિદમાં એકત્ર કર્યા. મિમ્બર પર બેસીને હમ્દો સના પછી લોકોને ઉદ્દેશીને કહ્યું: અય લોકો! આ અવાજો અને ચેમિગોઇયાં શા માટે છે? દરેક કેહનાર કંઇ ઇચ્છા રાખે છે. રસૂલુલ્લાહના જમાનામાં આવી ઇચ્છાઓ

ક્યાં હતી? જેણે સાંભળી હોય તો જણાવે. બલકે આ પ્રમાણે નથી. પરંતુ તે પેલી શિયાળના જેવી છે. જેની સાક્ષી તેની પુંછડી હોય છે. (અસ્તગફિરૂલ્લાહ, અલ્લાહ આપણને માફ કરે. મારે લખવું પડે છે. અલઅયાઝો બિલ્લાહ)

પોતાનું પ્રવચન ચાલુ રાખતાં અબુબકરે કહ્યું: જો હું ઇચ્છું તો કહી શકું છું. કહીશ તો ભેદ ખૂલી જશે. (આ એક ગપ્પું છોડ્યું લોકોને શાંત કરવા) પરંતુ જ્યાં સુધી મને તેમની સાથે કોઇ લેવા દેવા નથી. હું શાંત રહીશ. છોકરીથી મદદ લઇ રહ્યા છે અને સ્ત્રીઓને ઉશ્કેરી રહ્યા છે. અય અસહાબે પેગંબર! મારા સુધી કેટલાક નાદાનોની વાતો પહોંચી છે. જો કે તમારે રસૂલુલ્લાહના ફરમાનોની પેરવી કરવી જોઇએ. તમે રસૂલુલ્લાહને મદીનામાં આશરો આપ્યો, તેમની મદદ કરી, જેથી તમારા માટે આ વધારે જરૂરી છે કે તમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો

અલયહે વઆલેહી વસલ્લમના અહકામથી મોં ન ફેરવો. તમે બધા આવતી કાલે અહીં આવો, તમારા પગારો અને હક વગેરે લઇ જજો. જાણી લેજો કે હું કોઇનો ભેદ ખોલવાનો નથી. મારા હાથ અને જીભથી કોઇને તકલીફ પહોંચાડીશ નહિ પરંતુ તેને કે જે સજાપાત્ર બની જાય.

(દલાઇલુલ ઇમામા પેજ-૩૮)

## "ખલીફાના પ્રતિકારાત્મક વલણ" ઉપર એક ચર્ચા

હઝરત અબુબકર અને હઝરત ઉમર રાજકારણની સારી એવી સૂજબૂજ ધરાવતા હતા. આ વાત આપના ઉપરોક્ત ઉત્તરોથી સાબિત થાય છે. "હું ભેદ ખોલતો નથી" આ શબ્દો દ્વારા હઝરત અબુબકર હઝરત અલી અલયહિસ્સલામ જેવી માસૂમ વ્યક્તિ ઉપર આક્ષેપ કરે છે. સદંતર જુઠો આક્ષેપ કરે છે. રાજકારણીઓ પોતાના હરીફમાં જો

કોઇ ખામી નથી જોતા તો સમાજને આ રીતે ગુમરાહ કરે છે. રાજકારણીઓ ખાય પણ છે અને ખવડાવે પણ છે. મસ્જિદમાં બોલાવેલા લોકોને આપે કહ્યું કે આવતી કાલે તમે આવો, તમારા વજીફાઓ (પગારો) અને ગનીમતમાંથી જે કંઇ છે તે લઇ જાઓ. વિરોધીઓનું મોં બંધ કરવા માટે રાજકારણીઓની આ પોલીસી દાદા આદમથી ચાલી આવે છે. હઝરત અબુબકરે અને હઝરત ઉમરે પોતાની ખિલાફતોને સ્થાયિત્વ બક્ષવા સામ, દામ, દંડ અને ભેદની નીતિ અપનાવી હતી. "ખલીફાનું પ્રતિકારાત્મક વલણ"ના બીજા ફકરામાં હઝરત ઉમરનો જે જવાબ આપણે વાંચી ગયા તે તો ખરેખર હઝરત ઉમરની રાજરમતને દાદ આપે એવો છે. જરા ફરીથી જોઇ લઇએ. ઇસ્લામી ઇતિહાસની વાત કરતાં, એહલેબ્ૈતે રસૂલ ઉપર ઝુલમની વાત કરતાં, અત્યારના વહાબીઓ પણ આ

જ જવાબ આપે છે. જ્યારે મેં આ કિતાબમાં વાંચ્યું ત્યારે મને તબ્લીગી-દેવબંદી બિરાદરોનો જવાબ યાદ આવ્યો. થયું કે ખરેખર આ જવાબ તો હઝરત ઉમરનો છે.

હઝરત અબુબકર તો ફિદક ફાતેમા સલામુલ્લાહ અલયહાને પરત આપવા માંગતા હતા પરંતુ હઝરત ઉમરે લખાણ ફાડી નાખીને તે પરત આપવા ન દીધો, આ તો સ્પષ્ટ બાબત છે. હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાના તમામ મદીનાના લોકોને ઉદ્બોધન પછી જે ઉશ્કેરાટ પેદા થયો તેનાથી ગભરાઇને હઝરત અબુબકરે હઝરત ઉમરને ફરિયાદ કરી કે ફિદક પાછો ન મળતાં આ પબ્લિક ઉશ્કેરાટને કેવી રીતે બંધ કરૂં, સાથે હઝરત અબુબકરને પોતાને દીલમાં પણ એક ગભરાટ હતો કે આ ગુનાહની સજા પોતાને થશે. પોતે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા ઉપર ઝુલમ કરી

રહ્યા છે. તેના જવાબમાં હઝરત ઉમરનો જવાબ ફરીથી વાંચી જઇએ.

તમે નમાઝ પઢો, ઝકાત આપો, અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કર કરો, મુસલમાનોના બયતુલમાલમાં વધારો કરો, સિલેરહમી કરો જેથી ખુદા તમારા ગુનાહોને માફ કરી દેશે કારણ કે ખુદા કુરઆનમાં ફરમાવે છે. “નેકીઓ બુરાઇઓને ખતમ કરી દે છે.”

હઝરત ઉમરને અમે પૂછીએ કે જનાબ ઝુલમ કેવી રીતે માફ થશે? ખિલાફતને તમે ચોંટી પડયા, ઝૂંટવી લીધી તે ગુનો કેવી રીતે માફ થશે. નબી સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ઉપર સનેપાત થયાનો આક્ષેપ કર્યો તે ગુનો કેવી રીતે માફ થશે. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના ઘરને સળગાવ્યું, આપને ચોટ આવી, ગર્ભપાત થયો,

હાથો ઉપર ચાબુકના સોળ પડયાં, આપનો બાગ લઇ લીધો-આ બધા ગુનાહ શું માફ થઇ જશે?

મારો અનુભવ છે કે હું મારા તબ્લીગી દોસ્તો કે ઓળખીતાઓને જ્યારે એહલેબયતની મહબ્બત વિશે વાત કરૂં, અલી-ફાતેમા અને હસન-હુસૈન તથા તેઓની અવલાદની મહબ્બત વાજિબ છે. તે અંગે ચર્ચા કરી ઇસ્લામના ઉદયકાળમાં બનેલી ઉપરોક્ત ઘટનાઓનો ઉલ્લેખ કરૂં ત્યારે આ લોકો લાજવાબ થઇ જાય છે. પછી તેઓ આ હઝરત ઉમરવાળો જવાબ આપે છે. "ઇબ્રાહીમભાઇ! આ બધી શું માથાફૂટ, ઇતિહાસમાં શું બન્યું? જે બન્યું હશે તે બન્યું હશે. આપણે શું લેવા દેવા? નમાઝ પઢો, રોઝા રાખો, ઝકાત આપો, હજ કરો, કુરઆન પઢો, વળી આમ થયું છે ને તેમ થયું છે- આ બધી શું માથાફૂટ, નેકી કરતા રહો."

ઉપરોક્ત જવાબ મારા જુના વહાબી વર્તુળ પાસેથી સાંભળ્યો ત્યારે મને આશ્ચર્ય થતું. પછી જ્યારે આ કિતાબમાં હઝરત ઉમરનો-હઝરત અબુબકરને આ જ જવાબ વાંચ્યો ત્યારે મને વધારે આશ્ચર્ય થયું કે યા અલ્લાહ! આ તો ગુરૂજીનો જ જવાબ છે જે ચેલાઓના મોઢે મોલ્વીઓએ ચઢાવી દીધો છે. જ્યાં સુધી ઇસ્લામના ઉદયકાળમાં પાછા નહિ ફરો ત્યાં સુધી હક સમજાશે નહિ. ઇસ્લામને સમજીને ઇખ્તયાર કરો, વારસામાં મળેલો ઇસ્લામ ખોટો સિક્કો છે, વધારે ખખડે છે. ખોટો સિક્કો વધારે ખણખણાટ કરતો હોય છે.

## પ્રકરણ-૧૬ : ઉમ્મુલ મોઅમેનીન ઉમ્મે સલમા રઝિયલ્લાહો તઆલા અન્હાનું હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની વહારે ધાવું.

એક વખત અબુબકર હઝરત ઉમ્મે સલમાના હુજરા પાસેથી પસાર થતા હતા તો આપે પોતાનું મોં બહાર કાઢ્યું કારણ કે આપ હજી ઘરની બહાર નીકળી શકે એમ ન હતું. રસૂલુલ્લાહની વફાતને હજી પંદર જ દિવસ થયા હતા. વળી ગઇકાલના અબુબકર જે રસૂલુલ્લાહની આંગણામાં ધક્કા ખાતા હતા તે બોલાવવાથી તો આવે નહિ, જેથી ઉમ્મે સલમાએ અબુબકરને ઊભા રાખ્યા. ઘરમાંથી પોતાનું મોઢું બહાર કાઢ્યું, પછી કહ્યું: અય અબુબકર! શું તમે આ વાતચીત તે ઓરત માટે કરો છો, જેમને ફાતેમા કહે છે. જ્યારે ફરમાને રસૂલ અનુસાર તે ઇન્સાની શક્લમાં હૂર છે, જેમની

પરવરિશ પેગંબરના ખોળામાં થઇ છે. ફરિશ્તાઓની સાથે હાથોહાથ રમી છે. તમામ પાકીઝહ અને શ્રેષ્ઠ હાથોમાં જેમનું પાલનપોષણ થયું છે. બેહતરીન માહોલમાં સરદારૂલ અંબિયાના હાથોમાં રમી છે.

શું તમે આવું ગુમાન રાખો છો કે પેગંબરે ઇસ્લામે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાને પોતાની વિરાસતથી વંચિત કરી દીધી છે? અને રસૂલે ખુદાએ આ વાત સ્વયં ફાતેમાને ન કીધી? વાહ, તમને તો રસૂલે વાત કરી પરંતુ પોતાની બેટીને ન કરી. જો કે વિશ્વની તમામ ઓરતોથી બેહતરીન, શ્રેષ્ઠ ફઝીલત ધરાવનારી, બેહતરીન જવાનો-જેઓ જન્નતના જવાનોના સરદારની મા છે. ઇમામ હસન અલયહિસ્સલામ અને ઇમામ હુસૈન અલયહિસ્સલામની મા છે. અય અબુબકર! તમને આ શું થઇ ગયું? જન્નતની ઓરતોની સરદાર ખાતૂન ઉપર તમે આ ઝુલમ ઢાઓ છો? તે ખાતેમુલ

અંબિયાની બેટી છે, અય અબુબકર! આ ઉમ્મતના નબીની બેટી છે તેનો દરજ્જો જનાબે મરિયમ-માદરે ઇસાથી વધારે છે. અય અબુબકર! રસૂલુલ્લાહ ફાતેમાની શરદી ગરમીથી જાતે જ હિફાઝત કરતા હતા. અય અબુબકર! ફાતેમા પગથી માથા સુધી સરાપા નૂર છે. તેમની સાથે તમે બધા આ કેવી વર્તણુંક કરો છો? અય અબુબકર! તમને આ શું થઇ ગયું? હજી તો જાણે પેગંબર આપણી આંખોની સામે છે. બહુ જલ્દી તમે તમારા આ બુરા કૃત્યોનું પરિણામ ભોગવશો. હુકુમતની હવસે તમને અંધાપો લાવી દીધો છે. જનાબ ઉમ્મે સલમાએ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની વહારે ધાઇ તેમનું સમર્થન પોતાના હુજરાની બારીમાંથી ડોકિયુ કરીને કર્યું. હઝરત અબુબકરને ઊભા રાખી ખરી વાત સંભળાવી દીધી. તેના પરિણામરૂપે ઉમ્મતની માઓનો જે વજીફો

(ભરણ પોષણની રકમો) હુકુમત તરફથી મળતો હતો તે એક વર્ષ સુધી અબુબકરે ન આપ્યો. સજા કરી, પછી ઉમ્મે સલમાના અમૂક સગા સહાબીઓની ભલામણથી વજીફો ચાલુ કર્યો.

(દલાએલુલ ઇમામત પેજ-૩૯)

## જનાબે ફાતેમા સલામુલ્લાહ આલયહાનું હઝરત અબુબકરની સાથે વાત કરવાનું બંધ કરવું.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ પોતાનો સંઘર્ષ ચાલુ રાખવાનો પાકો ઇરાદો કરી લીધો. આપે અબુબકરની સાથે બોલવાનું બંધ કર્યું. બાકાયદા-પદ્ધતિસર આપે અબુબકર માટે એલાન કરતાં ફરમાવ્યું: કે અય અબુબકર! જો તમે મને મારા બાપનો વારસો બાગે ફિદક નહીં આપો તો હું મૃત્યુ સુધી તમારી સાથે વાત કરીશ નહિ. આપનો જ્યાં પણ

કોઇક જગ્યાએ સામનો થતો, આપ પોતાનું મોં ફેરવી લેતાં, વાત ન કરતાં.

શું ફાતેમા સલામુલ્લાહ અલયહા એક વ્યક્તિ હતાં? જેમનું ખલીફા અબુબકર સાથે ન બોલવું કોઇ મહત્વ નથી ધરાવતું? ના ના! હઝરત ફાતેમા તો હજારો વ્યક્તિ કરતાં પણ ઉચ્ચ હતાં. તે એક વ્યક્તિ ન હતાં, તેમનું ન બોલવું અબુબકરના માથાનો દુ:ખાવો બની ગયું હતું. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ પોતાનો સંઘર્ષ ચાલુ રાખતાં મદીનામાં જાહેરાત કરાવી હતી કે હવે પછી મારા મૃત્યુ સુધી હું અબુબકરની સાથે બોલવાની નથી. આ જાહેરાત અબુબકર માટે મોત સમાન હતી, એક મોટી મુસીબત સમાન હતી. આ તો પેગંબરે ઇસ્લામનાં અઝીઝ બેટી હતાં, આપની સાથે પેગંબરે ઇસ્લામની હદથી વધીને મહબ્બત કોઇનાથી છુપાએલી ન હતી. આપ તે છે જેમના વિષયમાં પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું છે:

“ફાતેમા મારા જિસ્મનો ટૂકડો છે, જેણે એને તકલીફ આપી તેણે મને તકલીફ આપી.”

(સહીહ મુસ્લિમ ભાગ-૪ પેજ-૧૦૩)

**વળી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફરમાવે છે:**

“ફાતેમા તે ખાતૂનોમાંથી છે જેમના દીદાર માટે બેહિશ્ત-જન્નત ઉત્સુક છે, મુશ્તાક છે.”

જી હાં, પેગંબરે ખુદાની વહાલી દીકરીએ અબુબકરથી વાતચીત બંધ કરી દીધી. ધીરે ધીરે આ વાત લોકોમાં ફેલાતી ગઇ કે પેગંબરની દુખ્તર જનાબ ફાતેમા અબુબકરથી સખત નારાજ છે. ધીમે ધીમે મદીનાથી બહારની વસ્તીઓમાં, કબીલાઓમાં અને ગામડાંઓમાં પણ લોકો આ વાતથી વાકેફ થઇ ગયા. ઘણાં બધા દૂરના માણસો આ પ્રશ્ન કરતા કે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા શા માટે ખલીફાથી નારાજ છે? વાતો ફેલાતી ગઇ, ફિદકનું છીનવી લેવુ,

લોકો કહેતા, ફાતેમા સલામુલ્લાહ અલયહા તો કદી જુઠ ન બોલતી, અલ્લાહની મરજીના વિરૂદ્ધ કોઇના ઉપર ગજબનાક નથી થતી કારણ કે સ્વયં પેગંબરે ઇસ્લામ રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે એમના માટે ફરમાવ્યું છે કે,

"જો ફાતેમા ગઝબ કરે તો ખુદા ગઝબ કરે છે." આ રીતે મિલ્લતે ઇસ્લામીમાં ખલબલી મચી ગઇ. વળી ખિલાફતના વિરૂદ્ધ નફરત વધી રહી હતી. જુદા જુદા સૂબાઓના અમ્માલોએ જોયું-જાણ્યું અને સમજ્યું કે દરેક રાજ્યોમાં ખલીફાના વિરૂદ્ધ લોકો બોલી રહ્યા છે. જેથી તેઓ આ વાત નજરઅંદાજ કરી શકતા ન હતા. તેઓએ સુલેહ કરવાની ઘણી જ કોશિશ કરી પરંતુ શક્ય બન્યું નહિ. જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા પોતાના ફેંસલા ઉપર એટલી જ સખ્તીથી કાયમ રહ્યાં. સંઘર્ષ દૂર કરવા મૃત્યુ સુધી તૈયાર ન થયાં.

હુકુમતે પોતાની રાજકીય ચાલો ચાલી. ફાતેમા સલામુલ્લાહ અલયહાની ફેવરમાં-સમર્થનમાં બોલવાની શક્તિ ધરાવનારા, કેટલાક ઊંચા અવાજે બોલી રાજ્યોના સૂબેદારોને ડરાવનારા-એવા દરેકનું મોં બંધ કરવા તેઓને ખલીફા તરફથી વજીફા ચાલૂ કરી દીધાં. કેટલાકને વળી ગામતળની ખુલ્લી જમીનોની લહાણી કરી, કેટલાકને ઉચ્ચક રકમો આપી રાજી કરી દીધાં. આ રીતે હુકુમતે પોતાની અનેક ચાલો ચાલી. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના ખામોશ સંઘર્ષને નિષ્ફળ બનાવવાનું કાર્ય કર્યું. તેમાં વળી અવાજ કરનારા ગરીબોને માર પણ પડ્યો. ગરીબોને તો બિચારાઓને મારીને, ડાંટ-ડપટથી જ ચૂપ કરી દીધા.

(કશકુલ ગુમ્મા ભાગ-૨ પેજ-૮૪-૯૨-૧૦૩, મુસ્લિમ શરીફ ભાગ-૪ પેજ-૧૦૩,
શરહ ઇબ્ને અબિલ હદીદ ભાગ-૬ પેજ-૪૬)

# પ્રકરણ-૧૭ : જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા બીમાર પડ્યાં

જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા બીમાર પડ્યાં. બીમારી આ દુનિયાથી પરદે થવાની નજીકની હતી. તે વખતે હઝરત અબુબકર અને હઝરત ઉમરે અનેક વખત આપની મુલાકાતની ઇજાઝત માંગી પરંતુ આપે સદંતર ઇન્કાર કર્યો. એક દિવસ તેઓ બંનેએ આ મસલાને હઝરત અલી અલયહિસ્સલામની સમક્ષ પેશ કર્યો. આપને વિનંતી કરી કે અમોને ફાતેમાની મુલાકાત કરાવો, તમો વસીલો બનો, તેમની મુલાકાતની મંજૂરી મેળવો.

હઝરત અલી અલયહિસ્સલામ જનાબ ફાતમા સલામુલ્લાહ અલયહાની પાસે ગયા, પછી ખૂબ જ ધીમી અવાજથી ફરમાવ્યું: અય દુખ્તરે રસૂલ! ઉમર અને અબુબકરે તમારી મુલાકાતની મંજૂરી માંગી છે.

શું આપ ઇજાઝત આપો છો કે તેઓ તમારી ખિદમતમાં હાજર થાય?

હઝરત ઝેહરા સલામુલ્લાહ અલયહા હઝરત અલી અલયહિસ્સલામની મુશ્કેલીઓથી વાકેફ હતાં. જો ના કહી દેત તો આ તો બાદશાહો હતા. રસૂલના હુકમની ઐસી તૈસી કરીને રસૂલના મિનજાનિબિલ્લાહ ખલીફાનો હક મારીને, અલીની ગાદીને ચોંટી પડેલા હતા. જેથી જો હઝરત અલી અલયહિસ્સલામ પોતે ના કહી દેત તો આ લોકો અલી અલયહિસ્સલામ ઉપર એવો આક્ષેપ કરી શકતા હતા કે તમે અમારી સાચી રીતે મદદ ન કરી અને મુલાકાત માટે વસીલો ન બન્યા. તમે ખાલી ખાલી ઘરમાં જઇને પાછા આવ્યા, જેથી હુકુમત તરફથી હઝરત અલી અલયહિસ્સલામને વધુ હેરાન કરવામાં આવે. આ મુલાકાતનો આ લોકોનો હેતુ પોતાની હુકુમતની મજબૂતી હતો. જો ફાતેમા

સલામુલ્લાહ અલયહા મુલાકાત આપી દે તો બધા જ ઇસ્લામી આલમમાં આ વાત જાહેર કરી દેવાય કે ખલીફાને જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાની સાથે કોઇ જ ઇખ્તેલાફ નથી. જેથી લોકો રાજી થઇ જાય.

હઝરત અલી અલયહિસ્સલામે જે પેશકશ કરી તેના જવાબમાં જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ ફરમાવ્યું: “યા અલી! ઘર આપનું છે, હું પણ આપના ઇખ્તયારમાં છું. જેવી આપને મસલેહત-ભલાઇ દેખાય, આપ અમલ કરો.” આમ કહીને જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાએ પોતાની ઉપર ચાદર ખેંચી લઇ પોતાનું મોં દિવાલ તરફ કરી દીધું. એક નેક સાલેહ ઇઝ્ઝતદાર ખાતૂનને શોભે એવો ઉત્તર પોતાના શોહરને આપ્યો. અબુબકર અને ઉમર ઘરમાં દાખલ થયા. સલામ કરી અને વિનંતી કરી “અય દુખ્તરે પેગંબર! અમે

અમારી ગલતીનો ઇકરાર કરીએ છીએ. અમે એમ ઇચ્છીએ છીએ કે આપ અમારાથી રાજી થઇ જાઓ.” જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ આ લોકો તરફ મોં ફેરવ્યા વગર દિવાલ તરફ મોં રાખીને ફરમાવ્યું: હું તમને એક વાત પુછું છું, મને તેનો જવાબ આપો.

બંને બુઝુર્ગોએ વિનંતી કરી : ફરમાવો.

આપે ફરમાવ્યું: તમને બંનેને ખુદાની કસમ આપીને પુછું છું, તમે મારા વાલિદે ગિરામીથી આ વાત સાંભળી હતી કે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: “ફાતેમા મારા જિસ્મનો ટૂકડો છે, જેણે તેને તકલીફ આપી તેણે મને તકલીફ આપી છે.”

બંને બુઝુર્ગોએ કહ્યું: હાં, અમે આ વાત તમારા વાલીદથી સાંભળી છે.

ત્યારે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાએ પોતાના મુબારક હાથ આસમાનની તરફ ઊઠાવ્યા અને કહ્યું:

“અય મારા અલ્લાહ! તું ગવાહ રહે કે આ બંને માણસોએ મને યાતના પહોંચાડી છે, મને તકલીફ આપી છે. યા અલ્લાહ! તુ ગવાહ રહે કે મારી ઉપર આ બંને વ્યક્તિઓએ ઝુલમ કર્યો છે. હું આ લોકોની ફરિયાદ તને અને તારા પેગંબરને કરૂં છું. હું હરગિઝ એમનાથી રાજી થવાની નથી. અહીં સુધી કે મારા બાબાની પાસે જઇને મળું અને આ લોકોની પહોંચાડેલી યાતનાઓનું તેમને વર્ણન કરૂં. તેઓ આપણી વચ્ચે ફેંસલો કરશે.” આ બધી વાતચીત આપે દિવાલ તરફ જ મોં રાખીને કરી, આ લોકો તરફ જોયું પણ નહીં.

હઝરત અબુબકર જનાબે ફાતેમાની આ વાત સાંભળીને ગમગીન થઇ ગયા, પરેશાન થઈ

ગયા પરંતુ હઝરત ઉમરે કહ્યું: અય ખલીફએ રસૂલ! એક સ્ત્રીની વાતચીત ઉપર પરેશાન થાઓ છો?

(બેહારૂલ અનવાર ભાગ-૪૩ પેજ-૧૯૮, અલ ઇમામત વસ્સિયાસત પેજ-૨૦)

મારા વહાલા વાચકો! અહીં તમે વિચારી શકો છો કે હઝરત અબુબકરે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાનો હક છીનવીને ઘણું જ અધમ કૃત્ય કર્યું હતું જેની માફી શક્ય જ નથી. છતાંય હવે જ્યારે તેઓ પસ્તાવો કરે છે તો યોગ્ય આ હતું કે તેમની ભૂલને કબૂલ કરી લેવામાં આવત, માફી આપવામાં આવત પરંતુ વાચકો! આ સુક્ષ્મ વાતથી ગાફિલ ન રહે કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાના આ સંઘર્ષનું અસલ કારણ ફક્ત બાગે ફિદક ન હતો, બલકે અસલ કારણ તો તે ખિલાફત હતી જે પોતાના પતિનો હક હતો. રસૂલુલ્લાહ સ્પષ્ટ રીતે ફરમાનો દ્વારા આ વાત

સાબિત કરીને આ દુનિયાથી ગયા હતા કે ખલીફા મારા પછી અલી છે અને પછી હસન પછી હુસૈન અને ત્યાર પછી હુસૈનની ઓલાદમાંથી નવ ઇમામો થશે.

ખિલાફતનો સ્પષ્ટ હુકમ રસૂલે ઇસ્લામે અલીને આપ્યો હતો. ખિલાફત માફી આપવા જેવી વસ્તુ ન હતી. જે સુક્ષ્મ વાત અમે વાચકોના ધ્યાન ઉપર લાવવા માંગીએ છીએ કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા બખૂબી જાણતા હતાં કે હઝરત અબુબકર આ બધું નાટક કરી રહ્યા હતા, પબ્લિકને છેતરવા માટે. હજી રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના આ દુનિયાથી પરદે થવાને માંડ ત્રણ માસ થયા હતા, હજી તો જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના મસ્જિદના ઉદ્બોધનની અવાજ વાતાવરણમાં ગૂંજતી હતી. લોકોમાં આ વાતની ચર્ચાઓ ચાલતી હતી.

આ હાકેમોએ હુકુમતમાંથી લડ્ડુ આપીને સેંકડો રૂશ્વતખોરોના મોં અરબના નજીકના ઇલાકાઓમાં બંધ કરી દીધાં હતાં. છતાંય હજારો એવા નેક સાલેહ ઇન્સાનો હતા જેઓ કોઇની પરવા કર્યા વગર ચકલેચૌટે એમ બોલતા હતા કે હઝરત અબુબકરે અને હઝરત ઉમરે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાનો હક છીનવી લીધો છે. વળી અલી-ફાતેમા બંને ઉપર હુકુમતે અનેક ઝુલમો કર્યા છે. આ વાતો લોકોમાં દરરોજ ચર્ચાતી હતી. ગદીરે ખુમનું જાહેર એલાન છેલ્લી હજથી પાછા ફરતાં રસૂલુલ્લાહે ફરમાવ્યું હતું તેના ગવાહો-સહાબા પણ સમાજમાં જીવતા હતા. તેઓ પણ બજારોમાં કહેતા હતા કે રસૂલુલ્લાહે જાહેર રીતે હઝરત અલી અલયહિસ્સલામને પોતાના ખલીફા બનાવ્યા છે. એક બળવા જેવી પરિસ્થિતિ હતી. ગામડાના-દૂર દરાજની પહાડી વસ્તીઓના કબીલાઓએ હઝરત

અબુબકરને ઝકાત આપવાનું બંધ કરી દીધું હતું. એટલા માટે કે આ અબુબકર ક્યાંથી ફૂટી નીકળ્યા. અમે તો અત્યાર સુધી આ જ વાત સાંભળતા આવ્યા છે કે આપણે રસૂલુલ્લાહની વફાત પછી ઝકાત હઝરત અલી અલયહિસ્સલામને આપના દામાદને આપવાની છે.

હઝરત અબુબકરને કોઇ પસ્તાવો થયો ન હતો. આ તો હુકુમતમાં પ્રજાના અવાજને બંધ કરવા ધોકો હતો. છેતરીને બીજે વાળવા કે ભાઇ હઝરત અબુબકરે માફી માંગી લીધી છે અને જનાબે ફાતેમાએ માફ કરી દીધું છે, બધું શાંત થઇ ગયું છે. પસ્તાવો તો ત્યારે કર્યો કહેવાય જ્યારે હઝરત અબુબકર ફાતેમા સલામુલ્લાહ અલયહા પાસે માફી માટે આવ્યા તે અગાઉ બાગે ફિદક ઉપરથી સરકારી માણસો પાછા ખેંચી લેત. એક દસ્તાવેજી લખાણ પણ સાથે લઇને આવત કે માસુમા, લો આ

દસ્તાવેજ, તમે બાગે ફિદક ઉપર તમારા માણસો મૂકી દો. અમે ભૂલ સુધારી લઇએ છીએ. પરંતુ આ બંને બુઝુર્ગોએ આવું કર્યું જ નથી. આ તો એક નાટક, એક છેતરપિંડી કરવા આવ્યા હતા, તેમાં નાસીપાસ થયા. અસલ તો પોતાની હુકુમતનું સ્થાયિત્વ-મજબૂતાઇ ઇચ્છતા હતા કે જો આ રીતે આ ખાતૂન છેતરાઇ જાય તો હુકુમતમાંથી વિરોધી અવાજો સદંતર બંધ થઇ જાય, નહીં તો પછી આપણે દંડાના જોરે બંધ કરવાના જ છે અને ખરેખર હઝરત અબુબકરે આ અવાજોને લશ્કરો મોકલીને બંધ કરાવી. આ બંને બુઝુર્ગોની જિંદગીને વિસ્તારથી જાણવા માટે જુઓ અમારી બે કિતાબો ઇસ્લામ અસત્યના ઘેરાવમાં ભાગ-૧, હઝરત અબુબકરનું જીવનચરિત્ર અને ભાગ-૨ હઝરત ઉમરનું જીવનચરિત્ર, અચૂક વાંચો.

# પ્રકરણ-૧૮ : રાતના સમયે તદફીન

જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા પોતાના મકસદ અને હકના માટે એટલી હદે દ્રઢતા અને મક્કમતા રાખતા હતાં કે તેના માટે પોતાની જિંદગીની આખરી ઘડી સુધી સંઘર્ષ કરતાં રહ્યાં. બલકે પોતાના સંઘર્ષના દામનને કિયામત સુધી ફેલાવતાં ગયાં. મારા વહાલા વાંચકો! જરૂર આશ્ચર્ય પામતા હશે કે કોઇ વ્યક્તિ માટે કેવી રીતે શક્ય છે કે તે પોતાના સંઘર્ષને મોત પછી પણ બાકી રાખે. પરંતુ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા જેમણે વહીના ઘરમાં તરબિયત પામી હતી, એક એવો મન્સૂબો બનાવ્યો કે આપની અચાનક વફાતની પરિસ્થિતિમાં પણ આ સંઘર્ષ ખતમ ન થઇ જાય. કિયામત આવતા સુધી આ સંઘર્ષ ચાલુ રહે.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ પોતાની જિંદગીના છેલ્લા દિવસોમાં પોતાના શોહર હઝરત અલી અલયહિસ્સલામને વસીય્યત કરતાં કહ્યું કે,

“અય અલી! મને રાતના ગુસલ આપજો, રાતના કફન આપજો. અને છુપી રીતે દફન કરજો. હું આ વાતથી હરગિઝ રાજી નથી કે જે લોકોએ મારા પેહલૂને ઝખ્મી કર્યા છે, મારા બચ્ચાનો ગર્ભપાત કર્યો છે, મારા માલ ઉપર કબજો કર્યો છે તેઓ મારા જનાઝામાં સામેલ થાય! મારી કબરને પણ છુપાવીને રાખજો.”

હઝરત અલી અલયહિસ્સલામે પણ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની વસીય્યત પ્રમાણે આપને રાતે જ દફન કર્યાં. પછી આપની કબરને હમવાર(સરખી) કરી દીધી. સાથે ચાલીસ નવી

કબરો બનાવી જેથી આપની કબર ઓળખી ન શકાય.

(દલાઇલુલ ઇમામત, મનાકિબ ઇબ્ને શહર આશુબ ભગ-3 પેજ-363)

જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાએ આ મનસૂબા દ્વારા પોતાના દુશ્મનો ઉપર કારી ઘા કર્યો. છેલ્લો ફટકો માર્યો. હંમેશ હંમેશ માટે પોતાની મઝલૂમિયત અને ખલીફાની ઝબ્બારી ઉપર એક જીવતો અને મજબૂત દસ્તાવેજ છોડી ગયાં, એક મજબૂત સાબિતી છોડી ગયાં, કારણ કે દરેક મુસલમાન આ ઇચ્છશે કે તેને ખબર હોય કે રસૂલુલ્લાહની અઝીઝ બેટીની કબર ક્યાં છે? જ્યારે મુસલમાનને ખબર પડશે કે રસૂલની બેટીની કબરની ખબર નથી-મઅલૂમ નથી. તો પૂછશે કેમ? જવાબ મળશે કે સ્વયં હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ જ વસીય્યત કરી હતી કે તેમની કબરને

છુપાવેલી રાખજો. તે સમયે તે વ્યક્તિ ખુદબખુદ બધો ઇતિહાસ જાણી લેશે અને સમજી લેશે કે આપ તે સમયના ખલીફાથી નારાજ હતાં. આ એક દસ્તાવેજ છોડી ગયાં. બની હાશિમના થોડાક જુવાનિયાઓએ, જે હઝરત અલી અલયહિસ્સલામના ખાસ વિશ્વાસુ હતા, આ કાર્ય અંજામ આપ્યું.

વ્યક્તિ વિચારશે કે શું આ શક્ય છે કે આટલા ફઝાએલ અને કમાલાતની માલિક દુખ્તરે પેગંબર પોતાના બાપના ખલીફાથી નારાજ હોય. જ્યારે કે તેમની ખિલાફત દુરસ્ત અને સહી હોય? આ વાત તો શક્ય જ નથી. પછી તેહકીક કરતાં માલૂમ પડી જશે કે તેમની ખિલાફત દાદાગીરી, ધીંગામસ્તી, ધોખાબાજી દ્વારા છીનવી લીધેલી હતી. તેથી જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા તેમનાથી નારાજ હતી. વળી આ ખિલાફત રસૂલે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

અને આપના ખાનદાનની વિચારધારાથી પણ ખિલાફ હતી.

## નિચોડ

હઝરત અબુબકર જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના સંઘર્ષ સામે અડગ રહ્યા અને ફિદકની જમીન તેમને પાછી ન આપી પરંતુ હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ પોતાના લગાતાર સંઘર્ષના ઝરીયે તમામ મુસ્લિમ વિશ્વમાં પોતાની હક્કાનિયતને સાબિત કરી દીધી. તમામ મુસ્લિમ દુનિયા ખિલાફત અને હુકુમતે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા ઉપર કરેલા ઝુલમો સિતમથી પણ વાકેફગાર થઇ ગઇ. એટલું જ નહિ, તમામ યુરોપીય ઇતિહાસકારોએ, ગ્રીક અને યુનાની ઇતિહાસકારોએ પણ આ બધી જ ઘટનાઓની તટસ્થપણે નોંધ લીધી છે, બલકે આ ફિદક તો હંમેશ

માટે એક જીવતો બોંબ કે હુકુમતના ગળામાં ફસાયેલું હાડકું બની ગયો. આ મસઅલો એક મુદ્દત સુધી હુકુમતના વિરૂદ્ધ પ્રોપેગેન્ડા-વસીલો અને હુકુમત માટે એક કમજોરી બની ગયો. જેને હલ કરવાથી આ લોકો આજીજ બની ગયા. કદી કદી હાકિમો હઝરત અલી અલયહિસ્સલામના ચાહકોને રાજી કરવા, તેમને પોતાના પક્ષમાં લેવા આ ફિદકની જમીન જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાની સંતાનોને પરત આપી દેતા હતા. વળી પાછળથી આવનારા હાકિમો એમનાથી નારાજ થઇને પાછા છીનવી લેતા હતા. આ બધું જ ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાયેલું છે.

જ્યારે મઆવિયા પ્રભૂત્વશાળી બની ગયો, બાદશાહ બની ગયો ત્યારે તેણે ફિદકની જમીનનો એક તૃત્તિયાંશ ભાગ(૧/3) મરવાનને, એક તૃત્તિયાંશ ભાગ(૧/3) ઉમર બિન ઉસ્માનને(ત્રીજા

ખલીફાના પુત્રને) અને એક તૃત્તિયાંશ ભાગ(૧/૩) પોતાના બેટા યઝીદ લાનતુલ્લાહ અલયહને બક્ષી દીધો.

વળી મરવાન ખલીફા બન્યો ત્યારે એણે ફિદકની બધી જ જમીન ઉપર કબજો કરી લીધો. તેણે આ ફિદકને પોતાના બેટા અબ્દુલ અઝીઝને આપી દીધો. અબ્દુલ અઝીઝ પછી તેનો પુત્ર ઉમર બિન અબ્દુલ અઝીઝ સત્તા ઉપર આવ્યો. તેણે આ જમીન બેટાને આપી દીધી. વળી ઉમર બિન અબ્દુલ અઝીઝ સત્તા ઉપર આવ્યો ત્યારે આ નેક બાદશાહ હોઇ તેણે આ જમીન જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાની સંતાનો જનાબ હસન બિન અલી અને અલી બિન હુસૈનને પાછી આપી દેતાં કહ્યું કે આના ખરા હકદાર તમે જ છો. તમારી પાસેથી અવ્વલ સમયમાં છીનવી લેવાઇ હતી.

ઉમર બિન અબ્દુલ અઝીઝની ખિલાફતના સમયમાં ફક્ત બે-અઢી વર્ષ ફિદકની જમીન અવલાદે ફાતેમા સલામુલ્લાહ અલયહાના હાથમાં રહી. જ્યારે યઝીદ બિન આતેકાને મદીનાનો હાકેમ બનાવાયો ત્યારે તેણે આ જમીનને અવલાદે ફાતેમા પાસેથી છીનવી લઇ ફરીથી મરવાનના વારસોને આપી દીધી. આ જમીન મરવાનના વારસો પાસે બની ઉમય્યાની ખિલાફત સુધી રહી. ખિલાફત જ્યારે બનીઅબ્બાસ પાસે આવી, ખલીફા સફફાહને ખિલાફત મળી તો તેણે કહ્યું: આ તો આપણે ગસ્બ કરેલી જમીન છે, તેણે ઇમામ હસન અલયહિસ્સલામની સંતાનોને બોલાવી ફિદક અબ્દુલ્લાહ બિન હસનને આપી દીધો. ત્યાર બાદનો ખલીફા અબુજઅફર અબ્બાસી અવલાદે હસન ઉપર ગઝબનાક થયો ત્યારે તે બેવકૂફે ફિદક પાછો લઇ લીધો. ત્યારબાદ મેહદી અબ્બાસી ખલીફા બન્યો તેણે અવલાદે ફાતેમાને

બોલાવી ફિદક વાપસ કર્યો. ત્યારબાદના અબ્બાસી ખલીફાઓમાં મૂસા બિન મેહદી અને હારૂને ફિદક ઇલાકાને પાછો હુકુમતમાં લઇ લીધો. પછી મામૂન ખલીફા બન્યો ત્યાં સુધી તે ઇલાકો હુકુમતના કબજામાં રહ્યો. મામૂને ફરી આ બગીચો અવલાદે ફાતેમાને પરત આપ્યો.

કિસ્સો છે કે એક દિવસ મામૂન ન્યાયાસને બેઠેલો હતો તે દરમ્યાન તેને અક પત્ર આપવામાં આવ્યો. જ્યારે તેણે તે પત્ર વાંચ્યો તો રડી પડયો, પછી કહ્યું: ફાતેમા સલામુલ્લાહ અલયહાનો વકીલ ક્યાં છે? એક વૃદ્ધ આદમી ઊઠીને બાદશાહની નજીક ગયો. મામૂને તેની સાથે ફિદકના વિષયમાં વાદવિવાદ કર્યો. કેટલાક પ્રશ્નો પૂછ્યા, તે વૃદ્ધની દલીલો સાંભળી મામૂન ખામોશ થઇ ગયો. પછી તેણે હુકમ કર્યો કે ફિદક અવલાદે ફાતેમાને આપી દેવામાં આવે. ત્યાર પછી તો ઘણી મુદ્દત

મુતવક્કિલના જમાના સુધી ફિદક અવલાદે ફાતેમા પાસે રહ્યો. મુતવક્કિલે તે ઇલાકો ખલીફા બનતાં જ અબ્દુલ્લાહ બિન ઝિયાદને આપી દીધો.

ફિદક એક વાડી-ઇલાકો હતો. ફળાઉ ઝાડો હતાં, ખજૂરના ઘણાં બધા વૃક્ષો હતાં, ખેતી લાયક જમીન હતી, મીઠું પાણી પણ હતું. ખજૂરના ઝાડોમાંથી અગિયાર ઝાડો તો જાતે પેગંબરે ઇસ્લામે પોતાના હાથ મુબારકથી રોપેલાં હતાં. તે ખજૂરો એકદમ જોરદાર અને અતિશય પાક આપનાર હતાં. જનાબ ફાતેમા આ ખજૂરો હાજીઓમાં ફ્રીમાં હદીયા તરીકે વહેંચતા હતાં. આ રીતે હાજીઓની સેવા કરતાં હતાં. હાજીઓમાંથી કોઇક શક્તિશાળી હાજીઓ પોતાની રાજી ખુશીથી દુખ્તરે રસૂલને કંઇક આપતા હતા. ફાતેમાને આ રીતે સારી એવી રકમ મળતી. તે રકમ જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા દીનના મેહમાનો-ઇસ્લામમાં દાખલ થતા

નવમુસ્લિમોને ખાવા ખવડાવવામાં વાપરતાં. મારા વહાલા વાંચકો! રસૂલની જબાનથી કહું તો "મારી બેટી જન્નતની હૂર છે." આ હૂરને ફરિશ્તાઓએ ઝૂલા ઝુલાવ્યા હતા. ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા કહે છે કે મારી બેટી મારા પેટમાં મારી સાથે વાત કરે છે. આ લોકો આપણા જેવાં દુનિયાપરસ્ત થોડાં હતાં? બાગે ફિદકમાં કેટલાક ખજૂરના ઝાડો જનાબ અલી શેરે ખુદાએ લગાવેલાં હતાં. તેની ખજૂરો પણ એટલી જ જોરદાર અને નરમ હતી. હઝરત અલી અલયહિસ્સલામના મુબારક હાથના ઝાડો પણ ખૂબ જ પાક આપતાં હતાં. જો ઘણાં વિસ્તારથી વર્ણન કરવા જઇશ તો કિતાબ ઘણી મોટી બની જશે. મારે ફક્ત એક જ ભાગમાં કિતાબને પૂર્ણ કરવી છે.

હુકુમતોને આ જ ફિકર રહેતી હતી કે હઝરત અલી અલયહિસ્સલામ અને જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા અતિશય દયાળુ, રહેમદિલ,

સખી છે. તેઓની ઉદારદીલીના કારણે સમાજમાં તેમનું એક આગવું સ્થાન હતું. જો આ ફિદક એમને મળી જાય અને તે દ્વારા સમાજમાં એમનું પ્રભૂત્વ વધી જાય તો કંઇ અમારી હુકુમતને ખતરો પેદા ન થઇ જાય. જો કે આ હુકુમત પણ અલીની જ હતી.

અબ્દુલ્લાહ બિન ઝિયાદની પાસે આ ફિદક આવ્યો ત્યારે તેના ઝાડો આ જનાવરે કાપી નાખ્યાં. આ ઝાડોને કાપનારો નોકર જે હતો તેનું નામ બશરાન બિન અબી ઉમય્યા સકફી હતું.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ હુકુમત વિરૂદ્ધ આટલો ભારે સંઘર્ષ કર્યો તેના જ પરિણામ રૂપે હઝરત અલી અલયહિસ્સલામની અન્ય જમીનો, ગભાણો, નાની નાની વાડીઓ, જે આપને માલેગનીમત અને સદકાતમાં મળી હતી, કેટલાક બાદશાહોએ ભેટમાં આપી હતી. આ લોકોએ તો આ બધી જ જમીનો ઉપર એક સાથે

તરાપ મારી હતી. પરંતુ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના જોરદાર સંઘર્ષથી હુકુમત પૂરા વિશ્વમાં બદનામ થઇ ગઇ, ડામાડોળ થઇ ગઇ. પ્રજાને જવાબ આપવો ભારે પડી ગયો. આ સંઘર્ષના પરિણામ રૂપે હઝરત અલી અલયહિસ્સલામને મળેલા તોહફાઓ, જમીનો, આપે મેહનતથી પેદા કરેલ વાડીઓ, ગભાણો (ગામ તળની જમીન, ગામની સાથે લાગેલી જમીન) વગેરે હઝરત અલીને પરત કરી દીધાં. મજબૂર થઇને પરત કરી દીધાં.

(દલાએલુલ ઇમામત, મનાકિબે ઇબ્ને શહર આશુબ ભાગ-૩ પેજ-૩૬૩,
શરહ ઇબ્ને અબિલ હદીદ ભાગ-૧૬ પેજ-૨૧૬,
કશકુલ ગુમ્મા ભાગ-૨ પેજ-૧૦૦)

# ભાગ-૬

## પ્રકરણ-૧ : જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા આ દુનિયાથી પરદે થતાં...

જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા પોતાના વાલિદે ગિરામીની વફાતના પછી થોડાક મહિનાથી વધારે આ દુનિયામાં ન રહ્યાં. એટલું રડ્યાં, એટલું રડ્યાં કે આપ બુકાઇન સૌથી વધારે રડવાવાળામાંથી એક ગણાવા લાગ્યાં. આપ કદી પણ હસતાં ન દેખાયાં.

જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના રડવાના જુદાં જુદાં કારણો હતાં. સૌથી વધારે જે ચીજ આ લાગણીશીલ અને સ્વાભિમાની રૂહને તકલીફ પહોંચાડતી હતી તે આ હતી કે ઇસ્લામની નૈયા પોતાના હકીકી રસ્તા અને વફાદારીના સેરાતે મુસ્તકીમથી વિમૂખ થઇને એવા રસ્તા ઉપર નીકળી

છે જેનું પરિણામ મુસલમાનોમાં કુસંપ અને બદબખ્તી છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ જે રસ્તા ઉપર ઉમ્મતને છોડી ગયા હતા તે રસ્તો ઉમ્મતે છોડી દીધો હતો.

જનાબ ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાએ ઇસ્લામની તેજ રફતાર(ઝડપી) પ્રગતિનો અનુભવ કર્યો હતો. જેથી આપને એવી ઉમ્મીદ હતી કે આ સિલસિલો આમ જ ચાલુ રહેશે. તે એક ટૂંકાગાળામાં કુફ્ર અને અસત્યનો ખાત્મો કરી દેશે, વિશ્વમાંથી ઝુલમો સિતમની ચાદર લપેટી લેશે. પરંતુ ખિલાફત એના અસલ-મૂળ કેન્દ્રસ્થાનેથી હટી જવાનો જે અચાનક હાદેસો આવ્યો અને તેનો ગમ માસૂમાને પહોંચ્યો જેના કારણે આપના દીલના ટૂકડે ટૂકડા થઇ ગયા.

એક દિવસ ઉમ્મુલ મોઅમેનીન જનાબ ઉમ્મે સલમા રઝિયલ્લાહો તઆલા અન્હા જનાબ

ફાતેમા સલામુલ્લાહ અલયહાની પાસે આવ્યાં અને ફરમાવ્યું:

અય દુખ્તરે પેગંબર! રાત કેવી રીતે પસાર થઇ? આપે ફરમાવ્યું: ગમની હાલતમાં રાત પસાર થઇ, મારા બાબા મારાથી અલગ થઇ ગયા, મારા પતિની ખિલાફત છીનવી લેવામાં આવી, અલ્લાહ અને તેના દસ્તૂરના ખિલાફ ઇમામતને તેમનાથી છીનવી લેવામાં આવી. એટલા માટે કે લોકોને અલીથી કપટ હતો, અલીથી દુશ્મની હતી. કારણ કે હઝરત અલીએ તેમના બાપો, દાદાઓ, કાકાઓ અને મામા, માસાઓને બદર અને ઓહદમાં કતલ કર્યા હતા. (તબકાતે ઇબ્ને સઅદ જિલ્દ-૨ પેજ ૮૫, બેહારૂલ અનવાર ભાગ-૪૩ પેજ-૧૫૬)

હઝરત અલી અલયહિસ્સલામ ફરમાવે છે: એક દિવસ ફાતેમાએ મારી પાસે પોતાના બાબાજાનનો લિબાસ માંગ્યો, જ્યારે મેં લિબાસ

તેમને હવાલે કર્યો તો તેમણે તેને સૂંઘ્યો, ચૂમ્યો, પછી એટલું રડયાં કે હાલત ખરાબ થઇ ગઇ. આ પછી મેં તે લિબાસ તેમનાથી છુપાવી દીધો.

પ્રખ્યાત રિવાયતો છે કે રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની વફાત પછી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ખાસ મોઅઝ્ઝિન હઝરત બિલાલ રઝિયલ્લાહો તઆલા અન્હોએ કદીપણ અઝાન ન આપી. એક દિવસ માસૂમાએ આપને પૈગામ મોકલ્યો કે મને ઇચ્છા થાય છે કે એક વખત ફરીથી મોઅઝ્ઝિને રસૂલની અઝાન સાંભળું. હઝરત બિલાલ રઝિયલ્લાહો તઆલા અન્હોએ જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાનો હુકમ બજાવી લાવતા અઝાન શરૂ કરી.

اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાને પિદરે ગિરામીની યાદ આવી ગઇ. જેથી તેમનાથી આંસુ રોકવા શક્ય ન બન્યું. બિલાલ રઝિયલ્લાહો તઆલા અન્હોનું

اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰه

કહેવું હતું કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની ચીખ બુલંદ થઈ ગઇ આપ બેહોશ થઇ ગયાં. બિલાલને ખબર આપવામાં આવી. હવે આગળ અઝાન ન કહો, જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા બેહોશ થઇ ગયાં છે. બિલાલે અઝાન રોકી લીધી. જ્યારે માસૂમાને હોશ આવ્યો તો બિલાલને ફરમાવ્યું કે અઝાન પૂર્ણ કરો. વિનંતી કરી: અય દુખ્તરે રસૂલ! મને માફ કરો. બાકીની અઝાન ન કહેવાની ઇજાઝત આપો, મને આપની તંદુરસ્તી ખરાબ થઇ જવાનો ભય છે.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા પોતાના વાલિદે ગિરામીની વફાત પછી એટલું રડ્યાં, એટલુ રડ્યાં કે તેમના પાડોશીઓએ હઝરત અલી અલયહિસ્સલામને ફરિયાદ કરી કહ્યું કે ફાતેમાને કહો કે તેઓ રડે નહિ. અમારી ઊંઘમાં ખલલ પડે છે. આપનું રડવું પણ આ લોકોને ગમતું ન હતું. કારણ કે આપના રડવાથી કેટલાંક મોટા માથાંઓ ગુનેગાર સાબિત થતાં હતાં. આ મોટાં માથાંઓની મહબ્બત મહોલ્લાવાસીઓમાં વણાઇ ગઇ હતી. જનાબે ફાતેમા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: મારા જીવનનો અંતકાળ છે. હું હવે તમારી વચ્ચે વધારે રોકાવાની નથી.

આપ દરરોજ દિવસના હઝરતે હસનૈનનો હાથ પકડીને દરરોજ રસૂલુલ્લાહની કબર પર જતાં, રડતાં, અને પોતાના બેટાઓને ફરમાવતાં: મારા

વહાલા દીકરાઓ! આ તમારા નાનાની કબર છે. જેઓ તમને બંનેને પોતાના ખભા ઉપર સવાર કરતા હતા, તમને ખૂબ જ વહાલ કરતા હતા. ત્યારબાદ શહીદોની કબરો ઉપર બકીઅમાં જતાં. ત્યાં ઇસ્લામના અવ્વલ શહીદોની કબરો ઉપર દુઆ કરી આંસુ વહાવતાં. હઝરત અલી ઇબ્ને અબી તાલિબ અલયહિસ્સલામે આપના માટે બકીઅમાં ઠંડી, ગરમીથી રક્ષણ મળે તે માટે એક છત્તર બનાવી દીધું હતું. જેને પાછળવાળાઓએ ગમનું ઘર એવું નામ આપ્યું હતું.

અનસ કહે છે કે જ્યારે અમે પેગંબરે ઇસ્લામને દફન કરીને ઘરે આવ્યા તો જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા બાબાના ગમમાં ખૂબ જ રડતાં હતાં. અમને ફરમાવ્યું: અય અનસ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી

વસલ્લમના બદનમુબારક ઉપર તમે કેવી રીતે માટી નાખવા તૈયાર થયા?

મહમૂદ બિન લબીદ કહે છે કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા પોતાના વાલિદે ગિરામીની વફાત પછી હઝરત હમઝા રઝિયલ્લાહો તઆલા અન્હોની કબર પર આવી રડતાં હતાં. એક દિવસ હું ઓહદના શહીદોની મઝારો પાસેથી જતો હતો. મેં જોયું કે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા જનાબ હમઝા રઝિયલ્લાહો તઆલા અન્હોની કબર ઉપર ખૂબ જ દર્દનાક રીતે રડી રહ્યાં છે. હું ત્યાં રોકાઇ ગયો. અહીં સુધી કે આપ રડતાં અટકી ગયા. આગળ વધ્યો, સલામ કરી વિનંતી કરી. અય શેહઝાદી! આપે પોતાના આ દર્દનાક રૂદનથી મારા દિલના ટૂકડા ટૂકડા કરી નાખ્યા છે.

આપે ફરમાવ્યું: મને હક પહોંચે છે કે આ રીતે ગિર્યા કરૂં કારણ કે હું અનહદ મહેરબાન બાપ

અને પેગંબરોમાં બેહતરીન પયગમ્બરથી મહરૂમ થઇ ગઇ છું. મને રસૂલુલ્લાહનો દીદાર કરવાનો કેટલો શોખ છે તેનો ખ્યાલ કોઇને કેવી રીતે આવી શકે? મેં વિનંતી કરી: અય શેહઝાદી! હું આપને એક મસઅલો પુછું છું. આપે ફરમાવ્યું: પુછો! મેં વિનંતી કરી: શું પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પોતાની હયાતીમાં હઝરત અલી અલયહિસ્સલામના માટે ખિલાફતનો નિર્દેશ કર્યો હતો?

આપે ફરમાવ્યું: નવાઇ પામવા જેવી વાત છે. શું તમે ગદીરની ઘટનાને ભૂલી ગયા છો? મેં વિનંતી કરી કે ગદીરની ઘટનાને તો હું જાણું છું પરંતુ હું આ જાણવા માંગુ છું કે પેગંબરે ઇસ્લામે આ બાબતમાં આપને શું ફરમાવ્યું છે. આપે ફરમાવ્યું: ખુદા ગવાહ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે મને ફરમાવ્યું હતું:

મારા પછી અલી મારા ખલીફા અને ઇમામ છે. પછી મારા બંને બેટા હસન અને હુસૈન અને હુસૈનના વંશમાંથી નવ બેટાઓ ઇમામ બનશે. જો તેમની ઇતાઅત કરી તો હિદાયત પામશે અને મુખાલેફત કરી તો કિયામતના દિવસ સુધી તમારા વચ્ચે ઇખ્તેલાફ રહેશે.

(બેહારૂલ અનવાર ભાગ-૪૩ પેજ-૧૫૭-૧૭૭, અસદુલ ગાબા તાલીફ ઇબ્ને અસીર ભાગ-૫ પેજ૫૨૪, તબકાત ઇબ્ને સઅદ ભાગ-૨ પેજ-૮૩, રિયાહૈનિશ્શરીઆ ભાગ-૧, પેજ-૨૫૦)

# પ્રકરણ-૨ : જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા વફાતના બિસ્તર ઉપર

હઝરત ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું: અબુબકરનો ગુલામ કનફૂઝ જે હઝરત ઉમરના સાથે ફાતેમા સલામુલ્લાહ અલયહાના ઘરને આગ લગાવતા સમયે તે ટોળીની સાથે હતો, તેણે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાના પેહલૂ ઉપર માર માર્યો હતો. કનફૂઝ પાસે મઝબૂત ચાબુક હતો. તેના મારથી માસૂમાના પેટમાનું બાળક સાકિત થઇ ગયું, ગર્ભપાત થઇ ગયો. આ કારણથી આપ ધીમે ધીમે કમજોર થતાં ચાલ્યાં. અહીં સુધી કે આપ પથારીમાં આવી ગયાં. હઝરત અલી અલયહિસ્સલામ અને અસમા બિન્તે ઉમૈસ આપની સેવામાં હંમેશા

લાગેલા રહ્યાં. (દલાઇલુલ ઇમામત પેજ-૪૫, બેહારૂલ અનવાર ભાગ-૪૩ પેજ-૧૭૦, ૨૧૧)

એક દિવસ અનસાર અને મોહાજેરીનની સ્ત્રીઓની એક જમાત આપની ખિદમતમાં બીમારપુરસી માટે હાજર થઇ. તેઓએ વિનંતી કરી: અય દુખ્તરે રસૂલ સલ્લલ્લાહો અલયહે વઆલહી વસલ્લમ! આપની તબિયત કેમ છે? આપે ફરમાવ્યું: કસમ ખુદાની મને તમારી દુનિયાથી કોઇ સંબંધ નથી, કોઇ મહબ્બત નથી. તમારા પુરૂષોથી હું દિલગીર થઇ ગઇ છું. તેમની પરીક્ષા લીધા [દુનિયા પરસ્ત સહાબાએ ખિલાફતના વિષયમાં અને બાગે ફિદકના વિષયમાં ફાતેમા-અલીની કોઇ સહાય ન કરી. કેટલાકે હુકુમતમાં ભાગ લઇને પોતાના ઝમીરને(અંતરાત્માને) વેચી દીધું. કેટલાકે રિશ્વતના લડુ ખાઇને ચૂપકીદી ઇખ્તિયાર કરી. કેટલાકે કીનો કપટ રાખી એહલેબયતની મદદ ન કરી.]

પછી મેં તેમને દૂર ફેંકી દીધા. તેમનાથી ગમગીન થઇ ગઇ છું. તેમના કમજોર અકીદા, ડાલમડોલ દિમાગ, સુસ્તી, બેહાલી અને મુરદાદિલીથી નિરાશ થઇ ગઇ છું. આ લોકોએ કેવાં બુરા કાર્યો કર્યાં છે. ખુદાના ગઝબના હકદાર બન્યા છે. આ લોકો દોઝખના હંમેશા હંમેશના અઝાબમાં રહેશે. મેં ખિલાફત અને ફિદકને એમના ઉપર છોડી દીધી છે. તેઓના દામન ઉપર ચોરી, બેઇમાની અને રસૂલથી ગદ્દારીના ધબ્બા હંમેશા લાગેલા રહેશે. આ ઝાલિમો ઉપર હંમેશા હંમેશાની ઝિલ્લત છવાએલી રહેશે. લઅનત થાય એમની હાલત ઉપર. કેવી ચાલાકીથી આ લોકોએ અલીના હાથમાંથી ખિલાફત છીનવી લીધી. આ લોકોએ સંગઠિત થઇને અલીને એક તરફ કરી દીધા. પરંતુ ખુદાની કસમ! આ લોકોનો દીન અલી વગર અધૂરો રહેશે. આ લોકોએ

વિલાયતથી હંમેશા હંમેશ માટે મહરૂમ(વંચિત) રહેશે.

ખુદાની કસમ! જો ખિલાફત અલીના હાથમાંથી છીનવી ન લીધી હોત તો તેઓ હુકુમતને વિલાયત અને હિદાયત સાથે જ બખુબી આગળ ધપાવત. ઘણું જ જલદી પરહેઝગારો હુકુમતના પરસ્તારોથી અને જુઠ બોલનારા સત્ય ઉચ્ચારનારાઓથી જુદા તરી આવત. ઘણાં જ જલ્દી ઝાલિમો-ગાસિબો પોતાના અમલની સજા પામી લેત. આ લોકોના કાર્યો ઘણાં જ આશ્ચર્યજનક છે. આ લોકોએ આમ શા માટે કર્યું? ખુદાનો આધાર તો એમણે છોડી દીધો છે. કોના આધાર ઉપર આ લોકો ગુનાહો આચરી રહ્યા છે.

કયા ખાનદાનની વિરૂદ્ધ આ લોકો ઊભા થયા છે? અલીની જગ્યાએ કોને પસંદ કર્યો છે? ખુદાની કસમ! દુનિયાની મહબ્બતે આ લોકોને

અંધાપો લાવી દીધો છે. લાયકની જગ્યા ઉપર નાલાયકોને બેસાડી દીધા છે. પાછા એમ સમજે છે કે અમે સારૂં કામ કર્યું છે. આ લોકો પોતે પણ જાણતા નથી કે તેમણે ભલાઇની જગ્યાએ ફસાદ અને ફિતનાને જનમ દીધો છે. જે વ્યક્તિ લોકોને હિદાયતની તરફ લઇ જાય, રેહબર તરીકે તે બેહતર છે કે તે વ્યક્તિ જે સ્વયં હિદાયતનો મોહતાજ હોય. હિદાયત ઢૂંઢી રહ્યો છે. તમે કેવી રીતે ફેસલો કરો છો? ખુદાની કસમ! તેમના કિરદાર અને આવનાર સમયના પરિણામો પછીથી જાહેર થશે.

હવે તમે નાપસંદ બનાવોની રાહ જુઓ, કાપવાવાળી તલવારો, હંમેશાની અવ્યવસ્થા, અફરાતફરીનો ઇન્તિઝાર કરો. તમારા બયતુલ માલને બરબાદ કરી દેશે. તમારા પરસેવાના નાણાને પોતાના ગજવામાં નાખશે. અફસોસ થાય છે તમારા હાલ ઉપર, તમને ખબર નથી કે તમે

ભયાનક રસ્તા ઉપર ચાલી પડ્યા છો? શું તમે તમારા બુરા અમલોના પરિણામોથી નાવાકિફ છો? શું અમે તમને હિદાયત ઉપર મજબૂર કરી શકીએ છીએ? જ્યારે કે તમે હિદાયત તરફ આવવાનું પસંદ નથી કરતા. (એહતેજાજે તબરસી, ભાગ-૧ પેજ-૧૪૭, બેહારૂલ અનવાર ભાગ-૪૩ પેજ-૧૬૧, નહજુલ બલાગાહ શરહ ઇબ્ને અબિલ હદીદ ભાગ-૧૬ પેજ-૨૩૩, બલાગતુન્નિસા પેજ-૧૯)

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની આ બદદુઆ અક્ષર સહ સાચી પડી. અબુબકર અઢી વરસ હુકુમત કરીને મૃત્યુ પામ્યા. ઉમર આવ્યા, તેમણે દસ વર્ષ હુકુમત કરી, ઉમ્મતમાં મૂડીવાદી અને ગરીબ બે ભાગ પડી ગયા. આ લોકો શાસન જ આવું કરતા હતા. સામાન્ય જનસાધારણ રોટલા રોટલાનો મોહતાજ હતો. અરબો અત્યાર સુધી લુંટારા જ હતા. હાજીઓને લૂંટી લેતા, મારી નાખતા,

ત્રીજા ખલીફાના સમયમાં તો અરાજકતાની હદ થઇ. ત્યારબાદ યઝીદે તો મદીના ઉપર આક્રમણ કર્યું. મદીનાને લૂંટ્યું, સળગાવ્યું, ત્રણ દિવસ સુધી લશ્કરને છુટ્ટો દોર આપી દીધો, ઘેર ઘેર ઘુસી જઇ યઝીદના લશ્કરે બળાત્કારો કર્યા. આ બળાત્કારોના પરિણામ રૂપે દસ હજારથી વધારે નાજાઇઝ ઓલાદ પેદા થઇ. ૧૫ દિવસ સુધી યઝીદના લશ્કરના ઘોડા મસ્જિદે નબવીમાં બાંધવામાં આવ્યા. એ દિવસો દરમ્યાન મસ્જિદમાં નમાઝ નથી થઇ. ત્યાર બાદ પણ હજ્જાજ બિન યુસુફ ઝાલિમ આવ્યો તેણે હજારો સહાબાને કતલ કર્યા. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની બદદુઆની અસરો તો આજે પણ મદીનાવાળા ભોગવી રહ્યા છે. અરબો અત્યારે ખેતરના ચાડિયા જેવા થઇ ગયા છે. ખેડુતો પોતાના ખેતરમાં શિયાળવાં અને વાંદરા, કાગડા વગેરે કાકડીનો પાક, મકાઇનો પાક જેવા ફળાઉ

પાકો ન બગાડે તે માટે કોઇ નાના ઝાડવા ઉપર ખમીસ અને ટોપી પહેરાવી તેના હાથમાં દંડો આપી જાણે જીવતા માણસ હોય એવા ચાડિયા ઊભા કરે છે. શિયાળવા, કાગડા એમ સમજે કે આ માણસ છે જેથી દૂર રહે. બસ આ જ હાલ અત્યારની અરબ સરકારોનો છે. એમના ઉપર અમેરિકાની સત્તા છે. શિર્ક શિર્કની બૂમો પાડતા એ વહાબીઓનો મોટો ખુદા અમેરિકા છે. આ અરબ સત્તાઓ અમેરિકાની પુજારી છે. પેન્ટાગોનમાં એમનો ખુદા બેઠો છે. ફાતેમા સલામુલ્લાહ અલયહાની બદદુઆથી ચૌદસો વરસોથી તો આ લોકો ઝલીલ થઇ રહ્યા છે. રસૂલુલ્લાહની વફાત સમયે કાગળ-કલમ ન આપનારાઓને આજે પણ કાગળ કલમથી દુશમની છે. અરબોમાં આજે પણ ૬૦ ટકાથી વધુ અભણતા છે. બધા જ મુસલમાન દેશોનો આવો હાલ છે. એમને કાગળ-કલમથી દુશ્મની છે.

ઇસ્લામની પ્રગતિ અટકી ગઇ છે. બોડી બામણીના ખેતરમાં કોઇપણ ઘુસી જાય તેમ યુરોપીયન લોકો ઇસ્લામની, તેના ચિહ્નોની, નબીની, કુરઆનની બેહુરમતી કરે છે. મુસલમાન સત્તાઓ ખામોશ બેઠી છે. એમના દેશોમાં અમેરિકી લશ્કરના થાણા છે. એમના દરિયાઓમાં પણ અમેરિકી લશ્કર પહેરો ભરી રહ્યાં છે. **આ બધી પરિસ્થિતિની જાણકારી માટે અમારી નીચેની કિતાબો જરૂરથી વાંચો.**

(૧) યઝીદ ઉપર લઅનત કરવી જાઇઝ છે.

(૨) કરબલા શા માટે? જેહાદે હુસૈન શા માટે?

(૩) ઇસ્લામ અસત્યના ઘેરાવમાં - ભાગ ૧,૨,૩ જેમાં પ્રથમ ત્રણ ખલીફાઓના જીવનચરિત્રો આલેખાએલા છે.

# પ્રકરણ-૩ : ગમગીની છવાયેલી છે

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા કમજોર થઇ ગયાં, બીમાર રહેવા લાગ્યાં. વળી આપ હુકુમત ઉપર ઘણાં જ ગુસ્સે હતા. લોકોએ પોતાના બાબા જાનની વસીય્યતને ન માની. પોતાની જાતી મિલકતને આ લોકો ચોંટી પડ્યા. “ગુનેહગાર પોતે જ ઇન્સાફ કરે.” જ્યારે અબુબકર ખલીફા બનીને આવ્યા ત્યારે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના માણસો બાગે ફિદકની દેખરેખ રાખતા હતા. હિસાબ-કિતાબ રાખતા હતા. તેમને તગેડી મૂકી અબુબકરે તેના ઉપર કબજો કર્યો. જ્યારે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાના માણસોએ ઘેર આવી માસૂમાને ફરિયાદ કરી ત્યારે આપને આશ્ચર્ય થયું. એક લાંબી મુદ્દતથી આપ તેના માલિક હતાં. આપની પાસે પોતાના પિતાજીનું

લખાણ પણ હતું. છતાંય હુકુમત આપની પાસે અવળી વાત કરી ગવાહો માંગતી હતી. જેનો કબજો છે તેને તો ગવાહો આપવાના હોય જ નહિ. જેણે દાદાગીરીથી છીનવી લીધો તે જ સાબિત કરે કે આ બાગ અમારો છે. “વોહી મુજરિમ વોહી મુન્સિફ” (ગુનેહગાર પોતે જ ઇન્સાફ કરે છે) જેવો હાલ જોઇ આપના ગમમાં વધારો થતો.

આ બધી વાતો આપના ગમમાં વધારો કરતી. હઝરત અલી અલયહિસ્સલામ જે ઇસ્લામની બધી જ જંગોના સેનાપતિ. દરેક જંગમાં અડધો અડધ ભાગ હઝરત અલી અલયહિસ્સલામનો હતો, બાકીના અડધા ભાગમાં તમામ સહાબા આવતા. આપને આ વિચારો ઘણાં જ પરેશાન કરતા. હઝરત અલી અલયહિસ્સલામને આ લોકો પકડીને લઇ ગયા, બળજબરીથી બયઅત માંગી. આપે બયઅત લેવાનો સદંતર ઇન્કાર કર્યો. જણાવ્યું કે અબુબકર

તમારે મારી બયઅત લેવી જોઇએ, હું રસૂલુલ્લાહની ગાદીનો પણ વારસદાર છું, સાથે રસૂલની રૂહાનિયતનો પણ વારસદાર છું. પોતાના શોહરનો દરજ્જો રસૂલુલ્લાહ પછીનો હોવા છતાં આ લોકો જેમના ખાનદાનો પણ પછાત અને ઝલીલ છે, એવા લોકો બાદશાહ બની બેઠા. આપ વિચારતી કે આ ઝલીલ લોકો ક્યાંથી ઇઝ્ઝતવાળા બની ગયા?

આપ જાણતાં હતાં કે આ હઝરત અબુબકરે અને હઝરત ઉમરે રસૂલુલ્લાહના જમાનાની એકપણ જંગમાં ન કોઇને કતલ કર્યો, ન કોઇને તલવારનો વાર કર્યો. બંને બુઝુર્ગો લડાઇથી દૂર, સુરક્ષિત સ્થળે આમતેમ ફર્યા કરતા. ઇસ્લામની એક પણ જંગમાં ન આ બંને બુઝુર્ગોને ઉઝરડો થયો છે, ન આંગળી કપાઇ છે અને આ બંને બુઝુર્ગોએ કોઇ એક વ્યક્તિને પણ ઉઝરડો સુધ્ધાં કર્યો નથી. ઓહદમાંથી બંને બુઝુર્ગો ભાગ્યા છે. લોકો એમને

"ભગોળા ભગોળા" કહેતા હતા. આ તો એ બંને બુઝુર્ગોનો પોતાનો ઇકરાર છે. ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાયેલી વાતો છે. પણ આજે અત્યારે "જિસકી લાઠી ઉસકી ભેંસ", જેના હાથમાં બંદુક, હુકુમત તેની એવો ઘાટ છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની બધી જ વસીય્યતો અને બધા જ ફરમાનો કે "મારા પછી અલી મારા ખલીફા છે." આ વાતની ઐસીતૈસી કરીને લોકોને ખરીદી લીધા. ચૂંટણી પછી ચૂંટાયેલા સભ્યોની ખરીદારી ચાલે છે તેમ એક બાદશાહ અને એક શેહઝાદીનું એક જ દિવસમાં આ દુનિયા પરસ્તોએ બધું જ છીનવી લીધું, લૂટી લીધું. રૂહાનિયત તો આ લોકો પાસે હતી, અને આજેપણ એ જ લોકો પાસે રૂહાનિયત છે, આ જ લોકો રૂહાનિયતના શિખર છે, એવરેસ્ટ જેવા છે, હિમાલયનું સર્વોચ્ચ શિખર, અલી ફાતેમા જ વિલાયતનો સ્ત્રોત છે, સદા વહેતું ઝરણું

છે. હિદાયત, ઇમાન અને વિલાયતનું પાવર હાઉસ આ જ છે. આ સિવાય બધે જ અંધારૂં છે. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને આ વાતોનો ગમ સતાવતો હતો.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ બદદુઆ કરી હતી. તેના પરિણામો તો તરત જ જાહેર થઇ જવાં લાગ્યાં, એની અસરો આજે પણ બાકી છે. એવી ખિલાફત જે હિલા-બહાના દ્વારા છીનવી લેવાઇ તેનું પરિણામ કદી સારૂં ન આવે.

ઉમ્મતનો ઇત્તેહાદ અને ઇત્તેફાક છીનવાઇ ગયો, સેંકડો ઇમામો ઊભા થઇ ગયા, દરેકના મસઅલા જુદા, દરેકના વિચારો જુદા, સેંકડો ફિરકા બની ગયા, ઉમ્મત સેંકડો ટોળાંઓમાં વહેંચાઇ ગઇ, ઇસ્લામની એકતાની શક્તિ છીનવાઇ ગઇ. હઝરત અલી અલયહિસ્સલામ મજબૂર થઇ ગયા. બલકે આ ઝાલિમોએ ઝુલમ કરીને મજબૂર કરી દીધા. જનાબે

ફાતેમા સલામુલ્લાહ અલયહા વિચારતાં, બોલતાં, યા અલ્લાહ! મારી મોત નજીક છે. હું જવાનીના આલમમાં આ દુનિયાથી જઇ રહી છું. વળી આ દુનિયાના ગમો-ગુસ્સાથી છુટકારો મેળવી રહી છું. પરંતુ મારા આ યતીમ બચ્ચાઓનું શું કરૂં? હસન, હુસૈન, ઝયનબ અને કુલસૂમ મા વગરના અને યતીમ થઇ જશે. આહ! યા અલ્લાહ! શું શું મુસીબતો મારા આ ખૂબસૂરત માસૂમોને વેઠવી પડશે? મારા બુઝુર્ગ વાલિદે ગિરામી રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ મને કહી ગયા છે, બેટા! સબર કરજે, તારા દીકરા હસનને આ ઉમ્મત ઝેર આપીને શહીદ કરશે અને હુસૈનને તલવારથી કતલ કરશે. યા અલ્લાહ! મારા છોકરા તો હજી નાના બચ્ચા છે અને મને તો અત્યારથી જ આ નિશાનીઓ દેખાઇ રહી છે. આમ કહીને માસૂમા જોરથી રડી પડ્યાં.

આપ બીમાર, બિસ્તરા ઉપર સૂતાં સૂતાં કદી નાના હુસૈનને પાસે બોલાવી તેની ગરદન ઉપર બોસો લેતાં. તેમની મુસીબતો ઉપર આંસુ વહાવતાં, કદીક હસનને સીનાથી લગાવીને તેના માસૂમ લબોનો બોસો લેતાં, કદીક ઝયનબ અને કુલસૂમ ઉપર પડનારા મસાએબને યાદ કરતાં, તેમને પાસે બોલાવી બંને બેટીઓને છાતી સરસી દબાવી રડતાં.

જી હાં, આ પ્રકારના પરેશાનકુન વિચારો જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાને પરેશાન કરી દેતા. આપ આ બધા રંજમાં દિવસે દિવસે કમજોર અને હાડપિંજર જેવાં થતાં ચાલ્યાં.

એક રિવાયતમાં છે કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા વફાતના સમયે પોતાના શોહર તરફ જોઇને રડી રહ્યાં હતાં. હઝરત અલી અલયહિસ્સલામ ઘરમાં કંઇક કામ કરી રહ્યા હતા.

ફરમાવ્યું: ફાતેમા! દુખ્તરે પેગંબર તમે કેમ રડી રહ્યા છો? બાળકોનો બાપ હું બેઠો છું,બાળકોની જરૂરતોની હું બરાબર કાળજી લઇશ, આપ શા માટે ચિંતા કરો છો?

જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ જવાબ આપ્યો: યા અલી! હું તો આપને જોઇને રડી રહી છું. ભવિષ્યમાં આપ ઉપર આવી પડનારી તકલીફો, મસાએબ, મુશ્કેલીઓ યાદ કરીને મને રડવું આવે છે.

હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું: આપ ન રડો, એવી ચિંતા ન કરો, કસમ ખુદાની, આવા પ્રકારની અથવા હવે પછી આવી પડનારી મુસીબતોનું મારી દૃષ્ટિમાં કોઇ મહત્વ નથી.

(બેહારૂલ અનવાર ભાગ-૪૩ પેજ-૨૧૮)

# પ્રકરણ-૪ : હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની વસીય્યત

હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની બીમારી લગભગ ચાલીસ દિવસ રહી. દરરોજ આપની હાલત બગડતી જતી હતી. બીમારીમાં રોજબરોજ વધારો થતો જતો હતો. આપે એક દિવસ હઝરત અલી અલયહિસ્સલામને કહ્યું: અય ઇબ્ને અમ્મ! હું મારા અંદર મોતની નિશાનીઓ જોઇ રહી છું, મને લાગે છે કે હું હવે મારા વાલિદે ગિરામીની પાસે જઇ રહી છું. હું આપને કેટલીક વસીય્યત કરવા ઇચ્છું છું.

હઝરત અલી અલયહિસ્સલામ હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાના બિસ્તરની પાસે બેસી ગયા, ઓરડો ખાલી કરાવી નાખ્યો. પછી ફરમાવ્યું: અય દુખ્તરે પેગંબર! જે કંઇ આપનું દિલ

ઇચ્છે તે પ્રમાણે વસીય્યત કરો. હું આપની વસીય્યત ઉપર અમલ કરીશ. આપની વસીય્યતનું પાલન મારા અન્ય કામોથી વધારે મહત્વનું ગણીશ. આમ બોલી હઝરત અલી અલયહિસ્સલામ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના ફિક્કા ચહેરા તરફ જોતાં રડી પડયા.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા પાસુ ફર્યાં, પોતાના મહેરબાન પતિના ગમનાક ચહેરાને જોયો, પછી કહ્યું: અય ઇબ્ને અમ્મ! મેં તમારા ઘરમાં આજદિન સુધી જુઠ નથી બોલ્યું, કોઇ પ્રકારની ખિયાનત તરફ પણ નથી ગઇ, ન કદી આપના કોઇ ફરમાનનો વિરોધ કર્યો.

હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું: અય દુખ્તરે રસૂલ! અલ્લાહતઆલાની મઅરેફતના (પેહચાનના-ઓળખના) મામલામાં આપનો મકામ-આપનું સ્થાન એટલું ઉચ્ચ છે કે આપના માટે

ગુનોહ થવાની શક્યતા પણ નથી, હું એવું વિચારી પણ શકતો નથી. ખુદાની કસમ! આપની જુદાઇ-વિયોગ મારા માટે એક મુસીબત સમાન છે. પરંતુ શું કરીએ, મોત હક છે, આપે તો મારા મસાએબ તાજા કરી દીધા. આપની કસમયની મોત મારા માટે એક દર્દનાક હાદેસો છે.

إِنَّا لِلّٰهِ وَإِنَّا إِلَيْهِ رَاجِعُونَ

આ મુસીબત કેટલી નાપસંદ અને દર્દથી ભરેલી છે. આ હલાક કરી દેનારી મુસીબતને હું કદી ભૂલી શકીશ નહિ. અય દુખ્તરે પેગંબર! તમારી મોતના બદલામાં કોઇ ચીજ મને તસલ્લી કે શાંતિ આપી શકતી નથી. ત્યાં તો અલીની આંખોમાં ઝળઝળીયાં આવી ગયાં. બંને માસૂમો કલાકો સુધી રડ્યાં.

આ ટૂંકી ચર્ચામાં જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહાએ પોતાની ઘરેલુ જિંદગીના અમલી સિદ્ધાંતોનો ખુલાસો કર્યો છે. પોતાની સચ્ચાઇ, પાકદામની, પતિની ઇતાઅતનું, પોતાના હમસફરને વર્ણન કર્યું છે. હઝરત અલી અલયહિસ્સલામે પણ પોતાની પ્યારી હમસફરના રૂહાની મકામનું વર્ણન, તેમની સચ્ચાઇ-પરહેઝગારીનો ઝિક્ર કર્યો છે. તેમના માટે પોતાના દીલમાં રહેલી સાચી મહબ્બતનું વર્ણન પણ કર્યું છે.

આ જગ્યાએ આ બે મહબ્બત કરનારા-જે અલ્લાહે નક્કી કરેલું જોડું-આસમાન પર નક્કી કરેલું કપલ. ઇસ્લામની અવ્વલ, અજોડ અને આદર્શ પત્ની, એવા જ ઇસ્લામના અવ્વલ, અજોડ, બહાદુર અને આદર્શ પતિ મિયાં-બીવી પોતાની ભાવનાઓને, આવેગોને કાબુમાં ન રાખી શકતાં બંને રડી પડ્યાં-રડતાં રહ્યાં. પોતાની ટુંકી ઘરેલુ જિંદગી જે ખુલૂસ અને

મહબ્બતથી જીવ્યાં, સંકલ્પ, સદાકત, પાકદામની અને ત્યાગની એક દુનિયા હતી. એ ટૂંકી જિંદગી યાદ કરીને બંનેએ આંસુ વહાવ્યાં. એકબીજાની મુસીબતોને બંનેએ યાદ કરી અલ્લાહથી મદદ માંગી. ફાતેમા સલામુલ્લાહ અલયહાએ હઝરત અલી અલયહિસ્સલામને જે છેલ્લે કહ્યું: હું એટલા માટે રડું છું કે મારા પછી આ દુશ્મનો તમને હેરાન કરશે, તમારી અલ્લાહ જરૂર મદદ કરશે. ઇમાન, યકીન, વિલાયત  અને તવક્કલના એવરેસ્ટ શિખર ઉપર બેઠેલાં બંને પતિ-પત્ની એકબીજાની મહબ્બતમાં આંસુ સારતાં બેઠાં હતાં. કમરો ખાલી એટલા માટે કર્યો કે આ આંસુ બાળકો ન જોઇ લે. પ્યારી માને રડતાં તો આ ચારેય બાળકોએ અનેક વખત જોયાં હતાં પરંતુ આ લોહપુરૂષ જેવા પ્રેમાળ બાપને રડતાં ન જોઇ લે.

જ્યારે બંનેનાં આંસુ થમ્યાં ત્યારે હઝરત અલી અલયહિસ્સલામે પોતાની શરીકે હયાતના માથાને

જાંઘ પર રાખ્યું, પછી ફરમાવ્યું: અય દુખ્તરે પેગંબર! તમે ઇચ્છો તેવી વસીય્યત કરો અને સંતોષ રાખજો કે તમારી વસીય્યતોનો પૂરે-પૂરો અમલ કરીશ. પછી હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ નીચેની વસીય્યતો ફરમાવી:

(૧) અય મારા ઇબ્ને અમ્મ! મર્દ ઓરત વગર જિંદગી બસર કરી શકતો નથી માટે તમારા માટે પણ શાદી એક મજબૂરી છે. મારી ઇચ્છા છે કે મારા પછી આપ મારી બહેનની દીકરી અમામાની સાથે શાદી કરી લેજો કારણ કે તે મારા બાળકો સાથે ઘણો જ પ્યાર ધરાવે છે.

(૨) મારા પછી મારાં છોકરા યતીમ થઇ જશે. એમની સાથે નરમીથી વર્તન કરજો. તેમને સખત શબ્દોમાં સૂચના પણ ન આપશો. મારા બાળકોના દીલની શાંતિ માટે એક રાત મારા બાળકો પાસે સૂઇ જશો અને એક રાત તમારી બીવીની પાસે સૂવા જજો.

(૩) મારા માટે એક એવો તાબૂત તૈયાર કરી રાખો જે એવા પ્રકારનો હોય કે જેમાંથી શરીરનો કોઇ ભાગ-કપડું ઢાકેલો પણ ન દેખાય.

(૪) મને ગુસલ અને કફન આપ્યા પછી રાતના જ દફન કરજો અને તે માણસોને મારી નમાઝે જનાઝા પઢવાની કે મારા જનાઝાની પાસે આવવાનો મોકો પણ ન દેશો જેમણે મારો હક ગસ્બ કર્યો છે અને મને તકલીફ અને મુસીબતોમાં નાખી દીધી છે.

(૫) પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની બીવીઓમાંથી દરેકને બાર વકીયા ઘંઉ આપજો. (વકીયા તે સમયમાં પ્રચલિત વજન હતું.)

(૬) બની હાશિમની દરેક સ્ત્રીને પણ બાર વકીયા ઘઉં આપજો.

(૭) મારી ભાણજી અમામાને પણ કંઇ આપજો.

(૮) હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની વફાત પછી નીચેનું એક લખેલું વસીય્યતનામું પણ મળ્યું.

ઝિલહુસ્ના, સાકિયા, દલાલ, ગિરાફ, રકમા, હયશમ અને ઉમ્મે ઇબ્રાહીમ નામી મારા સાત બાગો છે. આ સાત બાગો મારા પછી અલી ઇબ્ને અબી તાલિબના ઇખ્તયારમાં આવશે. ત્યાર બાદ મારા બેટા હસનના, હસનની હયાતી પછી હુસૈનના ઇખ્તયારમાં જશે. હુસૈનના પછી તેમના મોટા ફરઝંદના ઇખ્તયારમાં જશે.

લખનાર : અલી સહી

સાક્ષી-ગવાહ : મિકદાદ સહી, ઝુબેર સહી

ઇબ્ને અબ્બાસની રિવાયત છે કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની વફાત પછી તેમણે લખેલી વસીય્યતોમાંથી એક વસીય્યત આ પ્રમાણે છે:

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

આ ફાતેમા બિન્તે રસૂલુલ્લાહનું વસીય્યતનામું છે. હું ખુદાની વહદાનિયતની ગવાહી આપું છું કે મોહંમદ ખુદાના રસૂલ છે, બેહિશ્ત અને દોઝખ હક છે, કિયામત બિલકુલ યકીની આવનાર છે, ખુદા મુર્દાઓને જીવતાં કરશે. અય અલી! ખુદાએ મને આપની શરીકે હયાત નક્કી કરી છે, જેથી અપણે દુનિયા અને આખેરતમાં સાથે રહીએ. મારો ઇખ્તયાર તમારા હાથોમાં છે. અય અલી મને રાતના ગુસલ અને કફન આપજો, પછી ખુશબો લગાવજો, પછી દફન કરજો. કોઇને પણ ખબર ન કરશો. હવે હું આપથી વિદાય લઉં છું. મારા સલામ કિયામત સુધી પેદા થવાવાળી મારી ઔલાદને પહોંચાડજો.

(બેહારૂલ અનવાર ભાગ-૪૩ પેજ-૧૧૯-૧૭૮-૧૯૬-૨૪૧,

મનાકિબ ઇબ્ને શહર આશુબ ભાગ-૩ પેજ-૩૬૨,

દલાએલુલ ઇમામત પેજ-૪૨)

# પ્રકરણ-૫ : હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા પોતાની જિંદગીની છેલ્લી ક્ષણોમાં

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની બીમારી જોર પકડતી ચાલી. આપની હાલત ખતરનાક થઇ ગઇ હતી. હઝરત અલી અલયહિસ્સલામ જરૂરી કામો સિવાય આપના બિસ્તર પાસેથી દૂર જતા ન હતા. જનાબે અસમા બિન્તે ઉમૈસ આપની સેવામાં હાજર જ રહેતાં હતાં. ઇમામ હસન, ઇમામ હુસૈન, જનાબે ઝૈનબ અને જનાબે કુલસૂમ પોતાની પ્યારી માની આ હાલત જોતાં હતાં. આ બાળકો પણ રડતાં હતાં, આ બાળકો તીવ્ર બુદ્ધિશાળી હતાં. નબી આખેરૂઝ્ઝમાંનું લોહી અને ઇમામે અલી અલયહિસ્સલામનું લોહી હતાં. બે તો ઇમામ હતા.

આ ઉમ્મત હજી થોડાક જ દિવસ ૬૦-૬૫ દિવસ પહેલાં આ શાહઝાદાઓને ખભે બેસાડતી હતી. નાનાની હાજરીમાં પ્યાર કરતી હતી. તે મુનાફિક ઉમ્મત નાનાની આંખોં મિંચાતા જ પોતાની અને પોતાના પિતાજી અને માની દુશ્મન બની ગઇ. નાનાના કહેવાતા દોસ્ત જ અવ્વલ નંબરના દુશ્મન બની ગયા.

હઝરત અલી અલયહિસ્સલામ તો અત્યંત જરૂરી કામ વગર ઘરમાંથી બહાર જતા ન હતા. પરંતુ બધુ ચૂપકીદી સાથે કરવાનું હતું. વફાત, કફન, દફન વગેરે બધી જ ક્રિયાઓ હુકુમતથી છૂપી રીતે કરવાની હતી. હુકુમતના કારંડાઓને ખબર ન પડે જેથી તેઓ ન નમાઝે જનાઝામાં ભાગ લઇ શકે, ન દફન ક્રિયાઓમાં ભાગ લઇ શકે, ન આપની કબરને જાણી શકે. બની હાશિમના ખાસ બે ચાર યુવાનો અને બે ચાર સ્ત્રીઓએ મળીને રાતના વાત

ફેલાય નહિ એ રીતે કરવાનું હતું. જેથી હઝરત અલી અલયહિસ્સલામને કંઇક તો બહાર નીકળવું પડે. સહેજ કોઇકની રાહ જોવા આમ તેમ વરંડામાં જવું પડે.

મઝલૂમ માસૂમા જાણતાં હતાં કે પોતાના બચ્ચાં તો ઘણાં જ સમજદાર છે. ઘરનો માહોલ, ઘરમાં થતી ક્રિયાઓ, જીભનો ઉપયોગ કર્યા વગર હાથના ઇશારાથી થતી વાતો વગેરેથી પામી જઇ આ લોકો ખાશે નહિ. રસૂલની મઝલૂમ બેટીએ ખૂબ જ હિંમત ભેગી કરીને, જાણે કશું જ નથી. હું સારી છું બેટાઓ! તમે ખાવા બેસી જાઓ. આ રીતે આ યતીમ માસૂમોને થોડુંક ખવડાવી દીધું. પરંતુ આ બીજા સમયે તો માસૂમાની તબિયતે જવાબ દઇ દીધો હતો, શરીરમાં હવે કંઇ હતું નહિ, અલ્લાહનો ઝિક્ર ઝબાનથી ચાલુ હતો. જેથી અસમાના સમજાવવા છતાં બાળકો ખાવા બેઠા જ નહિ. બલકે

ચારેયના ખૂબસૂરત ચહેરાઓ ઉપર ગમગીની સાથે આંખની પાંપણોમાં આંસુના ટીપાં દેખાવા લાગ્યાં.

જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા કદીક આંખો ખોલતાં, કદીક આંખો બંધ કરતાં, જ્યારે આંખો ખૂલતી તો પોતાના બાળકોને અફસોસ ભરી નિગાહોથી જોઇ લેતાં. આપે જિંદગીની છેલ્લી ઘડીઓમાં આંખો ખોલી, ચારે તરફ જોયું પછી ફરમાવ્યું:

اَلسَّلَامُ عَلَيْكَ يَا جِبْرَئِيلُ

اَلسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللهِ

પછી ફરમાવ્યું: અય મારા અલ્લાહ! મને મારા પેગંબરની સાથે મહસૂર ફરમાવ. ખુદાયા! મને જન્નત અને તારી આસપાસ સુકુનત અતા ફરમાવ. ત્યાર પછી હાજર લોકોને ફરમાવ્યું: જુઓ,

હું અલ્લાહના ફરિશ્તાઓને જોઇ રહી છું. જિબ્રઇલ હાજર છે, મારા બાબાજાન પણ મોજૂદ છે, મને ફરમાવી રહ્યા છે કે મારી પાસે જલ્દી આવી જાય, અહીં તમારા માટે બેહતર છે.

હઝરત અલી અલયહિસ્સલામ ફરમાવે છે કે ફાતેમાએ મને પોતાની વફાતની રાતે કહ્યું: અય ઇબ્ને અમ્મ! હમણાં જ જિબ્રઇલ મને સલામ કરવા માટે હાજર થયા. કહી રહ્યા છે કે ખુદા આપને સલામ કહેવડાવે છે. ફરમાવે છે કે આપ બસ હવે થોડીક વારમાં પોતાના વાલિદ ગિરામીથી મુલાકાત કરશો, ત્યાર પછી ફરમાવ્યું: હવે મીકાઇલ નાઝિલ થયા છે અને અલ્લાહની તરફથી પૈગામ લાવ્યા છે. ત્યાર પછી ફરમાવ્યું:

وَعَلَيْكُمُ السَّلَام

પછી આપે આંખો ખોલી ફરમાવ્યું: અય ઇબ્ને અમ્મ! ખુદાની કસમ! ઇઝરાઇલ છે. મારી રૂહ કબ્ઝ કરવા માટે આવેલા છે. ત્યાર પછી ઇઝરાઇલને ફરમાવ્યું: મારી રૂહ કબ્ઝ કરો, પરંતુ નરમીથી.

આપે પોતાની જિંદગીની આખરી ક્ષણોમાં ફરમાવ્યું: ખુદાયા! તારી પાસે આવી રહી છું, આપે આ કલિમાત ફરમાવ્યા પછી પોતાની આંખો બંધ કરી દીધી. હાથ પગ આપમેળે લંબાઇ ગયા, પોતાની જાન આફરીનને સોંપી દીધી.

اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ

અસમા બિન્તે ઉમૈસે જનાબ ઝેહરા સલામુલ્લાહ અલયહાની વફાતની ઘટનાઓ આ રીતે વર્ણવી છે :

જ્યારે આપની વફાતનો સમય નજીક આવ્યો તો આપે ફરમાવ્યું: મારા વાલિદે ગિરામીની વફાતના સમયે જિબ્રઇલ થોડુક કાફૂર(ખુશબો) લઇને આવ્યા હતા. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે તેના ત્રણ ભાગ પાડ્યા હતા. એક ભાગ પોતાના માટે ઉપયોગમાં લીધો, એક ભાગ હઝરત અલી અલયહિસ્સલામ માટે અને એક ભાગ મારા માટે આપ્યો. મેં તે કાફૂર ફલાણી જગ્યાએ મૂક્યું છે. હવે મને તેની જરૂર છે, લઇ આવો. જનાબ અસમા તે કાફૂર લઇ આવ્યાં. આપે ગુસલ કર્યું, વુઝુ બનાવ્યું, પછી અસમાને ફરમાવ્યું: મારી નમાઝના કપડાં લઇ આવો અને ખુશબુ પણ સાથે લાવો.

અસમાએ લિબાસ હાજર કર્યો. આપે તે લિબાસ પહેર્યો, ખુશબો લગાવી, પછી પોતાના બિસ્તરા ઉપર કિબ્લાની તરફ મોં રાખી સૂઇ ગયાં.

અસમાને ફરમાવ્યું: હું આરામ કરી રહી છું. થોડીવાર પછી મને અવાજ આપજે, જો મેં જવાબ ન આપ્યો તો સમજી લેજો કે હું આ દુનિયાથી રૂખ્સત થઇ ગઇ છું, તરત જ અલીને બૂમ પાડી દેશો.

અસમા કહે છે કે મેં થોડીવાર સબર કરી. પછી હું હુજરાના દરવાજા ઉપર આવી. જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાને અવાજ આપી, પરંતુ જવાબ ન સંભળાયો. પછી મેં જ્યારે આપના મુબારક ચેહરા પરનું કપડું હટાવી જોયું, આપ આ ફાની દુનિયાથી રૂખ્સત થઈ ચૂક્યાં હતાં. હું આપના જનાઝા ઉપર પડી ગઇ, આપને બોસો લીધો અને રડવા લાગી. અચાનક હસન અને હુસૈન બીજા કમરામાંથી આપના હુજરામાં દોડી આવ્યા. પોતાની માની હાલત પૂછી, પછી કહ્યું: આ સમય અમારી મા

ના સુવાનો નથી. મેં કહ્યું: અય અઝીઝો, તમારી મા આ દુનિયાથી રૂખ્સત થઇ ગયાં.

હસન અને હુસૈન મા ના જનાઝા ઉપર પડી ગયા. ઝયનબ અને કુલસૂમ પણ ભાઇઓને રડતા જોઇ રડવા લાગી. ચારેય સંતાનો માના જનાઝા ઉપર પડી બોસો દેવા લાગ્યાં. રડતાં રડતાં હસન કેહતા. અમ્મી, મારી સાથે વાત કરો. હુસૈન કહેતા: અમ્મા જાન હમેં છોડકર તુમ ક્યું ચલી ગઇં મૈં આપકા હુસૈન હું. હસન અને હુસૈન મસ્જિદ તરફ દોડ્યા. હજી વાલિદ હમણાં જ બહાર નીકળ્યા હતા, જેથી માની વફાતના ખબર આપે. આ નાના બાળકો હુકુમતના ઝુલમને જાણતા, સમજતા હતા. ત્રણ મહિનાથી પોતાની માની, ઘરની, વાલિદે ગિરામીની વ્યથાને જાણતા હતા. બધી કાર્યપ્રણાલી ચૂપકીદી સાથે અદા કરવાની હતી. જેથી વાલિદે ગિરામી હઝરત અલી અલયહિસ્સલામને બોલાવવા માટે

અસમા બિન્તે ઉમૈસે હસન, હુસૈનને જ કાનમાં કહ્યું, દોડ્યા, બંને યતીમ પિતાજીને બોલાવવા.

હઝરત અલી અલયહિસ્સલામ આવ્યા. આપની શરીકે હયાત દુખ્તરે રસૂલના ઇન્તિકાલથી આપ ગમમાં બેહાલ થઇ ગયા. ચોધાર આંસુએ રડતા ફરમાવ્યુંઃ અય દુખ્તરે રસૂલ! તમારી હયાતી મારા માટે એક ઇત્મીનાન હતું, દીલની તસલ્લી હતી, ગમ વહેંચાતો હતો, હવે તો જે ગમ આવશે તે એકલા મારે જ ઝીલવો પડશે, હવે તમારા પછી કોની પાસેથી સુકૂન મેળવીશ.

## પ્રકરણ-૬ : આપનો જનાઝો અને દફનવિધિ

શહેરી વિસ્તાર, જોડાજોડ ઘરો, મહોલ્લાઓ અને પેગંબરે ઇસ્લામની દુખ્તર! લોકોની દૃષ્ટિ હઝરત અલી અલયહિસ્સલામના ઘર તરફ લાગેલી હતી. બની હાશિમની (નબી સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનું ખાનદાન) સ્ત્રીઓ તો ઘરની જ સ્ત્રીઓ ગણાય. તેઓને તો જાણ કરવી જ પડે. વળી અમૂક નજીકની સ્ત્રીઓ તો જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાની સાથે ખૂબ જ મહબ્બત ધરાવતી. તેઓ તો હૈયાફાટ રડી પડી. આ રીતે મદીનામાં જાણ થઇ ગઇ કે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા આ દુનિયાથી પરદે થઇ ગયાં છે. મદીનામાં ચારે તરફ શોર મચી ગયો. ઘણાય ઘરોમાં રડવાની આવાજો બુલંદ થઇ, શહેરમાં બધે જ ગમનું વાતાવરણ છવાઇ ગયું, લોકો હઝરત

અલી અલયહિસ્સલામના ઘર તરફ ચાલવા લાગ્યા. આખો મહોલ્લો માણસોથી ઊભરાઇ ગયો.

હઝરત અલી અલયહિસ્સલામ તશરીફ ફરમા હતા, હસન અને હુસૈન આપની બગલમાં બેઠા હતા, ઝયનબ પણ દુ:ખી ચહેરે બેઠી હતી, હઝરત અલી અલયહિસ્સલામ આ યતીમોના માથે હાથ ફેરવતા હતા. રડવામાં ઉમ્મે કુલ્સૂમ રોકાતી ન હતી. રડતાં રડતાં નાનાને પોકારતી હતી. યા રસૂલલ્લાહ! આજે અમે આપથી મહરૂમ થઇ ગયાં. મતલબ આ હતો કે આ બાળકો ઉપર નાનાની મહબ્બત અનહદ હતી, નાના આ દુનિયાથી પરદે થતાં નાનાનું લોહી, નાનાની યાદગાર, નાનાની યાદ તરીકે પોતાની મા હતાં. હવે નાના તો નથી જ અને નાનાના શરીરનો અંશ-પોતાની વાલિદહ પણ નથી. જેથી કુલસુમ એમ પોકારતી હતી કે યા રસૂલલ્લાહ! આજે અમે આપથી મહરૂમ થઇ ગયાં. નાના

રસૂલુલ્લાહની યાદ આવે તો આ ચારે બાળકો માની બગલમાં ભરાઇ જતાં. જાણે નાનીની બગલમાં બેઠાં હોય.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાના ઇન્તેકાલનો ચારે તરફ શોરગુલ મચી ગયો. દૂરદરાજ સુધી ખબરો પહોંચી ગઇ. આ તરફ હઝરત અલી અલયહિસ્સલામ માટે ચિંતા વધી ગઇ. પોતાની વહાલી શરીકે હયાતની વસીય્યત ઉપર અમલ કરવાનો હતો. હુકુમતના કારકુનો, દુશ્મનો જનાઝામાં શરીક ન થવા પામે. હઝરત અલી અલયહિસ્સલામે જનાબ અબુઝર રઝિયલ્લાહો તઆલા અન્હો તથા બની હાશિમના બે ચાર યુવાનો સાથે આ બાબત મશવેરો કર્યો. કબરની સાચી જગ્યાને છુપાવવાની હતી. હઝરત અલી અલયહિસ્સલામ માટે આ એક મુશ્કેલ ઘડી હતી.

છેવટે આ આખી પરિસ્થિતિનો નિપટારો કેવી રીતે કરવો તે અંગેની ગુપ્ત મંત્રણા થઇ ગઇ.

લોકો આ વાતના મુન્તઝિર હતા કે જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહાનો જનાઝો બહાર આવે. અચાનક હઝરત અબુઝર ઘરની બહાર નીકળ્યા અને કહ્યું:

“લોકો! ચાલ્યા જાઓ. કારણ કે જનાઝાને ઊઠાવવાનો સમય હજી નક્કી કર્યો નથી, મોડું કરવામાં આવશે.”

લોકો વિખેરાઇ ગયા, સમજ્યા કે કદાચ જનાઝો બીજા યા ત્રીજા દિવસે ઊઠાવવામાં આવે.

હઝરત અબુબકર અને ઉમરે પણ હઝરત અલી અલયહિસ્સલામને દિલાસો આપ્યો, શોક સહાનુભૂતિ દર્શાવી, વિનંતી કરી. યા અબલ હસન! કંઇ અમારાથી અગાઉ ફાતેમાના જનાઝા ઉપર નમાઝ ન પઢી લેતા.

હઝરત અલી અલયહિસ્સલામે અસમા સાથે મળીને તે જ રાતે જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહાને ગુસલ અને કફન આપ્યું. હઝરત ફાતેમાના નાના નાના ચારેય બાળકો જનાઝાની આસપાસ ગિર્યા કરતાં રહ્યાં. જ્યારે આપ ગુસલ અને કફનથી પરવાર્યા તો આવાજ આપી: અય હસન, અય હુસૈન અય બેટી ઝયનબ, અય કુલસૂમ, આવી જાઓ, તમારી માને છેલ્લી વિદાય આપી દો. હવે પછી એમને કદીય જોઇ શકશો નહિ. જનાબે ઝેહરાના યતીમ બચ્ચાઓ પોતાની માતાના જનાઝાને ચિપકીને ખૂબ રડ્યાં, બોસા લીધા. પછી હઝરત અલી અલયહિસ્સલામે જનાઝાને ઊઠાવ્યો.

જનાઝા ઉપર નમાઝ પઢવામાં આવી અને તેને લઇને ચાલ્યા. ફક્ત ખુબ જ નજીકના માણસો, વિશ્વાસપાત્ર અને અંગત ગણાતા ઘરના માણસો જનાઝામાં શરીક થયા હતા. મદીનાના લોકોને તો

સામાન્ય પણે એવી જ જાણ હતી કે કદાચ બીજા દિવસે સવારના કે સાંજના જનાઝો ઊઠાવવામાં આવશે. આવી રીતે અડધી રાતના એકદમ ચૂપકીદીથી જનાઝો ઊઠશે તેવું તો તેઓ કલ્પી પણ શકતાં ન હતા. જનાઝામાં અબ્બાસ, ફઝલ, મિકદાદ, સલમાન, અબુઝર, અમ્માર, હસન, હુસૈન, અકીલ, બુરૈદહ, હુઝૈફા અને ઇબ્ને મસઊદ વગેરે લોકો હતા. ફક્ત આટલા જ પુરૂષો બે બાળકો સાથે જનાઝો લઇને ચાલતા હતા. હઝરત અલી અલયહિસ્સલામે અન્ય કોઇને પણ જનાઝામાં શરીક થવાનો મોકો જ આપ્યો નથી.

અડધી રાત ઉપર સમય વીતી ચૂક્યો હતો. તમામ ઇન્સાનો મીઠી નીંદર માણી રહ્યા હતા, ત્યારે જનાઝાને ખૂબ જ ધીમે ધીમે જમીન પર ચાલવાથી અવાજ પણ ઓછામાં ઓછી આવે એ રીતે ધીમા ધીમા પગલે ચાલીને જનાઝાને કબર સુધી લઇ

ગયા. જેથી દુશ્મનોને જાણ ન થઇ જાય. તેઓ જનાઝામાં સામેલ પણ ન થવા પામે અને કંઇ ગરબડ પણ ઊભી ન કરે. જનાઝાને કબરના કિનારે જમીન ઉપર મૂકવામાં આવ્યો. અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહિસ્સલામે જાતે જ પોતાની શરીકે હયાતના પાક જિસ્મને કબરમાં ઊતાર્યું. પછી ખૂબ જ ઉતાવળથી કબરને બંધ કરી દીધી.

(બેહારૂલ અનવાર જિ-૪૩ પેજ-૧૯૨-૧૯૯-૧૭૯-૧૮૩)

## પ્રકરણ-૭ : હઝરત અલી અલયહિસ્સલામ જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહાની કબર ઉપર

જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહાની દફનવિધિ ઘણી છુપી રીતે અને ઝડપથી અંજામ આપવામાં આવી. જેથી દુશ્મનોને ખબર ન પડી જાય કે તેઓ આપના દફનમાં ગરબડ ઊભી કરે. પરંતુ હઝરત અલી અલયહિસ્સલામ જ્યારે જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહાને દફન કરીને બહાર આવ્યા તો આપ ઉપર ગમ છવાઇ ગયો. પહાડ જેવો મજબૂત માણસ તૂટી ગયો. કેટલી ફિકર અને ચિંતા આપને થઇ હશે. જે ઘરની આખી હુકુમત દુશ્મન હોય, હુકુમતનો બાદશાહ, વજીર અને બધા જ કારકુનો દુશ્મન હોય, તેમનાથી છુપાઇને આવી જાહેર ક્રિયા કરવી એ કોઇ નાની સૂની વાત નથી. આપે ફરમાવ્યું: અય મારા ખુદા! કેવી રીતે મેં

યાદગારે નબીને જમીનમાં દફન કર્યાં છે. મેં કેવી માસૂમ, મહેરબાન, પાકદામન અને બલિદાન આપી દેનારી, પોતાનું સર્વસ્વ કુરબાન કરી દેનારી બીબીને ખોઇ છે. આપ ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડયા. ફરમાવ્યું: ખુદાયા! એણે મારી હિફાઝત માટે કેટકેટલા મસાએબ ઊઠાવ્યા. આ નેક ઓરતે મારા ઘરમાં મારા બાળકોના ઉછેરમાં કેટલી ઝહમત ઊઠાવી.

જે વાતની ખબર અત્યાર સુધી કોઇને ન હતી તે વાત જનાબ અમીરૂલ મોઅમેનીન દફન કર્યા પછી બોલી ગયા. આહ! તેના શરીરની અંદરનું દર્દ, અફસોસ! તેની તૂટેલી પાંસળી, તેના મારથી સૂઝી ગયેલા હાથ, એમનો સાકિત થઇ ગએલો હમલ, ખુદા! તુ રહેમ કર.

ખુદાયા! મને તો એવી ઉમ્મીદ હતી કે આખરી ઉમર સુધી આ મહેરબાન અને પ્યારી બીબી સાથે જિંદગી ગુજારિશ, પરંતુ અફસોસ! મોતે

અમારી વચ્ચે જુદાઇ નાખી દીધી. આહ! હું ઝેહરાના યતીમ બાળકોને કેવી રીતે દિલાસો આપું. આ ગોરા ગોરા માસૂમ ચહેરાઓની આંખો તો આંસુઓથી ભરેલી છે.

રાતના અંધકારમાં આપે જનાબ રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની કબર તરફ તવજ્જોહ કરીને વિનંતી કરી. યા રસૂલલ્લાહ! આપની દુખ્તરે અઝીઝ અને મારી શરીકે હયાતના તરફથી, જે અત્યારે આપની ખિદમતમાં પહોંચવાની છે. જે આપની આસપાસ જ દફન થઇ છે. જે બધાથી પ્રથમ આપથી મળી છે. તેમના સલામ કબૂલ ફરમાવો. યા રસૂલલ્લાહ! મારો સબર તો ખતમ થઇ ગયો. છતાંય તેના સિવાય કોઇ ઇલાજ પણ નથી. જેવી રીતે મેં આપની વિદાય પર સબર કરી, હું ઝેહરાની વિદાય ઉપર સબર કરીશ.

યા રસૂલલ્લાહ! આપની રૂહ મારા ખોળામાં(દામનમાં) કબ્ઝ કરવામાં આવી. મેં જ આપની આંખોને બંધ કરી છે, હું જ હતો જેણે આપના જિસ્મ મુબારકને કબરમાં ઊતાર્યું. હાં, સબર કરીશ અને પઢીશ.

إِنَّا لِلّٰهِ وَإِنَّا إِلَيْهِ رَاجِعُونَ

યા રસૂલલ્લાહ! જે અમાનત આપે મને સોંપી હતી, હવે આપની પાસે પાછી ફરી છે. ઝેહરા મારા હાથમાંથી છીનવાઇ ગયા. આસમાન અને જમીનની રોનક ખતમ થઇ ગઇ.

યા રસૂલલ્લાહ! મારા ગમનો કોઇ પાર નથી. મારી આંખોની નીંદ ઊડી ગઇ. મારો ગમ તો હવે કદીય ખતમ નહીં થાય. જ્યાં સુધી મૃત્યુ ન પામું અને આપની મુલાકાત ન કરૂં. યા રસૂલલ્લાહ! ખરેખર અંબિયા અને અવસિયા કદી ગમથી ખાલી નથી હોતા.

મારો ગમ તો એવો ગમ છે જે દીલના ઝખ્મોથી પેદા થાય છે. એવા ઘા મારા દીલ ઉપર પડ્યા છે જે એકદમ જોશમાં આવ્યા. મારી ફૂલવાડીને ઉઝાડી દીધી, વેરાન થઇ ગઇ મારી વાડી. યા રસૂલલ્લાહ! હું મારા દર્દને ખુદાની સમક્ષ રજૂ કરૂં છું.

યા રસૂલલ્લાહ! આપની દુખ્તર આપને બતાવશે કે આપની ઉમ્મતે એકમત થઇ ખિલાફતને મારાથી છીનવી લીધી. આપની ઝેહરાના હકને ગસબ કર્યો, ખાઇ ગયા ઝેહરાની મિલકતને, યા રસૂલલ્લાહ! તમે પ્યારી બેટીને તેનું દર્દ પૂછજો, તે ઘણાં બધા ઘાને દીલમાં છુપાવીને તમારી પાસે આવી છે. કેટલાય દુ:ખો તો આ નેક ખાતૂને મને કહ્યા પણ નથી. પરંતુ આપને તો બયાન કરશે. ખુદા અમારી અને આ લોકોની વચ્ચે ન્યાય કરશે. યા રસૂલલ્લાહ! આપથી રૂખસત લઉં છું. એટલા માટે નહિ કે આપની કબર ઉપર બેઠા બેઠા થાકી ગયો છું. આપની હાજરી તો

હંમેશા મારા દીલની પાસે જ રહે છે. અલ્લાહે સબર કરનારાઓ માટે વાયદો કર્યો છે. યકીન રાખું છું, સબર કરવું બધી જ ચીજોથી બેહતર છે.

યા રસૂલલ્લાહ! જો દુશમનોના વિરોધ કરવાનો ભય ન હોત તો હું આપની કબર પાસે રહેઠાણ બનાવી લેત અને આ મુસીબત ઉપર રડી લેત. યા રસૂલલ્લાહ! અમારી એવી પરિસ્થિતિ ઊભી થઇ ગઇ કે મજબૂર થઇને અમે આપની બેટીને અને મારી વહાલી શરીકે હયાતને રાતના અંધકારમાં દફન કરવી પડી. તેનો હક-આપનો વારસો તેની પાસેથી છીનવી લેમામાં આવ્યો. તેને આપની મીરાસથી વંચિત કરી દીધી. યા રસૂલલ્લાહ! હું મારા અંદરના દર્દને ખુદાની સમક્ષ પેશ કરૂં છું. આપ ઉપર અને મારી મહેરબાન બીવી ઉપર મારા દુરૂદો સલામ.

હઝરત અલી અલયહિસ્સલામે દુશ્મનોના ભયથી ઝેહરાની કબર મુબારકની માટીને સરખી કરી

દીધી. પછી જુદી જુદી જગ્યાએ બધાએ મળીને સાત અથવા ચાલીસ તાજી કબરો બનાવી દીધી. જેથી સાચી કબરની ખબર જ ન પડે. ત્યાર પછી આપ પોતાના ઘેર પાછા ચાલ્યા આવ્યા. [બંને રિવાયતો છે, કોઇને કદાચ એમ થાય કે ૭ અને ૪૦ આ બંને આંકડામાં કેટલો તફાવત છે? આવું કેમ? મારી દૃષ્ટિએ રિવાયત કરનારાઓની બંને રિવાયતો સાચી છે. દફનની રાતે આ પાંચ વ્યક્તિ તો હતા. જેથી સાત બનાવી હોય. જે લોકોએ સાત ગણી તેમણે તે રિવાયત યાદ રાખી લીધી. બધે સાત કહેતા ફર્યા. વળી આ લોકોને ફરી પાછા એકાંતનો સમય મળતાં કે બીજી રાત્રીએ બીજી બનાવી દીધી હોય. આ બીજી વધારાની બનેલી કબરો અગાઉ જોનારાઓની જાણમાં જ ન હોય. આ બાબતોને દૃષ્ટાંતથી સમજાવી શકાય છે. પરંતુ કિતાબનો હાંસિયો મોટો થઇ જવાનો ભય સતાવી રહ્યો છે. (મૌલાના હુસૈન અહમદ)]

બીજા દિવસે હઝરત અબુબકર, હઝરત ઉમર અને મદીનાના બીજા મુસલમાનો વહેલી સવારે જનાઝામાં જોડાવવાના ઇરાદાથી હઝરત અલી અલયહિસ્સલામના ઘરની તરફ રવાના થયા. મહોલ્લો ચારે તરફ લોકોથી ભરાઇ ગયો. હઝરત મિકદાદ રઝિયલ્લાહો તઆલા અન્હોએ જાહેરાત કરી દીધી.

“હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાને ગઇકાલે રાતે દફન કરી દેવામાં આવ્યા છે.”

હઝરત ઉમરે અબુબકરને કહ્યું: “હું નહોતો કહેતો કે આ લોકો આવું જ કરશે.”

હઝરત અબ્બાસે ઉત્તર આપ્યો: સ્વયં ફાતેમા ઝેહરાએ વસીય્યત કરી હતી કે તેમને રાતના દફન કરવામાં આવે. જેથી અમે તેમની વસીય્યત પ્રમાણે અમલ કર્યો.

હઝરત ઉમરે કહ્યું: તમે બની હાશિમના લોકોની દુશ્મની અને હસદ ખતમ થવા દેશો નહિ. હું

ફાતેમાની કબરને ખોદી નાખીશ, પછી તેમના ઉપર નમાઝ પઢીશ.

હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું: ખબરદાર! અય ઉમર, ખુદાની કસમ! જો તમે આવું કંઇપણ અડપલું કર્યું તો હું તલવાર વડે તમારી ગરદન ધડથી જુદી કરી દઇશ. હું કદાપિ ઇજાઝત આપતો નથી કે ફાતેમાના બદનને કબરથી બહાર કાઢવામાં આવે. હઝરત ઉમરે જ્યારે ખતરનાક પરિસ્થિતિ જોઇ તો પોતાના ઇરાદાથી દૂર રહ્યા. [હઝરત ઉમરનું હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની કબર શરીફ ખોદવા સુધ્ધાંનું કહેવું એમાં ઘણી બધી બાબતો સમાયેલી છે. પ્રથમ તો હાકેમો ઘમંડી હોય છે. અમે બાદશાહ છીએ અમારી વાત દૂર રહેનારી વ્યક્તિ ન માને તો જુદી વાત છે પરંતુ રાજધાનીનો વ્યક્તિ ન માને તો અમારૂં નીચું જાય. વળી ગઇકાલે સાંજે અમે આવ્યા હતા. કહીને ગયા

હતા કે અમને બૂમ પાડજો. છતાંય આપણને મહરૂમ રાખ્યા. હઝરત ઉમરનો મિઝાજ તો આ જ પ્રકારનો હતો. અત્યંત ઝાલિમ સ્વભાવ હતો પાછા વજીર બની ગયા.આ જગ્યાએ તો રાજાથી વધીને વજીરનો હુકમ ચાલતો હતો. વળી આ બધામાં સૌથી અગત્યની બાબત તો આ હતી કે હજી એમની હુકુમતને સ્થાયિત્વ મળ્યું ન હતું. 30 ટકા ઉમ્મત તો હઝરત અલી અલયહિસ્સલામને જ ખલીફા માનતી હતી. હઝરત અબુબકરને ખલીફા તરીકે સ્વીકારવા જ ત્યાર ન હતી. તેમાં વળી આ દફનક્રિયામાં ભાગ ન લઇ શકવાના સમાચાર ફેલાય તો હઝરત અલીના ચાહકો વધારે ઉશ્કેરાય. સત્તા છીનવાઇ જવાનો ભય હતો. મુસ્લિમ ઉમ્મતને આ લોકો એવી ગુમરાહીમાં રાખવા માંગતા હતા કે અમારે હઝરત અલી અલયહિસ્સલામ સાથે કોઇ ઇખ્તલાફ જ નથી. બહુ સારૂં બને છે. જુઠી વાતો ફેલાવેલી કે અલીએ અબુબકરથી બયઅત લઇ લીધી

છે. આ જુઠ્ઠી વાત તો આજે પણ કરોડો મુસલમાનોમાં ત્યારથી જ પ્રચલિત કરી દેવામાં આવી છે. જ્યારે હઝરત અલી અલયહિસ્સલામ અને જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા ઇસ્લામી આલમમાં આ સમાચાર આપવા માંગતા હતા કે અમારે હુકુમત સાથે ઇલાફ છે. હું આ હાકેમોથી સખત નારાજ છું. મારા શોહર અલીએ અબુબકરથી બયઅત લીધી નથી. બલકે હઝરત અલી અલયિહસ્સલામ અલ્લાહના નિયુક્ત કરેલા ખલીફા હોઇ તેઓ બીજા કોઇથી બયઅત લઇ શકતા જ નથી. (મૌલાના હુસૈન અહમદ)]

## પ્રકરણ-૮ : જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની વફાતની તારીખ અને દફનની જગ્યા

આ બાબતમાં શકની કોઇ ગુંજાઇશ નથી કે જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહાની વફાત અગિયાર હીજરીમાં થઇ. કારણ કે પેગંબરે ઇસ્લામ દસ હિજરી સનના "હજ્જતુલ વિદાઅ" છેલ્લી હજમાં તશરીફ લઇ ગયા, અને અગિયાર હિજરીની શરૂઆતમાં આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની વફાત થઇ. ઇતિહાસકારો આ બાબત એકમત છે કે પેગંબરે ઇસ્લામના પછી જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા એક વર્ષથી ઓછો સમય આ ફાની દુનિયામાં રહ્યાં, પછી વફાત પામ્યા. અલ્લામા કુલૈનીએ ઉસૂલે કાફીમાં અને દલાએલુલ ઇમામાના લેખકે લખ્યું છે કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા પેગંબર સલ્લલ્લાહો અલયહે

વઆલેહી વસલ્લમના પછી ૭૫ દિવસ આ દુનિયામાં રહ્યાં. સૈયદ મુરતઝાએ ઓયુનુલ મોઅજેઝાતમાં આ જ કથનને અનુમોદન આપ્યું છે. આ કથનના સમર્થનમાં ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામની રિવાયત પણ છે. ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું: જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા પેગંબરે ઇસ્લામ પછી ૭૫ દિવસ જીવતાં રહ્યાં.

બીજી મશહૂર રિવાયત ૯૫ દિવસની છે. ઇમામ મોહંમદ બાકિર અલયહિસ્સલામની રિવાયત છે કે આપે ફરમાવ્યું: હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ પછી ૯૫(પંચાણુ) દિવસ જીવ્યાં, પછી વફાત પામ્યાં.

આ રીતે જોતાં જો પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની વફાતની તારીખ જે

એહલેબયતથી મશહૂર છે. ૨૮મી સફર છે અને જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની વફાતની ૭૫ દિવસવાળી રિવાયતને માની લઇએ તો જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહાની વફાતની તારીખ ૧૩(તેર) જમાદિઉલ અવ્વલ ગણાશે ને ૯૫(પંચાણુ) દિવસવાળી રિવાયતને ધ્યાનમાં લઇએ તો ત્રીજી જમાદિઉલ આખર ગણાશે. આ રીતે આપ જાતે જ હિસાબ લગાવી શકો છો. ૧૮ વર્ષની ભરયુવાનીમાં આપની શહાદત થઇ છે.

## (અ) જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાની કબર મુબારક

અમે આગળ જણાવી ચૂક્યા છીએ. સ્વયં જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાનો પોતાનો ફેંસલો હતો કે આપની કબર શરીફને છુપાયેલી રાખવામાં આવે. તે માટે હઝરત અલી

અલયહિસ્સલામે આપને રાતના અંધકારમાં દફન કર્યાં. વળી આપની કબરને જમીનની બરાબર સરખી કરી દીધી કે જેથી કોઇને જગ્યાની ખબર જ ન પડે. વળી આસપાસ અને બીજે ત્રીજે ઠેકાણે કુલ મળીને ચાલીસ બીજી કબરો બનાવી દીધી. જેથી દુશ્મન છેતરાઇ જાય કે આપની હકીકી(સાચી) કબર કઇ છે?

જો કે સ્વયં હઝરત અલી અલયહિસ્સલામ, આપની અવલાદ અને નજીકના વિશ્વાસપાત્ર સગાંઓ, બે ચાર અસહાબ જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાની અસલ કબરની જગ્યાને જાણતાં હતાં. પરંતુ આ બાબતમાં જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહાની સિફારિશ એટલી પાકી હતી અને આ લોકોના દિલોમાં જનાબે ઝેહરાની મહબ્બત એટલી અસરકારક હતી કે આ જાણકારોમાંની કોઇ પણ વ્યક્તિ કબરની નિશાની સુધ્ધાં બતાવવા તૈયાર ન થાય.

અઇમ્મએ તાહેરીન યકીની રીતે આપની કબરથી વાકેફ હતા. પરંતુ તેમને આ બાબતની છૂટ ન હતી કે તેઓ પણ આ ઇલાહી રહસ્યને ખોલે, જાહેર કરે. છતાંય તેહકીક કરનારાઓએ શોધખોળમાં કોઇ કમી રહેવા દીધી નથી. હંમેશા આ બાબતે વાદવિવાદ અને વાતચીત થતી રહી. જેથી કેટલીક નિશાનીઓ, વિચાર વિમર્શ અને અનુમાનના આધારે ઇતિહાસકારોએ નીચેની જગ્યાઓ દફનની જગ્યા તરીકે જણાવી છે.

(૧) કેટલાક આલિમોનું કહેવું છે કે આપ પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના રોઝા મુબારકમાં જ દફન છે. અલ્લામા મજલિસીએ મોહંમદ બિન હમામથી નકલ કર્યું છે કે હઝરત અલી અલયહિસ્સલામે હઝરત ફાતેમાને રસૂલુલ્લાહના રોઝામાં જ દફન કર્યાં છે. પરંતુ કબરની નિશાનીને બિલકુલ મિટાવી દીધી. વળી અલ્લામા મજલિસીએ

હઝરત ઝેહરાની કનીઝ જનાબ ફિઝ્ઝાથી નકલ કર્યું છે કે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની નમાઝે જનાઝા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના રોઝા મુબારકમાં જ પઢવામાં આવી અને આપને એ જ મુકામે દફન કરવામાં આવ્યાં.

શેખ તૂસી રહમતુલ્લાહ અલયહે ફરમાવ્યું છે કે ચોક્કસ રીતે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને રોઝએ રસૂલમાં અથવા આપના જ ઘરમાં દફન કરવામાં આવ્યાં. બંને બગલ બગલમાં જ હતાં. રોઝએ રસૂલની નજીક જ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાનું ઘર હતું. આ વાતની સાબિતી માટે તેઓ આ દલીલ કરે છે કે પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: “મારી કબર અને મિમ્બરની વચ્ચે જન્નતના બાગોમાંથી એક બાગ છ.”

બીજી દલીલ આ છે કે હઝરત અલી અલયહિસ્સલામે રોઝએ પેગંબરમાં જનાબે ફાતેમા

સલામુલ્લાહ અલયહાની નમાઝ અદા ફરમાવી, ત્યાર પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની તરફ ઉદ્દેશ કરીને ફરમાવ્યું:

“યા રસૂલલ્લાહ! મારા અને આપની દુખ્તરના આપ ઉપર સલામ થાય, જે આપની પાસે દફન છે.”

(૨) અલ્લામા મજલિસીએ ઇબ્ને બાબવેયથી નકલ કર્યું છે કે મારી જાણકારીમાં આ વાત સાબિત થઇ ચૂકી છે કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાને પોતાના ઘરમાં જ દફન કરવામાં આવ્યાં. પછી જ્યારે બની ઉમય્યાના બાદશાહોએ મસ્જિદે નબવીને મોટી બનાવી-વિશાળ કરી ત્યારે આપની કબર શરીફ મસ્જિદમાં આવી ગઇ.

ફરી વખત અલ્લામા મજલિસીએ મોહંમદ ઇબ્ને અબી નસરથી નકલ કર્યું છે કે મેં અબુલ હસનને પૂછ્યું કે જનાબે ફાતેમા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની કબર ક્યાં છે તો તેમણે ફરમાવ્યું:

પોતાના ઘરમાં જ દફન થયાં છે. ત્યાર પછી મસ્જિદની હદો વધારવામાં આવી ત્યારે આપની કબર શરીફ મસ્જિદમાં આવી ગઇ.

(૩) “કશકુલ ગુમ્મા” કિતાબના લેખક લખે છે કે આ વાત પ્રખ્યાત છે કે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવ્યાં. આ બાબતની સાબિતી માટે આ દલીલ કરવામાં આવે છે કે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને દફન કર્યાં તે જ રાતે હઝરત અલી અલયહિસ્સલામે બકીઅના કબ્રસ્તાનમાં ચાલીસ તાજી કબરો બનાવી હતી. જ્યારે કેટલાક દુશ્મનોએ આ કબરોમાંથી આપના જનાઝાને કાઢવાનો ઇરાદો કર્યો ત્યારે હઝરત અલી અલયહિસ્સલામ ગઝબનાક થઇ ગયા હતા અને તેઓને કતલ કરી નાખવાની ધમકી આપી હતી. આથી માલુમ પડે છે કે આ કબરોમાંથી એક કબર

જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની હોઇ શકે.

(૪) ઇબ્ને જવઝી લખે છે કે કેટલાકનું કહેવું છે કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાને અકીલના ઘરની પાસે દફન કરવામાં આવ્યાં છે. આપની કબર અને પબ્લિક રોડમાં સાત ગઝ(સાત હાથ)નું અંતર છે. અબ્દુલ્લાહ બિન જઅફર કહે છે કે આ વાતમાં કોઇ શંકા નથી કે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાની કબર અકીલના ઘરની નજીક છે અને અકીલના ઘરની પાસેથી પબ્લિક રોડ જાય છે.

આ ચાર જગ્યાની શક્યતાઓમાંથી પ્રથમ અને બીજા નંબરની શક્યતાને વધારે મહત્વપૂર્ણ એટલે કે સાચી માનવામાં આવે છે. (૧) આપ રોઝએ રસૂલમાં દફન છે. અથવા (૨) આપના પોતાના ઘરમાં.

(ઉસૂલે કાફી ભાગ-૧ પેજ-૨૪૧, મકાતિબુત્તાલિબીન પેજ-૩૧, બેહારૂલ અનવાર ભાગ-૪૩ પેજ-૧૮૫)

# ભાગ-૭

## પ્રકરણ-૧ : જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના મોઅજિઝાત

માસૂમા ઘણી જ ઓછી ઉમરમાં પોતાના વાલિદે ગિરામીની પાસે પહોંચી ગયાં. માંડ ૧૮ વર્ષની ભરયુવાનીમાં આપની શહાદત થઇ. જેથી આપના મોઅજિઝાત પણ ઘણાં થોડા નોંધાયેલ છે. મારી એક પછી એક કિતાબનું બહાર આવવું, મારી સતત વ્યસ્તતા, નવા નવા વિષયો ઉપર કિતાબો લખવામાં હું પણ આ બાબતની શોધખોળમાં વધુ સમય આપી શક્યો નથી. શક્ય છે કે કોઇ વધારે શોધખોળ કરનાર આપના વધારે મોઅજિઝા પણ મેળવી શકે. આ કામે વધારે મુતાલેઆની (કિતાબી અભ્યાસની) જરૂરત છે. છતાંય હું જે કંઇ મુતાલેઆ

કરી શક્યો તે મારા વહાલા વાંચકોની સેવામાં પ્રસ્તુત છે.

## (૧) ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાની દુઆથી આસમાનથી ખાવાનું ઊતરે છે

એક વખત જનાબ ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાના ઘરમાં કંઇ ખાવાનું ન હતું. બધાં જ ભૂખ્યાં હતાં. આપે બે રકઅત નમાઝ પઢી આસમાનની તરફ હાથ ઊંચા કરી આ દુઆ કરી.

اِلٰهِی وَسَیِّدِی مُحَمَّدٌ نَبِیُّكَ وَهٰذَا عَلِیُّ ابْنُ عَمِّ نَبِیِّكَ وَ هٰذَانِ الْحَسَنِ وَالْحُسَیْنِ سِبْطَا نَبِیِّكَ اِلٰهِی اَنْزِلْ عَلَیْنَا مَائِدَةً مِّنَ السَّمَآءِ كَمَا اَنْزَلْتَ عَلٰی بَنِیْ اِسْرَائِیْلَ اَكَلُوْا مِنْهَا وَ كَفَرُوْا بِهَا اَنْزِلْهُ عَلَیْنَا فَاِنَّا بِهَا مُؤْمِنُوْنَ.

અય મારા અલ્લાહ, અય મારા સરદાર, આ છે મોહંમદ તારા નબી, આ છે અલી તારા વલી અને તારા નબીના ચચાઝાદ ભાઇ અને આ છે હસન અને હુસૈન-તારા નબીના બેટા, ખુદાયા આસમાનથી આજે એક ખાવાનું એવું દસ્તરખ્વાન નાઝિલ કર, જેવું કે તેં બની ઇસરાઇલ પર નાઝિલ કર્યું હતું. પરંતુ તે લોકોએ ખાઇને નાશુક્રી કરી. હવે તેજ તઆમ (ખાવાનું) અમારી ઉપર નાઝિલ ફરમાવ. અમે તારા ઉપર ઇમાન લાવ્યા છીએ.

ઇબ્ને અબ્બાસ કહે છે કે મેં ફાતેમા સલામુલ્લાહ અલયહાથી તે જ મોઅજિઝો જોયો જે હઝરત ઝકરિયા નબીએ  હઝરત મરિયમ અલયહસ્સલામથી જોયો હતો. ખુદાની કસમ! હજી હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની દુઆના શબ્દો પુરા જ થયા હતા, કે એક ઘણો જ મોટો

ખુશ્બોદાર તઆમથી ભરપૂર ખ્વાન જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના હાથમાં આવી ગયો.

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ પણ જનાબે ફાતેમાનો અને હસન, હુસૈનનો હાલ પૂછવા આવ્યા હતા. અલી પણ ઘરમાં જ હતા. બધાં ભૂખ્યાં હતાં. જનાબ ફાતેમા પોતાના ઘરમાંથી વહાલા વાલિદે ગિરામીને ભૂખ્યા જવા દેવા ઇચ્છતાં ન હતાં. આપે દુઆ ફરમાવી. અલ્લાહે દસ્તરખ્વાન ઊતાર્યો.

જનાબ અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબીતાલિબ અલયહિસ્સલામ આશ્ચર્યચકિત થઇ ગયા. પૂછ્યું: ફાતેમા, આ ખાવાનું ક્યાંથી આવ્યું? જ્યારે કે ન આપણી વચ્ચે કોઇ વાત થઇ છે, ન તો ઘરમાં કોઇ વ્યવસ્થા હતી. હઝરત રસૂલે ઇસ્લામે ફરમાવ્યું: અબુલ હસન ખાઓ. આ ન પૂછો કે ક્યાંથી આવ્યું છે. બલકે તે ખુદાનો શુક્ર અદા કરો

જેણે આપણને ભૂખની મોતથી બચાવી લીધા છે. અહીં સુધી કે તેના તરફથી રોઝીનો બંદોબસ્ત થયો છે. કારણ કે મારી બેટી બતુલ તો મરિયમ ઇબ્ને ઇમરાનના જેવી છે. જેને જનાબ ઝકરિયા અલયહિસ્સલામે મેહરાબે ઇબાદતમાં આવીને જોયું તો પાસે જ તેનું ખાવાનું પણ મૂકેલું હતું. પૂછ્યું: મરિયમ આ ખાવાનું ક્યાંથી આવ્યુ છે? તો તેણે જવાબ આપ્યો કે ખુદાની તરફથી આવ્યું છે. કારણ કે ખુદા જેને ઇચ્છે છે, વગર હિસાબે રિઝ્ક આપે છે. પછી રસૂલ અને અલી અને બતુલ અને હસનૈને તે ખાવાનું ખાધું. ત્યાર પછી રસૂલે ખુદા ઊઠીને બહાર આવ્યા.

**(૨) બેહિશ્તની હૂરો જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની ઝિયારત માટે આવી, સાથે તોહફામાં જન્નતની ખજૂરો લઇ આવી.**

સૈયદ અલી બિન તાઊસ અલયહિરરહમા “મહજુદ્દઅવાત”માં વિશ્વાસપાત્ર સનદો દ્વારા જનાબ સલમાન ફારસીથી રિવાયત નકલ કરે છે. જેમાં જનાબ સલમાન પોતે ફરમાવે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની વફાત પછી હું દસ દિવસ ઘરમાં સૂનમૂન બેસી રહ્યો. મને એટલો ગમ થયો કે હું નર્વસ થઇ ગયો, ડીપ્રેશનમાં આવી ગયો, મારૂં મન બહાર નીકળવાનું જ ન થાય, એટલો બધો ડીપ્રેશ થઇ ગયો કે બહાર જવા ઘરમાંથી નીકળું અને દસ કદમ ચાલીને પાછો ઘરમાં પાછો ફરૂં. અહીં સુધી કે આ પરિસ્થિતિમાં દસ દિવસ વીતી ગયા.

અગિયારમાં દિવસે મજબૂત મન સાથે ઘરની બહાર આવ્યો અને સીધો અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહિસ્સલામની સેવામાં હાજર થઇ ગયો. હઝરત અલી

અલયહિસ્સલામની ઝિયારતથી મને ખૂબ ખુશી થઇ, શાંતિ મળી. જેવી હઝરત અલીની દૃષ્ટિ મારા ઉપર પડી તો ફરમાવ્યું: અય સલમાન, તેં કેટલો ઝુલમ કર્યો છે. રસૂલુલ્લાહની વફાત પછી અમારાથી મુલાકાત જ છોડી દીધી.

મેં અરજ કરી, અય અમીરૂલ મોઅમેનીન, મેં ક્યારે તમારાથી દૂરી ઇખ્તયાર કરી છે? આપની યાદ તો મારા દીલમાં હંમેશાથી છે. પરંતુ રસૂલુલ્લાહની જુદાઇથી હું ડીપ્રેશ થઇ ગયો હતો. બહાર જ નીકળી શક્યો નથી. [ઇમામ ખોમેની રહમતુલ્લાહ અલયહના ઇન્તિકાલના સમાચાર સાંભળી હું ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો હતો અને ત્રણેક દિવસ ડીપ્રેશ જેવો થઇ ગયો હતો. બહાર જ નીકળ્યો ન હતો. ઘરમાં કોઇને ખાસ ખબર પડી હોય કે નહિ તે જાણમાં નથી. પરંતુ જૂના રહેઠાણે પણ મારી પાસે બે ઘર હતાં. લાયબ્રેરી(મારૂં

રહેઠાણ) અલગ જ હતું. અત્યારે પણ લાયબ્રેરીનું ઘર બિલકુલ અલગ છે. ત્યાં જ રહું છું, નાસ્તો, બંને સમયનું ખાવાનું અને રાત્રે સૂઇ જવું. મતલબ મારી ચોવીસ કલાકની જગ્યા લાયબ્રેરી જ છે. મોટા ઘેર તો હું કોઇ આકસ્મિક બાબત હોય, જવું જ પડે તો મહિને છ મહિને જાઉં છું. બીજા એક વખત પણ ત્રણેક દિવસ જેવો ડીપ્રેશ થઇ ગયો હતો. બાબરી મસ્જિદ તૂટી ત્યારે મારી પાસે કોઇક હતું, શાયદ બંને દીકરાઓ. તેમની સામે ન રડી શકવાથી હું જાજરૂમાં જઇ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો હતો. (ઇબ્રાહીમ બી. પટેલ)]

ફરમાવ્યું: હવે જાઓ, બિન્તે રસૂલ તમારો ઇન્તિઝાર કરે છે, તમને મળવા ઇચ્છે છે, તમને બોલાવે છે. તેમણે તમારા માટે બેહિશ્તનો તોહફો રાખેલો છે. સલમાન કહે છે: શું રસૂલુલ્લાહના પછી પણ બેહિશ્તના તોહફાઓનો સિલસિલો ચાલુ છે?

ફરમાવ્યુંઃ હાં, કાલે જ આવ્યો છે. સલમાન કહે છે કે મને તો અમીરૂલ મોઅમેનીનની વાતથી ઘણી જ ખુશી થઇ. હું ઘણો જ જલ્દીથી ખાનએ બતુલ પર પહોંચ્યો તો મોઅઝ્ઝમા બીબીએ રડતાં રડતાં ફરમાવ્યુંઃ અય સલમાન, તમે બાબાજાનની વફાત પછી આ કેવો ઝુલમ કર્યો છે? અમને છોડીને ક્યાં ચાલ્યા ગયા હતા? મેં વિનંતી કરીઃ બીબીજી! મારા મા-બાપ આપ ઉપર કુરબાન થાય, હું આપ લોકોને છોડીને ક્યાંય ચાલ્યો ગયો નથી. રસૂલુલ્લાહની વફાતથી મને આઘાત પહોંચ્યો હતો. ઘરમાં બેસી રડ્યા કરતો હતો.

બીબીએ ચાદર ઓઢી ફરમાવ્યુંઃ સલમાન ઘરમાં આવો. ગઇકાલે હું આ જગ્યાએ બેઠેલી હતી. ઘરનો દરવાજો બંધ હતો. હું આ વાતનો ગમ કરતી હતી કે કેવી રીતે વહીનો સિલસિલો અમારા ઘરેથી બંધ થઇ ગયો? ફરિશ્તાઓનું આવવા-જવાનું

અમારા ઘરેથી બંધ થઇ ગયું? એટલામાં અચાનક કોઇના ખોલ્યા વગર દરવાજો ખૂલ્યો. ત્રણ કનીઝો અંદર દાખલ થઇ. મારી પાસે આવીને બેસી ગઇ. એટલી ખૂબસૂરત હતી કે મેં તેમના જેવી સ્ત્રીઓ કદી જોઇ ન હતી. તેમના ચેહરા અને ઊઠવા બેસવાનો અંદાજ તથા તેમના શરીરમાંથી નીકળતી ખુશ્બો પણ અજોડ હતી. જ્યારે મેં એમને આવતી જોઇ તો હું સમજી કે આ મક્કાની અથવા મદીનાની સ્ત્રીઓ હશે. જેથી મેં ઊભા થઇને તેમને આવકાર આપ્યો. પછી પૂછવા પર તેઓએ બતાવ્યું કે અય બિન્તે રસૂલ, ન અમે મક્કાથી આવી છે ન મદીનાની રહેવાસી છે, વળી અમે તો જમીન ઉપરની પણ નથી. બલકે અમે તો જન્નતની કનીઝો છીએ. બેહિશ્તની હુરૂલ ઐનથી છીએ. તમારી ઝિયારત કરવાનો અમને બેહિશ્તમાં ઘણો શોખ

હતો. જેથી ખુદાવંદે આલમે અમને તમારી ઝિયારતની ઇચ્છા પૂર્ણ કરવા મોકલી છે.

બીબી ફાતેમા સલામુલ્લાહ અલયહા ફરમાવે છે કે જે હૂર બીજી બે કરતાં થોડીક મોટી દેખાતી હતી, તેને મેં પૂછ્યું: આપનું નામ શું છે? તો તેણે જણાવ્યું: મારૂં નામ "મકદ્દહ" છે. મેં પૂછ્યું: આ પ્રકારનું નામ કેમ રાખવામાં આવ્યું છે? કહેવા લાગી કે અલ્લાહતઆલાએ મને હઝરત મિકદાદ બિન અસવદ કુંદી રઝિયલ્લાહો તઆલા અન્હો માટે પેદા કરી છે. જેઓ અસહાબે રસૂલ છે. જેથી તેમના નામ પરથી મારૂં નામ આ પ્રમાણે રાખ્યું છે. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા ફરમાવે છે કે પછી મેં બીજી હૂરને પૂછ્યું: આપનું શું નામ છે? તેણે કહ્યું: મારૂ નામ ઝરહ છે. મેં કહ્યું: આપ તો મારી દૃષ્ટિમાં નબીલા છો પછી આવું નામ? કહેવા લાગી: આ નામ એટલા માટે છે કે ખુદાવંદે આલમે મને

હઝરત અબુઝર ગિફારી રઝિયલ્લાહો તઆલા અન્હોના માટે પેદા કરી છે.

પછી મેં ત્રીજી હૂરને પૂછ્યું: આપનું શું નામ છે? તો તેણે જણાવ્યું કે મારૂં નામ સલમા છે. મેં પૂછ્યું: તારૂં આ નામ શા કારણથી રાખ્યું છે? જણાવ્યું કે હું રસૂલે ખુદાના દોસ્ત હઝરત સલમાન રઝિયલ્લાહો તઆલા અન્હોની માલિકીની છું જેથી મારૂં નામ સલમા છે.

હઝરત સલમાન કહે છે કે ત્યાર બાદ બીબીજીએ મને બેહિશ્તની સુંદર ખજૂરોનો તોહફો આપ્યો, જે ઠંડી અને ખુશ્બોદાર હતી. જનાબ સૈયદાએ મને ફરમાવ્યું: આ ખજૂરોથી ઇફ્તારી કરજો અને તેની ગુથલીઓ(ઠળીયા) મને આપજો. હઝરત સલમાન કહે છે: મારી તો ખુશીનો પાર ન રહ્યો. મને તો કેવી ખુશખબરી જાણવા મળી. હું તો ખુશીના આલમમાં રડવા લાગ્યો. મારા ખુદાનો કેવી

રીતે શુક્ર અદા કરૂં. મારા આ દુનિયાથી જતા અગાઉ તેણે મને આ દુનિયામાં જન્નતની હૂર પ્રત્યક્ષ ખુશખબર સાથે મોકલી. જ્યારે હું ચાલતો થયો તો ખજૂરોની ખુશ્બોને કારણે લોકો મને પૂછતા. સલમાન આ મુશ્ક જેવી ખુશબો ક્યાંથી? હું હસતો હસતો ચાલ્યા કરતો. જ્યારે મેં ઇફતારી કરી તો તેમાં ગુઠલિયોં(બીજ) ન હતી. હું સમજી ગયો કે બીબીએ સમજીને જ આમ કહ્યું કે ગુઠલી અમને આપી જજો.

બીજા દિવસે જ્યારે હું બીબી ફાતેમા સલામુલ્લાહ અલયહાની સેવામાં હાજર થયો તો મેં વિનંતી કરી કે બીબીજી તે ખજૂરોમાં તો ઠળીયા હતા જ નહિ. ફરમાવ્યું: હાં હાં, એ જ પ્રમાણે હોય છે. ગુઠલીઓ બેહિશ્તની ખજૂરોમાં હોતી જ નથી. કારણ કે આ ખજૂરોને ખુદા પોતાના એક ખાસ કલામની સાથે પેદા ફરમાવે છે. તે કલામ મારા બાબાએ મને

યાદ કરાવ્યા હતા. સવાર સાંજ હું તે કલામને પઢું છું. સલમાને કહ્યું: કે બીબીજી શું આપ મને તે કલામ તાલીમ ફરમાવશો? હાં, જો તું ઇચ્છતો હોય કે તને આખી જિંદગી તાવ ન આવે તો આ કલામનો સવાર સાંજ વિર્દ કર્યા કર.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ۔

بِسۡمِ اللّٰہِ النُّوۡرِ بِسۡمِ اللّٰہِ النُّوۡرِ بِسۡمِ اللّٰہِ نُوۡرٌ عَلٰی نُوۡرٍ بِسۡمِ اللّٰہِ الَّذِیۡ ھُوَ مُدَبِّرُ الۡاُمُوۡرِ بِسۡمِ اللّٰہِ الَّذِیۡ خَلَقَ النُّوۡرَ مِنَ النُّوۡرِ اَلۡحَمۡدُ لِلّٰہِ الَّذِیۡ خَلَقَ النُّوۡرَ مِنَ النُّوۡرِ وَاَنۡزَلَ النُّوۡرَ عَلَی الطُّوۡرِ فِیۡ کِتَابٍ مَّسۡطُوۡرٍ فِیۡ رَقٍّ مَنۡشُوۡرٍ بِقَدَرٍ مَقۡدُوۡرٍ عَلٰی نَبِیٍّ مَحۡبُوۡرٍ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ هُوَ بِالْعِزِّ مَذْكُوْرٌ وَبِالْفَخْرِ مَشْهُوْرٌ وَعَلَى السَّرَّآءِ وَالضَّرَّاءِ مَشْكُوْرٌ وَصَلَّى اللّٰهُ عَلٰى مُحَمَّدٍ وَّآلِهِ الطَّاهِرِيْنَ

સલમાન કહે છે કે આ તાવીઝ જનાબે બતુલે મને તાલીમ ફરમાવ્યું: મેં આ દુઆ મક્કા અને મદીનાના એક હજારથી વધારે લોકોને શીખવી. આ રીતે મેં લોકોને બુખારના દુ:ખમાંથી છુટકારો અપાવ્યો. (રિયાહીને શરીઆ ભાગ-૨ પેજ-૧૩૬ થી ૧૪૧ ઉપરની ઇબારતને ટુંકાણમાં રજૂ કરી છે.)

## (3) જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ પોતાના હાથોને કફનમાંથી બહાર કાઢ્યા

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી બિન અબીતાલિબ અલયહિસ્સલામ ફરમાવે છે કે મેં ફાતેમાને ગુસલ અને કફન આપ્યું. મેં આપે પહેરેલા કપડામાં જ ગુસલ આપ્યું. મતલબ કે માસૂમાનો લિબાસ ઉતારીને ગુસલ નથી આપ્યું. કારણ કે બતુલ તો પાક-પાકીઝા હતાં. જ્યારે મેં તેમને દફન કર્યાં તો સાત કપડામાં લપેટીને કફન આપ્યું હતું.

છેલ્લે મેં સરબંદ બાંધવાનો ઇરાદો કર્યો તો ઇચ્છ્યું કે છેલ્લી વખત બચ્ચાંઓને માનો દીદાર કરી લેવા દઉં. મેં એક વખત અવાજ આપી. બેટા ઝયનબ, કુલસુમ, હસન, હુસૈન અને ફિઝ્ઝા જલ્દી આવો, છેલ્લી વખત તમારી માની મુલાકાત કરી લો. હસન અને હુસૈન રડતાં રડતાં માની લાશ ઉપર પડી ગયા. ઝયનબ અને કુલસુમ-નાની બચ્ચીઓ પણ પોતાની માને ચોંટી ગઇ, ફરિયાદ કરવા લાગી. વા હસરતહ, વા હસરતહ, હાય નાના,

હાય નાના આપ તો ચાલી ગયા, અમારી અમ્મીને પણ સાથે લઇ ગયા? તમારી બંનેની યાદ અમારા દીલોમાંથી કેવી રીતે જશે? ઓ અમ્મી! જ્યારે તમે નાના જાનથી મુલાકાત કરો તો અમારા સલામ જરૂરથી પહોંચાડશો. સાથે અમારો સંદેશો પણ પહોંચાડશો કે નાના જાન! આપ તો અમને દુનિયામાં યતીમ છોડીને ચાલી ગયા.

અમીરૂલ મોમેનીન અલી ઇબ્ને અબીતાલિબ અલયહિસ્સલામ ફરમાવે છે કે હું ખુદાને ગવાહ બનાવીને કહી રહ્યો છું કે ફાતેમાથી પોતાના બાળકોનું ગિર્યા કરવું સહન ન થયું. અવાજ આપીને કફનમાંથી પોતાના બંને હાથોને બહાર કાઢ્યા, પછી હસન હુસૈન અને બંને શેહઝાદાઓના માથા ઉપર હાથ ફેરવી તેઓને પોતાની છાતી સરસા દાબી દીધાં. અબુલ હસન કહે

છે કે આ દર્દનાક દૃશ્ય જોઇને હું પણ રડી પડયો, ત્યાં એક હાતિફે ગયબીએ અવાજ આવી.

અય અબુલ હસન! અલી, આ બંને શેહઝાદાઓને અને બંને બચ્ચીઓને માથી જુદા કરો. આસમાનના ફરિશ્તાઓની હાલત રડી રડીને ખરાબ થઇ રહી છે. આ દૃશ્ય સહનશક્તિની બહારનું છે. મૌલા અલી ફરમાવે છે કે ઘણી જ દર્દનાક પરિસ્થિતિ હતી “મા” થી બાળકોને જુદા કરવાનું. છેવટે મેં ઘણાં જ પ્યારથી, પટાવી સમજાવીને બાળકોને માની છાતી પરથી ઉઠાવ્યાં અને બિન્તે રસૂલના હાથોને મેં રઝાઇમાં લપેટી દીધા.

(રિયાહૈનિશ શરીય્યા ભાગ-૧ પેજ-૮૧ થી ૮૨)

## (૪) જનાબે ફાતેમા અલયહિસ્સલામની મદદ માટે ફરિશ્તાઓની આમદ

ખાતૂને જન્નત, દુખ્તરે રસૂલ, જનાબ બતુલની ફઝીલતોમાં મોઅજિઝાત, કરામાત અને કુબુલિયતે દુઆના વર્ણનો પણ થયાં છે. ઝરાયઝમાં જનાબ સલમાન મોહંમદીથી રિવાયત છે કે એક દિવસ જોયું, જનાબ સૈયદા ફાતેમા ઘરમાં આટો પીસી રહ્યાં છે. ચક્કી ચલાવી રહ્યાં છે. આ બાજુ નવાસએ રસૂલ રડી રહ્યા છે, આ તરફ ચક્કી ચલાવતાં ચલાવતાં માદરે હુસૈનના હાથ ઉપર નિશાન પડી ગયાં છે, હાથ છોલાઇ રહ્યા છે.

સલમાન કહે છે કે આ હાલત જોઇને મેં વિનંતી કરી, બીબી આપ પોતાના હાથોને ઝખ્મી ન ફરમાવો. બલકે આપની પાસે ફિઝ્ઝા જેવી કનીઝ છે. તેની પાસે આટો પીસવાઓ. જનાબ સૈયદાએ ફરમાવ્યું: અય સલમાન! મને પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું છે એક દિવસ ઘરનું કામ ફિઝ્ઝા કરશે અને એક દિવસ બેટી તમે જાતે કામ કરી લો અને

ફિઝ્ઝાને આરામ કરવા દો. એકાંતરે દિવસે ફિઝ્ઝાને ક્યાંય પણ જવાની છૂટ છે. જેથી આજે કામની વારી મારી છે અને ફિઝ્ઝાની છુટ્ટીનો દિવસ છે. હું ફિઝ્ઝાને રોકી શકતી હતી. કહી શકતી હતી કે આજે કામ છે, ક્યાંય જશો નહિ. પરંતુ આ રીતે હું એનો હક મારવા ઇચ્છતી નથી. ન તો બાબાના ફરમાનની આવગણના કરવા માંગું છું.

સલમાને વિનંતી કરીઃ હું પણ આપનો આઝાદ કરેલો ગુલામ છું. મને હુકમ ફરમાવો, હુસૈનને રમતો કરૂં? અથવા ચક્કી ચલાવું? બીબી ફાતેમા સલામુલ્લાહ અલયહાએ ફરમાવ્યુંઃ આપ ચક્કી ચલાવો હું હુસૈનને લઉં છું.

હઝરત સલમાન રઝિયલ્લાહો તઆલા અન્હો કહે છે કે મેં થોડીક વાર આટો પીસ્યો અને અઝાન સંભળાઇ. જેથી નમાઝ માટે હું મસ્જિદે આવ્યો. નમાઝ પછી મેં હઝરત અલી

અલયહિસ્સલામને ઘરની પરિસ્થિતિથી વાકેફ કર્યા. આપ આ સાંભળી દુ:ખી થયા, ઝડપથી ઘરે આવ્યા. થોડીક જ વારમાં આપ હસતા ખુશ મિઝાજ પાછા ફર્યા. રસૂલે ખુદાએ પૂછ્યુંઃ શું વાત છે? આપ ઘણાં ખુશ છો, તો હઝરત અલી અલયહિસ્સલામે વિનંતી કરી. યા રસૂલલ્લાહ! હું બતુલની પાસે ગયો હતો, શું જોઉં છું કે ફાતેમા સૂતેલાં છે. તેમની છાતી ઉપર હુસૈન સૂતેલા છે અને ચક્કી આપમેળે ચાલી રહી છે. પેગંબરે ઇસ્લામે મુસ્કુરાતાં ફરમાવ્યુંઃ

"અય અલી! શું આપ નથી જાણતા? ખુદાવંદે આલમે કેટલાક ફરિશ્તાઓને હુકમ દઇ રાખ્યો છે. જમીન ઉપર હરોફરો, જ્યાં મોહંમદ અને આલે મોહંમદ મોજૂદ હોય, રોકાઇ જાઓ અને તેમની ખિદમત કરો."

જનાબ અબુઝરથી પણ આ રિવાયત બીજા એક મોકા પરની આ જ પ્રકારની ચક્કી ચલાવવાની

છે, જેનો સમયગાળો બીજો છે. તે અલગ મોઅજિઝામાં ગણાશે.

## (૫) અનાર ભરેલો થાળ

ખસાઇસે ફાતેમા અને મજાલિસુલ મુત્તકીનમાં શહીદે ષાલિષ મુલ્લા મોહંમદ તકી કુદ્દસ સિર્રોહુએ આડત્રીસમી મજલિસમાં આ રિવાયત લખી છે કે એક દિવસ હઝરત અલી અલયહિસ્સલામ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની પાસે તશરીફ લાવ્યા.

જોયું તો આપની તબીયત ખરાબ હોવાથી આપ બિસ્તરા ઉપર સૂતાં હતાં. આપે માસૂમાના માથાને પોતાની ગોદમાં લઇ પ્રેમથી ફરમાવ્યું: આ સમયે તમારૂં દીલ જે ચીજ ચાહતું હોય તે જણાવો. જવાબમાં શર્મો હયાની પુતલીએ વિનંતી કરી: અય

મારા વહાલા શોહર! હું આપથી કંઇપણ ચાહતી નથી.

હઝરત અલી અલયહિસ્સલામે જિદ કરી તો ફાતેમા સલામુલ્લાહ અલયહાએ કહ્યું: મારા વાલિદે ગિરામીએ મને હુકમ આપ્યો છે કે પોતાના પતિ અલીથી કોઇ એવી વસ્તુ ન માંગશો કે તેઓ ન આપી શકે તો તેમને શરમિંદા થવું પડે. હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું: ફાતેમા હું જાતે જ તમને કહી રહ્યો છું. મારા હકની કસમ! જે કંઇ તમારૂં દીલ ચાહે બયાન કરો.

જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાએ ફરમાવ્યું: હવે જ્યારે આપે મને કસમ આપી છે તો પછી ક્યાંકથી એક અનાર લઇ આવો તો ઘણી સારી વાત છે. આ બીમારીની હાલતમાં અનાર મારા માટે ફાયદાકારક બની જશે. હઝરત અલી અલયહિસ્સલામ ઊઠ્યા અને અનારની શોધમાં

બજારમાં આવ્યા. અસહાબને અનારના વિષયમાં પૂછપરછ કરી તો તેમણે જણાવ્યું કે: યા અલી! અનારની સીઝન તો ચાલી ગઇ છે. હાં થોડાક દિવસ પહેલાં શમઉન યહૂદીના માટે અનારના થોડાક ફળ તાઇફથી લાવવામાં આવ્યા હતા.

હઝરત અલી અલયહિસ્સલામ જાતે પોતે શમઉન યહૂદીના દરવાજે તશરીફ લઇ ગયા અને દસ્તક આપી તો શમઉને બહાર આવીનો જોયું તો અમીરૂલ મોઅમેનીન ઊભા હતા. તેણે પૂછ્યું: યા અલી! આપ મારા દરવાજે તશરીફ લાવ્યા? બોલો, આપને શું કામ છે? મેં સાંભળ્યું છે કે તમારા માટે અનારના થોડાક ફળ તાઇફથી મંગાવાયા છે. તેમાનું એક ફળ હું મારા બીમાર માટે ખરીદવા ઇચ્છું છું. તેણે જણાવ્યું કે તે તો બધાં જ વેચાઇ ગયા છે. પરંતુ હઝરત અલી અલયહિસ્સલામ તો ઇલ્મે ઇમામત દ્વારા જાણતા હતા કે એક અનારનું

ફળ હજી પડ્યું છે. આપે ફરમાવ્યું કે ઘરમાં જઇને જરા પૂછો તો ખરા, શક્ય છે કે એક ફળ પડ્યું હોય, જેનો તમને ખ્યાલ ન હોય. તે કહેવા લાગ્યો: યા અલી હું મારા ઘરથી સારી રીતે વાકેફ છું. અનારનું એક પણ ફળ ઘરમાં નથી. આ વાતચીત દરમ્યાન શમઉનની પત્ની દરવાજા પાસે આવી ઊભી રહી. જ્યારે એણે પતિનો ઇન્કાર અને હઝરત અલી અલયહિસ્સલામના આગ્રહની વાતો સાંભળી તો બોલી: અય શમઊન! કદીપણ અસત્ય ન આચરનાર અલી કહી રહ્યા છે. આપણા ઘરમાં એક અનાર મોજૂદ છે જેને મેં પાંદડાની નીચે છુપાવી રાખ્યું છે, તમને ખબર નથી.

શમઊનની બીબીએ તે અનાર લાવીને હઝરત અલી અલયહિસ્સલામને આપી દીધું. આપે ચાર દિરહમ તેની કિંમત ચૂકવી દીધી. શમઉન બોલ્યો, એની કિંમત તો અડધો દિરહમ પણ નથી.

હઝરત અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું: આ સ્ત્રીએ એ અનારને સંગ્રહ કરીને રાખ્યું હતું જેથી વધારે નફો ઉપજે. જેથી આ ઉપરના સાડા ત્રણ દિરહમ એ સ્ત્રીના માટે છે. આમ કહીને જનાબ અલી અલયહિસ્સલામ ત્યાંથી ઘર તરફ રવાના થયા.

## તે અનાર ફકીર મોહતાજને આપી દીધું

રસ્તામાં એક કમજોર ગરીબ અવાજ હઝરત અલી અલયહિસ્સલામના કાનોમાં પડી. તે અવાજની દિશામાં આપ ચાલ્યા તો કોઇ જુના પથ્થરના મકાનના ખંડિયેરમાં એક આંધળો અને બીમાર વ્યક્તિને જોયો જે માટીમાં પડીને કણસી રહ્યો હતો. આપ ચુંકે ખૂબ જ રહેમદીલ ઇમામ હતા, ઉદાર હતા, પાસે જઇને તેનું માથું પોતાની ગોદમાં લીધું, પછી ખૂબ જ પ્યાર અને મહબ્બત બતાવતાં

ફરમાવ્યું: અય શખ્સ, તુ કોણ છે? કયા કબીલાનો છે? કેટલા દિવસથી બીમાર પડ્યો છે.

તેણે વિનંતી કરી, અય નેકદીલ યુવાન! હું મદાયનવાસી છું. કરજદાર અને ગરીબ મુસાફિર છું. મદીનાની તરફ સફર શરૂ કર્યો હતો. જેથી મૌલા અલી અલયહિસ્સલામની પાસે પહોંચીને મારી હાજત રજૂ કરૂં. શાયદ તેઓ મારૂં કરજ અદા કરવામાં મારી મદદ કરે.

હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું: તારી શું ઇચ્છા છે? તે બોલ્યો, જો એક અનારનું ફળ મળી જાય તો મારા માટે બેહતર થશે. હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું: મેં એક અનાર મારા એક બીમાર અઝીઝ માટે મેળવ્યું છે. હવે તને પણ તેનાથી મહરૂમ નહીં કરૂં. આમ કહીને જનાબ અલી અલયહિસ્સલામે ધીમે ધીમે કરીને અડધો ભાગ તેને ખવડાવી દીધો. અડધો ભાગ બાકી રહ્યો ત્યારે તે

બીમાર કહેવા લાગ્યો, અગર આ બીજો અડધો ભાગ મને ખવડાવી દો તો મારી હાલત ઘણી સારી થઇ જશે.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઇબ્ને અબી તાલિબ અલયહિસ્સલામે પોતાની જાતને કહ્યું: અય અલી! આ બીમાર વતનથી દૂર છે, બેસહારા છે, મોહતાજ અને બીમાર પણ છે, ઝખ્મી પણ છે જેથી બેહતર છે કે બાકીનો અડધો ભાગ પણ તેને ખવડાવી દઉં. જનાબ ફાતેમા માટે અલ્લાહ તઆલા કોઇ નવો રસ્તો પેદા કરી દેશે. જેથી બીજો ભાગ પણ હઝરત અલી અલયહિસ્સલામે તેને ખવડાવી દીધો. પછી આપ ખાલી હાથે, નિરાશ વદને તે પહાડી જગ્યામાંથી બહાર આવ્યા. ધીમે ધીમે પોતાના ઘર તરફ ચાલ્યા. આપ થોડાક પરેશાન થયા હતા. અહીં સુધી કે ઘરનો દરવાજો આવી ગયો. આપને શરમ પણ આવતી હતી કે ઘરમાં

જઇને ફાતેમાને શું જવાબ આપીશ. આપે ઘરમાં દૃષ્ટિ નાખી, જોયું તો ફાતેમા સહારો લઇને પથારીમાં બેઠાં છે. સામે વાસણમાં ઘણાં બધા અનાર પડેલા છે, જેને આપ ખાઇ રહ્યાં છે.

હઝરત અલી અલયહિસ્સલામ ઘણી જ ખુશીના આલમમાં ઘરમાં દાખલ થયા. નજીક આવી જોયું તો તે અનાર દુનિયાના અનાર નથી લાગતા. જનાબ બતુલથી જ્યારે અનારોના વિષયમાં પૂછ્યું કે આ કોણ આપી ગયું? તો જનાબ બતુલે જણાવ્યું કે મારા વહાલા શોહર! જ્યારે આપ અહીંથી અનારની શોધમાં ચાલી ગયા, હજી થોડીક મિનિટો જ થઇ હતી કે મને પસીનો છૂટી ગયો. બુખારમાં રાહત મહસૂસ થઇ, સારૂં લાગ્યું, અચાનક એક અવાજ મારા કાનો સુધી પહોંચી: ફિઝ્ઝા  દરવાજા પર ગઇ તો કોઇ કહી રહ્યું હતું કે આ અનાર જનાબ બતુલ માટે

હઝરત અલી અલયહિસ્સલામે મોકલ્યા છે, તેમને પહોંચાડી દો.

(રિયાહિનુશ શરીયા ભાગ-૧ પેજ-૧૪૨, ૧૪૩)

## (૬) જનાબ ઇબ્રાહીમ અલયહિસ્સલામની કુરબાની

જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા ગુણોમાં અંબિયાની બરોબરીમાં છે. બલકે અલ્લાહે અલી ફાતેમા બંનેથી લીધેલી કુરબાનીઓ પાછલા તમામ નબીઓથી પણ વધુ છે. આપ ઇમ્તેહાનમાં- કસોટી આપવામાં તમામ નબીઓથી અફઝલ છે.

ખુદાવંદે આલમે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામથી હઝરત ઇસ્માઇલ અલયહિસ્સલામની કુરબાની માંગી. આપે કુરબાની આપી. છૂરી ન ચાલી, હઝરત ઇસ્માઇલની જગ્યાએ દુંબો આવી ગયો. જ્યારે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાના બે બેટા અલ્લાહના

રસ્તામાં કુરબાન થઇ ગયા, શહીદ થઇ ગયા. બંને બેટા તીરો, તલવારો અને ખંજરોના નિશાન સાથે કુરબાન થઇ ગયા. કોઇને પ્રશ્ન થાય કે વળી ઇમામ હુસૈન અલયહિસ્સલામ તો બરાબર છે. તીરો, તલવારો અને ભાલાઓનું નિશાન બન્યા-કરબલામાં શહીદ થયા. પરંતુ ઇમામ હસન અલયહિસ્સલામ કેવી રીતે તીરો, તલવારોના નિશાન બન્યા?

પોતાની વિકટ પરિસ્થિતિને અનુલક્ષીને મદદગારો અને જાંનિસારોની કમીના કારણે આપે મઆવિયા સાથે "ના યુધ્ધ" કરાર કર્યા હતા, જેમાં મુખ્ય શરતો ત્રણ હતી, બાકીની પેટા શરતો પણ હતી.

(૧) મઆવિયા પોતાની હયાતી સુધી જ ઇસ્લામી સલ્તનતનો બાદશાહ રહેશે.

(૨) મઆવિયા પોતાના મૃત્યુ પછીનો પોતાનો ગાદીવારસ નિયુક્ત કરી શકશે નહીં. કારણ કે

ઇમામ હસન અલયહિસ્સલામ અને ઇમામ હુસૈન અલયહિસ્સલામ રસૂલના ગાદીવારસ છે જ.

(૩) મઆવિયાની હુકુમતમાં દરેક જુમ્આના દિવસે ખુત્બામાં દરેક મિમ્બર પરથી મારા વાલિદ બુઝુર્ગવારને (મતલબ હઝરત અલી અલયહિસ્સલામને) ગાળો ભાંડવામાં આવે છે, બુરૂંભલું બોલવામાં આવે છે તે બંધ કરવું પડશે.

મઆવિયા કૂફાની મસ્જિદમાં મિમ્બર પર બેઠો હતો અને આ કરાર તેને પહોંચ્યો. તેણે હસતાં હસતાં તેના ટુકડા કરી પોતાના પગ નીચે રગડી નાખતા બોલ્યો: આ તો મારે આખી હુકુમતના હાકિમ બની જવું હતું તેથી એક નાટક કર્યું છે. બાકી આ કરારને હું મારા પગ નીચે રગડી નાખું છું.

હુકુમતનો આઝાદ બાદશાહ બની ગયા પછી પણ એ હઝરત ઇમામ હસન અલયહિસ્સલામથી ડરતો હતો. એને ડર-ખોફ હતો

કે આ રસૂલની ગાદીનો વારસ હયાત છે. છેવટે એણે મદીનાના ગવર્નરને ફોડી નાખી ઇમામની એક નાફરમાન-મુનાફિક પત્ની જઅદાના હાથે ઝેર અપાવ્યું, ઇમામ શહીદ થઇ ગયા.

ઇમામ હુસૈન અલયહિસ્સલામ અને બની હાશિમ આપના કબીલાના માણસોએ નક્કી કર્યું કે ઇમામને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની બગલમાં દફન કરવામાં આવે. જગ્યા હતી, જનાઝો ઘેરથી ચાલ્યો મસ્જિદે નબવી તરફ. ત્યારે હુકુમત દુશ્મન બની, તેમણે ઇચ્છયું કે આ જનાઝો રસૂલની સાથે ન દફન થવા પામે. જેથી હુકુમતે જનાબ આયશા દ્વારા ઉશ્કેરણી કરાવી. નબીની આ બીબી ગધેડા ઉપર સવાર થઇ રાતના સમયે હુકુમતના મોકલેલા ગુંડા યુવાનોને ઉશ્કેરતી હતી કે તીરો મારો, પથ્થરો મારો, પરંતુ કોઇપણ રીતે રસૂલની બાજૂમાં ઇમામને દફન ન થવા દો.

રાતનો સમય હતો, રાતના અંધારામાં ગધેડા પર બેસીને હઝરત આયશા લોકોને હુકમ આપતી હતી કે આ જનાઝાને રોકો. જનાઝામાં ઘણાં તીરો વાગ્યાં, સફેદ કફન લોહીથી લાલ લાલ થઇ ગયું. એક તબક્કે તો બની હાશિમના યુવાનોએ વિચાર્યું કે આ વિરોધીઓથી લડી લઇએ. બે બે વખત જનાઝો ઊતાર્યો, પાછા ઊંચકીને ચાલ્યા. છેવટે તીરોનો મારો એટલો વધી ગયો કે ઇમામ હુસૈન અલયહિસ્સલામે ફરમાવ્યું: ભાઇને ઘેર લઇ ચાલો, હવે આપણે બકીઅમાં દફન કરીશું. (વાત ઘણી જ ટુંકાણમાં રજૂ કરી છે)

આ રીતે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના બે દીકરા તીરો અને તલવારોથી શહીદ થયા છે.

## (૭) હઝરત મૂસા અલયહિસ્સલામની મુનાજાત અને જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહાની મેહરાબ

ઘણા જ મોટા દરજ્જાના ઉલુલ અઝમ પેગંબર હઝરત મૂસા અલયહિસ્સલામ, જેમનો લકબ કલીમુલ્લાહ છે. આપ કોહે તૂર પર જઇને ખુદાથી હમકલામ થયા હતા. જ્યારે જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહા પોતાના ઘરમાં જ મેહરાબમાં નમાઝ પઢતાં હતાં. તે જગ્યા આપના માટે ખુદાથી હમકલામની જગ્યા હતી.

હઝરત મૂસા અલયહિસ્સલામ ઉપર તૌરેત નાઝિલ થઇ તો જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા પાસે પણ મુસહફ હતો. મુસહફ એટલે હાથ વડે લખેલો ગ્રંથ-પોથી. હઝરત પેગંબરે ઇસ્લામની વફાત પછી આપ ઘણાં જ ગમગીન રહેતાં હતાં.

ઉદાસ રહેતાં હતાં જેથી ખુદાવંદે આલમે પોતાના લુત્ફ અને કરમથી એક ફરિશ્તો ખાસ હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા માટે નક્કી હતો. જે આપની પાસે સતત આવતો રહેતો. જે જનાબ ઝેહરાથી વાતો કરતો, આપને જન્નતની ખુશખબરી આપતો, જન્નત દોઝખની વાતો કરતો, રોઝે કયામતની વાતો કરતો ત્યારે બનનારા બનાવોની વાતો કરતો, બનનારા વાકેઆત સમજાવતો. હઝરત અલી અલયહિસ્સલામ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાથી આ બધી વાતો લખી લેતા. ધીરે ધીરે થોડાક દિવસમાં આ બધા બનાવો અને જન્નત, દોઝખ, કિયામત વગેરેની વાતોનો એક મુસહફ (ગ્રંથ-પોથી) તૈયાર થઇ ગયો.

આ એક સર્વમાન્ય વાત છે. હઝરત ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે કે મુસહફે ફાતેમામાં પાછલી તમામ વાતો તથા

આસમાની દુનિયાની વાતો અને રોઝે કિયામત સુધી બનનારી ઘટનાઓ છે.

## (૮) સૈબ બેહિશ્તી-જન્નતનું સફરજન જનાબે સૈયદાની પયદાઇશનો નુત્ફો

મેઅરાજની રાતે રિસાલતમઆબ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે દરખ્ત તૂબામાંથી એક સફરજન લીધું. તેના બે ટૂકડા કર્યા તો તેની દરમ્યાન એક નૂરાની રોશની જાહેર થઇ. આપે જિબ્રઇલને પૂછ્યું: આ શું છે? આ નૂરે મનસૂરએ ખુદા(એક કામ્યાબ વિજયી પ્રકાશ જેની મદદ કરવામાં આવી) છે. આસમાનમાં છે અને ફાતેમા જમીનમાં છે. ફરમાવ્યું: આસમાનમાં મનસૂરહ શા માટે? કારણ કે તેની ખુદાથી દોસ્તી છે. બરોઝે મેહશર શફાઅતની બાબતમાં.

તે સફરજન પેગંબર ઇસ્લામે ખાધું જેનાથી માદ્દએ નુત્ફએ ઝેહરા અસ્તિત્વમાં આવ્યો. જેથી ઝેહરાનું અસલી બદન બીજો ભાગ જન્નતમાં હતો. તેથી જ આપ પાક-પાકીઝા હતાં. આપ સ્ત્રીઓની આદતો, તકલીફો વ્યાધિ વગેરેથી પાક-સાફ હતાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે અનેક વખત ફરમાવ્યું છે: સર્વમાન્ય હદીસ છે. **"મારી ફાતેમા જન્નતની હુર છે." રસૂલે હુર જેવાં નથી ફરમાવ્યું, બલકે હુર છે-એમ ફરમાવ્યું છે. જન્નતની હૂરો સ્ત્રીઓની બધી આદતો-તકલીફોથી પાક સાફ હોય છે.**

## (૯) શિકમે માદરમાં કલામ કરવું વિલાદતના સમયે કલિમએ શહાદત

પેગંબરે ઇસ્લામે અનુભવ કર્યો કે જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહા ખદીજા સલામુલ્લાહ

અલયહાના પેટમાં હતાં ત્યારે વાતચીત કરતાં હતાં. મક્કાની મુશરિક, યહૂદી સ્ત્રીઓ હઝરત ખદીજા સલામુલ્લાહ અલયહાથી દુશ્મની રાખતી, નફરત કરતી, બોલાવવા છતાં જવાબ ન દેતી, ખૈર-ખૈરિયત ન પૂછતી, મોઢું ચઢાવીને ફરતી, વગેરે વગેરે.

ત્યારે જનાબે ફાતેમા માના પેટમાં માને આશ્વાસન આપતાં, મા સાથે વાતો કરતાં. જનાબે ખદીજા ખુદ ફરમાવે છે કે મારી બેટી તો મારી સાથે વાતો કરે છે. જ્યારે આપની વિલાદત થઈ તો આપ બધાં સાંભળી શકે એટલા અવાજથી કલિમએ શહાદત પઢ્યાં.

اَشْهَدُ اَنْ لَا اِلٰهَ اِلَّا اللهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَ اَشْهَدُ اَنَّ
اَبِيْ مُحَمَّدٌ رَّسُوْلُ اللهِ وَ اَشْهَدُ اَنَّ بَعْلِيْ عَلِيًّا وَلِيُّ اللهِ وَ
اَوْلَادَهٗ حُجَجُ اللهِ.

એટલે કે આપે અલ્લાહ વાહિદની વહદાનિયત, બાબાજાન મોહંમદની નુબુવ્વત અને શોહર અલીની વિલાયત તથા તેમની માસૂમ અવલાદની હુજ્જતની ગવાહી આપી. જેથી કરીને આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે જોયું કે ખુદાવંદે આલમે વિશ્વની સ્ત્રીઓમાંથી જનાબ સૈયદા, ફાતેમા, તાહેરાને ચુંટી લીધાં છે. વળી તે બધા માટે સરદાર બનાવી દીધાં છે તો પછી આ ફાતેમા અલ્લાહની દષ્ટિમાં ખૂબ જ માનનીય, આદરણીય છે. એમના જેવી સ્ત્રી વિશ્વમાં કોઇ નથી. જેથી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પણ આપની ઇઝ્ઝત, એહતેરામને ચાલુ રાખ્યો. સલામ અને મકામ અને મનઝેલતનો પાસ રાખ્યો. જેથી અલ્લાહ રાજી થાય, નબીએ પાક સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ તરફથી દરેક પ્રકારનો પ્યાર, અકીદત, એહતેરામ, ઇઝ્ઝત બેટી હોવાના

કારણે નહિ, બલકે ખુદાની દૃષ્ટિમાં મકબુલ હોવાના કારણે હતી.

## (૧૦) જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા ખુશ્બુઓનો મજમૂઓ

કિતાબ રિયાહનુશ શરીઆના ભાગ-૧ માં વિશ્વાસપાત્ર હદીસોમાં રસૂલે ખુદાનું આ ફરમાન નકલ કરવામાં આવ્યું છે કે અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતે તમામ પેગંબરોમાં બેહિશ્તની ખુશ્બો રાખેલી છે. હુરોમાં બેહિશ્તની ચમેલીના ફૂલોની ખુશ્બો, ફરિશ્તાઓમાં બેહિશ્તના ગુલાબની ખુશબો અને નબીઓમાં મોગરાના ફૂલની ખુશ્બો રાખેલી છે. વળી આ હૂરો, ફરિશ્તાઓ અને નબીઓમાં જે અલગ અલગ ખુશ્બો હોય છે. આ બધી જ ખુશબો તમામની તમામ પૂરે પૂરી રીતે એકી સાથે જનાબ ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહામાં છે. માટે

આમ કહેવું વધુ યોગ્ય ગણાશે કે સંપૂર્ણ બ્રહ્માંડમાં તેહતુસ્સરાથી લઇને અર્શ આઅ્લા સુધી જેટલી પણ ખુશબો ફેલાયેલી છે તેનો સ્ત્રોત જનાબ સૈયદા, તાહેરા, ફાતેમા સલામુલ્લાહ અલયહા છે.

હજી પણ જો કોઇને શંકા ઊભી થાય કે રસૂલે ખુદા પોતાની બેટી બતુલથી આટલો બધો પ્યાર કેમ કરતા હતા, તેના દીદાર માત્રથી ખુશ કેમ થઇ જતા હતા, એટલા માટે કે તે બેહિશ્તને જાહેર કરનારાં હતાં, જ્યાં પણ જતાં બેહિશ્તની ખુશ્બુઓ આવતી હતી.

**(૧૧) મેં જનાબે ફાતેમાથી તે જોયું જે હઝરત ઝકરિયા અલયહિસ્સલામે જનાબે મરિયમથી જોયું.**

હઝરત મરિયમ અલયહિસ્સલામ મેહરાબે ઇબાદતમાં મોસમ વગરના ફળો ખાતાં હતા. મેહરાબે ઇબાદતની બારી બહાર ફળોના છોતરાં

જોઇ જનાબ ઝકરિયા અલયહિસ્સલામ આશ્ચર્યમાં ગરકાવ થઇ પૂછતા કે અય મરિયમ, આ ફળો ક્યાંથી આવ્યાં, તો જનાબ મરિયમ અલયહિસ્સલામ ફરમાવતાં કે "મારા પરવરિદગાર તરફથી આવ્યાં છે" (અલ કુરઆન)

એક દિવસ ભૂખની હાલતમાં જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ અલ્લાહની બારગાહમાં હાથ ઉઠાવી દુઆ ફરમાવી. યા અલ્લાહ! મને તારી રહમતની રોઝી આપ.

ખુદાની કસમ! હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની દુઆના શબ્દો હજી પૂરા પણ ન થયા હતા કે એક ઘણું મોટું ખુશ્બોદાર ખોરાકથી ભરેલું, મોટા પ્યાલા આકારનું વાસણ બતુલના હાથો ઉપર આવી ગયું. જે લઇને આપે રસૂલે ખુદાની ખિદમતમાં પેશ કર્યું. જ્યારે અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબીતાલિબે જોયું તો ફરમાવ્યું: ફાતેમા,

આ ખાવાનું ક્યાંથી આવ્યું છે? જ્યારે આ ખાવા અંગેનો આપણો કોઇ પ્રોગ્રામ કે વાતચીત તો થઇ ન હતી. પેગંબરે ઇસ્લામે જવાબ આપ્યો. રસૂલે ઇસ્લામે ફરમાવ્યું: અય અલી! મારી બેટી બતુલ મરિયમ બિન્તે ઇમરાનના જેવી છે. જનાબ ઝકરિયા અલયહિસ્સલામે મેહરાબે ઇબાદતમાં જોયું તો ફરમાવ્યું: મરિયમ! આ ખાવાનું ક્યાંથી આવ્યું? જવાબ આપ્યો: ખુદાના તરફથી આવ્યું છે.

હઝરત અલી અલયહિસ્સલામ, પેગંબરે ઇસ્લામ, જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા તથા બાળકો-બધાએ તે ખાવાનું શાંતિથી ખાધું.

આ બે રિવાયતો અલગ અલગ વખતના બે મોઅજિઝા છે. આ પ્રકારનો એક મોઅજિઝો આગળ નં. ૧ ઉપર પણ લખી ચૂક્યા છીએ.

## (૧૨) જનાબે ઝેહરા સલામુલ્લાહ અલયહા મેહરાબે ઇબાદતમાં

શેખ સુદૂક અલહિર્રેહમાએ અમાલીમાં વિસ્તારથી એક રિવાયત નકલ ફરમાવી છે. અરબી મતનમાં અમો તે રિવાયતને વહાલા વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ.

قَالَ رَسُولُ اللهِ: اِبْنَتِي فَاطِمَةُ فَاِنَّهَا سَيِّدَةُ نِسَاءِ الْعَالَمِيْنَ مِنَ الْأَوَّلِينَ وَالْآخِرِيْنَ وَهِيَ بَضْعَةٌ مِّنِّيْ وَ هِيَ نُوْرُ عَيْنِيْ وَ هِيَ ثَمَرَةُ فُؤَادِيْ وَهِيَ رُوْحِيَ الَّتِيْ بَيْنَ جَنْبِيْ وَهِيَ الْحَوْرَاءُ الْإِنْسِيَّةُ مِنِّيْ قَامَتْ فِيْ مِحْرَابِهَا بَيْنَ يَدَيْ رَبِّهَا جَلَّ جَلَالُهُ زَهَرَ نُوْرُهَا الْمَلَآئِكَةَ السَّمَآءَ كَمَا يَزْهَرُ نُوْرُ الْكَوَاكِبِ لِاَهْلِ الْاَرْضِ وَ يَقُوْلُ اللهُ عَزَّ

وَ جَلَّ لِمَلاَئِكَتِهِ يَا مَلاَئِكَتِيْ اُنْظُرُوْا اِلٰى اَمَتِيْ فَاطِمَةَ سَيِّدَةَ اَمَائِي قَائِمَةً بَيْنَ يَدَيَّ تَعِدُّ فَرَائِضَهَا مِنْ خِيْفَتِيْ وَقَدْ اَقْبَلَتْ بِقَلْبِهَا عَلٰى عِبَادَتِيْ. اَشْهَدُكُمْ اَنِّيْ قَدْ آمَنْتُ شِيْعَتَهَا مِنَ النَّارِ...

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ફરમાવે છે મારી બેટી ફાતેમા અવ્વલીનથી આખેરીન સુધી હઝરત આદમ અલયહિસ્સલામથી કિયામત સુધી બંને જહાનોમાં ઓરતોની સરદાર છે. ફાતેમા મારા ગોશ્તનો ટૂકડો છે. ફરમાવ્યું: ફાતેમા મારી આંખોનું નૂર છે, મારા દીલનો મેવો છે, મારા શરીરમાં મારી જાન ફાતેમા છે, ફાતેમા ઇન્સાની શક્લમાં હૂર છે. જ્યારે મેહરાબે ઇબાદતમાં બારગાહે રબ્બુલ ઇઝ્ઝતની સમક્ષ

ઇબાદતમાં ઊભી રહે છે તો તેના નૂર અને જમાલની ચમક ફરિશ્તાઓ માટે એવો પ્રકાશ આપે છે જેવો પ્રકાશ જમીનવાળાઓ માટે સિતારા આપે છે.

ખુદાવંદે આલમ પોતાના ફરિશ્તાઓને ફરમાવે છે કે મારા ફરિશ્તાઓ! મારી આ કનીઝ ફાતેમાની તરફ દૃષ્ટિપાત કરો, જે મારી તમામ કનીઝોની સરદાર છે. જે મારા દરબારમાં ઇબાદતમાં ઊભી છે. મારા ખોફથી તેની હડ્ડીયો સુધ્ધાં કાંપી રહી છે. વળી તે આ ઇબાદતથી ફક્ત મારી નઝદીકી પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવે છે. હું ખુદા પણ તમામ ફરિશ્તાઓને ગવાહ બનાવીને એલાન કરૂં છું કે હું બતુલના શીયાઓને જહન્નમની આગથી બચાવી લઇશ.

**શીયા શબ્દનો અર્થ :** એહલેબયતથી મહબ્બત રાખનારા, એહલેબયતના તાબેદાર, તેમના ફરમાંબરદાર, તેમના હુકમો ઉપર ચાલનારા.

## (૧૩) જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા માટે શફાઅતે કુબરા

ઘણી બધી રિવાયતો છે, જે એમ બતાવે છે કે શફાઅતે કુબરાનો સંબંધ જનાબે ફાતેમા, સિદ્દીકા, તાહેરા સલામુલ્લાહ અલયહાની સાથે છે. આ રિવાયતોની થોડીક રિવાયતો કિતાબ ઓયુનુલ અખબારૂર્રેઝામાં નોંધાયેલ છે. બીજી બધી જ કિતાબોમાં પણ આવી રિવાયતોનું વર્ણન જોવા મળે છે. આ તમામ રિવાયતોનો સારાંશ આ છે કે,

રોઝે કિયામત કોઇ માણસ આ મોઅઝ્ઝમા બીબીની શફાઅતે કુબરાથી નિરાશ નહીં થાય, જેના હ્રદયમાં જરાક જેટલી પણ બીબી ફાતેમાની

અઝમતનો ઇકરાર હશે. બલકે માસૂમાને માનનારાઓ-આપથી થોડીક પણ મહબ્બત રાખનારાઓનો કોઇ દોસ્ત પણ આ બીબીની શફાઅતે કુબરાથી (બક્ષિસથી) મહરૂમ નહીં થશે.

## (૧૪) મોહિબ્બાને પંજતને પાકને(પોતાના ચાહકોને) બીબી શોધી કાઢશે

રોઝે મેહશર ખુદાવંદે આલમ તરફથી અવાજ આવશે: અય મારા મેહબૂબની દુખ્તર! શું વાત છે? આપ જન્નતના દરવાજા ઉપર ઊભી છો? ફરીને શું જોઇ રહ્યા છો? જ્યારે કે મેં આપને બેહિશ્તમાં દાખલ થવાનો હુકમ આપેલ છે. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા વિનંતી કરશે, ખુદાવંદે આલમ! તારો હુકમ સર આંખો ઉપર, પરંતુ હું આજે તારાથી કંઇક માંગુ છું. હુકમ થશે: બતાવો,

શું ચાહો છો? જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા વિનંતી કરશે:

યા અલ્લાહ! તારા નજદીક મારી જે કદરો મંઝેલત છે તે ઝાહિર કર. હુકમ થશે: બતાવો, કઇ રીતે, કયા પ્રકારે હું તમારી કદ્રો મંઝેલત ઝાહિર કરૂં? જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા વિનંતી કરશે: અય મારા ખાલિક, માલિક, હમણાં જ તેં મને પૂછ્યું કે જન્નતના દરવાજે ઊભા રહીને મેહશરના જંગલ તરફ કેમ જોઇ રહી છો? જ્યારે કે મેં તમને બેહિશ્તમાં દાખલ થવાનો હુકમ આપેલો છે.

અવાજ આવશે: હાં, મેં પૂછ્યું છે.

જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા વિનંતી કરશે, અય અહકમુલ હાકેમીન! મારા સવાલનો જવાબ હવે તુ આપ, મને બતાવ કે હું એકલી બેહિશ્તમાં કેવી રીતે ચાલી જાઉં? જ્યારે કે

મારા બેટા મઝલૂમ હુસૈનના અઝાદાર બહાર ઊભેલા છે. (અઝાદાર = ગમ કરનારા, રડનાર)

હુકમ થશે: અય ફાતેમા! મારા તરફથી તમને ખુલ્લી ઇજાઝત છે, જેમના જેમના દીલમાં તારા મઝલૂમ બેટાઓની મહબ્બત છે અને તારી અકીદત છે, તેઓને જન્નતમાં લઇ જાઓ.

હદીસ બયાન કરતાં આ જગ્યાએ ઇમામ મોહંમદ બાકિર અલયહિસ્સલામે ફરમાવ્યું: અય જાબિર! ખુદાની કસમ! તે દિવસે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા મેહશરમાંથી પોતાના શીયાઓ અને મહબ્બત રાખનારા અકીદતમંદોને એવી રીતે શોધી કાઢશે જેવી રીતે મુર્ગ વધારે દાણામાંથી પોતાને ભાવતા દાણા ચુની લે છે.

## (૧૫) જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના અકીદતમંદો પણ શફાઅત કરશે

જ્યારે જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા પોતાના અઝાદારો, શીયાઓ, ચાહકો, મોહિબ્બાન, અકીદત રાખનારાઓ વગેરેને લઇને બેહિશ્તના દરવાજા ઉપર તશરીફ લાવશે ત્યારે ખુદાવંદે આલમ તેમના બધાના દિલોમાં આ વાત નાખશે કે તેઓ બધા મેદાને મેહશર તરફ જોયા કરશે, તો અલ્લાહ તરફથી અવાજ આવશે: હવે તમે મેદાને મેહશરની તરફ કેમ જોઇ રહ્યા છો? જ્યારે કે મારા હબીબની બેટી ફાતેમાએ તમારી શફાઅત કરી દીધી છે.

તે વખતે તેઓ શીયા અઝાદાર મોમેનીન વિનંતી કરશે: પરવરદિગાર આજે અમારી કદ્રો મંઝેલતને પણ ઝાહિર કર.

ખુદાવંદે આલમ તરફથી અવાજ આવશે: અય મારા દોસ્તો, નેક બંદાઓ, મેદાને મેહશરની તરફ જુઓ અને બતાવો, કોણ છે તે વ્યક્તિઓ

જેમણે તમારી સાથે એટલા માટે મહબ્બત કરી કે તમે જનાબ ફાતેમાના અકીદતમંદ છો. બતાવો, તે ઇન્સાનોને જેમણે તમને બતુલની અઝમત કરવાના કારણે ખાવાનું ખવડાવ્યું. બતાવો, કોણ છે તે વ્યક્તિ જેમણે તમને મહબ્બતે ફાતેમાને કારણે લિબાસ પહેરાવ્યો. બતાવો, કોણ છે તે બંદો જેણે તમને ફાતેમાની ખુશી ખાતર પાણી પીવડાવ્યું અને બતાવો, કોણ છે તે વ્યક્તિ જેણે ફાતેમાના ખાતર ગીબત કરનારને મના કરી. આ બધાને બોલાવો અને તેમના હાથ પકડીને જન્નતમાં લઇ જાઓ.

(રિયાહિનુશ શરીયાહ ભાગ- પેજ ૨૩૨ થી ૨૩૪)

## (૧૬) ગુલુબંદ(હાર)નો મોઅજિઝો

જનાબે સૈયદા, ફાતેમા, સિદ્દીકા, તાહેરા સલામુલ્લાહ અલયહાનો ગુલુબંદ જેની બરકતથી

(૧) ગુલામને આઝાદી મળી

(૨) ભૂખ્યાને પેટ ભરીને ખાવાનું મળ્યું

(૩) નિ:વસ્ત્રને કપડાં-લિબાસ મળ્યો

(૪) ફકીર ગની(માલદાર) થઇ ગયો

(૫) પૈદલને સવારી મળી ગઇ

અને ગુલુબંદ જેનો માલ હતો તેની પાસે ફરીથી પહોંચી ગયો.

અલી ફાતેમાનું ઘર “મઝહરૂલ અજાએબ” છે. જ્યાંથી અજાએબાત પ્રગટ થાય, જ્યાંથી આશ્ચર્યો સર્જાય, જ્યાંથી મોઅજિઝાત અમલમાં આવે, જે ઘરની વાતો સાંભળીને ઇન્સાનો હૈરત અનુભવે, આશ્ચર્ય અનુભવે, ત્રણ દિવસથી જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના ઘરમાં કોઇપણ પ્રકારના અનાજ પાણી ન હતાં. ચૂલો સળગે એવું કશું ન હતું. ખજૂર કે એવું કંઇક મળી જાય તો કામ ચાલી જતું. જો ફાતેમા સલામુલ્લાહ અલયહાના ઘેર

ખાવાનું ન હોય તો રસૂલુલ્લાહના ઘરે પણ ન જ હોય.

આ ઘેર એક સાઇલ આવ્યો, એણે સવાલ કર્યો કે હું ભૂખ્યો છું, મને કંઇક ખાવાનું આપો.

જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ જ્યારે તેને આપવા જેવું કંઇ ન જોયું તો બકરીના ચામડાની તે પથારી, જેના ઉપર હસન, હુસૈન આરામ ફરમાવતા હતા, ઉઠાવીને સાઇલને આપતાં ફરમાવ્યું: ફિલહાલ બીજી કોઇ વસ્તુ અમારી પાસે નથી, આ લઇ જાવ, ઇન્શાઅલ્લાહ ખુદા તમારી મુશ્કેલીઓને ખતમ કરીને રાહતનો દરવાજો ખોલી નાખશે.

સાઇલ વિનંતી કરવા લાગ્યો: અય દુખ્તરે પેગંબર! મેં તો ભૂખની ફરિયાદ કરી છે, મારી ભૂખની આગ આ ચામડાથી કેવી રીતે બુઝાશે. સાઇલ થોડો કમ અક્કલ ગણાય, નહીં તો આ જ

બિછાનું એના માટે તખ્તે સુલયમાની સાબિત થઇ જાત. ઇમામ હસન અને ઇમામ હુસૈનનું બિછાનું હતું.

મતલબ તે સાઇલે જ્યારે બકરીના ચામડાનું બિછોનું લેવાનો ઇન્કાર કર્યો તો જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાને પોતાનો ગુલુબંદ (ગળાનો હાર) યાદ આવ્યો. જે જનાબ હમઝા બિન અબ્દુલ મુત્તલિબની દીકરીએ (રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ચચાની બેટીએ- જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના ફોઇ થાય) આપને ભેટમાં આપ્યો હતો. બેટી ફાતેમા, તારી ગરદન ખાલી જોઉં છું, મને ગમ થાય છે. લે, આ હાર તુ પહેરી રાખજે. તને તોહફો આપું છું. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ તે હાર ઉતારીને સાઇલના હવાલે કરી દીધો. ફરમાવ્યું:

આને લઇ જા, વેચી દેજે, અલ્લાહ તારી હાલતને બેહતર બનાવી દેશે.

## (અ) ગુલુબંદની બરકતથી સાઇલનું નસીબ ખુલી ગયું

સાઇલ તે ગુલુબંદ લઇને મસ્જિદમાં રસૂલેખુદાની પાસે હાજર થયો. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ અસહાબની વચ્ચે બેઠેલા હતા. વિનંતી કરી: યા રસૂલલ્લાહ! આ ગુલુબંદ આપની નેક દુખ્તરે મને તોહફો કર્યો છે. મારા ઉપર એહસાન કર્યું છે, સાથે દુઆ પણ આપી છે કે આને વેચીને તારા કામમાં લેજે, અલ્લાહતઆલા તારી ગુરબતને અમીરીમાં બદલી નાખશે.

રસૂલુલ્લાહની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. ફરમાવ્યું: અલ્લાહતઆલા તારી ગુરબતને કેમ દૂર નહીં કરે જ્યારે કે આ ગુલુબંદ તને તે કનીઝે ખુદાએ આપ્યો છે. જે બંને જહાનની ઓરતોની સરદાર છે.

જનાબ અમ્માર યાસિર રઝિયલ્લાહો તઆલા ઊભા થયા અને વિનંતી કરી, યા રસૂલલ્લાહ! અગર આપ રજા આપો તો આ ગુલુબંદને હું ખરીદી લઉં છું. રસૂલે ઇસ્લામે ઇજાઝત આપતાં ફરમાવ્યું, ખુદાની કસમ! આ ગુલુબંદને જે વ્યક્તિ ખરીદશે, અલ્લાહતઆલા તેને અઝાબથી મહફૂઝ રાખશે. જનાબ અમ્માર યાસીર રઝિયલ્લાહો તઆલા અન્હોએ તે સાઇલને પૂછ્યું: તું આ હારને કેટલામાં વેચવા ઇચ્છે છે? તેણે કહ્યું: ગોશ્ત અને રોટલીથી મારૂં પેટ ભરી દો. સાથે એક યમની

ચાદર ચાહું છું ઓઢવા માટે અને એક દીનાર પણ આપો જેનો હું સફર ખર્ચ તરીકે ઉપયોગ કરૂં.

### (બ) ફકીરને ખાવાનું, પોશાક અને સવારી મળી

જનાબ અમ્માર યાસિર રઝિયલ્લાહો તઆલા અન્હોએ કહ્યું: તને હું આ ગુલુબંદના બદલામાં ૨૦૦ દિરહમ આપું છું અને સાથે ૨૦ દીનાર લાલ સોનાના (એક દમ શુદ્ધ સોનાના) આપું છું, કીમતી ચાદર પણ આપું છું. એક મજબૂત જવાન ઊંટ તને સવારી માટે આપું છું જે તને ખૈરો આફિયત સાથે તારા અહલો અયાલ સુધી પહોંચાડી દે અને ઘઉંની રોટલીઓ સાથે ગોશ્તથી તારૂં પેટ ભરી દઉં છું. સાઇલ ખુશ થઇ ગયો બોલ્યો: અય અમ્માર! તમારી આ સખાવત તો ઘણી બધી છે.

જનાબ અમ્માર પાસે ખયબરની જંગમાંથી આવેલો પોતાના ભાગનો માલે ગનીમત જે પેગંબરે

ઇસ્લામે જ બધા અસહાબને સરખે ભાગે વહેંચેલો તે મોજૂદ હતો. તેમાંથી આ ગુલુબંદ ખરીદી લીધો. અહીં ઘણી બાબતો આપણને વિચારવા મજબૂર કરે છે. ઇતિહાસકારો અને હદીસવેત્તાઓ કહે છે કે ખયબરના યહૂદીઓના વિશાળ કિલ્લાઓ જિતાઇ ગયા પછી એટલો માલે ગનીમત મુસલમાનોના ભાગે આવ્યો કે કોઇ ગરીબ રહ્યો નહિ. તે માલ હઝરત અલી અલયહિસ્સલામને પણ મળ્યો હતો. તો આપના હિસ્સાનો ભાગ ક્યાં ગયો? જવાબ મળશે કે તેની સખાવત થઇ ગઇ. નવમુસ્લિમો જે બહારથી દીન શીખવા મદીનામાં ટોળેટોળાં આવતાં, તેમની ખાધાખોરાકી તથા નવા યુદ્ધની તૈયારી રૂપે શસ્ત્રો ખરીદવામાં આપે ખર્ચી નાખ્યો. અહીં સુધી કે ઘરમાં ત્રણ દિવસથી ચૂલો સળગે એવું કોઇ ખાવાનું બનાવાયું નથી. અહીં તહીં થી માંગ્યા વગર કોઇકે મોકલી આપ્યું તો આ કુટુંબે ખાઇ લીધું. ખજૂર વગેરે

ઉપર ચલાવી લીધું. હાર પોતાના માટે ન વેચ્યો. એક નવયુવાન ખાતુને જન્નત પાસે માત્ર એક તો હાર હતો. આપણી જેમ શાદી, ગમી, આવન જાવન ખુશી વગેરે પ્રસંગે પહેરાતો હતો. શેહઝાદી કેટલા ઉચ્ચ કુટુંબની-અરબનું સર્વશ્રેષ્ઠ ખાનદાન બની હાશિમ, તેમાં દો જહાનના સરદાર અને બાદશાહે વક્ત હાકેમ રસૂલની શેહઝાદી. જે બાદશાહે ખયબરમાંથી અમ્માર યાસીરના ભાગનું તો આટલું બધું આપ્યું પરંતુ પોતાની પાસે કશું ન રાખ્યું. રસૂલલ્લાહ પાસે બાદશાહ હોવા છતાં કોઇ ખજાનો ન હતો. કોઇ મહેલ કે હવેલી ન હતી. એકલોતી બેટી ફાતેમા, એક જ જમાઇ, તેમનું પણ તદ્દન સાદું સીધું ઘર, ઘરમાં ખાવા ન મળે. વિચારો, પછી કેમ મોઅજિઝા ન સર્જાય.

સાઇલ ફરી વખત પેગંબરે ઇસ્લામની ખિદમતમાં હાજર થયો તો આપ સલ્લલ્લાહો

અલયહે વઆલેહી વસલ્લમે પૂછ્યું: અય આરાબી, શું તને રોટી કપડા મળી ગયાં? તો તેણે આજીજીપૂર્વક કહ્યું: હાં, યા રસૂલલ્લાહ, હવે તો હું ગની (માલદાર) થઇ ગયો છું.

ફરમાવ્યું કે મારી બેટી બતુલ માટે જઝાએ ખૈરની દુઆ કર. જેવી રીતે તેણે તમારી ઉપર એહસાન કર્યું છે. આરાબીએ પોતાનું માથુ આસમાનની તરફ ઊંચું કર્યું, દુઆ માંગી.

અય ખુદા! તારા સિવાય અમે કોઇની ઇબાદત નથી કરતા. તું જ મઅબૂદે બરહક છે. તુ જ અમારો રાઝિક પણ છે. જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાને તું તે બદલો આપ જે ન તો કોઇ આંખે કદી જોયો હોય, ન કોઇ કાનોએ તે વસ્તુઓના મામલામાં કંઇ સાંભળ્યું હોય. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: આમીન.

## (ક) બરકતોથી ભરપૂર ગુલુબંદ

જનાબ અમ્માર યાસીર રઝિયલ્લાહો તઆલા અન્હોએ આરાબી સાઇલ પાસેથી ખરીદેલા ગુલુબંદને ખુશબો લગાવી યમની ચાદરમાં લપેટ્યો. પછી તેને એક સહીમ નામી ગુલામ સાથે જનાબ રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની ખિદમતમાં પેશ કર્યો. જે ગુલામને આપે ખયબરના માલમાંથી જ ખરીદયો હતો. ગુલામને જણાવ્યું હતું કે તુ પણ હવે રસૂલે ખુદાની ખિદમતમાં રહેજે.

સહીમ ગુલુબંદ રાખેલી કિંમતી ચાદર સાથે પેગંબરે ઇસ્લામની ખિદમતમાં હાજર થયો તો આપે ફરમાવ્યું: આ ગુલુબંદ મારી બેટીને જઇને આપી દો અને તમે પણ તેમની જ ખિદમતમાં રહો.

સહીમ બતુલના દરવાજા ઉપર આવ્યો. ગુલુબંદને પરત આપ્યો પછી પોતાની ગુલામીનો ઇકરાર કર્યો. હું હવેથી આપનો ગુલામ છું, જે ચાહો તે કામ મારાથી લઇ શકો છો. ત્યારે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાએ ગુલુબંદ લઇને ગુલામને ફરમાવ્યું: તમે આજથી આઝાદ છો.

સહીમ ગુલામ પોતાની આઝાદીનું ફરમાન સાંભળીને હસવા લાગ્યો તો જનાબ સૈયદાએ ફરમાવ્યું: તમારા હસવાનું કારણ શું છે? કહ્યું: બીબીજી! આ ગુલુબંદની બરકતે મને હસાવી દીધો છે. જે ગુલુબંદના કારણે

(૧) ભૂખ્યાને રોટી-ગોશ્તનું બેહતરીન ખાવાનું મળી ગયું.

(૨) નિ:વસ્ત્રને સારાં કીમતી કપડાં મળી ગયાં

(૩) પૈદલને સવારી મળી ગઇ

(૪) ફકીર ગની થઇ ગયો

(૫) ગુલામને આઝાદી મળી ગઇ

ફાતેમા ફાતેમા છે, જેમની ખૈરાત પણ મોઅજિઝો બની ગઇ.

## (૧૭) હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની ચાદર

હઝરત અલી અલયહિસ્સલામને એક વખત પૈસાની જરૂર પડી, આપ હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની ચાદર લઇને એક યહૂદી પાસે ગયા જેથી તેને ગીરવી મૂકી તેનાથી કંઇક રકમ કરજ મેળવે.

યહૂદીએ પૂછ્યું "યા અલી! આ ચાદર કોની છે?"

હઝરત અલી અલયહિસ્સલામે કહ્યું: "આ રસૂલની બેટીની ચાદર છે."

ચાદર પુરાની પણ હતી, ને એક જગ્યાએથી થીગડું પણ હતું. છતાંય ચાદર ઘણી સરસ હતી.

યહૂદી ઘણી વાર સુધી ચાદરને આમતેમ ફેરવી જોતો રહ્યો. ફરીથી પૂછ્યું: “યા અલી! સાચું બતાવો, આ ચાદર કોની છે?”

હઝરત અલી અલયહિસ્સલામે ફરીથી કહ્યું: “આ રસૂલની બેટીની ચાદર છે.”

યહૂદીએ કહ્યું: “યા અલી! તે કલિમો કયો છે? જે આપ લોકો પઢો છો, મને પણ પઢાવો. હું મુસલમાન બનવા ઇચ્છું છું.”

હઝરત અલી અલયહિસ્સલામે પૂછ્યું “અચાનક તને આ ખ્યાલ કેવી રીતે આવ્યો?”

યહૂદીએ કહ્યું: “ખરેખર વાત એમ છે કે આજ સુધી હું એમ જ સમજતો હતો કે ઇસ્લામ પૈસા કમાવાનો ધંધો છે પરંતુ આજે આ નબીની એકલોતી બેટીની ચાદર જોઇને મને સમજમાં

આવ્યું કે જે રસૂલની બેટીની ચાદર આવી હોય, તે રસૂલ અને તેમનો લાવેલો દીન જરૂર સાચો છે.”

તે યહૂદી જેને કુરઆન મુસલમાન ન બનાવી શક્યું, જેને રસૂલની તેવીસ વર્ષની તબ્લીગ મુસલમાન ન બનાવી શકી, જેને અલીની ઝુલ્ફિકાર મુસલમાન ન બનાવી શકી તેને ફાતેમા ઝેહરાની પુરાની ચાદરે મુસલમાન બનાવી દીધો.

## (૧૮) જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના મુસલ્લા નીચે સોનું અને ચાંદી

કિતાબોમાં જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા વિશે સેંકડો કિસ્સાઓ છે. એક વખત આપ કામ કરીને ખૂબ થાકી ગયાં. ઇમામ હસન અને ઇમામ હુસૈન અલયહિસ્સલામ ખાઇ શકે એટલું ખાવાનું હતું. તે બંને બચ્ચાઓને ખવડાવી દીધું. પછી પોતે ફાકાથી રહ્યાં. દીલમાં વિચાર આવ્યો કે

બાબાને ફરિયાદ કરૂં કે બાબા આપણી આવી હાલત ક્યાં સુધી રહેશે? એમ વિચારી નમાઝમાં લાગી ગયાં. આપ ઇબાદતમાં મશગૂલ હતાં ને પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ આપના ઘરમાં દાખલ થયા. નમાઝ પૂરી કરી પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમથી સલામ દુઆ કરી. પરંતુ કોઇ ફરિયાદ ન કરી શક્યાં. હઝરત સૈયદા પોતે જ વર્ણવે છે કે મેં વિચાર્યું કે મારા બાબા આખો દિવસ દીનના કામોમાં-ઇસ્લામની તબ્લીગમાં, અને જેહાદના કામોમાં ચિંતિત રહે છે ને વળી હું તેમના દીલને વધારે બેચેન કરૂં? જેથી મેં હસતાં હસતાં બાબાના ખબર પૂછ્યા, બાબાએ મને ખબર પૂછતાં ફરમાવ્યું, “બેટા તું કેમ છો?” હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ કહ્યું “બાબા મજામાં છું. હસન અને

હુસૈન જમી પરવારી રમે છે અને અલી કંઇક કામની તલાશમાં નીકળ્યા છે.”

પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: “બેટા! તું ભલે તારા હ્રદયની હાલત મારાથી છુપાવે, આ તારી દીને ઇસ્લામ અને પેગંબરે ઇસ્લામ પ્રત્યેની હમદર્દી છે. ખુદાથી મહબ્બતની નિશાની છે. પરંતુ બેટા! મને ખૂબ ખબર છે કે તુ ભૂખી છો” આમ કહી મારા બાબાની આંખોના આંસુ હું સ્પષ્ટ જોઇ શકી. મેં મારો ચેહરો નીચો કર્યો. મારાથી મારા બાબાની આંખોના આંસુ ન જોઇ શકાયાં. હું પણ એકદમ રડમશ થઇ ગઇ.

તરત જ આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ સ્વસ્થ થયા. મને ફરમાવ્યું: “બેટા તારા મુસલ્લાની જમણી બાજુનો ખૂણો ઊંચો કર” મેં બાબાની આજ્ઞાનું પાલન કર્યું. જોયું તો

આશ્ચર્યનો પાર ન રહ્યો, મેં સોનાની ગીનીઓનો ખજાનો જોયો."

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું "બેટા તારે જેટલું સોનું જોઇએ તેટલું લઇ લે"

હું બેઇખ્તયાર રડી પડી, પછી કહ્યું: "બાબા, હું મારા ખુદાથી રાજી છું. મને આ સોનાની કોઇ જરૂરત નથી."

પછી મારા બાબાએ મને ડાબી તરફનો મુસલ્લાનો ખૂણો ઊંચકવા કહ્યું. મેં ઉંચક્યો, જોયું તો ચાંદીનો અપાર ખજાનો જોયો. બાબાએ ફરમાવ્યું: "બેટા! તારે જેટલી જોઇએ તેટલી ચાંદી લઇ લે." હું ફરીથી રડી પડી, મેં કહ્યું "બાબા આ શું? ખુદા મારી કસોટી કરી રહ્યો છે?" ફરમાવ્યું "બેટા અલ્લાહે મારી ઉમ્મત જન્નતમાં જાય તે માટે મારી, તારી અને તારા શોહરની અને તારા બેટાઓની (હસન હુસૈન

અને તેમની અવલાદોની) જિંદગીની કુરબાની માંગી. મેં તે કબૂલ કરી લીધી. તેના બદલામાં અલ્લાહે મારી ઉમ્મતને બક્ષી દીધી છે. માટે તું સબર કર. અનકરીબ ખુદા આ તકલીફોના બદલામાં આપણને એવી નેઅમતો આપશે, જ નેઅમતો ન કોઇ આંખે જોઇ હશે, ન કોઇ કાને સાંભળી હશે, ન કોઇના હ્રદયમાં તેમના વિશેનો ખ્યાલ ગુજર્યો હશે.”

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા ફરમાવે છે: મેં મારા માથા પરના કપડાના છેડા વડે ચહેરો ઢાંકી દીધો કે મારા બાબા મને રડતી જોઇ વધુ ન રડે, છતાંય હું જોઇ શકી કે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ રડતા રડતા ઊભા થયા. મારા માથા ઉપર હાથ મૂક્યો અને ઘરની બહાર નીકળી ગયા.

મારી મા-બહેનો! આ તે ફાતેમા સલામુલ્લાહ અલયહા છે. જેમના નામ માત્રના ઉલ્લેખથી આપણાથી રડી પડાય છે. કેટલી ચિંતા હતી પેગંબરને, આ ઉમ્મતની અને તેની બક્ષિસની, પેગંબરે પોતાની યુવાની અને સમગ્ર જીવન આપણા માટે ખર્ચી નાખ્યું. અલી અને ફાતેમાએ તો પોતાના બાળપણને પણ આ ઉમ્મત માટે કુરબાન કરી દીધું. અલી કિશોર હતા અને કિશોરાવસ્થામાં રસૂલેખુદા સાથે એટલા માટે રહેતા કે મક્કાના જાલિમોના છોકરાઓ આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને પથ્થર મારીને ભાગી જતા હતા તેમને રોકે. ઇમામ હસન અલયહિસ્સલામ અને હુસૈન અલયહિસ્સલામે પણ પોતાના જાન અને માલ, બધાની કુરબાની આપી. આ ઉમ્મતને જહન્નમમાં જતી બચાવી લીધી. ઇમામ હુસૈન અલયહિસ્સલામ ફરમાવે છે કે મારા નાનાજાને

પોતાના ખુદાથી અમારા ચાહકોની બક્ષિસનો વાયદો લીધો છે. અમે પણ અમારા ચાહકોની બક્ષિસ વગર જન્નતમાં નહીં જઇએ.

મારા પ્રિય વાચકો! વિચારો આપણે એક એવી ઉમ્મત છીએ, જેમને પેટ ભરીને જમ્યા પછી પણ નમાઝ અઘરી લાગે છે, રોઝા અઘરા લાગે છે. ઇબાદતોથી દીલ ચોરાવીએ છીએ. આ ઉમ્મત હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાના ખૂન અને ફાકાથી બની છે.

# ભાગ-૮

## પ્રકરણ-૧ : હઝરત અબુબકર સાથે ઇખ્તિલાફના વિષયમાં તેહકીક

બાગે ફિદકની ઘટના અને ફાતેમા સલામુલ્લાહ અલયહાનો હઝરત અબુબકર સાથેનો ઝઘડો-આ વાત હંમેશા ઇસ્લામના ઉદયકાળથી લઇને આજદિન સુધી આલિમો અને બુદ્ધિશાળીઓ વચ્ચે ચર્ચા અને વિવાદનો વિષય બની છે. આ વિષય ઉપર અનેક કિતાબો લખાઇ ચુકી છે. પરંતુ આ કિતાબ જે સામાન્ય જનસાધારણના માટે ઇસ્લામની અવ્વલ અને સર્વશ્રેષ્ઠ ખાતૂનની બોધદાયક જિંદગી વિષયમાં લખવામાં આવી છે તેમાં આ વાદ-વિવાદનું વિસ્તારથી વર્ણન શક્ય નથી. આ વિષયમાં અગાઉ ટુંકાણમાં કંઇક જાણકારી વાચકો પામી ચૂક્યા છે. કેટલાક લોકો વધારે

શોધખોળ કરવાના આદિ હોય છે. ઇચ્છતા હોય છે કે ઇસ્લામના ઉદયકાળના આ લાગણીશીલ મસઅલા ઉપર વધુ તેહકીક કરે તો અમારૂં આગળનું લખાણ આ બાબતમાં અધુરૂં ગણાય. જેથી આ ભાગમાં અમે આ વાતોને છુટી પાડીને વિસ્તારથી સમજાવી રહ્યા છે.

## (૧) વિરોધાભાસ અને ઝઘડાનો વિષય

જે લોકોએ આ બાબતમાં જે કંઇ લખ્યું છે તે ફક્ત ફિદકના બારામાં જ લખ્યું છે. બલકે આ ઝઘડો ફક્ત બાગે ફિદક પૂરતો મર્યાદિત ન હતો. તે સિવાય પણ બીજી મિલકતો હતી જે વિષયમાં પણ ઇખ્તિલાફ અને ઝઘડો હતો.

**દૃષ્ટાંત રૂપે :**

હઝરત આયશાથી નકલ છે કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ એક વ્યક્તિને

હઝરત અબુબકર પાસે મોકલ્યો કે તે પોતાના વાલિદની મીરાસની(વારસાનો) માંગણી કરે જેમાં જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાએ નીચેની કેટલીક વાતોનું વર્ણન કર્યું હતું.

(૧) પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની તે મિલકત જે મદીનામાં મોજૂદ હતી

(૨) ફિદક

(3) ખયબરનું બાકી રહેલું ખુમ્સ

હઝરત અબુબકરે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાની માંગણીના જવાબમાં કહ્યું: પેગંબરે ફરમાવ્યું છે કે "અમે વારસો છોડતા નથી." જે કંઇ અમારી પાસે બાકી રહી જાય, વફાત સમયે તેનો સદકો ગણાશે અને આલે મોહંમદ તેમાંથી પોતાનો ખર્ચ લઇ શકે છે. હું પેગંબરના સદકાતને બદલીશ નહિ અને આપ સલ્લલ્લાહો અલયહે

વઆલેહી વસલ્લમના અમલ પ્રમાણે વર્તણુંક કરીશ.

મતલબ હઝરત અબુબકર જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને એક પણ વસ્તુ આપવા તૈયાર ન થયા જેથી જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા તેમના ઉપર ગઝબનાક થયાં. આપથી તદ્દન સંબંધ કાપી નાખ્યા, વાતચીત કરવાનું પણ છોડી દીધું.

ઇબ્ને અબીલ હદીદ લખે છે કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ અબુબકરને સંદેશો મોકલ્યો કે,

તમે રસૂલુલ્લાહના વારસાદાર છો કે સગા છો?

જવાબ મળ્યો: હું પેગંબરની સગાઇમાં છું.

પછી માલે ગનીમતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો હિસ્સો શું છે? હઝરત અબુબકરે કહ્યું: મેં આપના વાલિદથી

સાંભળ્યું છે કે અલ્લાહે અમને પેગંબરોને લાવારિષ મુકર્રર કર્યા છે. જ્યારે એમની રૂહ કબ્ઝ થઇ જાય છે ત્યારે એમનો માલ એમના ખલીફાનો હક છે. હું તમારા વાલિદનો ખલીફા છું. મારા પર વાજિબ છે કે હું આ માલ મુસલમાનોમાં વહેંચી આપું.

(શરહ ઇબ્ને અબિલ હદીદ ભાગ-૧૬ પેજ-૨૧૯)

ઉરવહથી નકલ છે કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ હઝરત અબુબકરથી બાગે ફિદક અને ઝવિલ કુરબાના (સગાં સંબંધીઓનો હક) હકની માંગણી કરી. પરંતુ હઝરત અબુબકરે તેમને કંઇપણ આપ્યું નહિ અને તેને ખુદાનો માલ ગણી હુકુમતમાં સામેલ કરી દીધો.

હસન બિન મોહંમદ બિન અલી બિન અબીતાલિબ ફરમાવે છે કે હઝરત અબુબકરે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાને અને બની હાશિમને ઝવિકુરબાના હિસ્સાથી વંચિત કરી દીધાં.

જે કુરઆનનો સ્પષ્ટ હુકમ છે. તેમના ભાગને ફી સબીલિલ્લાહ ભાગ નક્કી કરી તેમાંથી શસ્ત્રો, ઊંટ અને ખચ્ચર ખરીદતા.

ઉપરોક્ત લખાણથી ખબર પડે છે કે બાગે ફિદક સિવાયની પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની પોતાની નાની નાની મિલકતો હતી. જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાને હઝરત અબુબકરે તે બધાથી જ મહરૂમ કરી દીધાં. બધું જ આંચકી લીધું.

## (૨) પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો પોતાનો ઝાતી માલ

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ કેટલીક મિલકતો ધરાવતા હતા. જે ખાસ તેમની ઝાતથી સંબંધ ધરાવતી હતી. જેને આપણે માલિકીની મિલકત ગણી શકીએ. આ

બાબત તો હઝરત આદમ અલયહિસ્સલામથી લઇને હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ સુધી દરેક પેગંબરને લાગુ પડે છે. દરેક પેગંબરની પોતાની ઝાતી મિલકત હોય છે. દરેક પેગંબરને નાના, મોટાં, હલકા, ભારી, ઘરો હોય છે. દરેક પેગંબરના ઢોર-ઢાંખર હોય છે. દરેક પેગંબરના ઘરનો નાનો મોટો-કબીલા કુટુંબ પ્રમાણે ઘરના સભ્યોની સંખ્યા પ્રમાણે-સામાન હોય છે.

આ જ રીતે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ પાસે પણ આ બધું જ હતું. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ઘરો જેમાં આપના એહલે ખાના, પત્નીઓ જેમના જુદા જુદા હુજરાઓ(કમરાઓ) હતા. ઝાતી પોશાક, ઘરેલુ અસબાબ, અન્ય સામાન, વાસણો વગેરે, તલવારો, ઝિરહ, બખ્તરો, સવારીના જનાવર, જેમકે ઊંટ, ઘોડા, ખચ્ચર અને દૂધ આપતાં હયવાન જેવા

કે ઘેંટા, બકરીઓ અને ગાય વગેરે. ઘણું બધું રસૂલે ઇસ્લામના ઝાતી માલમાંથી હતું. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ઉપરોક્ત બધી મિલકતના માલિક હતા. આ બધું હદીસ તથા ઐતિહાસિક કિતાબોમાં નોંધાયેલું છે.

દેખીતી વાત છે કે આ બધી આપની ઝાતી મિલકતો હતી અને આપની વફાત પછી આ બધી મિલકતો આપના વારસદારોમાં ચાલી ગઇ. પેગંબરો ઇન્સાની શક્લમાં નૂરાની મખ્લૂક હોય છે. બઝાહિર તેઓ ઇન્સાનો જેવું જ જીવન જીવે છે, જેથી જે જે જરૂરતો ઇન્સાનોની હોય છે તે તે જરૂરતો પેગંબરોની પણ હોય છે.

હસન બિન અલી વશાઅ કહે છે કે મેં ઇમામ રઝા અલયહિસ્સલામની ખિદમતમાં વિનંતી કરીઃ શું રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે બાગે ફિદકના સિવાય પણ કોઇ માલ

છોડયો હતો? આપે ફરમાવ્યું: હાં, મદીનામાં કેટલાક બાગ હતા, જેમાં ખજૂરોના ઝાડો હતાં, જે વકફ હતા. મતલબ તેનું ખજૂર પબ્લિક ખાઇ જતી હતી. છ ઘોડાઓ હતા, ત્રણ ઊંટ હતા, જેમના નામ પણ રાખેલાં હતાં. અઝબાઅ, શહબાઅ અને દીબાજ નામો હતાં, બે ખચ્ચરો હતાં જેમના નામ શહબા અને દલદલ, એક ગધેડો હતો તેનું નામ યાફૂર હતું, બે ઘેટીઓ જે દૂધ આપતી હતી, દૂધ આપનારી ચાલીસ(૪૦) ઊંટણીઓ, એક તલવાર, ઝુલ્ફિકાર એક ઝિરહ, તેનું નામ ઝાતુલ અઝુલ, અમામો, સહાબ નામનો, બે મોટી યમની ચાદરો. એક અંગૂઠી, એક લાકડી(અસા), એક પાથરણું, બેની સંખ્યામાં અબા, ચામડાના કેટલાક તકીયા, પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની પાસે આ વસ્તુઓ હતી જે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ પછી જનાબ ફાતેમાને મળી.

તેમાંથી તલવાર, ઝિરહ-બખ્તર, અમામો અને અંગૂઠી હઝરત અલી અલયહિસ્સલામને આપવામાં આવી.

પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના વારિસોમાં આપની પત્નીઓ અને જનાબ ઝેહરા સલામુલ્લાહ અલયહા હતાં. ઇતિહાસે આ વાતની જરાય નોંધ લીધી નથી કે પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના આ માલને કેવી રીતે તેમના વારિસોમાં વહેંચવામાં આવ્યો. પરંતુ આ વાત તો ચોક્કસપણે, શંકા વગરની છે કે આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના રહેણાંક મકાનો આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની પત્નીઓને જ આપી દેવામાં આવ્યાં. જે મકાનોમાં તેઓ આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની વફાત પછી પણ રહેતી હતી.

આ વાતની સમજ આપતાં કેટલાકે આમ કહ્યું છે કે પેગંબરે અકરમ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે આ મકાનો પોતાની હયાતીમાં જ પોતાની પત્નીઓને બખ્શી આપ્યાં હતાં. આ વાત સાબિત કરવા માટે આ લોકોએ આ આયતથી પકડી છે, સૂરએ અહઝાબની 33મી આયતમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે:

وَقَرْنَ فِي بُيُوتِكُنَّ وَلَا تَبَرَّجْنَ تَبَرُّجَ الْجَاهِلِيَّةِ الْأُولَىٰ

અને તમારા ઘરોમાં બેસી રહો અને પહેલાંની જાહિલિય્યતના જેવા શણગાર ન કરો.

કહે છે કે અલ્લાહે આ આયતમાં અઝવાજે પેગંબરને હુકમ આપ્યો છે કે તમારા ઘરોમાં રહો. આ વાતથી માલૂમ પડે છે કે આ ઘરો તેમની મિલકત હતી. નહીં તો આવો હુકમ આપવામાં આવત કે તમે પેગંબરના ઘરોમાં બેસી રહો.

## (૩) ઉપરોક્ત આયતના વિષયમાં થોડીક ચર્ચા

તેહકીકાત કરનારાઓ કહે છે કે આ આયત આ બાબતની સાબિતી નથી બની શકતી કે પેગંબરે ઇસ્લામે આ મકાનો પોતાની હયાતીમાં પોતાની પત્નીઓને આપી દીધાં હોય. કોઇ વસ્તુને કોઇના તરફ ઇશારો કરવાથી તે વ્યક્તિ તે વસ્તુની માલિક નથી બની જતી. મતલબ આ આયત અઝવાજે રસૂલને મકાનોની માલિક નથી બનાવતી. બોલચાલની ભાષામાં કુરઆનનો એક ઇશારો છે કે તમારા મકાનોમાં બેસી રહો. મરદની મિલકતને તેની પત્ની કે અવલાદ તરફ સંકેત આપવામાં આવે છે.

જેવી રીતે કે કોઇની પત્ની કે પુત્રને આપણે કહીએ કે તમે તો માલદાર છો. ઘણીબધી મિલકત ધરાવો છો. તમારી હવેલી, તમારા મકાનો, તમારી

જમીન, ઘણું બધું તમારી પાસે છે. હકીકતમાં આ બધી વસ્તુઓમાંથી એક પણ વસ્તુની માલિકી ન પત્નીની હોય છે ન કે પુત્રની. છતાં બોલચાલમાં તો એમ જ બોલાય છે. આ બધું તેના પતિ કે બાપના નામે હોય છે. તમારૂં ઘર, તમારા વાસણ, તમારો બાગ, આમ કહેવાથી એનો અસલ માલિક મતલબ હોય છે. કોઇ ભાડૂતી ઘરમાં રહેતો હોય, કંઇક કામે આપણે તેના ઘેર જઇએ પરંતુ સંજોગોવસાત તેની મુલાકાત ન થાય તે કંઇક બહાર ગયો હોય, બીજા મોકા ઉપર તે આપણને મળે ત્યારે આપણે તેને કહીએ છીએ: હું તમારા ઘેર આવ્યો હતો તમે ન મળ્યા. અહીં આપણે એવું નથી બોલતા કે હું તમારા ભાડૂતી ઘેર આવ્યો હતો. અહીં તમારા ઘેરથી મતલબ તમે રહો છો તે ઘર, ન કે તમારી માલિકીનું ઘર. **કુરઆનની ભાષા બોલચાલની વ્યવહારિક ભાષા છે.**

પેગંબરે ઇસ્લામે દરેક પત્નીને રહેવા માટે એક એક કમરો ખાસ નક્કી કરી રાખ્યો હતો. જેથી કહેવાતું હતું કે આયશાનું ઘર, હઝરત ઉમ્મે સલમાનું ઘર, ઝયનબનું ઘર, ઉમ્મે હબીબાનું ઘર વગેરે. જેથી આ આયતથી આ વાત સાબિત થતી નથી કે પેગંબરે ઇસ્લામે આ મકાનો તેઓને માલિકી ધોરણે બક્ષી આપ્યાં હતાં. આ સિવાયની બીજી કોઇ દલીલ પણ મોજૂદ નથી કે પેગંબરે ઇસ્લામની પત્નીઓ આ મકાનોની માલિક હતી અથવા આ મકાનો તેઓની મિલકત હતાં.

આ બધી પરિસ્થિતિના અભ્યાસ પછી આપણે કહેવું પડશે કે રસૂલુલ્લાહની પત્નીઓએ આ મકાનો વારસાના ભાગ તરીકે લઇ રાખ્યાં હતાં અથવા અસહાબે પેગંબરની ઇઝ્ઝત એહતેરામની દૃષ્ટિએ તેઓને ત્યાં જ રહેવા દીધી. જ્યાં તેઓ પેગંબરની હયાતીમાં રહેતી હતી. હઝરત ફાતેમા

સલામુલ્લાહ અલયહા પણ આ મકાનોમાં વારસો મેળવનારાં એક ખાતૂન હતાં. આપે પણ આ જ કારણથી પોતાના હકની માંગણી ન કરી કે આ મકાનોમાં મારા વારસો છે. આ બાબતમાં શંકાને કોઇ સ્થાન નથી કે પેગંબરે ઇસ્લામે આ પ્રકારની નાની મોટી જેટલી પણ મિલકત છોડી હતી, જે વારસો બનીને આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના વારસોને પહોંચ્યો તે તમામ મિલકતો વારસાની આયતો તથા વારસાના તમામ કાયદાકાનૂનોમાં સમાવિષ્ટ થાય છે. ફરીથી આ બાબતને સમજીએ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પોતાની વફાત વખતે છોડેલી નાની મોટી બધી જ મિલકતો જે આપના વારસોને પહોંચી ગઇ  તે બધી જ મિલકતોનો સમાવેશ કુરઆની વારસાની આયતોમાં થશે.

વારસા અંગેના ઇસ્લામી કાયદાકાનૂનની અંદર ગણાશે.

## (૪) બાગે ફિદકની જમીન

મદીનાથી થોડે દૂર એક આબાદી હતી. તેને ફિદક કહેતા હતા. હાલ પણ આ વસ્તી છે. તે વખતે આ ગામડું મદીનાથી લગભગ બે દિવસની મુસાફરી જેટલું દૂર હતું. તે સમયમાં લીલો છમ, ઝાડોથી ભરપૂર વાડી ઇલાકો હતો.

મોઅજમુલ બુલદાનના લેખક લખે છે કે આ ઇલાકામાં તે જમાનામાં ખજૂરના લીલાછમ ઝાડો હતાં, જે ખજૂરોથી લચી પડતાં હતાં. વળી ઉછળતા પાણીના ઝરણા પણ હતાં. આ વાત સાબિત થઇ ગઇ કે ફિદક કોઇ મામૂલી મિલકત ન હતી. કોઇનું પણ ધ્યાન દોરાય એવી મિલકત હતી.

આ ઇલાકો યહુદીઓના કબજામાં હતો. જ્યારે હિજરીસન ૭માં ખયબરનો ઇલાકો મુસલમાનોના હાથે ફતેહ થયો ત્યારે ફિદકના યહૂદીઓ ડરી ગયા. તેઓએ એક વ્યક્તિને પોતાના પ્રતિનિધિ તરીકે મદીના મોકલીને સુલેહની દરખાસ્ત રજૂ કરી.

બીજી એક રિવાયત આ પ્રકારે પણ જોવા મળે છે કે પેગંબરે ઇસ્લામે ફિદક ગામના યહૂદીઓને ઇસ્લામની દઅવત માટે મહીસા બિન મસઊદ નામના એક સહાબીને મોકલ્યા. પરંતુ તેઓએ ઇસ્લામ કબૂલ ન કર્યો. અલબત્ત પોતે શાંતિથી જીવવા માંગે છે, કોઇપણ પ્રકારનો ઉપદ્રવ કરશે નહિ. જણાવી સુલેહની દરખાસ્ત રજૂ કરી. પેગંબરે ઇસ્લામે તેઓની ઇચ્છાને કબૂલ રાખી. ફરમાવ્યું: આપણી વચ્ચે એક સુલેહનામુ લખવામાં આવે. આ સુલેહનામાના અનુસંધાનમાં ફિદકના

યહૂદીઓ ઇસ્લામના રક્ષણમાં આવી ગયા. હવે મુસલમાનોએ તેમનું રક્ષણ કરવાનું રહેશે.

અલ્લામા બેલાઝરી ફુતૂહુલ બુલદાનમાં લખે છે કે યહૂદીઓએ સુલેહની કરારદાદના બદલામાં ફિદકની અડધી જમીન પેગંબરે ઇસ્લામને હવાલે કરી દીધી.

મોઅજમુલ બુલદાનમાં તેના લેખક લખે છે કે યહૂદીઓએ ફિદકના બધા જ બાગોના ફળો અને બીજા બધા જ માલનો અડધો હિસ્સો પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને આપી દીધો.

આ માલ ખાલિસ-ચોખ્ખો, પેગંબરનો ઝાતી માલ બની ગયો. કારણ કે આ ઇલાકો કોઇપણ પ્રકારના યુદ્ધ વગર મુસલમાનોએ ફતેહ કર્યો હતો. ઇસ્લામના સ્પષ્ટ કાનૂની દૃષ્ટિએ જે ઇલાકો જંગ કર્યા વગર ફતેહ થઇ જાય તે રસૂલુલ્લાહનો ખાલિસ

માલ બની જાય છે. આ કાનૂન ઇસ્લામના બધા જ ફિરકામાં એક સરખો છે. શીયા, સુન્ની બધાને માન્ય છે. અલ્લાહતઆલા કુરઆન મજીદમાં ફરમાવે છે:

وَ مَآ اَفَآءَ اللّٰهُ عَلٰى رَسُوْلِهٖ مِنْهُمْ فَمَآ اَوْجَفْتُمْ عَلَيْهِ مِنْ
خَيْلٍ وَّلَا رِكَابٍ وَّلٰكِنَّ اللّٰهَ يُسَلِّطُ رُسُلَهٗ عَلٰى مَنْ يَّشَآءُ ؕ وَ
اللّٰهُ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿۶﴾ مَآ اَفَآءَ اللّٰهُ عَلٰى رَسُوْلِهٖ مِنْ
اَهْلِ الْقُرٰى فَلِلّٰهِ وَ لِلرَّسُوْلِ وَ لِذِى الْقُرْبٰى وَ الْيَتٰمٰى وَ
الْمَسٰكِيْنِ وَ ابْنِ السَّبِيْلِ ۙ كَىْ لَا يَكُوْنَ دُوْلَةًۢ بَيْنَ
الْاَغْنِيَآءِ مِنْكُمْ ؕ وَ مَآ اٰتٰىكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ ★ وَ مَا
نَهٰىكُمْ عَنْهُ فَانْتَهُوْا ۚ وَ اتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ شَدِيْدُ
الْعِقَابِ ۘ ﴿۷﴾

અને ખુદાએ જે કંઇ તેમના તરફથી માલે ગનીમત પોતાના રસૂલને અપાવ્યો છે, જેના માટે તમે ઘોડા અથવા ઊંટ દ્વારા દોડધૂપ ન કરી. પરંતુ અલ્લાહ પોતાના રસૂલોને પ્રભૂત્વશાળી બનાવે છે અને તે દરેક વસ્તુ ઉપર શક્તિમાન છે. તો જે કંઇપણ અલ્લાહે ગામડા તરફથી પોતાના રસૂલોને અપાવ્યું છે તે બધું જ અલ્લાહ અને તેના રસૂલના માટે છે.

જેથી આ વાતમાં શંકાને રજમાત્ર સ્થાન નથી કે બાગે ફિદક પેગંબરે ઇસ્લામનો ચોખ્ખો-માલિકીનો માલ છે. આ પ્રકારની મિલકતની હુકુમતે ઇસ્લામીના માલમાં ગણતરી થાય છે. જે ઇસ્લામના હાકિમે શરઇ(પેગંબર કે ઇમામ) ના ઇખ્તિયારમાં હોય છે. તે તેના ઉપયોગના મામલામાં આઝાદ હોય છે. તેને હક છે કે જ્યાં ચાહે ત્યાં ખર્ચ કરે. ઇસ્લામ અને હુકુમતે ઇસ્લામીના ફાયદા માટે થોડો

અથવા બધો જ માલ કે મિલકત કોઇને હવાલે કરી દે કે તે તેની આવકથી ફાયદો ઊઠાવે. તેને સંપૂર્ણ માલિકી હક છે કે કોઇને બદલારૂપ કે વગર બદલારૂપે આપી દે. આ પણ હક છે કે પેગંબર તે માલની કોઇને બક્ષિસ કરી દે.

કેટલીક રિવાયતોથી માલૂમ પડે છે કે પેગંબરે ઇસ્લામે ફિદકની જમીન પોતાના તથા પોતાના ઘરના ખર્ચ માટે રાખી મૂકી હતી. તેમાંની વગડા જેવી જમીનને પોતાના હાથો વડે આબાદ કરી હતી. તેમાં ખજૂરના વૃક્ષો આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે જાતે રોપ્યાં હતાં.

ઇબ્ને અબિલ હદીદ લખે છે કે જ્યારે ખલીફા મુતવક્કિલ અબ્બાસીએ ફિદક અબ્દુલ્લાહ બિન ઉમર બાઝયારના હવાલે કર્યો, ત્યાં સુધી આ બગીચામાં સ્વયં રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના હાથ મુબારકથી રોપાયેલાં

ખજૂરના વૃક્ષો હતાં. રસૂલુલ્લાહના રોપેલાં અગિયાર વૃક્ષ હતાં. અબ્બાસી બાદશાહોએ આ ફિદકને છીનવી લીધો, પાછો ફાતેમા સલામુલ્લાહ અલયહાની અવલાદને આપ્યો, પાછો કોઇ બાદશાહે છીનવી લીધો, પાછો કોઇ પ્રમાણિક બાદશાહે પાછો આપ્યો, આવું અનેક વખત બન્યું છે જ્યારે આ બાગ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની અવલાદના હાથમાં આવતો હતો ત્યારે આ લોકો ખજૂરના વૃક્ષોની ખજૂરો હાજીઓમાં હદીયો કરતાં હતાં. હાજીઓ આ ખજૂરોને તબર્રૂક સમજીને ખાતા અને પોતાના વતન લઇ જતાં. હાજીઓ આ ખજૂરોના બદલામાં અવલાદે ફાતેમા સાથે હુસ્ને સુલૂક કરતાં, કંઇક આપતા જ્યારે અબ્દુલ્લાહ બિન ઝિયાદનો કબજો હુકુમત ઉપર થયો તો તેણે બશર બિન ઉમય્યાને નિયુક્ત કર્યો કે તે ફિદક બગીચાના બધા જ ઝાડોને કાપી નાખે. જ્યારે તે બધા વૃક્ષો કાપી

નાખી બશર પાછો ફર્યો ત્યારે તેને લકવા મારી ગયો.

રસૂલે ખુદાની આદત હતી કે પોતાની અને પોતાના ઘરની જરૂરિયાત જેટલી આવક રાખતા. બાકીની આવક બની હાશિમના ગરીબોમાં વહેંચી દેતા. બની હાશિમના ગરીબોની શાદીઓ પણ આ નાણાંમાંથી કરાવતા. બની હાશિમ રસૂલેખુદાનું ખાનદાન હતું.

અમો ઉપરોક્ત વિગતોને થોડાક વધારે વિસ્તારથી આ જ કિતાબના ભાગ-૫, પ્રકરણ-૧૮ની છેલ્લે “નિચોડ” મથાળા હેઠળ લખી ચૂક્યા છીએ. જુઓ પેજ નં. ૩૪૧ થી ૩૪૬.

## (૫) રસૂલે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પોતાની હયાતીમાં જ બાગે ફિદક હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાના હવાલે કર્યો હતો

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા અને હઝરત અબુબકર બંનેની વચ્ચે ઝઘડાનો વિષય “ફિદક” હતો. ફાતેમા દાવેદાર હતાં કે રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે પોતાની દુન્યવી હયાતીમાં ફિદક એમને બક્ષી આપ્યો હતો. પરંતુ અબુબકર આ વાતનો ઇન્કાર કરતા હતા. વળી એક નવાઇ જેવી વાત તો આ છે કે અબુબકર ખલીફા બન્યા ત્યારે ફિદક જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના કબજામાં હતો. માસૂમાના કારકુનો, માણસો, મજૂરો ત્યાં કામ કરતા હતા. અબુબકરે ખલીફા બનતાની સાથે જનાબ ફાતેમા

સલામુલ્લાહ અલયહાના માણસો, મજૂરો અને હિસાબ રાખનારા કારકુનોને તગેડી મૂકી. ફિદક ઉપર કબજો કરી લીધો. હવે વિચારો દાવેદાર કોણ? મુજરિમ(ગુનેહગાર) કોણ? અને મુન્સિફ(ન્યાય આપનાર) કોણ?

હઝરત અબુબકરે પોતે દાવો માંડી ગવાહો રજૂ કરી આ ફિદકની મિલકત ખલીફાની છે. તેવું સાબિત કરવું જોઇતું હતું. ગવાહ તો હુકુમતે રજૂ કરવાના હોય કે જેનો કબજો છે તેને? જેના માણસો ત્યાં મુદ્દતથી કામ કરે છે તેની પાસે સાક્ષી માંગવાના ન હોય. વળી ગુનેહગાર પોતે ન્યાય આપનાર પણ બની જાય. આ કેવી વિડંબતા?!!

રસૂલે ઇસ્લામનું ફિદક પોતાની બેટી ફાતેમા સલામુલ્લાહ અલયહાને આપવું કોઇ નવી વાત નથી. રસૂલે ઇસ્લામે પોતાની ખાસ

જમીનોમાંથી કેટલીય જમીનોના ટૂકડા કંઇ કેટલાયે સહાબાને પોતાની હયાતીમાં આપેલા છે.

ઇતિહાસકાર બેલાઝરી લખે છે કે પેગંબરે ઇસ્લામે બની નઝીરની જમીનોનો અમૂક ભાગ હઝરત અબુબકરને, અબ્દુર્રેહમાન બિન ઓફને અને અબુ દુજાના વગેરેને લખી આપ્યા હતા.

એક બીજી જગ્યા ઉપર બેલાઝરી લખે છે કે રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે બની નઝીરની જમીનોમાંથી એક ભાગ જેમાં ખજૂરના ઝાડો પણ હતાં, ઝુબેર ઇબ્ને અવામને આપી હતી. આગળ લખે છે કે પેગંબરે ઇસ્લામે પહાડી જમીનનો એક ભાગ જેમાં ખાણો પણ હતી, હઝરત બિલાલ રઝિયલ્લાહો તઆલા અન્હોને હવાલે કરી હતી. મતલબ તેમને બક્ષિસ આપી હતી. એક જમીનના ચાર ટૂકડા આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે જનાબ

અલી બિન અબી તાલિબ અલયહિસ્સલામને આપ્યા હતા.

આ વાતમાં શંકાને કોઇ સ્થાન જ ન હોવું જોઇએ કે મુસલમાનોના હાકિમે શરઇને હક છે. તેનો અધિકાર છે કે તે પોતાની જમીનમાંથી કેટલોક ભાગ કોઇ એક અથવા અનેક આદમીઓના ઇખ્તયારમાં આપી દે. જેથી તેઓ તેને ખેડીને કે તેમાં ફળાઉ ઝાડો વાવીને કે અન્ય રીતે મકાન બનાવીને નફો હાસિલ કરે, ફાયદો ઊઠાવે. પેગંબરે કેટલાક લોકોને આ રીતે જમીનો આપેલી છે. તેના દૃષ્ટાંત હદીસ અને ઇતિહાસની કિતાબોમાં નોંધાયેલાં છે. હઝરત અલી અલયહિસ્સલામ, હઝરત અબુબકર, હઝરત ઉમર, હઝરત ઉસ્માન પણ આ પ્રકારની બક્ષિસથી નવાઝવામાં આવ્યા છે. જેથી એક નબી અને હાકેમ અલ્લાહના પ્રતિનિધિ હોવાની હૈસિયતથી હઝરત ફાતેમા સલામુલ્લાહ

અલયહાને બાગે ફિદકની જમીન આપવામાં કોઇ રૂકાવટને સ્થાન નથી પરંતુ આ બક્ષિસ થઇ છે તેના માટે દલીલની જરૂરત છે. (શરહ નહજુલ બલાગાહ ઇબ્ને અબિલ હદીદ ભાગ-૧૬ પેજ૨૧૭-૨૧૮-૨૧૯-૨૩૧, મનાકિબ ઇબ્ને શહર આશૂબ ભાગ-પેજ-૨૬૮, કશકુલ ગુમ્મા ભાગ-૨ પેજ-૧૨૨)

# પ્રકરણ-૨ : બક્ષિસની દલીલો

બાગે ફિદક રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાને હવાલે કર્યો હતો. આ બાબતની અનેક રિવાયતો છે, આપણે થોડીક રિવાયતોનો અભ્યાસ કરીએ.

અબુ સઇદ ખુદરી રિવાયત કરે છે કે આ આયત "વ આતે ઝવીલ કુરબા હક્કહૂ" નાઝિલ થઇ ત્યારે રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાને ફરમાવ્યું: આજથી ફિદક તમારો માલ છે.

અતીયાએ રિવાયત કરી છે કે જ્યારે આ આયત "વ આતે ઝવિલ કુરબા હક્કહૂ" નાઝિલ થઇ ત્યારે પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે જનાબે ફાતેમા સલામુલ્લાહ

અલયહાને પોતાની પાસે બોલાવ્યાં અને ફિદક એમના હવાલે કર્યો.

અલી બિન હુસૈન બિન અલી બિન અબીતાલિબ ફરમાવે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફિદક જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહાને હવાલે કર્યો હતો.

હઝરત ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે કે જ્યારે આપ "વ આતે ઝવિલ કુરબા હક્કહૂ" નાઝિલ થઇ તો પેગંબરે ઇસ્લામે જિબ્રઇલને ફરમાવ્યું: મિસ્કીનને તો હું જાણું છું. પરંતુ આ ઝવિલ કુરબા કોણ લોકો છે? જિબ્રઇલે અરઝ કરી "તે આપના અકરબા છે, આપના નજીકના સગા છે." પછી આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે હસન, હુસૈન અને ફાતેમા સલામુલ્લાહ અલયહાને બોલાવ્યાં પછી ફરમાવ્યું: અલ્લાહતઆલાએ મને હુકમ આપ્યો છે કે હું તમારો

હક તમને આપી દઉં. જેથી હું ફિદક તમારા હવાલે કરૂં છું.

અબાન બિન તગલબ કહે છે કે હું ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામની સેવામાં હાજર થયો. મેં પૂછ્યું: શું રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફિદક જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને આપી દીધો હતો? આપે ફરમાવ્યું: ફિદક તો ફાતેમાના માટે ખુદાની તરફથી જ નક્કી થયો હતો. આ ખુદાનો હુકમ હતો.

(કુતૂહલ બુલદાન પેજ-૩૧-૩૪-૨૭-૩૭, કશકુલ ગુમ્મા ભાગ-૨ પેજ-૧૦૨,

તફસીરે અયાશી ભાગ-૨ પેજ-૨૮૭)

આ પ્રકારની સેંકડોની સંખ્યામાં હદીસો છે. નમૂનારૂપે અમે બે ચાર હદીસો વર્ણવી છે.

ઉપરોક્ત બધું જાણતા હોવા છતાંય હઝરત અબુબકરે સત્તા ઉપર આવતાં તરત જ હઝરત

ઉમરની સલાહથી ફિદક ઉપર કબજો કરી જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાના નોકર-ચાકરો અને હિસાબ રાખનાર માણસોને તગેડી મુક્યા. માસૂમાએ માંગણી કરી તો ગવાહ માંગ્યા. ગવાહ આપવા છતાંય ફિદક ન આપ્યો અને એક જુઠી હદીસ ઘડી કાઢી. હઝરત અબુબકરની આ હદીસ રાવી માત્ર એકલા હઝરત અબુબકર જ છે. કહ્યું: કે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમથી સાંભળ્યું છે કે અમે અંબિયાની જમાત સોના, ચાંદી, જમીન જાગીર અને ઘરબાર મીરાસમાં છોડતા નથી. જે છોડી જઇએ છીએ તે સદકો છે. વળી અમારી વિરાસત ઇમાન, હિકમત અને ઇલ્મ છે.

કુરઆન મજીદની અનેક આયતો આ હદીસને રદ કરે છે. હઝરત અબુબકરની આ

મનઘડત હદીસને જો સાચી માની લેવામાં આવે તો કુરઆન જુઠું પડે છે.

## (ક) કુરઆનમાં વિરાસતનો કાનૂન

કુરઆને કરીમમાં સ્પષ્ટ રીતે સર્વ સામાન્ય ધોરણે તમામ ઇન્સાનો માટે વિરાસતનો કાયદો વર્ણવાયો છે. અલ્લાહ તઆલા સૂરએ નિસામાં ફરમાવે છે:

يُوْصِيْكُمُ اللّٰهُ فِيْٓ اَوْلَادِكُمْ ★ لِلذَّكَرِ مِثْلُ حَظِّ
الْاُنْثَيَيْنِ ۚ فَاِنْ كُنَّ نِسَآءً فَوْقَ اثْنَتَيْنِ فَلَهُنَّ ثُلُثَا مَا
تَرَكَ ۚ وَاِنْ كَانَتْ وَاحِدَةً فَلَهَا النِّصْفُ ۗ وَلِاَبَوَيْهِ لِكُلِّ
وَاحِدٍ مِّنْهُمَا السُّدُسُ مِمَّا تَرَكَ اِنْ كَانَ لَهٗ وَلَدٌ ۚ فَاِنْ لَّمْ

يَكُنۡ لَّهٗ وَلَدٌ وَّ وَرِثَهٗۤ اَبَوٰهُ فَلِاُمِّهِ الثُّلُثُ ۚ فَاِنۡ كَانَ لَهٗۤ اِخۡوَةٌ فَلِاُمِّهِ السُّدُسُ مِنۡۢ بَعۡدِ وَصِيَّةٍ يُّوۡصِىۡ بِهَاۤ اَوۡ دَيۡنٍ ؕ اٰبَآؤُكُمۡ وَاَبۡنَآؤُكُمۡ لَا تَدۡرُوۡنَ اَيُّهُمۡ اَقۡرَبُ لَـكُمۡ نَفۡعًا ؕ فَرِيۡضَةً مِّنَ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيۡمًا حَكِيۡمًا ﴿۱۱﴾

(સૂ.નિસા, આ.૧૧)

અલ્લાહ તમને તમારી અવલાદના માટે શિફારિસ કરે છે. છોકરાનો ભાગ છોકરી કરતાં બે ગણો છે.

આ આયતમાં નબી પણ સામેલ છે, રસૂલે ખુદા પણ સામેલ છે. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની અવલાદ પણ સામેલ છે. પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ પણ મીરાસ છોડનાર પાસેથી મીરાસ મેળવશે અને

એમનો છોડેલો માલ મિલકત, જમીન વગેરે બધું જ એમની અવલાદને મળશે. આ એક કુલ્લી હુકમ છે, સર્વમાન્ય કાનૂન છે. આ નસ્સે કુરઆન એવી સ્પષ્ટ વાત કે તેના મુકાબલામાં બીજી કોઇ વાત બની શકતી જ નથી. વળી આ અલ્લાહની ઉપરોક્ત આયતનો બીજો કોઇ અર્થ પણ લઇ શકાતો નથી. બસ એક જ અર્થ લઇ શકાશે કે બધા જ ઇન્સાનોને વારસો મળશે. પુરૂષના બે ભાગ સ્ત્રીનો એક ભાગ.

હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ હઝરત અબુબકરની સમક્ષ અનેક દલીલો કરી જેમાંની અમૂક આપણે આગળ પઢી ચૂક્યા છીએ. અહીં એકાદ બે દલીલો જોઇએ.

ઉમ્મે હાની કહે છે કે હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાએ હઝરત અબુબકરને કહ્યું: જ્યારે તમે મૃત્યુ પામશો તો તમારો વારસદાર કોણ હશે? અબુબકરે જવાબ દીધો: મારી અવલાદ.

માસૂમાએ ફરમાવ્યું: પછી તમોને શું થઇ ગયું છે કે તમે રસૂલુલ્લાહના વારિસ બની ગયા છો. મારો વારસો લઇને બેસી ગયા છો?

અબુબકર હંમેશા એક જ જવાબ આપતા. જેનું વર્ણન એક જુઠી મનઘડત હદીસમાં અમે કરી ચૂક્યા છીએ.

## (ખ) કુરઆનની મુખાલેફત (વિરોધ)

હઝરત અબુબકરની મનઘડત હદીસ જે કુરઆનનો સ્પષ્ટ વિરોધ કરે છે. પેગંબર પણ ઇન્સાન છે અને બીજાઓની જેમ મીરાસ છોડે છે. તેમને પણ અવલાદ હોય છે. અઇમ્મએ તાહેરીન ફરમાવે છે કે:

જે હદીસ કુરઆનની મુખાલેફત કરતી હોય તે વિશ્વાસપાત્ર નથી. તેને દિવાલ પર ફેંકી મારવી

જોઇએ. વિરાસતની કુરઆનની બીજી આયત અત્રે અમે રજૂ કરીએ છીએ.

ذِكْرُ رَحْمَتِ رَبِّكَ عَبْدَهٗ زَكَرِيَّا ۚ ﴿۲﴾

اِذْ نَادٰى رَبَّهٗ نِدَآءً خَفِيًّا ﴿۳﴾

قَالَ رَبِّ اِنِّيْ وَهَنَ الْعَظْمُ مِنِّيْ وَاشْتَعَلَ الرَّاْسُ شَيْبًا وَّلَمْ

اَكُنْۢ بِدُعَآئِكَ رَبِّ شَقِيًّا ﴿۴﴾

وَاِنِّيْ خِفْتُ الْمَوَالِيَ مِنْ وَّرَآءِيْ وَكَانَتِ امْرَاَتِيْ عَاقِرًا فَهَبْ

لِيْ مِنْ لَّدُنْكَ وَلِيًّا ۙ ﴿۵﴾

يَّرِثُنِيْ وَيَرِثُ مِنْ اٰلِ يَعْقُوْبَ ۖ★ وَاجْعَلْهُ رَبِّ رَضِيًّا ﴿۶﴾

(સૂ. મરિયમ, આ. ૨ થી ૬)

આ ઝકરિયાની સાથે તમારા પરવરદિગારની મહેરબાનીનું વર્ણન છે. જ્યારે

તેમણે પોતાના પરવરદિગારને ધીમી અવાજથી પોકાર્યો, કહ્યું કેઃ અય મારા પરવરદિગાર! મારી હડ્ડીઓ કમજોર થઇ ગઇ છે અને મારૂં માથું ઘડપણની આગથી ભડકી ઊઠયું છે અને હું તને દુઆ કર્યા બાદ કદી નિરાશ થયો નથી અને મને મારા પછી મારા ખાનદાનવાળાઓથી ખતરો(ભય) છે અને મારી બીબી વાંઝ છે તો હવે મને એક એવો વલી અને વારિસ આપ જે મારો અને આલે યાકૂબનો વારિસ બને અને પરવરદિગાર, તેને તારો પસંદીદા પણ બનાવ.

તફસીરમાં લખ્યું છે કે હઝરત ઝકરિયાના કાકાના છોકરા હતા જેઓ ઘણાં જ ખરાબ લોકો હતા, ઉપદ્રવી અને ગુનાહમાં ફસાએલા હતા. જો હઝરત ઝકરિયાને ફરઝંદ પેદા ન થાત તો આપની બધી જ મિલકત તેઓને વારસામાં મળત. આપને ભય હતો કે મારો વારસો આ ચચાઝાદ ભાઇઓને

મળશે તો તેઓ મારા માલને બુરાઇઓ અને ગુનાહોમાં ખર્ચ કરશે. તેથી તેઓએ અલ્લાહતઆલાની પાસે દુઆ માંગી કે ખુદાયા! મને મારા વારિસોથી, જે મારા કાકાના છોકરા છે, ભય છે, વળી મારી બીબી વાંઝ છે. ખુદાવંદા! મને એક ફરઝંદ આપ જે મારો વારસદાર બને અને તારી પસંદગી પામેલો હોય.(નેક હોય) આપની દુઆ કબૂલ થઇ અને અલ્લાહે હઝરત ઝકરિયા અલયહિસ્સલામને હઝરત યહ્યા અલયહિસ્સલામ જેવા નબી પુત્ર તરીકે વારસામાં આપ્યા.

ઉપરોક્ત આયતથી સારી રીતે સ્પષ્ટ થઇ જાય છે કે પેગંબરો પણ બીજા લોકોની જેમ મીરાસ છોડે છે. નહીં તો ઝકરિયાની દુઆ અને ઇચ્છા અર્થ વગરની બની જાય છે.

**એક બીજી આયતનો અભ્યાસ કરીએ,**

**અલ્લાહતઆલા સૂ. નમ્લમાં ફરમાવે છે:**

وَ لَقَدۡ اٰتَیۡنَا دَاوٗدَ وَ سُلَیۡمٰنَ عِلۡمًا ۚ وَ قَالَا الۡحَمۡدُ لِلّٰہِ

الَّذِیۡ فَضَّلَنَا عَلٰی کَثِیۡرٍ مِّنۡ عِبَادِہِ الۡمُؤۡمِنِیۡنَ ﴿۱۵﴾

وَ وَرِثَ سُلَیۡمٰنُ دَاوٗدَ وَ قَالَ یٰۤاَیُّہَا النَّاسُ عُلِّمۡنَا مَنۡطِقَ

الطَّیۡرِ وَ اُوۡتِیۡنَا مِنۡ کُلِّ شَیۡءٍ ؕ اِنَّ ہٰذَا لَہُوَ الۡفَضۡلُ

الۡمُبِیۡنُ ﴿۱۶﴾

(આ- ૧૫-૧૬)

અને અમે દાઉદ અને સુલયમાનને ઇલ્મ અતા કર્યું તો બંનેએ કહ્યું: ખુદાનો શુક્ર છે કે તેણે અમને ઘણાં બધા બંદાઓ ઉપર ફઝીલત અતા કરી છે અને પછી સુલયમાન દાઉદના વારિસ બન્યા અને તેમણે કહ્યું: લોકો, મને પરિન્દાઓની વાતોનું ઇલ્મ આપવામાં આવ્યું છે અને દરેક ફઝીલતનો

એક ભાગ આપવામાં આવ્યો છે અને આ ખુદાનો ખુલ્લો ફઝલ અને કરમ છે.

આ આયતમાં પણ ખુદાવંદે આલમ હઝરત સુલયમાનના વિષયમાં ફરમાવે છે:

وَوَرِثَ سُلَيْمٰنُ دَاوٗدَ

સુલયમાન દાઉદના વારિસ બન્યા, અલ્લાહનો કલિમા "વરષ" આ વાતને જાહેર કરે છે કે સુલયમાને હઝરત દાઉદ અલયહિસ્સલામથી માલની વિરાસત પ્રાપ્ત કરી. જ્યાં સુધી આ આયતોના ખિલાફ કુરઆનની જ કોઇ સ્પષ્ટ દલીલ મોજૂદ ન હોય ત્યાં સુધી આનાથી મતલબ માલની વિરાસત જ ગણાશે.

હઝરત ઝેહરા સલામુલ્લાહ અલયહા જેઓ નુઝૂલે કુરઆનના ઘરમાં તરબિયત પામ્યા હતાં- શિક્ષણ પામ્યાં હતાં. હઝરત અબુબકરની બનાવટી-

જુઠ્ઠી હદીસના મુકાબલામાં આ આયતો રજૂ કરી. જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ હઝરત અબુબકરને ફરમાવ્યું હતું: તમારી બેટીઓ તો તમારાથી વારસો પામે પરંતુ રસૂલુલ્લાહની બેટી પોતાના બાપથી વિરાસત ન લે. હઝરત અબુબકરે કહ્યું: હાં એવું જ છે.

# પ્રકરણ-૩ : અમીરૂલ મોઅમેનીન અલી અલયહિસ્સલામ રસૂલે ખુદાના એક માત્ર વારસદાર

હઝરત અલી અલયહિસ્સલામની ઇમામતની શરૂઆત નબુવ્વતના ખતમ થયા પછી તરત જ થઇ છે. ઇમામતની શરૂઆત એ ઇન્સાનો ઉપર અલ્લાહની મહેરબાની છે. અમારા અકીદાની એક પાયાની વાત આ છે કે અલ્લાહનો નિયુક્ત કરેલો અલ્લાહનો પ્રતિનિધિ-નુમાઇન્દહ આ ધરતી ઉપર હંમેશા હોય છે. અલ્લાહનો આ સિદ્ધાંત હઝરત આદમ અલયહિસ્સલામથી ચાલી આવે છે. દરેક નબીના વસીઓ હતા. જેઓની નિયુક્તિ અલ્લાહ તરફથી નબીની ઝબાનથી થઇ હતી. કુદરતનો આ અટલ કાનૂન છે. અલ્લાહની હુજ્જત છે. કદી પણ

આ ધરતી અલ્લાહના નુમાઇન્દહથી ખાલી રહી નથી. આજે પણ નથી.

અમારા ઇમામ, ઇમામ મેહદી અલયહિસ્સલામ જીવતા છે, હયાત છે, ગયબતમાં છે. આ સિદ્ધાંતની રૂએ નબીનો વારસદાર રૂહાની રીતે પણ અને ભૌતિક રીતે પણ તે જ હોય જેને અલ્લાહે નિયુક્ત કર્યો હોય. ઇમામ અલી અલયહિસ્સલામ અમારા પ્રથમ ઇમામ છે અને અમારા બારમાં ઇમામ, ઇમામ મેહદી અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ શરીફ છે. નકલી (નકલ થયેલી) દલીલોથી આ વાત સાબિત છે. આ સિવાય અમારી પાસે અકલી દલીલો પણ અનેક છે. વ્યવહારિક દલીલો, સામાજિક ઇન્સાફને અનુસરતી દલીલો પણ એટલી બધી છે કે કોઇ ઝાલિમ અને જાહિલ જ એનો ઇન્કાર કરી શકે. ફાસિક જ એનો ઇન્કાર કરી

શકે. નેક સાલેહ મુસલમાન આ દલીલોનો કદી ઇન્કાર ન કરી શકે.

## (ક) પેગંબરે ઇસ્લામે પોતાના કર્ઝો અદા કરવાની વસીયત હઝરત અલી અલયહિસ્સલામને ફરમાવી

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું "અલી મારા વાયદાઓને પૂર્ણ કરશે અને મારાં કર્ઝ અદા ફરમાવશે. જ્યારે પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો ઇન્તિકાલ થયો ત્યારે હઝરત અલી અલયહિસ્સલામે એક વ્યક્તિ પાસે એલાન કરાવ્યું કે જો કોઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે વાયદો કર્યો હોય અથવા જો કોઇનું કર્ઝ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ઉપર હોય તો તે મારી

પાસે આવે. આ રીતે દર વર્ષે હજમાં કુરબાનીના દિવસે ઉકબા નામના સ્થળે આ એલાન થતું રહ્યું. ઇમામ અલી અલયહિસ્સલામ તરફથી પણ આ જ રીતે દર વર્ષે હજમાં આ એલાન થતું રહ્યું. શહાદતે ઇમામ હુસૈન અલયહિસ્સલામ પછી આ ક્રમ બંધ થઇ ગયો.” (જુઓ કિતાબ એહલે સુન્નત-તબકાત ઇબ્ને સઅદ ભાગ-૨ પેજ-૩૧૯ જુઓ અમારી કિતાબ હઝરત અલી અલયહિસ્સલામનું જીવન ચરિત્ર ભાગ-૩ પ્રકરણ ૪૫ પેજ-૪૩૬ થી ૪૩૮)

ઇબ્ને સઅદ આગળ લખે છે કે ઇબ્ને અવાન કહે છે કે જેણે જે માંગ્યું તે કોઇપણ જાતની દલીલ વગર હઝરત અલી, હઝરત હસન અને હઝરત હુસૈન અલયહેમુસ્સલામે આપી દીધું. આ સિવાય પણ એહલે સુન્નતની બીજી ઘણી બધી પ્રખ્યાત કિતાબોમાં-હદીસોમાં છે જેમાં આ વાત ખૂબ જ સ્પષ્ટ રીતે નકલ થતી આવી છે કે હઝરત

અલી અલયહિસ્સલામે પયગંબરે ઇસ્લામની બધી જ વસીય્યતો ઉપર અમલ કર્યો. વળી આ વાતો પણ લખાયેલી જોવા મળશે કે પેગંબરે ઇસ્લામે પોતાની વફાત વખતે હઝરત અલી અલયહિસ્સલામને વસીય્યતો ફરમાવી. હવે વિચારો કે વ્યક્તિ મૃત્યુ સમયે પોતાના અંગત, નજીકના વ્યક્તિને જ વસીય્યત કરે, પોતાના દીકરાઓને કરે કે પોતાના ભાઇઓને કરે, પોતાના ખૂબ જ અંગત સગા-સંબંધીને કરે. ત્રાહિત વ્યક્તિને તો કરેજ નહિ.

દરેક રાજા મહારાજાઓમાં વારસાદારો ચાલ્યા આવે છે. રાજા દશરથના વારસદાર રાજા રામ હતા. ત્યારબાદ રામના પુત્રો, એ જ રીતે મોગલોમાં બાબર પછી તેનો બેટો હુમાયુ પછી અકબર પછી જહાંગીર પછી શાહજહાં અને ઔરંગઝેબ આમ વારસાગત બાદશાહતો ચાલી આવે છે. હઝરત દાઉદ અલયહિસ્સલામ બાદશાહ હતા. આપની

વફાત પછી તેમના પુત્ર હઝરત સુલયમાન અલયહિસ્સલામ બાદશાહ બન્યા. કુરઆન ફરમાવે છે કે :

وَوَرِثَ سُلَيْمٰنُ دَاوٗدَ

(સૂ. નમ્લ આ-૧૬)

અને અમે સુલયમાનને દાઉદના વારસદાર બનાવ્યા. આ આયતે કુરઆનની મુકાબલામાં અબુબકરે એક બનાવટી હદીસ ઘડી કાઢી કે અંબિયા કોઇના વારસ બનતા નથી. હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાનો બાગે ફિદક અબુબકરે તેમના કબજામાંથી છીનવી લીધો. માસૂમા રડ્યાં, તેમણે પેગંબરે લખી આપેલું દસ્તાવેજી લખાણ રજૂ કર્યું તો ઉમરે તે લખાણ ફાડી નાખ્યું.

હઝરત ઇમામ અલી અલયહિસ્સલામે એક જવાબદાર વ્યક્તિ તરીકે આપ સલ્લલ્લાહો અલયહે

વઆલેહી વસલ્લમની બધી જ વસીય્યતો ઉપર અમલ કર્યો. કફન-દફન પહેલાં જાતે ગુસલ આપ્યું. જાતે જ કફન પહેરાવ્યું, પોતે કબરમાં ઊતર્યા. આસપાસની પ્રતિકુળ પરિસ્થિતિથી આંખ આડા કાન કરીને (જાણ્યું-અજાણ્યું કરીને) આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની વસીય્યત ઉપર અમલ કરવામાં જ વ્યસ્ત રહ્યા.

આપ આ વાતથી અજાણ ન હતા કે હઝરત અબુબકર, હઝરત ઉમર અને હઝરત ઉસ્માન તથા મોહાજિર અને અનસાર બધા જ ખિલાફતની ગાદી માટે સકીફા બની સઅદહ નામના એક બદનામ સ્થળે પહોંચી ગયા છે. જ્યાં અરબો જમાનએ જાહિલીયતમાં ગુપ્ત યોજનાઓ ઘડવા માટે પહોંચી જતા હતા. ત્યાં ચૂંટણીનું નાટક ઊભું કરીને ત્રણ દિવસ સુધી આ લોકોને ત્યાં રોકાવું પડ્યું. કારણ કે નજીક અને દૂરની બધી જ વસ્તીઓમાંથી ત્યાંના આગેવાનોને અને

સરપંચોને સકીફામાં બોલાવી લેવામાં આવ્યા. જેથી પાછળથી કોઇ ગરબડ ઊભી ન થાય.

ત્રણ દિવસ પછી જ્યારે આ લોકો ખિલાફતથી ચૂંટણી (ઢાંઢલી) કરીને મદીના મસ્જિદે નબવીમાં આવ્યા ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના પવિત્ર જિસ્મ મુબારકને ખાકને સુપુર્દ કરી દેવામાં આવ્યું હતું. આ લોકો અકળાયા, ગુસ્સે થયા, કયામત સુધી બદનામ પણ થઇ ગયા પેગંબરે ઇસ્લામની નમાઝે જનાઝામાં આંગળીના વેઢે ગણાય એટલી બની હાશિમની ખાસ વ્યક્તિઓ હતી. સાથે આ લોકોના ચાહક બે ચાર સહાબા હતા. જેઓ સકીફામાં ગયા ન હતા.

હઝરત અબુબકર, હઝરત ઉમર, હઝરત ઉસ્માન અને એમની ચાહક ટોળી જેઓ સકીફામાં ઢાંઢલી કરવા એકત્ર થયા હતા. તેઓમાંથી એકેય મુહાજેરીન અને અનસાર બધા જ પેગંબરે ઇસ્લામની

નમાઝે જનાઝામાં હાજર ન હતા. પ્રથમ વાત તો આ છે કે આ લોકોએ ખિલાફતની ચૂંટણી માટે મસ્જિદે નબવી જેવી વિશાળ નહિ અતિ વિશાળ જગ્યા છોડીને સકીફા બની સઅદહ જેવા બદનામ સ્થળે જવાની જરૂરત જ શી હતી? દુનિયાભરના ફેંસલા, ઇન્સાફ, તમામ મશ્વિરા, વિદેશોથી આવતાં પ્રતિનિધિ મંડળો સાથે વાતચીત, તમામ પ્રકારના મઝહબી પ્રોગ્રામો મસ્જિદે નબવીમાં થતા હતા તો પછી છ સાત કિ.મી. જેટલે દૂર આવા બદનામ અને ગુપ્ત સ્થળે આ લોકો શા માટે ગયા? આ લોકો એવી રીતે ગૂપચુપ સરકી ગયા કે કોઇને ખ્યાલ ન આવે કે ક્યાં ગયા છે.

(જુઓ હયાતુસ્સહાબા જિ-૨ ભાગ-૪ પેજ-૧ થી ૧૫ હઝરત મૌલાના યુસુફ કાંધલવી તબ્લીગી જમાઅત)

## (ખ) રસૂલના મિશનને હુકુમત પ્રાપ્ત કરવાની તરકીબ સમજવું

આ લોકો રસૂલની રિસાલતને હુકુમત મેળવવાનો એક પ્લાન માત્ર માનતા હતા. હુકુમતની ભૂખ હવસ આ લોકોમાં એટલી બધી હતી કે હઝરત અબુબકરે અને હઝરત ઉમરે પ્રથમ પોતાની દીકરીઓને રસૂલના નિકાહમાં આ હેતુથી જ આપી કે "નાના" બનીએ તો પણ હુકુમતની નજીક તો થઇ જવાય. કોઇ પ્રધાનપદું તો મળી જાય, દીકરાઓને તો લીલા લહેર થઇ જાય. રસુલના હુકમ વગર માતાજી આયશાને હઝરત અબુબકરે એકદમ લાગણીશીલ બનીને ઘણાં જ જલ્દી વળાવી દીધાં, કહ્યું: કે યા રસૂલલ્લાહ! તમારા દીલનો ગમ દૂર કરશે. માતાજી આયશા પોતે જ કહે છે કે મારી માં મને અમૂક પ્રકારનો ખોરાક

ખવડાવતાં હતાં કે જેથી હું જલ્દી મજબૂત-હેલ્થી બની જાઉં.

માતાજી આયશા અને માતાજી હફસાની સાથે પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના નિકાહ થઇ ગયા. છતાં કૂખ ખાલી રહી. “નાના” બનવાની કોઇ નિશાની ન જણાવાથી હુકુમત હાથથી નીકળી જતી જણાઇ, કારણ કે રસૂલ તો વારંવાર અલી અલયહિસ્સલામના નામની જ જાહેરાત કરતા રહેતા હતા. રસૂલના પછી હુકુમત મેળવવાની કોઇ મજબૂત દલીલ તો જોઇએ. જેથી આ લોકોએ વારાફરથી જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાની સાથે શાદીનો પ્રસ્તાવ પેગંબર સલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સમક્ષ મૂક્યો. પેગંબરે ઇસ્લામે મોં ફેરવી લઇ, ખામોશ રહી પોતાની નારાજગી જાહેર કરી. આ રીતે હુકુમત મેળવવા માટેનો બીજો પ્લાન જમાઇ બનવાનો પણ

ફેલ થઇ ગયો. છેવટે આ સકીફા બની સઅદહવાળો પ્લાન અમલમાં આવ્યો. કારણ કે આ લોકો જાણતા હતા કે અલી અને બની હાશિમ રસૂલને ગુસલ-કફન-દફન વગર તો ત્યાં આવવાના જ નથી. તે દરમિયાન આપણે અરબોને પટાવી, સમજાવી, દમદાટી આપી આપણું કામ પતાવી દઇશું. તે પાર પડી ગયું.

અનસ કહે છે કે હું મસ્જિદે નબવીમાં પેગંબરની મજલિસમાં બેઠો હતો. પેગંબરની આસપાસ બિલકુલ જગ્યા ન હતી. એટલામાં અલી આવ્યા. આમતેમ જોઇ જગ્યા શોધવા લાગ્યા. અબુબકર નબી સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની બાજુમાં બેઠા હતા. તેઓ થોડાક ખસ્યા અને આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે અલીને ત્યાં બોલાવી લીધા. પેગંબરનો ચહેરો મુબારક ખૂબ જ ખુશ થઇ ગયો. આપ સલ્લલ્લાહો

અલયહે વઆલેહી વસલ્લમે અબુબકરને ઉદ્દેશીને ફરમાવ્યું:

અય અબુબકર! એહલે ફઝીલતથી જ ફઝીલત ઝાહિર થાય છે. જુઓ હયાતુસ્સહાબા જિ-૨ ભાગ-૬ પેજ-૫૨૪-૫૨૫, આ જ પેજ ઉપર આ જ જગ્યાએ ગદીરે ખુમમાં આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે હઝરત અલી અલયહિસ્સલામને પોતાના ખલીફા નિયુક્ત કર્યા તે રિવાયત પણ છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની વફાત થઇ તો આપને ગુસલ-કફન પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના હુકમાનુસાર અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહિસ્સલામ, ઇમામ હસન અને ઇમામ હુસૈન અલયહેમુસ્સલામ મતલબ આપના

ઘરવાળાં-એહલેબયતે જ આપ્યું. (જુઓ હયાતુસ્સહાબા જિ-૨ ભાગ-૫ પેજ-૫૮૧-૫૮૨)

## (ગ) હઝરત અબુબકરના દીલમાં કાફિરોની મહબ્બત

અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબી તાલિબ અલયહિસ્સલામના ચાહક સહાબા હઝરત સલમાન, હઝરત સોહયેબ અને હઝરત બિલાલ રિઝવાનુલ્લાહ તઆલા અલયહે અજમઇન એક જમાત સાથે બેઠા હતા. ત્યાંથી અબુસુફિયાન પસાર થયો. જે મલઉન મઆવિયાનો બાપ થાય છે અને યઝીદ કાફિર લાનતુલ્લાહનો દાદો થાય છે. આ ત્રણે બાપ દીકરા પોતાની આખી જિંદગી-મૃત્યુ સુધી મુનાફિક રહ્યા. તે અબુસુફિયાન બિલાલ, શોહયેબ

અને સલમાન રિઝવાનુલ્લાહ તઆલા અલયહે અજમઇનની મજલિસ પાસેથી પસાર થયો.

આ ત્રણેય બુઝુર્ગોએ કહ્યું: અલ્લાહની તલવારોએ અલ્લાહના દુશ્મનની ગરદનમાં હજી સુધી પોતાની પકડ જમાવી નથી.

આઇઝ બિન અમરૂ રાવી કહે છે, અબુબકરે આ લોકોને કહ્યું: શું તમે એવી વ્યક્તિના વિષયમાં આ પ્રમાણે બોલો છો જે કુરૈશનો શૈખ અને તેમનો સરદાર છે. હઝરત અબુબકરે પોતે પેગંબરે ઇસ્લામની સેવામાં, હાજર થઇને આ વાત કરી. પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: અય અબુબકર, તમે આ મુસલમાનોને નારાજ કરી દીધા. જો તમે તેમને ગુસ્સે કર્યા છે. ખુદા તમારાથી નારાજ થયો છે. આ સાંભળીને હઝરત અબુબકર તે લોકોની પાસે ગયા અને માફી માંગી, તેઓએ કહ્યું: અલ્લાહ તમને માફ કરે.

(જુઓ હયાતુસ્સહાબા જિ-૨ ભા-૬ પેજ-૧૭૭,૧૭૮ મવ- યુસુફ હઝરતજી તબ્લીગી જમાત)

## (ઘ) હઝરત ઉમર અને તવરેત

આવી તો કેટલીય ઘટનાઓ છે, જે આ લોકોના ઇમાનમાં શક પેદા કરે છે. હઝરત ઉમર, પેગંબરે ઇસ્લામની સમક્ષ એક વખત તવરેત લઇને વાંચવા બેઠા. ઘણી મશહૂર રિવાયત છે તબ્લીગી જમાતની. હવાલાની જરૂરત જ નથી. રસૂલે ખુદાએ તેમને તતડાવ્યા, ફરમાવ્યું: અય ઉમર! જો મૂસા પણ આજે હયાત હોત તો મારી તાબેદારી કરત. મારી શરીઅત ઉપર અમલ કરત અને તમે ફેરફાર થઇ ગયેલી-પરિવર્તન પામેલી મૂસાની કિતાબને મારી સમક્ષ વાંચી રહ્યા છો? ત્યારે હઝરત ઉમરે માફી માંગી. ઉમર જો રસૂલની સમક્ષ કુરઆન પઢવા બેઠા હોત તો પણ સારૂં હતું. કારણ કે સુન્ની

બિરાદરની જ સ્પષ્ટ રિવાયતો છે કે પ્રથમ ત્રણ ખલીફાઓને ખાસ કંઇ કુરઆન આવડતું ન હતું. કારણ કે આ લોકો આધેડવયે ઇસ્લામમાં દાખલ થયા હતા.

## (ડ) હઝરત ઉમર જનાબ હુઝેફા યમાનીને હંમેશા પૂછ્યા કરતા હતા... શુ?...

પેગંબરે ઇસ્લામ છેલ્લી હજથી પાછા ફરતા હતા. ગદીરે ખુમના ચૌરાહા ઉપર હઝરત અલી અલયહિસ્સલામની ખિલાફતની જાહેરાત પણ થઇ ગઇ. લોકોએ મુબારકબાદ પણ આપી. હઝરત અલી અલયહિસ્સલામની દુશ્મનીની ચળવળ એટલી બધી તેજ અને તીવ્ર થઇ ચુકી હતી કે જો આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ થોડાક જ દિવસ વધુ જીવતા રહ્યા હોત તો જે પરિસ્થિતિ

આપના સહાબાએ આપની બેટી અને જમાઇની સામે ઊભી કરી હતી તે જ પરિસ્થિતિ આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની હયાતીમાં જ ઊભી થઈ ગઇ હોત.

ઇતિહાસ સાક્ષી છે કે પેગંબરે ઇસ્લામ એલાને ગદીર પછી મદીના તરફ આગળ વધ્યા. રસ્તામાં એક સાંકડી પહાડી આવે છે, જે ઘાટીનું નામ ઉકબા છે. રાતનો સમય હતો. પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો ઊંટ આ પહાડી રસ્તા ઉપરથી પસાર થઇ રહ્યો હતો. ખિલાફત અને હુકૂમતના હવસીઓ ઇચ્છુકો-અલીના દુશ્મનો એમ ઇચ્છતા હતા કે આ જગ્યાએ મોકો છે. રસૂલને ખતમ કરી નાખીએ, અલીને દબાવી દઇશું, હુકુમત છીનવી લઇશું.

પેગંબરે ઇસ્લામની સાથે જ મુનાફિક સહાબાની એક ટોળી પણ હતી. પહાડી ઉપર બે

રસ્તા હતા. એક રસ્તો ઉપર હતો, તે મોટો અને વિશાળ હતો. બીજો રસ્તો સાંકડો હતો તે નીચે હતો. પેગંબરે ઇસ્લામ નીચેના સાંકડા રસ્તા ઉપરથી ગુજરી રહ્યા હતા. આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ઊંટની મિહાર જનાબ હુઝયફતુલ યમાની નામના સહાબી થામીને ચાલતા હતા. જનાબ અમ્માર યાસિર પાછળથી ઊંટને હાંકી રહ્યા હતા. મુનાફિકો જે પેગંબરે ઇસ્લામની સાથે જ હજથી પરત થઇ રહ્યા હતા. તેમનો ઇરાદો હતો કે ઉપરના રસ્તેથી પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના ઊંટ ઉપર પથ્થરો ગબડાવવામાં આવે. જેથી પેગંબરની સાથે ઊંટ ભડકીને ગબડી પડે, પેગંબર મૃત્યુ પામે, વાત જ પતી જાય. આ ષડયંત્ર પેગંબર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને શહીદ કરી નાખવા માટે ગોઠવાયું હતું. ચોતરફ ઘોર અંધકાર હતો.

સાંકડી ઘાટીનો અતિશય સાંકડો પહાડી રસ્તો હતો. એક એક જ ઊંટ સવાર વારાફરથી પસાર થઇ રહ્યો હતો. મુનાફિક સહાબાએ પોતાનો તખતો બરાબર ગોઠવી દીધો હતો.

જેવો રસૂલનો ઊંટ આ સાંકડી ઘાટીમાં દાખલ થયો અને આ મુનાફિક ટોળા પથ્થરો ગબડાવવાની શરૂઆત કરે તે જ સમયે અતિશય તેજ વીજળી ચમકી, પેગંબરે ઇસ્લામને ખળભળાટ સંભળાયો. સહાબાને પણ અવાજ સંભળાઇ, આ લોકોએ ઉપર જોયું, વીજળી બરાબર ચમકતી રહી, લગાતાર ચમકતી રહી, રસૂલે ઇસ્લામે ઉપર જોયું. મુનાફિકોના ચહેરા બરાબર જોઇ લીધા. આ તો દોસ્તોની શકલમાં દુશ્મનો હતા. રસૂલે ખુદાએ આ બધા જ ચહેરાઓને બરાબર ઓળખી લીધા. આ સાંકડી ઘાટી પસાર થઇ ગઇ. રસૂલને ખતમ કરી નાખવાનો આ મુનાફિકોનો પ્લાન ફેલ થઇ ગયો.

પેગંબરે ઇસ્લામે હુઝૈફા યમાનીને પાસે બોલાવી પૂછ્યું: અય હુઝૈફા! તમે મુનાફિકોને જોયા? કહ્યું, ના રસૂલુલ્લાહ! મારૂં ધ્યાન તો આપના ઊંટને સંભાળવામાં હતું, જે ઊંટ આ સાંકડા રસ્તે ગબડી ન પડે, ભડકી ન જાય.

ફરમાવ્યું: પાસે બોલાવીને હુઝૈફાના કાનમાં બધા જ મુનાફિકોના નામો રસૂલે બતાવી દીધાં. આ ફલાણા ફલાણા લોકો છે. સાથે આ પણ ફરમાવ્યું કે હુઝૈફા, જો જો, આ રાઝની વાત છે. નામો કોઇને બતાવશો નહીં. નહીં તો હંગામો ઉભો થઇ જશે. તોફાન અને બળવો ઊભો થઇ જશે. કોઇને પ્રશ્ન થાય કે જ્યારે નામો પરદામાં રાખવા હતા તો બતાવ્યા કેમ? એલાન કરાવ્યું કે રસૂલે બધા જ મુનાફિકોને ઓળખી લીધા છે. એટલા માટે આ ષડયંત્રીઓને ભાન થઇ જાય કે અમે ખુલ્લા તો પડી ગયા છે. જેથી ડરતા રહે.

કાફલો મદીના આવ્યો. બીજા જ દિવસે સવારના પહોરમાં જનાબ હુઝૈફાએ એલાન સાથે ફરમાવ્યું કે ષડયંત્ર નિષ્ફળ ગયું. વીજળી ચમકી ગઇ, રસૂલુલ્લાહે બધાને ઓળખી લીધા. રસૂલે મને બધા જ મુનાફિકોના નામો બતાવ્યાં છે. સાથે મને મના પણ ફરમાવ્યું છે કે હું કોઇને પણ તેમના નામો ન બતાવું.

સહાબાથી મદીના ભરેલું હતું. હુઝૈફા કહે છે કે કોઇ સહાબીએ મને કદી નથી પૂછ્યું કે હુઝૈફા, મુનાફિકોમાં કોનું કોનું નામ છે. પરંતુ કેટલાક સહાબા અવાર નવાર હુઝૈફા પાસે આવીને પૂછ્યા કરતા હતા કે મારૂં નામ મુનાફિકોમાં છે? તેમાં વળી હઝરત ઉમર તો ખાસ પૂછ્યા કરતા હતા કે મારૂં નામ રસૂલે તમને મુનાફિકોમાં બતાવ્યું છે? અહીં સુધી કે પોતાની હુકુમતના જમાનામાં પણ ઉમર જનાબ હુઝૈફાને પૂછતા રહેતા હતા. હુઝૈફા જવાબ

આપતા કે મને રસૂલુલ્લાહે નામો બતાવવાનું મના ફરમાવ્યું છે. પરંતુ હુઝૈફાએ એમ તો કદી નથી કહ્યું કે ઉમર તમે ગભરાઓ નહિ. તમારૂં નામ મુનાફિકોમાં નથી. “ચોરકી દાઢીમેં તિનકા” આ બધી જ વાતો બિરાદરાને એહલે સુન્નતની કિતાબોમાં નોંધાયેલી છે.

કેટલાય સહાબા એવા હતા, જેમને હંમેશા પોતાના અંદર નિફાકનો(દંભનો) ભય રહેતો હતો. તેઓ એકબીજાને મળતા તો કહેતા પણ ખરા કે હું તો મુનાફિક છું, એવું મને લાગે છે.

યાદ રાખો! મોમીનને ન કદી નિફાકનો ભય હોય છે, ન કદી મોતનો ડર હોય છે. મોમિન તો અલ્લાહની મુલાકાતનો ઉત્સુક હોય છે કે ક્યારે મોત આવે ને હું મારા અલ્લાહની મુલાકાત કરૂં. બદકાર જ મોતથી ડરતો હોય છે. તેને બુરા અમલો મૃત્યુ અગાઉ તેની પ્રત્યક્ષ દેખાતા હોય છે.

## (ચ) રસૂલના ખાનદાન સાથે આ કેવી મહબ્બત

તબ્લીગી નિસાબમાં સ્ત્રીઓના દીની જોશ અને ઉત્સાહમાં તમને અનેક સ્ત્રીઓના નામો જોવા મળશે. આયશા માતાજી અને તેમના બેન અસ્મા, તે સિવાય બીજી અનેક સ્ત્રીઓના નામ મળશે. પરંતુ અફસોસ કે ઇમામ હસન અને ઇમામ હુસૈન જેમને રસૂલે પોતાના બેટા કહ્યા. તેમની મા ફાતેમા સલામુલ્લાહ અલયહાનું નામ કે તેમની ફઝીલત જોવા નહીં મળે, કદાચ મળશે તો છેલ્લે અને સામાન્ય કક્ષાની.

મુસલમાનોની મસ્જિદોના નામો પણ હવે તો માતાજી આયશાના નામથી અપાય છે. “મસ્જિદે આયશા” ઘણી બધી જોવા મળશે. પરંતુ “મસ્જિદે ખદીજા” એવું નામ જોવા નહીં મળે. જે મા ખદીજા માતાજી આયશા કરતાં વધારે સમય રસૂલના

નિકાહમાં રહ્યાં. મા ખદીજાની હયાતીમાં પેગંબરે કોઇ પણ નિકાહ નથી કર્યા. વળી મા ખદીજાએ રસૂલને જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા જેવી, જન્નતની સ્ત્રીઓની સરદાર જેમનો લકબ છે એવી દીકરી આપી તે દીકરીનું કોઇ વર્ણન નવી છપાતી વહાબી કિતાબોમાં જોવા નહીં મળે. જ્યારે કે માતાજી આયશાની હાજરીમાં તો રસૂલેખુદાએ ઘણાંબધા નિકાહ કર્યા. મહબ્બત હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા સાથે વધારે હતી કે આયશા માતાજીની સાથે, અક્કલ શું કહે છે?

સઉદી અરબમાં પણ “મસ્જિદે આયશા”, “મસ્જિદે અબુબકર”, “મસ્જિદે ઉમર” જોવા મળશે. “અબુ સુફિયાનની શેરી” હજીય બોલાય છે. બધાંના નામોની યાદી તરીકે કંઇ ન કંઇ મકાન કે લાયબ્રેરી કે મદ્રસાઓ જોવા મળશે. પરંતુ હઝરત અલી અલયહિસ્સલામ, ઇમામ હસન અલયહિસ્સલામ,

ઇમામ હુસૈન અલયહિસ્સલામ, જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા કે ઉમ્મુલ મોઅમેનીન જનાબે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાના નામની કોઇ નિશાની જોવા નહીં મળે. અરે જો તમારૂં નામ અલી, હસન કે હુસૈન હશે તો તમારાથી નફરત કરશે. સરકારી માણસો પૂછપરછ કરશે.

આ છે મુસલમાનોના દિલોમાં રસૂલની અજમત અને મહબ્બત. આપણે કોઇને કહીએ કે ગુજરાતનો માલદાર વ્યક્તિ તેમ અરબની માલદાર ઓરત ગણાતાં ઉમ્મુલ મોઅમેનીન મા ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાએ પોતાની બધી જ દૌલત પેગંબરે ઇસ્લામના ચરણોમાં ધરી દીધી. રસૂલને વીંટળાઇ વીંટળાઇને રસૂલની આજુબાજુ ફરતા મોટા મોટા સહાબાએ તેમની જ રોટલીઓ ખૂબ ખાધી છે. તે જ મા-બેટીની નફરત આ સહાબાઓના દીલોમાં ફૂટી ફૂટીને ભરી છે.

મુસલમાનો પણ આ મોટા ગણાતા-કહેવાતા-માનવામાં આવતા સહાબાના નકશેકદમ ઉપર ચાલી રહ્યા છે.

ઇન્શાઅલ્લાહ! અમે નાઉમ્મીદ નથી કે એવો સમય પણ આવશે કે અમે પસાર થઇશું, કોઇ મસ્જિદ જોઇશું, પૂછીશું કે આ કઇ મસ્જિદ છે? તો જવાબ મળશે કે આ "મસ્જિદે અલી અલયહિસ્સલામ" છે. પૂછીશું કે આ કઇ મસ્જિદ છે? જવાબ મળશે આ "મસ્જિદે ઇમામ હસન અલયહિસ્સલામ" છે. આ "મસ્જિદે ઇમામ હુસૈન અલયહિસ્સલામ" છે. "મસ્જિદે ફાતેમા સલામુલ્લાહ અલયહા" છે. આ "મસ્જિદે ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા" છે.

ઇન્શાઅલ્લાહ! અમને યકીન છે ઇમામે ઝમાના ઇમામ મેહદી અલયહિસ્સલામના ઝુહૂર પહેલાં ઇસ્લામ પોતાના ઉદયકાળના કેન્દ્ર બિંદુએ

પહોંચી જશે. અત્યારે બાદશાહોનો ધર્મ-બાદશાહોએ કંડારેલો-ઘડેલો-બનાવેલો-બાદશાહોએ ફેરફાર કરેલો ઇસ્લામ બહુમતી પાસે છે. મઝહબે એહલેબયત એટલે કે જે ઇસ્લામ હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ પાસે હતો. મોહંમદ-અલી-ફાતેમા-હસન અને હુસૈન અલયહેમુસ્સલામ પાસે જે ઇસ્લામ હતો તે ઇસ્લામ ફક્ત લઘુમતી પાસે છે.

બાદશાહોએ તલવારથી ફેલાવેલા ઇસ્લામની બધી જ હુકૂમતો આજે યહૂદ અને નસારાની ગુલામ પણ છે. આ હુકૂમતો અમેરીકા, ફ્રાંસ, જર્મની, બ્રિટન વગેરે તમામ યહૂદ-નસારાની માનસિક ગુલામીમાં છે, રાજકીય ગુલામીમાં છે, સામાજિક રીતે પણ ગુલામીમાં છે.

# પ્રકરણ-૪ : દારૂલ ઉલૂમોમાં વારસાગત વારસો

## (૧) મીઠું મીઠું હડપ હડપ, કડવું કડવું થૂ થૂ

અમે આ કિતાબમાં આ વાત સ્પષ્ટ કરી ચૂક્યા છીએ કે હઝરત અલી અલયહિસ્સલામ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના નિયુક્ત કરેલા ખલીફા હતા. આ નિયુક્તિ અલ્લાહના હુકમથી થઇ હતી. પેગંબરે ઇસ્લામ દઅવતે ઝુલઅશીરાથી લઇને ગદીરે ખુમના જાહેર એલાન સુધી આ વાતને દોહરાવતા આવ્યા હતા. છેલ્લે ઇન્તેકાલની આગલી જુમેરાતે પણ કાગળ-કલમ માંગીને આજ વાતને દસ્તાવેજી રૂપમાં લખવા માંગતા હતા. જે બીજા ખલીફા ઉમર સાહેબે તથા બીજા અન્ય એમના હમખ્યાલ સહાબાએ આ લખાણ અમલમાં ન આવવા દીધું.

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ લખી પણ ન શક્યા. (જુઓ બુખારી)

આપ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને પુત્રો ન હતાં, ફક્ત એકલોતી સંતાન જન્નતની સ્ત્રીઓનાં સરદાર જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહા હતાં. અને એક જ જમાઇ જનાબે અલી અલયહિસ્સલામ હતાં. જે આપના સગા કાકાના દિકરા એટલે ભાઇ અને કુટુંબી પણ ગણાય. તે સિવાય રસૂલુલ્લાહના વારસાનું હકદાર કોઇ જ ન હતું.

સહાબાની રાજકીય ટોળી જે હુકૂમત હડપ કરવા માંગતી હતી, તેમણે પોતાના ષડયંત્રો-કાવતરાંઓ અનેક રીતે ચાલુ રાખ્યાં. જે દ્વારા આ લોકો હુકુમતના માલિક બની જાય. પેગંબરે ઇસ્લામે ઇન્તેકાલના પાંચ દિવસ પહેલાં ઓસામા બિન ઝયદની સરદારીમાં લશ્કર રવાના કર્યું. જેમાં

અબુબકર, ઉમર અને ઉસ્માન ત્રણેને એક સામાન્ય સિપાહીની હૈસિયતથી ઓસામાની સરદારીમાં લશ્કરની સાથે જવા હુકમ કર્યો.

પરંતુ આ રાજકીય ટોળીના આગેવાનોએ લશ્કરને મદીનાની બહાર પાંચેક કિલોમીટર ઉપર પડાવ નંખાવીને અટકાવી દીધું. રવાના ન થવા દીધું. આ રાજકીય ટોળીના આગેવાનો મદીના આવી ગયા. પેગંબરે ઇસ્લામે વારંવાર પૃછા કરી. ઓસામાનું લશ્કર રવાના થયું? જવાબ “ના” મળતાં પેગંબરે ખુલ્લા શબ્દોમાં આ લોકો ઉપર લઅનત કરી છે. આ રાજકીય ટોળી જાણતી હતી કે અલી અને બની હાશિમને પોતાની પાસે રાખી પેગંબર તેમના વિરોધીઓને મદીનાની બહાર ધકેલી દેવા માંગે છે. માટે આ રાજકીય ટોળીના માણસો પોતે તો ન જ ગયા, અને લશ્કરને પણ ન જવા દીધું. હુકમે રસૂલની ધરાર અવગણના કરી. પેગંબર એમ

ઇચ્છતા હતા કે આ માથાભારે લોકો બહાર ચાલ્યા જાય તો હઝરત અલી અલયહિસ્સલામ માટેનો રસ્તો સાફ થઇ જાય. ખૈર, આ તો સત્ય ઘટનાઓ છે જેનું પુનરાવર્તન કરવું અત્રે જરૂરી સમજતો નથી. મારા કહેવાનો એકમાત્ર હેતુ આ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના એકમાત્ર વારસદાર, રૂહાની અને રાજકીય બંને રીતે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઇબ્ને અબીતાલિબ અલયહિસ્સલામ જ હતા. આપ બની હાશિમથી હતા. બની હાશિમ કુરૈશની એક શાખ હતી.

જ્યારે કે અબુબકર અને ઉમર બની અદી અને બની તીમ બંને ખાનદાનો સાથે પાછલી છઠ્ઠી, સાતમી યા આઠમી પેઢીઓમાં કુરૈશથી સંબંધ હતો. તેઓએ દાવો કર્યો કે ખિલાફતના વારસદાર અમે છીએ. જો કે કુરઆન તો કહે છે કે,

وَوَرِثَ سُلَيْمٰنُ دَاوٗدَ

(સૂ. નમ્લ આ-૧૬)

**અને સુલયમાન દાઉદના વારસ થયા.**

કુરઆનના આ હુકમાનુસાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમના બધી રીતે સાચા અને એકમાત્ર વારસદાર અમીરૂલ મોઅમેનીન હઝરત ઇમામ અલી અલયહિસ્સલામ હતા. છતાંય આ રાજકારણીઓએ આ વાતને સુન્નતે અંબિયાની વિરૂદ્ધ છે એમ કહીને ઠુકરાવી દીધી. સ્વયં એમને ત્યાં હિદાયત અને વિરાસતના બધા જ હોદ્દાઓ સદીયોથી એમના ઘરોમાં જ ચાલ્યા આવે છે.

## (૨) દારૂલ ઉલૂમોમાં વારસાગત વારસો દારૂલ ઉલૂમ દેવબંદ

અરબી મદારિસમાં, દારૂલ ઉલૂમોમાં આ જ વારસદારી તરીકો ચાલુ છે. દારૂલ ઉલૂમ દેવબંદના મોહતમિમ અને સ્થાપક મૌલાના કાસિમ નાનોત્વી હતા. ત્યારબાદ તેમના પુત્ર અબુલ મૌલાના કાસિમ નાનોત્વી હતા. ત્યારબાદ તેમના પુત્ર અબુલ બરકાત મોહંમદ સાહેબ મોહતમિમ બન્યા. ત્યારબાદ તેમના પોત્ર મૌલાના કારી તૈયબ સાહેબ મોહતમિમ બન્યા. તેમણે પોતાના મૃત્યુથી બે ત્રણ વર્ષ અગાઉ ભારે ઝઘડા અને હંગામા દરમ્યાન દારૂલ ઉલૂમ છોડવું પડ્યું. કારણ કે દારૂલ ઉલૂમ દેવબંદ ઉપર અસદ મદની ગ્રુપે કબજો કરી લીધો.

વાત આમ બની કે મૌલાના હુસૈન અહમદ મદની કારી તૈયબ સાહેબના જમાનામાં જ ત્યાંના ઉસ્તાદ હતા. તેમનો સારો પ્રભાવ હતો. ત્યારબાદ તેમના પુત્ર મૌલાના અસદ મદની જમીઅતે ઉલમાએ હિંદના પ્રમુખ હોઇ વળી જમીઅત તે સમયે

કોંગ્રેસની મુસ્લિમ પાંખ જેવી હતી. હંમેશા કોંગ્રેસને વફાદાર રહી છે. બાબરી મસ્જિદ તૂટયા પછી મુસલમાનોની દબાવમાં એણે કોંગ્રેસથી સંબંધ ઓછો કર્યો છે. મૌલાના અસદ મદની અને કારી તૈયબ સાહેબ વચ્ચે ગજગ્રાહ ચાલતો હતો. બંને એકબીજાના દુશ્મનો હતા. દારૂલ ઉલૂમના વિદ્યાર્થીઓમાં પણ બે ભાગ પડી ગયા હતા. અનેક વખત મારામારી થઇ હતી. દારૂલ ઉલૂમમાં ગોળીઓ પણ ચાલી હતી. અનેક વખત દિવસો સુધી દારૂલ ઉલૂમ બંધ રહ્યો હતો. કારણ કે અસદ ગ્રુપ કારી તૈયબ ગ્રુપને હટાવવા માંગતું હતું. દારૂલ ઉલૂમનો ચાર્જ પોતાના કબજામાં લેવા માંગતું હતું. છેવટે તે સમયના હિંદુસ્તાનના વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીએ પણ જમીઅતે ઉલમાની મુસ્લિમ વોટબેંકને રાજી રાખવા દખલગિરી કરી તૈયબ ગ્રુપને હટાવ્યું.

આ તૈયબ ગ્રુપે દારૂલ ઉલૂમ છોડી દીધું. અલગ નવો મદ્રસો દેવબંદમાં જ ખોલ્યો. ઉસ્તાદોનું એક નાનુ ગ્રુપ જે તૈયબ ગ્રુપની સાથે હતા તેમને પણ દારૂલ ઉલૂમ છોડી દેવો પડ્યો. આ રીતે અનેક વખત મારામારી, ગોળીબાર વગેરે પછી આ લોકોને કબજો છોડવા મજબૂર કરવામાં આવ્યા. અત્યારે અસદ મદનીના પુત્ર દારૂલ ઉલૂમના સર્વેસર્વા છે. ફરી પાછું અસદ ગ્રુપમાં પણ વારસાગત ચાલૂ થઇ ગયું છે. આ તો મારી આંખો સામેની બાબતો છે. હું વહાબી હતો ત્યારની વાતો છે. તે વખતના અખબારોના પાને પણ દારૂલ ઉલૂમ ખાસ્સુ ચમક્યું હતું. આ બધી જ વાતો અખબારોમાં આવી ગઇ છે.

## (3) પાકિસ્તાનના દારૂલ ઉલૂમોમાં વારસાગત વારસો

આપણી દરેક દીની સંસ્થાઓમાં વારસાગત જ ચાલે છે. લાહોર પાકિસ્તાનની વાત કરીએ “હિઝબુલ અહનાફ” લાહોરના સ્થાપક મોલ્વી દિલદાર અલી હતા. ત્યારબાદ તેમના પુત્ર અબુર બરકાત તેના સર્વેસર્વા માલિક છે. “ખયરૂલ મદારિસ” મુલતાનના મોહતમિમ મોલ્વી શેર મોહંમદ સાહેબ હયાત હતા ત્યારે એમણે પોતાની હયાતીમાં જ પોતાના પુત્ર મોલવી શરીફ સાહેબને પોતાની જગ્યાએ નાએબ નિયુક્ત કરી દીધા હતા. જેવી રીતે કે શામના ગવર્નર મલઊન મઆવિયાએ પોતાની હયાતીમાં જ સામ, દામ, દંડ અને ભેદ આ ચારેય હઠકંડાઓનો ઉપયોગ કરીને પોતાના કાફિર, ઝાની, જાહિલ અને લંપટ પુત્ર યઝીદને પોતાનો

ગાદી-વારસ બનાવી દીધો હતો. જેણે શું શું કર્યું તે ઇતિહાસને પૂછો.

## (૪) ગુજરાતના દારૂલ ઉલ્મોમાં વારસાગત વારસો

હિંદુસ્તાનના લાખો દારૂલ ઉલ્મોમાં પણ આ જ વારસાગત સોંપણી ચાલે છે. જો હું કાશ્મીરથી શરૂ કરું તો દક્ષિણના કન્યાકુમારી, ભૂસીર સુધીના દારૂલ ઉલ્મોના નામો અને તેમની વારસાગત વારસદારીની નોંધ કરવા માટે એક મોટું પુસ્તક ચીતરવું પડશે, તે મારે ચીતરવું નથી. મારે તો ફકત નેકદિલ, પ્રમાણિક, દીલોને ઢંઢોળવાં છે. ખુદાના બે-પાંચ બંદાઓને તો આવો ખ્યાલ આવશે કે અબુબકર, ઉમરે હઝરત અલી અલયહિસ્સલામ ઉપર ઝુલમ કર્યો છે. તેમને અન્યાય કર્યો છે. બીજું

હક વાત કહેવી-રજૂ કરવી છે જેથી ખુદાને ત્યાં આ લોકોની હુજ્જત તો જરૂર ખતમ થઇ જશે.

ગુજરાતમાં પણ ૫૦૦૦ થી વધારે આવા દારૂલ ઉલૂમો હશે. જો દરેક વાત કરવા જઇએ તો લાંબુ જ થઇ જાય. ફકત મારી નજીકના દારૂલ ઉલૂમોની વાત કરૂં. વાંચકોને આજથી ૨૫ વર્ષ પહેલાના ભૂતકાળમાં લઇ જાઉં. મારે સૂરત નજીકના એક દારૂલ ઉલૂમમાં જવાનું થયું. ત્યાંના મોહતમિમ સાહેબ તે જ સમયગાળામાં ગુજરી ગયા હતા. મને કહેવામાં આવ્યું કે મૌલાનાની બહેનનો દીકરો મોહતમિમ છે. હું મારા કામે તેમને મળવા ગયો. ગાદી તકિયા ઉપર બેઠા હતા. નવયુવાન હતા, તેમની સામે બીજા એક મૌલાના, તે પણ ત્યાંના ઉસ્તાદ જ હતા તે બેઠા હતા. મેં મારી વાત રજૂ કરી. આ નવયુવાન મોહતમિમ તો ખામોશ જ રહ્યા. બલકે મને કંઇક ડર લાગે તેમ ઘુરકીને જોવા

લાગ્યા. મેં પેલા સામે બેઠેલા મૌલાના તરફ દૃષ્ટિ કરી તો તે મૌલાનાએ મને સાંભળ્યો. કામની વાત થઇ ગઇ પછી મને શક પડયો કે આવું કેમ બન્યું? જ્યારે હું મારા વતનમાં આવ્યો ત્યારે મારા ઉસ્તાદ મૌલાના યુસુફ દાઉદ લીંબાડા(હથુરણવાલા) સાહેબે મને જણાવ્યું કે મરહુમ મૌલાના જે મોહતમિમ હતા તેમને અવલાદમાં કોઇ છોકરા ન હતા. નજીકનું સગું કોઇ ન હોઇ, આ બહેનના દીકરાને પોતાની જગ્યાએ મોહતમિમ નિયુક્ત કરી દીધો છે. પરંતુ એ માનસિક રીતે બીમાર છે. એનું મગજ સુધરી પણ જાય છે. વળી કોઇ સમયગાળામાં પોચું પણ પડી જાય છે. એ બીમાર હોય ત્યારે એક મૌલાના એમની સામે બેસીને બધો વહીવટ ચલાવ્યા કરે છે. બધે જ વારસાગત ચાલે છે. બલકે તંદુરસ્ત વારસદાર ન હોય તો ગાંડાઓને પણ વારસો આપી દેવામાં આવે છે.

અમારા ભરૂચ દારૂલ ઉલૂમ કંથારીઆમાં મૌલાના આદમ મનુબરી સાહેબ સ્થાપક અને મોહતમિમ હતા. તેમણે લાંબો સમય સેવા આપી. તેમના ગુજરી ગયા પછી તેમના સગાભાઇ મૌલાના ઇસ્માઇલ મનુબરી સાહેબે ઘણો લાંબો સમય સેવા આપી. જેઓ અત્યારે હયાત છે. પરંતુ વૃદ્ધાવસ્થાને કારણે નિવૃત્ત થયા છે. હાલ એમનો એક દીકરો દારૂલ ઉલૂમનો વહીવટ સંભાળે છે. બધી જ જગ્યાએ આ પ્રમાણે વારસાગત જ ચાલે છે.

## (૫) તબ્લીગી જમાતમાં વારસાગત વારસો

પહેલા હઝરતજી મૌલાના ઇલ્યાસ સાહેબ, બીજા હઝરતજી તેમના પુત્ર મૌલાના યુસુફ સાહેબ, ત્રીજા હઝરતજી બીજા હઝરતજીના સાઢુભાઇ મૌલાના ઇન્આમુલ હસન સાહેબ. હવે છેલ્લે આપણે તબ્લીગી જમાતની વાત કરીએ. તબ્લીગી

જમાતની બુનિયાદ મૌલાના ઇલ્યાસ સાહેબે નાખી. તબ્લીગી ભાઇઓ પોતાના વડાને હઝરતજી કહે છે. જેઓ કાંધલા યુ.પી.ના રહેવાસી હતા. જેથી કાંધલવી પણ કહેવાય છે. મૌલાનાએ પોતાના મૃત્યુ અગાઉ પોતાના બેટા મૌલાના યુસુફ સાહેબને પોતાની જગ્યાએ હઝરતજી તરીકે નિયુક્ત કર્યા. જેઓની મુલાકાત મારે થઇ છે. પ્રથમ હઝરતજી મૌલાના ઇલ્યાસ સાહેબ, બીજા હઝરતજી તેમના બેટા મૌલાના યુસુફ સાહેબ. આમ વારસાગત ગોઠવાઇ ગયું.

આ નિયુક્તિ કેવી રીતે થઇ તેના વિષયમાં મૌલાના મન્ઝૂર નોઅમાની સાહેબ પોતાની કિતાબ હાલાતે મૌલાના ઇલ્યાસમાં લખે છે કે:

મોલ્વી યુસુફ મૌલાના ઇલ્યાસની હયાતીમાં તબ્લીગી કાર્યમાં બહુ ચુસ્તીથી ભાગ લેતા ન હતા. પરંતુ ઇન્તિકાલના થોડા સમય પહેલાં મૌલાના

ઇલ્યાસ (હઝરતજી રહ.)એ એમને ફરમાવ્યું કે “ચલો, આવ બેટા, યુસુફ! ગલે લગ જા.” મૌલાના યુસુફ ઊભા થઇ હઝરતજી ઇલ્યાસના ગળે લાગી જાય છે. બસ બધી જ રૂહાનિયત, ઇલ્મ અલ્લાહે મુન્તકિલ કરી દીધું. જે કંઇ મૌલાના ઇલ્યાસના સીનામાં હતું તે બધું જ મૌલાના યુસુફના સીનામાં મુન્તકિલ થઇ ગયું. (મતલબ મૌલાના ઇલ્યાસના સીનામાંથી મૌલાના યુસુફના સીનામાં પહોંચી ગયું.) (મૌલાના મન્ઝૂર નોઅમાનીના શબ્દોમાં)

હવે મૌલાના યુસુફ બીજા હઝરતજીના ગુજરી જવા પછી તેમની જગ્યાએ ત્રીજા હઝરતજી તરીકે મૌલાના ઇન્આમુલ હસન સાહેબ નિયુક્ત થાય છે. મૌલાના ઇન્આમુલ હસન ત્રીજા હઝરતજી હઝરત શેખ મૌલાના ઝકરિયા સાહેબના જમાઇ થતા હતા. મૌલાના યુસુફ બીજા હઝરતજી પણ

મૌલાના ઝકરિયા હઝરત શૈખના જમાઇ થતા હતા. આ રીતે બંને સાઢુભાઇ થાય.

**(ક) મૌલાના ઇન્આમુલ હસન ત્રીજા હઝરતજીની નિયુક્તિ કેવી રીતે થઇ તે ઘટના ઘણી દિલચસ્પ છે.**

તાબિશ મેંહદી એક એહલેહદીસ આલિમ છે તેઓ દેવબંદના રહેવાસી અને ત્યાંના ફારિગ પણ છે. દેવબંદી વિચારસરણીવાળા આલિમો અજીબ પ્રકારની માનસિકતા ધરાવે છે. આ લોકોનું બધું જ ફીસબીલિલ્લાહ હોય છે. તેઓનો ફસાદ પણ ફીસબીલિલ્લાહ હોય છે. આ લોકો વિશ્વની કરોડોની શીયા બિરાદરીને કાફિર અને જહન્નમી કહે છે. જે બાબતના ફતવા અમારી પાસે મોજૂદ છે. એક તરફ તો તેઓ સઉદી અરબના એહલે હદીસ આલિમોને ગેરમુકલ્લિદ-જહન્નમી કહે છે. પેલા ગુજરાતના મોટામાં મોટા દારૂલ ઉલૂમના મોલવી સાહેબે

ગેરમુકલ્લિદો એટલે કે એહલે હદીસોને પણ જહન્નમી કહ્યા છે. પરંતુ દેવબંદના આ જ આલિમો સઉદી અરબ જાય છે તો ત્યાંના વહાબી એહલે હદીસ આલિમોની સામે ઝુકી જાય છે. લળીલળીને તેમની મુલાકાતો કરે છે. સાથે ફોટા પડાવે છે. ઇન્ડિયા આવ્યા પછી ફખરથી સઉદી આલિમોની મુલાકાતના વર્ણનો પોતાના પેપરોમાં છપાવે છે. એહલે હદીસો તો બધી તકલીદ કરનારી ઉમ્મતને કાફિર કહે છે. હું અગાઉ લખી ચૂકયો છું કે બધા જ મસલકો બીજા મસલકોને કાફિર અને જહન્નમી કહે છે. જેથી તાબિશ મેહદીએ તબ્લીગી જમાત વિરૂદ્ધ એક કિતાબ લખી છે જેનું નામ છે "તબ્લીગી નિસાબ એક મુતાલેઆ" આ કિતાબમાં તબ્લીગી નિસાબની ઝઇફ અને બિન વિશ્વાસપાત્ર હદીસો વિશે, તેના વાકેઆત વિશે ઘણું બધું લખ્યું છે. આ કિતાબમાં જનાબ તાબિશ મેહદીએ ત્રીજા હઝરતજી

તરીકે મૌલાના ઇન્આમુલ હસન સાહેબની નિયુક્તિ કેવી રીતે થઇ તે અંગે એક દીલચસ્પ વાત લખી છે જે અત્રે તાબિશ મેહદીની ઉપરોક્ત કિતાબમાંથી હું રજૂ કરૂં છું.

### (ખ) શૂરા દ્વારા ત્રીજા હઝરતજી તરીકે મૌલાના રહમતુલ્લાહ સાહેબની નિયુક્તિ અને તેની જાહેરાત

**જનાબ તાબિશ મેહદી એહલે હદીસ આલિમના શબ્દોમાં:**

બિલાલપાર્ક પાકિસ્તાન ખાતે મૌલાના યુસુફ સાહેબ બીજા હઝરતજીનો ઇન્તેકાલ થઇ ગયો. તેમના જનાઝાને દિલ્હી લાવવામાં આવ્યો. આપના સસરા હઝરત શૈખ ઝકરિયા સાહેબ સહારનપુરના એક દારૂલ ઉલૂમના મોહતમિમ તથા તબ્લીગી ભાઇઓમાં ઘણાં જ આદરણીય ગણાતા હતા. તેઓ લકવાથી પીડાતા હોઇ હરીફરી શકતા ન

હતા. છતાંય જમાઇ મૌલાના યુસુફ સાહેબની દફનક્રિયા માટે આપને વિમાનમાં દિલ્હી લાવવામાં આવ્યા.

દફનક્રિયાથી પરવારી હઝરત શેખ તરત જ સહારનપુર રવાના થવા લાગ્યા. તબ્લીગી બુઝુર્ગો જેમાં મૌલાના રહમતુલ્લાહ સાહેબ, મૌલાના મુન્શી અલાદત્તા સાહેબ, મૌલાના મહંમદ ઉમર સાહેબ, મૌલાના ઇન્આમુલ હસન સાહેબ, મૌલાના અબ્દુલ વહહાબ સાહેબ, મૌલાના ઇસા ઉમર સાહેબ, મૌલાના મિયાંજી મેહરાબ સાહેબ વગેરે ઘણાં બધા અકાબિરોએ કહ્યું કે આપ મશ્વિરામાં હાજર રહો. અમારત હઝરતજીની નિયુક્તિ માટે હાલમાં જ એક મિટીંગ બેસવાની છે. માટે આપ અમારા બધામાં ખૂબજ પ્રભાવ પણ ધરાવો છો અને વડીલ પણ છો. માટે નવી અમારતમાં (હઝરતજીની નિયુક્તિમાં) આપ શિરકત કરો, સારૂં રહેશે. પરંતુ હઝરત શેખ

ઝકરિયા માન્યા નહિ. “ભાઇ યે આપકા કામ હે મૈં ઉસમેં ક્યા દખલ દું” કહી વિમાનમાં તરત જ રાતે ને રાતે ઇશાની નમાઝ બાદ સહારનપુર સિધાવી ગયા.

જનાબ તાબિશ મેહદી પોતાની કિતાબમાં લખે છે કે હઝરત શેખના ચાલી ગયા પછી તરત જ શૂરા બેઠી. બધા જ અકાબિરોની હાજરીમાં સર્વાનુમતે રાજીખુશીથી મૌલાના રહમતુલ્લાહ સાહેબને ત્રીજા હઝરતજીના સ્થાને ચુંટી કાઢવામાં આવ્યા. રાતે મશ્વિરા પછી તરત જ સૌ પ્રથમ સહારનપુર હઝરત શેખને પણ ફોનથી જાણ કરવામાં આવી. બીજા દિવસે બધાએ નવા હઝરતજીથી મુલાકાત પણ કરી. યુ.પી.માં તો બધે જ જાહેરાતો પણ થઇ ગઇ કે મૌલાના રહમતુલ્લાહ સાહેબ હઝરતજી તરીકે નિયુક્ત થઇ ગયા છે. મોટા મોટા બધા જ શહેરોમાં ફોનથી ખબરો પણ પહોંચી

ગઇ. મૌલાના રહમતુલ્લાહ સાહેબ બિલકુલ અલગ ખાનદાનથી હતા. આ કાંધલાના અકાબિરોથી તેમને કોઇ કૌટુંબિક સંબંધ ન હતો.

બીજા દિવસે સવારમાં ફજરની નમાઝ પછી રિવાજ મુજબ જે પ્રમાણે આગલા હઝરતજીઓ તકરીર કરતા હતા તે જ પ્રમાણે મૌલાના રહમતુલ્લાહ સાહેબે ઉદબોધન કર્યું. ત્યારબાદ પોતાના આગલા હઝરતજીઓના નિયમ મુજબ બીજી બધી જ જવાબદારીઓ પણ સંભાળી લીધી. જમાતો રવાના કરી. દરેક જમાતને પોતાના હુજરામાં બોલાવી જરૂરી સૂચનાઓ આપી.

## (ગ) ખ્વાબોંકી શરીઅત

જનાબ તાબિશ મેહદી પોતાની કિતાબ “તબ્લીગી નિસાબ એક મુતાલેઆ”માં આગળ લખે છે કે સવારમાં ૧૧ થી ૧૨ના ગાળામાં અચાનક

એક અકાબિરને કોઇ ફોન ઉપર બોલાવવા આવ્યું. જણાવ્યું કે સહારનપુરથી હઝરત શૈખ ઝકરીયાનો ફોન છે. બે ત્રણ અકાબિરો ફોન ઉપર ગયા. મૌલાના ઝકરિયા સાહેબે નીચે પ્રમાણે પોતાના ખ્વાબનું વર્ણન કર્યું. હઝરત શૈખ ઝકરિયાના શબ્દોમાં...

“રાતકો આપ લોગોંકા ફૂન મુજે પહુંચા. મૈંને દુઆએં ભી દીં. ખુદા તુમ્હારે કામકો ચલાએ રખે. રાત કો નાકારહ સો ગયા. મૈં ખ્વાબમેં ક્યા દેખતા હું? મૈં દેખતા હું કે અઝીઝ યુસુફ એક મશીન ચલા રહા હૈ. વો થક કર બ્ૈઠ ગયા તો અઝીઝ ઇન્આમને ઉસે ચલાના શુરૂ કર દિયા.”

અત્રે આ વાત વાંચકો ન ભૂલે કે મરનાર હઝરતજી મૌલાના યુસુફ સાહેબ અને આ ખ્વાબમાં આવનાર મૌલાના ઇન્આમ સાહેબ બંને શેખ ઝકરિયાના જમાઇ છે. અકાબિરોને શૈખે પોતાનું

ખ્વાબ વર્ણવી દીધું. અકાબિરો હાંફળાં-ફાંફળા મરકઝી મસ્જિદે આવ્યા. મસ્જિદમાં અવાજો બુલંદ થઇ. ભાઇ મશ્વેરા ફિરસે કરના પડેગા. હજી ગઇકાલે જ સર્વસંમતિથી હઝરતજી બનેલા મૌલાના રહમતુલ્લાહ સાહેબે અચરજથી પૂછ્યું, ભાઇ, શું બાબત છે? આ હંગામો શેનો છે? કહ્યું કે હઝરત શેખને ખ્વાબ આવેલું છે. તેથી મશ્વિરો ફરીથી કરવો પડશે. ફરી અકાબિરો બેઠા અને ખ્વાબનું વર્ણન થયું. તરત જ હઝરતજીનો હોદ્દો હઝરત શેખના બીજા જમાઇ મૌલાના ઇન્આમુલ હસન સાહેબને સોંપવામાં આવ્યો. મૌલાના રહમતુલ્લાહ સાહેબ તરત જ મસ્જિદમાંથી બહાર નીકળી ગયા. આ રીતે ખ્વાબને બહાનું બનાવી પોતાના એક જમાઇની જગ્યાએ બીજા જમાઇને ગોઠવી દેવાયા.

તાબિશ મેહદી લખે છે કે મૌલાના રહમતુલ્લાહ સાહેબ મોસ્ટ સીનિયર હતા. આલિમે

બાઅમલ હતા. મૌલાના ઇન્આમુલ હસન કરતાં કંઇ દરજ્જે વધુ યોગ્ય અને ઇલ્મમાં પણ ખૂબ ઉચ્ચ હતા. મૌલાનાને હટાવવાનો એક નવો તરીકો અજમાવવામાં આવ્યો. પછી તો મૌલાના રહમતુલ્લાહ સાહેબ જમીઅતે ઉલમાની પ્રવૃત્તિમાં જોડાયા. મૌલાના અસદ મદની તે વખતે જમીઅતના પ્રમુખ હતા. મૌલાના રહમતુલ્લાહને સાથે લીધા તો ખરા. પરંતુ બંને જ્યાં જાય ત્યાં ઉદ્બોધનોમાં મૌલાના રહમતુલ્લાહ સાહેબનું ઉદબોધન ખૂબ જ વખણાય. લોકો વાહ વાહ કરે. છેવટે મૌલાના અસદે પણ તેમને મૂકી દીધા. બે એક વર્ષ પછી તેમનો ઇન્તેકાલ થઇ ગયો. આ આલિમને ખૂબ જ આઘાત પહોંચ્યો હતો. તબ્લીગ જમાતમાં તો ખ્વાબમાં જ વારસાગત વહેંચણી થઇ જાય છે. વાહ ભાઇ વાહ. જનાબ તાબિશ મેહદીનું

લખાણ આ જગ્યાએ પૂર્ણ થાય છે. (તબ્લીગી નિસાબ એક મુતાલેઆમાંથી)

આ સમયગાળામાં હું તબ્લીગી જમાતનો એક્ટિવ કાર્યકર હતો. અમારા કાને પણ કંઇક વાતો આવતી હતી. યુ.પી.ના મોલવીઓને અમે પૂછતા કે શું થયું છે? કંઇક અણબનાવ, નારાજગી જેવી ખબરો અમારા કાને આવે છે. ગુજરાતીઓ યુ.પી.વાળાઓના મુકાબલામાં હંમેશા ભોળાભટાક સાબિત થતા આવ્યા છે. યુ.પી.ની મિટ્ટીમાં જ કંઇ અજીબ બાબત છે.

યુ.પી.ના એક મોટા મૌલાનાની જમાત ભરૂચ જિલ્લાનો દૌરો કરતી હતી. મને તે મૌલાનાનું નામ અત્રે યાદ રહ્યુ નથી. હું પણ તેની સાથે ૨૦ દિવસ જોડાયો. એક દિવસ મેં એકાંતમાં મૌલાનાને પૂછ્યું: મૌલાના શું બાબત છે? એવું સંભળાય છે કે બે વખત મશ્વિરા થયા. પહેલા મશ્વિરામાં મૌલાના

રહમતુલ્લાહ સાહેબને ચુંટી કાઢવામાં આવ્યા હતા હવે તેઓ તબ્લીગના કામમાંથી સદંતર ખસી ગયા છે. શૈખ ઝકરિયાના ખ્વાબને લઇ તેમના જ બીજા જમાઇની નિયુક્તિ હઝરતજી તરીકે કરવામાં આવી.

મારા પ્રશ્નના ઉત્તરમાં મારા અમીરે જે જવાબ આપ્યો તેના ઉપર હું અસ્તગફિરૂલ્લાહ જ પઢીશ. કહ્યું: અરે ભાઇ મૌલાના રહમતુલ્લાહ સાહેબે હઝરતજીને પૂછ્યા વગર એક મોટું મકાન બનાવ્યું. હઝરતજીને ખબર પડી તો ઠપકો આપ્યો. મોટા અકાબિરો હઝરતજીને પૂછ્યા વગર અમૂક કામો નથી કરી શકતા. જેથી અલ્લાહે તેમની પાસેથી હિદાયત છીનવી લીધી. હવે કામ છોડી દીધું છે.

આ રીતે જે આલિમો પોતાને મસનદે નબુવ્વતના વારિસ કહે છે. તેઓ આ જગ્યાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમની સુન્નતથી વિરૂદ્ધ જાય છે. જ્યાં પોતાના ખાનદાનની રોઝી રોટીનો સવાલ

હોય ત્યાં સુન્નતે નબવી એક નિરર્થક શબ્દ બની જાય છે. વળી ખાણાની આગળ પાછળ હલવો ખાવાનો શોખ પણ એટલા માટે જ કરવામાં આવે છે કે એનું ખાવાનું સુન્નત છે. આને કહેવાય છે મીઠું મીઠું હડપ અને કડવું કડવું થુ. હવે આ અકીદાની કડી ખૂલી ગઇ કે મલઉન મઆવિયા માટે આ આલિમો આટલા બધા લાગણીશીલ કેમ છે? જેણે ચાલૂ કરેલી સુન્નત બદલ-તેના તુફેલમાં આજ દિન સુધી આ આલિમોના ગાદીતકિયા બાકી છે. હલવા ખવાઇ રહ્યા છે. મહેલો બની રહ્યા છે. એના કારણે તો એમનો ભરમ બાકી છે. ગાદીતકિયાનશીની અને સજ્જાદાનશીનીનો ભરમ કાયમ છે. આ આલિમો મલઊન મઆવિયાની તારીફ નહીં કરે તો કોની કરશે? જો આ લોકો મઆવિયાએ ગવર્નરપદેથી ખલીફાએ હક અલી અલયહિસ્સલામની સાથે જંગ કરી સ્વતંત્ર હુકુમત કાયમ કરી બાદશાહ બની

ગયો. તેની ટીકા કરે તો તો આ મુલ્લાઓ તરત જ કોઇ પૂછે કે તમે કયા હકથી આ તમારા બાપોની ગાદીઓ ઉપર વારસાગત હક બનાવીને બેઠા છો? જેથી મઆવિયા અને યઝીદના દામનમાં છુપાયા સિવાય એમનો કોઇ આરો ઓવારો નથી.